|| શ્રી પુરુષોત્તમનારાયણાય નમો નમઃ ||

## અક્ષરાતીત શ્રી પુરુષોત્તમ ભગવાન
## જન્મ સાર્ધ શતાબ્દી મહોત્સવ

**તા. ૧૧/૧૨-૦૧-૨૦૧૩ અંતર્ગત**

# શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત



: પ્રકાશક :

શ્રી પ્રગટ પુરુષોત્તમ (સ્વામિનારાયણ સંપ્રદાય) - ભાદરણ, બાકરોલ સંસ્થા

**શ્રી પુરુષોત્તમ નારાયણ સ્મારક મંદિર ટ્રસ્ટ**

ઠે. લક્ષ્મીકૂઇ, મું.પો. ભાદરણ, તા.બોરસદ, જી.આણંદ



પ્રગટ શ્રી ડાહ્યાભાઈ મહારાજ - બાકરોલ

શ્રી પુરુષોત્તમનારાયણાય નમો નમઃ

## અક્ષરાતીત શ્રી પુરુષોત્તમ ભગવાન
## જન્મ સાર્ધ શતાબ્દી મહોત્સવ

તા. ૧૧/૧૨-૦૧-૨૦૧૩ અંતર્ગત

# શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત

: પ્રકાશક :

શ્રી પ્રગટ પુરુષોત્તમ (સ્વામિનારાયણ સંપ્રદાય)
- ભાદરણ, બાકરોલ સંસ્થા

**શ્રી પુરુષોત્તમ નારાયણ સ્મારક મંદિર ટ્રસ્ટ**

મું.પો. ભાદરણ,
ઠે. લક્ષ્મીકૂઇ, તા. બોરસદ, જી. આણંદ
પિનઃ ૩૮૮ ૫૩૦
સંપર્ક :- ૦૯૪૨૭૦ ૬૩૨૭૧

: પ્રકાશક :

શ્રી પ્રગટ પુરુષોત્તમ (સ્વામિનારાયણ સંપ્રદાય) - ભાદરણ, બાકરોલ સંસ્થા

**શ્રી પુરુષોત્તમ નારાયણ સ્મારક મંદિર ટ્રસ્ટ**

મું.પો. ભાદરણ, ઠે. લક્ષ્મીકૂઇ, તા. બોરસદ, જી. આણંદ

: પ્રકાશન :

સંવત ૨૦૬૯, માગસર વદ અમાસ

તા. ૧૧-૦૧-૨૦૧૩ને શુક્રવાર

: આવૃત્તિ :

સંયુક્ત આવૃત્તિઃ પ્રથમ

: પ્રત :

૧૦૦૦

: કિંમત :

રૂપિયા : ૧૨૫/-

: પ્રાપ્તિ સ્થાન :

(૧) **શ્રી પુરુષોત્તમ નારાયણ મંદિર, ભાદરણ**

ઠે. લક્ષ્મીકૂઇ, મુ.પો. ભાદરણ, તા. બોરસદ, જી. આણંદ

(૨) **શ્રી પ્રગટ પુરુષોત્તમ મંદિર, બાકરોલ**

ઠે. બસ સ્ટેન્ડ સામે, મુ.પો. બાકરોલ, તા. જી. આણંદ

: મુદ્રક :

પરફેક્ટ ગ્રાફિક્સ, આણંદ. ફોન : (૦૨૬૯૨) ૨૫૧૯૩૭

# નમ્ર નિવેદન

શ્રી પ્રગટ પુરુષોત્તમ (સ્વામિનારાયણ સંપ્રદાય) - ભાદરણ, બાકરોલ સંસ્થાના સર્વે જ્ઞાનપિપાસુ, મુક્ત-મુમુક્ષુઓ માટે શ્રી પુરુષોત્તમ ભગવાન જન્મ સાર્ધ શતાબ્દી મહોત્સવ તા.૧૧/૧૨-૦૧-૨૦૧૩, શ્રી ભાદરણ ધામ અંતર્ગત શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત શાસ્ત્ર આપ સૌને સમર્પિત કરતા શ્રી પુરુષોત્તમ નારાયણ સ્મારક મંદિર ટ્રસ્ટ અત્યંત આનંદ અનુભવે છે.

અક્ષરાતીત શ્રી પુરુષોત્તમ ભગવાન - ભાદરણ ધામમાં અવતરીને પોતાના દિવ્ય ચરિત્રો, ઐશ્વર્યો અને ઉપદેશો તથા પત્રો દ્વારા અસંખ્ય મુક્ત-મુમુક્ષુઓને આત્યંતિક મોક્ષમાર્ગના સાચા રાહી બનાવ્યા. તેમાં તેમના અજોડ જ્ઞાન-ગંગારૂપી ઉપદેશવાણીનો પ્રવાહ સૌ કોઈની જીજ્ઞાસાઓને સંતોષતું. શ્રી પુરુષોત્તમ ભગવાને ઉત્તમ મુક્ત-મુમુક્ષુઓની મંડળી ભેગી કરીને તેમને જે સમૈયામાં કે આઠે દિવસે, તથા હરિભક્તોને ત્યાં પધરામણીએ ગયા હોય ત્યારે તમામ પ્રાચીન શાસ્ત્રોના રહસ્યોને સરળ કરીને જે પ્રમાણેનું સામે પાત્ર હોય તે પ્રમાણે પ્રભુશ્રીએ પોતાની વાણીરૂપી ગંગાને વહેતી મૂકી.

શ્રી પુરુષોત્તમ ભગવાનના જે તે સમયના એટલે કે, ઇ.સ. ૧૯૧૦ પછીના મુકતોએ ભગવાને પીરસેલી ઉપદેશ પ્રસાદીને સંગ્રહિત કરેલ છે પરંતુ આ જ્ઞાન-વાતોનો અનુક્રમ જળવાયેલ નથી. અક્ષરાતીત શ્રી નારાયણ મુનિ ભગવાન તથા પ્રગટ પુરુષોત્તમ શ્રી ડાહ્યાભાઇ ભગવાને આ સંગ્રહિત થયેલ વાતોને તેમના કાળમાં મુક્ત-મુમુશ્રુઓના આધ્યાત્મિક વિકાસને ધ્યાને રાખીને શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃતના છ ભાગ અને એક પ્રકિર્ણ એમ થઇને કુલ સાત ભાગ પ્રસિદ્ધ કરેલ છે. ઇ. સ. ૧૯૬૮ પછીથી જેની બીજી આવૃત્તિઓ સંપ્રદાયમાં પ્રસિદ્ધ થયેલ નથી. સંપ્રદાયમાં નવા આવેલ મોટા ભાગના હરિભક્તોને ઘેર આ શાસ્ત્રો

અલિપ્ત હતા. આજે જ્યારે શ્રી પુરુષોત્તમ ભગવાનનો જન્મ સાર્ધ શતાબ્દી મહોત્સવ ઉજવાય રહ્યો છે ત્યારે આ પ્રસંગ સિવાય બીજો અન્ય કોઇ મોટો પ્રસંગ શ્રી પુરુષોત્તમ ભગવાનની જ્ઞાનવાતોને પ્રકાશિત કરવાનો ન હોઇ શકે.

**અમદાવાદનિવાસી શ્રી લીલાબેન પુંજાભાઇ પટેલના અનુદાન અને પ્રેરણાથી** આ કામ શ્રી પુરુષોત્તમ નારાયણ સ્મારક મંદિર ટ્રસ્ટને સુયોગ્ય લાગ્યું. આ સંયુકત શાસ્ત્રોને છપાવવામા જે કોઇ નામીઅનામી હરિભક્તોએ સાથ-સહયોગ આપ્યો છે તેમનો શ્રી પુરુષોત્તમ નારાયણ સ્મારક મંદિર ટ્રસ્ટ ખરા અંતઃકરણપૂર્વક આભાર માને છે.

આશા છે કે, આ ભગવાન શ્રી પુરુષોત્તમના જ્ઞાન-આજ્ઞા વચનોને સર્વે શ્રી પુરુષોત્તમ નારાયણ સત્સંગ મંડળના હરિભક્તો સહર્ષ વાંચી, વિચારી, મનન, ચિંતવન, નિદિધ્યાસ કરીને પ્રગટ પુરુષોત્તમ ભગવાનરૂપી ચૈતન્યને પોતાના અક્ષરાત્મામાં પ્રસ્થાપિત કરશે. એવી શુભકામના સાથે...

॥ જયશ્રી પ્રગટ પુરુષોત્તમ ॥

# અનુક્રમણિકા


| અ.નં. | ભાગ | પાન નંબર |
|---|---|---|
| ૧. | શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત, ભાગ - ૧ | ૧ |
| ૨. | શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત, ભાગ - ૨ | ૪૨ |
| ૩. | શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત, ભાગ - ૩ | ૯૨ |
| ૪. | શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત, ભાગ - ૪ | ૧૪૩ |
| ૫. | શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત, ભાગ - ૫ | ૧૯૭ |
| ૬. | શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત, ભાગ - ૬ | ૨૬૧ |
| ૭. | શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત, ભાગ - પ્રકિર્ણ | ૩૧૮ |

॥ શ્રી પ્રગટ પુરુષોત્તમ નારાયણાય નમો નમઃ ॥

# શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત

# ભાગ - ૧

: श्लोक :

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः।।६६।।

-શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૧૮(૬૬)

"માટે બીજાં બધાં ધર્મરૂપ કર્મોનો પરિત્યાગ કરીને એક મારે પરમાત્માને જ શરણે થા. સર્વ પાપોથી હું તને મુક્ત કરી દઈશ; માટે શોક ન કર. (૬૬)"

## -: શ્રી પુરુષોત્તમ મહારાજના મુખની વાતો :-

### કેટલાક નિયમો કહેલા તે   તા. ૧-૧૦-૧૯૧૧

(૧) ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી.

(૨) ખપ વગર બોલવું, ખાવું, પીવું, હસવું વગેરે સર્વ ક્રિયા ખપ વગર કરવી નહિ.

(૩) સામો પ્રશ્ન પૂછે તો શાસ્ત્ર પ્રમાણે ઉત્તર આપવો.

(૪) જેટલી વૃત્તિ ભગવાનમાંથી તુટી એટલી મુક્તને ખોટ છે - ઈત્યાદિ મુક્તની શિક્ષાપત્રીમાં તે વાંચવાથી જણાશે. નિરવિકલ્પમાં ઉત્તમમાં સમ થાય અને મધ્યમમાં શૂન્ય ભાવ રહે.

### પ્રભુને થાળ ધરાવવા વિષે   તા. ૨-૧૦-૧૯૧૧

સારૂં શું ખાવાનું અને સારૂં ના શું ખાવાનું? ધુળમાંથી થાય છે અને ધુળમાં સર્વ સમાઈ જાય છે. નરકમાંથી થાય છે અને નરકમાં સમાઈ જાય છે. કારણ કે આપણા પેટમાં જેમ ક્રિયા ચાલે છે તેમ વિરાટના પેટની સર્વ ક્રિયા છે. ભગવાનને ભોજન જમાડવાં કે ના જમાડવાં તેને વિષે તો એમ છે જે જમાડવાનું જ્યાં સુધી આવ્યું ત્યાં સુધી પોતામાં એટલા વિષય છે એમ સમજવું. વચનામૃતમાં છે જે ચૌદ લોક

ભગવાન આગળ નર્ક તૂલ્ય કહેલા છે-તો ભગવાનને જમાડવાનું એ શું છે? એ તો કાંઈ નથી. જમાડવાનું કારણ એ છે જે પોતાને વહાલું લાગે તે જમાડવાથી હેત ભગવાન સાથે બંધાય છે. માટે જમાડવું તે હેત બંધાવા માટે છે, પણ પોતાને ભાવતું જમવું ને ભગવાનને જમાડવું એ વિવેક નથી માટે તે જમાડતાં જ્ઞાન વાપરવું.

## દર્શન ન થાય તો રહેવાય નહિ તે ઉપર

તા. ૨-૧૦-૧૯૧૧

દર્શન ન થાય તો રહેવાય નહિ એ કીર્તન ગોડીમાં છે જે "હું તો જોઈ જોઈ જીવું રે એવી ટેવ પડી." હવે ઘેર રહેવાય છે અને ભાદરણ નથી રહેવાતું તેનું કારણ એ છે જે મુર્તિ જોવા આવેલા અને તે મુર્તિ પરગામ જાય તો ન રહેવાય અને આશા ટુટે. વળી તે પણ અજ્ઞાન છે જે જોગથી બંધાય અને વિજોગથી બંધાય-તો તે વિઘન છે. કોઈ વાતે બંધાય નહિ તે શરણ છે. તેમાં વળી એમ છે જે મુર્તિનાં દર્શન થાતાં હોય ને ગપાટાં મારે ને સભામાં મુર્તિ ન હોય તો વલખાં મારે. માટે વખત પ્રમાણે દર્શન કરી લેવાં.

## મહારાજને પરગામ જવા વિષે.

ભક્તિ અંદર ઉતરી છે એટલે અંતરમાં વૃત્તિ ગઈ છે તે બહાર કાઢવી પડે તો દુઃખ થાય માટે જ્યારે ભક્તિ માંહીથી બહાર આવશે એટલે મહારાજને પરગામ જવાનું.

## ટાઢા શેરડા પડે છે તે.

ટાઢા શેરડા અંતરમાં થાય છે તે શું તો વીર્ય બળી જાય છે. ભગવાન સામું જોઈએ ત્યારે અથવા એમના શબ્દ સાંભળીએ ત્યારે ટાઢા શેરડા પડે છે. એટલે વીર્ય બળી જાય છે. રૂવાં ઉભાં થાય તો જાણવું જે આ વિષય નથી.

## લક્ષણો.

જેટલા સ્ત્રીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પંચવિષય છે, એટલો રસ ભગવાનમાંથી આવે તો સ્ત્રી અને ભગવાનનું સુખ સરખું થયું અને સ્ત્રીનું સુખ ભગવાનથી વધારે સારૂં લાગે તો એટલો ભગવાનનો રસ ઓછો ગણાય. અને ભગવાનનો રસ અધિક આવે તો ઘણું જ સારૂં કારણ કે જેટલો અધિક આવે એટલો અક્ષરનો અધિકાર આવે છે.

## ઉંઘ સંબંધી.

ઉંઘ્યા એટલે મરણ પામ્યા અને ખાધું એટલે વટલાયા. ગર્ભમાં રહ્યા એટલા માસ અખંડ ભજન કરતાં જાય તો ત્રિકાળદર્શી થાય.

## સૌથી શ્રેષ્ઠ.

ભગવાનની મુર્તિ સંભારવી કે'તાં વૃત્તિ અખંડ રાખવી એ ઉત્તમ છે અને મધ્યમ મુર્તિ અને ભકતો સંભારવા એ છે.

## પાત્ર-મંદિરમાં ભગવાન પધારે તે.

આપણા દેહ રૂપી મંદિરમાં ભગવાન પધારતાં વાર નથી. મંદિર ચણાઈને પવિત્ર થાય એટલે મુર્તિ પધરાવાય. આપણામાં જે દોષ છે તે નીકળશે ત્યારે ભગવાન પધારશે-કહેતાં પાત્ર થશે એટલે પધારશે. તે દોષ જે કામ, ક્રોધ, માન, ઈર્ષા-તેમાં સૌથી મોટો દોષ દેહાભિમાન છે - તે દોષ જાય એટલે ભગવાન પધારે પણ છલકાય નહિ એજ પાત્ર ગણાય.

## પાત્ર થવાનો રસ્તો.

તા. ૫-૧૦-૧૯૧૧

પ્રથમ જ્ઞાન થવું જોઈએ ને મટકા રહિત રહેવું જોઈએ તેથી બ્રહ્મનો પ્રકાશ થાય કેમકે મટકા રહિત રહે એટલે મન સ્થિર થાય-એટલે સંકલ્પ બંધ થાય અને અંતઃકરણ સ્થિર થાય એટલે પ્રકાશ વધે-તે પ્રકાશ દિન દિન પ્રત્યે વધે અને સુખ પણ વધે. ત્યાં વચનામૃત મધ્ય ૧૦ અને વડતાલ ૮ અને ૯ એવાં બીજાં છે તે જયારે સંકલ્પ થાય ત્યારે વચનામૃત રાખીને મુકવાં તે વંચાય અને જ્ઞાન તથા વિજ્ઞાન બેય સંગાથે ચાલે. વિચારનું કામ બહુ છે. જો સિદ્ધિઓ આવે અને લોભાય તો તે પડ્યો જાણવો. દાદરા ઉપરથી પડે અને એક પગથીયું બાકી રહે અને પડે તો તે પડ્યો જાણવો. માટે સિદ્ધિઓમાં લોભાવું નહિ. અથવા એમ ચાલતાં ચાલતાં અનંતકોટી બ્રહ્માંડ જેટલો પ્રકાશ વધે ત્યારે વળી વિઘ્ન આવે કહેતાં નિરાકાર દેખાય. એટલે ત્યાં વિચાર કરવાનો અને વળી વચ્ચે મોટું વિઘ્ન જે બધું સમ થાય કહેતાં બહેન, બૈરી, મા, છોડી બધું સરખું થાય ત્યાં વિવેક રાખવો. પછી અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ઉપાસના કરે તો પછી પુરો થાય. માટે ઘણાં વચ્ચે વિઘ્ન છે.

## વિઘ્નો.

(૧) અભિમાન હોય કહેતાં અહંકાર કહેતાં દેહાભિમાન હોય તો ભગવાન રાજી ન થાય.
(૨) સિદ્ધિઓમાં લોભાય એ વિઘ્ન છે.
(૩) બધું સમ થાય કહેતાં બહેન, બૈરી સરખું થાય ત્યારે વિઘ્ન છે.
(૪) પ્રકાશમાં ભગવાન ના દેખાય તો નિરાકાર પ્રભુ સમજાય એ પણ વિઘ્ન છે.

## સિદ્ધ દશા થવાનો રસ્તો.

ભગવાનની મુર્તિમાં મટાકા રહિત જોવું તે એમ કરતાં કરતાં ચોવીસ કલાક જોઈ રહેવાય તો મુર્તિનો ઘાટ પલટાઈને દીવ્ય મુર્તિ બંધાય, અને તેજ દેખાય તે અનંત બ્રહ્માંડમાં થાય એટલે બહાર મુર્તિ બંધાઈ જાય-એટલે મુર્તિમાં અખંડવૃત્તિ રહે-એથી જે જે કરવાને ઇચ્છે તે તે પ્રાપ્ત થાય વચનામૃત પ્રથમ ૧ પ્રમાણે-પણ પાત્રપણું રહે કહેતાં દેહાભિમાન-તેનો ત્યાગ કરવો.

## પુરુ થયા વિના દેહનો ત્યાગ કરવા વિષે.

તા. ૭-૧૦-૧૯૧૧

પુરુ થયા વિના દેહનો ત્યાગ કરવો એ વિઘ્ન છે, કારણ કે પાંચમા પ્રકારમાં ભુખ તરસ જાય અને સમાધિમાં જઈને દેહ મૂકે તથા સિદ્ધિ સ્વચ્છંદ મૃત્યુ-તેથી દેહ દુઃખરૂપ દેખાય એટલે દેહ મૂકે તો તે વિઘ્ન છે.

## સિદ્ધિઓની વિગતી

પ્રથમ તો આવરણ આવે અને આવરણમાં ના લોભાય તો સિદ્ધિઓ આવે અને સિદ્ધિઓમાં ના લોભાય તો ભગવાન વરે, ભગવાનની પ્રસન્નતા વગર કોઇ પ્રકારની ઇચ્છા ન રાખવી. વચનામૃત પ્રથમ-૯ મુજબ.

## વર્તવાનું.

તા. ૧૦-૧૦-૧૯૧૧

સત્વગુણમાં અંતરમાં જોવું. (અંતરદૃષ્ટિ કરવી) અને રજોગુણમાં આપણા કાયદા જે વચનામૃત તે વાંચવાં. આ લોકના કાયદા ભણે છે તે તો નાશવંત છે, પરંતુ પરલોકના તો મરીને-મર્યા બાદ સાથે આવવાના. તમોગુણમાં કીર્તન ગાવાં. સત્વગુણ

કહેતાં અંતરમાં સ્હેજે સારું લાગે ત્યાં સુધી અંતરદષ્ટિ રાખવી. રજોગુણમાં અંતરમાં સારું ના લાગે. ખોટા સંકલ્પ થાય ત્યારે વાંચવું. તમોગુણમાં ભગવાન ખોટા છે – આ લોક ખોટો છે. ડીંગેડીંગ બધું ચાલે છે એવા નાસ્તિકપણાના ઘાટ થાય તથા આળસ આવે તેથી ક્રોધ થઈ આવે. આ લોક ખોટો એટલે જ્ઞાન તરફથી તો નાશવંત છે જ.

## સિદ્ધિને રસ્તે કઈ રીતે પડે તે.

કૃતઘ્નીપણે સિદ્ધિ આવે કહેતાં હું આખો ભગવાન અને તું અડધો ભગવાન એમ પ્રભુને કરે–પરંતુ તે મનમાં એમ વિચાર નથી કરતો જે જેનાથી હું આખો ભગવાન થયો તે પોતે અડધો કેમ હશે? ત્યાં છોટાલાલને થયું તે ભક્તિમાંથી પડ્યો. મથુર માસ્તરને લોભમાં થયું જે સટ્ટો મારૂ વચન સિદ્ધિ મારે હાજર છે–કુબેરભાઈ માને કરીને પડ્યા કહેતાં ભગવાનપણું પોતામાં આવેલું નહિ અને કહે કે હું ભગવાન છું કારણ કે ભગવાનને કુલે કંઈ છાપ મારી છે? તે પણ દઝાતા નહોતા–અગ્નિથી બળ્યા નહિ– અને પલાણાવાળાએ પૂજવા માંડ્યા ત્યારે માને કરીને પડ્યા. માટે આપણે એ પ્રમાણે સમજીને એ રસ્તે જવાય નહિ એ ધ્યાન રાખવું. પરંતુ નરદમ તેમનો વાંક જોઈને અવગુણ લેવો નહિ.

## સમજવાનું.

તા. ૧૧–૧૦–૧૯૧૧

રૂપીયાનું પોટલું બાંધીને આપે તોય પણ લેવું નહિ. અંતરમાં ધ્યાન કરતી વખતે સિદ્ધિ આવીને પાડે. અહંકાર તો રાખવો જ નહિ. જે દોષ છે તે નડે છે. માટે રાખવા નહિ. કોઈની સામું તો બોલવું જ નહિ. હા એ હા પાડવી પણ તેના બોલ ઉપર બોલ લાવીને ઉથલાવી ના નાંખવું. પછીથી ધીરે ધીરે ઘટે એમ કહેવું. અને એકદમ કરવું એવું તો કદી રાખવું નહિ–અને જો એકદમ કરીએ તો જેમ જગતમાં ગાંડા થઈ જાય છે તેમ ભગતમાં ગાંડા થાય. શા માટે જે દીઠું એટલે ગાંડા થઈ જવાય. એકદમ ભિખારીને કરોડ રૂપીયા મળે તો ગાંડો થઈ જાય એમ છે માટે ધીરે ધીરે થાય એવું કદી સુખ કશામાં નથી. ભજનની વાતમાં એમ ના સમજવું કે આનો છેડો ક્યારે આવશે? ઓઝો હાંલ્લાં ઘડી ઘડીને મરી જાય છે, દરજી સીવી સીવીને મરી જાય છે, દરેક પોતાનો ધંધો કરી કરીને મરી જાય છે પણ કંઈ છેડો ખોળતા નથી. આ તો આ લોકમાં તુચ્છ છે અને નાશવંત છે કિંચિત છે તેનો છેડો નથી ખોળતા તો આપણે પરલોક પામવાનો છેડો ક્યાંથી આવે? અવિનાશી છે. સત્યરૂપ છે અને અગાધ છે તો તે છેડો

કેમ ખોળાય? ખોળો તો ક્યાંથી આવે? પણ જ્યારે વખત આવશે ત્યારે આવશે. તેમ આપણે જેમ પાત્ર થઈશું તેમ આઘું આવશે. ના આવે એમ નહિ. કાશીએ જવું હોય અને જો હીંડે તો આવે પણ ના હીંડે તો ના આવે-પણ કહેવત છે કે થાક્યાના ગાઉ લાંબા-તે એનું નામ જે ક્યારે આવશે-એમ રાખે તો વેગળું થાય. માટે છેડો તો લાવવો એમ મનમાં રાખવું જ નહિ-શા માટે જે હિંમત રહીત થઈ જવાય જે ક્યારે આવશે?

## દોષો.

તા. ૧૨-૧૦-૧૯૧૧

સિદ્ધાઈ આવી હોય તો પણ છલકાઈ જાય નહિ તો આગળ ચલાય. સિદ્ધ દશા પુરી આવી હોય ત્યારે તો ખપ જેટલું જ ઉપયોગનું જ કરવું. નકામો કાળ કાઢવો નહિ અને અહંકાર તો રાખવો જ નહિ. કોઈ સામું ઉપડે તે તો બોલવું નહિ.

## સંસાર રીતે ભક્તને વર્તવા વિષે.

સંસારમાં મોટા માણસ અદબ રાખે છે તેવી આપણે રાખવી. આપણે મોટા ગુરુના ચેલા તે મોટા માણસ કહેવાઈએ તે આપણે ઝાઝુ હસવું બોલવું કે છકી જાવું નહિ. મોટા માણસ થોડું ખાય. ઝાઝી વખત ના ખાય, તેમ આપણે કરવું. મોટા માણસો બહાર ના નીકળે તે ખપ જેટલું જ નીસરે, તેમ જગતમાં નકલ છે. તેમ આપણે કરવું. ખાવાની વાતમાં બે પ્રકાર-એક અન્ન અને બીજું વાતમાં વિષયરૂપી ચારો નાંખવો, બહુ ખપ જેટલો જ ખાવો.

અંતરમાંથી બહાર નીકળવા ઉપર એ છે જે નકામો વખત હોય તો બહાર નીકળવું નહિ, કામ હોય તો નીકળવું એવી રીતે અનેક ભેદો છે.

## આત્મારૂપે વર્તવા વિષે.

જગત પરણવા બેસે છે ત્યારે ગાળો દે છે તે ગળી લાગે છે. તેમ આપણે ભગવાનને પરણવા બેઠા ત્યારે મર આભ ટુટે તોય શું? અહિં આવતાં અટકાવે અગર અહિં કોઈ ગાળો ભાંડે તોય શું? માટે આનંદ માનવો, આપણે સમજીને બેસી રહેવું. કેમકે દેહને આત્મા જુદો છે તેથી રાજી રહેવું પણ કાંઈ દુઃખ સુખ થાય તેમાં કાંઈ રાજી કુરાજી થાવું નહિ ત્યારે જ્ઞાન થયું ગણાય.

# સ્થિતિ.

તા. ૧૪-૧૦-૧૯૧૧

જેટલું આત્મા જે હરિ ગાંડીને અન્ન તથા જળ આવરણ ના કરે એટલી સ્થિતિ થઈ પણ એમ હંમેશાં રહે તે સ્થિતિ થઈ કહેવાય. અને ઘડીક થાય અને મટી જાય તે તો ઐશ્વર્ય જણાવવા સારું થાય, પરંતુ સ્થિતિ ના કહેવાય. આત્માને ગમે તેટલી ગાળો ભાંડે તો પણ મનમાં શોક ન થાય અને કોઈની વરૂ જનાવર માર્યાની બીક નહિ- સમ થયું તેથી કોઈની અદબ નહિ. મનમાં એમ થાય જે હું કોની અદબ રાખું? કોઈ મોટું છે નહિ. ધણી ધણીઆણીની માફક કોઈક આવે ત્યારે લાજ કાઢે અને ના હોય ત્યારે ના કાઢે. તેમ આ તો કાંઈ છે જ નહિ. ધણી વગર એટલે શાની કરે અદબ-તેમ આપણને જેટલી સ્થિતિ થઈ એ સ્થિતિ કહેવાય. માટે માન તો ક્યારેય રાખવું જ નહિ. એ આત્માનો (હરી ગાંડીનો) ગુણ અથવા સ્થિતિ જોવાં. ઈર્ષા કોઈ ઉપર નહિ અને કટાક્ષની આંખ પણ નહિ ઠંડી રહે. કામ તો જ્યાં સુધી ભગવાનનો સ્પર્શ થયો પણ કોઇની સાથે ત્યાં સુધી સંબંધ રાખ્યો જ નથી. પછીથી જે સમમાં જે સ્થિતિ થઈ તેમાં સમપણું થયું. તેમાં આત્મનિષ્ઠાને બળે કરીને કર્મ તો અડે જ નહિ પણ જગતમાં ખોટું દેખાય. ક્રોધ તો થાય જ નહિ અને નીસરે પણ નહિ. અને કોઇ જીવ, પ્રાણી માત્રને વિષે લોભ તો હોય જ શાનો? જેને કામ નહિ, ક્રોધ નહિ, કોઈ પ્રકારનો સ્વાર્થ નહિ, તો લોભ તો હોય જ શાનો? ને મદ તો હોય નહિ. મત્સર તો ભગવાનથી બીજું કોઈ જાણે ત્યારે થાય ને? પણ બધું મગતરાં તથા માંખો પ્રમાણે ગણે એને મત્સર થાય નહિ. અહંકાર તો હોય નહિ. દેહાભિમાન ન હોય અને હોય તો આવી અગ્નિ જળની સ્થિતિ થાય નહિ-અને અહં મમત્વ હોય જ નહિ માટે એ પ્રકારનો ગુણ લેવો તેથી આપણી સ્થિતિ વધે.

જુઓને એકાદશમા અધ્યાય ૧૫માં સિદ્ધિની વાત કહી છે. તે છેલ્લી પાંચ સિદ્ધિ છે તેમાંની સુખદુઃખ ના થાય એ જે સિદ્ધિ છે તે એ તો ખરી જે ગમે તેટલી ગાળો દે અથવા કંઈ કહે તો પણ મનમાં થાય જ નહિ. જેને એવા ગુણને ઈચ્છવું હોય તેને તો ભક્ત ચિંતામણીના બીજા પ્રકરણમાં લખ્યું છે જે સંતનાં લક્ષણો તથા ચોસઠ પદીમાં છે-તેને વિચારીને એવા લક્ષણોને પામવાને તત્પર થાવું જોઈએ. પછી જેની ઈચ્છા હોય નહિ તેને કેમ કરીએ? અને જે સાવચેત રહેશે તે સિદ્ધ થશે. પણ કોઈ કોઈની આળસ નડે છે, તે વાંક છે. તે કહેવત છે જે ઉંઘતાનો પાડો અને જાગતાની પાડી-તેમ છે, માટે સાવચેત રહેવું. કોઈ વઢે અને મનમાં દુઃખ નથી લાગતું. તેમ મારે તોય દુઃખ

ના થાય અને એવું હંમેશાં રહે તો સ્થિતિ વધી જાય. કેમ જે કોઈ કહેશે જે મનને વિષે તો કોઈ કહે તો દુઃખ ના લાગે પણ દેહને વિષે મારે તો લાગે! ત્યાં છે જે કેશવલાલને સમાધિ થઈ ત્યારે આણંદમાં માર પડ્યો ત્યારે કોઈને વાગ્યું નહિ. કોઈ કહેશે જે તેની આપણને શી ખાત્રી? ત્યાં જેને ના વિશ્વાસ હોય તેણે ગોવિંદભાઈ માસ્તરને પૂછવું જે ફુલની પેઠે માર વાગે છે-અને તેથી જ એમને નિશ્ચય થયો.

## ગુણો.

તમામ જાતના ગુણગ્રાહક થાવું પરંતુ અવગુણ લેવો જ નહિ. કુબેરભાઈ મહારાજ જેમ કહે એમ કરે-માથું આપે એવા છે-માટે આ ગુણ લેવો. પણ જે અવગુણ હોય તેનો તો ત્યાગ કરવો. આપણે એનો શો હિસાબ રાખવાનો છે? કરશે તે ભોગવશે અને ભોગવ્યું. આત્મા હરી ગાંડી એમનો ગુણ લેવો જે કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, અહંકાર દેહાભિમાન એમને નથી તો આપણે કેમ રાખવાં જોઈએ? ગુણ રાખ્યાથી આપણું વધે છે માટે શરત રાખવી એ પ્રકારનો ગુણ લેવો. કેમકે એમને તો અગ્નિ, જળ આવરણ કરતાં નથી-તો આપણને કેમ થાય? પણ આપણે એટલું આળસમાં જાય છે. જુઓને એમણે કડકડતા તેલની કઢાઈમાંથી ઢેબરાં હાથથી કાઢ્યાં, માટે ગુણ લ્યોને. અવગુણ તો સમમાં એમ જ હોય એ વિવેક નહિ. તેમાં બીજા સાથે હેત કર્યું ને પ્રત્યક્ષનાં દર્શન ખોયાં ને ઘાંચ પડી માટે આપણે તો ગુણ જ લેવો.

## સંતપણું (ક્રોધ)

તા. ૧૫-૧૦-૧૯૧૧

ક્રોધ ઉપજે અને સમાવે તે સંત અને ના ઉપજે તે મહંત અને બીજી રીતે સંતપણું કહેતાં શાંતિપણું. આપણામાં કેટલો ક્રોધ છે તે જાણવાને આ લખ્યું છે જે જીવ પ્રાણી માત્ર આપણાથી બીવે એટલો આપણામાં ક્રોધ છે અને જનાવર તો બીવે જ નહિ અને આપણને દેખીને ત્યાં જ ઠરી જાય પણ બીજે જાય નહિ અને બીવે નહિ તો જાણવું જે ક્રોધ નથી. જેટલું બીવે તેટલો આપણામાં ક્રોધ જાણવો.

## મુર્તિમાં નથી વળગાતું તેનું કારણ.

તા. ૩-૧૧-૧૯૧૧

મુર્તિમાં નથી વળગાતું તેનું કારણ એ છે જેટલું આપણે કર્મ કર્યું છે તે બળે ત્યારે વળગાય. કર્મ બળે છે તે કેવી રીતે જણાય તો જ્યારે મુર્તિ ધારવામાં સ્વાદ પડે ત્યારે જાણવું કે કર્મ બળે છે. જેમ જેમ કર્મ બળે તેમ તેમ મુર્તિ ધારવામાં સ્વાદ પડે. અને

સ્વાદ પડે તેમ વળગાય માટે બને તેમ મુર્તિ ધારવી. ખપ વિના બીજી કંઈપણ ક્રિયા ન કરવી. અને સંકલ્પ થાય ત્યારે જે ઠેકાણે સંકલ્પ થાય તે ઠેકાણે સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભજન કરવું. માટે બીજી કંઈપણ ક્રિયા ખપ વગરની કરવી નહિ. તે માટે વચનામૃત પ્રથમ ૫. મુજબ કાયર થઈને મુર્તિમાંથી છુટવું નહિ. મુર્તિમાં વૃત્તિ રાખતાં જે કાયર થતો નથી તેની ઉપર કૃપા થાય છે. એટલે જેમ જેમ વૃત્તિ રાખે તેમ તેમ કર્મ ઘટે અને કૃપાનું પાત્ર થાય. જેમ જેમ કર્મરૂપી ખર્ચ ઓછું થશે તેમ તેમ સીલકમાં પૈસારૂપી સત્કર્મ વધશે. સીલક થશે તો લખેશરી કહેવાશે. ખર્ચ ખર્ચ કરે તો સીલક કેમ થાય? કંજુસનું કામ-ઉડાઉનું કામ નહિ તે ઉપર દૃષ્ટાંત છે જે એક ગામમાં એક શેઠ હતો તે ઘણો કંજુસ હતો. તે એટલો બધો કંજુસ કે ઘીમાંથી માંખ કાઢીને નિચોઈ નાખે પણ નાખી દે નહિ. તેમ કરતાં તે શેઠને ઘેર વિવાહ આવ્યો. ત્યારે ઘરનાં એ જાણ્યું જે આ કંજુસ શું ખર્ચ કરવાનો છે. સામી આબરૂ ખોશે, તેમ કરતાં જમણ બેઠું અને માવઠું થયું ત્યારે શેઠે ધુળને બદલે ખાંડ પાથરી-માટે જે વખતે જેમ કરવાનું હોય તે વખતે તેમ કરવું. પણ છકી જવું નહિ.

ફળ સારૂં ધર્મનો લોપ કરવો નહિ. શિક્ષાપત્રીમાં કહ્યું છે જે સામાનું અંતર ઠારતાં જો દુઃખ થઈ આવે તો પાપ થાય. કહેતાં કોઈ કે'સે જે કોઈને આપણે મળીને અંતર ઠારીએ તો તે મળે અને પછી અંતર બળે તો તે પાપમાં મુર્તિમાં વૃત્તિ રાખતાં સુખ પડે નહિ માટે તેમ કરવું નહિ.

આ વાત ઝવેર ભગત ઉપર કહેલી.

## મન સુખ માટે વલખાં મારે છે.

વિષયમાં આશક્તિ રાખવી કારણ કે જેટલું વિષયમાં મન થાય એટલું સુખ લેવાને દોડે છે. કેમ જે વિષયમાં માલ નથી અને સુખ લેવાને દોડે છે તેથી મન સુખ લેવાને જાય છે તો ભગવાનમાં પણ સુખ લેવાને જશે. ત્યાં દૃષ્ટાંત છે જે ભૂખ લાગી હોય તો ખાવાનો વધારે ભાવ થાય અને ના લાગી હોય તો સંતોષ વાળીને બેસી રહે. આ વાત સિદ્ધિઓના પ્રકરણમાં છે જે વિષયમાં અનાશક્તિ થવી એ સિદ્ધિ છે. માટે જેમ છે તેમ ઠીક છે. તે મેં ગોવિંદભાઈ માસ્તરના કાગળમાં વાંચ્યું હતું જે માસ્તરે પૂછયું જે આશક્તિ રહે છે તે શું? તો ઉત્તર જે જેટલું એમાં વિષયમાં તીવ્ર વેગ હશે એટલો જ ભગવાન તરફ થશે. ઈત્યાદિક ઘણી વાત હતી.

# મહાત્મ વિષે લક્ષણ.

તા. ૨૦-૧૧-૧૯૧૧

સમૈયે આવવાનું હોય ત્યારે એક દિવસ આઘો પાછો ચાલે પણ પરગામ વિવાહ કાંણ ઉપર જવાનું હોય તો કહેશે જે મુહૂર્ત આજે છે તો કાલે કેમ જવાય? અને સમૈયે તો જો એક બે દિવસ આઘું પાછું હોય તો ફીકર નહિ-એમ કરે-પરંતુ બિલકુલ સમૈયે ના આવે તે કરતાં આઘો પાછો એક દિવસ કરીને પણ આવે છે તો તે ના આવે તેના કરતાં સારો. આમાં પણ ખામી રહે છે ખરી. વળી કહેશે જે અડધો તથા રૂપીયો બચે માટે બે દિવસ પછી જવાશે તેમાં શું બગડી ગયું-ત્યારે ભગવાનનું મહાત્મ્ય અડધા રૂપીયા જેટલું ઓછું થયું એમ એનું લક્ષણ ઓળખાય.

# વાસના વિષે.

મહારાજની જોડે જેને જવું હશે તેને તેડી જવાનું. એટલે જ્યારે ધામમાં જવાનું ત્યારે જેને સંગાથે આવવું હશે તેને જવા માટે વાસના ટાળવી જોઈશે. કોઈ કહેશે કે સંગાથે શી રીતે જવાશે-તો ત્યાં ભક્ત ચિંતામણીમાં લખ્યું જે એક ભક્ત જ્યારે ધામમાં જવાનો થયો ત્યારે બૈરી છોકરાંને તેડી ગયો. તો આ તો ભગવાન છે તો શા ભાર છે? માટે વાસના ટાળીને હવે કોઈ કહેશે જે ધામમાં જવાનું ક્યાં? તો જ્યાં ભગવાનની મુર્તિ ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે તે વચનામૃત મધ્ય ૧૩માં છે, તે પ્રમાણે કોઈ કહેશે જે દેહ લઈને જવું હોય તો ના જવાય? તો કહીશ જે પ્રથમ ૭૨-૭૩માં છે જે માયિક રથને ઘોડા ધામમાં ગયા તો દિવ્ય થયા તો આપણે કેમ ના જઈએ? માટે તત્પર થઈને વાસના ટાળવી. હવે કોઈ કહેશે જે વાસના તો શું? તો ઉત્તર જે આપણે ભોગવવા રહેવું અને જવાના વખતમાં મન અટકાવ કરે-મન ના કહે જે હમણાં નથી જવું. ત્યારે મોઢે આવે જે મારે ઘેર કહીને નથી આવ્યો. એમ બહાનાં ખોળે-ઘર સારૂં હોય અને તેમાં વાસના રહે તો મન થાય જે આવું ઘર મેલીને કેમ જવાય? તો મન અટકે. પણ મુરખો એમ નથી જાણતો કે આ તો માયિક સુખ છે અને નાશવંત છે અને અક્ષરધામમાં સુખરૂપ સત્તારૂપ અવિનાશી છે તેના આગળ આ શું છે? કાંઈ નથી. અક્ષરધામમાંથી મચ્છર મુતરે એટલો છાંટો અક્ષરધામમાંથી નાંખ્યો છે તે ઈન્દ્ર ચંન્દ્ર દેવલોક બધે અનંત કોટિ બ્રહ્માંડમાં એ છાંટો વહેંચાયો તેમાં શું સુખ છે? કાંઈ નથી. તુચ્છ છે માટે મઝા કરવી હોય તો સુખે કરીને મારા ભાઈઓ વાસના મુકી દેવી જોઈએ, માટે આળસ મુકો.

# જ્ઞાન થયું ક્યારે કહેવાય.

તા. ૧-૧૨-૧૯૧૧

સંસારમાં સુખ દુઃખ થાય તે વાત છે જે જગતમાં કોઈપણ જાતનું નુકશાન થાય-તો સુખદુઃખ થાય છે. આ સુખદુઃખ થાય ત્યાં સુધી જ્ઞાન થયું નથી. જેમ કોઈને પૈસા આપ્યા હોય તથા દાણા આપ્યા હોય અને તે પાછા આપે નહિ તો પછી સુખદુઃખ થઈ આવે તો જ્ઞાન થયું નથી. પુરુષપ્રયત્ન કરવાથી કામ ના બને તો દુઃખસુખ થાય નહિ તો જ્ઞાન થયું જાણવું. જેમ મહેતો તલાટી આખા ગામમાં ઉઘરાણી કરે છે અને કોઈ લોક જમીન મહેસુલ નથી આપતા તો દુઃખ થાતું નથી, જે નહિ આપે તો શું કહીશું? ક્યાં જઈશું-એમ થાય નહિ. પરંતુ જે પગાર મળે તેમાંથી જો ઓછો મળે તો થાય પરંતુ લોકો ના આપે તો જપ્તી લાવે અને લેવાના હોય તો માંડી વાળે પણ તેના મનમાં દુઃખ ના થાય જે મને નહિ મળે તો પણ ઉઘરાણી કરે છે અને વેઠનું કામ કરે છે તેમ એમના મનમાં દુઃખ સુખ થાતું નથી ને પુરુષ પ્રયત્ન કરે છે તેમ આપણે પુરુષ પ્રયત્ન કરવું અને સંસારની બાબતમાં માયિક પદાર્થમાં સુખદુઃખ ના થાય તો જ્ઞાન થયું કહેવાય.

આત્મામાં દેહની ગંધ પેસી ગઈ છે તે જ્યારે નીકળશે ત્યારે કોઈ હિસાબમાં આવશે નહિ જેમ ફુલે તેલ વસાય છે તેમ ગંધ પેસી ગઈ છે-એટલે ઝવેરબાને એયડા પોયડાના તળાવમાં હિસાબ નહોતો તેવો.

# દેહાભિમાન (બીક)

ભાદરણના ઝવેરભાઈને દાતણ કરતી વખતે તળાવ ઉપર સૂર્ય દેખાયો. તેની સામે એક ચીત્ત થયું. તેથી સૂર્ય હેઠળ આવવા પોતાની પાસે આવતો જોયો-તેથી બીન્યા. ઉભા થઈ ગયા. બીક લાગી. દેહાભિમાનથી ઉભા થયા. કેમ જે હું બળી જઈશ. પણ એમ વિચાર ના રાખ્યો કે જે ધણી બાર કલાકમાં બસો કરોડ ગાઉ ચાલે તે આપણને બાળવા હોય તો નાશીને ક્યાં જઈએ? જેમ સચ્ચિદાનંદ સ્વામીને વાઘ મળ્યો તેથી તેમણે વિચાર્યું કે નાસીને ક્યાં જાશું? તે હિંમતથી હૈયું ધીરજમાં રાખીને પછી કહ્યું કે આવી જાઓ. ત્યારે વાઘે પંજો ઉપાડ્યો અને સ્વામીએ નીચે જોયું. તેથી વાઘે પ્રદક્ષિણા કરીને પછી લોટી આળોટીને ચાલવા માંડ્યું. તેમ હિંમતનાં કામ એવાં છે. માટે બીક કશામાં રાખવી નહિ એ સિદ્ધાંત વાર્તા છે.

# મહાત્મ્ય તથા નિશ્ચય.

તા. ૧-૧૨-૧૯૧૧

મનુષ્ય ભાવ મટે ત્યારે દિવ્યભાવમાં પૈસાનો ભાર રહેતો નથી અને પછી માન અપમાન રહેતું નથી. ત્યારે પૈસો ગુરુને ખપ લાગે નહિ. ત્યારે દિવ્યભાવમાં આપણને સમજણ આવે જે આપણી પાસે પૈસો પહેલાં માગ્યો ત્યારે આપ્યો નહિ અને હવે આપીએ તે શા કામનો? એ તો અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે અને એજ આપણને આપે છે. ત્યારપછી પૈસાનો મોહ ઉતરી જાય છે. ભગવાન તો મોટું મન રાખે છે જે માગે ત્યારે આપે નહિ. ભગવાન કૃતઘ્ની જોડે આવે પણ નભાવી લે છે, એ ગુણ છે. એવા સ્વભાવવાળા મનુષ્યનું ભગવાન રાખે છે અને સાંખી લે છે. નહિતર એમને શી તમારા જીવની પ્રભા છે-તો પણ સાંખી રહે છે. પછી એવાં કૃતઘ્નીપણાનાં કામ શિષ્ય કરે ત્યારે ભગવાન કળ ફેરવે જે કંઈ દેવું થાય રોગ મેલે દુઃખ કરાવે.

પણ પહેલેથી વિચારે કે ભગવાનનું કર્યું થાય છે. ત્યાં આપણે ડહાપણ ડોળીને શું કાઢીશું? એ તો વિચાર ઓછો છે અને નિશ્ચયમાં પણ કચાશ છે. મહાત્મ્ય ઓછું જાણ્યું છે. પછી એમ જાણે જે શાસ્ત્રમાં કહે છે જે જાણે એવો થાય. પણ મહાત્મ્ય નિશ્ચય વિચાર સમજણમાં ફેર છે. એ આપણે મટાડી દેવું. અનેક જન્મથી રખડતા રખડતા આવ્યા છીએ. માટે આ ફેરા જેવો લાગ આવનાર નથી. આ વાત ભાદરણના ઝવેરભાઈના નિમિત્તે કાઢી છે.

## જ્ઞાન.

તા. ૨૧-૧-૧૯૧૨

(૧) દેશ કાળે સુખદુઃખ પડે પણ શોક કરવો નહિ. અને જ્ઞાન વિચારવું.

(૨) વીર્યપાત થાવા દેવો નહિ કારણ કે બ્રહ્મતેજ જાય.

(૩) ભગવાનની મુર્તિને ભૂલીને કોઈને જ્ઞાન કરવું નહિ પણ સહેજે બે બોલ કહેવા, પણ મુર્તિ ચુકવી નહિ.

(૪) શિષ્ય કરવાથી ભણતાં બ્રહ્મવિદ્યા જ્ઞાનની અટકાય છે, અને જ્ઞાન આવે અને શરીર પર જેમ ગુંમડાં ફુઝે તેમ શિષ્યનું દુઃખ થાય છે માટે મળેલી પહેલાની મિલ્કત છુપાવી રાખવી. જડભરત રૂપે વર્તવું જેથી પ્રભુ દ્વારાની વિદ્યા ભણાય ને બ્રહ્મરૂપ માની પરબ્રહ્મ ભજાય-શિષ્ય કહે પણ પોતાના મનમાં ન રાખે ને ગુરૂને સોંપી દે અને માનીનતા કાઢી નાખે જે મારે શિષ્ય છે-તો કંઈ નહિં માયા

ઠગારી છે. ઠગી જાય શરત રાખવી.

## કીર્તનનો અર્થ

## હાંજી ભલા જોગી હરિ છે રે-જોગ એ.

પ્રાણ ક્ષુધા નિયમ પ્રમાણે દસ ઈન્દ્રિયો તે કંઈ જુવે નહિ. સાંભળે નહિ. ખપ વિનાની હર કોઈ કંઈ પણ ક્રિયા કરે નહિ. ખપ હોય એટલું જ કરે. સ્થુળ દેહ હાલે નહિ ત્યારે જાણવું જે સ્થુળ દેહ જીત્યો. સંકલ્પ થાય નહિ અને દેહ હાલે નહિ ત્યારે સુક્ષ્મ દેહ જીત્યો જાણવું. દેહનું ભાન ભુલી જાય ત્યારે કારણ દેહ જીત્યો ગણાય. મટકુ વાગે નહિ તો અંતરવૃત્તિ રાખી રહે છે. આંખો મીંચે તો ડોલું આવે નહિ. અને ડોલું આવે તો મટકા રહિત રહેવું. ડોલું ઝોકું આવે તો ઉંધા બે પગ કરીને એક ઉપર એક પગનું ચાપવું મુકીને ઉપર પૂંઠ મુકવી. (એ આસન મહારાજે સમૈયામાં કરી દેખાડ્યું હતું તેવી રીતે)- તેમ ધારણ કરવી. પછી ડોલું ના આવે. અને આવે તો નાસિકાના અગ્ર ઉપર જોઈ રહેવું-કહેતાં ત્યાં વૃત્તિ રાખવી. તે કાચા યોગીનું મધ્ય ૧૦નું વચનામૃત અને પાકા યોગીનું મધ્ય ૧૬નું છે તે પાકા યોગીને તો આંખો મીંચીને બેસી રહેવું સારૂં લાગે. પાકો યોગી પણ ઉંઘમાં ના જાય. વરતાલ ૮ ભગવાનના સ્વરૂપમાં પોતાના મનની વૃત્તિ લીન થઈ જાય તે યોગીને નિદ્રા છે. પણ સુષુપ્તિ નથી.

ખપ વિના કાંઈ ક્રિયા કરવી નહિ, અને જો કંઈ કામ ના હોય તો અંતરવૃત્તિમાં ઉતરી જાવું. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં છે જે અંતરવૃત્તિ જેવો તો કોઈ માલ જ નથી. માટે અંતરવૃત્તિ કરવી. અન્ન જળ વગેરે ના ચાલે એટલું જ ખાવું-દેહ રહે તે સારૂં, અને ગળ્યું ચીકણું ખાવું જ નહિ. કેમજે મુક્તની શિક્ષાપત્રી કલમ ૩૦ પ્રમાણે જેટલો જીભે સ્વાદ લઈએ તેટલો સ્ત્રી ભોગવવાને સંકલ્પ થાય, તેથી અન્ન જળ મીઠું તે વગર બધા સ્વાદ છે. તે દુઃખ પડે તે વેઠવું-તે મુક્તનું તપ છે. અણ ઈચ્છયું મળે તો ભેગું કરીને ખાવું પણ જુદુ ના ખાવું. સ્વતંત્રમાં-અને જગતમાંની નાતમાં તો મહારાજ જેમ યુક્તિથી દરેક કોળીએ ભેગું કરીને ખાય છે તેમ શીખવું અને જો ભેગું ના ખાય તો વીર્ય થાય. જુદુ ખાવાથી વધારે ખવાય તે એક બે દિવસે ભૂલે તે બળી જાય માટે જુદુ ખાવું નહિ. પ્રથમના ૧૮ પ્રમાણે પછી જેનું જેવું બંધારણ-મુક્તની શિક્ષાપત્રી કલમ ૨૮ પ્રમાણે મજુરી કરવાની હોય ત્યારે ખાય તો ઈન્દ્રિઓ છુટી થાય ત્યારે કામ થાય.

જેમ કહે તેમ કરે તે એકાંતમાં આસન માંડી ભલા-જેમ કહે એમ કરે એજ શ્રેષ્ઠ છે. ને તેજ એકાંત આસન છે. એકાંત જે હજારોની વચ્ચે બેસવાનું કહે તો તે એકાંત ને લાંબા થઈને સુઈ રહો એમ કહું તે પણ એકાંત આસન છે. જેમ કહે તેમ કરવું

એજ વાત છે. તે પ્રગટ વખતે ને પરોક્ષ જે ઘેર તે અંતરવૃત્તિએ એકાંત આસન-વચન વીધિમાં-

ધ્યાન એજ ધુણી. બધી ઈન્દ્રિઓ ઠરી જાય. ધ્યાનની ધુણીમાં ગોટાઈ જવું. ધુણી ધ્યાન લાગે ત્યારે મરણ જાય. એવી ધુણી લાગે કે કંઈ ખબર રહે નહિ. જે નામ ગામ ઠામ નાત ઘર દેવાદાર છું કે લખેશરી છું કે શું પેર્યું છે કે બેઠો છું કે ઉભો છું ઈત્યાદી કંઈ ખબર રહે નહિ. ત્યારે ધ્યાનરૂપી ધુણી લાગી કહેવાય. રટણ ગુરૂ રૂદ્રાક્ષ જે સંકલ્પ કરવા નહિ. ભજન કરવું જુવે બોલે બીજી હરકોઈ ક્રિયા કરે તે ખપ વિનાની ના કરે ત્યારે અંતરવૃત્તિ રહે-સારંગપુર ૨ પ્રમાણે છેટેથી ઢુંકડે વૃત્તિ લાવે, તે ઉપર નોકરીવાળાનું દ્દષ્ટાંત જે નોકરી માટે પરગામ ઘર ભાડે રાખીને રહે છે અને પોતાના વતનમાં હવેલી કરાવે છે અને રહેવાનું તો નોકરી માટે પરગામ; તેમ દેહનું ઘર ભાડે તેમાં નોકરી કરી લેવી તે શું જે ખપ જેટલો વહેવાર કરવો અને પછી ગામના ઘરમાં અંતરમાં રહેવા જવું. માટે ખપ જેટલો વહેવાર કરવો. મુકતની શિક્ષાપત્રી કલમ ૭ પ્રમાણે.

## ''માયા તજે સો મહાપુરુષ મન જીતે તો મહંત''

## મોટા પુરુષના ચાર પ્રકાર

ખાધાનો ધારે તો ભૂખ લાગે અને ના ધારે તો ના લાગે-કહેતાં ભજનમાં બેસી જાય એટલે ભૂલી જાય. સુખે કરીને તો ભજનમાં મોટો પુરુષ મનન કરે, ધારે ના ધારે તો પણ ગમે તેટલો ભૂખ્યો રહે તો પણ ભૂખ ના લાગે. અંતરમાં વૃત્તિ મુર્તિમાં વૃત્તિ રાખવાવાળા મોટા પુરુષ માટે બેમાં ચાર ચાર ભેદ છે-દીવા જેવા, મશાલ જેવા, વિજળી જેવા અને વડવાનળ જેવા એમ ચાર પ્રકાર છે, નિરવિકલ્પમાં સવિકલ્પમાં નહિ-તેજ યોગી પુરુષનો અધિકાર આવ્યો. સુખનો છેડો આવવા માંડ્યો-માયિક સુખનો-ત્યારે વૃત્તિ રહેવા લાગી- ત્યારે મોટા પુરુષમાં ભળ્યો કહેવાય-એટલે દીવા જેવો થયો. વરતાલ ૩ મુજબ સાચો પ્રકાશ દીવા જેવો થાય. દીવા જેવા મોટા પુરુષને વહેવારમાં સુખ દુઃખને યોગે કરીને વૃત્તિ ઓલાઈ જાય તો દીવા જેવા કહેવાય અને વૃત્તિ વ્યવહારના સુખ દુઃખથી ના ઓલાય તો મશાલ જેવો કહેવાય. ભજન કરવું સુઝે નહિ એ ઓલાયો કહેવાય. વિષયને યોગે કરીને ઓલાય- પ્રથમ ૧૮ ગમે તેવા વિષયમાં ઓલાય નહિ તો વિજળી જેવા મોટા પુરુષ કહેવાય. મોટા પુરુષ સ્ત્રી આદિક વિષયનો સંગ કરે અને તેને મોટા પુરુષ બનાવે તો તે મોટા પુરુષ વડવાનળ જેવા

કહેવાય. વડવાનળ જેવા મોટા પુરુષ તો એકજ હોય. જેમકે એક રાજાને ચાર છોકરા હોય તો એ ચારેમાંથી જે મોટો હોય તેને જ ગાદી મળે છે અને તે રાજા કહેવાય છે અને બાકીના ત્રણ રાજા કહેવાતા નથી. પણ ગાદીએ બેઠો તેજ રાજા થયો કહેવાય, તેમ વડવાનળ ઘણા હોય-રાજાના છોકરાઓની માફક પણ અવસ્થા સ્થાન વગેરે જોઈને ભગવાન વળગે તે ગાદીએ બેઠો કહેવાય. ગાદીએ બેઠો તે વડવાનળ. વડવાનળ ખારા પાણી પીને મીઠાં કરે છે તેમજ વડવાનળ જેવા મોટા પુરુષ વિષયી જીવોને પોતાના જેવા બનાવે. જેવી રીતે જે છોકરો ગાદીએ બેઠો હોય તેની આણ વર્તે પરંતુ બાકીના છોકરાઓનું ચાલે નહિ તેવી રીતે બીજા પ્રકારનાનું ચાલે નહિ. વડવાનળ જ કરી શકે. જે ગાદીએ બેઠો હોય તેનો હુકમ ચાલે તેમ જેને ભગવાન વળગ્યા હોય તે ગાદીએ બેઠો કહેવાય.

હવે વળગ્યામાં પણ જુદા જુદા ભેદ છે. એક તો વડવાનળ જેવા મોટા પુરુષ ભગવાનને વળગે અને બીજો તો ભગવાન પોતે જ વડવાનળને વળગે. જેવી રીતે ભૂત વળગે છે તેમ સાધેલું હોય તે જુદી રીતે વળગે અને ભૂત પોતે પોતાની મેળેજ વળગે તેમ આમાં પણ જુદા જુદા ભેદ છે.

આમાં તો મોટો છોકરો કોણ તો જે વડવાનળ હોય ૨૦-૨૫ની ઉપર ૨૭-૩૦ વરસની ઉંમર હોય તે મોટો ગણવાનો ઉંમર ઉપર અવસ્થા ઉપર ગણવાનું.

## ઈશ્વર દશા

ઈશ્વર દશા આવે એટલે સમૈયો નહિ કરવા આવે કહેતાં જળના ટીપાની પેઠે બધું દેખાય. પરંતુ તેમાં પણ માયિક દેહે આવવું જવું. દિવ્યને માયિક-તે માયિક દેહ દિવ્ય થયું અને દિવ્ય દેહ મન ભેળું જાય. પાંચમા પ્રકારમાં બધું જળના ટીપાની પેઠે દેખાશે એટલે કેટલાક પડી જશે. તે શું તો સમૈયે આવશે તો બચશે. પડી નહિ જાય. નહિતર ધક્કો લાગશે ત્યારે સમજણ આવશે. જે જે પ્રકારનો ધક્કો લાગશે તે તે પ્રકારમાં પાકો થશે. મહેતાથી ધીમે ધીમે દીવાનની પદવી સુધી પહોંચે તો ધીમે ધીમે પાકો થાય પરંતુ એકદમ મહેતાથી દીવાન થઈ જાય તો ધક્કો વાગે. મણીલાલ, ગોવિંદભાઈ, કુબેરભાઈ અને ભાદરણના ઝવેરભાઈ વગેરેને જેને ધક્કો લાગે તેને તે ધક્કો ફરી લાગે નહિ. બીજો લાગે ખરો પણ જો તે શરત રાખે તો લાગે જ નહિ-કારણ કે એક ફેરા લાગેલો છે તેની સમજણ રહે.

જે દેખાય છે આરપાર, તેમાં બે ભેદ છે. એક તો ભગવાનની કૃપાએ કરીને બધું દેખાય અને પાત્ર થયો હોય તેને દેખાય. કૃપાનું દેખાય તે તો એવું છે જે છેટું દેખાય

કહેતાં જે વચ્ચેની વસ્તુઓ હોય તે દેખાય નહિ. મંદિર દેખાય પણ વચ્ચેનું કશું દેખાય નહિ. હવે બીજું જે પાત્રને દેખાય તે તો વચ્ચે અને ઠેઠ બધે દેખાય. આખું ઘર તેમાં કોઠીઓ થાંભલા વગેરે તો-બધું જ દેખાય. એ પ્રમાણે ભેદ છે.

કથા વાર્તા ધ્યાન ભજન ઇત્યાદિ કરતાં દિવસને રાત્રી વીતે તે વિજ્ઞાનમાં જ્ઞાન થયું કહેવાય. મહારાજનું કે કોઈનું બોલવું ના ગમે તો અનુભવનું જ્ઞાન થયું કહેવાય. જે જે દેખાય તેમાં જે બોલે તે પ્રવર્તિ જાય તેથી દેખાતું બંધ થાય. તેથી કોઈનું બોલવું ના ગમે, અને જેને મુર્તિ ફક્ત ધારવાની ઈચ્છા હોય તેને મહારાજના વગર બીજાનું બોલવું ના ગમે અને મહારાજ બોલે તો સામું મુર્તિ ધારવામાં પુરતી થાય માટે એવા ભેદ છે.

ચોવિસ કલાક ભજન કરે કહેતાં આહાર જ ભજનનો હોય કહેતાં ચોવિસ કલાક અંતરવૃત્તિ રહેતી હોય તો કોઈનું બોલવું ગમે જ નહિ.

નિરવિકલ્પમાં સંશય નિશ્ચય નિંદ્રા અને સમરતી જાય. શાસ્ત્ર સમુળગુંય ભાવે જ નહિ તો જાણવું જે સવિકલ્પ અને નિરવિકલ્પની વચમાં છે. નિરવિકલ્પ બેસે ત્યારે શાસ્ત્ર ભાવે, અનુભવ બેસે માટે વાંચવાનું ભાવે. ચોવિસ કલાક ભજન મૂકવું ગમે જ નહિ ત્યારે નિરવિકલ્પમાં જ્ઞાન પુરું થઈ રહ્યું. વિજ્ઞાનમાં જ્ઞાન જુદુ. સુખ આવે અને વૃત્તિઓ ચોટે ત્યારે રાતદિવસ વિતે તે વિજ્ઞાનમાં જ્ઞાન. સહેજે રાત-દિવસ વિતે ત્યારે બ્રહ્મપ્રકાશ થાય-તે સંવત ૧૯૬૮ના કારતકને સમૈયે કહ્યું હતું કે હવે રાતદિવસ એક કરવો છે તે સંવત ૧૯૬૮ના ફાગણને સમૈયે રાતદિવસ એક થયો હતો.

દેહ મૂકવો લેવો તે એની મેળે દેહ મેલે ને લે-ત્યારે સાધુ થયો. આવે જાય તો દેહ મૂકે લે. પણ સંતમાં રહેવું. વચનામૃત હાંજી ભલા સાધુ-મરીને શું થશે તે બીક રહે અને ના રહે તો તેને બીક ગઈ તો તેનો આનંદ થયો તો તેને વિજ્ઞાનમાં-અનુભવેલું જ્ઞાન ચાલે છે-ના ખપનું બોલે તો તેને બ્રહ્મનો રસ આવ્યો નથી અને ખપ એટલું બોલે, જુવે સર્વપ્રકારે તો તેને બ્રહ્મનો રસ આવ્યો છે. દેહમાં સત્તા થયા પછી જીવને બ્રહ્માંડમાં સત્તા થાય ત્યારે બ્રહ્મની દશા કહેતાં ઈશ્વરની દશા થઈ ગણાય. ત્યારે સ્વાદ બધા સરખા થાય એટલે કે ખાંડ, સાકર, મરચું, મરીયાં, મીઠું, ઘી ગોળ અન્ન તે બધું સરખું સ્વાદમાં આવે કહેતાં જાણપણામાં નહિ. મોંમાં નાંખીએ તો ખબર પડે નહિ જે આ ખારૂં તીખું ગળ્યું, તે સમજણ ના પડે અને જ્ઞાને કરીને સમજાય જે આ ખાંડ, ગોળ, મીઠું છે-જેમ કંદોઈ ખાંડનું નાળીયેર, પતાસાં, ચણા, હારડા તેનાં નામ જુદા આપે છે. પરંતુ ખાય ત્યારે બધાંનો સ્વાદ એક સરખો લાગે છે.

આ પ્રમાણે સ્થિતિ થાય ત્યારે એ ઈશ્વર જેટલો થયો કહેવાય. કહેતાં સરખી

ધુંસરીએ આવ્યું પૃથ્વીના સર્વ પદાર્થ એકરસ જણાય. ખાય ત્યારે જ્ઞાને કરીને જુદુ જાણે. બધા રસનો સ્વાદ પૃથ્વી જેવો-માટી જેવો લાગે ત્યારે ઈશ્વર જેટલો થયો અનંતકોટિ બ્રહ્માંડમાં સત્તા થાય ત્યારે અક્ષરદશાને પામ્યો કહેવાય. ત્યારે ભક્તિનો અધિકાર થયો ગણાય. તે અધિકારી એટલે કચેરીમાં કોક દિવસ પૈસા મળે અને કોક દિવસ ના મળે તે ઉમેદવારી કહેવાય અને હંમેશાં પગાર ચઢે તે અધિકારી. તેમ આપણે હજુ તો ભજનના સુખના ઉમેદવાર છીએ-તે કોક દિવસ સુખ મળે અને કોક દિવસ ના મળે કહેતાં રજોગુણ તમોગુણ હોય ત્યારે ભજન કરવા જાય-ત્યારે ક્યા ગુણ છે તે વર્તાય નહિ, એજ સુખ શોધે-સત્વગુણમાં સુખ મળે પરંતુ રજતમમાં વલખાં મારે તે ઉમેદવારી અને અધિકારીને તો જે જે વખત ભજનમાં બેસે તે તે વખતે તત્કાળ સુખ થાય-તે અધિકાર થયો. અને ભજન કર્યા વગર રાતદહાડો જાય નહિ ત્યારે ભજનના સુખનો અધિકારી-અફીણીયાની પેઠે અભ્યાસ થયો તે ખાધા વગર ચાલે નહિ તેમ ભજન કર્યા વગર ચાલે નહિ અને જો ભજન ના કરે તો દેહમાં સુખદુઃખ થાય ત્યારે ભજન કરે ત્યારે દુઃખ મટે. ઝવેરભાઈ ભાદરણનાને એ અંગ ચાલે છે જે બહુ ભજન કરે તો વહેવાર ભૂલી જાય ને ના કરે તો દુઃખ થાય માટે કર્યા વગર છૂટકો નહિ. ભજનના સુખના પ્રકાર બહુ છે-ભજનના સુખનો અધિકાર જુદો અભ્યાસ કરે દુઃખ થાય, પણ સત્વમાં સુખ પડે - ત્યારે રજ તમમાં શોધે એટલે દુઃખ થાય, તો પણ સુખને જોગે કરીને મંડ્યા કરે. મહીં ભક્તિની જગા ખાલી છે તે ભક્તિની વૃત્તિ સુખે ભરાઈ બહાર નીકળે કહેતાં મહીં ખાલી રહે નહિ ત્યારે વહેવાર થાય; પહેલાં તો અંતરવૃત્તિને માંહી તાણી જાય તે ડુબરેલ ઢોરના દૃષ્ટાંત વચનામૃત મધ્ય.૧૩ ના પ્રમાણે વૃત્તિ મહીં અંતકરણમાં પડે, સર્વ સિદ્ધાંતમાં એક જે અંગ બદલાય એટલે નક્કી ઠરાવ ના રાખવો કે આ દુઃખ રહેવાનું છે તે અંગ બદલાય કે જાય તે ભાદરણના ઝવેરભાઈને દવાની શીશી પીવી પડી કહેતાં ક્ષુધા ભજનથી પીડી નહિ તેથી વહેમ આવ્યો જેથી દાક્તરની શીશી પીને સત્ત્વગુણ હતો તે રજોગુણ તમોગુણ કર્યો-અણ સમજણથી સુરજબાએ પોક મૂકી કારણ કે તેમને બીજા ગમે તે પુરુષ ભગવાન વગર હાથપગે અડે તો દુઃખ થાય માટે અંગ બદલાય છે.

રજોગુણ એટલે પથારી કરો છો. ઉંઘો છો તમોગુણ તે ઉંઘ છે અને સત્વગુણ એ અંતરદૃષ્ટિ છે તથા મહારાજ સામું જોઈ રહેવું એ અંતરદૃષ્ટિ છે. પ્રથમ ૪૯ મુજબ હવે ગોળ ખાંડ ગળ્યું એમાં જેવું સુખ પડતું તેવું હવે પડતું નથી. કેમકે નિરવિકલ્પનું

સુખ વધારે આવ્યું તેથી રોટલા ખીચડી જેવું એકે નહિ. નિશ્ચેના ગર્ભવાળાને અન્ન પચે નહિ. જ્યારે વધારે સુખ થશે ત્યારે લાડવામાં મન પેસસે નહિ. પછી આગળ જતાં સમમાં ઈશ્વર દશામાં બ્રહ્મરૂપમાં કંઈ નહિ. જે હોય તે ખાય. ભજન કરી ખાતાં જ્યાં સુધી નથી આવડ્યું ત્યાં સુધી અઘરું છે. સાર્દુલ ભગતને આવડે છે.

કામી પુરુષને સ્ત્રીનું પગલું કે કોઈ બીજું અંગ દેખે તો વિરહ થાય અને સારૂં લાગે તેમ ગુરુનો પગ અંગ વગેરે દેખીને એવો સ્વાદ આવે ત્યારે સ્ત્રી જેટલો ભગવાનમાં સ્વાદ થયો ગણાય. કામી પુરુષને અને કામી સ્ત્રીને વિરહ થાય છે ત્યારે તેનું ફળ છોકરો વાઘ જેવો થાય છે તેમ આપણને ભગવાન જોતાં વિરહ થાય તો તેનું ફળ આત્મામાં પરમાત્મા દેખાય-ફક્ત એક ભગવાન સામું જોઈ રહે તો – જેણે ભગવાન વગર બીજી કોઈપણ ઇચ્છા રાખી નથી તેને ઘરબાર ચાર પાંચ વરસમાં છોડવું પડશે. સંવત ૧૯૭૪ની અંદર પાંચમું પ્રકરણ પુરૂં થઈ રહેશે. એટલે ક્ષુધા, તરસ, ટાઢ, તડકો, ઉંઘ, માન, અપમાન, હરખ, શોક, હાંડ્ય વૃદ્ધ તે જતું રહેશે. ભગવાનમાં પ્રીતિ થવાની તેથી ઘર ભણી જવાનું રહેશે નહિ. તેથી ભગવાન કેડે ફરવાનું થશે. માટે ઇચ્છા કોઈ પ્રકારની ભગવાન વગર રાખવી નહિ.

નિરવિકલ્પમાં કોઈને કે આપણને દુઃખ થાય એવો સંકલ્પ કરવો નહિ. કારણ કે જેવી આપણને ઓળખાણ થઈ તેવો સંકલ્પ સત્ય થવાનો-તે ઓળખાણનું વચનામૃત જે થઈ જાય તો કપાળમાં બળબળતા ડામ જેવું વસમું લાગે-વચનામૃત પ્ર. ૪૪ સવિકલ્પમાં વ્યભિચાર કરવો તેનું ફળ ડાંગો પડે, માથાં કપાવે અને નિરવિકલ્પમાં ન ખપનો સંકલ્પ થાય તે વ્યભિચાર કહેવાય. ડાંગો પડે કહેતાં સુખ-નિરવિકલ્પનું જતું રહે. નિરવિકલ્પમાં અંતરવૃત્તિ બહાર કાઢે તો બહાર વૃત્તિ થાય અને સુખ જાય. તેથી કપાળમાં ડાંગ જેવું વસમું લાગે. તેનું ચોપડે નામું જે જેમ હજાર રૂપીયા આવે અને પાંચસો જાય તો ધકો થાય નહિ પરંતુ સરવાળો તો એટલો ઓછો થયો કહેતાં ખોટ થઈ. તેમ ભગવાનનું સુખ વધારે અને ખોટ ઓછી તેથી જણાય નહિ. પણ સરવાળે ખોટ થાય.

આમ કરવું ને આમ ના કરવું – એવો વિચાર રાખવો, તે જો ના રાખીએ તો ઉન્મત્ત થવાય. કારણ કે પાંચમા પ્રકારમાં બધું સમ થવાનું તેથી બહેન, બૈરી, ગુરુની તથા ગુરુભાઈની વગેરે સમ થાય. જો તેમાં નિયમ પ્રમાણે વર્તવામાં આઘું પાછું થાય તો

તીર્થક્ષેત્રમાં પાપ થાય તો તે પડ્યો કહેવાય અને વીર્ય જાય તેથી બ્રહ્મ પ્રકાશ ઓછો થાય. તે બધાં વિઘ્ન. માટે વિચાર રાખવો. નિરવિકલ્પની મુદત નક્કી કરી તે સંવત ૧૯૭૯ની પહેલાં બધું પુરૂં થઈ જશે. છ પ્રકારનો નિશ્ચય શાસ્ત્ર બધાં સાથે ઊતરી રહેશે.

આ વાત ફાગણ વદ બીજને મંગળવારે સાંજે કરી છે. નિરવિકલ્પનું વર્ષ સંવત ૧૯૬૬-૬૭થી બેઠું છે તે ત્યાંથી ગણ્યું છે. તે પછી વાત કરીને જય બોલાવી જે બોલો પુરુષોત્તમ મહારાજની જય.

ચાર દિવસની તથા છ મહીનાની તથા સંવત ૧૯૭૯ ના પહેલાં સર્વ શાસ્ત્ર મળશે કહેતાં તે પ્રમાણે ઉતરશે. ચાર દિવસની કહેતાં કાંકરીએ તળાવવાળું વચનામૃત-મધ્ય ૨૨. સંવત ૧૯૭૯ના પહેલાં સર્વને સંપૂર્ણ શાસ્ત્ર ઉતરશે. હરીના જનને જે મારા કહેવાણા છે તેને તલમાત્ર કસર રહેવા દેવી નથી. કહેવાણા છે તેને પણ સુધા સાવધાન રહેજો - તમારો પગ ટકશે નહિ. વચનામૃત મધ્ય ૪૫ પગ ટકશે નહિ એટલે સંતના ભીડામાં રહેવાશે નહિ. જેમ કહે એમ કરે એ સંતના ભીડામાં કહેવાય - પરંતુ ભીડામાંથી ભાગી ના જાય.

જન્મ લેવાનો છે - પહેલાં કહેતા કે જન્મ ગયું અને મરણ રહ્યું તે શું તો મરણ પાંચમા પ્રકરણમાં સ્વચ્છંદ મૃત્યુ આવશે તેથી જે વખતે દેહ મુકવો હશે તે વખતે મુકાશે - તે પોતાના હાથમાં આવશે. માટે મરણ ગયું. એકાદશના પંદરમાં અધ્યાય પ્રમાણે હવે આપણે સિદ્ધિઓ મોઢે કરવી જોઈએ. જેથી અનુભવ થાય તો ખબર પડે. ગુંચવણ ઉભી થાય નહિ.

આપણે એ રસ્તે ચાલ્યા માટે હવે જન્મ શું તો જે પહેલાં મહારાજ કહેતા હતા કે જન્મ ગયું તો ફરી અવતાર લેવાનો નહિ એમ નહિ. પરંતુ જે આપણા સંકલ્પ હતા જે આ ખઉં કે આ પીવું કે આ ઓઢું કે કાશીએ જાઉં કે દ્વારકા જઉં વગેરે સંકલ્પ ઉઠતા બંધ થાય એટલે સંકલ્પ મરણ પામ્યા કહેવાય. એટલે સંકલ્પો મરવાના થયા એ સંકલ્પના જન્મ થતાં તેનું મરણ થયું એટલે મરણ ગયું. પણ છ પ્રકારનો નિશ્ચય પુરો થયા વગર અવતાર ના લેવો પડે એમ નહિ. જ્યાં સુધી છ પ્રકારનો નિશ્ચય પુરો થયો નથી ત્યાં સુધી જન્મ લેવો પડે. કહેતાં અવતાર લેવો પડે. પછી અંત સમે સ્મૃતિ થાય તો તેની વાત કહેવાની નહિ - કહેતાં દેહ મુકતી વખતે મુરતિ સાંભરે તો કંઈ ઈચ્છા ના હોય તો લેવાનો નહિ.

# આનંદ-અતિ આનંદ-અતિશે આનંદ-અતિશે થોડો આનંદ. આનંદની વાત.

આનંદ આપ્યું અતિ ઘણું રે - તે ઉપર છે. જગતની વસ્તુમાં આનંદ બેઠો તે એક આનંદ.

આનંદમાં બે આનંદ તે હરિમાં છે. બીજાને સદ્ગુરુને વરવાને કોટ છે. દીવા મશાલ વિજળી જેવા હોય તેને ક્યાં સાચવે? વડવાનળ જેવો તો એકજ હોય - રાજાના દીકરાના દૃષ્ટાંતે. વડવાનળ જેવાના ચેલાને જગત તોડવા ફરે. સવિકલ્પ થઈને રહે તો લોક તોડે નહિ. સવિકલ્પ પુરો થાય અને નિરવિકલ્પ બેસે તે બેની વચ્ચેની સ્થિતિમાં કોઈ જગત બોલે નહિ. સવિકલ્પનો કનિષ્ટ પ્રકારનો ભક્ત વડવાનળ જેવાનો - જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તેને જગત તોડવા ફરે. મધ્યમ પ્રકારના જ્યાં જાય ત્યાં જગત બોલ મારે - જે તું ફલાણાનો છું - અને ઉત્તમ પ્રકારનાને તો કોઈ કહેજ નહિ.

હવે નિરવિકલ્પ કનિષ્ટ પ્રકારમાં જગત પુરતી કરે. જગત વડવાનળ જેવાના આવા પ્રકારના ભક્તને કહે જે તમારા ભગવાન તો ત્યાં છે ને અહિં કેમ આવ્યા? મધ્યમ અને ઉત્તમનાથી તો જગત જોઈને શીતળ થાય. ત્રિવિધિ તાપ શાંત પામે. એટલે પાસે વાત સાંભળવા આવે.

પોતામાં જોવાનું જે શું વિઘ્ન કરે છે અને શા કારણથી અટક્યું છે એવી ખુંચો શોધીને ઉપાય કરવો તો આગળ વધાય.

ભજન કરે, કથા કરે, કીર્તન કરે ત્યાં રૂવાડાં ઉભાં થઈ જાય. અનેક પ્રકારની ઉપાધિમાં ભળ્યા હોઈએ તોય ભજનમાં આડ કરે નહિ.

નિરવિકલ્પમાં કનિષ્ટ પ્રકાર અંતરમાં જુએ ને અને ઘાટ સંકલ્પ ઘરબાર વગેરેના થાય તો જાણવું જે નિરવિકલ્પમાં કનિષ્ટ પાઠ ચાલે છે. જગત પગે લાગે. પોતાને ખાધા પીધાનું, ટાઢ તડકાનું ઉંઘ વગેરે ઓછું થવા લાગે. બધું સમ થવા માંડે. સંત હરિના સમાગમથી સુખ વર્તે તેમ મધ્યમ થાય.

માન અપમાનનો મહીં ધખારો થાય અને મોંઢે આવે ત્યારે શાંતિ થાય પણ આંટી ન બંધાય તે કનિષ્ટ. માન અપમાનનો શોક ત્યારે ઓલાઈ જાય. નિરવિકલ્પનો પાઠ ચાલે છે માટે માન અપમાન ઇત્યાદિ ધખારો મોંઢે આવવા દેવો નહિ.

ઉપજે અને સમાવે તે સંત અને ના ઉપજે તે મહંત.

ઓલાવાના ત્રણ ભેદ. મોઢે આવે જે આમ કહું અને કહેતાં ઓલાઈ જાય. અંતકરણમાં ઓલાઇ જાય અને બારણે કાઢીને ઓલાય એમ ત્રણ ભેદ છે.

હવે ઉર્મિ ઉપડે જે આને જ્ઞાન કરૂં આને જ્ઞાન કરૂં તો નિરવિકલ્પ પાઠ ચાલે છે. હવે નિરવિકલ્પ મધ્યમમાં કોઈને જ્ઞાન કરવાનું મન થાય નહિ. અંતરવૃત્તિના સુખમાં જ્ઞાન મોઢે આવે ત્યાર સુધી તો ઓલાઈ જાય. જેમ જેમ મધ્યમ થવા માંડે તેમ તેમ શાંતિ વધારે થાય. જેમ સ્ત્રીની કુણી અડે તો કામી પુરુષને લાય બળતી નથી ને સારૂ લાગે છે તેમ મધ્યમ થયો હોય તેની કુણી હાથ પગ અંગ જુવે તથા અડે તો શાંતિ થાય બીજાને, તો નિરવિકલ્પમાં મધ્યમ પાઠ ચાલે છે કારણ કે મુકતને મુમુક્ષુને સુખ વધારે છે તેથી ઠંડક વધારે છે માટે બીજા સુખી થાય છે. જ્ઞાન કરવું ઉપડેજ નહિ કેમજે અંતરવૃત્તિ રહેવા લાગે તેથી બહાર ગમે જ નહિ. તો જ્ઞાન શાનું કરે? મધ્ય ૧૩. ડુબરેલ ઢોરનું - અંતરવૃત્તિમાં પડી જાય તે વહેવાર કરવો કઠણ પડે અને ભજન કરવું સહેલું પડે. ઉપર પ્રમાણે જગતને આનંદ આપે, જોવા બોલવાથી ત્યારે આનંદ આપનારાને અતિ આનંદ કહેવાય. હવે અતિશે આનંદ હોય તો ગમે તે પ્રકારની પીડા હોય અને વહેવાર હોય તો જે વખતે અંતરવૃત્તિ કરે ત્યારે કંઈ આડ કરે જ નહિ - તે અતિશે આનંદ.

અતિશે આનંદમાં કનિષ્ટ ભેદ અંતરમાં જુવે ત્યારે આત્મા દેખાય. જેમ મધ્યમ થાય તેમ ઉત્તમ સામી વૃત્તિ કરે, ત્યારે દેખાય. આત્મા બુઝાય દેખાય. બુઝાય દેખાય ત્યારે દીવા જેવો અતિશે આનંદ થાય. મધ્યમ ઉત્તમમાં આત્મા બુઝાય નહિ અને સાચું તેજ સચ્ચિદાનંદ પ્રકાશ ઉત્તમમાં જ છે. તે દેખાય.

હવે દેહરૂપી નગરમાં જેમ કરવું હોય તેમ થાય. એટલે ચોવીસ કલાકમાં પાઠ એક એક કલાકનો એક એક પાઠ તે ૨૪ પાઠ થાય ને છેલ્લી મુદત વળી પા પા કલાકનો તે ચોવીસ ચોકુ છન્નુ થયા. તેમાં કેટલા પાઠ સુધી કેતાં ક્યાં સુધી આ દેહ રૂપી નગરને જેમ કરવું હોય તેમ થાય - ક્યાં સુધી તે ઉભું રહે - ખાય નહિ - મટકું ન મારે - પીવે નહિ, સુવે નહિ. આસન જીતે, ક્યાં સુધી ઉંઘ ન આવે - ક્યાં સુધી વૃત્તિ રહે - અનેક પ્રકારે કેટલી મુદત સુધી ચાલે. સહેજે તે થાય, દેહ સુકાય નહિ. અને જેટલું પરાણે થાય એટલું સુકાય - ઇત્યાદિકનો સરવાળો રાખવો. બ્રહ્માંડમાં કહેતાં ચૌદ લોકમાં જેટલા માણસ પશુ પક્ષી વગેરેને જેમ કરવું હોય તેમ કરી શકે ત્યારે અતિશે આનંદ થયો વચનામૃત પ્રથમ-૨૭ પ્રમાણે.

વચનામૃતમાં કરવું અને આ ના કરવું તે કહ્યું છે તે મારા કહેવાણા નથી તેને માટે છે. હવે કહેવાણા છે તેને તો સદ્‌ગુરુ ચલાવે. ભગવાનનાં સુખ આગળ કોઈ સુખ હિસાબમાં ના રહે.

સુખ અને મહાસુખ એ બે ભેદ છે. સુખ તો ખાવા, પીવા, જોવા એ સુખ અને મહાસુખ ભગવાનનું કહેવાય. ।।મહાસુખ મુજને રે આપ્યું।। એટલે જન્મ ગયો. કહેતાં જગતમાંથી વૃત્તિ તુટે એટલે ક્યાં જાય? એજ જન્મ ગયો બીજો નહિ. હવે ।।મળીયા નટવર નંદ દુલારો।। મળીયા એટલે જાગતાં ઉંઘતાં ફરતાં ભગવાનમાં સહેજે વૃત્તિ રહે તો મળ્યા કહેવાય. અને ચાર આંખો ભેગી થઈ તે તો દીઠા. તે ક્યાં કહ્યું છે જે ।। આજ મેં તો દીઠા વાલાને વાટ વેંતાં, નેણાં રોક્યાં નથી રેતાં।। પણ ઉપર અર્થ કર્યો તે પ્રમાણે મળ્યા નથી. જ્યાં સુધી કલ્યાણમાં ઓશિયાળું રહ્યું છે ત્યાં સુધી સવિકલ્પમાં કસર ગણાય. અને નિરવિકલ્પમાં તો આપણે જે જે ધારીએ તે સંકલ્પ સત્ય થાય – તો ઓશિયાળું નિરવિકલ્પમાં મટ્યું. જ્યાં સુધી જેટલો સંકલ્પ સત્ય ન થાય ત્યાં સુધી નિરવિકલ્પમાં ઓશિયાળું છે. ।। હવે કોઈની ના રહી ઓશિયાળી।। કોઈની કહેતાં દેહ ઈન્દ્રિઓ કોઈને ખાવા પીવા ના આપે તો ચાલે – તો એ દેહનગરનું ઓશિયાળું મટ્યું.

હવે ખાવાનું શું જે દેહને અન્ન ખાવાનું, પીવાનું, ઓઢવાનું, સુવાનું ઈત્યાદિક દેહનો આહાર છે, હવે ઈંદ્રિઓને દસ ઈન્દ્રિઓ અંતઃકરણ તેમાં કોઈને આહાર આપે નહિ અને ઉંઘ ના આવે એ મોટો મુદ્દો છે. માટે આ દેહને જેમ કરવું હોય તેમ થાય તેમાં કોઈ વાતનું અટકે જ નહિ તો દેહરૂપી નગરનું ઓશિયાળું મટ્યું ગણાય.

ચોવીસે કલાક અંતર બળે નહિ ત્યારે તેની ઉપર કરુણા થઈ. ।।કરુણા અતિશે રે કીધી।। એ ઉપર વાત. ।।મન દૃઢ કરીયું રે મોરારી।। જેના મનમાં બીક રહે તેનામાં એટલી દૃઢતા ઓછી. આનંદ ઉરમાં ના માય – તે ક્યારે તો ભજન કરવા બેસે ત્યારે વહેવાર કંઈ સુઝે નહિ. અને વહેવાર કરવો હોય તો વહેવાર કરે અને ભજન કરવું હોય તો ભજન કરે. કોઈ પ્રકારનું આડું આવરણ આવે જ નહિ. કાચબાના દૃષ્ટાંતની જેમ મહી પેસે અને બારણે નીકળે તે ઉત્તમ. હવે મધ્યમ વિચારે ત્યારે ઘાટ મટે. કાંકરીઆ તળાવવાળું વચનામૃત મધ્ય ૨૨ વાસના મૂળથી ગઈ ક્યારે તો બધા સુખને માથે ભગવાનનું સુખ છે એવું થાય ત્યારે જાય. ત્યારે આનંદ ઉરમાં માય નહિ. વિષયમાં મન થાય જ નહિ. પ્રયત્ન પણ થાય જ નહિ અને પ્રયત્ન કરીને ભોગવે ને ભજનમાં બેસે તો ઉપડે નહિ. મધ્યમ ૧૬ આની આનંદ હોય તો લાખો માણસ ગાળો

દે તો તથા માન અપમાન કરે તો પણ હરખ શોક થાય જ નહિ અને જેટલો હરખ શોખ થાય છે તેટલો આનંદ અધુરો છે.

માન અપમાન સરખું થાય ત્યારે જ્ઞાન પૂરૂ થયું કહેવાય. ત્યારે આત્માને દેહ જુદો છે એમ માનવું વચનામૃત છેલ્લાનું ૩૯ ત્યારે આનંદ પુરો થયો કહેવાય.

હવે બીજાની વાણી કહેતાં મહારાજ વગર બીજાની વાણી ગમે જ નહિ તે આગળ થવાનું પણ હમણાં તો પોતાનાથી ચઢીયાતો હોય તેની સારી લાગે અને ઉતરતાની ના સારી લાગે. અંતર ધીખાવે એટલે ગમે ના ગમેની પરીક્ષા થઈ જાય. આનંદ ઉરમાં રે ભારી એટલે શું જે મરીને શું થશે તેનો તો ભય રહે જ નહિ. ખાધાની વાત જે ધુળાભાઈને-જે ખાખા કરે તોય ભૂખ લાગે છે તે ભજનની ભૂખ છે. જે ખાઈને બેઠા હોઈએ તોય ભભડાટ થાય તો જાણવું જે ભજનની ભૂખ છે.

બૈરી છે તે ગુરુ છે કારણ કે તે કામ ક્રોધ અને ખાવાનું તે એ લાયો સમાવે છે. કામની કહેતાં વિષયો ભોગવે, ક્રોધની કહેતાં ક્રોધ આવે તો વગર વાંકે મારે તેથી ક્રોધની લાય સમાવે અને ખાવાનું જે સીમમાં કે ગામમાં કે પરગામ ગયા હોઈએ તો ઘેર બૈરી હોય તો ખાવા કરી આપે અને તૈયાર ખાવા ઉપર જાય તેથી લાયો સમાવે. તેથી બૈરી ગુરુ કહેવાય. પછીથી એને પૂર્વના સંસ્કારથી સદ્‌ગુરુ ઓળખાયા હોય તો સદ્‌ગુરુ કામ ક્રોધ અને ખાવાનું એ બધી લાયો સમાવે. કહેતાં ચાર આંખો ભેગી થઈ કે લાયો બધી સમી જાય. તેથી સદ્‌ગુરુ પાસે વધારે સુખ વધે, તેથી ત્યાં સદ્‌ગુરુ પાસે જાય અને સુખને લીધે ધ્યાન થાય. જેમ બૈરીનું ધ્યાન કરતા નથી પણ એની મેળે જ થાય છે તેમ ગુરુને સુખે કરીને ધ્યાન થાય એટલે ગુરુ માન્યા, એટલે નિશ્ચય થયો. આશ્રય થયો ત્રિવીધી તાપ ટળે ત્યારે સ્ત્રી ગુરુ મટીને સદ્‌ગુરુ થયા. તેથી ભગવાનનું ધ્યાન કરે એટલે સુખ આવે જે એ સુખથી બીજું શું અધિકું હોય! ભક્ત ચિંતામણીમાં છે જે, એવી શી વસ્તુ છે આ ભોમ રે, જેણે લોભે જે લોભ્યા પ્રભુમાં રે -

ગુણાતીતાનંદ સ્વામીની વાતુમાં છે જે અક્ષરધામમાંથી મચ્છરીયું મુતરે એટલું સુખ નાખ્યું તેથી દેવ, દૈત્ય, પશુ, પ્રાણી, મનુષ્ય માત્રે સુખ ભોગવ્યું તો હજી ધરાયા નથી તો આખી સુખરૂપ મુર્તિનું ધ્યાન થવા લાગ્યું તો એની શી વાત કેવી? માટે સ્ત્રી મુકી દીધી એમ કરતાં બધે દુઃખ દેખાય એટલે જ્ઞાન થયું. એટલે ભગવાનમાં વૃત્તિ ચોંટે-પરાણે દુઃખે કરીને-જેમ તાવને દુઃખે કરીને કડવાં ઓસડ પીવે-તેમ આ તો કડવું નથી. ગળ્યું છે તો જીવ કેમ મૂકે? માટે સહેજે વૃત્તિ ચોંટે સચ્ચિદાનંદ પ્રકાશ થશે ત્યારે

મુર્તિ નહિ દેખાય ત્યારે લાય થશે જે ફલાણો માણસ અહીં છે અને ના દેખાય ત્યારે રીસ ચઢે એમ થાય, ધાર ધાર કરેને કાયર થા થા થાય. જેમ સૂર્ય છે તેમના પ્રકાશે મુર્તિ છે. રથ છે ઘોડા છે. ઋષિઓ છે તો પણ દેખાતું નથી. તેનું કારણ એ છે જે પ્રકાશ બહુ છે અને બ્રહ્મ આગળતો સૂર્યનો ગોળો છે તે ચોસલા જેવો છે અને બ્રહ્મના પ્રકાશ આગળ તો સૂર્યનો ગોળો કાળો દેખાય એવું બ્રહ્મનું તેજ છે. તો પ્રકાશમાં મુર્તિ નહિ દેખાય એટલે લાય થશે અને જેમ જેમ નિર્મળ વૃત્તિ થશે તેમ તેમ મુર્તિ દેખાશે. બહાર મુર્તિ સામું જુવે તો બહુ દાખડો પડે નહિ. મહીં ગમે ત્યારે કહેતાં મહીં જોવાનું સારૂ લાગે ત્યારે જોવું.

જાડી વૃત્તિનો ભેદ-જે પ્રકાશમાં મુર્તિ દેખાય નહિ તે વૃત્તિ જાડી કહેવાય. અને તેથી પ્રકાશ ન દેખાય-તે જાડી વૃત્તિ કહેવાય. સામાના મનનું જણાય નહિ તે જાડી-ભીંત પાર્ય દેખાય નહિ-સામાના આત્માને દેખે નહિ-તે જાડી વૃત્તિ-એવા ભેદ ઘણા છે. જાડી વૃત્તિના ભેદ છે તે સારૂં કહેલું જે પાંચ પાંચ ખાસડાં ખાઈને સંતના સમાગમમાં પડી રહેવું તેથી સમજાય-અકળાય નહિ આવી મુંઝવણ આવે નહિ. વચનામૃત લોયા ૧૭/૫.

ભજન કરી ખાવાનો અભ્યાસ હોય તો સવાર પડી જાય માટે અભ્યાસ કરવો. વચનામૃત મધ્ય ૧૬ જે નિયમથી ઘણું કામ થાય છે. માટે નિયમ રાખવો. જેમ વિષયમાં દુઃખ છે અને વળી વધી જાય છે તેમ રજોગુણ તમોગુણના સંકલ્પ વિચાર વગરના-આળસ નિંદ્રાનું જોર વિચાર વગર વધી જાય છે તે માટે સત્ત્વગુણમાં વિચાર રાખવો અને રજોગુણ તમોગુણમાં પણ ભજન કરવું તથા રજોગુણમાં ખપ વગરના સંકલ્પ થવા દેવા નહિ. સંકલ્પ ના થવા દે તો બ્રહ્મનું સુખ આવે અને થવા દે તો સુખ ના આવે. ખપ જેટલું કામ કરવું તમોગુણમાં આળસ નિંદ્રા આવે તો કંઈક કામ કરવું નહિ તો વચનામૃત લોયા ૬/૧૪ પ્રમાણે ઉંચે સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણની નિર્લજ થઈને ધૂન લગાવવી. સત્ત્વગુણમાં તો અંતરવૃત્તિ કરવા શીખવું. એમ કરતાં અંતરવૃત્તિ રાખતાં આવરણ આવે પછી તેજ પ્રગટ થાય એટલે પ્રકાશ થાય એટલે ઈશ્વરદશા આવે. ત્રિકાળનું સુઝે અને જ્ઞાન થાય-નિર્મળ વૃત્તિ થાય ત્યારે બધે દેખાય. ભગવાન ભેળી બીજી વસ્તુઓ પણ દેખાય ત્યારે લાય થાય, સુખ ઉપર ભજન થાય, ત્યારે બધે દેખાય ત્યારે લાય થાય. પહેલાં જો ભજનનો ભોગી થશે તો લાય થશે. પહેલી લાય જગતમાં વિષય દેખીને લાય થઈ ગઈ ત્યારે ત્રિવિધિ તાપ મટ્યા કહેવાય.

પછી ઠંડક વ્યાપશે એટલે અગ્નિ બાળે નહિ, જળ બુડાડે નહિ, એવાં અંગ આવશે. ગુણ પર વૃત્તિ બુડીને ઘાટ સંકલ્પની લાય બુઝાય ત્યારે ઠંડકમાં વૃત્તિ રહે, ત્યારે નિર્મળ વૃત્તિ થઈ જાય. ત્યારે હજારો ગુણ-મારા તારા માન અપમાન એવી કેટલીક લાયો છે તે સર્વ દબાઈ જાય.

સંવત ૧૯૯૮ના ફાગણ વદ ૪ બુધવાર.

જ્ઞાનવાળો સુખી કે અંતરવૃત્તિવાળો સુખી? કહેતાં જ્ઞાનવાળો જ્ઞાને કરીને ખોટું કરે જે જગત મિથ્યા, વિષય ખોટા, ભગવાન સત્ય તે પ્રમાણે જ્ઞાની દુઃખી રહે નહિ. હવે અંતરવૃત્તિવાળો જ્યારે અંતર સામું જુએ ત્યારે અંતરના સુખથી બીજા પ્રકારનું દુઃખ સાંભરે નહિ અંતરવૃત્તિવાળાને ઉપલી ઉપાધિ તથા હર્ષ શોક વગેરે તરંગ કે ઠરાવ હોય નહિ.

ફેરની વાત વચનામૃત પ્રથમ ૨૭માં કહ્યું તે- આવી સમજણ હોય તો તેને સંપૂર્ણ થયું પણ સમજ્યામાં ફેર રહે છે. તે ફેર ક્યારે ટળી જાય - વગર ખપનો સંકલ્પ કરેજ નહિ- વિષય નો પ્રયોજન વગરનો સંકલ્પ કરેજ નહિ તો ફેર ટળી જાય. જેમ છોકરાં ફુંદડી ફરે છે તે ફેર ઉતરવાને માટે ઉભાં રહે છે - તે ઉભા રહેવાનું જે વગર ખપનો સંકલ્પ કરવો જ નહિ - માટે સંકલ્પ ઉભો રાખવો છે. વચનામૃત અંત્ય-૯ પ્રમાણે દરવાજે રહેવું.

વચનામૃતમાં છે જે પક્ષમાં રહેવું તે જે આપણા સત્સંગનો હોય અને બારણે નીકળીને ભુંડું બોલે, ઘસાતું બોલે તો તેને વિમુખ જાણવો. પણ જગત તો આપણે ભગવાન ભૂલી જઈએ છીએ તે સંભારી આપે છે-તે તો લીલા કહેવાય ભુંડું નહિ.

બધાની પરીક્ષા કરતાં શીખવું જે આનામાં આપણા કરતાં વધારે વસ્તુ છે માટે તે શીખી લેવી અને આપણામાં નથી તે સરવાળો રાખવો. શાસ્ત્ર વાંચતી વખતે વિચારવું. બધામાં તપાસ્યા કરવું અને નામું માંડવું જે મારૂં અંગ આટલું હતું જે આટલું ચડ્યું અને આટલું ઓછું થયું. તે સરવાળો દર વરસ દહાડાનો જડે. છ મહીનાનો જડે તથા મહીનાનો જડે તથા પંદર દિવસનો જડે તથા સાત દિવસનો જડે તથા દરરોજનો જડે. જેમ જેને વધારે સુખને અંતરવૃત્તિ અને વિચાર હોય તેમ તેને ખબર પડે માટે તપાસ્યા કરવું. વચનામૃતમાં કહ્યું જે દિન દિન પ્રત્યે સુખ શાંતિ પ્રકાશ અનુભવ અંગ

ઈત્યાદિક વધે છે. તે તો વધે ત્યારે એક દિવસનો સરવાળો જડે; માટે સરવાળો કાઢ્યા કરવો. આ કારણથી આ અટક્યું અને આ કારણથી ચાલ્યું તે કાયદા વાંચવા તેથી માલ પડે. વચનામૃત એ કાયદા આપણા છે.

ભગવાનની થોડી ઘણી શ્રદ્ધા જે ભક્તને બેઠી હોય કહેતાં પ્રતિતી હોય જે આ પરલોક અને આલોક વિષે સુખ કરે છે. અને તે ભગત છેટે જાય અને ફરી ભગવાન સામું આવવું ભૂલી જાય તો તે ભગતને દુઃખ કે રોગ થાય ત્યારે સારૂં, કારણ કે દુઃખે કરીને ભગવાન તરફ વૃત્તિ રહે કહેતાં તે ઠેકાણે સુખ મળ્યું તેથી તે તરફ વૃત્તિ જાય. છેટે જ્યારે દુઃખ પડે ત્યારે સુખ આગળ વૃત્તિ જાય. ત્યારે ભગવાન વગર કોઈ વસ્તુ વહાલી નથી. ત્યારે તે ભક્તને દુઃખે કરીને ભગવાન સામી વૃત્તિ રહે, તેણે કરીને મુર્તિ સાંભળે.

સ્પર્શનો ભોગ મુકીને કોઈએ નિંદ્રા છોડી નથી અને જો કોઈએ એમ કહ્યું હોય જે અલ્યા તને પરમદિવસે સૂળીએ ચઢાવવાનો છે તો તેને ઉંઘ આવે નહિ-તો તે પ્રમાણે આપણને મોક્ષનો ખપ જ નથી એમ થયું-તો આ મનુષ્યનું દેહ મહામોંઘું છે. અરે અજ્ઞાની હોય તે મોઘું કહે છે. કહેતાં મોઘું પણ મળે ખરું એમ થયું પણ જ્ઞાની હોય તે અમૂલ્ય કહે છે-જે તેનું મૂલ્ય જ નથી માટે ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં લખ્યું છે જે આવો તાલ ફરી નહિ આવે માટે 'અર્થ' સાધ્યામિ કે દેહ પાત્યામિ.

માટે મોટા પુરુષને જેવા સમજો તેવા થવાય. તે મોટા પુરુષને બાળક જેવા સમજ્યા હોય તો બાળક જેમ છાંદો પાડે છે તેમ ગુણ આવે. ખાવા બેસીએ ત્યારે આપણે ધારીએ જે આટલું ખવાશે પછી ખાવા માંડીએ તો વધી પડે અને છાંદો પડે તો જાણવું જે બાળક જેવા સ્વભાવ આવવા માંડ્યા, માટે મોટા પુરુષને જેમ સમજે તેમ થવાય.

આત્મભાવ જુદો, સમાધિ જુદી અને પ્રવેશ પણ જુદો. આત્મરૂપ જુદુ-કુદમકુદા કરે અને બોલે જે સહજાનંદ પુરુષોત્તમ તે પ્રવેશ અને સમાધિમાં તો અંતરવૃત્તિમાં ઉતરી જાય અને દેહનું ભાન રહે નહિ અને શૂન્યપણે રહે.

આત્મભાવ તો છક જે થાય છે તે આત્મભાવ-ઝવેરબા-જીજીભાઈ ઈત્યાદિ.

સિદ્ધિઓ જુદી અને આવરણ જુદુ- કોઈ ખપ ના હોય તો પણ તે અંતરમાં

વૃત્તિ ન કરે, મન પોતાના હાથમાં તો પણ અંતરવૃત્તિ ના કરે. ખપ વગરના બીજા ઘાટ ઘડયા કરે પણ અંતર સામું જુવે નહિ તો આવરણ આવ્યું કહેવાય.

મુર્તિધારે પણ કંઈક પોતાની ઈચ્છા હોય તે દેખાય અને વૃત્તિ મુર્તિમાંથી તુટે તે સિદ્ધિમાં લોભાયો ગણાય.

આત્મા દેખાય અને મુર્તિને મેલીને જુવે તો તે સિદ્ધિઓમાં પડ્યો ગણાય. સિદ્ધિઓ-સ્વતંત્ર જુદી અને પરતંત્ર જુદી. મુર્તિ વગર કંઈપણ ઇચ્છા નહિ તે જ સારૂં છે. પ્રભુપણું લેવાની ઇચ્છાએ પણ સારૂં નહિ-પાપ જેસી પ્રભુતાઈ.

કંઈ નુકશાન થાય કે સુધરે કહેતાં હરખ ને શોક થાય. તે નુકશાન કોઈ કહે ને સાંભળતાં ધ્રાસકો પડે તો તે દેહાભિમાન છે. પોતાનું નુકશાન કે કંઈ લાભ હોય તે તરત જ્ઞાને કરીને સમાવી દે તો તે જ્ઞાની કહેવાય. વિજ્ઞાની નહિ - થવાનું, થશે અને થાય છે અને થયું ને ત્રણે કાળનું સૂઝે તો તે વિજ્ઞાની કહેવાય. કોઈ આપણા ઉપર નુકશાન કરે તો તેની ઉપર એમ વિચાર ના કરવો જે ફલાણે મને કર્યું. ભગવાન કર્મ ફળદાતા છે- મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય-એ દ્વારે સુખ કે દુઃખ આપવાનું ભગવાને મેલ્યું હોય તો કોણ જાણે છે?

વૈશાખ સુદ ૯ ગુરુવાર તા. ૨૭-૪-૧૯૧૨

ચેષ્ટામાં કહ્યું છે જે કોઈ થાળ લાવે - હાર લાવે પુષ્પ વગેરે લાવે તો હરિ રીસાવે-તે શું તો જે માણસ લાવે અને તે ના ગ્રહણ કરે તો તે જાણવું જે સકામ કહેતાં કંઈ ઇચ્છાથી લાવે છે તેથી રીસ આવે છે. અને પ્રેમથી પ્રસન્નતા માટે લાવે છે તો તે ભાવે કરીને ખાય ઓઢે પહેરે ઈત્યાદિ-કારણ કે -વાલો મારો પ્રેમનો છે ભૂખ્યો રે- પ્રેમથી લાવે તેનું જ ગ્રહણ કરે અને સકામનું ગ્રહણ કરે નહિ. શ્રીજી મહારાજના વખતમાં કોઈ બાઈએ મહારાજને દોરો કરાવવાનો હશે તે સોનીના વિશ્વાસથી સોનું આપ્યું. તે સોનીએ તેમાંથી રૂપિયા દોઢનું સોનું કાઢી લીધું અને પછી મહારાજ માટે થાળ કર્યો તે મહારાજે કહ્યું જે મારૂં મને શું જમાડો છો? તે ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં છે.

## કાચો સાંખ્ય અને પાકા સાંખ્યની વાત

કાચો સાંખ્ય જે વિષયનો જોગ થાય તો સંકલ્પ થાય અને હરતાં ફરતાં બીજામાં મોહ થાય અને પાકો સાંખ્ય તો કયો જે કંઈ પણ સંકલ્પ થાય નહિ ગમે તેમ

જોગ થયો હોય તો પણ શાથી જે વિચાર દૃઢ થઈ ગયો હોય જે કંદોઈના દૃષ્ટાંતે જે ખાંડનો રસ હોય અને તેનાં પતાસાં પાડે તેમાં કોઈ નાનું, કોઈ ગોળ કોઈ લાંબુ કોઈ ખરબચડું, કોઈ પોલું, કોઈ નકુર કોઈ ત્રણ ખુણીઆળું, કોઈ પાતળું, કોઈ જાડુ, કોઈ મોટું, કોઈ નાનુ એવા અનેક ભેદ હોય તેમ આ પંચભૂતનો રસ તેનું કોઈ જાડી, કોઈ પાતળી, કોઈ મોટી, કોઈ કુબડી, કોઈ રૂપાળી, કોઈ કાંણી એવી રીતે ઘણા ભેદ સ્ત્રીઓમાં હોય-તેમાં મન ફરે જ નહિ અને પંચભૂતનો લોચો લાંબો ટુંકો છે તેમાં શુ મોહ થાય? એવો વિચાર હોય તો કોઈ દિવસ વિકાર તો થાય જ નહિ.

## સિદ્ધિઓ

કોઈને કંઈ કહેતાં પોલ રાખવી અને કહેવું જે આમ તને થશે પણ પછી ભગવાનની ઇચ્છા હશે તેમ થશે. હરિને માથે નાંખવું કહેતાં મેં તને કહ્યું હતું તે સત્ય થયું કે નહિ એમ પોતાને માથે શાબાશીપણું ના લેવું. અને જો પોતાને માથે લઈ લેતો કોઈ દિવસ એમ કરતાં કરતાં વચન સિદ્ધિ સત્ય થાય જે મનમાં આપણે એમ જાણીએ જે હવે સત્ય થાય છે એ મન પાકુ થઈને કોઈ દિવસ પાડે, કહેતાં સંકલ્પ સત્ય થાય નહિ તે પછી માન અપમાન આવ્યા કરે અને પછી ભગવાન ઉપર નાંખે જે આટલા દિવસ મેં કહ્યું તેમ થયું અને હવે છેલ્લી વખતે કેમ છેતરાવ્યો ? એ બધું ભગવાનને કરવું છે એમ જાણી પછી ભગવાનને વઢવાનું થાય માટે કોઇને કહેતી વખતે એમાં પોલ રાખવી અને ભગવાનને માથે નાંખવું જે ભગવાન કરે તે ખરૂં.

વૈશાખ વદ - ૧૯૬૮

જેટલું ખોટું છે એટલું માનવું છે. જેટલું વિષયનું સુખ મૂક્યું એટલો મુક્ત. એક પ્રભુ વિના બીજામાં સુખ મનાયું તો ખર્યો. સાંખ્ય અને યોગનો સાર એ છે જે ભગવાનમાં જ બધું છે. મેલ મનનો કાઢવાનો છે જે હાથ નથી ને જણાતું નથી. કાળું ધોળું પીળું તે કાઢવાનું છે માન એજ કાઢવાનું છે.

હું તો જોઈ જોઈ જીવું રે એવી ટેવ પડી, તે શું તો જેમ લોભી પૈસાને જોઈ જોઈને જીવે તેમ આપણે ભગવાનને જોઈને જીવવાનું રહ્યું.

જેમ તળાવમાં કંઈક વસ્તુ પછાડીએ અને જેમ કુડું પડે છે તેમ હૃદયરૂપી તળાવમાં સુખ શાંતિરૂપી પાણીનું કુડું પડે ત્યારે જઠરાગ્નિ ધીમો પડે એટલે ભૂખ લાગે

નહિ. પહેલું અંતઃકરણમાં આવે અને પછી ઇન્દ્રિયોમાં આવે.

૧૯૬૮ વૈશાખ વદ ૩ શનિવાર.

ચોરને તથા કીડીઓને તથા ગાડીવાળાને ક્યાં ઉંઘ છે! તો જ્ઞાનવાળાને કેમ ઉંઘ હોય? સંતનાં લક્ષણ - જીતી છે નિદ્રા જેમણે અને જીત્યો છે આહાર વિહાર તે જેમણે - ક્રોધ, ઉંઘ, માન, અપમાન ના આવે ત્યારે સંતનાં લક્ષણ-માટે ઉંઘ જ્ઞાનવાળાને હોય જ નહિ.

નિશ્ચય ક્યાં છે! હજી તો સુખ કરીને બાઝી રહ્યા છે. (કરાલીવાળા નાથાભાઈનું પ્રશ્ન જે પંચવર્તમાન પળે એવી આશિષ દેજો ત્યારે ઉત્તર કર્યો જે) જેમ જેમ ભગવાનનું સુખ આવશે તેમ તેમ વિષયનું ઓછું થાતું જાશે. પ્રાગજી મહારાજ કહેતા જે એકપાસનો ખીલો ઠોકીએ તો બીજી પાસનો ખીલો નીકળે માટે સુખ આવે ત્યારે પંચ વિષય ઓછા થવા માંડશે.

વૈશાખ વદ ૯ ની સાંજ.

"માવજી મુજ પર અઢકળ ઢળ્યા, માહ્યરૂં મંદિર ધામ કીધું." તે મંદિર થયાનું લક્ષણ જે હું ક્યા ધામમાં જઈશ અને હું પાપી છું કે અધર્મી છું, કે હું ક્યાં છું, વગેરે તેની કંઈ ખબર રહે નહિ. જેમ ઉંઘે કરીને કંઇ ખબર પડતી નથી તેમ ભગવાનના સુખે કરીને કંઇ ખબર પડે નહિ. દબઈ જાય તે મંદિરનું લક્ષણ છે. 'સુખતણા સિંધુ સેજે મળ્યા શામળો' એટલે પ્રગટ ભગવાન મળે તેને કંઈ પણ સાધન કરવાનું નથી. અને પ્રગટ ના મળે તેને સાધન કરવાનું છે અને મળે તેને તો પગાર લેવાનો થયો.

જેટલું દેખાય છે તેટલું માને તો બસ છે કહેતાં જેટલું પૃથ્વીરૂપ દેખાય એટલું જ ખોટું માનવું. જેટલું ધુળમાંથી થાય છે તેટલું જ ખોટું માનવું, એટલું માનવાથી ચોખ્ખુ થાય એટલે સ્થિર થાય. ત્યારે પૃથ્વીતત્વ પ્રધાનવૃત્તિ થાય. "જે સંગે નેહ કરો તેને નવ વીસરો" જે સંગે તમે પ્રીતિ કરો છો તેને વીસરતા નથી કહેતાં કઈ પ્રકારે એને સુખ થશે, જે દેહે મને ઇન્દ્રિઓમાં તેવા ઉપાયમાં રહો છો "આજ અમૃત તણા મેહુલા વરસીઆ, ભવ તણી ભાવટ આજ ભાગી" એટલે જ્યારે અમૃતનો વરસાદ થાય છે ત્યારે ભવની ભાવટ ભાગે છે. આવા સમામાં જેવો તેવો જીવ આવી શકે જ નહિ. મુમુક્ષુ-તેમનાથી આવી શકાય. "આજ મુક્તાનંદ અધિક સુખ ઉપન્યુ" વિષયનું જે છે તે સુખ-અને ભગવાનનું છે તે મહાસુખ છે. તે મહાસુખ આવે તો નુન્ય સુખ વિષયનં

ખોટું સુખ થાય. જ્યારે ભગવાન અંતરમાં રહે ત્યારે કંઈ કરવાનું ના રહે. ધ્યાન કરવું. ભજન કરવું. ત્યાં લગી દુઃખનો અંત આવતો જ નથી. એની મેળે જ્યારે થાય ત્યારે દુઃખ ન થાય. જેમ તરસ્યાને તરસ પીડે છે ત્યારે પાણી તરફ જાય છે તેમ ભગતને ત્રિવિધિ તાપનું દુઃખ થાય ત્યારે ભગવાન તરફ જાય છે. ત્યારે ભગવાન વરે છે.

''રસિયાજી તમ સંગ રંગ લાગ્યો ખરો.'' જેને રંગ લાગ્યો હોય તેને કંઈ માન અપમાન અડે જ નહિ, 'ગમે નહિ જગતનો ગંધ મુજને'–ભગવાનનો રંગ લાગે ત્યારે જગતનો ગંધ ગમે જ નહિ અને જગતમાં જાય ત્યારે અંતર ધીખી ઉઠે અને અંતરવૃત્તિ કરે ત્યારે અંતરમાં શાન્તિ પડે અને બહારવૃત્તિ થાય ત્યારે બળી ઉઠે ત્યારે રંગ થયો ''આજ મુક્તાનંદ આડ સર્વે ટળી.'' ભગવાનના સુખ વીના આડ ટળેજ નહિ. ''માહ્યરૂ ભાગ્ય અતીશે જ અદકું થયું, તન તણા તાપ સંતાપ સર્વે ટળ્યા.'' અધીકું ભાગ્ય જે પ્રથમ ૭૦ પ્રમાણે કોટી કોટી વીંછીનું દુઃખ મુને થાઓ પણ મારા ભક્તને થાય જ નહિ, તે તનના તાપ ટળ્યા, તેમ ભગવાને આપણું માગી લીધું. માટે અદકુ ભાગ્ય થયું. મટાડ્યું દુઃખ મટે નહિ ત્યારે તાપ અને મટાડ્યા મટે તો સંતાપ; તાપ જીવના, સંતાપ દેહના; તાપ સવિકલ્પમાં ટળે, અને સંતાપ નિરવિકલ્પમાં ટળે.

ઉંધું ઘાલવાનું જ ક્યાં છે? જેટલું ખોટું છે એટલું જ માનવાનું છે. ખોટું માને તો બહુ છે, એટલે બધે નજર કરે તો બધું ધૂળનું દેખાય એટલે ભગવાન એકલા દેખાય. એટલે સંકલ્પ ક્યાં થાય? અને કોઈ પ્રકારનું મન થાય જ નહિ અને ઉપડે જ નહિ, બધું ખોટું દેખે એટલે એની મેળે ભગવાન એકલા દેખાય. સત્વગુણ વર્તે ત્યારે પાછી માંહી વૃત્તિ ચોંટે અને સુખ વરતે ત્યારે ધ્યાન કરાય અને સંકલ્પ થાય ત્યારે કથા કીર્તન કરવાનું. રજોગુણમાં ધ્યાન કરે તો નાસ્તિકના ઘાટ થાય. મુક્તની શિક્ષાપત્રી કલમ ૯ પ્રમાણે.

''તરત ત્રિલોકીમાંથી તોડી રે'' એટલે સ્થુળ સુક્ષ્મ અને કારણ એ ત્રણ લોક છે. દેવતાના લોક નહિ. જાગવું ગમે નહિ, ઉંઘવું ગમે નહિ અને ભજન ગમે નહિ ત્યારે ત્રિલોકી તુટી, એટલે સુખ આવે.

## ઓલાયાના પ્રકાર

અધિક સુખ મળે તો વિષયરૂપી એ ઓલાય કહેતાં વૃત્તિ ડોળાઈ જાય ત્યારે જ્ઞાને કરીને સમજાય અને ઝબકારો ઓલાય તે તો જુદુ છે. જીવ, ઈન્દ્રિઓ, અંતઃકરણ, દેહમાં આનંદ તેની વિગતિ – અંતઃકરણમાં આનંદ તે ઘાટ કરીએ અને

બેસી જાય. ઇન્દ્રિઓમાં આનંદ મહીં વૃત્તિ કરીએને પડી જાય-ડુબરેલ ઢોરનું દૃષ્ટાંત વચનામૃત મધ્ય ૧૩ અને દેહનો આનંદ કંઈ શરીર દુઃખે નહિ-ધ્યાન ભજન કરે ત્યારે - તે છે. જેટલું ગ્લાનિ પામી જાય છે તેટલું માંહી ઉંડું સુખ છે. આ ઉપર કહ્યો તે મહિનો આનંદ અને બહારનો આનંદ તો કથા વાર્તા કીર્તન કરે તો આનંદ થાય અને રૂવાડાં ઉભાં થાય.

'મારે જોગ સમાધિ રે ધ્યાન દર્શન તારૂં રે' - તે સમાધિ ધ્યાન દર્શન અને જોગ તે આ સ્વતંત્ર છે તે. બીજું નહિ-આ દેખાય છે તે હિંચકે.

હજુ તો ત્રિવિધિ તાપે કરીને ઠંડક મળે એટલે ઠરી જવાય છે. અને જ્યારે ઘેર જાય અને તાપ ના થાય ત્યારે પ્રશ્ન પુછવાનું છે. હજુ તો ધ્યાન કરવાનો અધિકાર નથી. હમણાં તો સામું જોઈને વાતો કરે અથવા ના કરે અને સામું જોઈ રહે એટલે રાત્રે આંખો બળે નહિ તેનો હમણાં અધિકાર છે. પછી રૂંવાડે રૂંવાડે સ્વામિનારાયણ થાય. અને જોઈએ પછી સ્વામિનારાયણ કરવાનું ગમે નહિ અને પછી ધ્યાન કરવાનું થાય. વૃત્તિ રાખ્યાનું ફળ વૃત્તિ રહે તે. વૃત્તિ રહે તેનું રૂડું કર્મ થયું અને હવે રૂડું કર્મ થયું તે મનના ઈશક ઉપર ગયું. જેવી ઇચ્છા તેવું થાય. પ્રથમ ૨૩માં પરઠાઈ જવાય ત્યાં સુધી વિઘ્ન છે. આમ શું કરવાને કરતા હશે એમ દોષ પરઠાઈ જવાય. સારંગપુર ૨માં એકાગ્ર વૃત્તિ કહી છે તેવી એક વૃત્તિ થાય ત્યારે ૨૦-૫૦-૨૦૦ ગાઉ ઉપર સુઝે, બધે સુઝે તો કંઈ ફસાઈ જવાય નહિ કારણ કે નજરમાં બીજું આવે જ નહિ, કોઈ બજારમાં સાલ ખરીદવા જાય અને ચાદર બતાવે તો નજરમાં આવે જ નહિ. ભગવાનને ઇચ્છે અને ધૂળનું બતાવે તો નજરમાં આવે જ નહિ. ગઢડા મધ્ય ૮ વચનામૃત મુજબ યજ્ઞ કરે તો પુરૂષાર્થની સિદ્ધિ થાશે. વૃત્તિ ભગવાનમાં રહે તે પુરૂષાર્થની સિદ્ધિ. હવે જે આત્મામાં પરમાત્મા દેખાય છે તે વિશ્વાસની સારૂં છે મોટી મોટી વાતો કોઈ માને નહિ.

ક્યારે આત્મા પરમાત્મા દેખાય? તો નિરન્નમુક્ત થયા પછી દેખાય તે સાચું, ને લક્ષ રહેતો બે મહીને એક થઈ જાય અને નિરન્નમુક્તને તો વૃત્તિ રહે જ. ભગવાનને મારગે ક્યો પામ્યો તો - જેમ જેમ ઘરબારના ઘાટ ઓછા થતા જાય તેમ તે માર્ગે પામ્યો કહેવાય અને ના ઓછા થયા તો ભગવાનને માર્ગે ભૂલો પડ્યો. ત્યાં દૃષ્ટાંત છે જે ગઢડાને માર્ગે પોતાના ગામથી જાતાં તે પોતાના ગામની આગળ જાય તેમ તેમ તે ગામના ઘાટ મટી જાય તેમ હવે વચ્ચે ઘાંચ જે શાન્તિ થઈ જાય તે આવવાની અને પરમાત્મા બ્રહ્મનાં દર્શન થયા પછી ઘાંચ લાગે નહિ. વિષયની અનાશક્તિ મોળી પડી

જાય તે તો ભજનની ઠંડકે પીડે નહિ.

ભગવાનને 'સારૂ કરજો' એમ કહેવાય નહિ, કેમજે 'ખોટું કરે છે પણ ખરા' એમ થયું. અને જો કહેવું તો શાસ્ત્ર પ્રમાણે કહેવું જે કામ ક્રોધ લોભથી રક્ષા કરજો ઇત્યાદિ.

સરવાળો કાઢતા રહેવું, તે કનિષ્ટને વરસ દહાડે અને મધ્યમને તો મહિને અને ઉત્તમને તો દરરોજ જડે.

સંવત ૧૯૬૮ના વૈશાખ વદ ૯ શુક્રવાર દેવાણે

સરવાળો તે ખોટનો અને લાભનો કાઢવો કહેતાં આ કરવું અને આ ના કરવું વચનામૃત લોયા ૯/૬માં કહ્યું છે જે વચ્ચે બોલે તો ૨૫ માળા ફેરવવી તેમાં ૨૭૦૦ નામ લે એટલી ખોટ આવ્યા કરે માટે ખપ જેટલું બોલવું તથા મુક્તની શિક્ષાપત્રી કલમ ૨૨માં છે જે આવી રીતે જો શરત ના રાખે તો એટલી ખોટ ફેરે ફેરે આવે અને પછી કહે જે આટલું આટલું કર્યું પણ કંઈ આગળ ચલાતું નથી માટે આ કરવું અને આ ના કરવું તે યાદ રાખવું. હવે વચ્ચે શાથી બોલાઈ જવાય છે જે જેમ આપણે કરીએ તેમ ભગવાન સાંખી રહે એટલે ગળી જાય એટલે ભક્ત પાછા પી જાય એટલે ભાર રહે નહિ તેથી બોલાય-પી ગયા નહિ એક મહુધાના દેવશંકર-હવે પી ગયા છે એ ફાયદો છે. કોઈ નિશ્ચય કાઢી શકે નહિ. પણ ભાર રાખવો-દૃષ્ટાંત જે જગતમાં બૈરી અને પુરુષ એકલાં હોય, તો લાજ ન કાઢે અને કોક હોય તો કાઢે. તે કોક હોય તો ભાર રાખવો. પહેલું કરે અને પછી ના માને તો દંડ દેવડાવે. દેવાણની વાતની પેઠે 'ડાબે પડખે રે જીવ દબાવે દાંત તળે.' એમ ચેષ્ટામાં છે. ડાબે પડખે માયા રહી છે તે બોલે, માટે દબાઈ રાખવી.

સંવત ૧૯૬૮ના વૈશાખ વદ ૧૦ શનીવાર.

ન ખપનું બોલવું નહિ બધા સ્વભાવ હશે તો ચાલશે પણ ન ખપનો બોલવાનો સ્વભાવ નહિ ચાલે. "વિચારે રે વિચારે, વિચારીને બોલે, હરિકેમ ભૂલે રે વીર વિચારે" માટે સ્વભાવ બોલવાનો ખપ જેટલું રાખવો હોય તો વિચાર રાખવો. જે જગતનો ગુણ લેવો-ચોરે ચૌટે સ્વભાવ રાખે અને ઘરમાં પેસે એટલે સ્વભાવ મુકી દે. ના બોલવાનું બોલે તે. રજોગુણને જોગે કરીને શુદ્ધબુધ લઈ લીધી તો તેનું શું કરવું તો ડાબે પડખે જીભ દબાઈ રાખવી. કારણ કે માયા ઉપડે છે.

વિષયમાં અનાશક્તિ થઈને શૂન્ય ભાવ થશે, તે ભગવાન ન જોઈએ અને વિષય ન જોઈએ તેમ થઈ જશે. પછી જે વળગશે તે પરમાર્થ સારૂં વળગશે અને ત્યાં સુધી તો બધા સ્વાર્થ સારૂં ભગવાનને વળગ્યા છે.

## જ્ઞાન વિજ્ઞાનનું જ્ઞાન

જ્ઞાન તે જાણવું તે. એ વિજ્ઞાન જે અનુભવ અને અનુભવ થઈને જે સમજાય તે વિજ્ઞાનનું જ્ઞાન.

ભગવાનની મુર્તિ વિના બીજું ઇચ્છવું નહિ. નહિ તો ભક્તિના બદલામાં ઈચ્છેલું ફળ ભગવાન આપે. તમે હજારો વસ્તુ ઇચ્છશો તો તેમાં કોઈક વસ્તુ રહી જશે. માટે ભગવાન વગર ઇચ્છવું નહિં.

## મટકા રહીત રહેવું એ બ્રહ્મની સ્થિતિ

૧૯૬૮ના જેઠ સુદ ૬ રવિવાર

**૨૪ કલાક સુખ વર્તે એવો ચાલતો ઉપાય.**

સત્વગુણમાં મુર્તિ સામું જોઈ રહે તો આનંદ આવે. રજોગુણમાં જીવમાં ભજન ઉપાડે તો આનંદ આવે. તમોગુણમાં કથા કીર્તન મોટેથી કરવાથી કહેતાં બોલીને ઉંચે સ્વરે કરવાથી તે શબ્દ કાનમાં ઉતરીને આનંદ કરે અથવા સ્થિર બેસી રહે તે બહાર બોલે તે સંભળાય અને ઉંઘ આવે નહિ ને જીણું જીણું સુખ વર્ત્યા કરે.

મૂઢપણું, પ્રીતિ ને સમજણ એ ત્રણ અંગ જોઈએ. વચનામૃત પ્રથમ ૩૩ તમો ગુણમાં મૂઢપણું હોય તો વળગી રહે. રજોગુણમાં સમજણ જોઈએ અને સત્વગુણમાં સમભાવ વર્તે ત્યારે પ્રીતિ હોય તો મુર્તિમાં વળગી રહેવાય.

ભાદરણના ધુળાભાઈએ પૂછ્યું જે દુકાન કરવી કે નહિ? ત્યારે મહારાજે વિસ્તારીને વાત કરી જે 'જેમ કોઈને ચાર છોકરા હોય તેમાં તેમને ભણાવવા સારૂં ઘણું ખર્ચ કરે ને પુરૂં ભણે તો ઠીક, નહિ તો ચારેય મરી જાય અગર ન બન્યું તો એનું ખર્ચ કરેલું પાણીમાં ગયું તેમ ભગવાનને ભજતાં ભજતાં ઠેઠ ભગવાન મળે ત્યાં સુધી ભજાય તો તો સુખ થાય. નહિ તો વચ્ચે કયાંક અચક્યો અથવા વિઘ્ન આવે તો પાછો પડી જાય માટે ઉત્તર જે આ રસ્તો પાર પડ્યો ત્યારે ખરો.

થોડો રજોગુણ હોય તો સ્થિર વૃત્તિ કરી ભગવાન સામું જોઈ રહેવાથી તે જતો રહે. અને ઝાઝો હોય તો બહારથી અંદર સુખ નાંખીએ ત્યારે સુખ વર્તે. ભગવાન સંબંધી સુખ ભોગવવું. જેમ આપણે ખાવું હોય ત્યારે ખાઈએ છીએ અને પાણી પીવું

હોય ત્યારે પાણી પીએ છીએ તેમ ભગવાન સંબંધી સુખ હાથમાં આવશે ત્યારે લેવું હશે ત્યારે લેવાશે. જયારે જયારે સુખ જોઈએ ત્યારે ત્યારે આવે તો જે મનોરથો કરીએ તે સત્ય થાય. એક ભગવાન વગર બીજી ઈચ્છા રહેશે તો ઘાંચ આવશે. અને એક ભગવાનની મુર્તિ વીના બીજી ઇચ્છા નહિ હોય તેને એકેય ઘાંચ આવશે નહિ.

૧૯૬૮ના પુરુષોત્તમ માસ અષાઢ સુદ ૨ સોમવાર, તા. ૧૭-૬-૧૯૧૨

આ દિવસે આણંદના પુરુષોત્તમ જેભઈએ દુઃખ મટાડવાની સ્તુતિ કરી તેનો ઉત્તર-તનના દુઃખની નહિ-મનનાની કરી હતી.

સુખ વધે એટલે દુઃખ જણાય. જેમ ભીખારી કાચું પાકું ખાઈને રહ્યો હોય ને શેઠને ત્યાં પછી દાળ ભાત શાક રોટલી ખાય અને પછી એ જ અભ્યાસ થાય. ત્યાર કેડે જો રાયણાં બોરાં કોઠાં ખાય તો પેટમાં દુઃખે કહેતાં ચુંકાય, કારણ કે સુખ વધારે મળ્યું અને શેઠને અરજી કરે તો રોટલી બંધ કરે અને ધીરે ધીરે કાચું પાકું ચાલે એટલે રાંયણો પચે તેમ ભગવાન સુખ લઈ લે એટલે પછી દુઃખમાં દુઃખ જણાય નહિ સુખ વર્તે ને જો દુઃખ થાય તો જણાય; પણ દુઃખમાં દુઃખ જણાય નહિ. માટે દુઃખની સ્તુતિ કરવી નહિ. ભગવાનના ભક્તને કાળ કર્મ માયા દુઃખ દેતા નથી. ભગવાન પોતે જ દે છે. સૂળીનું દૃષ્ટાંત જે સૂળીએ ચઢાવ્યો હોય અને ભગવાન તળે જ થઈને જતા હોય તો પણ મનમાં સંકલ્પ ના કરે જે ભગવાન મને છોડાવે-છેલ્લાનું વચનામૃત ૨૮/૪. હજુ દુઃખ કયાં છે! જેમ સુખ વધારે આવશે તેમ કપાળમાં બળબળતો ડાંમ દે એવું વસમું લાગશે. તે વચનામૃત પ્રથમ ૪૪ મુજબ.

સંવત ૧૯૬૮ના અધિક અષાઢ સુદ ૧૪ શુક્રવાર તા. ૨૮-૬-૧૯૧૨

મહારાજશ્રીએ નરસિંહભાઈને કહ્યું કે ક્રોધ કરવો નહિ. કહેતાં સામાસામી હોંકારમ હોકારા કરતા નહિ. કહેતાં ક્રોધ કાઢવો નહિ. કારણકે સવિકલ્પમાં જેમ હતું તે ઠીક હતું. પણ નિરવિકલ્પમાં અંતર ઉનું થઈ જાય અને સુખ જતું રહે માટે હોંકારેથી બોલવું નહિ. ધીમેથી કહેવું. બધાને સમજવાનું છે.

સવંત ૧૯૬૮ ના અધિક અષાઢ વદ ૨. તા. ૧-૭-૧૯૧૨

અખંડ ભગવાન સાંભરે એટલે થઈ રહ્યું. છો પ્રકાર થશે તોય ભગવાન સંભારવાના છે અને જેટલું વધારે થશે એટલી ઉપાધિ છે. પણ જેમ વધારે થાય એટલા

બીજા સુખીયા થાય. જેમ દીવાનને મહીને પંદર હજાર રૂપીયા આવતા હોય તો પાછળ બીજા કેટલાકનું પોષણ થાય તેમ પાછળ બીજા સુખીઆ થાય. પરંતુ વૃત્તિમાં ભાગ પડે તેટલું નુકસાન વચનામૃત પ્રથમ ૨૫/૨, વીસ કોશનું દૃષ્ટાંત.

અધિક અષાઢ વદ ૬. તા. ૫-૭-૧૯૧૨

ધુળનું બધું થાય છે એવો વિચાર રાખે તો પછી ખોટું થાય કહેતાં જગત મિથ્યા. વિષય ખોટા અને ભગવાન સત્ય મનાય એટલે ભગવાન વિના બીજો કોઈ આકાર બંધાય નહિ. એટલે કશામાં વૃત્તિ ચોટે નહિ અગર અંતરમાં જુવે તો કંઈ આકાર બંધાય નહિ. ભગવાન વિના બીજો બંધાય જ નહિ.

ધુળનું માન્યું એટલે પૃથ્વી તત્વ પ્રધાનવૃત્તિ ભાસે વચનામૃત વરતાલ ૮ મુજબ એટલે પૃથ્વીતત્ત્વ થાય ત્યારે જેટલું પૃથ્વી આડુઆવરણ કરીને સુજાડવા દેતા નથી, તે જ્યાં જ્યાં પૃથ્વી હોય ત્યાં ત્યાં જોવામાં અંતરાય કરે નહિ ભીંતપાર બધે સુઝે.

સંવત ૧૯૬૮ના શ્રાવણ વદ ૨.

સ્ત્રી હૃદયમાંથી કાઢીને ભગવાન ઘાલવા તે બહુ કઠણ છે, અને હૃદયમાં સ્ત્રી ના હોયતો ભગવાન કઠણ નથી - જે એક ઘરમાં કચરો હોય અને બીજા ઘરમાં સાફ હોય તે બંનેમાં વાસ ઘાલવો હોય તો તેમાં ક્યું સહેલું પડે? તેમ છે. માટે સ્ત્રી જેના હૃદયમાં ના હોય તેને કઠણ ના પડે, તેમ ઇચ્છા હોય તેને પણ તેમ છે.

પ્રવૃત્તિમાં રહીને કામ કરે અને પછી નિવૃત્તિ પામે તો તેને કંઈ દાખડો કરવો પડે નહિ. સહેજે નિવૃત્તિ થાય અને નિવૃત્તિમાં રહીને પછી પ્રવૃત્તિ કરે તો તેમાં દાખડો પડે નહિ. કહેતાં સ્વતંત્ર થાય તેને કોઈ ઘાંચ નથી.

સંવત ૧૯૬૮ના શ્રાવણ વદ ૪

વચનામૃત કારીયાણી ૧/૩માં કહ્યું છે જે કીટ મટીને થાય ભમરી. તે કીટ રૂપી મુમુક્ષુ જનને ભમરીરૂપી ભગવાનને ચટકારૂપી વિષયનો નિષેધ તે ભગવાન કરે ત્યારે મુમુક્ષુને તે વાત ફાવે નહિ અને પાછો પડે, ભમરી જેમ ઈયળને ચટકો મારીને ગુંજાર કરે છે અને પછી તેની ઉપર ભમે, તેથી ઈયળને ભમરીનું ધ્યાન થાય જે આપણને ચટકો માર્યો અને ફરી મારશે તેવું ધ્યાન થાય અને તે ધ્યાનથી તે રૂપને ધીમે ધીમે પામે.

મણીલાલે પૂછ્યું જે થોડો સંગ ભગવાનનો થાય અને પછી દેહ મૂકી દે કહેતાં મરી જાય તેનું કેમ? ઉત્તર જે મરી જવાથી સુક્રિત વધે છે. બમણું અને ત્રણ ગણું.

સંવત ૧૯૬૮ ભાદરવા વદ ૧૧

ભગવાન વગર જેટલા સંકલ્પ થાય છે તેટલો ભક્ત મટીને કરે છે માટે ભગવાન વગર સંકલ્પ કરવા નહિ ભાદરણ રેલ્વે ગાડી લાવવા અને ધુળાભાઈને ભગવાન તરફ ગામને વાળવા-સંકલ્પ થએલો તે ઉપર વાત નીકળેલી.

## ધ્યાન-ધારણા-ઉપશમ અને સમાધિ

ધારણાની વાત તે મન જાય અને તાણી લાવે અને જાય અને દેહની ખબર પણ રહે. તેનું નામ ધારણા.

ધ્યાનમાં તો મન જાય નહિ અને ઝીણા ઘાટ થાય ખરા, પણ મન જાય નહિ અને જ્યાં સુધી ઉભું રાખવું હોય ત્યાં સુધી ઉભું રહે ખરૂ પણ જાય નહિ. વળી દેહની ખબર ના રહે પણ હું પાટીદાર છું અને આ ઠેકાણે બેઠો છું એવી ખબર રહે પણ સમુળગુ જાય નહિ.

ઉપશમ-જે દેહની ખબર ના રહે. હું ક્યાં બેઠો છું ક્યાં છું કોણ છું. સ્ત્રી પુરુષ વગેરે કંઈ ખબર ના રહે. અને સંકલ્પ પણ ના થાય. પણ સુષુપ્તિના જેવું મૂઢપણું ના આવે. એવી ખબર રહે કે ભજન કરૂં છું. ઉઠવું હોય તો ઉઠાય.

સમાધિ જે વચનામૃત મધ્ય ૧ માં છે જે સમાધિમાંથી નીકળાણું નહિ ભગવાનના સ્વરૂપમાં મનની વૃત્તિ ચોંટી ગઈ-દેહની ખબર પણ રહે નહિ. ભગવાનમાં વળગી રહેવાય.

સંવત ૧૯૬૮ આસો સુદ ૬

અનંત વર્ષ સુધી કંઈક આસ્થા હોય તો મુર્તિઓમાં ભજન થાય અને એવી રીતે અનંત વર્ષ સુધી કરે ત્યારે તે ભગતને ભગવાન સામું જોવાનું મળે, અને તેવું અનંત વર્ષ સુધી જોવાનું મળે ત્યારે ભગવાન તે ભક્ત સામું જુવે, અને એવું ભગવાન અનંતવાર સુધી જાુવે ત્યારે ભગવાન સાથે બેસવાનું મળે અને અનંત વર્ષ સુધી બેસવે કરીને ભગવાન જોડે બોલવાનું મળે ત્યારે તે ભગવાન સામું અનંત કોટી વર્ષ સુધી જોઈ રહે પણ તે સુખેથી ધરાય નહિ તે ભક્ત શાન્તિ પામે નહિ અને જોતાં જોતાં ને જો જો કરે પણ ધરાય નહિ, કહેતાં ધ્રાપે નહિ ત્યારે એને ભગવાન સાથે એટલે અક્ષરધામમાં

રહેવાય (તેમા જે બધાને ભક્ત બનાવું તે ઉપર નીકળેલી વાત)

સંવત ૧૯૬૮ આસો સુદ ૧૫

વચનામૃત પંચાળા ૧ માં છે જે કિંચિત સંબંધે દેવ, દૈત્ય મનુષ્યને સુખ મળ્યું છે. તે જેમ કોઈ માણસ રાજાને ફુલ આપે ત્યારે રાજા તે માણસને તેના બદલામાં ગામ આપે એવી રીતે કિંચિત સંબંધે તે રાજા તે ગામમાં આવે. કહેતાં જે ગામ ઈનામમાં આલ્યું હોય તે ગામમાં રાજા આવે ત્યારે તે માણસ રાજાને સીધું ના આલે ત્યારે તે માણસ કેટલો કૃતઘ્ની કહેવાય? તેમ ભગવાનને ભક્તને કંઈ આપવું હોય તો તે ભગવાન માગે ત્યારે કેમ આલે નહિ? અને ના આપે તો તે કૃતઘ્ની કહેવાય. આપવાના અનેક ભેદ માટે આ વાત સમજવી.

મહાત્મ્ય નથી. કસર માત્ર મહાત્મ્યની છે, તે સારૂ કલમ ૯૦ થી ૯૬ કરી હતી તે અંગવૃદ્ધિ તથા મહાત્મ્ય વધવાને માટે કરી હતી. પણ ફસકી જાય છે. નિશ્ચય છે અને મહાત્મ્ય નથી. જેમ પૈસાનો અને રૂપીયાનો નિશ્ચય છે, પણ મહાત્મ્ય નથી જે પેદા કેવી રીતે થાય છે તેથી ઉડી જાય છે. તેમ ભક્તિ કેવી રીતે પેદા કરી છે તેની ખબર નથી અને જેમ તેમ બોલી જાય છે અને મહાત્મ્ય નથી. ગમે તેટલો કારસો દેહને થાય પણ મહાત્મ્ય જાય નહિ. લોયાના ૩ પ્રમાણે - સ્ત્રી ધન છોકરા ઘર ત્યાગ કરે તેવું મહાત્મ્ય-વહેવારમાં જેટલું કરે તેટલું ભક્તિમાં કરે તો બસ છે. જમાઈ ઘેર આવ્યો હોય તો ઠાલે હાથે જાય નહિ ઇત્યાદિક વહેવારમાં જે છે તેમ - વચનામૃત પ્રથમ ૧૦ માં કૃતઘ્નીપણું કહ્યું છે તે એટલી બધી સેવા કરી પણ ખાવાનું કહ્યું નહિ અને સેવા કરી તેમ ભગવાન આપણી ભક્તિને વધારીને આગળ કરે છે તો કહ્યામાં રહેવાય નહિ તો એ કૃતઘ્નીપણું કહેવાય કે નહિ? અને પછી દેહ ત્યાગ કરે એટલે અંત કાળે કયાં ભેગા થવાય? માટે હરિ કહે એમ કરવું-ગમે તેમ થાય લોયા ૩ પ્રમાણે.

અંગ કેમ વધતું નથી તો ઘસારો દેવાય છે તેમાં તે સારૂ કલમો કાઢી હતી તે બધી પ્રકારે પુરો કરવા માટે, પણ ફસકી જાય છે. ઘસારો હજાર ઘણો વધતો જાય છે.

સંવત ૧૯૬૮ના આસો વદ ૯ રવિવાર

વિયોગે દુઃખ થાય. હરીથી છેટુ જવાય તે દુઃખ થાય એ અજ્ઞાન છે અને જોગમાં બંધાય નહિ અને વિયોગમાં દુઃખ થાય નહિ. જે સમે જેમ કરીએ એમ થાય.

તેનું નામ જ્ઞાન અને જો બંનેમાં બંધાવાય તો બ્રહ્મમાં લીન થાય પછી જેમ થાય તેમ ખરૂં પણ માગવું નહિ. આવીને આવી એક સમામાં ઘાંચ આવશે જે જાય તોય ભલે અને ના જાય તો ભલે. કામ કરે તો ભલે અને નિવૃત્તિ કરે કહેતાં ભજન કરે તો ભલે. તેમાં હરિ પાસે જાય તો ચાલે અને ના જાય તોય ચાલે - તે ઘાંચ આગળ આવશે.

સંવત ૧૯૬૮ના આસો વદ અમાસ શનીવાર

માસ્તર ગોવિંદભાઈનો કલ્યાણનો કક્કો આગળ છે જેથી તેમણે તન મન ધન ભગવાનને સોંપ્યું છે. તે કીર્તનમાં કહ્યું છે જે ''તન મન ધન હરિ ચરણે ધરે, તેની સુંદર શ્યામ સહાય કરે. મુક્તાનંદ કે તારે ને તરે.''

સ્ત્રીવાળાને અક્ષરધામમાં જવાનું નહિ, તેનું કારણ જે સ્ત્રીનું ધ્યાન થવાથી ભગવાનનું ધ્યાન થાય નહિ. કંઈક એની ચિંતા એક કોરે રહે ખરી. સ્ત્રીને નાંખી દે તો અક્ષરના મુક્ત થવાય. તે નાંખી દેવાની રીત જે તેનું નામ ના લે અને જુવે નહિ. ભાદરણવાળા મહારાજની પેઠે-પોતે મહારાજે કહ્યું હતું જે મેં જેમ નાંખી દીધી હતી તેમ - કહેતાં ઘેર જોતો પણ નહિ અને બોલાવતો પણ નહિ અને ખાતો પણ નહિ.

સંવત ૧૯૬૯ના કારતક સુદ ૬ બુધવાર

જેમ બૈરી કહે છે તેમ સ્ત્રી આધિન પુરુષ કહ્યું કરે છે તેમ જ્યારે ભગવાનનું સ્ત્રીથી વધારે સુખ આવશે ત્યારે સ્ત્રીનું કહ્યું નહિ કરે અને ભગવાનનું કરશે અને ઘરનાંને ખાવા પણ નહિ આપે. ત્યાં ભઈજીકાકાનું બે રૂપીયાનું દૃષ્ટાંત જે મહારાજે માગ્યા તો ના આપ્યા અને સુરજબાએ કહ્યું ત્યારે આપ્યા અને તેના તેમને પાછા વઢવાડ કરવાનો વખત આવ્યો.

ગુરુવાર

જે ઘડીએ જેમ કહે તે ઘડીએ તેમ કરે ત્યારે તેનો છેડો આવવાનો, જીવતાં કહ્યું નથી થતું તો મરીને ક્યાંથી થશે? અને જીવતાં નથી રહેવાતું તો મરીને ક્યાંથી રહેવાશે? માટે જેમ કહે તેમ કરવું તે શ્રેષ્ઠ છે. ''અન્તે યા મતિ સા ગતિ'' તેનો એ અર્થ છે જે હમણાં જેવી મતિ છે તેવી ગતિ થવાની. હમણાં એવો ઠરાવ કરવાનો જે જેમ કહે તેમ કરવું છે અને પછી કરવું ના કરવું તે તો ભેગા થએ વાત અને હમણાં એવો ઠરાવ કરો અને પછી જુઓ કેટલું હીંડે છે! પછી લલચાઈને કરશો માટે હમણાં ઠરાવ કરો.

સિદ્ધિઓ પ્રથમ સ્વતંત્ર જેવું સુખ આપીને લલચાવશે અને પછી પાડશે માટે સિદ્ધિઓ છે જ નહિ એવો ઠરાવ રાખવો તો ક્યાં પડાશે? ત્યાં મથુરભાઈ માસ્તર દૃષ્ટાંત જે જે ઘડીએ જેમ કહે તેમ થાતું અને મરેલાને સાજો પણ કરતા. પણ જ્યારે એવું દૃઢ થયું ત્યારે સટ્ટો માર્યો તે નવ હજારની ખોટ ગઈ અને પછીથી ચાર હજારની ગઈ એમ કરીને તેર હજારને ઘેર વિશ્વાસથી, બેસાડી દીધા. માટે સ્વતંત્ર છે જ નહિ એવો વિચાર રાખવો, પણ એથી જાણવું નહિ કે હાથમાં આવી છે.

સંવત ૧૯૯૯ કારતક સુદ ૮ મળસ્કે.

આત્માનું કલ્યાણ સુખ શાંતિ અને દેહનું કલ્યાણ પૈસા અને તે બંનેનું કલ્યાણ ભગવાન. પછી એને પીંડ બ્રહ્માંડમાં કોઈનું ઓસીયાળું ન રહ્યું.

જેમ કામી પુરુષ તથા સ્ત્રી સામાસામી બોલે ને સ્પર્શ કરે અને તેમાં જેમ કંપારા આવે છે તેમ ભગતમાં કંપારા આવે. કંપારામાં ત્રણ ભેદ છે. એકતો પોતાની મેળે કંપારા આવે અને બીજો મહારાજ સામું જોઈએ ત્યારે આવે અને ત્રીજા મહારાજ બોલે ત્યારે આવે. ભક્ત કથા કીર્તન કરે ત્યારે આવે. સ્ત્રી સંબંધી કામી પુરુષને જેટલું ઝેર છે તેટલું કંપારામાં ભેદ છે. એવો વિરહ ઉપર કહ્યો તેવો અખંડ વછુટશે ત્યારે અખંડ વૃત્તિ રહેશે.

વચનામૃત વડતાલ ૧૯ માં કહ્યું છે જે ભગવાની ઓળખાણ થઈ ત્યાર પછી જે જે મનોરથ કરે તે સત્ય થાય છે. તે મનોરથનો અર્થ જે પીંડ અને બ્રહ્માંડ તે બે ભેદ. તેમાં બ્રહ્માંડમાં જે ઓળખાણ જે દેખાય છે તે તો પાટીદાર પણ ભગવાન માન્યા કહેતાં ઓળખ્યાથી કાશી દ્વારકા ગોદાવરીએ જવું, બ્રાહ્મણ જમાડવા, ગંગાપૂજન કરવું એ સર્વે મનોરથ થઈ રહ્યા અને જ્ઞાને કરીને ઠરાવ્યા. ઠરાવ્યા તે શી રીતે જે મામા નથી દીઠા તોય પણ ઓળખાવીને સાચા કરી દે છે તેમ પીંડમાં ક્યારે ઓળખ્યા તો અંતરમાં કંઈક સુખ છે તે જાણીને આત્મામાં કંઈક ખરૂ છે તેથી કંપારા છુટે તેથી નક્કી થયું, તે સુખને લીધે બાઝ્યા. પછી તો ટીલું કંઠી પુંજન વગેરે સર્વ મેલી દે તો પણ ભકત કહીને બોલાવે. પછી વૃત્તિ રહે, સુખને માર્ગે, અને વૃત્તિ રહી કે પછીથી ચાલ્યું. જે દેહ મૂકી દે છે તે જ્યારે ધ્યાન કરે છે તે તે વખતે જે જે સંકલ્પ કર્યા હશે તેવી તેની ઇચ્છા પ્રમાણે ભગવાને લખી રાખ્યા હોયતે પ્રમાણે મૂકે અને કાળને આજ્ઞા કરે જે આના સુખમાં

ખંડન કરીશ નહિ. વચનામૃત મધ્ય ૧૬/૪. ને જીવે જે જે સંકલ્પ ધ્યાન વખતે કર્યા હોય તે લાવી આપે અને તે પોતાથી ટાળ્યા ટળે નહિ, માટે ધ્યાન કરતી વખતે કંઈ ઈચ્છાના સંકલ્પ કરવા નહિ અને થઈ જાય તો માંડી વાળવા-જે ખત લખ્યું અને પછી વસુલ કર્યું એટલે ઉપલ્યું ખોટું થયું. તેમ થઈ જાય તો વસુલ કરવું કે જેથી સત્ય ન થાય અને પ્રસન્નતાની ઈચ્છા રાખવી. તે પીંડમાં મનોરથનું કહ્યું.

વચનામૃત પ્રથમના ર૬ના પ્રમાણે શૂન્ય શિખરમાં સુખમાં લીન થાય ત્યારે દેહનું ભાન રહે નહિ. ક્યાં છું કોણ છું ઈત્યાદિ-તે હાથમાં આવે કે તેને મરણનું દુઃખ નહિ અને સ્વતંત્ર મરણ પહેલાં જે મનોરથ કરેલા તે પછી આવશે અને પછી તે ઈચ્છા ખુંચશે ને ટાળી ટળે નહિ. કારણ કે કાળને આજ્ઞા કરેલી તેમાં. ''રે સગપણ હરિવરનું સાચું.'' તેનો અર્થ જે જેમ કહે તેમ કરવું-ગમે તેવું દુઃખ પડે તોય નહિ તો અર્થી અર્થી સ્વાર્થીઓ ભક્ત તથા ભક્તિ કહેવાય. નારદે તપે કરીને દુઃખ વેઠ્યું તો ભગવાને તપ ગણ્યું અને છપનીઆમાં હજારોને તપ થયું તો પણ ન ગણ્યું તે માટે જેમ કહે તેમ કરવું તે સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે.

## પાકો સાંખ્ય

અખંડ શુન્ય ભાવ રહે ત્યારે હરિ ધારવાના. પછી આત્મામાં પરમાત્મા દેખાય એટલે હાલ્યું. શૂન્ય ભાવ છ કલાક રહે એટલે પ્રકાશ દેખાય અને પ્રકાશ થયો કે વધવા માંડે. વધી વધીને દેહમાંથી બહાર નીકળે એટલે હાથે પગે નાકે કાને બધે બધેથી નીકળે. જોવું ખાવું, પીવું વાંચવું, પાણી ભરવું, દીવો કરવો એ બધું થાય - આત્મદર્શન થાય લોયા ૧૫ - પછી જેટલો પ્રકાશ દેહથી બહાર નીકળ્યો એટલી પોતાની સત્તા થઈ તે જેનેહાલવા દેવો-ચાલવા દેવો તે પોતાની ખુશી પ્રમાણે કરે. બીજાનું ચાલે નહિ. તે શૂન્યભાવ મટીને વખત આવશે ત્યારે જ્ઞાન નીકળશે પોતાની મેળે-શૂન્યમાં અલૌકિક આશ્ચર્ય દેખાય. જેમ ઝાઝીવાર વૃત્તિ ઉભી રહે તો સુખ ઝાઝુ માટે વૃત્તિના ત્રણ ભેદ-તીવ્ર વેગ, મધ્યમ અને મંદ વેગ.

શિક્ષાપત્રીમાં કહ્યું છે જે કુળ અને વંશ-તેનો અર્થ જે, જે જે વંશ આચાર્ય તે કુળને જે ગુરુ પરંપરા તે ક્યાં કહ્યું છે તો ''ધર્મકુળમાં કરી રહ્યા ધામ રે તેમાં છું કહેવાય હું શ્યામ રે.'' જેણે દેહ કૃષ્ણાર્પણ કર્યો હોય તે મન કર્મ વચને વરતે. જગત ખોટું થાય ત્યારે ''સમલોષ્ટ સમ કાંચનમ્'' થાય. સ્ત્રી સોનું પથરો સરખો જણાય.વચનામૃત

મધ્ય ૧. જતું રહ્યુ નથી-જણાય. આંખ્યો મીંચીને બેઠા ત્યારે કંઇ આ લોકનું આડું આવે નહિ કહેતાં નડે નહિ ત્યારે આ લોકના મુક્ત થયા. હવે પરલોકના મુક્ત રહ્યા. જે જે આશ્ચર્ય દેખાય તેમાં વૃત્તિ ન જાય અને લોભાય નહિ તે પણ આ લોકની પેઠે મોટું થઇ જાય. ત્યારે ભગવાનની મુર્તિ આવે. નહિ તો મુંબઇના શેઠની પેઠે -મુર્તિ આવે નહિ અને ગ્રહણ ન કરે ત્યારપછી દેખાઇ મન લોભાય નહિ, તે ક્યાં કહ્યું છે જે શ્રીજી મહારાજને સમાધિ થઇ અને પછી દેખાવા માંડ્યા તેમાં લોભાય નહિ. તે જોઇને દેવલોકે વખાણ કર્યાં. જે ધન્ય છે હરિ વગર કંઇ મને છેજ નહિ. મધ્ય ૨ ૨માં છે તે તો આપણે સમજવાનું છે પણ એમના મીષે કહ્યું એવું.

પછી જેમ આ લોકમાં માતા પીર ફકીર છે અને એમ થાય છે જે આંઇ કલ્યાણ છે આંહી હશે? પરલોકમાં ગૌલોક, વૈકુંઠાદીમાં ના લોભાય. આ મુર્તિ વગર તો તે જીવતો રહ્યો અને પરલોકમાં પડ્યો. માટે આ મુર્તિ વગર બીજે કંઇ લોભાયું નહિ. મધ્ય ૨ ૨ માં છે. આ લોકમાં કલ્યાણ ને વિષય બે જીતવાનાં તેમાં કલ્યાણ ઉત્તમ છે અને પરલોકમાં વિષય જીતવાના-અપ્સરાઓ દેખાશે. ભોગ ભોગની જાત જાતની એ જીતવાનું-

શૂન્ય થઇને પ્રકાશ દેખાય અને ભગવાન દેખાય તેને તેને કંઇ વિઘ્ન નહિ. સ્વતંત્ર છે. વચનામૃત પ્રથમ ૨૩ પ્રમાણે.

|| શ્રી પ્રગટ પુરુષોત્તમ નારાયણાય નમો નમઃ ||

# શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત

# ભાગ - ૨

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति।
समः सर्वेषु भूतेषु मद् भक्तिं लभते पराम्।।

-શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૧૮ (શ્લોક ૫૪).

(તે બ્રહ્મરૂપ થયેલા પુરુષ પ્રસન્ન અંતઃકરણવાળો થઈને કોઈપણ વસ્તુનો શોક કરતો નથી અને કોઈપણ વસ્તુની ઇચ્છા કરતો નથી, પરંતુ સર્વ ભૂતોમાં સમબુદ્ધિ રાખી પરમ ભક્તિને પ્રાપ્ત કરી લે છે.)

## -: શ્રી પુરુષોત્તમ મહારાજના મુખની વાતો :-

આગળ ચાલુ.

### અર્ચિમાર્ગ

જેને એમ હોય જે આ મારે જોઈશે અને પેલું મારે જોઈશે તેને આગળ વિઘ્ન આવશે. પણ સ્વતંત્ર હોય તેને કાળ કર્મ માયા ઉઠી ગયાં તે અર્ચિવાળો કહેવાય. હરિને ધારે તે મીનડીઓ તેને કાળ કર્મ માયા ઉઠી ગયાં તે અર્ચિવાળો કહેવાય. હરિને ધારે તે મીનડીઓ તેને ધૂમમાર્ગે લઈ જવાનો. પરંતુ અર્ચીવાળો તો પ્રગટ મુર્તિ હોય તેની સામું જુવે અને બીજે જુવેજ નહિ. સાક્ષાત હોય તો બીજે નજર જાય જ નહિ. અને સાક્ષાત ન હોય તો પ્રગટ હરિમાં વૃત્તિ રહે. આ અર્ચી માર્ગ જે સ્વતંત્ર થયો નથી તેને આ માર્ગે

લઈ જવાનો અને સ્વતંત્ર હોયતે તો જાય અને આવે અને અર્ચી માર્ગ તો સાંખ્ય ઉપર લેવાનો કહેતાં અક્ષરથી બધેય માયા છે.

જગતમાં તીર્થ હતાં તે અહિં મલ્યાં એટલે તે મનોરથ સિદ્ધ થયા. જેમ ઘી ખાંડ ચોખા લુંગડાં ભોંય વસ્તુ વગેરે જોઈએ, તેમાં પૈસા મળ્યા એટલે તે બધા મનોરથ સત્ય થાય, ઘી ખાંડ તેમાં બધું આવી જાય. તેમ પ્રગટ ભગવાન મળ્યા એટલે બધુંય સત્ય થયું અને પરોક્ષ પ્રત્યક્ષ તે મધ્ય ૩૫ લોયાના વચનામૃત ૭ પ્રમાણે છે તેનો અર્થ તે ભગવાન બ્રહ્માંડમાં ઓળખાયા તેમાં કલ્યાણ માન્યું અને તે વાત મનમાં મનાઈ ગઈ એટલે બ્રહ્માંડમાં ઓળખાયા કહેવાય. અને પીંડમાં તો દેખાવાનું માટે પહેલેથી તો પીંડમાં છે તેમ માનીને બાઝ્યું રહે એટલે દેખાય.

વળી યોગી પુરુષને બહુ જોવું ખાવું પીવું તે સારૂં નહિ અને વળી કોઈ વખત જ્ઞાન વાર્તા કાઢે તો આરપાર ઉતરે. તે જગ્યાએ વાણીયાનું દૃષ્ટાંત છે જે કંજુસ વાણીયાએ ખાંડના બોચીયાં પાથર્યા અને આડે દહાડે ઘીમાંથી માંખ નીચોવે તેવો કંજુસ પણ વરા વખતે છુટો, તેમ જ્ઞાન વરા વખતે છુટુ મુકે.

સંવત ૧૯૬૯ના કારતક સુદ ૮ રવિવાર

સિદ્ધિવાળો જો મુક્ત મુમુક્ષુને સિદ્ધ દશાની નિશાળમાં આવતાં ખાળશે તો તે ગમે તેમ કરશે તો પણ તે સિદ્ધદશાવાળાનો ખાળ્યો ખળશે નહિ. હવે વળી પાઠ આપે તેની વિગતી જે પ્રથમ શૂન્ય થયું અને પાઠ આપીને બધાંને દેખાડ્યું તેમ તેજ, ભગવાન, સિદ્ધિઓ વિધ્ન, આત્મા ઈત્યાદિકે આગળ કહ્યું તેવી રીતે દેખાડશે-જે જુઓ આમ થયું-શૂન્યનો તો પાઠ આપ્યો અને દેખાડ્યો તેવી રીતે આપઈ.

સંવત ૧૯૬૯ ફાગણ વદ. ૨

❖ સમૈયો - વચનામૃત પ્રથમ ૬૧ આત્માને દેહ નાખો જણાશે ત્યારે ગાડુ આગળ ચાલવાનું.

❖ બીજું ત્યાં સુધી સુખ શાંતિ વધશે.

❖ ત્રીજું ભગવાન વગર બીજું ન ઈચ્છવું અને ઇચ્છે તો બળાત્કારે દેખાડશે, અને તે ઇચ્છે તો તેની ભક્તિની કિંમતમાં ગણાય અને ના ઇચ્છે તો મફત દેખાડે

બળાત્કારે વચનામૃત પ્રથમ ૯ તથા ૪૪ માં છે તે મુજબ.

❖ ચોથું કૃપા કોની ઉપર થાય તો અક્ષર મુક્તને - કનિષ્ઠ મધ્યમમાંથી લાવીને કૃપા કરે.

❖ પાંચમું રાગ દ્વેશ છે કહેતાં સિદ્ધિઓ શા સારૂં ઇચ્છે જે આને આમ કરૂં અને આને આમ કરૂં તે સારૂં કહેતાં જશ જગતમાં થવા માટે સિદ્ધિઓ ઇચ્છે છે તો જ્યારે સર્વનો આત્મા એક થઈ જશે, તથા સર્વત્ર ભગવાન વ્યાપક છે તે ક્યાં સિદ્ધિઓ ચાલવાની છે? દેવાણમાં જુઓને પગે લાગ્યો કે નહિ? તથા મહુવામાં પ્રાગજી મહારાજ ભંગીઓને પગે લાગ્યા કે નહિ? માટે ઇચ્છેલું સારૂં નથી.

❖ છઠ્ઠુ જેટલી વૃત્તિ રહેશે તેટલું સરશે. અને નાતરાની પેઠે વૃત્તિ રહેશે તો ભગવાન વરે નહિ. એ કંઈ ગામડીયા ગામનો નથી. એ તો આબરૂદાર છે. ઘડીમાં ભગવાનમાં વૃત્તિ જોડાય અને ઘડીકમાં બીજે જોડાય તે નાતરૂ કહેવાય.

❖ સાતમું 'હરિજન સાચા રે ઉરમાં હિંમત રાખે' તેનો અર્થ જે પ્રથમ ૧૫ હિંમતનું તથા મધ્ય ૪૫માં શુરવીરપણાનું સાચા સંતને ખોટા સંત-તેમાં સાચા સંત આત્મા પરમાત્માને સુખે સુખી રહે અને મધ્ય ૩૯ કાચબાવાળાનું તથા મધ્ય ૨૨ નરનારાયણનું એવા ઘણા ભેદ છે કહેતાં કાચબાવાળા વચનામૃતવાળો તરત વૃત્તિઓ સંકેલે અને મધ્ય ૨૨ વાળો ચાર દિવસે નિવૃત્તિ પામે એટલો ફેર અને ખોટા સંત વિષય સુખે સુખી રહે. વિપત જે સવિકલ્પમાં તો અજામેલ મહાપાપી હતો તો પણ નારાયણ છોકરાનું નામ દીધું તેથી છુટ્યો તે વિપત્તમાંથી છુટ્યો. તે વિપત મટીને સવિકલ્પમાં છે. અને નિરવિકલ્પમાં વિપત જે ગુણનો સંબંધ છેટે છે તે જ્યારે પાસે આવે ત્યારે દાખવે. તમોગુણમાં સુખ આવે નહિ અને રજોગુણમાં સંકલ્પ રહે તેથી ન આવે માટે જુદા સમજવા આત્મારૂપ માટે નિરવિકલ્પમાં ભજન કરવું. તે વરતાલ ૧૬માં છે જે જ્યાં સુધી ગુણનો સંબંધ છે ત્યાં સુધી દુઃખ છે અને નિર્ગુણ થાય એટલે નહિ. અને તે ગુણ છે ત્યાં સુધી તો મોઢે દીન વચન આવે નહિ. તે ક્રીયા ગુણ આવે જાય છે ને ક્યાં અખંડ રહે છે તે સાળંગપુર ૧૨ પ્રમાણે આવે ત્યાં સુધી તો થોડા સાધુના લક્ષણની પંક્તિમાં તે આત્મનિષ્ઠા આદિક સાળંગપુર ૧-૫-૬ પ્રમાણે ને હવે 'ઉમંગ ભરીઆ' જે કેડ ફાટે નહિ જ્યારે ભજન કરવા બેસે ત્યારે પગ દુખે નહિ-મન અકળાય નહિ અને જગતમાં સ્ત્રી છોકરાંને અર્થે કરે છે તેમ કરે અને જો ન કરે અને પરાણે કરશે તે પ્રથમ ૪૪માં (કપાળમાંનું) ડાંમનું મળશે, ત્યારે કરશે. અને પ્રાગજી મહારાજ કહેતા જે એક કોરા ખીલો ઠોકશે ત્યારે બીજી કોરા નીકળશે. ભગવાનનું સુખ રૂપી બીજી કોરે ખીલો

ઠોકશે એટલે મુકશે ક્યાં જનાર છે? અને એકમાં તો ગોપીઓને ડાહી કહી અને બીજામાં તો સાંબને વરી તે એમાં બે ભેદ છે. મહિમામાં ભેદ છે. સાળંગપુર ૧૫-માટે તેમ થાય.

બે ચાર સમૈયા પછી ખાધાનું ઘેન નહિ દાખવે. તે ૭૦ના ફાગણમાં નહિ દાખવે.

ભગવાન સંબંધી સુખ તે નિરવિકલ્પમાં દેહાભિમાન કહેવાય જે સાંભળે બોલે જુવે તેથી રૂવાડાં ઉભાં થાય તે જેમ જમાઈના સંબંધી જે કોઈ હોય તેને બે ત્રણ રૂપીયા આપવા પડે તેમ દેહાભિમાન જાય ત્યારે છકે નહિ કહેતાં કંપારા - તે નિરવિકલ્પમાં દેહાભિમાન તે કંપારા જાય કહેતાં દેહાભિમાનને પછી જે જુવે સાંભળે તેથી સુખ થાય, તે કાળ જો શાંતિ થાય કહેતાં જીવમાં સવિકલ્પમાં વિષયનું દેહાભિમાન-કહેતાં જેમ વિષયમાં શાંતિ થાય છે તેમ ભગવાનથી શાંતિ થાય એટલે સુખે કરીને જોડાય છે. સવિકલ્પમાં શૂન્ય થયા પછી ધ્યાન ને ધ્યાન પછી પ્રકાશ અને પછી દેહ મુકવાનો હાથમાં આવશે. પછી છ પ્રકાર જુદો થશે તેમાં ધ્યાન પછી પ્રકાશ તેની વાત વચનામૃતમાં છે જે ધ્યાન કરતાં કરતાં પ્રકાશ થઈ આવશે અને સંકલ્પે કરીને વાયુ કે વીર્ય ન થાય તેને આ માર્ગે આવવાનું કહેતાં નારદજીની પેઠે વિઘ્ન ન લાગે.

જ્યારે અવર જવર અંતરમાં થાય ત્યારે બીક ન લાગે. પ્રથમ ૨૪ પ્રમાણે ભડકાની કંઈ ઇચ્છા ન હોય અને મુર્તિમાં લીન થાય તેને કંઈ ભડાકા કડાકા ન થાય. મુર્તિમાં કેવળ જોઈ રહે.

પાંચ પાંચ ખાસડાંનો અર્થ જે નિર્માન, નિસ્વાંદ, નિર્લોભ નિઃસ્નેહ અને નિષ્કામ તે પાંચ વર્તમાન તે ખાસડાવાળું વચનામૃત લોયા ૧૭/૫ તેની આડ થાય-વર્તમાન પળાવે તે. પાંચ વર્તમાનરૂપી ખાસડાં ખાઈને પડ્યા રહેવું.

ફાગણ વદ ૪.

વિષયનું સુખ મેલીને કથા કીર્તનરૂપી સુખ ભોગવે અને તે મેલીને દરવાજે રહે. વચનામૃત છેલ્લાના ૯ પ્રમાણે અને કંઈ સાંભરે નહિ તો સુખ વધે. માટે શૂન્યમાં રહેવાય તો કથા કીર્તન કરવાં નહિ.

આ રસ્તામાં વિઘ્ન ન આવે એવો ઉપાય જે પીપળાના થડમાં સર્પ નીકળ્યો અને ભાઈબંધે ગળુ કાપ્યું તોય નાઠો નહિ તેમ એવો વિશ્વાસ રાખે અને નાસી ન જાય તો કોઈ જાતનું વિઘ્ન ન આવે. અને અંતર બળે ત્યારે પાછો આવે અને માર્ગે ચઢે તેથી પ્રથમથી વિચાર રાખવો જે ઘણા ગયા અને પાછા આવ્યા માટે ચાલવાનું નથી. ઉંઘની પેઠે દરવાજે જાય તો તે યોગીની પંક્તિમાં ભળ્યો. તે સ્વતંત્ર કહેતાં જીતી છે નિંદ્રા જેણે નિશ્ચય જે જેટલું ઐશ્વર્ય દેખાડ્યું તેટલો નિશ્ચય થયો તે દેવાણની વાત જે ચૌદ રત્નમાંથી 'માર' રત્નના દેવતા ભળ્યા નહિ તો વાગ્યું નહિ.

જ્યાં સુધી મન જીત્યું નથી ત્યાં સુધી વિઘ્ન છે અને મન જીતાશે ત્યારે સુખ આવશે અને સુખ આવશે ત્યારે રાત દહાડો જાશે તેની ખબર રહેશે નહિ તે ઉપર ભઈજીકાકાનું દૃષ્ટાંત જે રૂપબાઈના કારજના રૂપીયા આપવાના કહેલા તે ખર્ચ વધારે થયું એટલે મન ફરી ગયું.

સંવત ૧૯૬૯ ફાગણ વદ ૫.

વિઘ્ન ના થાય તેના ઉપાય જે મણીલાલ રાવસાહેબની પેઠે જે મરીને ભેગું રહેવું તેથી જીવતાં રહ્યા તે ખરા. અને ભાદરણના ધુળાભાઈની પેઠે જે ગધેડાનું પુછડું ઝાલ્યું તે ઝાલ્યું મૂકવું નહિ. મૂવે છુટકો. પહેલે દુઃખને લીધે આવતા, કહેતાં ત્રિવિધિતાપને લીધે અને હવે સુખને લીધે આવશો કહેતાં અહિંથી કંઈ લકુંબો લેવાનો છે તેથી આવશો. તે બેની વચ્ચે ઘાંચ સાચવવાની છે.

વિશ્વનું તેજ ગયું એટલે વહેવાર કરવો ગમે નહિ અને બ્રહ્મનું આવ્યું નથી અને જ્યારે બ્રહ્મનું તેજ આવશે ત્યારે જેટલો વહેવાર કરવો હશે તેટલો કરાશે.

બહાર જેમ દસ પંદર માણસ પરગામ જાય અને સંઘાતે ચાલે તો સાથે રહેવાય અને જો તેમાં કેટલાંક ચાલે અને કેટલાક આરામ લેવા, બીડી હુકા પાણી ખાવા પીવા દીશાએ (જાજરૂ) જવા વખત કાઢે તો પેલા ચાલનારા કેટલા આગળ જતા રહે અને પાછળ પડી જાય! તેમ ખાવાપીવા બીડી હુકા પાણીને ઠેકાણે વહેવાર છે તેમાં બે દિવસ આગળ જાય અને પાછળ આવે તેમાં વાત કરતાં ફાવે નહિ અને વાતમાં પણ વિઘ્ન પડે છે. નોકરીને ઠેકાણે સમૈયામાં હાજર રહેવું તે વાતમાં કહેતાં બધાની સાથે

દહાડે આવે અને જાય તો જ્ઞાન બરાબર થાય.

રસિક માર્ગ અને આત્મજ્ઞાન તે પડ્યાનું વચનામૃત મધ્ય ૩ શુભ કર્મને અશુભ કર્મ ભોગવીને જવાનું તે જે કંઈક ચાલે તેમાં ઇચ્છા રહિત રહેવું કહેતાં પ્રસન્નતાને અર્થે કરવું પણ કંઈ ઇચ્છા રાખવી નહિ અને રસિક જે પ્રથમ ૧૮ પ્રમાણે તો કલ્યાણને અર્થે જાણીને જો કરે તો ભૂત કે બ્રહ્મરાક્ષસ થાય અને અજાણે કહેતાં મન વશ ના રહેતો પ્રાયશ્ચિત કરે.

૧૯૬૯ ફાગણ વદ ૬.

મહારાજ ઘડીએ ઘડીએ 'ભાદણ' 'રીપુજી' 'રપટ' 'અજીઆર' એવા ગામડીયા શબ્દ બોલે છે તે શું તો જે એમને તો જે બોલે તે બધું સરખું જણાય છે તેથી બોલે છે. હવે ભાદણને ઠેકાણે ભાદરણ છે. રપટને ઠેકાણે રીપોર્ટ અને અજીઆર તે અગીઆરને બદલે છે રીપુ જીતે તે 'શોભા શીકહું રે' – તે કીર્તનમાં છે જે કામાદિ રીપુ જીતે – તેને બદલે 'તે' કાઢીને રીપુજી બોલે તે માસ્તર ગોવિંદભાઈને ના ફાવે. તે માટે સમૈયામાં વઢવાડ થઈ હતી તે મહારાજ નમી પડ્યા જે ભૂલી ગયો. પછી સમાધિ દ્વારે જીજીભાઈએ ખુબ સભા મંડપમાં રોળ્યા ને દાંત રોળતાં પાડ્યા અને ગાલને દાઢ બે મહીના સુધી દુઃખી પણ પછી તરત જણાઈ ગયું કે આ પાપ થયું તે સભામાં માફી માગી. તે રીપુજીને માટે – અગીઆરને બદલે અજીઆર છે, એવા બીજા ઘણાક બોલે તે સંભારવાના છે. પણ કંઈ ખોડ કાઢવાની નથી. ને માસ્તર તો મહુવાના મહારાજના પણ ચાળા પાડતા. અને મહારાજે કહ્યું હતું કે ગુરૂના ચાળા ના પાડીએ અને આપણે તો દંડ દીધો. રોળીને એટલે જાણ્યું.

'કપટી ન તરે રે મહારાજ' એનો અર્થ જે અવગુણ વર્તમાન નિશ્ચય તે અવગુણમાં તો વહેવારને આવકાર તે બરોબર ના થાય તો સામાનો અવગુણ આવે અને વર્તમાન રસીક ઉપર છે અને નિશ્ચય પ્રભુપણાનો જાણે, માટે તેનો જો ફેર પડે તો કહેવું અને ન કહે તો કપટી જાણવો. એ કપટીનો અર્થ છે. માયાની પેઠે હરિ પણ અનેક રૂપે છે. જેમ માયાનું રૂપ જે જે પદાર્થ દેખાય છે તે નાશવંત સમજાય છે તે માયાનાં રૂપ તેમ હરિનું સર્વત્રપણું છે તે સાધુ હોય તેને તો કીડી જેવા જીવને દુભવવો નહિ અને જ્યાં સુધી કીડી જેવા જીવને દુભવે ત્યાં સુધી સાધુપણામાં ખોટ છે. પ્રથમ ૬૨માં છે જે સાધુપણામાં કોઈ ગાળ દે તો તેને સમભાવ રાખે અને તેને બીજુ દુઃખ હરિ નહિ મેલે. જેટલું સુખ દુઃખ છે તે સંબંધ ભગવાન નહિ પ્રેરે. આ બધી ઘાંચો છે – તે મટાડો. તે

ધોબીઓ ધોબી થયા - તે વાતમાં છે. ભાદરણના ધુળાભાઈએ પૂછ્યું જે ભજનમાં દુઃખ હોય તો કરવું કે ન કરવું? ઉત્તર જે હરિ શરણ જતાં નિંદા થાય તો થવા દેવી અને બીજામાં થાય તો લજવાવું તે વચનામૃતમાં છે.

૧૯૬૯ ના ફાગણ વદ ૬

સ્વતંત્ર સત્તા ક્યારે આવે તો ત્રીસ ગુણ સાધુતાના છે તે ત્રણ રહે છે અને સત્તાવીશ આવે જાય છે તે જ્યારે રહે ત્યારે સ્વતંત્ર સત્તા આવે અને વૃત્તિએ કરીને જોડાય તો હરિ દર્શન દે પણ સત્તા ન આપે અને આ જે સત્તા છે તે પણ પરતંત્ર છે. તે અખંડ ગુણ જ્યારે રહે ત્યારે સ્વતંત્ર સત્તા આવે. તે ત્રણ ગુણ રહે છે તે સાળંગપુર ના ૧૨માં છે. ભક્તિ જુદી, અનન્ય ભક્તિ જુદી. વગર વાંકે વઢે અને રીસ ન ચઢે તો અનન્ય ભક્તિ જાણવી અને વાંક હોય અને વઢે અને ગુણ લે તો ભક્તિ જાણવી. છેતરીને દુભવીને લે તે અનન્ય ભક્તિ તે પ્રથમ ૬૧ માં બલીનું વચનામૃત છે તે મુજબ.

૧૯૬૯ ફાગણ વદ ૭ સાંજે.

કંઈ કરતા નથી અને વધાય છે તે શું તો સંબંધ છે તેથી ફુલને તલના સંબંધ પ્રમાણે-પ્રથમ ૩૮ તથા ૬૨ પ્રમાણે ભગવાનનો નિશ્ચય અને ભગવાનનો સંબંધ તેથી વધાય છે.

ફાગણ વદ ૮ સવારે.

રાધાકૃષ્ણ સીતારામ ને ગોપીનાથ તેજ પ્રમાણે હવે ભક્તને ભેગા ભગવાન છે માટે છેલ્લાના ૧૬ પ્રમાણે મોટા મુક્ત સાથે હેત ન કરવું.

'આનંદ આપ્યું અતી ઘણું રે' તે સુખ ઉતરતા ચઢતી છે. આ સમામાં છે કારણ કે આગળ તો નિશ્ચયની-સુખની ઉલટયાની-તે ક્યાં સમજવાનું હતું! પાંચ પ્રકાર છ પ્રકાર ક્યાં હતું! તે ઉતરતા ચઢતી સુખ છે. ગઢડાથી ટુંકી વૃત્તિ તે મધ્ય ૬૨ માં છે. અમૃતના સિંધુ જે પોતાની ઇન્દ્રિયો પાપથી ભરેલાં હતાં તે ભગવાન સાથે જોડ્યાં એટલે કર્મ બળ્યાં. પછી શક્તિને બ્રહ્મ સાથે જોડે ત્યારે પોતાથી સુખ આવ્યું અને દરવાજે રહે એટલે પેલું મોળું પડ્યું અને પ્રકાશ આત્મા બ્રહ્મ પરબ્રહ્મ તે ઉતરતા ચઢતી થાય. 'અમૃતના સિંધુ ઉલટ્યાં' તે નીરભે કુસંગથી અંતર-અંતઃકરણ હવે બળે નહિ તે નીરભે થયો અને 'ખોટ ગઈ ખોવાઈ ને રે' તે 'ખરચ્યું ન ખુટે એને ચોર ન લુંટે' તે બળે નહિ- તે ખોટ ગઈ.

'વિધવિધનાં વધામણાં' જે સરવે ઈન્દ્રિયોને હરી તરફ ખરૂ છે એમ માને અને 'કસર ન રહી કાંઈ' જેથી માને એટલે કસર જે ઘાંચો થોડે થોડે મટી જાય અને જણાય તે માટે આ કસર ઘાંચ છે.

કંઈ તીર્થ વિષે ઠાકોરજી ભગવાન તીર્થ કંઈ ખોલવાનું મન થાય નહિ અને જવાનું મન થાય નહિ. કંઈપણ ખોળવા તો અડસડ તીર્થ સંત મળ્યાને મનયા એ માનવું કહેતાં મળ્યા છે એમ નિશ્ચય થાય.

'નોંતી દીઠી નોંતી સાંભળી રે' નિરવિકલ્પના છ પ્રકારના નિશ્ચયની વાત ક્યાં જાણે છે?

દરવાજે રહે અને કોઈનો શબ્દ લાગે નહિ કહેતાં તેના બોલવાથી કાળજુ બળે નહિ અને બળે તો કનિષ્ટ ઈન્દ્રિઓ વશ છે તેથી ચકલીઓની પેઠે બોલે છે એમ જાણે એટલે ચિત્ત તે બાજુ જાય નહિ. ઈન્દ્રિયો વશ છે માટે તાણી લે.

ચોવીસ કલાક અંતરમાં કાંઈક છે ખરૂં એમ થાય તો તેને પાંચમો પ્રકાર બેઠો.

જેમ જેમ નિર્ગુણ વૃત્તિ થશે તેમ તેમ પ્રકાશ દેખાશે.

હમણાં કથા કીર્તન કડવા લાગે છે તે જ્યારે બે વૃત્તિ થાશે ત્યારે નહિ લાગે બે વૃત્તિનું વચનામૃત પ્રથમ ૨૩.

ક્ષુધા નથી અને ખાધામાં વલખાં મારે છે તેમ જ્યારે સુખ આવશે ત્યારે સ્ત્રી થાંભલા જેવી લાગશે. સોનું અને સ્ત્રી સમભાવ વરતે છે તે વચનામૃત મધ્ય ૧. પ્રમાણે.

વચનામૃત યાદ હશે તેને સુઝ પડશે કહેતાં જેમ કાયદા મોઢે હોય તો કોર્ટે ચઢે તેમ વચનામૃતરૂપી કાયદા મોઢે હોય તો મનરૂપી કોર્ટે ચઢાય એ ના હોય તો વિશ્વાસે હોય જે જેમ ભગવાન જે ઘડીએ કહે તે ખરૂ. જે જે બને તે સારૂં થાય છે.

લૌકિક મિથ્યા કરશું તો પછી અલૌકિકમાં લોભાડે તોય પણ લોભાવું નહિ.

સંવત ૧૯૬૯ ફાગણ વદ ૯ રવિવાર.

પાંચમા નિશ્ચય સુધી જે આવશે તેને ભગવાન કૃપા કરીને સાથે લેશે. પાછળ જે આવશે તેને સંગાથે ભગવાન લેશે અને પાંચ ઉતરી રહ્યા પછી છઠ્ઠો નિશ્ચય તો પોતપોતાની મેળે કરશે એટલું થશે. અને જે આવે છે અને આવશે તેને પાંચમા સુધી ભગવાન કૃપા કરીને ચલાવશે.

સંવત ૧૯૬૯ ફાગણ વદ ૧૦

નરસીકાકાએ પૂછ્યું જે દેહમાં વૃત્તિ આવી કે નહિ? મહારાજશ્રીએ કહ્યું કે વ. મધ્ય ૬૨ના પ્રમાણે દેહમાંવૃત્તિ રહે છે એટલે દેહમાં આવીને ધ્યાનમાં બેસીએ એટલે વૃત્તિ બારણે રહે તો ન આવી-માટે હવે તો દેહમાં આવી છે.

ભાદરણના ઝવેરભાઈની વાત નીકળી જે હું તો ખાંડ લઈને ખાઉં તો ભાવે તે ઉપર વાત નીકળી ત્યારે મહારાજશ્રીએ કહ્યું જે જેને થોડું સુખ હોય તો ગળ્યું જોઈએ. અને પછી વધારે સુખ હોય તો ગળ્યું ન જોઈએ. અને તેથી વધારે હોય તો જે હોય તે ખાય પણ ગળ્યું મોળ્યું તેનો કંઈ મેળ નહિ.

ચૈત્ર સુદ ૨ સોમવાર

જે વાસના વગરનો હશે તે જીતવાનો છે. જે જે વાસના હોય તે વસ્તુને સંતોલે ભક્તિ થઈ હોય ત્યારે તે વસ્તુ આપે અને તે ભક્તિ જાય. અને વસ્તુ પ્રાપ્ત થાય. અને પાછલી ભક્તિ જાય. માટે વાસના મુળથી કાઢી નાંખે તો સુખ થાય અને ભગવાનમાં વૃત્તિ રહે અને વાસના ના કાઢે તો વસ્તુ પ્રાપ્ત થાય. અને એમ કરતાં કરતાં જ્યાં સુધી ધરાય અને ધક્કો ખાય ત્યારે પાછો હઠે, તે કરતાં વાસના પહેલેથી ન રાખવી તે પ્રથમ ૫૬ નું છે જે વાસના જે કામના જે ઈચ્છા રાખવી તે તો ખોટ જ છે. જે પૈસા સ્ત્રી પદાર્થ તે તો ભગવાન ભજતાં મળશે. પણ ઇચ્છા ન રાખવી, જેમ મા બાપ છોકરાં સારૂં ગોઠવણ કરે છે, પંખી જર જનાવર જેટલી ગોઠવણ કરે તેટલી ભગવાનને અક્કલ નહિ હોય? ભજન કરે છે તો મારે પુરૂ કરવું પડશે! ભજશો તોય આવશે અને ઇચ્છા રાખશો તોય આવશે. પણ ઇચ્છા ન રાખતાં જે આવે તે સારૂં - કહેતાં ભક્તિ જાય નહિ અને ભગવાન મળે તો તેમાંથી ગમે તે ઉપજશે. પૈસાથી જે જોઈએ તે થાય તેમ ભગવાનથી જે જોઈએ તે થાય. આત્મા દેખવો તે પણ ઇચ્છા ખોટી અને આત્માને સંતોલે ભક્તિ જાય અને આત્મા દેખાય. અને જો ધ્યાન કરતાં

ઇચ્છા થઈ  આવે તો ના પાડવી કહેતાં ગમે તેટલું ખત કર્યું પણ કેડે વસુલ કર્યું તો ખત નકામું છે. તેમ વાસના થાય અને ભક્તિમાંથી પાછા પાડે તો નકામી છે.

શુકન અપશુકન ખરા છે પણ જો તેના દેવતા ભળે તો થાય. જેમ 'માર' ચૌદમું રત્ન છે અને મારે ત્યારે લાકડી હાથ વગેરે તે મારનું કામ કરે પણ તે માંહીલો દેવ ન ભળે તો ન વાગે. જેમ દેવાણ ગામમાંને આણંદ ગામમાં માસ્તરને માર્યા પણ દેવ ન ભળ્યો તો ન વાગ્યું તે સર્વ દેવનું સમજવું તે દેવ ભળે તો શુકન અપશુકન છે.

સંવત ૧૯૬૯ ચૈત્ર સુદ ૪ બુધવાર.

કારીયાણીનું પહેલું જે 'કીટ મટીને ભમરી થાય' તે જે તે શાસ્ત્ર પ્રમાણે આપણે તો ભગત થાવું છે અને ભમરીને તો થાવું નથી છતાં થઈ જવાય છે તો આપણે તો થાવું છે ત્યારે કેમ નહિ થવાય? માટે હિંમત રાખવી.

ધ્યાન કરતાં ખાડો આવે છે તે શું તો જેમ કોઈ મોટું તળાવ હોય અને તળાવની આગળ મોટો વડ હોય અને તેની ઉપર ટોચે ચઢીને ભુસ્કો મારે ત્યારે તે પહેલ વહેલી વખતે તો પડે એટલે મરી ગયો એમ જાણે અને તળાવની કે ઝાડની કંઈ ખબર ના રહે અને પછી ઉંડો પેસી ગયો હોય તે તરીને ઉપર આવે અને નીકળે અને પછી હિંમત રહે જે હવે નહિ મરાય અને એમ કરતાં કરતાં ત્રણ ચાર વાર ભુસ્કો મારે એટલે બીક જરાય ન રહે. તળાવ કાંઠે જે ઉભા હોય તે એમ જાણે જે નહિ મરે તેમ હવે ધ્યાન વખતે બીક ન લાગે કહેતાં રસ્તો હાથ આવ્યો તેથી જો દેહ રહી જાય તો ભગવાન પ્રવેશ કરાવે પણ દુઃખ ન થાય અને પછી હાથ આવ્યા પછીથી તો કહીને જાય. મધ્ય ૬૨/૩ પ્રમાણે.

જેટલો સ્ત્રીઓને સંગ છે કહેતાં ગોલોક ભાવ છે તેટલો ઉતરતો ઢાળ છે પણ આગળ ન ચાલે. અને જેને સંગ કહેતાં ગોલોક ભાવ નથી તેને આગળ ચાલવાનું.

સંવત ૧૯૬૯ ચૈત્ર સુદ ૫ શુક્રવાર

પાંચ દિવસ વધુ જીવીને આવી સમજણ કરવી તે શું તો જીવવાનું મરવાનું જ્યારે પોતાના હાથમાં આવશે ત્યારે અહિં કેટલાક તો નહિ રહે. અંતરવૃત્તિ અને દેહ મુકી દેશે તેને ખોટ છે માટે જ્યારે હાથ આવે ત્યારે જાવું નહિ તે પાંચ દિવસ જીવીને

આવી સમજણ કરવી તે આ ધર્મ છે પણ પહેલાં તો જીવવાનું ક્યાં હાથમાં છે તે જીવે? પણ હાથમાં આવ્યા પછીની તે વાત છે.

ચૈત્ર સુદ ૬ શનીવાર.

જગતની પેઠે વર્તવું ને ગમે તેટલો ટાઢ તડકો ભૂખ તરસ વગેરે બાબતમાં જગતની પેઠે વર્તવું. ટાઢ તડકો પડે અને સિદ્ધાઈ દેખાડવા જાય અથવા આપણને નથી લાગતું તો શું કરવા છાંયડે ચાલીએ કે ગોદડી ઓઢીએ કે જોડો પહેરીએ? એમ ના રાખવું. પણ જગતની પેઠે બધું થાય છે તેમજ રાખવું અને જેમાં અધર્મ થતો હોય તેવું જગતનું ના રાખવું કહેતાં તેવું ના કરવું.

ભગવાનના માર્ગથી પડ્યો જાણવો તે શું તો? જેમ ભાદરણથી બોરસદ જતા હોઈએ તે વચ્ચે અટકાય અને બોરસદ ન જવાય તે પડ્યો કહેવાય. બોરસદને માર્ગેથી સીસવાને માર્ગે નથી ગયો કહેતાં બીજે ગામ આડુ નથી જવાયું પણ વચ્ચે અટક્યો કહેતાં ત્યાંથી કલ્યાણનો માર્ગ અટક્યો અને ફરી ચલવે તો ચાલે તે અર્થ છે.

૧૯૬૯ ચૈત્ર સુદ ૭ રવિવાર.

મન મળે ત્યારે કામ સિદ્ધ થાય. તે મન મળ્યું કેમ કહેવાય? જેમ પુરુષ અને સ્ત્રીનું મન મળે છે ત્યારે કેવું કામ સિદ્ધ થાય છે? તેમ આપણે ભગવાન સાથે મન મળ્યું હોય તો જે કામ સિદ્ધ કરવું હોય તે થાય અને જે વખતે જેમ કરે તેમ કરે ત્યારે મન મળ્યું કહેવાય અને અરસપરસ કોઈ કોઈનું વચન પાછું ઠેલાય નહિ માટે જે સમે જેમ કહે તેમ કરવું એજ શ્રેષ્ઠ છે. 'સામાસામી પાન બીડી લીધી ને દીધી.' તેનું નામ મન મળ્યું કહેવાય. સાકર દૂધ મળી જાય છે તેમ - કંઈ કામ કરવાનું હોય અને તેમાં મહારાજ પૂછે જે આનું કેમ કરવું છે? તો તમે જાણો-તમે જાણો એમ કેને પુછે તે વચન લોપ્યું કહેવાય તે પેટલાદમાં સુળી રોપી ત્યારે પુછ્યું જે કાળે પાણીએ જવું છે કે સુળીએ જવું છે? ત્યારે કહે જે તમે જાણો- તો તેનો ઉત્તર ના સુઝે. તેમ આપણી સુઝને મહારાજના સિદ્ધાંત ઉપર કહેવું જે આમ કરવું છે - પછી તમારી નજરમાં આવે તે ખરૂં, એમ કહેવું.

ચૈત્ર વદ ૯.

હવે પાંચમા પ્રકારમાં જગતનો મનુષ્ય ભગવાનને ચિંતવે તો સુખ મળે અને મનોરથ સત્ય થાય.

પાંચમા પ્રકારમાં ટીપ, દંડ ફાંસી એ થવાનું-જે છકીને જેમ તેમ કરવા લાગે તેથી થાય. અને વળી છેલ્લાના ૨૮માં ૫ મી વાતમાં કહ્યું છે કે કોઈ વખતે સુળી ઉપર ચઢાવ્યો હોય અને અમે તળે ઉભા હોઈએ તો તે સુળી નિવારવાનો સંકલ્પ ન થાય માટે છકવું નહિ, એ સિદ્ધાંત વાત છે.

આ જગતમાં સુખતો છે જ નહિ પણ બે દુઃખ છે જે એક તો ખાવા ન મળે તે અને બીજું તો ખાવા ન પચે તે. આ વગર જે દુઃખ તે તો માનીનતાનું છે. વિવાહની ગાળો ગળી લાગે અને અમથી ગાળોથી લાકડી લેવી પડે. એવી રીતે માંનીનતાનું છે.

બોલ રાખશે તે સુખી થશે. જે દીવામાં નારાયણ નરસીએ બોલ ન રાખ્યો તો દુઃખી થયા તેમ તથા દીવાનનાં કાંડાં કાપવાનો ઠરાવ તોય પણ બોલ જાવા ન દીધો અને જીવ ખોવા બેઠો. તોય પણ બોલ રાખ્યો. તે તો માન તથા પૈસા સારૂં તથા કૃતઘ્ની ન થવાય તે સારૂં તો આપણે કલ્યાણ સારૂં કેક ન રાખવો? રાખવો જ અને તે રાખશે તે જ સુખી થશે.

શાસ્ત્ર અને ગુરુનો વિશ્વાસ હોય તો ઘાંચ આવે નહિ. શાસ્ત્ર સમજે જે આ ખરૂં છે અને ગુરૂ કહે જે આ સાચું છે તે વિશ્વાસ હોય તો ઘાંચ ન આવે. જે એ કહે તેમ કરે એટલે શાની ઘાંચ આવે? માટે વિશ્વાસ રાખવો. વિશ્વાસીનું વચનામૃત છેલ્લાનું ૧૪/૯.

વૃત્તિ કુંવારી રહે તો હરિ વરે. અંતરમાં કંઈ આકાર બંધાવા તથા બાંધવા દેવો નહિ તથા બાંધવો નહિ, જેથી અંતરની વૃત્તિ કુંવારી રહે તો અંતરમાં ભગવાન સાંભરે તો સુખ આવે અને ન સાંભરે તો શૂન્યનું સુખ આવે માટે વૃત્તિ કુંવારી રાખવી.

ગઈ દિવાળીએ સુડ કાઢ્યું તે સુડ તે શું જે અંતરમાં કંઈ ઘાટ ઉપજે નહિ તે શૂન્ય, તે હોળીએ ઉડેલું ચોખ્ખું કર્યું જે કંઈ કંઈ કોઈને હોય તે સાફ થઈ ગયું અને આ સમૈયે ચોખ્ખું રહ્યું તે વાવશું તે દીવાળીએ ફુટું નીકળશે તેમાં મુદ્દાની વાત જે સર્ટીફીકેટ લીધા વગર ચલાવવું નહિ કહેતાં મહારાજ પાસે આજ્ઞા માગવી.

બ્રહ્માંડના પીંડમાં છે એટલે વવાયુ કહેવાય એટલે કે બ્રહ્માંડના જે ભગવાન છે તે પીંડમાં છે એમ જણાય ત્યારે જાણવું જે વવાયું.

હવે નહિ વાવવાનું કોને જે બગદો રાખશે તેને. હૃદયમાં કંઈ સ્વાદ છે એમ જણાય તો જાણવું જે બીજ વવાયું. વાવવામાં ઘણા ભેદ છે. જેમ ખેતરનો ધણી મન-ગમતું વાવે છે-જે વાવવું હોય તે-તેમ ભેદ છે.

હવે ઉગેલાને જે હૃદયને વિષે ભગવાનમાં રહે તો સંકલ્પ ન થાય તે દરવાજે રહેવાય, ત્યારે જેટલી જેટલી વૃત્તિ તૂટે નહિ તેટલું તેટલું ઉગ્યું કહેવાય.

પહેલું ડુંડું ભગવાનરૂપી આવશે તેને ત્યારે રક્ષણ કરવું પડશે. તે જો યાદ નહિ રાખે તે બીજું મહીં પેસી જાય તો પહેલું ડુંડુ આવશે પણ કરડશે અને ફુટશે પણ જવાનું નથી. ફાંસલા ફુટશે. પણ પેલાના જેવું નહિ. અને કરડીને જે ખાધું તે તો મધ્યમ કનિષ્ઠ થવાનો પણ ઉત્તમ નહિ.

સિદ્ધિ, બૈરી, ઐશ્વર્ય અને ધન તે સંતાડે સુખ છે. તેને હજાર જણ લેવા વાળાં હોય છે. સિદ્ધિઓ ઠગારી છે. માનહોય તો પાડે ખરી. ઐશ્વર્યમાં પણ એવું-બૈરીને સાચવે પાર. ચોર ધન લેનારા ઘણા. સ્ત્રીને ધન લેનારા ઘણા પડ્યા છે.

પીંડના ભગવાન જ્યારે થશે ત્યારે આ લોક અને પરલોકની જીત થાશે.

કોઈનું ખાધેલું ખાવું નહિ કહેતાં જેનું ખાધેલાનું પીધેલાનું ધખતું હોય અને જે ખાય તે શાંન્તિમાં હોય તો તે શાન્તિ જાય અને ઘટીને પેલા જેટલું થાય. પછી ધીરે ધીરે મટે. જેવો ભગવાનમાં વેગ તેવું મટે. તે શાર્દુલ ભગતને ઉમેદ ભગત મળ્યા. ફક્ત એવું જ થયું તેમાં શાર્દુલનું અંતર ધખી ઉઠ્યું તે ત્રણ ચાર મહીને મટ્યું. તે જેવા પહેલે હતા તેવા થયા. પછી ચઢીઆતું થયા પણ એટલે શેરનો તાંતણો તૂટ્યો. ખાડો ભરાવા આવ્યો અને પછી એકદમ છોડી મેલે પછી નીકળી જાય. પછી પાછું ધીરે ધીરે પાણી ભરાય, તેવી રીતે ખોટ ખરી.

ભગવાનના જેવાં આચરણ ન કરવાં. કહે તે કરવું અને કરે તે ન કરવું. રૂડું હોય તો કરવું પણ ભુંડું ન કરવું. તે શંકરાચાર્યે દારૂ પીધો તે ચેલાએ તે પ્રમાણે કરવા માંડ્યું તેવું ન કરવું. કહે તે કરવું. શ્રીજી મહારાજે ઘોડી ઉપર બેસી માથે સોનેરી પાઘ ઉપર પાણો લીધો તેવી રીતે કરે તેમ કરવું, જે શીખવ્યું જે આ કામ કરવાનું છે એમ વિચારવું પણ હરિ કરે અને આપણે બેસી ન રહેવું તે સ્વામીની વાતોમાં કહ્યું છે જે કોનું ધ્યાન કરે છે? જેનું તું કરે છે તે તો મજુરી કરે છે.

શાસ્ત્રથી અને સહેવાસથી એટલે ઓળખાણ પડી. માટે ભગવાનના પાર્ષદ મટીને વિષ્ટાના કીડાની પેઠે માયિક સુખ પંચવિષયનું સુખ ઈચ્છવું નહિ. વચનામૃત વડતાલ ૧૯ મુજબ વિષ્ટા જેવા-વિષય સુખને ઇચ્છવું નહિ. પ્રભુતા પહોંચે ત્યાં સુધી મનોરથ સિદ્ધ થાય કહેતાં જેમ જેમ ભગતપણું વધે તેમ તેમ સિદ્ધ થાય અને જેમ જેમ ઘટે તેમ તેમ ના સત્ય થાય. ભગત તથા મહાત્મ્યમાં ભેદ ઘણા છે.

'કહેવાનું બીજું રે, કે કરવાનું ત્રીજું' શાસ્ત્ર એ પહેલું કહેવાનું અને કહેવાનું તે બીજુ કહેવાનું અને ના સમજાય તો શાસ્ત્રે સમજાવીને કરી બતાવવાનું એ ત્રીજું.

સમૈયે નહિ આવે તેને નહિ વાવવાનું. તેની વિગત જે ઓપટીનું કામ હોય જે મુદત, નોકરી અને વાવવાનું એ ત્રણ ઓપાટી કહેવાય. તેમાં વાવવાનું હોય એ વખતે સમૈયો નથી. માટે નોકરીને, મુદત તે ઓપટીનું કહેવાય અને પછી પરતંત્ર પડ્યા તે કહેવાય પણ મન મુખી થઈને ના આવે તેને વાવવાનું નહિ.

સંવત ૧૯૬૯ના જેઠ સુદ ૨.

સવારમાં મહારાજે કહ્યું કે પ્રદક્ષિણા કર્યા વગર ખાવું નહિ એ નિયમ રાખવો. પછીથી દેશ કાલ આઠ જોવા પણ ઘોડા બચકું ન રાખવું, જે છેટે હોય તો શી રીતે પ્રદક્ષિણા કરે? તો તે વખતે મેળ નહિ-હઠ ન ઝાલવી તે ઘોડા બચકું ન રાખવું.

જે હરિભગત ભગવાન સામું જોઈ રહેતો હોય તેને બોલાવવો નહિ તથા પરગામથી આવ્યો જે ભગત તે જે તે ભગવાન સામું જોઈ રહેતો હોય ત્યાં સુધી જય સ્વામિનારાયણ પણ ન કહેવું. કહેતાં ભૂખ દર્શનની છે તે જયારે મટશે ત્યારે તેનાં નેત્ર ચંચલ થશે. અને પછી બધે જુએ કરે ફરે એટલે વૃત્તિ તુટે ત્યારે બોલાવવો. પણ જ્યાં સુધી એક વૃત્તિ કરીને જુએ ત્યા સુધી બોલાવવો નહિ કહેતાં ભૂખે કરીને સુખ આવે

તેથી જોઈ રહે છે. તે વૃત્તિ તોડાવીએ તે ખોટું છે. અને આવે કે તરત પાણી જમવાનું વગેરે પુછવું નહિ પણ પાસે લાવીને મૂકવું પણ કહેવું નહિ જે પીવો પરંતુ પાસે મૂકવું તે જ્યારે દર્શનની ભૂખ મટે ત્યારે પીવે તે ભક્તચિંતામણીમાં ૧૪માં પ્રકરણમાં છે જે જ્યારે ભક્તિ અને ધર્મને દર્શનની ભૂખ હતી તો કેવી રીતે કર્યું જે ।। હાથ જોડીને ઉભાં એક પગે। કોઈ મટકું ન ભરે દ્રગે।। તેવી રીતે એક લીન ભૂખથી જઈ જવાય. જેમ કામી પુરૂષને સ્ત્રી જોઈને એકલીન થઈ જવાય છે તે પાસે કોઈ હોય તેની ખબર રહેતી નથી તથા જેમ બદ્રીકાશ્રમમાં મુનિ વાત એક ચિત્તે સાંભળતા હતા તે વાતમાં દુર્વાસા આવ્યા તે ખબર રહી નહિ. તેમ દર્શન એક ચિત્તે કેમ ન થાય? ભૂખ જેટલી હોય તેટલું જ જોવાય પછી તો ઈન્દ્રિયો ચંચલ થાય માટે દર્શન વખેત એક ચિત્ત થયું હોય તો બોલાવવું નહિ.

અસુરને દંડ દેવો તે જ દયા કહેવાય તે વાત ભક્ત ચિંતામણીમાં છે જે દંડ કરે તે જ દયા કરી કહેવાય.

સંવત ૧૯૬૯ જેઠ સુદ ૫

જગતની વાત સાંભળવી જ નહિ. કુસંગથી અળગા રહેવું. તે ધર્મભક્તિને વાટમાં કુસંગ થયો જે અવિદ્યા મળી તે તેની જોડે વાત કરી તેથી અંતર ધખી ઉઠ્યું જે પશ્ચાતાપ થયો અને પછી તે વિઘ્ન મટાડવા માળા ફેરવવા માંડી માટે બનતા સુધી ન કરવો.

૧૯૬૯ જેઠ સુદ ૧૧ રવિવાર.

બે ખેતર હોય તેમાં એક ખરસલું કાઢીને વાવ્યું અને એક ન વાવ્યું પણ બંને ખેતર લીલાં દેખાય પરંતુ પેલા વાવેલા ખેતરમાં દાણા આવે અને ના વાવેલામાંથી ખરસલું આવે તેમ જે વસ્તુ ધર્માદા કરી કે આટલું મારે થશે તો આમ કરીશ અને વિચાર થયો ને ધર્માદા વિચાર માંડી વાળે અને મન ફરી જાય તો ભગવાન બીજામાંથી ન આપે તે કર્મફળદાતા છે. તે માટે મન ફરી જાય તેવું કામ ન કરવું. ધર્મ સંબંધી કામ તત્કાળ કરવું. શિક્ષાપત્રીમાં છે જે વચનામૃતમાં સિદ્ધ દશાને પામ્યો હોય તો પણ મનનો વિશ્વાસ ન કરવો, છે સુરજબા ભઈજીકાકાનું મન રૂપબઈની રસોઈ વખતે ફર્યું. માટે મન ફરવા દેવું નહિ. નહિ તો ધર્માદા આદીનું મન ન કરવું. આ વાત ફર્યાની

સુરજબાના બાપ ઉપર છે તે વિવાહ સંબંધમાં વિવાહનો કરાર ફોક કરાવે તો આમ ભગવાનને આપીશ – તે મન ફર્યું માટે ફરવા દેવું નહિ.

સંવત ૧૯૬૯ જેઠ સુદ ૧૫

ધુળાભાઈ ઝવેરભાઈ કુંટુ કુટીને સાચવે નહિ તો વધે નહિ. ગટીયું રહે. ફૂટે અને કરડે. ફૂટે અને કરડે તે કરડતું શું જે નિર્ગુણનો સમય જ્યારે આવે ત્યારે તે તક સાચવે નહિ તેથી વધે નહિ તે કરડ્યું સમજવું.

પ્રેમીને (સુરજબા ઉપર) સુખ દુઃખ ઝાઝું જે બીજે વહાલ આવી જાય તો તેમાં મન ચોટે અને તે પ્રેમી ધ્યાન કરે ત્યારે જે વસ્તુ ધ્યાન કરતાં આડી આવીને ઉભી રહે. અને તે વખતે ભગવાન આગળથી ખસે નહિ તો તે પ્રેમીને કપાળમાં બળબળતો ડાંમ દે તેવું વસમું લાગે. તે ઝાઝું પ્રેમીને દુઃખ છે. તે પ્રથમ ૪૪ પ્રમાણે એક ભગવાનમાં પ્રીતિ રહે તો પ્રેમીને ઝાઝું સુખ છે. જેમ ગરીબને કોદરાનો રોટલો ખાવો પડે અને તે સારો લાગે પણ તેને જો દાળ ભાત રોટલીનો ભોગવટો થયો તો કોદરા ખાવા પડે તે વસમું લાગે, તેમ જેને ભજનના સ્વાદનો ભોગવટો થયો હોય અને વિષયના સ્વાદનો ભોગવટો કરવા જાય ને થાય તો દુઃખ થાય માટે બીજા ઉપર હેત ન રાખવું. છેલ્લાનું ૩૮ તે છ વાનાના વચનામૃત મુજબ.

સંવત ૧૯૬૯ જેઠ વદ ૨.

જોવાનું કહેતાં વિજ્ઞાન તે જ્યારે પ્રથમ જ્ઞાન સર્વનું થઈ જાય ત્યારે દેખાય તો સુખ છે અને જ્ઞાન થયા વગર એકદમ દેખાય તો દુઃખ છે – મુંબઈના છોટાલાલ શેઠની પેઠે–માટે જ્ઞાન થઈને જોવાનું સુખ છે. પહેલું જોવામાં દુઃખ છે.

જેઠ વદ ૩.

ભઈજીકાકા તથા સુરજબાને પૂજા નહિ તે ઉપર વાત. ધનપણામાં જુદુ રહ્યું તો તે અક્ષરનો અધિકારી નહિ. અને પાંચમામાં ધનની આસક્તિ ઉઠી જાય. ત્યાર પછી પૈસાનું જુદુ નહિ રહે. અને જો નિશ્ચય તથા ઉપલી ઘાંચ પહેલાં તથા ધન જુદાપણામાં દેહ છોડવાનો આવે તો જ્ઞાન લગાડવું જે ધન છે તે દેહને અર્થે છે તે દેહ તો ચાલ્યું માટે હવે ધન આપણું નથી, તે જ પ્રમાણે જો વિચાર દેહ છોડતાં રહે અને મુર્તિમાં જોડાય તો અક્ષરનો અધિકારી ખરો.

સંવત ૧૯૬૯ના જેઠ વદ ૭

કોઈક હરિભક્તે જમાડવાનું કહ્યું પછી તે નિમિત્તે વાત નીકળેલી તે છે. જીવ

માત્ર વિષયના માનથી જીવે છે. ખરૂં કહેતા તે આનંદમાં રહે છે. ગમે તો ખાધા પછી ન ભાવે ન પચે તો ભલે પણ તેમાં મન થયા વગર રહે નહિ. આનંદ તેમાં રહે અને દુઃખ થાય તે ખાધાથી-તો પણ તે સંભારે. બીજાને વાત કરે તો તેમાં આનંદ થાય. તે ધુળાભાઈને સાધીમાં ખાધાથી દુઃખ થતું. પણ તેનો જશ ગાય. અને તે ગાતા તેમને - કહેતાં આનંદ થતો કહેતા શોક થયો નહિ. જેનું દુઃખ મનમાં હોય તો દુઃખ કહેતાં થાય. માસ્તર ગોવિંદભાઈને બોરસદમાં ગીરધરલાલે મોઢું ઝાલીને ખવડાવ્યું. તેથી દુઃખ થયું. મોંઢામાં આખો લાડવો પેસે નહિ અને અકળાય પણ છતાં ખવરાવે અને તેની વાત જ્યારે કહે ત્યારે કહેતાં આનંદ થાય જે કેવો પ્રેમ છે! તે કહેતાં શોક થતો ન હતો. આનંદ થાય. અને જેનો અભાવ મનથી હોય તો કહેતાં દુઃખ થાય છે એટલે તે વિષયમાં સુખ જ માન્યું છે. દુર્વાસાને થાળ જમાડ્યા તો પણ ઉપવાસી છું એમ કહ્યું તે થાળ વિષયમાં આનંદ માનેલો તેથી ઉપવાસી છું એમ આનંદ માન્યો અને તેને તે જ્યારે બદ્રીકાશ્રમમાં ગયા ત્યારે માન ન મળ્યું ત્યારે શાપ દીધો તે શું તો માન તથા વિષયથી જીવને આનંદ છે.

અષાઢ સુદ ૧૪.

ધોરી ભગત નિંદવા જતા તેથી તેમની ઉપર કહેલું જે જેમ તમારે થોડો થોડો વરસાદ નથી આવતો તો ભોંય સુકાઈ જાય છે અને વધારે વરસાદ આવે તો ગદગદ થાય અને થોડો થોડો વરસાદ આવે તો સારૂં નિંદાય અને ન આવે તો ખરપડી ખસર ખસર થાય, તેમ જો વધારે શાંતિ આપીએ તો છલકાઈ જાય છે અને નથી આપતા તો સારૂં થાય. માટે થોડે થોડે રાત દહાડો સાંજ સવાર શાંતિ આપીએ છીએ. તો ખસર ખસર ખસી જવાતું નથી. માટે મારે હટ લઈને કેમ ન થઈ જાય? તેમ ન રાખવું. જેને જેમ ઘટે તેમ કરશે માટે જેમ ભગવાન કરતા હશે તે સારૂં કરતા હશે.

એકાદશી કરવી એમ મહારાજે પોતા ઉપર કહ્યુંજે મારે આ એકાદશી કરવી તેની રીત જ આજ તો એક વખત ખઈને પછી બીજીએ ફરાળ કરીને અને ત્રીજીએ નકોઈડી કરવી અને આજ અગીઆર વાગ્યા સુધી જાગરણ કરવું એમ બોલ્યા. પોતા ઉપર કહે એટલે કોઈ હરિભક્ત સામો થાય નહિ. તેમાં નકોઈડી, ફરાળ કરીને તથા એક વખત ખાઈને કરવી એવા ભેદ છે. જેવી શ્રદ્ધા, જેવી અવસ્થા અને લોકની નિંદા માટે મન કર્મ વચને ભક્ત થાવું. તેમાં કર્મનો ભેદ પડી જાય. માટે માળા એકાદશી પૂજા ઈત્યાદિક જેવું પરોક્ષમાં છે તેમ કરવું તો કર્મે પુરો થવાય અને આપણે તો સદાય એકાદશી કરવાનું કહ્યું છે પણ વખત આવે ત્યારે કહેતાં બદ્રીકાશ્રમ જેવું થવાય ત્યારે તે

વચનામૃત મધ્ય ૮. તો કોક કહેશે જે 'સુફળ ફળી હું તો હરિને મળી.' તે તો ખરું પણ ક્રમમાં ફેર પડે છે અને નિંદા મટે તેમજ કર્મ વચને જે ભગત હોય તેમાં હું નિવાસ કરીને રહું છું.

૧૯૬૯ અષાઢ વદ ૧૦ સોમવાર

બ્રહ્માંડના ભગવાન સાથે હેત તો હંમેશાં રહેવાનું અને અંતરમાં સાક્ષાત મૂર્તિ દેખાય તોય રહેવાનું અને અહિં ભાદરણ આવવું પડવાનું. તે જુઓને આત્મા (હરિ ગાંડીને) ને નાનપણમાંથી હરિ મુર્તિ દેખાતી પણ આવ્યા વગર નહોતું ચાલતું અને હેત પીંડના કરતાં બ્રહ્માંડ સાથે વધારે છે. પણ જ્યારે અક્ષરરૂપ થઈને સાક્ષાત મુર્તિ દેખાય ત્યારે બેય સરખું થવાનું - પીંડ બ્રહ્માંડમાં એકતા થાય એટલે કહેતાં જળના ટીંપાની પેઠે અનંત કોટી બ્રહ્માંડ દેખાય તો આવવા જવાનું ક્યાં રહ્યું? અને આ ઓસરી ગઢડું છે જ નહિ તેમ બેયની એક જ મુર્તિ દેખાય. તોપણ અજ્ઞાનીની પેઠે ગાડીએ, ગાડે ચાલીને જવું આવવું. મનને વેગે ન ચાલવું. તે સ્વતંત્ર છે પણ જે વખતે જેનો જેવો પ્રેમ તેવી વાત-સામાસારૂ-તે ઉપર મહારાજની વાત-સાધીનાં ડોશીને દર્શન દીધાં તે-વળી કહ્યું કે હું અનંતરૂપે થાઉં છું તે શું જે બીજું દેહ ધરે અને આ દેહ જવું હોય તો જાય પણ કોઈને ખબર ના પડે. કેમકે મનને વેગે દેહ એટલે જાજરે જાઉં, ઘરમાં જાઉં અને મનને વેગે જાઉં એને પાછા તરત પાછા આવીએ તેમાં કો જાણે અને કોણ કળે?

સંવત ૧૯૬૯ અષાડ વદ ૧૧ સોમવાર તા. ૨૮-૭-૧૯૧૩

સારંગપુર ૧૬ નરનારાયણ તપ કરે છે તે પોતાના ભક્ત સારૂં કરે છે. જગત સારૂ નહિ. તે તપ સરખું કે દરરોજ કે એકદમ કે કેવી રીતે વહેંચવાનું? ઉત્તર જે કેટલાકને ખબર પડે નહિ અને કેટલાકને પડે મહીને, વરસે, પંદર દહાડે કે દરરોજ એવા ભેદ તે પ્રમાણે જણાય જે મારૂં આટલું વધ્યું. જેમ ગામના ગૃહસ્થ તે ગૃહસ્થ ગૃહસ્થમાં ભેદ-તેવા ભેદ નિશ્ચય ભાવ, વેગ તે પ્રમાણે વધે. જેમ કુવો હોય તેમાં પાણી લેવા જેની જેવી શ્રદ્ધા વેગ તેવું પાણી જાય તેમ જેનો જેવો વેગ તે પ્રમાણે વધે તે કંઈક કરે તેમાં વધારે વધે. એ તપ કરે તે ફાયદો છે. વેગવાળાને દરરોજ જણાય.

હેત હેતમાં ફેર-વૈરાગ્યનું, જ્ઞાનનું, સમજણનું, ઇત્યાદીનું હેત જુદુ જુદુ છે તેનું ફળ જુદુ જુદુ.

વહેવારના ટકોરનો પાર નથી આવતો કલ્યાણના માર્ગના ટકોરાનો પાર કેમ આવે? માટે ભાઈબંધી બાંધીને કંઈ વાસના ન રાખીને એક હેત જે સંભાર્યા કરવા.

ધીરે ચાલે છે તો છકી જાય છે, તો ઉતાવળથી ચાલે તો છકી કેમ ન જાય ત્યાં નાથાભાઈનું દૃષ્ટાંત જે હું અક્ષરનો અને તું ગૌલોકનો.

વાસનાના ભેદ-વાસના રાખેલી હોય તે બીજી વાસના રહી જાય તે અને ત્રીજી એવી હોય તે કાઢે તો નીકળે.

જો કાઢે તો વિઘ્ન આવે નહિ. રાખી રહી છે. પણ રાખનારનો વિચાર જોઈને ભગવાન કાઢી નાખે. મરજી જોવા બેઠા છે. સંકલ્પ ભેળો જીવ ભળે તો વાસના રહે અને ઉગે અને ખોટી કરે તો ના રહે.

ભેગું રહેવાનું તો જેટલી ભૂખ હોય તેટલું રહેવાય. પણ ભૂખ ન હોય અને રહે તો અભાવ ઈર્ષા અવગુણ થાય. માટે ભૂખ જેટલું ભેગું સારૂં તો સ્વાદ આવે. તે વડના છાંયાનું દૃષ્ટાંત જે તાપેથી છાંયે આવે તો સ્વાદ આવે. અને છાંયડાવાળાને તેનું કંઈ મહાત્મ્ય નહિ તેમ છે. માટે ભૂખ જેટલું સ્વાદ અને શાસ્ત્ર દૃષ્ટિ જોઈ વિચાર જબરો રાખે તો મહાત્મ્ય રહે નહિ તો ના રહે.

ધુળાભાઈ કહે નિશ્ચય નથી થયો? ઉત્તર જે અનુભવ જેમ જેમ થશે તેમ નિશ્ચય થશે.

તા. ૨૯-૭-૧૯૧૩.

વચનામૃત મધ્ય ૪૫ માં છે જે 'સુધા સાવધાન રહેજો, નહિ તો પગ ટકશે નહિ.' તે નાથાભાઈ, મણીભાઈ, ગોવિંદભાઈ માસ્તર, કુબેરભાઈ ઇત્યાદિકનો પગ ના ટક્યો.

બધું મેલીને જેટલું ચિત્ત ભગવાનમાં રહે એ સાચું અને બીજું જુઠું પણ વાસના મુકીને ભગવાનનું ચિંતવન કરવું.

તા. ૨૯-૭-૧૯૧૩.

(નાથાભાઈને શીખામણ.) ઓ નાથાભાઈ, હું ભગવાન છું એવી માનીનતા

ન રાખવી. અક્ષર સુધી રાખવી પણ હું ભગવાન એવી ન રાખવી. તેથી વેર થાય. જે તું ગૌલોકનો અને હું અક્ષરનો એમ વેરવૃત્તિ થઈ જાય. જેમ થતું હશે તેમ સારૂં થતું હશે, કેટલાક બચશે. બીજા શીખામણ લેશે. પણ આપણે હવે સાચવવું. ભગવાનને કેવું કરવા વિચાર હોય અને તેમાં આપણે કેવું કરવા બેસીએ? તે આપણું તો ન થાય. તેમ બીજાને પણ જ્ઞાન કરીને શીષ્ય કરી ગુરૂ થઈ પડુ તેવું ન કરવું. ખપવાળાને બે બોલ કહેવા વચનામૃત મધ્ય ૫૭ માં કહ્યું છે તેમ જે મારૂં જ્ઞાન શા કામમાં આવ્યું? ખર્ચ્યા વાપર્યામાં ધન ન આવે તે ધૂળ. તે ખપવાળાને કહેવું પણ ગુરૂ થઈ પડવું નહિ. અહિં મુર્તિ સામું જોતા નથી અને મામાને કાગળ દ્વારે જ્ઞાન કરવા જાઓ છો તે આ લોકનું શું કાઢવાનું છે? પણ પરલોકનું આવરણ કાઢવાનું છે, તે જે. ઇચ્છા હોય તે રૂપે સિદ્ધિ આવીને પાડે.

સુખ લેવાને અર્થે વૃત્તિ તૂટે છે અને પાછો સાંધે છે એટલે પ્રીતિ તો જ્યારે વધારે સાંધે એટલે પ્રીતિ તૂટે નહિ.

અજ્ઞાની અજ્ઞાને દેહભાન ભૂલે છે અને તેમ જ્ઞાની જ્ઞાને દેહભાન ભૂલે તે જ્ઞાન એ જે સુખ છે તેથી ભૂલે અને અજ્ઞાની માને જે ઉંઘમાં સુખ છે તેથી દેહભાન ભૂલે.

## ધુળાભાઈના ડોસાની વાત.

જે પેટ ધર્યો છોકરો તે કલ્યાણ થાય. તે કલ્યાણ જે જેવો ભાવ કહેતાં જેવો દોષ પરઠે તેવો થાય. તે એ પરઠે છે જે બાંધી નાંખે છે તો તેને બીજે જન્મે બાંધી નાખે એવી સત્તા આવે.

ઘાંચો દરેકને જુદી જુદી આવે છે તે જુઓને કુબેર ભાઈ, ગોવિંદભાઈ, મણીભાઈ, નાથાભાઈ, હફહફ હીંડે છે અને આવે છે તે સૌ સૌની ઘાંચો જુદી જુદી તે બીજાને સાચવવાની છે. સુખદુઃખ ગમે એટલું થાય પણ છૂટવું નહિ. વેઠી લેવું.

બ્રહ્માંડના ભગવાન સાથે સામું થઈએ એ સારૂં નથી. તે વગર ચાલવાનું નથી.

મંડળમાં ભળેલો સારો કે ના ભળેલો સારો. ભળેલો પાછો પડે તો દુઃખ. વચલાને દુઃખ. મરણીઓ ન થાય અને ધીરે ધીરે પૈસા ધન આલીને જીવતો રહે અને મંડળીમાં રહે તો વધે અને મરણીઓ થાય. તો તો 'તન મન ધન હરિ ચરણે ધરે તેની સુંદર શ્યામ સા'ય કરે.

સ્ત્રી પુરુષને બંનેને જેવું દુઃખ છે તેવું બીજું નથી માટે પરણવું નથી એ માટે નારાયણને ના કહ્યું અને તે વાતમાં દર વર્ષે વાપરવાના રૂપીયા પચીસ આપવાના કર્યા.

સંવત ૧૯૬૯ના શ્રાવણ સુદ ૧૩.

વચનામૃત છેલ્લાનું-૨૧. 'આત્મા સત્તારૂપ થઈને ભક્તિ નહિ કરતા હોય તેનું રૂપ તો આ સત્સંગમાં ઉઘાડું થયા વિના નહિ રહે.' તે આ બધાનાં રૂપ જણાય છે જે નાથાભાઈ, કુબેરભાઈ, મણીભાઈ, રાવસાહેબ, ગોવિંદભાઈ ઈત્યાદિક.

પોણી ચોવીસ કલાક વૃત્તિ રહે અને પા કલાક વૃત્તિ રહે તે બંનેનું દુઃખ સરખું. જેમ ચાર છોકરા હોય અને ધીરે ધીરે મરે તે વીસારે પડે તેમ. એટલે ભક્તને ભક્તિનું દુઃખ જણાય નહિ.

સંવત ૧૯૬૯ શ્રાવણ સુદ ૧૫ શનિવાર.

બ્રહ્મરૂપ થવાય તો રહેવાય અને થવાય તો છેટે રહો તોય ઢુંકડું છે એમ દેખાય.

શ્રાવણ વદ ૧ રવિવાર.

વચનામૃત લોયાના ૧૦ માં માયાની વિગત છે જે માન એ લોકની માયા. ધન એ પેટની માયા છે. ઉંઘ એ જીવની માયા છે. સ્ત્રી એ દેહની માયા છે. જ્યારે આહાર જાય ત્યારે નિંદ્રા તથા વીર્ય ઓછું થાય.

શ્રાવણ વદ ૨.

ધુળાભાઈની ટેવ જે કોઈનું ખોતરવું. ખોતરવાથી હિંમત જાય અને ભાગે તે પાછો પડે. ખોટું લાગે. સાંભળનારાનું અંતર ધીખે. હિંમત જાય એવું ખોતરવું નહિ. હિંમત રખાવવી. ખોવી નહિ. અને જાણી જોઈને ખોવરાવે તો પાપ લાગે. તો 'પાપ અનેક જન્મનાં આવી મળ્યાં રે, તેમાં તારી મતિ મલીન થઈ મંદ' તેથી ભગવાન સાંભરે નહિ.

કિશોર અવસ્થા, ૧૬ થી ૧૭ મું વરસ નહિ દેખવાનું. તે તમારી દિવ્ય દૃષ્ટિ થશે ત્યારે જેમ જેમ થશે તેમ તેમ ગૌલોક વૈકુંઠ અહિં દેખાશે. અક્ષરધામ પણ અહિં. જવું પડવાનું નહિ.

તન મન ધન દીધામાં જેટલો ફેર તેટલી હૈયાની હામ પુરવામાં ફેર પડવાનો. પુરૂં દેવાય તો હામ પુરી થાય. અધુરૂં દેવાય તો હામ અધુરી પુરાય. તન દીધું જે કંઈ પણ ખપ વિનાનો ઉદ્યમ ન કરે અને નવરી વેળા દેહ હાલવા દે નહિ મનનું પણ સંકલ્પ ખપના થવા દે અને ન ખપના ન થવા દે. ધનમાં પણ ખપ જેટલો ઉદ્યમ કરે. વચનામૃત સાળંગપુર ૪ પ્રમાણે.

નિર્વિકલ્પ સહેલો જે ઝટ ગબડાય – મોભારેથી – માટે ઝટ હીંડાય – પણ ખસ્યો તો પડ્યો ઠેઠ – પણ પડવાની બીક રાખે તો સહેલું – નહિ તો અઘરું માટે વિચાર રાખવો. માટે પ્રભુ પ્રસન્નતા વગર ઇચ્છા ન રાખવી. પણ વિઘ્ન પડે ત્યાર પછી બીક રહે ખરી.

સંવત ૧૯૬૯ શ્રાવણ વદ ૫

કારીયાણી ૧૧. રસના ભોગ વિલાસ તે ભોગ ખાવાનું અન્ન, મીઠું, પાણી કઢી, દાળ, ખીચડી,ભાત ઇત્યાદિક ખાવું અને ઘી ખાંડ ના ખાવું અને તે પણ મન જીતાય તો, નહિ ખાવાનું. નહિ તો ખાવું. પણ સમાગમ હોય અને સ્વાદ ન મળે તો નાસવું નહિ. ખાવાના સ્વાદ ઉપર શ્રીજી મહારાજના વખતમાં એક ભક્ત હતો તે સમાગમ કરવા આવ્યો પણ આંબલી ખાવા ન મળે તે નાસવાનું કર્યું. ત્યારે મહારાજ કહે જે આંબલી આપશું ત્યારે તે રહ્યો. તેમ આપણે ન કરવું. ખાવું પણ નાસવું નહિ આજ્ઞા કરે તો જવું. આજ્ઞા કરે છેટે જવાનું તો આજ્ઞાએ અહિંના જેવું સુખ આવે. સુખ આપવાનું હાથમાં છે ને? સ્વાદ આપે છે તે નાસશો નહિ. તેમાં ગોવિંદ ગીતા અધ્યાયમાં છે તેમ.

ભજનથી દહાડો રાત કેમ જાય? તો કારકુન લખી લખીને, મોચી સીવી સીવીને, ખેડુત ખેતી કરી કરીને, દરજી સીવી સીવીને, સુથાર ઘડી ઘડીને, તેમ આપણે ભગવાન સંભારી સંભારીને તથા કીર્તન કથા, વાતો અને ધ્યાન તેણે દહાડો કાઢવો.

આત્મારૂપ મનાશે તો તેને સંસાર નથી અને વર્ણ, આશ્રમ, નાત જાત છે ત્યાં લગી સંસાર છે. સ્વામીની વાતોમાં છે જે સ્ત્રી માનશે તો પુરુષ જોઈશે અને પુરુષ માનશે તો સ્ત્રી જોઈશે. ત્યાગી, ભોગી, સંન્યાસી, ગૃહી, રાંડેલી, માંડેલી દરેકને જોઈશે.

આજ્ઞા લોપે તથા ગાફલમાં દુઃખ આવે માટે દુઃખ તો વેઠવું. ખાવા, પીવા, જોવા, હસવા, બોલવાનું ન ગમે અને બોલે તો ગાફલ કહેવાય. ખપ વિનાનું કરે તે ગાફલ. જેમ કોળીએ કોળીએ ભૂખ જાય છે તેમ માળાના મણકે મણકે ભૂખ જાય એવો માળામાં સ્વાદ છે તે જ્યારે, જેને અનુભવ થશે ત્યારે ખબર પડશે.

સંવત ૧૯૬૯ શ્રાવણ વદ ૬ શનિવાર.

જે કંઈ આપે તે પોતાના જીવના રૂડા માટેજ આપે. પણ એમાં કંઈ લોભ ન રાખવો કે આણે આપ્યું અને આણે ન આપ્યું. એમ ન રાખવું જે આપે તે એના જીવના રૂડા માટે આપે પણ ના આપે તેમાં ઈર્ષા ન કરવી. માસ્તર ગોવિંદભાઈ કપડવંજ મણીલાલ રાવસાહેબને ત્યાં ગયા. તે કારખાનામાં સાબુ આપ્યો તે મણીલાલને મફત આપ્યો અને માસ્તરે ૦ ।। રૂ ।. એ વેચાણથી લીધો પણ એમ ન કહ્યું જે આ તમારો છે, લ્યો. તે ઉપર અચળ મુકામે વાત નીકળી. તે બોલતાં માસ્તરની જુબાની ઈર્ષા જેવી જણાઈ, તે મહારાજે વાર્યા જે એમ ન કરવું.

બીજાના પંચવિષય કરતાં ભગવાનનો વધારે સ્વાદ આવે ત્યારે પતિવ્રતાની ભક્તિ કહેવાય અને પ્રથમ ૨૬ પ્રમાણે જો બીજે જણાય તો અવિવેકી જાણવો.

શ્રાવણ વદ ૭ રવિવાર.

માળાની પેઠે ખસી જવાનું છે તે ગુણ લેવો. ઐશ્વર્ય આવે તો પણ દેખાડવું નહિ અને આવે ત્યારે બારૂં કાઢવું. બતાવવું નહિ. પરલોકની સાયબી છુપાયે પાર. હવે ખસી જવાનાં બારાં જે કોઈ કહે જે નદી માગે માગ દે. ત્યારે કહેવું જે તમે પડો હમે સાચા હશું તો તમે બુડશો અને જુઠા હશું તો તમો તરશો. એવી રીતે અનેક બારાં કાઢવાં. ના ચાલે નહિ તો નમી દેવું એ સારૂં પહેલા નંબરનું.

વાડા બાંધે છે તેનું શું પ્રયોજન છે તે અનુભવ દેખાય નહિ. હજાર શાસ્ત્ર વાંચે તોય દેખાય નહિ. હજારો માણસની સામે જીવે. નાસ્તિક થઇ જવાય નહિ. આસ્તિક ભાવે ઝાઝા સામે રહે. એ બધી સાક્ષીઓ રાખે જે હમારે વધારે માણસ છે.

ભાઈબંધ ભગવાનને કહેવા. જગત જીતવાની કુંચી મનાવશું. બાઈ ભાઈને કહેવાની કુંચીઓ હરિ પાર થવું. જીતવાની કુંચીઓ – ભઈબંધ – એ પછી જેને જે ફાવે તેમ કહેવાનું – સામાને જે પ્રમાણે આનંદ રહે તેમ કહેવું. પ્રશ્નનું સમાધાન થાય તેવું કહેવું. અરે શું? તે વખતે ભગવાન ઉપાડે. ગોળી શું રાખવું પડે! ચાલતા સુધી નમી દેવું એ સારૂં છે. પણ છેવટ ના ચાલે તો પ્રાર્થના કરવી તે ભગવાન સહાય કરે. કેમકે સૌના અંતરમાં ભગવાન રહ્યા છે અને વિચાર રૂડો રાખવો. સામાનું ભૂંડું થાય તેવો ન રાખવો. અને ભાઈબંધ ભગવાનને કહેવા એ રીત પ્રાગજી મહારાજે પાડેલી છે જે મારા ભાઈબંધ આવ્યા માટે ભાઈબંધ કહેતાં અચકાવું નહિ.

મધ્ય ૫૮ પુષ્ટીનું મણીલાલ ઉપર.

ચરિત્ર દસ બાર વરસનાં લખી રાખીને વાંચી યાદ રાખ્યાં હોત તો અવગુણ ન આવત. ન આવવું હોય તો ના આવે. પણ અવગુણ ના લે. માટે લખી રાખવાં. પાછલાં અને ચાલતાં ચરિત્ર લખી રાખવાં એમ માસ્તર ગોવિંદભાઈને આજ્ઞા કરી. ગુણ ઉપડે ત્યારે જોડાય પણ કાંઈ તાંત રાખી હોય તો લાંબુ પાછલું આવડે અને એક સમૈયાનું તો એક તરંગ બનાવો. રામવાળાને રામાયણ વાંચવું ગમે, કૃષ્ણવાળાને ભાગવત વાંચવું ગમે, શ્રીજીવાળાને વચનામૃત, શિક્ષાપત્રી, ભક્તચિંતામણી વાંચવી ગમે, અને પુરુષોત્તમવાળાને લીલા ચરિત્ર તરંગથી આનંદ થાય. એવો એકેયમાં આનંદ ના થાય. છેલ્લાના ૩૪માં જે જે ભગવત સન્મુખ ચઢાવવા તેને ધ્યાન ભજન કરવું પડે નહિ. કોક મજુરી કરીને આનંદ કરાવે. કોક લઢીને આનંદ કરાવે. કોક સાંભળીને આનંદ કરાવે, કોક જશ ગાઈને આનંદ કરાવે. તેમ આપણે આનંદ કરાવવો. તે માટે તમારે થોડું થોડું લખવું જેથી નવીન વાતે આનંદ થાય. નિર્ગુણમાં દેખાશે, ખાલી નહિ પડે. ઘરનું દૃષ્ટાંત જે પાયા કાઢીને બીજા નાખે ને જેમ ખાલી પડે છે તેમ નહિ પડવાનું તે માટે જોડવું અને આનંદ કરાવવો.

દ્રોહ કરે તે જુવે છે ભગવાન – ખમે એ જીતે. દેવાણ ખમ્યા તો જીત્યા તો બીજે દહાડે પધરામણી થઈ. માટે ખમવું અને નમવું એ સાધુનો ગુણ મધ્ય ૩૦ માં છે જે આંખ્ય ફોડે તે પણ ખમવાનું. દ્રોહ કરે તે ભગવાન જુવે છે.

રઘુનાથ એક રડતો નહોતો તે શું જે બધાને દુઃખે દુઃખી થવું જોઈએ માટે રડવું જોઈએ ભગવાન તો એક જગાએથી બીજી જગ્યાએ ગયેલા એ માને, પણ બધાને દુઃખે દુઃખી થવું જોઈએ. જેમ એકનો છોકરો મરી જાય તેમાં બધાને રડવું પડે છે તેમ.

પીંડમાં ભગવાન સાંભરે એટલું પુરણ અને ન સાંભરે એટલું અપુરણ. જે થાય તે મુર્તિમાંથી થવાનું છે. માબાપ બધી વાત જાણે છે. છ, પાંચ બાર પ્રકારનો થા કે ના થા કે આત્મારૂપ કે દેહરૂપ કે અમરરૂપ કે ગધાડારૂપ થા પણ વૃત્તિ ટકે એટલું પુર્ણ. માટે વાસના બીજી ન રાખવી.

બ્રહ્માંડના જોડેથી ભાઈબંધી તોડવી સારી નહિ સિદ્ધ થા કે સાધક થા. દુઃખ થા કે સુખ થા. ગમે તે થા. બેમાંથી એકનો દેહ જાય એટલે તૂટે પણ તે વગર તૂટે નહિ. શા માટે જે ધ્યાન કરતી વખતે ભગવાનમાં વૃત્તિ રહે નહિ. અને થોડીક વૃત્તિ સિદ્ધ સાધકમાં પાંચ છ પ્રકારમાં રહે. માટે ભાઈબંધી કરવી તે આ ટેકો સમમાં રાખવાનો ખરો ખપનો છે માટે ભાઈબંધી બાંધવાનો વિચાર રાખવો અને મૂઢપણું ભાઈબંધીમાં રાખવું. અખંડ ચિંતવનમાં કરવું પડે નહિ. ભગવાન મનોરથ પૂર્યા વગર ધામમાં લઈ જાય પણ રહેવાય નહિ. તેથી મા બાપની પેઠે મનોરથ પુરા કરશે અને ભક્તના મનોરથ પુરા કરવા અવતાર છે. માટે ઈચ્છાઓ માંડી વાળવી.

શ્રાવણ વદ ૭ રવિવાર.

ચીમનલાલનું પ્રશ્ન જે મૂઢ શું તો ઉત્તર જે કામ હોય ત્યારે કામ કરે અને નહિ તો અંતરમાં ઉતરી જાય. જેમ કામ હોય તો કામ કરે અને નહિ તો ઉંઘમાં જાય તેમ બીજું કંઈ ગોટાળો જ નહિ, કામ કરે નહિ તો વૃત્તિ રાખે. અંતરમાં ઉતરે ઉંઘની પેઠે અને કામ હોય તોય ઉંઘવું હોય તો ઉંઘે છે તેમ કામ મુકી દે અને અંતરમાં જાય અને પ્રીતિમાં આવું સુખ બીજે કંઈ નથી. માટે ઇચ્છાઓ તોડે પાર અને વિચાર રાખવો જે આવું સુખ બીજે કંઈ નથી. માટે ભાઈબંધી તોડે પાર આવે નહિ અને સમજણ તો

અનેક પ્રકારની છે. તે જે લાગે તે ખરી ગમે તેટલું તોય દસ વરસ કે વીસ પચીસ પછી અહિંનું અહિ રહેવાનું. શાહુકાર હોય કે ભીખારી પણ અચ્છેરથી વધારે ન ખવાય. અને શાહુકાર ને તો સામું ઓછું જોઈએ જે વિહારીલાલને નવટાંક કોદરી વડે દહાડો જતો-એવો વિચાર રાખીને વાસના જે ઇચ્છા-કામના તોડ તોડ કરવી. જે કુંચી કે કળા લાગે તે ખરી માટે સુખી રહેવું. દુઃખી ન થાવું.

મધ્ય ૬૨ વાસના લીંગ દેહનો નાશ જે ભજનનું સુખ આવે નહિ આત્મા સાથે વિચાર મળે ત્યારે વાસના લીંગ દેહ ગયો, જે વાસના ગઈ સ્ત્રી ન હોય તો ખાધામાં વલખું મારે નહિ તો પંચવિષયમાં વલખું મારે ત્યાર પછી વૃત્તિ તૂટે કહેતાં દેહાભિમાન રહે નહિ અને પછી બહાર વૃત્તિમાં આવે ત્યારે વલખુ મારે એટલે બહારથી વિષય મૂક્યા અને પછી આત્મામાં વિચાર મળે ત્યારે વાસના સપુજી ગઈ. આત્મામાં વિચાર મળે એટલે મહિંથી વિષય તૂટ્યા. અને બ્રહ્માંડમાંથી સાંધો કરતાં આવડે ત્યારે ચૌદ લોકમાં જેટલું અન્ન વરે છે તેટલું ખાય.

બારણે નીકળી જાય જે કહેતાં પડી જાય છે તેને આત્મનિષ્ઠા નથી અને સત્સંગમાં પ્રીતિ નથી તે પડ્યા.

૧૯૬૯ શ્રાવણ વદ ૮ સોમવાર.

આત્મા જયારે વ્યાપક થાય અને સત્તા ચાલે ત્યારે વિઘ્ન નહિ. માટે ત્યાં સુધી તો ઐશ્વર્ય છાનું રાખવું. હાથ ન રહે તો પણ ઉઘાડું કરવું તો નહિ જ . આત્માની સત્તા આવે ત્યારે ઉઘાડું કરવું તેમાં વિઘ્ન નહિ, નહિ તો માન આપીને પાડી નાખે. જગત ભગતને ભગવાન માન આપીને પાડે, જે આ બહુ મોટા છે અને માનીને માન ચડે તે ના સત્તા હોય તોય પોતાનામાં છે, એમ માનીને પછી ચલાવે અને પછી પડે. માટે સત્તા આવે ત્યારે ઉઘાડું કરવું. કરવું તો નહિ પણ ના ચાલે ત્યારે ઐશ્વર્ય છુપાયે પાર સિદ્ધિ, બૈરી, ઐશ્વર્ય, ધન તે સંતાડે સુખ. બૈરીરૂપી સિદ્ધિ, ધનરૂપી ઐશ્વર્ય છુપાયે પાર. જેમ જગતમાં ધનને સ્ત્રી સંતાડે તેમ પરલોકમાં ઐશ્વર્યને સિદ્ધિ સંતાડવા.

શ્રાવણ વદ ૯ મંગળવાર.

બૈરાં માંહેમાંહી કલ્યાણ નહિ કરે, કારણ કે જેમ જગતમાં બેનભાઈ સંસાર

માંડતા નથી કહેતાં ખોટે રસ્તે જતાં નથી તો સત્સંગમાં બાઈભાઈ કેમ જાય? અને જો જાય તો પ્રથમ ૧ ૮ પ્રમાણે બ્રહ્મરાક્ષસ કે ભૂત થાય.

રામાયણ સત્યુગનું અને વચનામૃત તે તો હાલનું છે માટે જે જે લખ્યું છે તે પુરૂં ઉતારવું છે.

શરીરમાં કથા વાર્તા કરતાં કે સાંભળતાં કંપારા વછુટે છે સવિકલ્પમાં મોટો અને નિરવિકલ્પમાં નાનો મુર્તિ ધારે ત્યારે હૃદયમાં ઠંડું થાય પણ કંપારા વછુટે નહિ. અને ઠંડું કેવું તો બોયલરમાં હાથ ઘાલે ઝેર પીવે તો પણ કંઈ થાય નહિ ત્યારે દેવનો દેવ થયો. કહેતાં અગ્નિ જળ તે ઈત્યાદિ પીડે છે અને તે દેવ છે પણ જો તે પીડે નહિ ત્યારે ગુરુ સર્વ દેવનકુ દેવકે ભગવાનની વાત નોખી છે.

પાપની વાત જે વાયરે સાઠ હજાર વર્ષનું પાપ બળે તે જુદુ સ્પર્શનું, રૂપનું, ઈત્યાદિ જે પાપ કહેતાં ખાધાનું, પંચવિષયનું, તિરસ્કારનું, ધુકારાનું, ઠુંસાનું, મુચીનું, હરિ લેવું, છીનવી લેવું, બીવરાવી લેવું ઈત્યાદિ પાપ છે ને ક્યારે મટે? તો પાપ કપાય અને અંતર ઠંડું જે કંપારા વછુટે તેણે કરીને હજારો વર્ષનું પાપ ઝપાટા બંધ જાય. સ્ત્રીનું ધ્યાન ધારણ થયેલું તે ભગવાનનું ધ્યાન કરે તો તે પાપ મટે તે છ પ્રકાર સુધી રહેવાનું.

રજોગુણમાં વહેવાર કરવો ગમે અને સત્વગુણમાં કરવો ગમે નહિ. ઈન્દ્રિઓ ઢીલી થઈ ગઈ તે નિર્ગુણ થાશે ત્યારે જેટલો વહેવાર કરવો હશે એટલો કરાશે. તેમાં ઘર પાડવું અને ચણવું તે એમાં નહિ કહેતાં રજોગુણમાં વહેવાર કરાય અતે સત્વગુણમાં ન થાય એવું નહિ. નિર્ગુણમાં તો કરવો હોય તો કરાય ના કરવો હોય તો ના કરાય સ્વતંત્ર.

વચનામૃત છેલ્લાના ૭ મુજબ વજની ખીલીની પેઠે મુર્તિમાં મન ચોંટાડવું તે દીસની ઘણી વાત કરી.

લાડવો, મરચાં બે સરખાં લાગે ત્યારે સ્વાદ ગયા અને ન લાગે ત્યાં સુધી સ્વાદ છે તે મનમાં, ઈન્દ્રિઓમાં, અંતઃકરણમાં તથા દેહમાં ઈત્યાદિ ઉતરતા ચઢતા સ્વાદ છે.

સવિકલ્પમાં સ્ત્રીનો સંગ કરવાથી અંતર ધીખે. નિર્વિકલ્પમાં સુનું પડી જાય.

આત્માનો પ્રકાશ દીવા જેવો પોતાની સ્ત્રીના સંગથી ઓલાય. મશાલ જેવો પરસ્ત્રીથી ઓલાય.

સુખની ઇચ્છા રાખે તોયે દુઃખ છે પણ પ્રસન્નતામાં જ સુખ છે તે પ્રસન્નતારૂપ ફળ ઇચ્છાવું વચનામૃત છેલ્લાનું ૨૫.

વચનામૃત મધ્ય ૧. સમાધિમાંથી નીકળે છે તે શું જે પંચવિષયની આશક્તિ હોય તો નીકળી આવે. વિષયમાં સુખ છે તેટલું ભગવાનમાં આવ્યું નથી. કહેતાં જણાયું નથી કહેતાં મનાયું નથી. તેમાં વલખાં મારે છે તે ભ્રમણા છે કહેતાં અજ્ઞાન છે. નારદને થઈ એવી અજ્ઞાનતા છે. વિષયમાં જાય છે પણ સમાધિમાં ચોંટાય છે તો તેમાંજ સુખ છે પણ અજ્ઞાન રહેલું છે. તેમાં આસક્તિથી નીકળાય છે પણ મનાય છે જે વિષય કરતાં ભગવાનમાં વધારે સુખ છે એવું મનાય છે પણ આશક્તિ બહાર કાઢી લાવે છે તે શરત રાખવી.

ભજનને સુખે ગાંડો થઈ જાય તો મુર્તિનું સુખ તો અપાય જ કેમ? માટે તેનું સુખ તો અપાય એમ નથી, ધીરે ધીરે મળે.

નકામા ગોટાથી કાળજુ ઉનું થાય અને નકામા જ તજે ત્યારે ઠંડું થાય તે સાધીના દાજીને ના થાય કહેતાં સાંબેલાની પેઠે ખંડાય નહિ.

આ પાપથી આ દુઃખ થયું તેમ જણાય તો ફરીથી તે મારગે જવાય જ નહિ. ઘટ ઘટ વ્યાપક છે તે જણાવે જે આથી આ દુઃખ થયું અને તે જાણે તો ફરી જાય નહિ અનેજાય તો અંતર ધીખી ઉઠે. વ. વરતાલ ૨ મુજબ.

પાંચમા પ્રકારમાં પાંચ વખત દર્શન વરતાલ-૨ મુજબ થશે ત્યારે અન્ન ખાવા નહિ જોઈએ. મંદિરમાં મોટામાં થાય છે તેમ-વરતાલ આદિ-

સંવત ૧૯૬૯ શ્રાવણ વદ ૯ મંગળવાર

જ્યારે ભજન કરતાં દેહભાન જાય ત્યારે ઝપાટા બંધ ચાલવા માડે.

જોગીને ઉતાવળુ બોલવાથી અંતર ધીખી ઉઠે. તે કેવું બોલે તો જેટલું ખપ

હોય તેટલું બોલે કહેતાં પાસે તથા આઘે સંભળાય એવું કહેતાં પાસે ખપ હોય તો તેટલું ઉતાવળું બોલે. એક બે ખેતર સુધી ઉતાવળું બોલવું હોય તો તે બોલે પણ ખપ વગરનું ઉતાવળું બોલે તો અંતર ઘીખી ઉઠે.

પાંચ પ્રકાર પુરા થતા સુધી ગધેડાનું પુંછડું ઝાલ્યું તે ઝાલ્યું તેમ મૂઢપણું રાખવું. એ પ્રમાણે રાખશે તે પુરો થશે. નહિ તો અનેક પ્રકારે પડવાનો.

એકથી ચાર કહેતાં ચાર પ્રકાર સુધી એક વિઘ્ન જે કોઈની બૈરીને કેમ અડે ? તે વિઘ્ન છે અને પાંચમામાં તો અનેક વિઘ્ન છે. છઠ્ઠામાં નિરાકાર જાણે તે વિઘ્ન. ચાર પ્રકાર સુધી પ્રીતિ હોય તો એકે વિઘ્ન આવે નહિ અને પાંચમામાં મૂઢપણું હોય તો વિઘ્ન આવે નહિ. છઠ્ઠા પ્રકારમાં સમજણ જોઈએ. સમજણનો પાર નથી. બહુ જાતની સમજણ રાખવી જોઈએ. છઠ્ઠામાં બધું અનંત કોટિ બ્રહ્માંડ દેખાય પણ ભગવાન દેખાય નહિ. તેમાં સમજીને સમજણ પાકી બેસાડવી. ત્યાં દ્દષ્ટાંત જે કોઈ કહે જે ખાવા તૈયાર થયું છે અને તે જુવે તો દેખાય નહિ તો તૈયાર શી રીતે મનાય? તેમ અક્ષરમાં પુરુષોત્તમ કહે છે પણ જુવે તો દેખાય નહિ અને તેથી નિરાકાર સમજાય પણ તેમાં સમજણ રાખવી. શરત રાખવી.

સંવત ૧૯૬૯ શ્રાવણની પરીક્ષા.

(જુઓ તરંગ ૪૪ ટુંક ૪૯) પહેલો નંબર વીણાના ગંગાબા તે મહારાજના હળવા બોલથી સુખ વર્તે અને ઠરી જાય તેમજ દેહભાન જતું રહે. બીજો નંબર જોઈતી નડીયાદનો તે મહારાજ બોલવાથી ઉતાવળું કે હળવું પણ તેમાં સુખ કે દુઃખ કંઈ જણાય નહિ. જેમ ખીચડી રોટલા લાડવા બધું પચે. તેમાં સુખ દુઃખ નથી જયાં સુધી ભૂખ હોય ત્યાં સુધી સારૂં, પછી છપ્પન ભોગ ઝેર જેવા લાગે. તેમ ઉતાવળું કે હળવું પણ કંઈ ફેર નહિ. સમુદ્ર જેવું જે જાય તે સમાય. ત્રીજો નંબર ઇચ્છા માસ્તરનો તે બોલે ન બોલે ઉદાસી કે, રાજી ફકત મુર્તિથી આનંદ રહે. ચોથો નંબર સુરજબાનો તે ધીમા અગર ઉતાવળા શબ્દથી રાજી થાય પણ ઉદાસી દેખાય તો સુખ ના રહે. પાંચમો હરખા ધરમપુરાનો તે ઉતાવળા શબ્દથી આનંદ ના રહે. ધીમેથી આનંદ રહે. ભાદરણના દીવાળીબાનો છઠ્ઠો નંબર તે ઉતાવળા શબ્દથી સુખ રહે અને ધીમાથી ના

રહે, શાથી જે રજોગુણનું બળ હોય તો ઉતાવળા શબ્દથી દબાઈ જાય તે માટે મહારાજ બોલ્યા જે જ્યારે સંકલ્પ ના હોય ત્યારે હળવે સુખ વર્તે અને સંકલ્પ હોય તો ઉતાવળથી સુખ વર્તે રજોગુણ દબાઈ જાય. પણ તે ગુણના જોગવાળાનો નંબર હેઠો છે.

મહારાજ બોલ્યા જે આગળ ટાઢું ઉનું દેવતાથી તપાસ કરવાનો તે કેટલી મીનિટ કે કેટલા કલાક રહે છે. પરીક્ષા ખરી. આ તો હિંમત સારૂ જે આપણે મહિં મહિં આટલું ચાલ્યું છે પણ ખરી પરીક્ષાતો ત્યારે થવાની.

માનીનતાના બે ભેદ એક તો જ્ઞાન પ્રકારે જે માનીનતા થઈ જે પાપ થશે તે ભગવાનનું નામ લઈશું તે બળી જશે અને દર્શનની માનીનતા નાથાભાઈ જ્ઞાનની ગાદી લેવા ગયા તે દર્શનની માનીનતા- તેમાં બે ભેદ. નાથાભાઈ ગાદી લેવા ગયા ને એક અને બીજો કામે કરીને શેઠ છોટાલાલ ગામે ગામ ગોપીઓ ઝુંટવા ફરી વળ્યો. દશ્ય અને અદશ્યના બે ભેદ-તે દેખવે કરીને સંતને શાસ્ત્રનો વિશ્વાસ ગયો. માટે તે વખતે વિશ્વાસ જોઈએ.

સંકલ્પ ઇચ્છાનો થયો કે તેમાં ભક્તિનું ફળ જવાનું ઇચ્છા થઈ કે તરત થા કે ના થા માંડી વાળે તોય જાય ત્યાં દૃષ્ટાંત જે સટ્ટો માર્યો તે બોલ્યા કે ફાયદો થા કે ન થા- પછી તો ફરે નહિ. માટે ઇચ્છા તો રાખવી નહિ. વચનામૃત મધ્ય ૧૧ ધર્મ અર્થ ને કામ ઉપર ઇચ્છા કરે તે ભગવાન જુવે. તેને જે જે ઇચ્છા થઈ તે પુરી કરવા માટે ઇચ્છા મુજબના ધામમાં મૂકે અને કાળને આજ્ઞા કરે જે એના ભોગ ને તું ખંડન કરીશ નહિ- તે મરીને ભોગવે એમ છે તે શું જે આપણે મધ્ય ૧૬/૪ મુજબ બીજે જન્મ નહિ તે મરણના બે ભેદ ને કાળે કરીને દેહ પડે તે અને એક તો દેહ ભાન જાય ત્યારે સુખ ભોગવે તે મરણ. જ્ઞાને અને કાળે એમ બે મરણ. દ્રોહ કરે તે બીજે જન્મ પણ માગે. તે દ્રોહનું તો બ્રહ્માંડના અંતર્યામીનો દ્રોહ બીજે જન્મે લાગે ખરો. પ્રથમ ૭૨ માં છેલ્લું લખ્યું છે. ચોથા પ્રશ્નમાં છે જે ભગત ત્રણ પ્રકારના જે પોતાના આત્માને દેખે. સામાનાને દેખે તેનો દ્રોહ લાગે.

સમૈયે આવે નહિ તો તેને 'સુળીનું કાંટે મટે' તે મટે નહિ. સુળી જેવું દુઃખ આવવાનું હોય પણ જો સમૈયે આવે તો ઓછું જ થાય. ભાદરણના મગનભાઈ તથા માસ્તરનું દૃષ્ટાંત જે સમૈયે ના આવ્યા તો સટ્ટો કર્યો અને દેવું કર્યું. નહિ તો ન થાત. કહેતાં સમૈયે આવ્યા હોત તો સટ્ટો કરવાનો વખત જ ન આવત.

માંહોમાંહી કલ્યાણ કરશે તો પલાણાના કુબેરભાઈની પેઠે ઘાંચ પડશે. અગ્નિ નહિ બાળે ત્યારે સ્ત્રીઓ ભાઈઓનું કલ્યાણ કરશે અને ભાઈઓને અંતર નહિ ધીખે ત્યારે તેઓ બાઈઓનું કરશે – તે બધાં કલ્યાણના માર્ગ થકી પડવાનાં. જ્યારે થાય ત્યારે આ ઘાંચ આવવાની તે શરત રાખે તો ના આવે અને આત્યાંતિક કલ્યાણને પામે. સાળંગપુર ૧૧ મુજબ અહિંસા, બ્રહ્મચર્ય, આત્મનિષ્ઠા, ઈત્યાદિ, માનીનતામાં દુઃખ ખરું. જો માનીનતા ખોટી થઈ ન હોય તો ઘરમાં કલ્યાણ કરે તો દુઃખ આવે અને બહાર કરે તો દુઃખ ન આવે. સાચી માનીનતા થઈ હોય તો માહેમાંહી કરે જ નહિ. સાચો માંહેમાંહી કરે જ નહિ.

સંવત ૧૯૬૯ શ્રાવણ વદ ૧૩. શનિવાર.

જેવી રીતે આપેલું દાન પાછું લે તો નૃગરાજાની પેઠે કાંચિડો થાય તેવી રીતે જો લખેલાનું ના આપે તો તે પણ થાય. પણ છોડી મેલે તો તેની વાત નાંખી જે તેનું પાપ નહિ તો તેનું કંઈ નહિ જેને હાથ હિસાબ ત્યાં બીજો શું કરે?

સંવત ૧૯૬૯ ભાદરવા સુદ ૮.

એક પૈસા વગર દર્શને જાવું તે ફળ ન થાય માટે તે વગર જાવું નહિ અને આપી દર્શન કરવાં ત્યાં દ્રોપદીનું દ્દષ્ટાંત જે ફળ વિના દર્શને ન ગઈ પછી જેવા દેશ કાળાદિ આઠ તે પ્રમાણે વર્તવું. જેમ પીપળા કેડે માતા મહાદેવને દર્શને જાય છે તો ઠાલે હાથે નથી જતા તથા અમથું કંઈ મૂક્યા વગર નથી ફરતા તેમ તેવી રીતે સમજવું.

સંવત ૧૯૬૯ ભાદરવા સુદ ૧૧.

## મણીલાલ તથા ધુળાભાઈની જોડે વાત.

છોટાલાલ શેઠ વગેરેની પેઠે કાચા કુટે તેનું ચાલે નહિ. અને પાકા કુટે તો તેનું ચાલે તે બ્રહ્મરૂપ તે રાજ્ય લઈ લે તે વચનામૃત મધ્ય ૨૫/૩માં છે જે સંતઆગળ નિર્માનીપણું રાખવું. એક ગામનું રાજ્ય મળે અથવા સૂર્ય અસ્ત સુધીનું રાજ્ય મળે તો પણ નિર્માનીપણું રાખવું.

કલ્યાણ તો જગતનું કરવાનું પણ માંહેમાંહી તો મા-બ્હેન તરીકે જાણવી.

સાધન જે દેહ હાલે નહિ તે ધર્મ સંકલ્પ થાય તે કાપવા તે વૈરાગ્ય મુર્તિ સામું જોઈ રહેવું તે ભક્તિ. જ્ઞાન જે હું અક્ષર આત્મા છું.

કલ્યાણના માર્ગ એક છે કે અનેક છે! ત્રણ છે. ઉત્તમ મધ્યમ અને કનિષ્ઠ. તેમાં અનેક ભેદ પડ્યા. જે રીતે જાય તે રીતે ખરૂં. અક્ષરમાં પુરુષોત્તમ, ઈશ્વરમાં પરમેશ્વર, આત્મામાં પરમાત્મા એ ત્રણ ભેદ ઉત્તમ મધ્યમ અને કનિષ્ઠ. બ્રહ્મને પરબ્રહ્મ તે ઈશ્વરને પરમેશ્વરમાં આવે તે બે એક છે.

વચનામૃત પ્રથમ ૪૦ પ્રમાણે સાકાર જાણવા અને ઉપાસના ચોખ્ખી રાખી હોય તો સર્વ કામની સિદ્ધિ થાશે. બ્રહ્મ વખતે નિરાકાર ન સમજાય તેની શરત રાખવી.

જેટલી આપણી સ્થિતિ વધે તેમ ભગવાનની વધેલી દેખાય. મશાલ દીવો ન જોઈએ એ વચન જે ધ્યાન ધારણાનું હોય તેને મશાલ દીવાનું કામ ન પડે તે વચનામૃતમાં છે.

સાધુના વચનથી અજામલે છોકરનું નામ નારાયણ પાડ્યું. તો તેથી મરવા પડ્યો ત્યારે નામ છોકરાનું લીધું તો જમ તેડવા ન આવ્યા અને ભગવાન આવ્યા પણ તે સાધુના વચનથી છે તો ભગવાનનાં વચન કેમ ન ફળે? તો સાધન કરવાના કહ્યાં છે તે કરો તો કૃપા થાય તે વચન કેમ ખોટાં થાય? - સાળંગપુર ૧૧. વાસના પુરી ના થઈ હોય અને દેહ મૂકે તેને તો અનંત કોટિ બ્રહ્માંડમાં ફાવે ત્યાં મૂકી દે. પણ અક્ષરમાં તો ના જ પામે.

સંવત ૧૯૬૯ ભાદરવા સુદ ૧૨.

આ લોકે મોઢે અને પરલોકે મને વિચાર-મનની લાગણી પ્રમાણે તેમાંથી લખી વાળે, માટે એક જ મળે (ભઈજી કાકાના ઉપર-પુત્રની માગણી પર.)

સંવત ૧૯૬૯ ભાદરવા સુદ ૧૩.

મનાયાની વાત જે બ્રહ્માંડમાં છે તે મનાયું કહેતાં જે જે દ્વારે કલ્યાણના માર્ગ છે તે નથી જતા અને અચળ મુકામે આવે છે તે કાશીદ્વારકાં જતા નથી અને બીજે સુખ માન્યું નથી કહેતાં મનાયું નથી. તેમ સુખ લેવા મન બીજે જાય નહિ. અને અંતરમાં

જશે બીજા પંચવિષયરૂપી દ્વારમાં નહિ જાય. અને જો વિષયનું સુખ લેશો તો મનાયું નથી બ્રહ્માંડમાં સુખ લેવા આવે છે તેમ અંતરમાં જાય. નહિ તો મોટા ભગવાન જે સ્ત્રીની સારૂં રખડવા જાય અને તે સ્ત્રીરૂપી ભગવાનને જે કંઈ કકડો ખાતાં વધે તે આપે અને સ્ત્રીમાં રમ્યા કરે અને વરસમાં ૩૬૦ દિવસ સ્ત્રી સારૂં અને વરસમાં ભગવાન સારૂં તો ૨૦ દિવસ માટે તે ભગવાન નાના કર્યા સ્ત્રીરૂપી ભગવાન ૧૫ ।।। - પોણા સોળ આની - થયા અને ભગવાનનો ૦।-પા આની ભાગ કાઢ્યો એવી રીતે ઝાઝીવાર વાત કરી, આતો કંઈક સાર લીધો છે. મણીલાલ, ધુળાભાઈ, ઝવેરભાઈ, ભાઈજીકાકા વગેરેનું ટોળું આવી ચઢેલું તેમાં હંમેશ વાત ચાલુ રહેતી.

લાખ માણસથી મટે નહિ તેનો ઉપાય મટાડવા કરો જે ચાહ મરીયાં, ઉનું પાણી વગેરે મટાડવા કરવું. એ કરતાં બધું ભોગવે પાર સારો. ક્રીયામણનું હોય તો એક બે દિવસે મટે, નહિ તો પ્રારબ્ધનું જાણવું.

ખપ જેટલા જગતના શબ્દ પેટમાં રાખવા અને પેટમાં રહે તો એટલા ભગવાન ઓછા સાંભરે કહેતાં બીજા ન ખપના ગોટા ગુંચાયા કરે. ખપના ના ગુંચાય કેમ જે એતો એક ખુણે પડ્યા રહે અને ખપ હોય તે વખતે નીકળે પણ બાકીના વખતમાં ના નીકળે માટે ખપ જેટલા રાખવા. આ ઉપરની બંને વાતો ભાદરણના દીવાળીબા ઉપર કહેલી.

સંવત ૧૯૬૯ આસો સુદ ૫.

ભાદરણના મગનભાઈનું પ્રશ્ન જે ભગવાનના ભગતને કાળ કર્મ પીડે નહિ? તેનો ઉત્તર કર્યો જે જેટલો મહિમામાં ફેર તેટલો કાળ કર્મ માયા પીડે.

ધુળાભાઈએ પ્રશ્ન પૂછ્યું જે ભગવાનમાં સુખ કેમ આવતું નથી અને કેમ જોડાવાતું નથી? ત્યારે ઉત્તર કર્યો જે ઉંઘમાં જોડાય છે ત્યારે સવારમાં કેમ સુખ આવે છે અને સુખ વર્તે છે તો ભગવાનમાં જોડાય તો કેમ ના આવે? તેમાં આશંકા કરી જે ઉંઘમાં તો સુખ આવે છે. ઉત્તર જે જોડાવામાં કસર છે માટે જેટલું જોડાય છે એટલું સુખ આવે છે.

સંવત ૧૯૬૯ આસો સુદ ૭.

પાત્રનો અર્થ જે બોચાસણમાં શ્રીજીના વખતમાં સાધુને નીંદવા બેસાડ્યા. ત્યારે તેમણે વિચાર્યું જે હવે આનું કેમ કરવું! ભુંડું તો ઇચ્છાય નહિ ત્યારે પછી સ્વામિનારાયણને ત્યાં આવે, આપણે મજુરી કરી તે માટે લુણી ઘરો તે લાણે-તેવા

સંકલ્પ કરીને ગયા તે પાત્ર કહેવાય. પણ દુઃખનું દેવાનું તો મન થયું નહિ.

સંવત ૧૯૬૯ આસો સુદ ૭ તા. ૮-૧૦-૧૯૧૩

સાંજે એમ વાત કરીજે હવે શાન્તિ થઈ અશાન્તિ ન થાય કેમ જે રૂપબાઈ મરી ગઈ અને બાળીને આવ્યા ત્યાર પછી સાંભરે પણ નહિ અને સુંનું પણ પડી ન જાય. વીસ વર્ષનો સંબંધ તૂટ્યો પણ સાંભરે કે અશાંતિ થતી નહોતી. અશાંતિને શોક ન થયો. શોક થયો હોત તો અશાંતિ કહેવાત. પણ આંસુ પણ એકે આવ્યું નહોતું તે શાંતિને લીધે જે ભૂલી ગયા કે મરી ગયું કે નથી મર્યું તે સાંભરે નહિ તે ઉપશમ દશા તરફ ચાલ્યું. જો સાંભર્યું હોત તો શોક થાત પણ અજ્ઞાન નથી. મરી ગયું અને મરવાનું શું? જનક રાજાની પેઠે તે તો જ્ઞાન હતું કે આ મરી ગઈ પણ તે શોક નહિ અને અશાન્તિ નહિ. એટલે સુખ અને સુખને લીધે ઉપશમ વર્તે જેટલો જે પ્રકારનો ભય તેટલી તે પ્રકારની અશાન્તિ કહેવાય. જેમ અખંડ શાન્તિ થાય તેમ અખંડ ભજનમાં રહેવાય. તેમાં ખબર ના રહે-ત્યારે રાત-દિવસની ખબર ના રહે.

તા. ૧૨-૧૦-૧૯૧૩ આસો સુદ ૧૦ ગુરુવાર.

હવે ફેર કંઈક છે એમ જણાય છે. જે સત્વગુણમાં સંકલ્પ ના થાય અને તેનું ફળ ભક્તિનું પ્રસન્નતા ઉપર જવાનું તે ફળ વાસનાના સંકલ્પ ઉપર નહિ જવાનું અને રજોગુણમાં વાસનાના સંકલ્પ થાય તે ઉપર ફળ જવાનું પણ સત્વગુણનું ના જાય. વાસના હશે તો જશે પણ એક ભગવાન પ્રસન્નતાની ઇચ્છા હોય તો ના જાય. પણ રજોગુણમાં કંઈક સંકલ્પ વાસનાનો થાય કે જાય અને વાસનાનો સંકલ્પ થયો કે કુંટુ કરડ્યું કહેવાય પણ કુંટુ જાય એવું નથી ફરી ફુટશે દુઃખ મટાડવા અગર કંઈ કામ કરવા એમ કહે જે આટલું કામ થાય તો આટલા રૂપીયા ભગવાનને આપીશ તો તે કામ પુરૂં થાય છે. તે કમાતાં જેટલો વહેવાર કરવો પડ્યો તેટલી વખતમાં સંકલ્પ થયો હોય તો તે ફળમાં કામ થાય તે જણાય નહિ અને પેલું જણાય-કામ કરીને પૈસા કરવા પડે તે માટે પૈસા કરતાં સંકલ્પ સારો-જેમ ભક્તિ વધારે તેમ વહેલો ફળે. પણ જેથી ભક્તિ સંકલ્પની તેટલા વખતમાં થાય. ઓછી ભક્તિ હોય તો માત્રે દહાડે સંકલ્પ ફળે અને વધારે હોય તો થોડે દહાડે અને તેથી વધારે હોય તો તત્કાળ થાય. માટે ભક્તિનું બળ હોય તેટલા વખતમાં સત્ય સંકલ્પ થાય ત્યારે વચનામૃત મળશે જે ભગવાનનો ભક્ત

જે જે મનોરથ કરે તે સિદ્ધ થાય છે. વરતાલ ૧૯ પણ જેવો સંકલ્પ તે પ્રમાણે ભક્તિ જોઈએ. નહિ તો બીજે ત્રીજે રજોગુણે પુરી કરે ત્યારે વાસના પુરી થાય. વચ્ચે તુટી તો એટલી ભક્તિ ગઈ અને બીજી રહી તે પ્રસન્નતા ઉપર.

નિવૃત્તિ ધર્મ અને પ્રવૃત્તિ ધર્મ પ્રવૃત્તિ ધર્મમાં ત્રણ ભેદ. તેમાં નિવૃત્તિ ધર્મમાં જેટલું રહેવાય તેટલું ક્રમે ભક્ત કહેવાય. કેમકે વચનામૃતમાં છે જે મન કર્મ વચને ભક્ત થાવું. તેમાં કર્મનો ફેર પડ્યો. અને વળી કહ્યું જે દેહ અર્પણ એટલી ખોટ કહેવાય. પ્રવૃત્તિ ધર્મ કરતાં મન વચને થાય તો પણ દેહ અર્પણમાં ખોટ કહેવાય. નિવૃત્તિ ધર્મ જે દેહ હાલે નહિ ઈત્યાદિ જેમ સરકારમાં રૂપીયા દેવા હોય અને ના આલે તો તે લેણદાર દરરોજના ચાર આના આપીને કહેતાં દેવાવાળાને કોટડીમાં ખાધા ખર્ચ ભરે અને પુરી રાખે અને જો ના આલે તો રૂપીયા ગયા કેમકે સરકારે એમ ન્યાય કર્યો જે દેહ અર્પણ થયું એટલે પૈસા વળ્યા. તેમ દેહ અપર્ણ પણ વહેવારમાં થાય તો તેટલી ખોટ પ્રવૃત્તિ ધર્મ કરતાં કે નિવૃત્તિ ધર્મ કરતાં રાત અને દિવસ વીતે અને એમને એમ કરતાં દસ માસ થાય તો પાછલું સુઝે ત્રિકાળનું તે દસ માસ કરતાં એક દિવસ ઉપર રહેવાસે કહેતાં વીતે તો પાછલા એક દિવસનું સુઝે તેમ જેમ જેમ દસ માસ કરતાં જેટવા દિવસ ઉપર વીતે તેટલા પાછલા દિવસનું સુઝે તેમાં પારકાનું પેટા ભાગમાં આવ્યું. જેટલામાં બ્રહ્મની સત્તા વ્યાપક થઈ એટલું જાણે પોતાના આત્માને પરમાત્માને સામાનો અને પોતાનો દેખે તે મળશે. વચનામૃત પ્રથમ ૨૭ રાત દિવસની કંઈ ખબર ના રહે. જેમ રૂપબાઈ મરી ગઈ તેની ખબર રહેતી નથી જે મરી ગઈ છે તેમ ભજનમાં રાતદિવસ વીતે તેની ખબર રહે નહિ તે વચનામૃતમાં મળશે. મધ્ય ૬૬/૭ ને વળી જાગૃત સ્વપ્ન સુષુપ્તિ – તેમાં સુષુપ્તિમાં સપુચી જાય કહેતાં જડ જેવું જડ થાય અને સ્વપ્નમાં ભગવાન દેખાય, જેટલું સ્વપ્ન હોય તેટલામાં હંમેશાં સાંભરે કહેતાં દેખાય. અને જાગૃતમાં ના સાંભરે તોય ચાલે પણ સ્વપ્નમાં હંમેશાં દેખાવા જોઈએ જેટલું સ્વપ્ન થાય ત્યાં સુધી દેખાવા જોઈએ. એમનું એમ દસ માસ રહે તો પાછલું ત્રિકાળનું સુઝે અને સ્વપ્નમાં ભગવાન દેખાવા જોઈએ – તેને સમાધિ ગણી છે. વચનામૃત મધ્ય ૧ પ્રમાણે નિવૃત્તિ ધર્મ હંમેશનો થાય અને પીધા જેટલી પ્રવૃત્તિ હોય અને જો એ અડચણ કરે તો તે સંકલ્પે સિદ્ધિ દ્વારે કામ કરી લે, કેમકે પ્રવૃત્તિમાં પેસે તો ઝાઝો પેસી જાય અને પેલું તો સંકલ્પે ખાવા પીવા કામ થાય – તે સંકલ્પ કરવો સારો તે ઉત્તમ છે. અરે, સંકલ્પ શું કરવો પડે? જેને ઉંઘ તે માયાનું સુખ તેમાં ખાવા

પીવા નથી જોઈતું તો ભગવાનના સુખમાં કેમ જોઈએ? કંઈ પણ ખબર જ ના હોય તેને શું જોઈએ? ભગવાનના સુખમાં ગુલતાન થઈ રહે.

'વાલા અબળા ઉપર મહેર કરજો મોરારી રે' મહેરબાની થઈ જે વેર સગાંસબંધી જોડે થાય ત્યારે મહેરબાની થઈ કહેવાય – જેથી તે સાંભરે નહિ કહેતાં હેત ના રહે. 'વાલા' જે વહાલો છોકરો હોય તેને લઈને કંઈ સુઝે નહી. ઉંઘવુ, ખાવુ, પીવું, પહેરવું, ઓઢવું કંઇ સુઝે નહી. ''શું કરશે સંસારી કહીને રે હરિ વરીયા'' સર્વે ભુલી છું ઘરડાનું કામ રે, એક વાલા કીધા વજરાજ રે' એ કીર્તનનો પણ એ અર્થ છે.

સંવત ૧૯૬૯ આસો સુદ ૧૧.

દિવાળીબા ભાદરણનાંને તાવ હતો તે મટ્યો ત્યારે ઉમરેઠ જવાનો વિચાર કર્યો. પાંચેક રૂપીયા લેવા જવાનું મન થયું પણ પ્રવૃત્તિ સારી નહિ જુઓને, મેં સમડી વાઢી તો દાતરડું વાગ્યું, તેમ તમે જાવાનો વિચાર કર્યો. તેમાં વિચાર રાખવો જે શા માટે જાઉં છું? તે ખોળવું તો સંકલ્પ ઓછો થાય. એવી વાત કરીને ભાગી પાડવું. પ્રવૃત્તિ ખપ જેટલી કરવી. વધીકી ન કરવી તે ઉપર આ જ્ઞાન કર્યું છે.

સંવત ૧૯૬૯ આસો સુદ ૧૨ તા. ૧૪-૧૦-૧૯૧૩

ભઈજીકાકાને વાત કરીને ધાયણાં પાયણાં અગિયારસ ના કરે તો તાવમાં પાડે અને નરમ કરે પણ તેમાં સુખ રહે ખરૂં. પણ જો ના કરે તો પાડે ખરા. તેથી મન કર્મ વચને ભગત થાવું. તેમાં અગિયારસમાં ફેર પડ્યો માટે નરમ કરે ગમે તે પ્રકારે અનંત કળા છે.

સંવત ૧૯૬૯ આસો સુદ ૧૪ સોમવાર.

ઓસડ વિષે દીવાળીબાએ પૂછ્યું જે શું ખાઉં? ત્યારે ઉત્તર દીધો જે અમે ના કહીએ તે ઓસડ ના જ કરવું. અને જેમાં ના કહીએ તે ના જ કરવું ત્યારે પૂછ્યું જે તમે શું કરતા? ત્યારે કહ્યું જે અમારો વાદ ક્યાં લેવાનો છે! અમે તો કરતા જ નહિ અને જેમ આવ્યું તેમ જશે. ક્યાં ઓસડ કર્યું હતું તે દુઃખ આવ્યું? તો કેમ કરીએ તો જાય માટે ભોગવે છુટકો ખમી રહેવું એજ.

સંવત ૧૯૭૦ કારતક સમૈયાનું.

કર્મની ઉપર રેખ મારી-જેમ આગળ રાજા મારતા હતા તેમ જેટલી વૃત્તિ મુર્તિમાં રહે તેટલી વાસના જે કર્મ તે બળે અને ગમે તો ઉપરથી આભ પડે તોય પણ જો તે વખતે વૃત્તિ રહે તો તે પણ ના પડે તે રેખ મારી કહેવાય. જેમ બીક રાજાને રહે છે તેમ આ રેખ મારી પણ બીક રહે. જે પેલો સુકાય અને ભય જાય તેમ વૃત્તિ રહે તેમ ભય જાય.

સંવત ૧૯૭૦ કારતક સુદ ૧૧.

ભઈજીકાકાને વધારે ખાવાથી પગ ઢીલા થઈ જાય અને જેમ ઓછું ખાઈએ તેમ હાય-શક્તિ આવે. એ જેટલા ભોગ તેટલું દુઃખને તે પાપરૂપ છે તે હવે જણાશે. જે સ્વાદ કરવો તે બીજાને કહેવું કે બનાવવું કે ખરાવવું તે તેનું મન થયું તે નિસ્વાંદી વર્તમાન લોપાયું તેનું દુઃખ તે ખાનારને જે તીખું તમતમું જે ખાય અને દુઃખ થાય તે ખવરાવનારને આવે માટે વિચારવું અને આજ્ઞા ઉપરની વાત તો જુદી છે.

## કુવા વખતની સેવા.

નડીઆદના નરસીભાઈને વાત કરીને આ કુવા વખતની સેવા કેવી છે તો જેમ વ્યાજે રૂપીયા મૂકીને ખાય અને મુડી રહે તેમ આ સેવા છે. આ વાત ઠાસરાના મોતીશેઠ ઉપર નીકળી હતી. જે પાયા પુરાતી વેળામાં હાજર હતા તે બધી ગાર લાવ્યા તે પાયામાં જે સેવા કરી તે સેવા મૂકી એટલે તેના વ્યાજમાં હમણાં ભજનના કરે તોયપણ તે વ્યાજમાં સુખ શાંતિ રહે. તે મંદિરની અંદર જે ભજન કરે તેનું દરેકનું ફળ જેણે સેવા કરી હશે તેને ભાગ પડતું વહેંચવાનું અને તે શાંતિ જે ભજન કરતાં થઈ તેની વહેંચણી થઈ અને શાંતિ કરનારને મળે (તે કુવાનું થાળુ કરાતું હતું ત્યારે નરસીકાકાને વાત કરી હતી) તે શું કે આ કુવામાં જે સેવા કરે છે તેમને જે પાણી પીને શાંતિ પામે તેનું ફળ વહેંચાતે ભાગે સેવા કરનારને આવે. (પછી ભઈજીકાકા ઉપર લીલા કાઢી તે વાત લીલાના ગ્રંથ તરંગમાં છે ઘેર જતા હતા તે ઉપર – અધ્યાય ૪૭ ટુંકુ ૨૪થી) સંવત ૧૯૭૦ ની હોળીનો સમૈયો રંગ રમ્યા પછી પૂજા કરીને પીતાંબર નડીયાદનાંએ પહેરાવ્યું. ચીમને જનોઈ પહેરાવી. હવે જ્ઞાન ચાલે છે જે હરિભક્ત હરિભક્તમાં તીર્થ કહેવાય માટે તે માંહી પાપ ન કરવું. વચનામૃત પ્રથમ ૧ શ્લોક પાપ ને ખોટી બુદ્ધિ રાખવી તથા દ્રોહ થાય ઈત્યાદિ ન થાય તેમ સારૂં છે.

તે પાપની વાતને રસિક અને બ્રહ્મજ્ઞાની વચનામૃત મધ્ય ૩ બે માર્ગ પડી જાય. તે હાલ તમે નજરે જોયા. તે બ્રહ્મજ્ઞાતિમાં નાથાભાઈ કરાળીના પડ્યા. તે તો ચઢ્યા પણ ખરા. અને રસિક માર્ગમાં કુબેરભાઈ પલાણાના તથા નાથાભાઈ સામા થયા જે તું કૃષ્ણ અને હું પુરુષોત્તમ.

મહુધાના ઉચ્છવલાલને કહ્યુંજે છકી જાશો નહિ તીવ્ર વેગ છે તથા સામા ન

થાશો તે તેમની સાંપણી ચીમન તથા જીવણલાલને કરી.

શ્રાવણને સમૈયે પરીક્ષા કરી તે નંબર એક ચતુરબાપાનો આવ્યો. બીજો ગોવિંદભાઈ માસ્તરનો અને ત્રીજો સાધીના દાજીનો આવ્યો તે ફાગણના સમૈયામાં ફરી પરીક્ષા કરી તો પહેલો નંબર દાજીનો આવ્યો અને બીજો બાપાનો તથા માસ્તરનો ત્રીજો આવ્યો તે જોઈ મહારાજ વિચારમાં પડ્યા કે આ શું થયું? કારણ શું? એમ કરી તેઓને 'મહાત્મા' નામે બોલાવ્યા તેમ નામ ઠરાવ્યું.

ઉપવાસ કરતાં ભજનમાં વધારે કારસો આવે છે તે વાત વચનામૃત સાળંગપુર ૨ માં છે તેથી પગ ઢીલા થાય અને ઢીંચણે દુઃખે.

દેવાલામાં પેસીને માળાનું-પુંજાનું તે નિયમ કહ્યા છે તે કરવા અને ખુબ ધમકાવ્યા તે ઉપર પોતે સાક્ષાત મદદ આવી જે ખરી વાત છે જે વચનામૃતમાં કહ્યું છે જે મન કર્મ અને વચને ભગત થાવું તેમાં કર્મનો ફેર પડે છે જે મન કર્મ અને વચને ભગત થાવું તેમાં કર્મનો ફેર પડે છે તે વચનામૃત સમાધિવાળાંએ વંચાવ્યાં કઢાવીને તે ભણેલાં તો હતાં જ નહિ પણ પેસીને તે દ્વારે જ્ઞાન કર્યું. પછી સર્વ દેશી કહ્યું જે જે માણસ પહેલાં અહિં નહોતો આવતો અને પછી અહિ આવ્યો અને જેથી એ બગડ્યો જે કહેતાં પહેલાં પૂજા કરતા હોય અને નાહીને ખાતો હોય તે જ્યારે અહિં આવ્યો અને તે કરવું મૂકી દે અને તે જોઈને લોક નિંદા કરે તેમ ન કરવું. જે ના સારો થયો એમ કહે પણ ભગવાન સનમુખ જાતાં જે નિંદા થાય તે તો ગણવું જ નહિ તે તો થાવા દેવું તે વાત કલમ કહેતાં આજ્ઞાપત્રીમાં કહ્યું છે. ૭૯-૮૦ વાળીમાં -

સંવત ૧૯૭૦ ફાગણ.

આનંદના બે ભેદ. એક જગતનો વિષય આનંદ, અને અતિ આનંદ કથા વાર્તા સ્મરણનો. અતિશે આનંદ અક્ષરરૂપ થઈને પુરુષોત્તમમાં જોડાવું તે.

ભગવાનની મુર્તિ સંભારવી જેમ એન્જીનવાળો જરાક કળ ફેરવે છે તો હજારો ગાઉનું છેટું પડે છે અને નહાવું, ખાવું, ધોવું રામ રામ કરવાને હાથે ઠેલીને જે ખેંચે એવું છે. નામના પરોક્ષમાં ભક્ત છે પણ રામના થયા નથી. લીલાચરિત્ર

સંભારવા અને તેને જોગે મુર્તિ સાંભરે એ કળ છે. ભજનમાં સ્વાદ આવ્યો તેને જગત જીતાયું જે જગતનો સ્વાદ આવે નહિ અને જ્યારે પોતાનો આત્મા આનંદરૂપ મનાયો ત્યારે બીજા પાસે સુખ લેવા ઈચ્છેજ નહિ. કહેતાં સ્ત્રીમાં સુખ ખોળે છે તે ઉપર – આ દેહ અનર્થનો અંગાર છે ને જ્યાં સુધી રહે ત્યાં સુધી પાપ થવાનાં પણ મોટા પુરુષના સંગથી ભજનરૂપી સિલકથી પાપ બળીને સુખીઓ થાય છે.પોતાને પાપ ન અડે તેવો થયો હોય તો પણ ન કરે તે પાત્ર થયો કહેવાય તથા મોટો પુરુષ કહેવાય. ભગવાનની વાત નોંખી છે. તે અવળુ સવળું કરે તોય સવળું જ છે.

વહેવારમાં ભજન થાય તો કરવું પણ ભજનમાં વહેવાર ન આવે એવું સ્વતંત્ર થવું જોઈએ તો તેને માથે જન્મમરણ ગયું.

ગુરુનું ધ્યાન કરવું પડે પણ સદ્‌ગુરુનું તો કરવુંપડે જ નહિ એ તો કંઈ રીતથી ધ્યાન કરાવી દે તે સાંભર્યા જ કરે.

અર્થાઅર્થી ભાઈબંધી ન કરવી. દેહ પડે ત્યાં સુધી ભગવાન જોડે ભાઈબંધી રાખવી. ન ખપ જેટલું સાંભરે છે તેટલું જગતનું જાણપણું ધોવાયું નથી. જેટલું ઓછું સાંભરે એટલું ધોવાયું.

યોગીએ રસ ચાખ્યો કે બ્રહ્મરસ ઓછો થયો યોગીનાં લક્ષણ ન ખપના સંકલ્પ ના થાય પોતાના ત્રિવિધિ તાપ સમાવે અને સામાના સમાવે.

સ્ત્રીનો સંગ કરવાથી ભક્તિને જીવને જુદો પાડે છે અને પછી શાંતિ ગઇ તો સુનો પડ્યો.

જગતમાં પૈસાને, ભગતમાં પૂન્ય માટે રૂડું કે ભૂંડું કોઈનું ઇચ્છવું નહિ.

ક્રોધ ઉપડે નહિ ત્યારે સાચો વૈરાગ્ય. રાગમાં જ ક્રોધ રહ્યો છે તે તેનો

અટકાવ થાય તો ઉપડે.

જેટલી પ્રવૃત્તિ એટલો ભોગી અને નિવૃત્તિ જેટલી તેટલો જોગી.

પરાણે ઉંઘે નહિ તો ગાંડો થાય પણ ભજનને પ્રતાપે જેટલી ઉંઘ જાય તેટલી મૂકી કહેવાય.

જોગી શોકે ભર્યો થાય જ નહિ. એનું મોઢું પ્રફુલ્લીત હોય. જેટલું ઝાંખું પડ્યું એટલો જોગી નથી. જેટલો આનંદ રહે છે તેટલો રસ ચઢ્યો છે.

દરેક સમૈયો સાડાચાર દિવસનો. વરસમાં ૧૮ દિવસના ૪ સમૈયા મહારાજની નજર તળે રહેવું એજ સેવા. નજરે બચ્ચાં સેવાય છે તેમ.

જેવા ભાવથી જે ખવરાવે તેવી પુનરાઈ જાય. દેહરૂપ છે ત્યાં સુધી જાય પણ અક્ષરરૂપ થાય ત્યારે ન જાય.

❖ જગતના કુપાત્ર-જેટલી જેની આંગળી કરે જે ખોટું કર્યું એમ કહે તે કુપાત્ર.

❖ જગતના પાત્ર-જગતના વહેવાર પ્રમાણે ચાલે કહેતાં પાળે તે જગતના પાત્ર.

❖ જગતના અપાત્ર-જગત તથા શાસ્ત્રના વહેવારમાં નહિ આચાર વિચાર ન જાણે.

❖ ભગતનો પાત્ર જેને જેટલી ભક્તિરૂપી પુંજી થઈ તેટલો તે પાત્ર.

❖ ભગતનો સુપાત્ર. અક્ષરરૂપ થઈને વ્યાપક શક્તિ થાય. સમગ્ર બ્રહ્માંડમાંહી.

❖ ભગતનો કુપાત્ર-ભગવાનનીને મોટા પુરુષની શુભ અશુભ ક્રિયામાં દોષ દેખે.

❖ ભગતનો અપાત્ર-ભગવાનનો તથા મોટા પુરુષનો ગુણ ના લે અને અવગુણ પણ ના લે. કંઈ પણ લેજ નહિ.

❖ યોગીને પ્રવૃત્તિમાં રહેવું એ જ પાપ છે.

મનને બેસ કહીએ તો બેસે ને ઉઠ કહીએ તો ઉઠે તો મન જીત્યું જાણવું.

એકાંત સ્થાનક જે શુન્યમાં પડી રહેવાનું, રોટલો અને પાણી એટલું યોગીને જોઈએ. એ અવશ્યનું છે.

જગતનો રસ દેહમાં રહે અને ઈશ્વરનો રસ બ્રહ્માંડમાં અને પુરુષોત્તમનો રસ અક્ષરમાં રહે. ઘાંચમાં ગાડાં પડે છે તે મુર્તિ વિના ઇચ્છે તે તેજ છે.

દેહનો વહેવાર નકલ છે અને આત્માનો વહેવાર છે તે પલાળે અને સુકાય. પલાળે અને સુકાય તો પાકો રંગ ચઢશે કહેતાં તપે અને વળી શાંતિ પામવા આવે અને તપે અને જો એકદમ શાંતિ પામવા આવે તો બાજરી જેવાને વરસાદ હોય તો કહોવાય અને શેરડી તો કહોવાય નહિ, એવી રીતે અનેક રીતે છે.

સંવત ૧૯૭૦ વૈશાખ.

જેટલી શાંતિ તેટલો વિષયનો જોગ ઓછો છે. ઉંઘમાં જેમ ભૂખની ગરજ રહેતી નથી તેમ ભજનનું સુખ આવશે ત્યારે ઘરનાંની પણ ગરજ રહેશે નહિ. ત્યારે મણીલાલ બોલ્યા જે બધાં ઘરનાનું ભક્તિમાં સાથે ચાલે તો કોઈને દુઃખ પડે નહિ. મહારાજ બોલ્યા જે ખીચડીની જે સારૂં કરતાં નથી ત્યારે મણીલાલ બોલ્યા જે હેત તોડવા સારૂં હશે-ત્યારે મહારાજ બોલ્યા જે વચનામૃતમાં કહ્યું છે જે સર્વથી વૃત્તિ તૂટે તો જ નિર્વાસનિક થવાય કહેતાં સૂરજબા ની પેઠે હેત તૂટે તો નિર્વાસનિક થવાય તો જ સદા વૃત્તિ ભગવાનમાં રહે. ત્યારે જ ભગવાનની કૃપાનો પાત્ર થાય તે વાત વચનામૃતમાં છે. ત્યારે મણીલાલ બોલ્યા જે કૃપા કઈ! ત્યારે સમજાય જે કૃપાથી ચાલે છે. ત્યારે મહારાજે ઉત્તર કર્યો જે કૃપા શું તો કોકે રૂપીયા કાળમાં આલ્યા હોય અને મુડી ચાલે અને કોઈક વ્યાજ અને મુડી બંને આલે અને કોક મુડીના આપે તે કૃપા નહિ અને જે એમ સમજે જે કાળમાં કોદરા ખાવા આપ્યા માટે કંઈક આપે તે કૃપા માટે ભગવાન કર્યાથી આપે તે કૃપા.

ઈન્દ્રિઓ અંતઃકરણથી પાપ થાય છે જે સ્વામીની વાતોમાં છે જે દેહ હાલે તો પાપ થાય અને વળી મહારાજ બોલ્યા જે હવે અડધે આવ્યું છે કહેતાં કાળજામાં શાંતિ થઈ કહેતાં અડધ ઉપર ભક્તિ ચાલી અને શાંતિ થઈ અને વળી એક પાસ ધખે કેમ જે મણીલાલને પ્રથમ ૧ ૨ રૂપીયા મળતા તે વધારવા એક પાસ ધખારો થયા કરે અને પછી વધતાં સીત્તેર રૂપીયા થયા તોય એક પાસ ધખારો રહે છે તેમ ભજનની શાંતિ થઈ પણ એક પાસ શાંતિ વધાર્યાનો ધખારો રહે.

જી આવ્યા તે બાર વાગે નીકળ્યા તે થાક તાપ જો લાગતો હોય તો વિચાર થાય જે બાર વાગે કોણ નીકળે? તો થાક તો શાનો લાગે તે ઉપર મણીલાલના ડોસાની વાત નીકળી જે ઘોડું હતું તો પણ ચાલીને આવતા તો પણ અવળું જતાં થાક લાગે.બીજે અડધો ગાઉ ન ચલાય અને પ્રભુ સન્મુખ આવતાં તો કહે છે જે જેમ જેમ ડગલાં ભરીએ તેમ તેમ થાક ઉતરતો જાય છે. મતલબ એ છે જે ભગવાનની સામી વૃત્તિ રહે એટલે તાપ થાક ભૂખ તરસ ઇત્યાદિક લાગે નહિ. નિવૃત્તિ ધર્મને સંબંધ તેથી એકદમ ચઢી જાય અને બે નો એટલો રસ છે જે એકદમ ચઢી જાય. પાંચ દિવસમાં એટલો ફેર પડે છે અને સંબંધ અને નિવૃત્તિ ના હોય તો ખપત થઈ જાય. પ્રવૃત્તિમાં થોડું થાય કહેતાં પ્રવૃત્તિમાં જતું રહે.(તરંગ ૫૦ ટુંક છમાં ઉપરની જ્ઞાન વાર્તા છે)

મહારાજ બોલ્યા જે કીર્તન જે જોઉં છું તે જાણે થઈ ગયું. બોલવું ગમતું નથી. ત્યારે મણીલાલ બોલ્યા જે આનો પાર નથી આવતો કહેતાં મુર્તિ જોતાં ધરાવાતું નથી. ત્યારે મહારાજ બોલ્યા જે મોઢું જોવાનું તેમાં સ્વાદ અનંત કોટિ કલ્પ વર્ષથી જો જો કરે તે ધરાયા નથી તો હાલ ક્યાંથી ધરાવાય?

''જન્મ સુધાર્યો રે મારો'' એ કીર્તન બોલ્યા. પછી વાત કરી જે આ હું બોલું તે શબ્દ તથા વવરાવવું, અડવું, જોવું, જેમ ફુલનો તલમાં સંબંધ થાય તેમ પાપ બળે અને પાપ બળે તેમ શાંતિ થાય અને શાંતિ થાય ત્યારે હેત થાય. ત્યારે શાંતિને લીધે મનોરથ સિદ્ધ થાય. અને સિદ્ધ થાય એટલે એટલો મુક્ત થાય. અને જેટલો મુક્ત થાય એટલું જગત કપાયું, અને એટલો મુક્ત થાય. ભગવાનનો મનન દ્વારે સંગ થાય તો

બ્રહ્મના ગુણ આવે. ત્યારે મણીલાલ બોલ્યા જે આતો ઇન્દ્રિયો દ્વારા એ થાય છે ત્યારે મહારાજ બોલ્યા જે બારણેથી કમાઈ લાવે ત્યારે મહિં બેઠો બેઠો ખાય તેમ ઈન્દ્રિઓથી સેવાય ત્યારે મનન દ્વારે થાય.

ગઢડા મધ્ય ૪૫ વાંચ્યું તેમાં જે શુભ કર્મે તથા અનંત શુભ કર્મે કરીને ભગવાનને રાજી કરે. અને અશુભ કર્મે ભગવાનને રાજી કરવા તે વાત-દેવાણની જે પહેલાં તપાસ કરે તે અશુભ કર્મે અને પછી ઓળખે તો શુભ કર્મે કરીને રાજી કરે તેવા - અને ભગવાનને કચવાવા દેવા-લોયા ૬/૧૩ તે દાદાખાચરને કહ્યું જે ડોશીને (ગંગાબાને) મારી નાંખો. સો વાતની એક વાત જે રૂડો આશય જોઈએ. ભગવાન કચવાય તો કચવાવા દેવા. પણ અશુભ કર્મે કરીને રાજી ન કરવા. હવે શુભ કર્મ તેમાં અનંત શુભ કર્મે રાજી તેમાં ફેર-અધુરાને પુરા સંત તેવા હજાર સંત હોય તેમાં તેમને જમાડતાં શુભ કર્મ સરખું ન થાય. ઓછાવત્તી થાય અને અશુભ કર્મે રાજી ન કરવા એ પાપ જ છે.

ગઢડા મધ્ય ૪૬ સત્સંગનો પ્રસંગ પ્રગટ્યો તેનો અવગુણ લેવો નહિ. મહિં મહિં પુન્ય રાખી દૃષ્ટિ કરીને જુવે તો અવગુણ ન આવે. જીવમાં તો અવગુણ હોય. નહિ તો જન્મ શું કરવા લેવા પડે? અવગુણ જુવે તો હેત ન થાય. અને હેત ન થાય તો તેના રૂડા ગુણ ન આવે. તે વાત શુદ્ધ શાંત વક્તા હોય તેવા સમામાં જ્ઞાન સાંભળવું લોયા ૧૨/૩ મુજબ. ત્યારે અશાંત હોય ખરા. માટે અવગુણ તો હોય પણ જોવા નહિ. કારિયાણી ૩. વચનામૃત-ગુણ આવ્યા ગયાનું તો એ છે જે ગુણ અવગુણ હોય અને ગુણ ગ્રહણ કરવા અને અવગુણનો ત્યાગ કરવો.

ગઢડા મધ્ય ૪૭ માં જે વાત નીકળી તે આ વાત ભગવાવાળાની છે ધોળાવાળાની નથી પણ જેમાં ભગવાન આવે તેમાં તે લીલા કહેવાય અને તેથી શાન્તિ થાય. જગતમાં કર્મ ચોટતાં જાય. ચોરે ચૌટે બેસે તેથી અને ભગવાનનાં આવાં લીલા ચરિત્ર ગાય તોય કર્મ કપાય. આપણી વાત નથી પણ એ લીલા છે. ચોરો ચૌટે બીજી વાત નીકળે તે જગતની કહેવાય અને ખપની તો ના હોય તો કરે તેમ આ ખપની નથી

પણ વાત કરે તો લીલા છે તો કર્મ કપાય માટે નફો છે. તેથી જન્મ મરણ જાય અને જે જે અવતારે જે જે લીલા કરી હોય તે વચનામૃત પ્રથમ ૫. મુજબ સંભારી રાખીને જગતની પેઠે દહાડા કાઢીને દેહ પડી જાય છે તેમ આપણે સંભારી રાખીને દેહ પર્યંત એમજ કરવું. જગતના હજારો રૂપીયા વિવાહ બારમે કાઢે છે અને તેમાં આનંદ કરીને દહાડા કાઢે છે તેમ ભગતે ચરિત્ર સંભારી મૂકવાં.

ગઢડા મધ્ય ૪૮ લીલા ચરિત્ર સંભારે તો ગર્ભવાસ જાય. ત્યારે મણીલાલ બોલ્યા જે કંઈ હોય તો? મહારાજ કહે જે અહિં નહિ આવવાનું. બદ્રિકાશ્રમ જઈને ટાળે અને ત્યાં અહર્નિશ સંબંધ અને અહિં તો કંઈક છે નહિ તો "અંતે યા મતિ સા ગતિ." એવા શબ્દ મળે નહિ. ત્યારે મહુધાનાં રૂક્ષ્મણીબા બોલ્યાં જે, બીજે કંઈ જવું ના પડે અને ગર્ભવાસમાં ના આવવું પડે તેવો રસ્તો? ત્યારે મહારાજ બોલ્યા જે તમારે બધાને માથે વાત જ નથી. જો તમને અડધો શેર ખાવા આપે તો અહિંથી ઘેર જાઓ જ નહિ. લખેશરીની બૈરી ગરીબને લઈને નાશી જાય અને તે સ્ત્રીને બંધન નથી તેમ બીજો ત્યાગ કરીને ભગવાનમાં હેત, જેથી મન ગમતું મળ્યું એટલે વૃત્તિ બીજે જાય જ નહિ. ભાઈઓને તો કંઈક વાસના હોય જ દૃષ્ટાંત જે ગોપીઓ જેવી ભક્તિ હોય તો બહુ છે. તેથી જોઈએ એ હદવાળી છે. તથા ભાઈબાપ જેવું હેત હોય તેવું ભગવાનમાં હોય તો કંઈ નહિ અને ઉતરતો ઢાળ છે. ગોપીઓને વિઘ્ન જે ભગવાન વગર બીજામાં હેત ના થવું જોઈએ પણ આ સમામાં તો ભગવાન કરતાં બીજામાં સુખ મનાય તેમ નથી. બોલો, અડે. અક્ષર લખેલા જુએ. બીજા તો ધીખી ઉઠે તો બીજામાં હેત ક્યાંથી થાય? એવું હાલ તમારૂં અંગ જુબાની ઉપરથી જણાય છે. પણ પછીની વાત પાછળ છે. ત્યારે મણીલાલ બોલ્યા જે હેત બધેથી તૂટે તો અખંડ વૃત્તિ ભગવાનમાંથી તૂટે છે શાને? અને અખંડવૃત્તિ રહેવી જોઈએ. તે રહે તો કૃતાર્થ થાય ત્યારે રૂક્ષ્મણીબા બોલ્યાં જે સાચવીએ તો અખંડ રહે. ત્યારે મહારાજ બોલ્યા જે કંઈક વૃત્તિમાં વ્યભિચાર ખરો વળી પંચાળા ૩ ના વચનામૃતમાં કહ્યું છે જે આ હેત સારૂં નહિ. આ હેત નહિ સારૂં એમ કરતાં ઠેઠ અવધિ મૂકી. આવું હેત સારૂં. વળી મહારાજ બોલ્યા જે બધા જગત કરતાં આપણને સારૂં મળ્યું છે. ચાર ઘરાંવાળો તેમાં મુખી ઉત્તમ ગણે પણ મુંબઈનો ભંગીઓ તેથી લખેશરી હોય અને જો એમ વિચારે તો ગાંડીઓ થાય પણ હેત હોય અને જ્ઞાન જોઈએ તો વિવેકમાં રહેવું જે બીજામાં હેત ન થાવા દેવું. હવે ગર્ભવાસનાની વાત જે દેહ મૂકતાં બીજે વૃત્તિ રહે તો દેહ ધરવો પડે અને ના રહે તો ધામમાં જાય. તે ઉપર ગુરુ ચેલાની વાત જે ગુરુએ કહ્યું હતું જે 'હું મરીશ ત્યારે નગારાં વાગશે.' તે

વારમાં ઈયળ થઈ. માટે વાસના ના રહેવા દેવી. જ્ઞાન લગાડીને કાઢવી. ભગવાન વગર બીજામાં હેત ના હોય તો એકાંતિક ભક્ત કહેવાય. પણ થયો નથી પછી તે વાત ઉપર જે "જે જે મારા કહેવાણા છો તેને તલમાત્ર કસર રહેવા દેવી નથી." મધ્ય ૪૫-જેટલી ઘડી હરિમાં સ્મૃતિ રહી તેટલામાં આનંદમાં પણ નવો વિચાર ના કરવો. જેથી નાથાભાઈની પેઠે ડાગળી છટ ન થઈ જાય. ચિત્તભ્રમ થાય આત્મભ્રમ ના થાય.

જેમ નોકરી મજુરી બીજામાં દુઃખ પડે છે તેમ ભગતને ભગવાનનો સંબંધ કરવો તેમાં દુઃખ પડે તોય પણ સુખજ માનવું. શાંતિ થાય કે ના થાય તોય પણ સુખ જ માનવું. કોક વખત રજોગુણ તમોગુણને લીધે વધે ઘટે તેની ખબર ના પડે તો દુઃખી થઈને ઉઠે માટે જગતની પેઠે સુખ જ માનવું. માસ્તર ગોવિંદભાઈએ તેમાં આશંકા કરી જે કેમ માંનવું? ત્યારે મહારાજ બોલ્યા જે ભગવાનનો સંબંધ તેમાં સુખ જ છે. માનવું વળી કેમ? સુખ જ છે. જગતની પેઠે એટલે પહેલાં સુખ દુઃખ પડે નોકરીમાં ખેતીમાં મજુરીમાં પણ પગાર વખતે સુખ જ છે. પણ તેના મનમાં લાગણી થતી નથી અને એમ જાણે છે જે આ દુઃખ છે તે સુખ જ છે એમ જાણવું. (તરંગ ૫૧ ટુંક ૧૫)

મણીલાલના પ્રશ્નનો ઉત્તર જે કર્મ અનેક જાતનાં અને સંસ્કાર અનેક જાતનાં તે ઘણા ભેદ છે.

જેટલી જેની વૃત્તિ રહે તેટલો તેનો ભક્ત. ભગવાનમાં વૃત્તિ રહે તો ભગવાનનો અને માતા માયા ઉંઘ પૈસા ઈત્યાદિક સાંભરે તેટલો તેનો ભક્ત જેટલીવાર જેટલી મીનિટ પ્રભુ સાંભરે તેટલો ભગવાનનો ભક્ત વચનામૃત પ્રથમ ૪૯ પ્રમાણે જેટલી વૃત્તિ સહેલી પડે તેટલો ભગવાનનો ભક્ત થયો. વૃત્તિના બે ભેદ એક જ્ઞાનની અને બીજી વિજ્ઞાનની. જ્ઞાને કરીને નાશવંત દેખે અને પછી વૃત્તિ ચોટે તે જ્ઞાને કરીને કહેવાય. અને પતાસાની પેઠે સ્વાદ પડે તેણે વળગે તે વિજ્ઞાન છે. એ બે ભેદ છે બાળકને પતાસા ટાળી રૂપીઓ આપે તો તે રૂપીઓ લે નહિ, કેમ જે એણે રૂપીઆમાં સ્વાદ મલ્યો નથી. સ્વાદનું વિજ્ઞાન થયું છે તેથી અને બીજાને રૂપીઆ માટે તપાસુ આપે તો લે નહિ કેમ જે એણે સ્વાદ રૂપીઆમાં જ્ઞાને કરીને માન્યો છે તેમ વળગ્યો અને પેલો સ્વાદે કરીને વળગ્યો. વૃત્તિ રહી એટલે ઉપરથી આભ પડે તો પણ ભય રહે જ નહિ. માસ્તર ગોવિંદભાઈએ આશંકા કરી જે અમે તો ઉંઘમાં જઈએ છીએ અને ભજનમાં ભૂલે છે ત્યારે મહારાજ બોલ્યા જે મા દયાળુ છે. જીવ તપેલો છે તે બ્રહ્મ

સુષુમ્નિમાં લઈ જાય છે અને પહેલી વાત તો સુખથી ભૂલે અને પછી આ તો મેલે મા- (કહેતાં ઉંઘ કહેતાં માયા કહેતાં મા) માસ્તર ગોવિંદભાઈએ પૂછ્યું જે મરવાનું કઈ અવસ્થામાં? તો ઉત્તર જે ત્રણેય અવસ્થામાં છે. ભાગવતીતનું બંધાય છે અને કર્મ પ્રમાણે પદવી મળે. ભયભાવ, સ્નેહભાવ ઈત્યાદિક ભાવનું કલ્યાણ અને તેમાં ફેર. પુતનાને જશોદાનું કલ્યાણ તેમાં જેમ ફેર તેવો ફેર.

'આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ' એ કીર્તનનું છેલ્લું પદ મહારાજ બોલ્યા ત્યારે ગોવિંદભાઈ માસ્તરે કહ્યું જે એ કેવું છે તે દેખાડો ને તે કીર્તનતો છે જ પણ કહી કહીને કેમ કરવું છે? દેખાડો તો ખરૂં. ત્યારે મહારાજ બોલ્યા જે એજ સંકલ્પ રૂપી ગઢમાં પાર પાડવાનું નથી. પ્રગટ ભગવાન વગર બીજી ઇચ્છા રાખવી તેને ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે. વચનામૃત પ્રથમ ૯ બીજી ઈચ્છા ન રાખવી.

વચનામૃત ગઢડા મધ્ય ૪૯-૫૦ વાંચ્યું અને તેમાં આવ્યું જે બાઈઓને કંઈક લોચો રહ્યો જણાય છે તેથી પાર પડતું નથી. જ્ઞાન વગર હેત તો અપાર છે તે માટે ગઢડા મધ્ય ૨૪માં યોગનિષ્ઠા છે. સ્ત્રીઓને ગોપીઓ બીજા પુરુષની વાત સાંભળે તેથી લાય થાય છે તેથી વૃત્તિ રાખે તે યોગનિષ્ઠાનું બળ અને જો લાય ના થાય તો બધીઓ કેમનીએ ચાલે પછી સાળંગપુર ૧. પ્રમાણે ઝેર જેવા વિષય કહ્યા તે અગ્નિ ભક્તિને બાળે નહિ ત્યારે જ્ઞાન જે સાંખ્યનો ખપ જોઈએ, તેટલી સમી રહેશે. ગોપીઓ અને ભાઈઓને તો જ્ઞાને કરીને સમજણનું બળ છે. વિઘ્ન યોગનિષ્ઠાએ છે. સાંખ્ય અને યોગ બે એકની પાસે હોય તો વિઘ્ન નહિ. ગોપીઓને તો જ્યારે સિદ્ધાઈ આવે ત્યારે લોચા નીકળશે.

'કલ્યાણના માર્ગમાં પડ્યા' અને કલ્યાણના માર્ગમાંથી પડ્યા' તે બે ભેદ છે 'માં' એટલે ફરી ઉભા થવાનો નાથાભાઈની પેઠે અને 'માંથી' એટલે ફરી ઉભો થવાનો નહિ-છોટાલાલની પેઠે.

ચાલતો પાઠ.

મનન દ્વારાએ સંગ જે આંખો મીંચીને બેસી રહેવું સારૂં લાગે અને દેહમાં વૃત્તિ ના રહે. અને ભરભાંખરા જેવું દેખાય. ઉઠવું હોય ત્યારે ઉઠાય. આકાશ જેવું વિશાળ અંતરમાં દેખાય. હવે ઉત્તમ જે મુર્તિની ધારણા થાય. મધ્યમને તો શૂન્ય ભાવ રહે. મુર્તિ ના ધરાય અને કનિષ્ઠને તો કીર્તન ભજન કથા કરવું સારૂં લાગે તે મનન દ્વારે એ સંગ થાય તેમાં બ્રહ્મના ગુણ આવે.(તરંગ ટુંક ૨૦ થી ૨૫)

વસાઈનાં હરખાબાના સંકલ્પથી તેમના ખુશાલભાઈને સમાધિ થઈ (તરંગ ૫૧ ટુંક ૨૬-૨૯)

ગોરસ દહીં, વલોણાં તેવી લીલા કી બાઇઓના પ્રેમથી(તરંગ-૫૧ ટૂંક ૩૦-૩૭)

અરલાલીના જેઠાભાઈને રાત્રે તેજમાં ભગવાન દીઠા અને સવારમાં બોલ્યા જે આજ રાત્રે જેવું કામ કર્યું છે તેવું કોઈ દિવસ કર્યું નથી. કહેવાનું શું જે રાત્રે સુતાતાને આવી બાબત થઈ તે સમજવાનું જે જે કોઈ સુતા હોય તેને એમ જાણે જે આતો ઉંઘે છે અને પછી તેને ઉઠાડે તો કેવું વસમું લાગે? અને તેનું પાપ પણ ઉઠાડનારને લાગે માટે સુતેલો, બેઠેલો, એક તાર જોઈ રહેલો, વિચારમાં પડેલો તેને બોલાવવામાં દુઃખ છે. (તરંગ ૫૧ ટુંક ૪૨ થી ૯૫)

સંવત ૧૯૭૦ જેઠ સુદ ૧૪ રવિવાર.

ધોળા સાધુની વાત (તરંગ ૫૨ ટુંક ૧૫-૨૫) ગાંઠનું ખાવું અને અહીં ના રહેવાય તો ફરવા જવું અને ત્યાંથી અહિં આવવું એમ જન્મારો કાઢવો એમ જીવતા સુધી પહોંચે એવું રાખીને નીકળવું.

સમૈયો સંવત ૧૯૭૦ શ્રાવણ વદ ૪, સોમવાર તા. ૧૦-૮-૧૯૧૪.

વચનામૃત પ્રથમ ૫૬ માં કહ્યું કે જે કોઈ જાતની કામના રહે તે મોટી ખોટ છે. તે ખોટે કરીને તમારૂં આગળ ચાલતું નથી. માટે તે ખોટ ભાગે અને જે જે કરે તે ધર્મ અર્થ અને કામ પર જાય છે તે કસર છે અને સ્વર્ગ મૃત્યુ અને પાતાળમાં ભોગવે પણ

ગુણાતીત ધામને નથી પામતો. તે મધ્ય ૧૧ માં છે જે ફળની ઇચ્છાનો ત્યાગ કરીને તેનો તે શુભ કર્મ પ્રસન્નતામાં કરે અને વળી પ્રથમ ૯ માં છે જે કોઈ પ્રકારની ઇચ્છા ન રાખવી તેમાં પ્રથમ ૭૦ નાનું દૃષ્ટાંત જે રામપાતર વગેરેનું - માટે ઇચ્છા તો રાખવી જ નહિ. એ આદિક ઘણી વાત કસર ઉપર કરી હતી. અટકી પડ્યું તે ઉપર અને બધાંના મનમાં થયું કે કેમ અટક્યું તે ઉપર મોઢે આવ્યું ત્યારે ખુંચ નીકળી.

(જ્ઞાનલીલામૃત અ. ૧ ટુંક ૫૭).

એક કોરે દુઃખ કંઈ હોય તો જ સુખ રહે કહેતાં દુઃખ હોય તો પાપ થતાં અટકે અને દુઃખને લીધે પાપ બળે એટલે સુક્રીત રહે માટે જે કંઈ દુઃખ આવે તે ભોગવી જ લેવું અને ભગવાન થોડે થોડે ભોગવાવે. અતિશે દુઃખ હોય અગર એકદમ આવે તો ખમાય નહિ અને વીંછીનું દુઃખ હોય તો ના આવે અને સુળીનું હોય તો વીંછીએ મટે તે વચનામૃત પ્રથમ ૭૦ માં છે માટે જે આવે તે ભોગવી જ લેવું, મુક્તની શિક્ષાપત્રી કલમ ૩૭માં છે તે સુખદુઃખનો જોગ તે ભોગવી લેવું.

જે કંઈ હસતાં અને સાચું જે કંઈ ખરું ખોટું જે બોલે તેને તેનું ફળ મળે. ભગવાન ઉપર હોય તો દસહજાર ઘણું ચઢીને આવે તે વાત સાધીનાએ હસતાં કે સાચું 'કરડી ખાએ' એમ કહ્યું - તેનું ફળ મળશે. હસતાં કહ્યું હશે તો લોકો હસતાં કહેશે જે 'તને કરડી ખાઈશ' અને સાચું કહ્યું હશે તો તેમ થાશે પણ ફળ મળશે તે વાત કરી હતી. (સાધીના ઉપર જ્ઞાનલીલામૃત ૧-૬૨ ટુંક).

સન્મુખ વિમુખના બે પ્રકાર. એક તો અચળ મુકામે ન આવે તે વિમુખ અને આવે તે સન્મુખ. અને બીજો અહિં આવે અને જેટલી મુર્તિમાં વૃત્તિ રહે એટલો સન્મુખ અને બીજો વિમુખ - જ્યાં સુધી માયામાં વૃત્તિ રહે મુર્તિ વગર તેટલી ઘડી વિમુખ.

ઝવેરભાઈ ભાદરણનાને ભગવાનના સુખનો લોભ નથી તે ઘાંચ કહેવાય. એકાદશમાં મુનર્મીમત્વ સિદ્ધિમાં કહ્યું છે તે ઘાંચ કહેવાય. માટે ભગવાનના સુખનો લોભ રાખવો. પંચાળાના ૧ પ્રમાણે.

આ દુનિયામાં સુખ તો છે જ નહિ અને છે તે ઉપર છે. જેમ ટાઢ વાય તે દુઃખ

અને ઉપર તડકો તે સુખ. ભૂખ એ દુઃખ અને ખાધું એ સુખ. પણ છપ્પન ભોગ હોય અને જો તરફડીને ખાધું હોય તો તે પછી છપ્પન ભોગ ભાવે નહિ. દેખીને ઉલટી થાય, તેમ સુખ તો છે જ નહિ. અને સર્વ દુઃખ ઉપર ભગવાન સુખ રૂપ છે અને દરેક દુઃખ ઉપર દરેક જાતનાં સુખ લગાડીએ ત્યારે મટે પણ ભગવાન સર્વ ઉપર લગાડીએ તો તે સર્વ મટે. માટે સુખરૂપ એક ભગવાન છે.

જે જેનું દુઃખ હોય કહેતાં જેને જે દુઃખ હોય અને અચળમુકામે આવે અને ભજન સ્મરણ કરે અને થોડી વૃત્તિ ભગવાન સામી રહે અને થોડી વૃત્તિ પેલા જે દુઃખ લઈને આવ્યું હોય તે ઉપર રહે તે વૃત્તિ ભગવાનમાં રહેલી તેનું ફળ જે દુઃખ લઈને બેઠો છે તેમાં જાય અને તે સંકલ્પ દુઃખનો પુરો કરે તેથી તેમાં જે જે ભક્તિ થાય છે તે ખપી જાય છે તે કસરે અટક્યું છે જેમ આણંદનાં સુરજબાને ઘરનો ૩૦ વરસનો ભોગવટો છુટવાનો થયો ત્યારે ભાદરણ આવીને તે દુઃખનો મનમાં સંકલ્પ રાખીને ભજન કર્યું સમૈયાના પાંચ દહાડામાં તેનું ફળ રસ્તામાં મળ્યું જે સંકલ્પ કર્યો હતો જે આ દેહ પડી જાય તો સારૂં, તે લઈને આવ્યાં હતાં તે રસ્તામાં પુરો થવાનો થયો ને ઘોડાગાડીનો ઘોડો ખાધરામાં પડ્યો જેથી ઘોડાગાડી ઉંધી પડીને તેનો લોઢાનો પાવડો પગમાં પેઠો એને પછી મન ફર્યું જે આમ તો નથી મરવું ત્યારે વાગેલું દુઃખ જણાયું નહિ. અને જે જે ઘોડો બદલે તે તે બ્હીને ખાધરામાં જવા ફરે, તે ઘોડો શાથી બ્હીવે તો મહારાજ ઘોડાને ચાબક લઈને મારવા માંડે તે દેખાય નહિ. જે સ્ટેશને ડહીબા આગળ ગએલાં તેમણે દીઠા ને ઘોડા આગળ મહારાજ બીવરાવે છે તેથી તે ગએલાં પાછા આવ્યાં, ત્યાં તો પાવડો વાગ્યો છે અને બશેર લોહી નીકળ્યું એવી રીતે સંકલ્પ કરાવે છે.

સંવત ૧૯૭૦ શ્રાવણ વદ ૫. મંગળવાર તા. ૧૧-૮-૧૯૧૪.

વચનામૃત પ્રથમ ૨૬ કેવળ ભગવાનનું ચિંતવન રહે છે. રાખે છે નહિ. રહે છે અને કેવળ બીજાનું નહિ કહેતાં બીજાનું રાખે તો ભક્તિ તણાઈ જાય. રહે છે અને રાખે છે કેવળ તે બીજાનું નહિ.

હવે રહે છે ચિંતવન તે રસ્તે રસ્તે ચાલે ગાડુ-શાસ્ત્ર પ્રમાણે-અને જે રાખે તે ઉટંગ ચાલે, નાથાભાઈની પેઠે-જે તું કૃષ્ણને હું પુરુષોત્તમ. રહે છે ચિંતવન તે સિદ્ધ

થાય અને તે સાચા. કહેતાં જે વૃત્તિ રાખે છે તે તો સંકલ્પ ઉપર જાય છે અને માનીનતા થઈ કે જે સંકલ્પ જેનો ઉંડો તે ઉપર આવે ચિંતવન રાખ્યાથી કહેતાં જે હું આવો થાઉં તેથી ચિંતવન રાખે છે અને રાજી કરવા ભગવાનને તેમાં ના થાય. ગાદીનો સંકલ્પ હતો તો નાથાભાઈને શનિવારને મેઘાડંબર થયા તે સંકલ્પ ઉપર છે. 'તેવી રીતે જે સંકલ્પ રાખીને વૃત્તિ રાખે છે તે નાથાભાઈ જેવા સિદ્ધ થાય છે.'

।। શ્રી પ્રગટ પુરુષોત્તમ નારાયણાય નમો નમઃ ।।

# શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત

# ભાગ - ૩

## -ઃ તૃતીય ઃ-

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन।।

-શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૪ (શ્લોક ૯)

(હે અર્જુન! મારા જન્મ તથા કર્મને એ પ્રમાણે જે તત્ત્વથી દિવ્ય જાણે છે તે દેહ ત્યજીને પુનર્જન્મ નથી પામતો (પણ) મને જ પામે છે.)

## -ઃ શ્રી પુરુષોત્તમ મહારાજના મુખની વાતો ઃ-

આગળ ચાલુ.

સંવત ૧૯૭૦ શ્રાવણ વદ ૭ ગુરૂવાર તા. ૧૩-૮-૧૯૧૪

જેમ પ્રથમ મનુષ્યને ભગવાન ઠરાવવા તે વખતે જગત બધું ઉકળી ઉઠ્યું હતું તેમ હવે પીંડમાં ભગવાન કરતી વખતે ઈન્દ્રિયો અંતઃકરણ ઉકળી ઉઠ્યાં છે, જે કેમ આગળ ચાલતું નથી? અટક્યું છે કેમ? હવે ક્યારે પુરૂં થશે? દસ-દસ બાર-બાર વરસથી ફરીએ છીએ ઇત્યાદિ-માટે ઈન્દ્રિય અંતઃકરણ ઉકળ્યાં. એ રીતે ઘણી વાત કરી.

બ્રહ્માંડના ભગવાનનો નિશ્ચય જીવ સુધી ગયો છે, પણ જ્યારે ઈન્દ્રિઓમાં વરતે ત્યારે ગોથાં ખવરાવે છે. કહેતાં ડોલાવી નાંખે છે. તે નિષ્કપટી હશે તે કહેશે પણ કપટી નહિ કહે.

# વાસના ટાળવા બાબત

એક ગેડય બેસાડવી જે ભગવાનમાં સર્વ છે. જે જે સંકલ્પ ધારશું, ઈચ્છવું, તેમાં કંઈ પડી રહેશે કહેતાં કોક સંકલ્પ રહી જશે પણ મુરતી હશે તો કંઈ પડી રહેશે નહિ. જેમ પૈસા હોય તો આ જગતમાં કંઈ પડી રહે નહિ, તેમાં સર્વ આવે. તેમ જગત કહેતાં પીંડ બ્રહ્માંડ બેયમાં ભગવાન હશે તો કંઈ પડી નહિ રહે માટે એક મુર્તિની ઈચ્છા રાખવી અને જ્યાં સુધી નહિ રાખો ત્યાં સુધી સંકલ્પ પુરા થશે અને કોઈક નાનો રહી જશે તો ફરી પુરો થશે ત્યારે -તોય કંઈક રહી જશે અને મુર્તિમાં કંઈ રહે નહિ. જ્યાં સુધી વાસના છે ત્યાં સુધી મોક્ષ નથી અને જે સંકલ્પ ઇચ્છે તે મૂર્તિમાં છે અને જે મૂર્તિ સાંભરે તેના ફળમાં સંકલ્પ પુરો થાય અને છેવટે મુર્તિ રહે અને મુર્તિ રાખે તો સંકલ્પ પુરા મફત થાય અને મુર્તિ રહે. જેમ કોઈક ગામ જવું હોય તો વચ્ચેનું ગામ હોય તે તો આવે મફત અને ઠેઠનું ગામ તો આવેજ, પણ વચલું મફત આવે. તેમ મુર્તિ રાખે તો સંકલ્પ પુરા થાય તે મફત આવે. ખાંડ ભેગા મફત કાગળ આવે તેમ-પણ ખાંડ લેવા ન જાય ને કાગળ આવે તેમ-પણ ખાંડ લેવા ન જાય ને કાગળ લેવા જાય તો પૈસા બેસે. માટે એક મુર્તિની ઈચ્છા રાખવી.

કાંટો વાગ્યો હોય ને જો કહે તો કાંટો કાઢે અને ના કહે તો ના કાઢે. તેમ અટક્યું છે ભજનનું, તે જો કહ્યું તો ખુંચ નીકળી અને ના કહ્યું હોત તો ના નીકળત. જેમ સમજણ પડશે તેમ ખુંચો નીકળશે. કસર ઉપર ખુંચ નીકળે.

મન કચવાઈને કંઈ આપવું નહિ - તેનું ફળ ના થાય બળી જાય. ભઈજીકાકા ઉપર વાત જે પ્રથમ જુદા કરી ખાતા અને સમૈયો આવ્યો એટલે ભેળું સમૈયામાં ખાવા માંડ્યું. તે તો સમૈયાનો કર લેવામાં આવે, પણ જો તમારે ચાલતો ચુલો છે ને કરી ખાવ તેનું કંઈ નહિ અને ચાલતો ચુલો ના હોય તેને ના ફાવે અને જો તેને પૈસા ના મળે તો તે જુદુ કરી ખાય કે ઢેબરાં બાંધી લાવે તે ખાય પણ ચુલો ચાલતો હોય તો કરે ફાવે અને બીજાને ના ફાવે તેને તો ઢેબરાં ફાવે-તે પ્રકરણ આ સમૈયે ફેરવ્યું-ગરીબ માટે ના મળે તેને.

સર્વ દુઃખ સુખમાં ભગવાન સંભારવા એ જ કળ એક મોટી છે.

દુઃખ ત્રણ પ્રકારનાં છે. સાચું-અજ્ઞાનનું-પ્રારબ્ધનું એમ ત્રણ પ્રકારનાં છે.

❖ સાચું દુઃખ હોય તે ઉપાય કરે એટલે જાય-તડકો તેનો ઉપાય છાંયડો-ભૂખ તો ખાવાનું ઇત્યાદિ.

❖ અજ્ઞાનનું દુઃખ જ્ઞાને કરીને જાય માન અપમાન હરખ શોક ઈત્યાદિક.

❖ પ્રારબ્ધનું દુઃખ તે જ્ઞાને ઉપાયે ના મટે, ભોગવ્યે છૂટકો.

(તરંગ ૫૫ ટુંક ૧૧ થી)

અચળ મુકામે ના આવે તો જગત ભગતને બંનેને દંડ ટીપ ખરી, તે જગતને જણાય નહિ અને ભગતને જણાય જે આનું દુઃખ આ આવ્યું. તે ઉપર પ્રથમ ૭૦ના વચનામૃતમાં છે જે ચોરની વાત તે ચોર જગત હતો પણ સત્સંગે ગયો તો તેને દંડ ટીપ ના થઈ અને સુળીનું કાંટે મટ્યું. સુળી હતી તે કાંટો વાગ્યો એટલે સુળી ઉગરી અને સાધુનો સંગ કરવા ગયો હતો તો દંડ ટીપ ઉગર્યા, જેથી શાખ પુરાઈ.

સંવત ૧૯૭૧ના કારતકના સમૈયા ઉપર વાત.

બહાર દૃષ્ટિથી જુવે તો ધામ વગેરે છે તે ખોટાં છે અને આત્માની દૃષ્ટિએ સત્ય છે. દેહમાં આત્મા રહ્યો છે તે નેત્રની દૃષ્ટીએ પુરુષોત્તમને જુવે તે સત્ય છે અને આત્મામાં વૃત્તિ થાય અને પ્રકાશ દેખાય અને પુરુષોત્તમ દેખાય તે સત્ય છે.

યોગી પુરુષને અન્ન ખાવું એ મોટો શત્રુ છે. બીજા કામાદિ શત્રુ ગયા પણ આ કાઢવાનો છે. સાક્ષાત્કાર થતા સુધી કોઈ પ્રકારની ઇચ્છા રાખવી નહિ, પછી ગમે તેમ કરે તેની અડચણ નહિ. સૂર્ય ચન્દ્ર ઘણા છેટે છે પણ વચ્ચે કાચ ધરવાથી કણી પડે છે તેમ વચ્ચે મોટા પુરુષ રાખવાથી આત્મામાં પ્રકાશ થઈ ભગવાન દેખાય છે પણ તેમાં કાચ લગીર હાલે તો કણી પડે નહિ, તેમ સ્થિર થાય તો બને. એમાં મોટા પુરુષના સહવાસે ભગવાન પેસી જાય છે. તલને ફુલના સહેવાસની વાત વચનામૃત પ્રથમ. ૩૮, જે આ બેઠા છે એ ભગવાન છે અને એ જ મારા આત્માને વિષે બેઠા છે. એ ઝાઝું સમજે છે. અને આ પાટ ઉપર બેઠા છે એ જ ભગવાન છે, તે ઝાઝુ સમજતો નથી તે લીલા ચરિત્ર સંભારે તો સુખ વધે છે. સુખ વધે તેમ સ્થિર થશે. અને સ્થિર થશે તેમ સ્મૃતિ ના રહે. ઉંઘના સુખથી પીંડની ને બ્રહ્માંડની વિસ્મૃતિ થાય છે તેમ અર્ધું ભજનનું સુખ આવવાથી બ્રહ્માંડની વિસ્મૃતિ થવા માંડી. ઈંડાની પેઠે મારી નજર તળે સેવાસે તેમ તેમ અંગ વધતું જશે. જ્યારે દેહને આત્મા જુદા સમજાશે ત્યારે જ્ઞાન

કરવાનું છે. જ્યાં સુધી દેહને આત્મા જુદા સમજાયા નથી ત્યાં સુધી ઈંડા જેવા છો. તેને સેવવાથી સુખ વધશે, દેહની અને બ્રહ્માંડની વિસ્મૃતિ થાય, તેમ તેમ બ્રહ્માંડમાં લીન થાય, ત્યારે ભગવાન દેખાવાના નહિ. એ વખતે ઘાંચ જે હું બ્રહ્મને એ પણ બ્રહ્મ છે એ ઘાંચ આવશે. તે વખતે એમ સમજવું જે આટલી સ્થિતિએ તો હું તેનાથી થયો છું. હું અને પરમાત્મા બેજ છે એમ ધારી કેવળ મુર્તિમાં લીન થઈ જાય. એ સોળ આની સોના જેવો છે. સંકલ્પ સહિત મુર્તિ સાંભરે એનું નામ ધારણા અને સંકલ્પ નહિ અને ધરાય તે ધ્યાન.

સમાધિ બે પ્રકારની પીંડની અને બ્રહ્માંડની–સ્મૃતિ સમી ગઈ. તે પ્રથમના ૨૬માં છે જે શૂન્ય ભાવને પામે ત્યારે પ્રકાશ થાય અને પછી અક્ષરરૂપે થઈ પુરુષોત્તમ ભજે. ધર્મ તે શું જે દેહ જે ભજન કરતી વખતે હાલે નહિ તો તે બ્રહ્મરૂપ માનીને પરબ્રહ્મમાં લીન થઈ જવું એ ઉત્તમ પ્રકાર મનરૂપી ઘોડાને કોઈએ બાંધ્યો નથી અને જે બાંધે તે મોટા પુરુષ મળ્યા અને મારૂં પાર પડશે. અન્નને જળથી ક્ષુધા સમાવે છે તે ક્ષુધા જ્યારે મોટા પુરુષના વેણથી ન સમાય તો તે મોટા પુરુષ નથી. યોગી ઉંઘ્યો એટલે મુવો અને ખાધું એટલે વટલાયો બ્રહ્મરૂપ થશે ત્યારે બેય સરખા જણાવાના. તે વખતે ઘાંચ નિરાકારની આવવાની અને એમ માનવું નહિ જે હું એમનાથી (ભગવાનથી) મોટો થયો છું. માટે હું બ્રહ્મ છું અને એ મારાથી પરબ્રહ્મ છે કહેતાં મોટા છે.

અસદ્ આત્મા કહેતાં દેહ આત્મા જુદો સમજતો નથી તે અને વળી ભગવાન મળ્યા અને બીજું તુચ્છ માગે તે.

❖ તીર્થ બે પ્રકારનાં ચળ અને અચળ.

❖ લાય ત્રણ પ્રકારની કામ, ક્રોધ અને લોભ.

વચનામૃત પંચાળાના ચોથા પ્રમાણે મનુષ્ય ભાવને દિવ્ય સમજવો. મનુષ્યભાવ છે જ નહિ એમ સમજવું.

❖ ત્રણ પ્રકારનું જ્ઞાન અને ત્રણ પ્રકારનું વિજ્ઞાન.

ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ તે ભેદ. કનિષ્ટ વિજ્ઞાન આંખો મીંચીને બેસી રહીએ તો પીંડમાં લોહી, પરૂ, પાચ વગેરે જુએ તે દીવા જેવો.

મધ્યમ વિજ્ઞાન જે બ્રહ્માંડમાં ગતિ પહોંચી એટલે આને આ હાથે લાખો ગાઉ છેટે હોય તે ગ્રહણ કરે એ મશાલ જેવો.

ઉત્તમ વિજ્ઞાન જે અનંત કોટિ બ્રહ્માંડમાં વ્યાપકશક્તિ અક્ષરરૂપ થઈ અનંત કોટિ બ્રહ્માંડ વ્યાપકશક્તિ, તે વડવાનળ જેવા.

ચાર પ્રકારમાં ભગવાન રહે છે, કર્મકાંડના આચાર્ય, જ્ઞાનકાંડના આચાર્ય, મુર્તિઓ અને પુસ્તક-એમ ચાર પ્રકારમાં ભગવાન રહે છે. તેમાં જ્ઞાનાચાર્ય ઉત્તમ તેથી કલ્યાણ થાય. વાસના બે પ્રકારની પહેલી તો પ્રથમ ૧૧ના પ્રમાણે ને બીજી પ્રથમ ૬૦ના પ્રમાણે પ્રથમ ૧૧ની તો બ્રહ્માંડની વાસના કહેવાય અને પ્રથમ ૬૦ની તો પીંડની કહેવાય, કહેતાં બહારની વાસનાઓ પ્રથમ -૧૧ પ્રમાણે અને પ્રથમ-૬૦ની તો પીંડમાં નડે તે.

ઉત્તમ ભગતને સવા પાશેર અને મધ્યમને અઢી પાશેર અને કનિષ્ઠને સવાશેર અન્ન જોઈએ. (તરંગ ૫૭ ટુંક ૪૨)

નિરાકાર દ્રોહ કુદષ્ટિ એ ભગવાનને જેવા જાણીએ એવા થાય અને કરોડ ઘણું સુખ આપશે. પણ અજ્ઞાનનો ખુણો રહી ગયો હશે તો અંગ વધશે નહિ અને પછી વચનામૃત પંચાળા ૪, મધ્ય ૨૮, છેલ્લાનું ૧૬ વગેરે વચનામૃત વાંચીને ઉઠ્યા પછી ભાવિક ભકતે રસોઈ જમાડી.

સંવત ૧૯૭૧ કારતકના સમૈયા પછીની વાત.

ધુળાભાઈને વાત કરી જે હરિ ભગતને દેહભાવ મટીને આત્મભાવ થાય અને તેને ઘેર જે જાય તેનું પોતાનું ઘર લાગે, અતડું ના લાગે, કારણ કે આત્મભાવ જેને હોય તેનો આત્મા ને જે જાય તેનો આત્મા એક છે માટે જનારને ઘર પોતાનું લાગે. ત્યારે એમ જાણવું તે દેહ ભાવ રૂપે નથી વરતતો આત્મભાવે વરતે છે-એ વાર્તા સાધીના દાજી ઉપર કાઢી હતી. કલ્યાણભાઈ ત્રીભોવનદાસને તેમનું ઘર ઠંડકથી ભરેલું જણાય ને શીતલ લાગે.

બુધવાર

ધારણાનો અવધિ ક્યારે? તો જેટલીવાર ધારી રહીએ એટલીવાર ધારી રહેવાય-અકળાય નહિ, ત્યારે ધારણા પુરી થઈ.

આત્મ સત્તામાં સામાને સંકલ્પ જણાય તે કેવી રીતે તો સામાના મનમાં સંકલ્પ થયો કે તે પોતાના મનમાં ઉપજે જે આમ કહીએ તો ઠીક પણ દેખાય નહિ અને બ્રહ્મ સત્તામાં તો સંકલ્પ દેખાય અને તે કોનો થયો તે પણ જણાય.

એકાદશનો પંદરમો અધ્યાય વાંચતાં પ્રથમ નિયમનો અર્થ કરવા માંડ્યો. ફલાણું ખાવું, અને ફલાણું જોઉં, ગળ્યું ચીકણું ખાધાનું મન ના થાય-જોવામાં સ્ત્રી

આદિક જોવામાં મન ના થાય અને તેના શબ્દ સાંભળવામાં મન ના થાય, સારા વિષય ભોગવવામાં મન ખેંચી જાય નહિ અને કબજામાં રહે તો નિયમમાં કહેવાય.

સર્વ વાતમાં ઉપાસના કહેતાં ધારણાનું પહેલું છે. મુરતી સંભારવી તે.

બેય રાજ્યમાં ધર્મને સંતનું ચલણ થવાનું. દીવાન બધાય નથી થવાના. તો મહેતો વહીવટદાર સુબો એવા કોણ થાય? માટે સિદ્ધિઓ લઈ પડી જશે, પાકશે તે ચલાવશે.

ગુરુવાર.

સમૈયે સમૈયે આનંદ વધવાનો અને શાંતિ સુખ અંગવૃદ્ધિ પામતું જવાનું.

(પોષ્ટ માસ્તર આગળ શુક્રવાર)

જેમ જેમ વધારે શાંતિ થતી જાય તેમ તેમ અવસ્થા જાય તેમાં ધ્યાન કરવા બેસે અને જ્યારે જ્યારે જાગ્રત વર્તે ત્યારે મન સ્થિર ના રહે અને સંકલ્પ થાય અને સ્વપ્નમાં સ્વપ્ન આવે અને સુષુપ્તિમાં ઉભું રહે માટે ઉભું રહે છે એમ એક તો નક્કી થયું. જેમજેમ ઉભું રહેશે જાગ્રતમાં અને સંકલ્પ કરીએ તો પણ ના થાય અને ઉભું રહે ત્યારે જાણવું જે સ્થિર થશે અને મન સંકલ્પ કરવા સમર્થ ના થાય કહેતાં કરે નહિ ત્યારે મનોરથ પુરા થાય અને સંકલ્પ સિદ્ધ થવા લાગે.

તા. ૪-૧૧-૧૯૧૪, બુધવાર.

જાગ્રત અવસ્થા તે ઉપર વાત નીકળી જે પ્રાગજી મહારાજ સુવે તો અડધી આંખ ઉઘાડી રહે અને નાક બોલે અને ભૂલ પુરાવે તેમ જેનાં નાક બોલે તોય ઉંઘ ન જાણવી સમાધિ છે. મધ્ય ૧

ચોવીસ કલાક પીંડ બ્રહ્માંડ સાંભરે નહિ ત્યારે સિદ્ધિ શરૂ થાય ત્યારે ડગાવવા માંડે ત્યાં સુધી ડગાવે નહિ અને છેતરે.

જેવી પ્રથમ સ્થિતિ શાંતિ હતી તે પછીથી પ્રવૃત્તિ કરીને શાંતિ હતી તેવીને તેવી પ્રથમવાર શાંતિ જ્યાં સુધી ના થઈ હોય ત્યાં સુધી વાંચવાનું ગમે અને પ્રવૃત્તિ કરતા પહેલાં શાંતિ હતી એટલે સંતોલે શાંતિ થાય ત્યાં સુધી ગમે. પછી વાંચવાનું ના ગમે. એ શાંતિનો છેડો કહેતાં પ્રથમની શાંતિ આટલી હતી-પ્રવૃત્તિ કરતાં પહેલાં તે જણાય. વાંચતાં વાંચતાં ધરાયજ કેમ?

સામા માણસને શાંતિ કેટલી છે તે જણાય, જે તેના બોલવાથી સામું જોવાથી તમોગુણી હોય તો આકરો બોલ લાગે અને તેથી સામું જોવાનું ના ગમે અને આપણાથી ઓછી શાંતિવાળાનું એ.

બરોબરીયા વાળાને તો સુખ ના પડે અને દુઃખ ના પડે અને વધારે વાળાને તો તેના બોલ મીઠા લાગે, તેની સામું જોવું સારૂં લાગે. તેનાથી આનંદ થાય, ત્યારે જાણવું જે આને આપણાથી શાંતિ વધારે છે.

શનિવાર

તાવની વાત-જબરાના સિપાઈને નબળા સિપાઈ શું કાઢે? કહેતાં ભગવાનનો મૂકેલો તાવ અગર દુઃખ તે વૈદ ઔષધ તે શું કાઢે? અને તે ઓસડ કરે તેમાં અમો રાજી નહિ કહેતાં સામો થયો માટે વેરી.

## સાખી

રામ નામકી ઔષધિ, પરી નિત્ય સેં ખાય,
અંગ રોગ આવે નહિ, મહા પીડા મટી જાય.

કૃપા જે કરે તેનો બદલો આપે અને ન આપે તે કૃતઘ્ની અને કહે અને આપે તે કૃપા.

રવિવાર.

જેને જેટલી શાંતિ તેને તેટલી શીતળતા છાતીએ અને જેટલી શીતળતા એટલી શાંતિ અને જેટલી શાંતિ તેટલું સુખ જેનું મોઢું આનંદમાં છે તેને તેટલું સુખ. અને મનમાં કંઈ દુઃખ હોય તો મોઢું ઝાખું પડે અને બોલવામાં, ધ્યાનમાં, હીંડચામાં, ખાતાં, પીતાં, કામ કરતાં, વઢતાં, કીર્તન ગાતાં, દરેક વાતમાં તેનું મોઢું જોતાં આને આ કામ કરતાં સુખ છે અને આને આ કામમાં દુઃખ છે તેમાં મોંઢાથી ખબર પડે. આને આટલી શાંતિ છે અને આને આટલું દુઃખ છે તે મોંઢાના ચહેરાથી ખબર પડે.

સરવાળો કાઢવો મુર્તિ સંભારે તથા આવે તથા ના આવે-સુખમાં દુઃખમાં છે તે દરેકમાં મુર્તિ સંભારતાં સરવાળો જડે તો મહાત્મ્ય વધે અને મહાત્મ્ય વધે તો ફરી મુર્તિ ધારવાનું મન થાય માટે સરવાળો કાઢવો.

માગશર સુદ ૭ તા. ૨૫-૧૧-૧૯૧૪

સગુણ બ્રહ્મ જે દોષે સોતા-જે દેહાભિમાનવાળા સગુણ બ્રહ્મ થાય અને નિર્ગુણ બ્રહ્મ તો મુર્તિમાં લીન જ રહે. સગુણ બ્રહ્મ તે રાફડા ચઢ્યા અને ઉધઇ લાગીને રાજાના પેશાબ બંધ કર્યા. એટલી બધી સત્તા હતી તો પણ પરણવાનું મન થયું, તે છોડી પરણ્યા. ચ્યવન નારદ બ્રહ્મરૂપ તો પણ પરણવાનું મન થયું કહેતાં દેહાભિમાન હશે ત્યાં સુધી સગુણ બ્રહ્મ થશે.

શુદ્ધ સત્વગુણ જે વિષય વગરનો અને અશુદ્ધ સત્વગુણ જે વિષયના જ સંકલ્પ થાય.

સવિકલ્પમાં જેમ ભગવાન હશે કે નહિ હોય તેમ સંશય નિશ્ચય થતા તેમ નિર્વિકલ્પમાં ઐશ્વર્ય સંશય નિશ્ચય થાય તે વાત મકનદાસની ઉપર છે તે પાપ થાય છે.

જ્યાં સુધી ઉંઘમાં સુખ લે છે ત્યાં સુધી ભગવાનનું સુખ આવતું નથી અને જેટલું ઉંઘનું ઓછું થાય છે તેટલું સુખ આવે છે.

મકનદાસનો ઉભરો તે સાચો છે કારણ કે એકને દુઃખ થાય તેથી બીજાને ના આવે જુઓને નાથાભાઈ કુબેરભાઈ મણીલાલ માસ્તર ઈત્યાદિ-બીજાને ના આવ.

સર્વના ઉભરા ઉપર ધુળાભાઈએ વાત કરી તે ઉપર મહારાજ બોલ્યા જે ભગવાનને દિવ્ય સુખ આપવું છે અને જીવને માયિક લેવું છે તે કેમ બનશે!

સર્વ મુળમાં પાણી રેડે છે કહેતાં જેનાથી થયા તેનો ઉપરી થવા ફરે છે આખો ભગવાન નાથાભાઈ તથા શેઠ અડધો ભગવાન વગેરે શીવજીને ભસ્માસુરની પેઠે થવા

માંડ્યું પણ શીવજી ભક્ત હતા તેથી ગભરાયા પણ આ તો ભગવાન છે તે ગમે તે પ્રકારે તેનો અહંકાર પાડશે.

વિચાર નથી રાખતા જે આથી આવા ધક્કા કોઈને વાગે નહિ પણ વિચાર રહે તો ન વાગે.

પાત્ર જોવાને વાનગી આપે છે તો છકી જાય છે. પાત્ર કોણ જે ભગવાનની મુરતી વગર બીજી ઈચ્છા ન હોય તે પાત્ર અને કંઈ ઈચ્છા હોય તે અપાત્ર.

ચેંબોળમાં ભગવાન આવે તે ના ફાવે-એમ મકનદાસે સંદેશો મોકલ્યો તે ઉપર વાત જે આતો પુરૂ નથી ચાલતા ને આલતા માટે સારો હોય તો સારૂં. કહેતાં હું બધાંને સુખી કરૂં એ ડહાપણ થયું કહેવાય કહેતાં વૈરભાવ. શું ભગવાનને નથી આવડતું એમ થયું.

સાધીના દાજીની વાત મહારાજે પુછી અને ધુળાભાઈ જઈ આવ્યા હતા તે કહે છે જે સુખમાં પડી રહે છે અને મુર્તિ ધારતા નથી અને સુખ લેવા પડી રહે છે તે જ્યારે સુખની અવધિ આવી રહેશે ત્યારે ચંચળ વૃત્તિઓ થાશે અને પછી પાછા કંઈ સુખ લેવા જશે ત્યારે જ્યાં સુધી મળ્યું હશે ત્યાં સુખ ભોગવીને બહાર નીકળે અને ચંચળ થાય અને પણ વધારે સુખ નહિ મળે ત્યારે પછી નહિ લેવા જાય અને કોઈક સમે ભોગજોગે મુર્તિ ધારવાથી સુખ પડશે અને પછી ભૂલી જશે અને પછી ધારવાથી સુખ પડશે અને પછી ભૂલી જશે અને પછી ધારવાથી આવશે ત્યારે મૂર્તિ ધારવાનું શરૂ થશે અને શરૂ થયું. એટલે તેજ દેખાશે અને પછી બ્રહ્મપણાની સત્તા ચાલશે અને પછી મુર્તિ દેખાય એટલે થઈ ગયું ત્યાં સુધી વિઘ્ન પડે માટે સાચવવું.

સુળીનું કાટે સરે જે સુળી હશે તે સમાગમ કરેથી કાંટે સરે અને કાંટાનું હોય તે ન આવે તેમ સમાગમથી ખાવા ન મળે તો પણ મળે કહેતાં લખેસરીને દારીદ્રપણું આવે કહેતાં સમાગમથી મળે પણ દારીદ્રપણું હોય અને જો સમાગમ કરે તો રોટલા મળે તે વર માગી લીધો છે પ્રથમ ૭૦ ગમે એટલું કમાવ પણ ખાવા જેટલું મળે અને ના કમાય તોય ખાવા જેટલું રોટલા મળે તે સહેજે થઈ આવે.

અક્ષર તે ગૌલોકની વાત જે જેવા અહિં સ્વભાવ છે અને આચરણ છે તે વર્તણુક છે તેવી રીતે પણ દેહ મૂક્યા પછીની જાણવી અને જેવું અહિં છે તેવું પણ અથીકું નહિ કહેતાં ગૌલોકની રીત અહિં તે ચાલે અને અક્ષરમાં જવાય નહિ પણ અહિં જેવે રૂપે મળ્યા તેવે રૂપે જયાં સ્થાનક તેવું હોય તે ત્યાં દેખાય એટલે એમ જાણે જે હું અક્ષરમાં જ છું અને અહિંથી દેહ લેવો મુકવો હાથ હોય તો તે સ્વતંત્ર કહેવાય અને પેલો પરતંત્ર છે તે ઉપર વાત જે મુર્તિ સાંભરી આવે તો તે કૃપા થાય તે બારી છે કહેતાં નીકળવાનું બારૂં છે પણ અહિંથી સ્વતંત્ર તે જ શ્રેષ્ઠ.

માગસર વદ ૩ શનિવાર

સ્વતંત્ર તે શું જેમ રાજા આગળ દીવાન છે તેમ કહેતાં દીવાનથી બધાય હેઠેના દીવાનના પરતંત્ર કહેતાં રાજા વગર દીવાન બધાથી સ્વતંત્ર છે. ને રાજાને કહેવા જાય તો બધાથી પરતંત્ર થઈ પડે કહેતાં હોદ્દાથી ઉતારી મૂકે. કહેવા જાય કહેતાં ઠપકો દે તે તેમ મુળમાં પાણી રેડે તો સ્વતંત્ર છે, તો પણ પરતંત્ર થવું પડે તો ઉપરી તો થવાય કેમ? નાથાભાઈ કરાળીનાની પેઠે ઉપરી થવાય નહિ અને થાય તો તે મુળમાં પાણી રેડ્યું કહેવાય અને બરોબરીઆ કે ઉતરતા જાણ્યા હોય તો તે વખતે તે જીવને કોણ લે? પછી તો જમ ધણી થાય તે નરકમાં નાખે.

શાસ્ત્રમાં ઠેકાણે ઠેકાણે એમ છે જે પોતે આત્મા અને ઉપરી પરમાત્મા, પોતે ઈશ્વરતો ઉપરી પરમેશ્વર, પોતે બ્રહ્મ તો ઉપરી પરબ્રહ્મ પોતે અક્ષર તો ઉપરી પુરુષોત્તમ ત્યારે તેવું માને તો ઉપરીનો ભાર રહે, નહિ તો બરોબરીયાપણું થાય કે તેનાથી ઉપરી થઈ જવાય, તો અંતે જીવને લેવા કોણ આવે? માટે કહ્યું છે જે બ્રહ્મમાનીને પરબ્રહ્મ ભજવા કહેતાં બરોબરીયાપણું કહેવાય નહિ એ મુળમાં પાણી રેડ્યું ન કહેવાય અભાવ જે બરોબરીઆ કે ઉપરી થઈ જાય તે અને અભાવથી મૂળ કપાય છે અને મૂળ કપાયાથી અંતે જીવનો ધણી નથી થાતો.

નિશ્ચયમાં પુરતી થયા જેટલું જ ઐશ્વર્ય દેખાડે કહેતાં ઐશ્વર્ય દેખાય એટલે મહાત્મ્ય વધે તેથી નિશ્ચય વધવા માંડે માટે ઐશ્વર્ય દેખાડવાનું તે નિશ્ચયમાં પુરતી જેટલું જ ઈચ્છાઓ પુરી કરવાની છે કંઈ નહિ તો કોઈને કંઈ ને કોઈને કંઈ ટેકો મુકીને

પડવા નહિ દઉં -ભઈજીકાકાને ટેકો મૂક્યો અને મલકાચંદ ઉભા કર્યા જેથી આસ્થા રહી. નહિ તો હવે કોણ જાય છે? એમ થઈ ગયું હતું.

ઇચ્છાઓ જેમ જેમ જેને વધારે છે તેમ તેમ તે વહેલો ઉકળી ઉઠશે કહેતાં જેને વધારે તેમ તેને શાંતિ અટકશે એટલે ઉકળી ઉઠશે. અને જેને ઓછી હશે તે પછી બોલી ઉઠશે અને જેને નથી તે કંઈ બોલશે જ નહિ તો તે પાર પડશે. ઇચ્છાવાળાને શાંતિ ઓછી થશે અને શાંતિ નહિ આવે એટલે ઉકળશે. આજ સુધીમાં બધાય આવતા ને શાંતિ આવતી, તેથી કોઈ બોલતા નહિ પણ ઇચ્છાઓ છે તેથી શાંતિ અટકી કહેતાં અંગવૃદ્ધિને પામતાં અટક્યું એટલે શાંતિ અટકી એટલે ઉકળ્યા છે.

હજી કાંઈ વાત દૃઢ થઈ નથી કહેતાં હવે ગમે તેવું કુસંગમાં પાપ થાય તોય પણ અંતર ધીખી ઉઠે નહિ, તે એક વાત દૃઢ થઈ અને બીજી વાત દૃઢ થવાની છે મુળમાં પાણી રેડે તો ધીખી ઉઠે.

કુબેરભાઈ અને ત્રીકમભાઈને કોક વધારે દંડ થયો પણ ત્રીકમભાઈને પાપ અડે કારણ કે ક્રોધી સ્વભાવ થયો, નહિ તો બીજે દ્વારે દંડ થાત માટે ભગવાન કરે છે અને જે દ્વારે કાર્ય કરવું હોય તેટલું કરે પણ વચ્ચે બીજા પાપવાળાને દ્વારે કરીને તેનું પાપ પુરૂં કરે. દસમમાં કાળી નાગનો સ્વભાવ ક્રોધી હતો તો દંડ કર્યો અને નાસવું પડ્યું. માટે ક્રોધાદિ સ્વભાવ નડે છે કહેતાં જેટલા સ્વભાવ હશે તે બધા નડશે.

સંવત ૧૯૭૧ માગશર વદ ૫ સોમવાર

પેટલાદ જતાં એમ વાત થઈ જે સ્વાર્થ સર્વેનો પુરો થાય કે તે તરત ના થાય તો પણ તે સામા થઈ જાય છે માટે સ્વાર્થ મટે કે સ્વાર્થ થાય કે ના થાય તો સામા થવું એ સારૂં નહિ માટે વિચારવું. ગોવિંદભાઈ માસ્તર કહે કે હવેના અવતારે કલ્યાણ થશે એમ કહીને નીકળ્યા પણ ન ચાલ્યું. ને બે ત્રણ વરસ સુધી પગાર પણ ન આલ્યો તેમ મકનદાસ મારવા ફરે છે. મણીલાલ કહે હું કારકુન છું તે મંડળીને વિખેરી નાખું. નાથાભાઈ કહે તું કૃષ્ણ છું. અને હું પુરુષોત્તમ. કુબેરભાઈ કહે કે ભગવાન થાય તે ખરો કંઈ કુલે છાપ મારી છે? વળી પીજના ઉમેદભાઈ કહે કે કોદરી અહિ આવી છે. અને

છોડાં ભાદરણ રહ્યા. વળી મથુરભાઈ માસ્તરનું પગારમાં મન ફર્યું. વળી ભઈશંકર બોલતા વળી માસ્તરને અકળામણ આવી છે, કાવ્યમાં કહ્યું જે કેમવાર થાય છે? તથા ભઈજીકાકાને ટેકો તથા મન ફર્યું ઝવેરભાઈ ભાદરણના બોલતા જે પંદર વરસ ફેરા ફર્યા અને વળી ધુળાભાઈનું મન ફરતું'તું પણ સમાવીને વિચાર્યું. પણ ચતુરબાપા બાપુ-એમણે એક દહાડો માગ્યું નથી અને સામા પણ થયા નથી અને પલાણાવાળા ધનજીભાઈ તથા મોતીકાકાની માગવાની માગણી નહિ અહો એ કેવા? દર્શનથી બસ એમ જ છે પણ કાંઈ માગણી નથી માટે સ્વાર્થ મટે કે ના મટે કહેતાં પુરો ના થાય તો જુદો પડવાનું કરે માટે દીવાળી તથા માસ્તરનું રાખવું કહેતાં છંછેડવા નહિ. નહિ તો ભાગી જાય એમ કહીને ભક્તચિંતામણીનું ચરણ જેઃ-

**''એવો નર નજરમાં ન આવે, જેના મનમાં માન ન ભાવે''**

સંવત ૧૯૭૧ માગશર વદ ૭. બુધવાર.

ધુળાભાઈએ પૂછ્યું જે ભક્તિ શાનું નામ? ઉત્તર જે કઈ ભક્તિ કહો છો? ભેદ ઘણા છે કહેતાં એક નજરે જોઈ રહેવું તે. વળી સેવા કહેતાં પ્રવૃત્તિ ધર્મ તથા કહે તેમ કરે તે ઇત્યાદિમાં કઈ કહો છો? પ્રશ્ન જે આ ઉખેડા ઉખેડ થાય છે તે. તે તમે કહો જે આ કરો તે તો ભક્તિ જ છે પણ પોતાના ગમતામાં કરાવે તે ખરી કે નહિ? ત્યારે મહારાજ બોલ્યા જે જેજે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે આવે તે ભક્તિ. ત્યારે ફરી બોલ્યા જે તે તો ખરૂં જ તો, પણ મૂળ અર્થ શો? ઉત્તર જે પોતાના દેહને અર્થે કે સ્વાર્થ સારૂં જે ગમતું કરે કે કરાવે - પોતા સારૂં કરાવે તે ભક્તિ નહિ.

વળી ફરી પેટલાદ જતા હતા તરે વાત કરી જે સ્ત્રીમાં સુખ મુકવાનું છે પણ લેવાનું નથી એને વળી તેનો જેને અભ્યાસ થયો તેને બંધાણ થાય. જેમ બીડી, હુકા, અફીણ આદિ વ્યસન પડે તેમ પડે માટે જો અભ્યાસ થાય તો કોક સમે ભભડાટ થાય, બીડીની પેઠે. માટે ના થાય તે સારો.

સંવત ૧૯૭૧ પોષ સુદ ૩ શનિવાર

ધુળાભાઈએ કાર્ડ લાવીને આપ્યાં ત્યારે મહારાજે મગનભાઈને આપ્યાં ત્યારે કહ્યું કે વિશ્વાસ કેમ આવશે? કહેતાં ગણતાં ગણતાં ખોટું ગણી લાવશે કે કાઢી લેશે તો કેમ પ્રતીતી આવશે? ત્યારે મહારાજ બોલ્યા જે આવતો નથી પણ લાવવો પડશે કેમ

જે કોઈનો વિશ્વાસ મને આવે નહિ પણ રાખવો પડે કહેતાં કાર્ડ લીધાં હશે તો જાણીશ જે આવતાં જતાં બબે રૂપીયા આલતા તે એક ફેરો જાણે નહોતા આલ્યા એમ કરીને વિશ્વાસ લાવીશ પણ આવે નહિ બાપા બાપુ, માસ્તર, નારાયણ, દીવાળી કોઈનો આવે નહિ પણ લાવવો પડે. કહેતાં નારાયણ પાછળથી વધ્યું ખાશે તો હમણાંથી ખાશે. દીવાળી તથા માસ્તરનું જે એક ફેરો પગાર નહોતો આલ્યો અને બાપા બાપુ મગનભાઈની પેઠે એ આદિક બધાનું એવું પણ વિશ્વાસ આવે નહિ. ત્યારે ધુળાભાઈએ પૂછ્યું જે કોનો આવે? ત્યારે ઉત્તર દીધો જે અક્ષરરૂપનો આવે અને બીજાનો તો લાવવો પડે. આતો માયિકની વાત છે પણ દિવ્યમાં સાર સમજવાનો છે એ તો માયિક ઉપરથી દિવ્યનું સિદ્ધાંત લેવાનું.

ભણવાનું જે જેટલી એની મેળે સહેજે વૃત્તિ મુર્તિમાં રહે છે તે ભણ્યો અને જેટલી નથી રહેતી અને રાખે છે તે ભણે છે તે પાકું નહિ, જેમ સાક્ષાત્કાર કીર્તન આંક પાઠ થાય તો તે ભૂલાય નહિ તેથી જેને બહુ મજુરીથી વૃત્તિ રાખે છે તે ભણે છે.

ધુળાભાઈને ભાઈ નારણભાઈને વાત જે મહારાજ અમદાવાદ જાય છે ત્યારે તમારે આવવાનું મન હોય તો ચાલો ત્યારે કહ્યું જે ભાડું ક્યાંથી લાવું? ત્યારે મહારાજ બોલ્યા જે ઉછીનું આપું ત્યારે કહ્યું જે પાછું ક્યાંથી વાળું ના અપાય તો ઘણું ખોટું. ત્યારે મહારાજે કહ્યું જે એ તો ખરૂં છે કહેતાં તે પાપનો પૈસો કોને પચે? સંબંધીવાળાને અને બ્રહ્મરૂપવાળાને. જો બ્રહ્મરૂપવાળો ચોરી જાય તો તેને ન પચે. તે માટે જુઓને વડતાલવાળાને વઢવાડ થાય છે તોય ત્યાંનો સંબંધી લાવે છે માટે પચવો ઘણો કઠણ છે.

સંવત ૧૯૭૧ મહાસુદ ૧૨ તા. ૨૮-૧-૧૯૧૫ ગુરુવાર

માસ્તરના ભઈબંધ આવ્યા ત્યારે વાત જે જગતવાળાને તો જગતનો પરચો આપે તો તે માને ને તેને મનાય. કહેતાં બાળકને જેમ ઓસડ પાવા માટે પતાસુ દેખાડે તેમ ભગવાન પ્રથમ પોતાના ઐશ્વર્ય આ લોકનાં દેખાડે ત્યારે જગત માને ત્યાર પછી પરલોકની વાત બતાવે તેમ કોઈ વૈદ, દાક્તર, દેવ, માતા, મહાદેવ સહાય ન કરે, કહેતાં પૈસેથી પણ સહાય ન થાય તો આવોને આવો સંભારો તો હું આવીને કામ કરૂં, પગ ચાંપું, માથું દબાવું, ચુંક મટાડું ઇત્યાદિક મને મનથી સંભારવો પણ કાગળ કે ગાડી ઘોડાની મારે જરૂર નથી. દીવ્ય દેહે આવીને સહાય કરૂં, પછી નાથાભાઈને તથા શીવાભાઈને વાત કરવા માંડી જે વહેવાર તો ઠેલવો. હવે ઈન્દ્રિયો અંતઃકરણ નરમ

થવાનાં-કહેતાં અહંકાર હોય તો હલાય ચલાય, ચિત્ત હોય તો ચિંતવન કરે પણ બધાં હેઠાં બેસવાનાં માટે ઠેલવો, નહિતો ભૂલ થાય- જેમ ધુળાભાઈને રૂા. ૬૦ ના ૭૦ ગયા, હીસાબ ત્રણ જણાએ કર્યો પણ ગયા પછી સાંભર્યું તે દોડ્યા, તે બે ગાઉ ઉપર જતાં મળ્યા. પાછા ઝવેરભાઈ ભાદરણના, ચિત્ત નહિ. તે ૬ શેર ગોળને બદલે ૧૨ શેર જોખ્યો ને પછીથી સાંભર્યું તે ઘેર જઈને પાછો જોખાઈને લાવ્યા એમ થાય. ઉધારનું જમે અને જમેનું ઉધાર. માટે વચ્ચે જગતનો જીવ રાખીને કામ કરવું પણ વહેવાર ઠેલાય તેટલો ઠેલવો. જુઓને મહારાજ લેવડ દેવડમાં બીજાને રાખે છે ત્યારે સામાને આલે છે. નહિ તો ભૂલ થાય અને આપણને શીખવાડે છે.

સંવત ૧૯૭૧ મહા વદ ૧૪

શાસ્ત્ર પ્રમાણે અખંડ ભગવાન દેખાય તો ભગત થાય અને ત્યારે પુરણ થયો અને દેહ રૂપે હોય ને દેખાય તો તેનો દેખાવ ઠેઠ પાર પડે તો પડે. નહિ તો દેખાવાનું બંધ થાય. અને અક્ષરરૂપે પુરુષોત્તમ દેખાય ત્યારે પુરો થયો અને શાસ્ત્ર જેણે પુરૂં ઉથામીને જેણે અભ્યાસ કર્યો હોય તેને તો અક્ષરરૂપ થઈને પુરૂષોત્તમની જ્યારે ઉપાસના થાય કહેતાં દર્શન થાય ત્યારે મનમાં પુરણ થયો મનાય. નહિ તો બીજાને તો શાંતિ આવી કે પુરણ મનાય – તેને ઉપરછલ્લું જ્ઞાન કહેવાય પણ પુરેપુરૂં ન કહેવાય.

સંવત ૧૯૭૧ના ફાગણ સુદ ૧૪ નો સમૈયો.

દેવું જે ઘેર જાય ત્યારે તાપ થાય અને અચળ મુકામે આવે ત્યારે શાંતિ થાય તે દેવું મટ્યું અને સીલક જે કોઈ પ્રકારે હરખ શોક ન પામે તે.

હરિનું સુખ વિષય કરતાં વધારે આવે ત્યારે વખત વિષયમાં ગળાય જ નહિ અને જ્યારે વખત વિષયમાં ગળાય જ નહિ ત્યારે નિરવિકલ્પ બેઠો ગણાય અને જો બીજો ઘાટ થાય તો કપાળમાં બળબળતો ડામ જેવું વસમું લાગે. વચનામૃત પ્રથમ ૪૪ પ્રમાણે.

વચનામૃત મધ્ય –૧૦ પ્રમાણે માયિક ચરિત્રને દિવ્ય જાણે ત્યારે ભક્તિ થઈ કહેવાય અને તે જ ભક્ત ખરો. દિવ્યમાં દિવ્યુ શું જાણવાનું? પણ માયિક ચરિત્રમાં દિવ્ય ભાવ જોઈએ. તે જેમ દીવાન કે રાજા હોય તે હવેલીમાં બેસે તે શું આશ્ચર્ય છે? પણ તેજ બંને જો તરણની ઝુપડીમાં તથા ગધેડે બેસ તે આશ્ચર્ય છે તેમ ભગવાન દિવ્ય

કરે તે તો શું? પણ માયિકમાં દિવ્ય જાણે તેનું આશ્ચર્ય આવે તે ખરૂં.

જીવ ગમે તે ચાળે ચઢે કહેતાં ભગવાનમાં ચઢે અને ઘડીકમાં વિષયમાં ચઢે અને ઘડીક સ્થિર થાય અને ઘડીક ક્યાં મન જાય. તેમ ગમે તે ચાળે ચઢે તે કાચો પણ એક ભગવાનમાં ચઢે અને બીજે ના ચઢે તે પાકો અને બીજે ચાળે ચઢી જાય તેને સિદ્ધિઓ પ્રેરવાની કહેતાં કાચાને પ્રેરવાની, અને પાકાને આવે સિદ્ધિઓ ભગતને દુર્લભ છે.

ભગત શાપ દે તો વર થાય જેમ નારદજીએ કુબેરના પુત્રને શ્રાપ દીધો તો પણ વર થયો અને જો કંઈ બોલે નહિ તો તેને પાપ નડે અને જો ધોબીએ ધોબી થાય તો તેનો ભગવાન કંઈ દંડ કરે નહિ કારણ કે સામા સામી બરોબર થયું માટે તે ઉપર સાખી બોલ્યા જેઃ- **ધીરજ સમ ઢાલ નહિ, જરણા સમ નહિ જાપ.**

જેમ કોઈ તેનું ભુંડું કરવા માટે કોઈ જાપ કરે ત્યારે થાય તેમ. જરણા રાખીએ તો તે બરાબર કોઈ જાપ નથી. તે વાત નરસીકાકાને જોઈતી વિષે થઈ.

વળી સાંજે ગામના છોકરાંએ ઢેખાળા નાંખ્યા તે ઉપર વાત થઈ જે મોટી જગ્યા ઉપર નાંખવાનું મળ્યું ત્યારે બીજી જગાએ તેને વધારે નાંખવાનું મળશે અને ત્રીજે જન્મે તેનું પાપ ભોગવશે કહેતાં આ જન્મે તેને મળ્યું. અને બીજે જન્મે તેનું ફળ નાંખવાનું વધારે મળે જે ઘણા ઘર ઉપર નાંખવાનું મળે અને ત્રીજે જન્મે જે જે ઉપર નાંખ્યા ને બધાનું પાપ ભોગવવાનું.

સમમાં પાડે જે અચળ મુકામે હવે જવાય તોય ઠીક અને ના જવાય તોય ઠીક તે ઠેકાણે વિચાર રાખવો જે એ સમ કહેવાય.

સીલકનો લોભ રાખવો વચનામૃત સાળંગપુર ૨ માં જે એકાગ્ર વૃત્તિ થાય ત્યારે સિદ્ધિઓ શરૂ થાય અને તેમાં જો ના પડે તો પાકો થયો ગણાય. વળી હરિજી આગળ લાંબે રસ્તે લઈને તપાસે અને બ્રહ્માંડમાં સર્વ ઠેકાણે હજારો ગાઉનું દેખાય તેમાંથી બધેથી વૃત્તિ તોડીને એક ભગવાનમાં રાખે જેમ બ્રહ્માંડમાં ભગવાનની સામું જોતાં કુતરા બિલાડીનાં દર્શન કરે અને તોડીને મુર્તિમાં જોડે તેમ પીંડનું તેમાં સિદ્ધિઓ ઠગાવી દે. સિદ્ધિઓ અનેક રીતે દેખાય અને મનુષ્યથી વધારે નવીન ચાલે ત્યારે જાણવું જે સિદ્ધિઓમાંથી પડવાનો થયો માટે તેમાંથી પણ વિચાર રાખવો, વધારે

જણાવવું નહિ. મનુષ્યના નોંરમાં ચાલવું અને જો એકેય પ્રકારે ન પડ્યા તો તે પાકો થયો એટલે રસ્તે લેવાનો ત્યાં સુધી ભૂલ ભુલવણીમાં નાંખવાનો અને પાકા થયા પછી મહેતા મહાલકારીની માફક હોદ્દો મળે, તે જો લઈને બેસી જાય તો તેને એટલું થયું પણ વિલયાતથી ભણીને આવ્યો તેની પેઠે નહિ.

એ તો જતી લાડી માંડવો વધાવે છે તે જેને તેને વઢે અને ક્રોધ કાઢે, જાણે કોઈ રીતે તોડી પાડું કોઈ રીતે હેત ના રાખું તે વખતે ભક્તચિંતામણીનું પ્રકરણ જે **"એક થાઉં હું એનો સખો ભજન માંહી કરું ડખો."** એ આદિક ચરણ બોલ્યા. અસુરે પ્રવેશ કર્યો છે માટે વઢવાઢ કહેતાં ક્રોધ ન કરવો.

નોંરમાં ચાલવું લોકોની પેઠે-જેમ તેમ કરી છકી જાવું નહિ. બીજબળ બળી જાય તેથી શી રીતે ચાલે? અટકે માટે નોંરમાં ચાલવું. છકી જવું નહિ. વચનામૃત પ્રથમ ૨૫ માટે વહેવાર કરતા હોય તેમ કરવો.

શાસ્ત્રનો અભ્યાસ હોય તો દુઃખ ન થાય.

ખાવા ના જોઈએ તોય ખાવું, નહિ તો દેહનો ધર્મ જાય. જે લોકને શાસ્ત્રનો સદાચાર તે ધર્મ જાણવો. શિક્ષાપત્રીમાં છે માટે નોંરમાં રહેવું. તને મને દુઃખ થાય તો કાયદો લોપવો. પણ પાપને નિંદાની બીક જતી રહી એ સમ થયું માટે તે ઠેકાણે વચનામૃત પ્રથમ ૧૬માં છે તે સત્ અસત્‌નો વિવેક રાખવો જોઈએ. જોઈએ એટલે અવશ્ય જોઈએ એ જ છે. ઉંઘ ન આવે તો પણ અડધો કલાક લાંબા થવું.

શિક્ષાપત્રી કલમ ૧૨૦ જેનો ધર્મ હોયતે આચાર વેવાર પ્રાયશ્ચિત તે દરેકમાં આઠ આઠ દેશ કાળ ક્રિયા છે તે અમદાવાદના જીવણલાલે કહ્યું ત્યારે વાત નીકળી જે પ્રથમ ૨૧માં વર્ણાશ્રમના ધર્મ-તે બોલ ઉપર ખાસડું પડ્યું તે શું તો ૨૬૨ કાયદા કેતાં વચનામૃત જેને મોઢે હશે તેને કચેરીમાં ચઢવાનું કહેતાં કાયદા મોંઢે હોય તો વકીલને ઉભા રાખે નહિ તો કાઢી મૂકે તેમ જેને કાયદા હોય મોંઢે તે શું તો ફલાણા વચનામૃતમાં

આટલા પ્રશ્ન છે અને આ પ્રશ્નમાં આ વાત કરી છે તે બોલ ઉપર બોલ લાવીને મૂકે અને એકેય કાયદો લોપાય નહિ ત્યારે ચઢવું પણ જેમ તેમ ન બોલવું માટે જેને કાયદા મોઢે હશે તેને સરળ પડશે, નહિ તો બીજા તો ગોદા ખાશે. નહિ રાખેતો.

સાચો સત્સંગ જે ભગવાન વગર બીજી ઇચ્છા ન હોય તે સાચો અને બીજો કાચો.

સર્વ કર્તા જે સુકુ પાન હાલે નહિ તે શું તો કર્મ ફળદાતા જેવું કરે તેવું પામે કહેતાં આપે. કર્મનું ફળ હરિના હાથમાં છે અને કોઈ બીજાના હાથમાં નથી તે આલે. માટે કર્મફળદાતા તે સુકુ પાન હાલવાને સમર્થ નથી. પછીથી તો કર્તા અકર્તા અન્યથા કર્તા-ધણીનો ધણી નથી.

'ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું' - તે અર્થ 'અવર પરહર્યું' કહેતાં બીજી કોઈ જાતના સંકલ્પ કરે જ નહિ અને નથી પરહર્યું તો તે હરિજન નથી કહેતાં જ્યારે પરહરશે ત્યારે શું જે 'થાશે હરિજન તત્કાળ ત્યારે' સંકલ્પ થઈ જાય તે સત્ય થાય. કહેતાં તે સાક્ષાતમાંથી નીકળવાના.

'પ્રીત કર પ્રીત કર પ્રગટ પરીબ્રહ્મશું' તે શું તો 'કર' કહી એટલે છે તો નહિ પણ કરવાની એટલે મૂઢપણામાં કરવાની ને હોય તો થઈ જાય પ્રીતિ માટે કરવાની કહી.

'ભાવશું નિત્ય ભજન કરવું તે શું તો ભજન કહેતાં ભેગું રહેવું તે ભાવે ભજ્યા તેનો અર્થ જે 'ગીધ ગુણકા કપિ વૃંદ કોટિ' - તે શું તો બધાય ભેગા રહ્યા - ગુણકા વાંદરાં ઇત્યાદિ-તેનું નામ ભજન.

શિક્ષાપત્રીમાં મહાત્મ્ય સહિત જે ઘણો સ્નેહ તે સ્નેહ જે ભેગું રહેવું તે 'ભાવે તરી' કહેતાં ગમે તે ભાવ પુત્રનો રોગ મટાડવાનો - દુઃખનો- વઢવાનો કામ વગેરે તેથી તરી. કહેતાં જે કોઈ આવે તે પ્રથમ કંઈક ઇચ્છાવગર આવે જ નહિ તે પછી સમજાઈને પછી મોક્ષને માર્ગે ચઢે તેથી ભેગું રહેવું તેનું નામ ભજન-તેમાંથી તરાય- કહેતાં પ્રથમ સાધીનાં ગંગામાં આંખનું દરદ મટાડવા આવ્યાં હતાં તે મટયું નહિ પણ ભેગાં રહ્યાં એટલે મોક્ષનો માર્ગ ચાલતો થયો. પણ ઇચ્છા વગર તો અવાય જ નહિ. તેમ આણંદનાં સુરજબા તથા ઇચ્છા માસ્તર તથા બીજાં ઘણાં તે છોકરાંની આશાથી

આવ્યાં હતાં તો તેમાંથી તરવાના ઉપાયમાં પડ્યાં પણ છોકરાની ઈચ્છાથી મોક્ષ મળ્યો. ગમે તે ભાવ થવો જોઈએ તો તેથી તરાય તે ઉપાસના કહેતાં તેમાં તેનું હેત હતું તો તેની ઉપાસના થઈ માટે ગમે તેનો ભાવ થાય તો પણ તેથી તરાય. જેમ ગમે તે સ્વાદનો ભાવ થયો તો તેને કરીને કે લાવીને ખાય પણ ભાવ થયા વગર શી રીતે ખાય? તે ભાવ થાય એટલે કથો બથાને કેમ મૂકે? નદીમાં તણાતું તે ઝાલવાનો ભાવ થયો તો તે ગયો તો તે કથાએ બથાને ના મૂક્યો. તમે ગમે તે પ્રકારે ભાવ થયે હું કેમ પછી મૂકીશ? માટે ભાવ થાય તો કથો બથાને વળગે. અને પછીથી તરે. તેમ વળી સમ થયું નથી પણ સમભાવ થયો છે એટલે સમ નથી પણ સરખું લાગે છે માટે જેમાં કમાણી હોય તે કરવું. પ્રવૃત્તિમાં કંઈ ભક્તિ નથી અને જો ભગવાન આજ્ઞા આપે તો તે પ્રવૃત્તિ તે ભક્તિ છે. આજ્ઞા વગરની પ્રવૃત્તિ કરે તો તે ભક્તિ નથી. માટે જેમાં કમાણી હોય તે જ કરવું. સમ ના થવા દેવું. શાર્દુલ ભગતની પેઠે જે પ્રવૃત્તિ કરીએ તોય શું ને ભક્તિ કરીએ તોય શું? તેમ ન થવા દેવું. જેમાં કમાણી હોય તે જ કરવું. અને આજ્ઞાની વાત તો જુદી જ છે. જેમ પરશુરામે લોહીમાં નહાવાનું કહ્યું તો તે ભક્તિ થઈ. પણ લોહીથી તો પાપ થાય પણ આજ્ઞાથી ભક્તિ થઈ માટે ખપ જેટલી પ્રવૃત્તિ કરવી અને બાકીનું ધ્યાન ભજન કરવું.

અક્ષરરૂપ અને જેમાં મુર્તિ આવે તેમાં શો ફેર? તે માસ્તરનું પ્રશ્નનું ઉત્તર જે ભગત ત્રણ-પ્રકારના-આત્મામાં પરમાત્મા-તે પીંડમાં પોતાનું ચલણ થાય-ખાવું પીવું, જાડું થવું ઇત્યાદિ વગેરેમાં પોતાનું ચલણ થાય. અને ઈશ્વરમાં પરમેશ્વર જે આખા બ્રહ્માંડમાં ચલણ થાય અને અક્ષરરૂપમાં પુરુષોત્તમ તે અનંત કોટિ બ્રહ્માંડમાં ચલણ થાય. હવે ફેર કહે છે જે મુર્તિ આવે તેના હાથમાં કર્મ ફળ આપવાનું-જે કર્મફળદાતા એક રહે અને બીજાને તો જે અક્ષરરૂપ થયો તે ભગવાનને વળગે અને કર્મફળવાળો તો ભગવાન તેને વળગે. હવે સુખમાં બેમાં ફેર પડે કે ના પડે? તેનો ઉત્તર જે ઘડો, દેગડો, પ્યાલો એમાં જેમ પાણીમાં ફેર પડે તે ઉત્તર મધ્યમ કનિષ્ટ જે તે ત્રણ પ્રકારના મુક્ત તેમાં કનિષ્ઠ તો મુર્તિ મુક્ત અને પોતે દેખાય અને મધ્યમ તો મૂર્તિ અને પોતે તે મધ્યમ અને મુર્તિ વગર બીજું કંઈ રહે નહિ તે ઉત્તમ.

તેમાં વળગવાના ભેદ જે જ્યાં સવડ આવે કહેતાં સર્વપ્રકારે બધું હોય જે

જાણે આટલામાંય હશે તો સમાસ થશે તેમ જોઈને અને ઉંમર પ્રમાણે જોઈને વળગવાનું. ભગવાનને વળગનારાતો હજારો અને ભગવાન વળગે તે તો એક જેને વળગે તે ચરિત્ર કરે પણ બીજાથી ન થાય. મહુવાના મહારાજનું જે હર ગયું અને બ્રહ્મ રહ્યું-તે હરિ ગયા પછી ચરિત્ર ન થાય. પછી મણીલાલ કહે જે તોય ફરીથી કરતા. ત્યારે કહ્યું જે લાકડાની તરવારે મહીનો ખાઉં છું અને નિષ્કપટ થઈને કહું છું. અને વળી તમને કહીને પાપથી છુટી જાઉં છું તેમ છે. શંકરાચાર્ય તે બ્રહ્મ હતા તોય સામા દેહમાં પ્રવેશ કર્યો પણ દેહે સાધુ તે મર્યાદા મેલી કહેતાં મર્યાદા રાખી. ઉપરીનું કામ હોવાથી તેથી શીરીતે થાય? ઉપરી જ કરે. જેને વળગે તેનાથી જ થાય. ઉતરતા પોતાથી હોય તેને ચરિત્ર થાય. પોતાથી અધિક હોય તેને ના થાય. પણ ભગવાનની મરજી વગર થાય જ નહિ. ભગવાનની મરજી તો હોય જ નહિ સો વાતની એક વાત જે જેને વળગે હરિ તેનાથી થાય. જ્યાં સુધી દેહ બુદ્ધિ છે કહેતાં અવળે મારગે ચાલવાનું મન છે ત્યાં સુધી આગળ અક્ષરરૂપ ના થાય પાંચમામાં સ્ત્રીને કલ્યાણ કરવાની વગેરે કહેતાં પાંચમું હોય તોય પણ દેહાત્મ બુદ્ધિ રહે છે. દુર્વાસા, નારદ રાફડા ચઢ્યાતે ચ્યવન ઋષી ઈત્યાદિ - માટે પાંચમામાં ફરે પણ છઠ્ઠામાં તો છે જ નહિ. અને ભગવાન વગર બીજું સાંભરે જ નહિ તેને પાપ અડે જ નહિ પણ તે દેશમાં એ વાત છે જ નહિ. બીજી દૃષ્ટિ છે જ નહિ. તો કરે શી રીતે? માટે વળગે તેનાથી જ થાય.

બધા શાસ્ત્રના બોલ ઉતારીને દેહ મૂકવો પણ તે વગર તો મુકવો જ નહિ અને ત્યાર પછી રહેવું ના રહેવું તે પોતાની મરજી પણ આ દ્વારે બધા બોલ ઉતારવા જેમ ધાડ પડે છે તે બધી ચીજ એકને લેવાની નથી તે કોઈને કંઈ તો કોઈને કંઈ તેમ બધા મળીને બધાયમાં થઈને શાસ્ત્રમાં બોલ ઉતારવાના છે અને બધાય તો કોઈકને માથે ઉતરશે.

ભગત શિષ્ય લાવે તે જ્ઞાને કરીને લાવે તે ગાંડો ન થાય અને જે ભગવાન શિષ્ય તાણી લાવે તે ગાંડો થઈ જાય કહેતાં ભગવાન તેને તો સુખનો લોચો આપીને બતાવે તેથી ગાંડો થઈ જાય પણ ભગત જ્ઞાન કરીને લાવે તે ગાંડો ન થાય.

વિષયની ગરજ નહિ રહે ત્યારે ધણી ધણીઆણીને વઢવાડ થશે અને તે થઈ

હવે ખાવા નહિ જોઈએ ત્યારે ભેગું નહિ રહેવાય. માટે તે વખતે વિચાર રાખવો પડશે.

તાપ ગયા પછી શબ્દ લાગશે તેમાં જો ધીરજ રહેશે તો તે જીતશે.

વળી વચનામૃત સાળંગપુર ૨ પ્રમાણે જે એકાગ્ર વૃત્તિ કંઈ કામ હોય નહિ તો એક મુર્તિમાં વૃત્તિ રહે ત્યારે સિદ્ધિઓ પ્રેરે અને નખની વૃત્તિઓ બંધ થઈ એટલે આગળ સુઝશે. એમ કરતાં કરતાં ચૌદ લોક સુધી જશે માટે પ્રેરેલીમાં પડે અને આવેલીમાં તો સામો થાય તો જતી રહે. ના થાય તો રહે. જેમ સ્ત્રી વશ છે તેમ મહારાજ કહે છે જે મારે તે વશ છે. જે સામો થાય તો તેને કહું જે ના જઈશ એટલે સિદ્ધિઓ ના જાય માટે તેની પાસેથી જતી રહે. ચોખ્ખું જ્ઞાન રાખી મેલ્યું હોય તો છક આવે જ નહિ માટે બીક રાખવી ચોરને સરકારની બીક છે તેમ. પછી સત્તા બ્રહ્મની ચાલશે ત્યારે સરખા પણું ન થવા દેવું અને જો સરખાપણું થઈ જાય તો એટલામાં દેહ પડી જાય તો બ્રહ્મમાં લીન થાય અને સાકાર જ્ઞાનપણું તે વખતે રહે નહિ માટે રાખવો.

દેહ રૂપે હોય તો અંગુષ્ટ માત્ર મૂર્તિ દેખાય. ઈશ્વર રૂપે વર્તે તો ઈશ્વર જેવા ને અક્ષર રૂપે તો પુરુષોત્તમ જેવા દેખાય.

જેટલું હેત તેટલી વૃત્તિ હરિમાં રહે.

જીવ ઈન્દ્રિયો અંતઃકરણમાં જે સંકલ્પ ઉઠે તે સાચો ન થાય. અને સાક્ષીમાંથી ઉઠે તે સત્ય થાય.

ભઈજીકાકાને મણીલાલનો ક્રોધ જે માસ્તરે કાગળ ના આપવાનું કહ્યું ત્યારે થયો માટે વિચારવું જે શા ખપનો છે? જગતમાં બીજાને દાબ પાડવા માટે ક્રોધ રાખવો-તે પણ નોકરી જાય નહિ તો રાખવો જ નહિ જેટલો ક્રોધ કાઢેથી નોકરી રહે તેમ કરવું પણ ન ખપનો કાઢવો જ નહિ. જગતનાથી ધીખતું નહોતું અને હવેથી ભગતથી ધીખે છે અને પછી વધારે શાંતિ થશે ત્યારે નહિ ધીખે. માટે સમજવું તે વળી બાઈભાઈના મનમાં સમજાવનાર ભગવાન છે - વચનામૃત પ્રથમ ૭૩.

આત્માને સુખે તથા ભજનને સુખે જે સુખી હોય તેને એકાંતમાં કે બીજે કંઈ સારા ખોટા વિષયના સંકલ્પ ન થાય અને જે સુખે સુખી નથી તેને થાય અને તે

ઈન્દ્રિઓને સુખે સુખી છે બ્રહ્મને પરબ્રહ્મનું સાક્ષાત તેજમાં દર્શન થાય-ત્યારે વિષયનો કોઈ રીતે સંકલ્પ ન થાય ઈન્દ્રિઓની ધારા કુંઠિત થાય. ગમે તેટલું સ્ત્રીઓ સામું જોઈએ તોય જગતભગતમાં થાય જ નહિ.

બધાય વિષય દુઃખ ઉપર છે. જેમ દુઃખી હતા એટલે દુઃખ મટ્યું. એટલે સુખીઆ થયા તેમ તે સુખ થયું નથી પણ દુઃખ ગયું. પંચ વિષયમાં સુખ તે દુઃખ મટે તે જ છે. પણ સુખ નથી. ચેરની પેઠે છે. ચેર આવે અને વતઈડે તો સુખ થાય તેમ છે.

વચનામૃત મધ્ય ૧૩માં ડુબરેલ ઢોરની પેઠે શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કાર થાય અને મન પાછું પડે અને વિષય કરતાં સુખ વધે ત્યારે નિત્ય શેર ઘી ખાય અને કામાદિનો જોગ થાય તો પણ તેની કંઈ અસર થાય નહિ ત્યારે સાંખ્યની સમજણ પુરી થઈ. સાંખ્ય શું જે જગત મિથ્યા વિષય ખોટા અને ભગવાન સત્ય. સાંખ્ય પુરો થયો ત્યારે એકાગ્રવૃત્તિ વચનામૃત પ્રથમ ૨૬માં છે જે રસ બીજે જણાય તો મોટી ખોટ છે. સમવાળાને કે સધડે થયું હોય તેને ત્યાગ કરવાનું જે વિષયને માર્ગે જવું હોય તો જવાય અને સધડેથી નમ્યું તો બળતો અગ્નિ જેવું થાય પણ જેને સંતોલે છે તેને પ્રથમ ૧૬ વિવેક રાખવો ઘડેથી સુખ ઓછું હોય તો વિષયથી સુખ પામે અને સધડાવાળાને તો વિવેક રાખવો.

શુકમુનિનું વચનામૃત લોયા ૧/૨ ક્રોધ લગારનું તે ઉપર ભક્તચિંતામણીનું બીજું પ્રકરણ વાંચ્યું જે કોમળ વાણી રાખવી અને વળી તેમાં શુભમતિ તેનો અર્થ જે આ દેહ ભાડાનું અને દેવલોક તે ઘરાણીઆનું અને પોતાનું ધામ તે તો અક્ષર. તેમાં ભાડાવાળું તો અન્નજળ હોય ત્યાં સુધી ઘરાણીઆવાળું તો પુનરાઈ હોય ત્યાં સુધી રાખે અને પછી હેઠો નાખે.

મફત વખત ન જવાદે તે શુભમતિ આ દેહ મોંઘું છે તે સાચવવું. અરે, અણસમજણ વાળા તો મોઘું કહે ઘણે પૈસે મળે તે મોંઘુ, પણ જ્ઞાની તો અમૂલ્ય કહે છે માટે મફત વખત ન જવા દેવો.

'જકત દોષ જેમાં નહિ રતી' તેનો અર્થ જે કોઈ ભીખારી કહે તથા બ્હેનને

પરણું એમ કહે તથા માન અપમાન ઈત્યાદિક હોય તે કહેતાં, જેને લાગે તેને જગતના દોષ છે તેમ જાણવું.

'ઉપદેશ આપે જે' તેનો અર્થ જે એક ફેરો ભાદરણ આવ્ય એવો કરે અને પહેલાં તો ત્રણ સમૈયા આવવાની મુદત હતી, હવે તો એક ફેરાનો વાયદો.

શુદ્ધ બુધ ગઈ એટલે હવે વહેવાર કરવો તે ન ચાલે એટલો જ કરવો અને પછીથી સાક્ષીમાંથી જે ઉપડશે તે ખોટા થશે જ નહિ.

'માન અભિમાન નહિ લેશ' તેનો અર્થ જે માન જે રાજી થવું અને શોક થવો તે માન અને અભિમાન જે માન આપે તો તેને સારૂં મરી મટે અને ન આપે તો સરકાર જાય તોય સાલ છોડે નહિ તે અભિમાન કહેવાય. વચનામૃત મધ્ય ૨૩માં છે જે વિષયને લીધે ટાઢું ઉનું ન થાય તે સાધુ કહેવાય.

અવતરેલા કરતાં પ્રગટેલામાં વધારે કિંમત જે અવતરેલામાં ભક્ત જોડે રાખવા પડે અને પ્રગટેલામાં તો ભક્ત અને ભગવાન બંને હોય માટે.

(તરંગ થઈ ટુંક ૧૮ થી)

સ્થિર થવું મુર્તિમાં તે ઉત્તમ સેવા અને મધ્યમ કીર્તન ગાવાં અને પૈસે ટકે થાય તે કનિષ્ઠ સેવા.

સીલક ક્યારે તો ઉદ્વેગ તો લાવ્યો આવે જ નહિ - શાંત જ રહે પણ શોક તો આવે જ નહિ.

વિષય કરતાં ભગવાનનું સુખ વધારે આવ્યું એટલે પાંચ પ્રકારમાં વાત ગઈ.

વ્યવહારિક કાર્યની સ્મૃતિ જેટલી ભૂલાય તેટલું મન સ્થિર થતું જાય છે.

ભગવાન પાસે વહેવારની વાત માગવી તે તો કેવી છે તો જેમ રાજા આવીને

હાંલ્લી અપાવે તેવી છે પણ બીજા પાસેથી અપાવે તો ના આલે અને રાજા પાસેથી માગે જે તમે અપાવો તેમ છે.

ભગવાન પાસે શું માગવું જે જન્મ મરણ રહિત મુર્તિમાં અખંડ સેવા અને પ્રસન્નતા-ઇચ્છા એજ છે. જેમ કહેશે એમ કરવું છે એમ જેના મનમાં થયું તે સાચો ભગત થયો પણ કાચો છે તેને સિદ્ધિઓ પ્રેરે છે.

ઇન્દ્રિઓ અંતઃકરણ જીતાય ત્યારે હરિમાં જોડાય.

ખોટે ભાવે સત્સંગ ન કરવો તે વચનામૃતમાં છે તે શું તો ભગવાન પાસેથી ભગવાન વગર બીજું ન ઇચ્છવું, તે ખરો ભાવ અને ઇચ્છે તે ખોટો ભાવ.

કંઈક વાપરવું-પરલોક સંબંધી ઐશ્વર્ય તો અચળમાંથી સર્ટીફીકેટ મળે તો વાપરવું.

વિપત્તિ જે હરિવગર બીજો કાળ જાય તે ડાંમનું દુઃખ પડે, તે વિપત્તિ અને શબ્દનું તો ભગતને ગણવું જ નહિ તે ઉપર કદરજનું આખ્યાન.

ઉંઘ કરતાં વધારે સુખ આવશે ત્યારે માર વાગશે નહિ. જળ બુરાડશે નહિ. અગ્નિ બાળશે નહિ ઈત્યાદિક અને મનના દુઃખનો તો કોઈ કાળે પાર આવતો નથી માટે તોડ પાડે પાર પડે.

૨૩ પ્રેર્યાની અને ૨૩ આવ્યાની સિદ્ધિઓ તે ૪૬-ઘાંચોમાં ડગવું નહિ.

ગૌલોક વૈકુંઠમાં તેજ ઓછું છે તેથી સ્ત્રી દેખાશે અને અક્ષરમાં વધારે છે માટે મહામાયા જે લક્ષ્મી તે નહિ દેખાય કહેતાં પ્રકૃતિ ત્યાંય છે જેથી ચૈતન્ય પ્રકૃતિનું દેહ બંધાય છે.

સાચા સંત અને શાસ્ત્રનો બેયનો આધાર રાખવો અને જો શાસ્ત્રનો એકલો

આધાર રાખે તો વિઘ્ન પડે.

દેહ બુદ્ધિવાળાને તો ભક્ત સાથે હેત કરવું જેથી ભગવાન સાથે કરાવે.

અહંકારપણામાં તથા ઉન્મત્તપણામાં પુનરાઈ રૂપી સીલક જવા દેવી નહિ. ભગવાનના ભક્ત સાથે હારી જવું.

ઈચ્છાઓ સહિત ભક્તિ થાય તો અધર્મે સહિત થઈ કહેવાય, ઇચ્છા એક પ્રભુ પ્રસન્નતાની રાખવી.

ભજન કરતાં ઘાટ સંકલ્પ ઉઠે છે. તો ઈન્દ્રિઓને સુખે સુખી છે.

ઉતરતા ઉપર ક્રોધ થાય તો સરખું અંતર બળે અને ચઢતા ઉપર થાય તો હજારઘણું બળે માટે ન ચાલે જ નીકળી જાય. અને સંતનું વચન નમ્રતા પૂર્વક હોય.

ઇન્દ્રિઓમાં પેઠેલી વાત તરત ભુલે અને અંતઃકરણમાં પેઠેલી પંદર દિવસે ભુલે અને જીવમાં પેઠેલી એક વરસ દિવસે ભુલે અને સાક્ષીમાં પેઠેલી જ્યારે જોઈએ ત્યારે નીકળે. (તરંગ ૫૯ ટુંક ૪૧ સુધી)

ઉન્મત્ત થઈને અવળા ચાલશું તો હરિ સહાય નહિ કરે અને ગરીબ થઈને ચાલશું તો સહાય કરશે.

સિદ્ધિઓમાં લોભાઈને કેટલાક જુદુ તડ ચલાવશે. અને કેટલાક ફાંસી ટીપ દંડમાં જશે અને કેટલાક પાછા પડશે. માટે કોક જ ભગવાન પાસે જશે, ઠેઠ સુધી પહોંચશે.

સંવત ૧૯૭૧ વૈશાખ વદ ૧૦ સોમવાર. તા. ૨૯-૨-૧૯૧૫.

## સમૈયાની વાતો.

'હરિ હૈયાના હાર છો જી રે' એ કીર્તનનો અર્થ કર્યો જે 'નટવર નંદકુમાર' નટની માયા જેવા દેખાવ છો. તે ઉપર ૪૮ની સાલમાં પાટીદારનો દેહ પડીને ધામમાં બેઠો છે. ઉત્તમમુક્તની ટોળી જોવો અને સાક્ષાત મુર્તિ છે તે મધ્ય ૧૩માં છે જે ઓસરીને ગઢડું દેખાતું નથી. તેમ અહીં પીઢો પાટડા બારી જાળી નથી દેખાતી અને તેજમાં મુર્તિ છે તે માયાનો પડદો છુટે તો દેખાય.

વચનામૃત પંચાળા ૪ પ્રમાણે સુખ લેવાનો લોભ રાખવો. સમભાવમાં જગત અને હરિ સાંભરે નહિ તો વચ્ચે બગડ્યું જાણવું.

શરણાગતનો સાર કહેતાં જેમ સંસારમાં સ્ત્રી સાર છે અને નોકરીમાં પૈસા સાર છે તેમ કલ્યાણના માર્ગમાં હરિ સાર છે તે હરિ વિના બીજું ન ઈચ્છવું. તે જો ઇચ્છા હશે તો અક્ષર પુરુષોત્તમનો વારો થવાનો નહિ આવે માટે આ હિંચકા ઉપર છે તે વિના બીજું ન ઈચ્છવું.

પાત્ર કોણ જે ગમે તેટલી સત્તા આવે તેમાં છકે નહિ અને જગત ભગતના વિવેકમાં રહે કહેતાં વિરૂદ્ધ ન ચાલે અને સમો જોઈને સર્વે કરવું. જે જડભરત ને રહુગણ રાજાને જ્ઞાન કરવાનો વખત આવ્યો તો કર્યું, નહિ તો સ્થિર રહેતા.

કોઈ પ્રકારની ઇચ્છા હશે તો અક્ષરરૂપ પુરુષોત્તમ થવાનો વારો નહિ આવે.

વચનામૃત મધ્ય ૪૫માં છે જે ઈન્દ્રિઓ અંતઃકરણ એ બધાં ઢીલાં થશે ત્યારે બ્રહ્માકાર વૃત્તિ થશે.

દેહરૂપ હશે તો ઇચ્છા હશે અને ઇચ્છા હશે તો આંખ્યોએ દેખાશે તે મીંચીને તોડશે. પણ ઇચ્છાવાળો મીંચશે તો આંખ્યો ક્યાં મીચવા જશે? ત્યાં તો ઇચ્છાવાળો બંધાવાનો, કારણ કે આખા બ્રહ્માંડનું દેખાય તો ક્યાંક બંધાય ઇચ્છાવાળો.

'હરિ હૈયાના હાર છો' તેમાં 'રોઈને દિવસ જાય' તે છે તે શું તો હરિ વિના રહેવાય નહિ. રડવું આવે.

'કુળ મરજાદા ખોઈને રે' કહેતાં બ્રાહ્મણ હોય તે પાટીદારને નમાય નહિ ને નમો છો તે કુળ મરજાદા ખોઈ.

મને હુંકાર ટુંકારા શાથી થાય છે તા મરજાદા તે સમે ગઈ કેમકે મિત્રભાવ ભયભાવ, પતિભાવ, પુત્રભાવ તે હુંકારા ટુંકારા થાય છે. 'નેણાં ઠરે છે જોઈને' કહેતાં રાતદિવસ મારી સામું જોઈ રહો અને આંખો બળે નહિ તો પુરાં ઠર્યાં અને જેટલી નિંદ્રાને લીધે કહેતાં ઉંઘવા સારૂં આંખો બળે છે તેટલાં નેણાં ઓછાં ઠરેલાં છે. 'મન મોહ્યું નયનની સાનમાં' - તે મન મોહ્યું પણ તમે મોહ્યા નથી ને તમો મોહ્યા નથી ને તમો મહોશો ત્યારે દસ ઇન્દ્રિયો અને અંતઃકરણ એ બધાં ઢીલાં થઈ જાય અને ઉંઘ આવે નહિ ત્યારે તમે મને મોહ્યાં.

'કામને કાજ કંઈ નવ સુઝે રે' કહેતાં તે વખત હવે આવ્યો. નાથાભાઈનું દૃષ્ટાંત જે પાક ખેતરનો તૈયાર થયો ત્યારે લીધો નહિ અને ભજન કરવા બેસાય પણ પાક લેવાની સુજ પડે નહિ.

અડધો ભગવાન અને આખો ભગવાન તેની વાત જે પ્રાગજી મહારાજનું દૃષ્ટાંત જે હું હવે આખો ભગવાન થઈશ એમ મહુવાના મહારાજ બોલતા તે શું જે હજી થયો નથી, થઈશ માટે આ દ્વારે થશે વચનામૃત મધ્ય ૩. રસિક માર્ગથી કલ્યાણ દેહરૂપે હોય તેને થાય અને દેહરૂપ ત્યાં સુધી એ ગાવાનાં, આત્મ ભાવમાં કંઈ નથી. માટે ગાવ કે ના ગાવ. અને જે વિષયને સુખે સુખી છે ત્યાં સુધી તે લીલાથી કલ્યાણ અને આત્મરૂપે તો તે લીલા આવતી નથી. પ્રથમ ૩૮ ઝાઝુ ન સમજતો હોય તેને ગાવાની છે. કલ્યાણના અનેક ભેદ. જેમ સરકાર કહેવાય પણ તેના બહુ ભેદ. મહેતા, મહાલકારી, ફોજદાર, સુબા અને દીવાન તે બધા સરકાર પણ તેમાં બહુ ફેર તેમ કલ્યાણમાં બહુ ભેદ છે. ચપટી દાણા મળ્યા તે પણ કલ્યાણ. ઘર મળે તે પણ કલ્યાણ. દીકરા થાય તે કલ્યાણ. મનના તાપ બુઝાય તે કલ્યાણ. આત્મ સત્તારૂપે

વરતાય તે કલ્યાણ. ઈશ્વરરૂપે વરતાય તે કલ્યાણ. અક્ષર રૂપે વરતાય તે પણ કલ્યાણ. પુરુષોત્તમરૂપે વરતાય તે કલ્યાણ. માટે કલ્યાણના, સેવાના, ભક્તિના, ધર્મના, વૈરાગ્યના, જ્ઞાનના, ભક્તના, સાધુના ઈત્યાદિક અનંત ભેદ છે.

દાઢીને માથાની પેઠે કલ્યાણ કરવું કહેતાં પહેલી દાઢી કરાવે અને વચ્ચે જો વિઘ્ન આવે તો ઉઠીને જવાય અને માથાનું ચાલે અને માથું પહેલું કરે અને વિઘ્ન આવે તો દાઢી કરી રહ્યા પછી ઉઠાય તેમ પહેલું કલ્યાણ પરલોકનું પોતાનું કરીને પછી માથા ઠેકાણે વહેવાર કરવો તેમાં વિઘ્ન જે પહેલો વહેવાર કરીએ ને દેહ ક્ષણભંગુર છે તે વિઘ્ન આવે તો તો કલ્યાણ સારૂં ફરી જન્મ લેવો પડે અને કલ્યાણનું પહેલું કરીએ અને વહેવાર રહી જાય અને દેહ પડે તો વહેવાર સારૂ દેહ લેવો ના પડે માટે દાઢીને માથાની પેઠે કરવું.

પ્રથમ ૩૮ વિષયને સુખે સુખી તે ઝાઝું નથી સમજતો ઝાઝું સમજે છે કોણ તો અક્ષરરૂપે પુરુષોત્તમમાં જોઈ રહે માટે લીલા ને બીલા છે જ નહિ. વિષય સુખે સુખી છે તેને લીલા છે. ઘેર તો મન ફરી જાય. મન ચોર છે તે તો આ વંઢામાં જ મુર્તિમાં વૃત્તિ રહે અને ઘેર તો મન ચોરી જાય. શાહ હોય ત્યાં ચોર ચોરે નહિ. તે શાહ શું જે આ સંતરૂપ શાહમાં મન રૂપી ચોર વિષયમાં જાય જ નહિ.

શિક્ષાપત્રીમાં શ્લોક ૪૯માં છે જે સૂર્ય ઉગતા પહેલાં જાગવું, પછી સ્મરણ કરવું, પછી શોચ વિધિ કરવા જવું – આ વાત સમૈયામાં વહેલા ઉઠીને જ્ઞાન થતું હતું તે કરતાં કરતાં દિવસના બે વાગ્યા એટલે ત્યાં સુધી દાતણ પણ કર્યું નહિ તે ઉપર નીકળી હતી – સ્મરણ કરી રહીએ ત્યારે ઉઠીએ જો વખત મેલ્યો હોત (લખ્યો હોત) તો તેટલી વાર કરીને ઉઠી જાત પણ મેલ્યો નથી માટે કરી રહીએ ત્યારે ઉઠીએ તે કંઈ સાંભળે જ નહિ – ખાવા પીવાનું ત્યારે ના ઉઠાય તે ઉપર અમદાવાદનું દૃષ્ટાંત જે સ્મરણમાં કોઈને ઝાડો થાય નહિ અને સ્મરણ મુકે કે સોળ માણસને સંઘાતે ઝાડો થાય તે ઉપરા ઉપરી જાજરૂ ખાલી ના રહે.

કોક આત્મારૂપે, કોક ઈશ્વરરૂપે, કોક અક્ષરરૂપે અને કોક પુરુષોત્તમ રૂપે તેમાં પુરુષોત્તમ રૂપવાળાને એકને સ્થિતિ અવસ્થા સમોહ તે જોઈને એકને ભગવાન વળગવાના.

સુરતા કહેતાં શૂન્યભાવ પામે, સુરતા એકલી રહે રજોગુણ ના રહે સ્થિર થઈ જાય-એટલે એવા સર્વને કરવા છે.

જેમ જેમ જેને જેટલું સુખ સમાગમ મહારાજનો તેમ તેમ તેને જ્ઞાન વધારે સમજાય તે ગળ્યા બોલ લાગે.

દીવા જેવા થાય ત્યારે આખા દેહમાં સુઝે ત્યારે તે આત્મા રૂપે થયો આખા બ્રહ્માંડમાં સુઝે ત્યારે ઈશ્વરરૂપે થયો અનંત કોટિ બ્રહ્માંડમાં સુઝે ત્યારે અક્ષરરૂપે થયો.

ભક્તચિંતામણી પ્રકરણ ૯૮માં જે વસુધાનું વેજુ કોઈ કરે તેની ચોટ પાછી કેમ ફરે તે શું જે જ્યાં નાંખે ત્યાં જમીનને જ વાગે તેમ ગુરૂ ચેલાનો સમાગમ તે મોટાં ભાગ્ય ને આતો ભગવાન સહિત.

સંત તે એવું મારૂં મોટું ભાગ્ય-તે ઉધવજીએ સંત સહિત શ્યામ તે સમાગમ તે મારાં મોટાં ભાગ્ય થાવો. માટે વિરહ થાય તો આડે દહાડે આવવું, નહિ તો સમુહમાં તો આવવું જ કહેતાં બધા ભેગા થાય સંત તે સમૈયામાં તો આવવું જ.

નવા હરિજન હોય તેણે એમ ન ઇચ્છવું જે મારો વહેવાર ક્યારે જશે કારણ કે વહેલો જાય તો દુઃખી થાય અને હું તો કાઢી નાંખું તો દુઃખી થવાય માટે ધીરે ધીરે હું કાઢીશ તે ઉપર દૃષ્ટાંત મહુધાના બારોટના ચોપડા જતા રહ્યા તે હવે આવશે માટે સપુચો જતો રહે. જુઓને ચોપડા ગયા તે ભેળો બારોટ ગયો તે ફરી ના આવ્યો.

કંઈ પણ કહેવાનું નથી. આવીને હાથ જોડીને બેસી રહેવું એજ છે. કંઈ પણ કહેવાનું નથી. મારા બાપ કંઈપણ ઇચ્છશો નહિ એમ મહારાજે કહ્યું જે ઓ ભઈસાબ, કંઈ પણ ઇચ્છશો નહિ, નહિ તો દુઃખી થશો.

વચનામૃત પ્રથમ ૪૯માં છે જે સમૂહમાં પડી રહેવું. ખાવું પીવું સુઈ રહેવું એ સારૂં પણ કંઈ ઇચ્છવું નહિ, કંઈ સાધન કરવાનું નથી અને અંગ વધશે અને જો એકદમ

થઈ જાય તો દુઃખી થવાય. માટે માગવું નહિ સંકલ્પ ઘેર અને અહિં કંઈ પણ રાખવો નહિ. સર્વ શાસ્ત્રનો સાર જે સામું જોઈ રહેવું.

અષ્ટાંગ યોગ જે ગોપાળાનંદે કહ્યું જે અમે કરીએ છીએ અને સમાધિ થતી નથી અને આ છોકરાં અઘે છે તે બધાં ખોળામાં છે તેને સમાધિ તે કૃપા-માટે આપણે તો આઠ નહિ કરવાનાં. ધ્યાન ધારણા સમાધિ રાખવી. ધ્યાન જે મારી સામું જોઈ રહેવું એક તાર. ઘેર અગર જુદા પડાય કહેતાં ચાર આંખોથી ત્યારે ધારવા એ ધારણા એમ કરતાં સમાધિ થાય.

મધ્ય ૧૯ ઉત્તમ સેવામાં જે મુર્તિમાં જોવું એક તાર સ્થિર અને મંદિરમાં વાળવું એ રજો ગુણમાં અને તમમાં કથા કિર્તન એ સેવા એવી રીતે તમે મને સેવોને હું તમને સેવું-એમ સેવતાં થાય. જેમ જનાવર ઇંડાને સેવે છે તેમ કંઈ પણ આ લોક પરલોકની ઇચ્છા ન રાખવી અને વહેવાર કરવો અને અહિં આવવું ત્યારે એક નજરે જોવું તે ભક્તચિંતામણી પ્રકરણ ૯૯માં છે.

હરિભગતને કેટલાંકને દેહમાં ત્યાં સુધી વૃત્તિ આવે છે તેમ કરતાં મધ્ય ૬૨ કાશી સુધી વૃત્તિ એ પ્રમાણે સાળંગપુર ૨. એકાગ્ર થાય બીજે કામ હોય તો જાય નહિ તો ધબ લઈને પડી જાય. અડધો નિશ્ચય થયો કહો. જેમ ગયો તેમ અડધે આવ્યું. વૃત્તિમાં અડધે-દરેકમાં અડધે. મકનદાસે કહ્યું જે ઘરડાને તો જાય છે માટે અમારે કેમ કે ત્યારે બોલ્યા જે લાંબો પંથ રહ્યો માટે લોચા લાપસીમાં પરવડશે નહિ. મુદ્દો જે સામ દામ ભેદ-સામ જે સમજાવું છું અને દામ જે આગળનું કહીને લાલચ આપું છું ભેદ જે એક ફેરો આવવું અને સમજાય તો આવવું પણ કંઈ ઇચ્છા ના રાખવી ફક્ત એક નજરે જોઈ રહેવું.

અરે આજથી જુદી વાત થશે એ કાયદો માટે કોઈ વાત આ લોક પરલોકની કંઈ પણ ઇચ્છા લાવશો નહિ. જીવ લેવા આવ્યો છું તે જીવ લઈને જઈશ.

ફક્ત બે પાપ અડશે. રસિક મધ્ય ૩ ને બરોબરીયાપણું નાથાભાઈની પેઠે- કંઈ ઇચ્છા હશે તે સંકલ્પને લીધે - હેતની વૃદ્ધિ ઓછી થાય છે. કંઈ કહેવાનું નથી - સંકલ્પવાળાનો સમાગમે રસ્તો હીંડતો નથી અને સંકલ્પ રહિતનો રસ્તો વહેલો હીંડે છે. ઇચ્છા રહિત એજ માર્ગ વહેલો આવશે હવે ઉપાય બતાવું એમ કરો. બે સમૈયા સંકલ્પ રહિત આવો અને બે સમૈયા સંકલ્પ સહિત આવો અને પછી બંનેનો સંતોલો કરો. તે મુકઈ જશે. તે ગમે તેટલું જગતમાં પાપ થશે તે અડનાર નથી, ઇન્દ્રિયોના માર્ગે તે રૂપીયાની ઉપજને પઈનું ખર્ચ તેવું છે તે વાત - ગોવિંદભાઈ માસ્તર ઉપર કહી હતી.

જોગી ત્રણ જાતના. ધોળા કહેતાં પુરુષ, બોડા કહેતાં રાંડેલીઓ. અને જટાવાળા કહેતાં ચોટલાવાળાઓ તે ત્રણને સાચવવું. રસિકમાં સંકલ્પવાળાની શાંતિ ઓછી થાય છે. લાખ મણ લોઢાનો ગોળો ઘસાય ત્યાંથી હું આવ્યો છું એવી મારે ગરજ છે અને તમારે છે પણ ઇચ્છાવાળાની મારે ગરજ નથી હવે નિસ્પ્રેહીનો વહેવાર કાઢવો છે. મારે બીક રહે છે જે રખે ને એનું એકદમ જતું રહેશે અને જીવને એકદમ કાઢવું છે તે વિરોધ પડ્યો છે.

ઘઉં સળ્યો-વાણીયો ડળ્યો અને સંત ગળ્યો તે ખબર પડે નહિ. મહિં ચોખ્ખું ચટ થઈ જાય એટલું સુખ આપ્યું.

ખભે પોટલું મુકીને ચોટાડ્યું છે તે હવે મારે કંઈ ફીકર નથી. ક્યાં જીવ જનાર છે? મન હરી લીધું છે. એટલે આવશો કંઈ પણ કહેવાનું અને સંકલ્પ રાખવાનો નથી. અહિં આવવું ત્યારે એક નજરે જોઈ રહેવું અને ઘેર અગર છેટે ચાર આંખોથી જુદા પડીએ એટલે ધારવા પણ બીજું કંઈ ઇચ્છવું નહિ.

ખાવું ના ખાવું તે તેની મરજી પણ સમૈયામાં દરરોજના ચાર આના અને આડે દહાડે પૈસો દક્ષણાનો દરરોજનો અને ભેગું ખાયતો તેનું ખર્ચ. પણ સમૈયામાં તો દરરોજના ચાર આના કારણકે સમૈયામાં મારો કેફ જુદો છે. વેશ્યા, નાટક વિવાહાદિમાં સણકો થાય છે તો મારૂં મોઢું જોવાનો કેમ સણકો નહિ થાય?

આ લોકની ઇચ્છા વાળો આવે તેની સામું જોવું બોલવું ગમે નહિ અને ઇચ્છા રહિત આવે તેને મીઠી વાણીએ બોલાવું છું અને જે આવો ભાઈ અને તે મને ગમે છે અને ઇચ્છાવાળો ન ગમે અને જાને ભઈ અહિંથી એમ થાયને-જોઉં તે પરાણે-તે ભક્ત ચિંતામણીમાં મીઠા બોલ પ્રકરણ ૯૯.

પરિક્રમા (પ્રદક્ષિણા) ૨-૫-૭ ફરવી તે શા સારૂં જે મુર્તિ જોવી ને જોઈને સંભારવા સારૂ. કોઈ ગાડુ બળદ લેવા જાય છે ત્યારે કહે છે જે ફરી ફરીને જુઓ ને તેમ મુર્તિ ફરી ફરીને જોઈને સંભારવા સારૂ એજ છે. ડેરા ચડે ફરે તે પથરા દેખાય. તેમાં મુર્તિ શું દેખાય? માટે મુર્તિ કેડે ફરવાનું મુર્તિને સંભારવા સારૂં.

દંડવત્ જે તું કહીશ એમ કરીશ. તને સાત કે પાંચ ફેરા પગે લાગ્યા. તું કહીશ એમ કરીશ. તેમાં અમારી પાટી શી જે પંચવિષય ખોટા છે જગત મિથ્યા છે. ભગવાન સત્ય છે તે એક ફેરો દંડવત કરે અને કહે અને કહે એમ ના કરે તે મશ્કરી કહેવાય અને દંડવત્ ના કરે અને કહે એમ કરે તે દંડવત્ થઈ ચૂક્યા.

પરણવાનું ને રાંડવાનું શું જે તેમાં ઝાઝા માણસની શાખ થાય તે કોઈની ફેરવી ફરે નહિ. અને કચેરી વાળા રજીસ્ટર કરે ત્યારે પાકું અને આ રજીસ્ટર પાકું થાય કેહતાં ઝાઝા માણસની સાયદી થઈ કહેવાય તે વહેવાર માર્ગ છે અને ભક્તિ માર્ગમાં શું છે જે કથા કીર્તન વગેરેથી સાયદી કરે તે કોઈનું ફેરવ્યું ફરે નહિ. ભક્તચિંતામણી પ્રકરણ ૯૯માં કર્યા 'અનેક જીવનાં કામ કૃતાર્થ કીધાં' કામ તે વહેવારિક અને કૃતાર્થ તે જીવનાં.

ભક્તચિંતામણી પ્રકરણ ૯૯ - જે ઠાલે હાથે ન જાવું અને જાય તેવું ગુરુને પરથમ આપવાનું અને વહેવારમાં તો જે પાછળ સગાને આપે છે તે શું જે તેણે જેવી ચાકરી કરી હોય તે પ્રમાણે આપે અને ગુરુને એમ નહિ. ચાર આંખો ભેગી થઈ કે પાછળથી આપવાનું નહિ. પહેલેથી જ આપવું. ભક્તમાં તો મોઢું જોવાનું જ આપવું પણ પાછળથી નહિ. તે આપવાનું પોતાનું સંપત પ્રમાણે પાછળથી ગમે તે ધક્કે મારે. તોય શું? પણ પાછળથી નહિ. પહેલું આપવું તે ઉપર - મહુવાના મહારાજે મને ઢેખાળો માર્યો એ ઉપર વાત કાઢેલી -

ભાદરણના મગનભાઈએ પ્રશ્ન પૂછ્યું તે પ્રશ્નનો ઉત્તર વચનામૃતમાં છે. તેનો તે પૂછ્યો તે ઉપર વાત નીકળી જે વચનામૃતમાં જે પૂછેલું તે ફરીથી ના પૂછો. અને બીજું પૂછો અને પૂછેલી પૂછે તો અકળામણ થાય છે.

ભક્તચિંતામણી ૧૦૦મું પ્રકરણ પોતે વાંચ્યું. પછી વચનામૃત વાંચ્યું પ્રથમ ૨૫નું આત્મનિષ્ઠા - કનિષ્ઠ, સાળંગપુર-૨ મધ્યમ અને મધ્ય ૬૨ ઉત્તમ. પ્રથમ ૨૬ સમજણ રાખીને એટલે રાખી છે. એટલે કેફ ચઢે છે અને રહી હોય તેને કેફ ચઢે નહિ તે છકે નહિ. રાખે તે કનિષ્ટ અને રહી તે મધ્યમ અને રાખે છે તે છકે છે. પુરુષોત્તમરૂપ છકે નહિ.

ઉતાવળું બોલવું તે પીંડમાં પ્રભુ પામવામાં ક્રોધ છે.

મુર્તિવાળા ભગતને અષ્ટાંગયોગ અને મનુષ્યવાળાને ધારણા ધ્યાન સમાધિ.

સત્વગુણમાં હરિ સંભારવા. રજોગુણમાં સ્વામિનારાયણનું સ્મરણ કરવું અને તમોગુણમાં સંતે સહિત સંભારવા. પ્રથમ ૨૬માં, સાળંગપુર ૧૭, મધ્ય ૬૨ ભગત ત્રણ પ્રકારનાં. આત્મારૂપ દસ સૂર્ય જેવો પ્રકાશ, બ્રહ્મરૂપ બ્રહ્માંડ જેટલો અને અક્ષર રૂપ અનંત બ્રહ્માંડ જેટલો. સુખમાંને તેજમાં ઘણો ફેર.

શાસ્ત્ર પ્રમાણે કરે તો હાથમાં સમાધિ-ઘરનાં ઘરેણાં જેવું અને સહેવાસથી થાય તે માગેલાં ઘરેણાં-સાધનથી કરે તે ઘરનાં ઘરેણાં-પેલું કૃપાની વાત.

શૂન્ય ધારવાથી પ્રકાશ દેખાય. ૨૪ કલાક શૂન્ય અખંડ દેખાય તો તેજ દેખાય. વચ્ચે સંકલ્પ થયો તો ફેરથી ગણવું. જતું રહે નહિ. ફરીથી રહેલું થાય. અભ્યાસથી થાય.

માગેલાં ઘરેણાંમાં જો થોડે થોડે દેવું વાળે તો ઘરનાં થાય અને તેમાં જો ન વધે તો કાયર ન થાવું. જાય તે વધે નહિ - કાયર થઈને - તે જો વળી રહે તો અંગ વધે.

શૂન્યમાં ઈન્દ્રિઓમાં ભાન ન રહે કહેતાં સુતો છું કે બેઠો છું તેની ખબર ના પડે તો તેમાંથી ગયું અને દેહ બળે નહિ તો દેહ ગયું. મુર્તિ વગર બીજું સાંભરે નહિ તો જીવન ગયું.

યોગી-પહોર રાત જાતાં સંતો સુવું રે - તે મધ્યમ છે અને ઉત્તમ-ગુણ ગાવત આઠું જામ. અને કનિષ્ટ જ્યારે સુસુપ્તિ આવે ત્યારે સુઈ જાય, નહિ તો ભજન કરે. હવે તેના ભેદ-જેમ જેવી જેની ક્રાંતિમાં ફેર પડે તે પ્રમાણે સમજવું. યોગી પુરુષને લાંબુ ન થાવું. કેડ દુઃખે તો ટેકો મેળવવો. તોય નભે નહિ તો આંખો ઉઘાડીને સુઈ જવું. અને જો શૂન્યમાં પડી રહે તો જ્ઞાનને દર્શન જાય. માટે બનતા સુધી લાબું થઈને શૂન્યમાં જવું નહિ આ સમૈયામાં વર્તવાનું કહ્યું છે.

પ્રથમ શાસ્ત્રમાં લખેલી હોય તે વાત પૂછે તો હું કચવાઉં છું અને નવીન પૂછે તો સારૂ. નહિ તો એક નજરે જોઈ રહેવું. બીજું કંઈ પૂછવું નહિ. 'જન્મ સુધાર્યો રે મારો' તેમાં 'કોઈની ના રહી વારી' તે શું તો કોઈ ખાળે તોય આવી વારી ન રહી ને આવ્યા - ખાળ્યો તોય - તે ઉપર ખાળે - અને અંદર મધ્ય ૪૫ ને પર-ભૂતાં ખાળશે જે મેલ સાલ, શું જવું છે? નથી જવું શાંત મન રહે. ત્યાં સુધી ના આવવા દે. વધવાનો માર્ગ પડ્યો રહે શાંતિથી નહી આવવા દે. એ સવિકલ્પની વાત ભુતાં જીતીને જો આવ્યો તો મધ્ય ૨૨ અલૌકિક દેખાઈને તેમાં ખાળશે. વૃત્તિ રહેવા મંડી અને રાખે જુદી એમાં સિદ્ધિઓ આવે. રહેવા માડે તેમાં વિઘન ના આવે કારણ કે બધેથી તૂટે એટલે રહે અને પેલું તો તોડીને રાખે તેથી સિદ્ધિ પાડે. હવે હેતે કરીને બંધાણી તે - તેથી કોઈ પ્રકારે ન તૂટે.

'હેવાતન અખંડ' - બીજો ગુરુ ના કરવોપડે નાતરૂ ના કરવું પડે. મને પામે તો ઘેર રહે પણ બીજો ગુરુ ન કરે કહેતાં મન ના મળે. બાપઈ ઝવેરબા પેઠે હેતે બંધાણી તે તૂટે જ નહિ. કહેતાં દેહ અને મને એ બે પ્રકારે તે જવેરબા કહે કે' કાઢુ છું પણ નથી નીકળતો અને બાપઈ કે' સાલ નથી મેલતો તે ચાલતું નથી.

સમૈયા પછીની વાત.

પૂન્ય જતું રહે તેની વાત - નદીમાં કેમ નથી ખુટતું? તો આપણે તીર્થરૂપી થયા તો કેમ ખુટે? આ વાત પગે લાગે ધોતી ધુવે તેની ઉપર નીકળી હતી તે ઉપર વાત

જે 'નદીઓએ કહ્યું કે અમે તો લોકોના ધોઈએ અને અમારા કોણ ધુવે? ત્યારે કહ્યું કે મોટા પુરુષ.

હવે ખુણે ભગવાન નહિ બેસી રહે.

ખાવા નહિ જોઈએ ત્યારે ઘેર નહિ જવાય. ત્યારે ઘરનાં સંગાથે વઢવાડ થશે. અને જે આજ્ઞામાં રહેશે તેને કલેશ નહિ થાય કહેતાં જેમ જે ઘડીએ જેમ કહેશું તેમ કરશે તેને નહિ થાય.

પુનમ ઉપર

ઉચ્છવલાલ આવ્યા ત્યારે વાત કહી જે હવે આપણો બોલ જગતને સારો લાગે અને જોઈને ઠરી જાય. અને શાંતિ થઈ જાય, તે હવે કોઈ બોલી શકે નહિ.

સંવત ૧૯૭૧ શ્રાવણ સુદ ૧. બુધવાર તા. ૧૦-૮-૧૯૧૫.

સ્વભાવ રહેશે ત્યાં સુધી દુઃખ છે, પાસે રહે એને અખંડ વિચાર જોઈએ. મનુષ્ય ભાવ ના આવે એવો મન કર્મ વચને ભક્ત થાવું. તેમાં ફેર ના પડવા દેવો. ભગવાન ભક્તની તપાસ લે છે તે આપણા સારૂં છે, સુખના ઉપાય એ મોટો મુદ્દો નિરાધારીના આધાર થાય છે માટે નિરાધાર રહેવું. વચન પ્રમાણે વર્તવું. જેમ જે ઘડીએ કહે તેમ તે પ્રમાણે વર્તવું એજ હરિશ્ચન્દ્ર ઈત્યાદિની પેઠે.

પોકર ભગત ઉપર જે બ્રહ્મચારીની વાત-વિષયની લાય બળે તો ભોગવેતો શાંતિ થાય અને મફત મથે તે દુઃખ થાય. તેના ભેદ ઉત્તમ મધ્યમ કનિષ્ઠ પ્રથમ ૩૪ તેમાં કનિષ્ઠ હોય તે ઉત્તમ થવા જાય અને ઉત્તમ હોય તે કનિષ્ઠ થાવા જાયતો દુઃખ થાય.

રસબસ તે મળ્યા અને રસ્તે તથા સામા દીઠા તે દીઠા. ભગવાન અને સાકર દૂધ પેઠે થાય ત્યારે મળ્યા તથા મન જેટલું રહેશે તેટલું થશે પછી વાત થઈ જે ગમે તે ઈચ્છા થઈતો ધુળધાના થયુ તેમાં દૃષ્ટાંત જે થાંભલામાં મંથન જે ઘડિક મથે અને ઘડિક ના મથે તેમ અગ્નિ ના નીકળે એતો એકદમ મથે અને હાથે ફોલા પડે તો નીકળે. કોટિ ઉપાય અને કોટિ જન્મ થશે તોય નથી થવાનું અને ત્યારે ઈચ્છા મૂકીને ભગવાનમાં

મન જોડશે તો પીંડ બ્રહ્માંડના સાથે સાંધો થશે, નહિ તો બીજા ખોળી લાવો ચાંદણીઓવાળા અને આ દીવાથી દેખાય છે તે છો પડ્યા અને ઈન્દ્રિયોમાં નિશ્ચય થયો છે તે અહિં અવાય છે અને અંતઃકરણમાં અને મનમાં કરવો હોય તો મન જોડો તો થશે. આતો મહારાજને ધુળાભાઈ એક સમાને વિષે લહેરમાં હતા તે વાત થઈ હતી.

સંવત ૧૯૭૧ શ્રાવણનો સમૈયો.

ચાલતો પાઠ– સાંજે વાત જે આત્મનિષ્ઠા મધ્યમ ચાલતી - સાળંગપુર ૧. પ્રીતિ મધ્યમ મધ્ય ૫૯. કારિયાણી ૧૧. માં છે તે ન લેવી એ ઉત્તમ છે જે અંગ હોય તેથી જ પરિપૂર્ણમાને તો ફરી જન્મ લેવો ન પડે. નહિતો લેવો પડે. સાળંગપુર ૧૧ અંતે વૃત્તિ રહે તો ન લેવો પડે. જનમ પુરણ માને તો અખંડ હરિમાં વૃત્તિ રહે–સંકલ્પ ન થાય. માયાનો ગુણ જે પ્રથમ ૧૯ માં છે જે રજ તમ સત્વમાં હમણાં પુરણની દૃઢતા હોયતો મરણની વખતે ઓય મા ઓય માબાપ ના થાય.

ના સંભારાય અને સંભારીએ તો સંભારાય એ માયાનો ગુણ પરાભવ ના પમાય, તે પમાય જો સંકલ્પ ના હોય તો–માટે પુરણ માનવું.

નામના ભગતને સાધનથી અંગ વધે અને પ્રગટનાને તો જેટલી વૃત્તિ રહે તેટલું અંગ વધે.

વચનામૃત પ્રથમ –૨૦, છેલ્લાનું ૨૬, વડતાલ ૫ વાંચ્યાં. ઇચ્છવો અને ન ઇચ્છવો તેના ભેદ. વિષયમાં વાસના છે તેને પ્રથમ ૨૦ તેમાં સત્સંગ તે પ્રથમ ૨૦ નો જુદો લોયામાં છે તે જુદો - હરિભક્ત પ્રથમ ૪૯નો જુદો દોઢ કલાક વૃત્તિ રહે તો એક આની ૨૪ કલાક ગણીને જેટલી વૃત્તિ રહે તેટલી આની થયો. ૧ ।। કલાક રહેતી હોય તો એક આની. તેમાં રહેતી હોય અને રાખે તે ભેદ. આળસે રહેતી હોય ને ન રાખે તે આળસ.

પ્રથમ ૨૧ વાંચ્યું. આ એકાંતિક મધ્યમને રાતદિવસ સાંભર્યા વિના રહે નહિ. કહેશે–વીત દીન રતીયાં–કનિષ્ટને ન કરાય ચિંતવન અને મધ્યમને કરે તો કરાય અને ઉત્તમનો તો થાય. ચિંતવન પોતાના હાથમાં–જેટલી ટુંકી વૃત્તિ થાય તેને તે ખરી. બીજું કૃપાની કહેતાં ખુશી.

વિષયથી સુખ થાય છે તેને જુદો માનવો. વાસના કાઢશો તો સારૂ, નહિ તો સુખ આપીને ભૂલાડીશ. સંકલ્પ રૂપી ગોટામાંથી તોડીને વૃત્તિ રખાવીએ તેથી શાંતિ રહે. માટે ઠગારી રૂપી સિદ્ધિઓ ન આપું – એ દુઃખનો માર્ગ છે.

૫ ।। વાગે-મંગળવાર

પ્રથમ ૨ ૨ સ્મૃતિ ઉપર છે. સરખાં અંગ હોય તો સ્થિર થઈ રહેવું. સરખાં ન હોય તો નવ યોગેશ્વરની પેઠે જે એક જ્ઞાન અને બીજો ધ્યાન કરે. હવે ખુંચ આવી જે વહેવાર કરતાં સ્મૃતિ રાખવી અને વહેવાર ઈન્દ્રિયો વડે કરવો. ક્રિયા ત્રણ વેગ છે. મંદ મધ્યમ અને તીવ્ર.

બુધવાર સવાર.

'આનંદ આપ્યું અતિ ઘણું રે' – અર્થ આનંદ અહિં આવે તો શીતળ થાય- અતિ-એવો રંગ ઘેર રહે. અતિશે હરખ શોક ન થાય. દરેક વાતે આનંદ આપવાનો છે કંઈ તમારા હાથમાં નથી-સદ્‌ગુરુને માંથે-અમૃતસિંધુ તે હરિ બોલે તે રૂવાડાં ઉભાં થાય. નીરભે જે એવું અખંડ થાય. મળીયા કહેતાં આવાં લક્ષણ ઉતરે તો મળ્યા. વધામણા એટલે ઇન્દ્રિયો અંતઃકરણ એ એમ કહે જે એ ખરૂં છે. જ્યાં સુધી મનરૂપી ઘોડો કોઈએ ન બાંધ્યો અને પછી બાંધ્યો. તે ત્યાંથી ચડેલી ઠેઠની-ખોટ ખોવાઈ-દુઃખ -મન દુઃખ દે છે, તે સદ્‌ગુરૂના સમાડેથી મન જેમ કહે એમ કરે એટલે ગયું.

અતોલ – જગતના સુખનો તોલ થાય છે અને મહાપુરુષનો તોલ થતો નથી. કળશ ડેરૂ થઈ રહે ત્યારે કળશ ચઢાવે તેમ તેમ કલ્યાણના માર્ગમાં છે. 'સર્વેનાં કર્યા કામ' જે જે આવ્યો હોય તેને તે બતાવ્યા. માતા અલ્લા તિર્થંકર સર્વેના ઉપરી સર્વે કામ કરે.

જે જે સંભારસો જે આ વંઢાની મહિં હશે તે તેમાં સુખ જ ભર્યું છે તો હું તો દુર્લભ છું. જો સંભારે તો, નહિ તો પીઢો પાટડા સાંભરે તો સુખનો ફેર પડે. 'બંધ કીધાં સરવે બાર' ઇન્દ્રિયો અંતઃકરણનાં બાર બંધ કર્યા જેથી 'વહેતી કીધી' અંતર દૃષ્ટિમાં વાર ન લાગે-તમ જે રજ તમ સત્વનો ટાળીને પુરણ બ્રહ્મમાં ભળે. જે જે શાસ્ત્રમાં છે તે તમામ કરે તો તેને પ્રગટ ભગવાન મળ્યા એમ જાણવું. ખોટા મોટા કર્યા ખદ્યોત-સાચા મળે તો ખોટા મોટા થયા તે ખદ્યોત જેવા થાય. સાચા મળે ત્યારે એની છાયામાં મન બીજે જાય નહિ-તો મળ્યા.

પ્રગટ પ્રભુ મળે તો બીજાનું જ્ઞાન ઝાકળ જેવું જણાય. ઝડી દીધી-દેહરૂપી ધરતીના મળ ધુવે વરસાદથી. વરસાદ અમૃતદષ્ટિ બોલ-વાણી-જેમ મનુષ્ય રૂપે થયા એટલે સુગમ થયું.

દુર્લભ-જીવ જબરો છે તે મને હરવી દીધો હતો તે મન વશ કરીને જીવનું કર્યું – જાત કુજાત – ઢેડ ઈત્યાદીની જોઈ નથી.

સંતનાં લક્ષણ સાંજે વાંચ્યાં. પ્રકરણ ભક્તચિંતામણી-૨ અને પછી મનમાં જોવડાવ્યું જે છે કાંઈ હૃદયમાં? - સંકલ્પ છે? ભજન જે ગોપીનાથ સીતારામ વગેરે વિષયજનને એ જેથી સ્ત્રીથી ભગવાન સાંભરે.

ઉંઘમાં ઉતરી ગયો હોય તેનું શરીર ગંધાય. શૂન્યમાં આનંદી મોંઢું રહે. બ્રહ્મમાં લીન જે સુતો હોય તો મોંઢુ ચળકે. ચળક ચળક થાય. હરખ શોક માન અપમાન થતું હોય તો તે જણાય. તેને જોગે ફેરફાર થાય. અખંડ આનંદ હોય તો હરખે સહિત મોંઢું રહે.

સવિકલ્પવાળાને નિશ્ચયમાં કસર હોયતો બ્રહ્માંડતામાં તો દેહમાં બળ આવે-જેમ સાંભરે તેમ-કહેતાં તેના મનોરથ પુરા થાય. એટલે આગળ મળશે એવી આશાથી બળ આવે તેમ પીંડનાનો નિશ્ચય થતાં દેહનું બળ ઘટે. ઈન્દ્રિઓ જીતાય એની મેળે. પ્રથમ ૧૨ ચિંત્તમાં ને મહતત્ત્વમાં અભેદપણું છે. ચિત્ત નિર્મળ થઈ જાય તો બ્રહ્માંડની વસ્તુ દેખાય. તે ભેળા ભગવાન દેખાય. ખોટું માન્યું તેથી આકાર ન બંધાય તો બીજું ન દેખાય. હરિ વગર ખોટું માને તો એ જીવન મુક્ત. જ્યાં સુધી એમ નથી થયું ત્યાં સુધી વિઘ્ન છે. ક્યારે થશે એમ થાય છે એજ વાસના. જીવતાં મુક્ત થવાય છે કે નહિ? તે આ છે જે કિર્તન 'મળે જીવન મુક્ત જોગીઆ' તે લક્ષણ ઇન્દ્રિઓના ઘાટ ઉઠે નહિ. વચનામૃત પ્રથમ ૨૩ પરમહંસ-ભગવાન વિના બીજું ન ઈચ્છે. જેમ હંસ મોતી વગર ના ખાય તેમ ભજન કરે-થાય તે વાત જુદી છે.

ધારીને-પુરુષ પ્રયત્ન-વિઘ્ન-મુર્તિ વિના બીજું દેખાય તો વિઘ્ન. સાવધાન સામાની લગામ હાથમાં છે તે રૂડું જ કરે. ભુંડુ કરવાનું તો ન હોય માટે એવું ન માનવું જે મારૂં ભુંડુ કરે છે એતો રૂડુ જ કરે છે. તે ઉપર હરખાના ઢીંચણ છોલાયા અને બેડાં ન ભાગ્યાં. માટે દુઃખ પડે તોય અવાય. માટે દુઃખ પડે તોય વિશ્વાસ રાખવો. બે ભાઈબંધને સાપ-તે ગળું કાપ્યું અને લોહી પીવરાવ્યું-તેવો વિશ્વાસ રાખવો. ઇચ્છા હોય તો દેહરૂપે સારો. આત્મરૂપ ઇચ્છા વિનાનો છે. જેટલા આની ભક્ત છે તેટલો કાળ ન જડે. કાળકર્મ ન લાગે. મધ્ય ૪૫-તમોગુણવઢે મારે છેવટે જીવણલાલનું દ્દષ્ટાંત સત્વગુણમાં શાંતિ પડે. વહેવાર શું કરવો છે?

ભજન શું કરવું છે? એમ શાંતિ થઈ જાય. રજોગુણમાં તરંગો ઉઠે. એ ત્રણથી દસ ઇન્દ્રિયો જીતે તો જયાં ત્યાં જોઈને સુખ મનાવી દે. સ્વભાવ થોડે થોડે કાઢો તો દુઃખ ન થાય. અને હું કાઢું તો દુઃખ થાય પણ દુઃખ નહિ થવા દઉં. ઉંદર ફૂંકી ફૂંકીને કરડે છે તે પ્રમાણે થોડે થોડે કાઢીશ અને દુઃખ નહિ થવા દઉં.

સંવત ૧૯૭૧ ભાદરવા વદ ૯.

પ્રથમ ૬૭ અને મધ્ય ૬૨ વાસના મુર્તિ રૂપી તે મુર્તિ ધારવી તેય વાસના છે માટે ઘાટ બધા ખોટા કરો એમ કહ્યું.

પેંગડે પગ અને બ્રહ્મ ઉપદેશ તે શું તો બેની નજર એક થાય એટલે સંપૂર્ણ થયું.

સંવત ૧૯૭૨ કારતક સમૈયો

મધ્ય ૬૨ નામાં છે તે અંતરવૃત્તિ વિના બીજું કશું નથી. ગાવ કે ના ગાવ એત્રણે દિવસ મહારાજે કહ્યું તે ઝાઝા સમજ્યા નહિ. બાધાઓ આપી ડહીબાના છોકરાને વહુ મળે તો રસોઈ આપે. આવતી દીવાળી સોરી અને જો નહિ આપે તો મરી જશે - એમ કેટલાકને આપી.

સમૈયા પછી

હવે કપાયું એટલે બધેથી ખોટું થઈને વૈરાગ્ય થયો. એટલે અંતરવૃત્તિ વળશે અને પછી મહીંથી પાછી આવશે ત્યારે પાયા ઉપર આવ્યા, નહિ તો ત્યાં સુધી પાયા પુરાય છે અને સુખની વૃત્તિ મહીં જાય છે ત્યાં સુધી પાયા પુરાય છે.

ઉત્તમ મધ્યમના ભેદ ભક્તમાં કેમ પડે છે? ઝવેરભાઈ ભાદરણનાએ પૂછેલું-ઉત્તર જે-લોયા ૧૨-છેલ્લું છે શ્રદ્ધા ઉપર તથા વેગ પ્રમાણે ભેદ પડે છે.

સંવત ૧૯૭૨ કારતક વદ ૬.

પાસે રહેનારને ઘણો વિચાર રાખવો, નહિ તો અભાવ આવે. અનેક પ્રકારનો અભાવ આવે. માટે અનેક પ્રકારનો વિચાર રાખે તો પાસે રહેવાય, નહિ તો ના રહેવાય.

સંવત ૧૯૭૨ પોષ સુદ ૧૧.

મુક્તની શિક્ષાપત્રી અનેક ઉપર અનેક રીતે જુદી જુદી સમજવાની છે. ઘેર જુદી અને અચળ મુકામે જુદી માટે પોતાની મેળે વાંચી લેતો દુઃખીઓ થાય. કરાલીના નાથાભાઈ ઉપર વાત કરી જે પાંચ દિવસ ખાધું નહિ. નિરાહાર ઉપર ખાધું નહિ તે ઘેર ખાય નહિ તો લોક દુઃખાય અને ગભરાય જે મરી જશે અને તે નિરાહાર જો અહિં કર્યો તો પાંચ દિવસ ખાધા વગર ચાલ્યું. માટે એ શબ્દ ઘેર રાખે તો ઉપાધિ થાય. અને અચળમુકામે રાખે તો પળે. માટે ઘણું સમજવાનું છે.

સંવત ૧૯૭૨ પોષ સુદ ૧૨.

સાધી ધુળાભાઈ ગયા હતા તે વચન લોપ્યાનો ઠપકો સાધીનાને આપ્યો જે મારૂં વચન તો કોઈએ રાખ્યું નહિ જે ધુળાભાઈ જોડે બોલવું નહિ. પેસવા દેવા નહિ-તે કોઈએ પાળ્યું નહિ અને પેસવા દીધા. તે ઉપર મહારાજે ઠપકો દીધો જે મારૂં અંતર બળે છે અને મને ખાવા પણ ભાવતું નથી. અને ઉંઘ પણ આવતી નથી. સાધીના ભક્ત કૃતઘ્ની થયા એમ ઉપરા ઉપરી કાગળ લખ્યા અને તેમાં માધવભાઈને ગભરામણ થઈ અને રોવા લાગ્યા પછી સર્વેએ માફી માગી.

સંવત ૧૯૭૨ પોષ સુદ ૧૫

મગનભાઈ તથા ધોરી ભગત ઉપર વાત નીકળી જે મગનભાઈ કાનમમાં ગયા હતા તે હરિભગતને ત્યાં ના ચાલે જમ્યા અને તે રાંધેલું. અને વળતે દીને ધરમશાળામાં ચણા ખાઈને રહ્યા પણ સંતને ઘસારો ના દીધો. અને ધોરીભગત ઘેર ઘેર

જઈને ખાવા માટે રહે. સંત તે તીર્થરૂપ છે તે જે શ્લોક જે - તીર્થ ક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ-માટે સંત તીર્થરૂપ તે તીર્થમાં ઘસારો ન દેવો. ના ચાલે સંત ઘેર રહેવું કારણ કે ખાધાપીધાનો ઘસારો દેવાય ને અચળ મુકામે તો દક્ષિણા આપવાના ધારો છે, તેનો વાંધો પડે નહિ અને સંતસમાગમ કરવા જાય તો સંતરૂપ ભગવાન છે માટે ભગતરૂપ ભગવાન તે સંત અને ભગવાન બંને આવ્યા માટે બીજાનો ખપ ના પડે. માટે બનતા સુધી સંતને ઘસારો રસ્તામાં આવતાં જતાં ના દેવો. તે ઉપર વાત કરી જે હું મહુવે જતો અને મણીલાલ મહુવે જતા તે સંત હતા અને મને પણ જમાડવા લઈ જતા તે હું જતો નહિ અને પરાણે જવાય તો ખાઈને તરત થાળીમાં બે આના નાંખતો અને ના લેતો ઘરમાં નાંખીને નાસી જતો. એમ મહારાજે પોતાની વાત કરી માટે સંતને જતાં આવતાં ઘસારો દેવો નહિ.

સંવત ૧૯૭૨ ફાગણનો સમૈયો.

મન કર્મ વચનેથી હરિની સામું જોવું. તે સુખ સમાન બીજું નથી. મોટું પાપ હરિ વિના બીજે હેત થાય તે છેલ્લા. ૧૭ વચનામૃત પ્રમાણે ભર્તનું મૃગલું. વગર ખપનો દેહ હાલે તે પાપ, વગર ખપનું મન હાલે તે પાપ. આંખો મીંચીને બ્રહ્માંડમાંથી પીડે જાય અને સુણેલીને દેખવામાં જે જે આડું ના આવે તે કનિષ્ટ વૃત્તિ કહેવાય. મધ્ય ૬૨-ટુંકીવૃત્તિ થઈ જાય મધ્યમવૃત્તિ વહેવાર કરે અને ભજને આડું ના આવે તે ઉત્તમમાં તો કંઈ નડેજ નહિ અને અને મુર્તિ દેખ્યા કરે. વચનામૃત પ્રથમ ૩૦ ભક્ત સાચા થવું. ભજનથી દેહ અને ખટ ઉર્મિ વ્યાપે નહિ. મુર્તિ સાંભરે તો લવ સત્સંગ અને તેજમાં જે બ્રહ્મ સઘળે વ્યાપીને મુર્તિ લીધી તે થઈ રહ્યું.

સંવત ૧૯૭૨ વૈશાખ સમૈયો.

સારો સમૈયો-વધારે વાર મુળ જુઓ હરિનું તે-જેટલી વૃત્તિ તુટે એટલો બદ્ધ. કુંવારી પડી રહે તે પાપ નહિ. પણ હરિ વિના બીજે વૃત્તિ રહે તે પાપ.

સંવત ૧૯૭૨ આસો સુદ ૧૦

નરસીભાઈને ભક્તિ કાશીએ ગઈ. એટલે શું જે સમભાવ થાય તે જેને સમજણ ના પડે તે કાશીએ ગઈ કહે. પલાણાવાળા-માટે સર્વને સમભાવ થોડે થોડે

આવવા લાગ્યો છે. જેઠા ભગત જવેરવાલા ઈત્યાદિ-ભાદરણના ઝવેરભાઈ આવતા નહોતા અને કેટલાકને મનમાં હશે-જ્ઞાનથી આવે છે માટે સમભાવમાં સાચવવું.

સંવત ૧૯૭૨ આસો વદ ૭ તા. ૧૫-૧૦-૧૯૧૬ મંગળવાર

તમામનાં રૂપ જણાય છે માટે લુખા રાખવા સારા છે આમાં સર્વેનાં રૂપ જણાય છે. ફરીયાદી કરવા બાબતમાં જેઠાભાઈ ઉપર વાત થએલી.

આસો વદ ૮ તા. ૧૬-૧૦-૧૯૧૬ બુધવાર

સૌ સૌનાં રૂપ થોડાં થોડાં ઉઘડે છે. બોલી ચાલી ઉપરથી સર્વેનાં રૂપ ઉઘાડાં થાય છે. જોઈતીબાએ કાગળમાં લખ્યું કે મહારાજ અંતરજામી છે અને મને કેમ કાઢી મેલી? માટે ફેરો પડ્યો એમ કાગળમાં આવ્યું - તે ઉપર વાત નીકળી હતી. રાધા જન્મી ત્યારે ભાદરણ આવ્યો હતો તે ડોસાની ખબર સુણી ઘેર ગયો અને પાછો આવ્યો તે ઉપર.

સંવત ૧૯૭૩ અષાઢ વદ ૫ મંગળવાર.

ધુળાભાઈને કહ્યું કે નિયમી એકાદશી આવી માટે નિયમમાં વચનામૃત વાંચો તે પ્રથમથી વંચાવવા માંડ્યા. તારણ તારવીને પ્રથમથી જેમ વાંચતા જાય તે ફોડ પાડી સમજાવતા જાય તે નારદ તુંબરૂને ઈર્ષા તેમાં ભગવાન રાજી ન થયા તે જ્યારે હારીને પાછા તુંબરૂ પાસે ગયા ત્યારે રાજી થયા માટે કહેવાનું શું જે હારીને રાજી કરવા કહેતાં હારી જવું તે ભગવાનને ગમે છે.

સંવત ૧૯૭૩ અષાઢ વદ ૭ ગુરુવાર

ધુળાભાઈ વચનામૃત વાંચતા હતા તે પછી વાતે વાતમાં કહ્યું કે હું પહેલો ગાંડો થઈશ મારે વંઢો કરી રહ્યા પછી ગાંડું થવું છે તે ખાવું અને છાનું માનું બેસી રહેવું. કંઈપણ કરવું નહિ. ગાંડા થયા વગર પતવાનું નથી. જુનાને અર્ચિ માર્ગ અને નવાને ધુમ માર્ગે લઈ જવાના તે નવા સિદ્ધિઓ વાપરે તે તમામ વચનામૃત સાચાં થાય અને જુનાને સિદ્ધિઓ વગેરે આવે તો થોડા થોડા ભાગી જાય માટે જુના જ્ઞાને કરીને રહ્યા છે અને નવાને તો જેમ ઐશ્ચર્ય વચનામૃતમાં જે પાટડામાં બોલવું બ્રહ્માના લોકનું પદાર્થ

આ દેહે લાવવું ઈત્યાદિ જોઈને જુના જ્ઞાનથી સુખી રહે, નહિ તો જુના ભાગી જાય તો નવા થાય નહિ તો હું એકલો પડ્યો રહું માટે જુના અર્ચિમાર્ગે અને નવા ધુમ માર્ગે અને પહેલાં તો હું ગાંડો થઈશ-તે સર્વે વાત પ્રથમ વાંચતા હતા તે ડોલું આવ્યું તો સાખ આગળ એક પગે ઉભા રહીને ઉંઘ કાઢી. અને વચનામૃત પ્રમાણે વરત્યા પછી આ બધી વાત કાઢી જે નવા દ્વારે સર્વે સાચું કરવું છે. જુના તો ભાગી જાય છે-છોટાલાલ શેઠ વગેરે માટે જુના અર્ચિમાર્ગે અને નવા ધૂમ માર્ગે કાઢવા.

સાંજે મગનભાઈ આવ્યા તે અમદાવાદની વાત નીકળી જે પ્રગટ ભગવાન માન્યા છે તે કેટલાક થાય છે? ત્યારે મહારાજ કહે કે શું ખોટું છે? ગામોગામ અને ઘરોઘર મુર્તિઓ બેસારી છે તે બોલે ચાલે નહિ અને આતો જ્ઞાન વાર્તા ધ્યાન ભજન કરે છે માટે મુર્તિઓવાળા ભગત કરતાં શું ખોટું છે? માટે એતો ઘણું સારૂં છે માટે કોઈને ખોટું કરે છે તેવું તો કહેવું જ નહિ.

સંવત ૧૯૭૩ શ્રાવણ વદ ૮ તા. ૧૦-૮-૧૯૧૭ સમૈયામાં શુક્રવાર.

વાતેવાત નીકળી જે સમૈયામાં જે નહિ આવે તેને દુઃખ થશે કારણકે ગુણાતિતાનંદની વાતોમાં લખ્યું છે જે દુઃખ ડોકાં કાઢી રહ્યું છે જે ક્યારે ભગવાન ભૂલે ને હું પેસું તે સમભાવમાં સમૈયો નહિ થાય તો તેને દુઃખ આવશે. તે નવું દુઃખ નહિ જે એનાં કર્મનું દુઃખ હશે તે તે સમે આવશે. અને જે આવશે તેને નહિ આવે. તેના કર્મનું દુઃખ પળાશે કહેતાં છેટે રહેશે તે સંત સમાગમે ઓછું થાય. પ્રથમ ૭૨ વચનામૃત-સુળીનું દુઃખ કાંટે સરે-એ વાત સાચી છે. ધર્મપરાવાળા ખુશાલભાઈએ લખ્યું-કંકોતરીના રીપ્લાઈ કાર્ડમાં જે હાલ તાવ આવે છે માટે નહિ અવાય. તે લખ્યું તું તો સમૈયા પહેલાં દસ દિવસ ઉપર પણ સમૈયો બેઠો કે તરત ત્યાં સસડાઈને તાવ આવ્યો માટે બહાનું કાઢવું તે દુઃખ થાય એવું ન કહેવું-તે વાત વેલમના ભક્તોએ કહી હતી અને તેમને હરખાબાએ કહ્યું કે તાવનું લખ્યું તે તાવ જ આવ્યો. માટે પાછમાં આગમાં દુઃખ આવશે માટે બનતા સુધી આવવું. કેટલાકને સ્ત્રી રૂપી સિદ્ધિ ખાળે.

સંવત ૧૯૭૩ અષાઢ સુદ ૯ તા. ૨૭-૭-૧૯૧૭

પલાણાના લાલાજી તે ઉપર વાત નીકળી જે તેમની ફજેતી શાની થાય છે

જેમ દૃષ્ટાંત છે જે વહેવાર કરતો હોય અને તેને વહેવારીનું લહેણ દરેક થતું હોય અને ચોપડા રાખેને વાંચે જાણે જે આટલું આ લહેણું છે અને દેવું છે એમ જાણે અને પછી ચોપડા મુકી દે પણ તે પ્રમાણે વર્તે નહિ તો ક્યાંથી દેવું લહેણું સંથાય? એ તો એક પાસ ચોપડા રાખીને સાંથવા માંડે તો કામ થાય. તેમ ભક્તિવાળાને શાસ્ત્ર છે તે ચોપડા છે તે વાંચી જાણ્યા પછી પણ તે પ્રમાણે ચાલે નહિ તો તે શા કામનું? ચોપડા પ્રમાણે શાસ્ત્ર વાંચીને તે પ્રમાણે વર્તાય તો થાય. તેમ ના વર્તે તો નિંદા થાય. એ તો વિવેક ના રહ્યો માટે વિવેક રાખવો. જેમ વહેવારવાળો ચોપડા છોડતો નથી તેમ ભક્તિવાળો ચોપડારૂપી શાસ્ત્ર છોડે નહિ તો આગળ ચાલશે. ત્યારે ઝવેરભાઈ ભાદરણના કહે જે ઉતાવળથી થાયતો સારૂં. ત્યારે કહેજે ઉતાવળો ચાલે છે તે પડી જાય છે, તે તમે બેચાર જોયા માટે જેમ હરિભક્ત હઠ કરશે જે ઉતાવળ કરો ઉતાવળ કરો તો કહીશ જે મરીને મળનાર હતા તે છતી દેહે મળ્યા. માટે શું કરવું છે? નહિતો બીજો ખોળી કાઢો; એમ કરીને ઢીલું મુકીશ પણ જે દિવસથી માંડણું માંડ્યું ને જે જે બોલ્યો તે સર્વે હું કરીશ, કર્યા વગર રહીશ નહિ. પાટડામાં પેસવું, બ્રહ્મરૂપ થાવું, લાખો ગાઉનું આ હાથે લાવવું વગેરે જે બોલ્યો તે તો કર્યા વગર નહિ રહું. પણ ઉતાવળ કરશો તો ઢીલું મુકીશ જે ભાઈ બીજો ખોળી કાઢો.

સંવત ૧૯૭૩ અધિક ભાદરવા સુદ ૪ તા. ૨૧-૮-૧૯૧૭ મંગળવાર

બપોરે એક વાત થઈ જે જેમ આજ ઘણી અનૃતાઈથી કહેતાં છેતરીને જે જમીન લઈ લીધી તેથી જમીનવાળાનું મન હૃદય ઘણું દુખયું તેથી તેને મારી નાંખ્યો, તે માટે કોઈ સાથે વેર કરવું સારૂં નહિ. પાપ ટોળે થયાં તે આગળ આવ્યાં તે પ્રકારે કહેતાં ઝાઝા પાપનો નીવેડો કરવો. તેનું ફળ આપનાર દ્વાર તે કાપી નાખનારો થયો. તે દ્વારે તેનું પાપનું ફળ હરિએ આપ્યું. માટે કોઈ સાથે વેર કરવું સારૂં નહિ. કેટલાકને સ્ત્રીયોથી માથાં પડે છે કેટલાકને છીનાઈ લેવાથી, કેટલાકને ગાળથી તથા અપમાનથી તથા લોભથી-કડાંવાળા બાવાને લોભથી મારી નાંખ્યો. પરસોત્તમને રાસવાળે રાહ ગામમાં-માટે કોઈ સાથે વેર બાંધવું સારૂં નથી અને વચનામૃત શિક્ષાપત્રી પ્રમાણે રહેવું તો જ સુખી રહેવાય. આ લોકે પરલોકે આ વાત ભાદરણના ચતુરભાઈ ગોવિંદભાઈ જમીન સારૂં માર્યો તે ઉપર નીકળી.

સંવત ૧૯૭૩ અધિક ભાદરવા સુદ ૧૫ તા. ૩૧-૮-૧૯૧૭.

સાંજના ત્રણ વાગે કથા થાતી હતી તે સમે વાત નીકળી જે વેણાવાળી ગંગાને કહ્યું જે કોથળા પડી મુક અને સાંભળ. કાંઈ જ્ઞાન થાય તો સુખ થાય પછી લોયાનું ૮ વચનામૃત વંચાતું હતું તેમાં એક વાત થઈ જે ધોરી ભગતને કહ્યું જે ભગવાન કર્તા છે જે જીવ કરે છે તે ઉપર બોલ્યા જે સર્વે ભગવાન કરે છે પણજે વિચાર સાક્ષીમાંથી ઉપડ્યો તે સત્ય થવાનો. જે મન ઇન્દ્રિયોમાંથી ઉપડે તે સત્ય ના થાય. તે અખંડ દરવાજે રહેતો હોય છેલ્લાના ૯ પ્રમાણે તેને સમજ પડે, જે સાક્ષીમાંથી ઉપડ્યો જીવમાંથી કે ઈન્દ્રિયોમાંથી તે સર્વે ખબર પડે-ભાદરણના ઝવેરભાઈને ખબર પડે. ત્યારે પૂછ્યું જે એવું ક્યું વચનામૃત છે જે આ જીવમાંથી સાક્ષીમાંથી મનમાંથી અને ઈન્દ્રિયોમાંથી ઉપડ્યો તે શામાં છે? ત્યારે કહ્યું જે આંખો મીંચીને ઉપડ્યો જે ઢોલ વાગ્યું તે ઈન્દ્રિયોમાંથી કારણ કે તે ઈન્દ્રિયોમાંથી જોયું અને ઉપડ્યો અને નડીયાદ વસો અમદાવાદ મુંબઈ વગેરેમાં વિચાર થાય કહેતાં ત્યાં તું રહે તે મનમાંથી ઉપડ્યો કારણ કે નારદજીને પરણ્યાનું મન થયું એમ કહે છે માટે તે પરણવું તે મનમાંથી અને જે વિચાર કરીએ અને ના પાડે તે જીવમાંથી કારણ કે સાક્ષી ના પાડે છે તે વચનામૃત પ્રથમ ૭૦-ના પડે છે અને એક હા પાડે તે જે ઘડભાંજ થાય હગડગ થાય તે જીવમાંથી ઉપડ્યો અને જે ઠેઠ સાક્ષીમાંથી ઉપડ્યો તેને હગડગ થાય નહિ-નક્કી જ થાય. માટે તે સાક્ષીમાંથી-તે ઉપર નરસીકાકાએ પૂછ્યું જે અખંડ ઉપડ ઉપડ કરે તે શું? ત્યારે કહ્યું જે તેને દરવાજે રહેતાં આવડતું નથી અને શરત રાખતો નથી ચોર પેસી જાય તેની ચિંતા નથી. એ તો જે ઝીણી નજરથી જુવે અને ચોર પકડે જે 'ઉપડતોજ મુડે રાખ, તારે અત્યારે શું છે?' અને મુડે તો ફરી થોડે કાળે ઉપડે પછી ઢીલા પડીને ઉપડે જ નહિ. તેમાં વળી ગુણ દુઃખ દે તેને-તમો ગુણમાં વિચાર ઈન્દ્રિયોમાંથી ઉપડે, રજોગુણમાં મનમાંથી ઉપડે અને સત્વગુણમાં જીવમાંથી ઉપડે અને ગુણ પાર સત્વને શોધે-સાક્ષીમાંથી ઉપડે અને ગુણ પાર તો કેડ દુઃખે નહિ. આળસ આવે નહિ. ઉંઘ આવે નહિ. વિચાર થાય નહિ અને કર્યાનું પણ મન ના થાય. અને કરે તો દુઃખ થાય. સુખ વર્તે તે પછે લોયાનાં ૯-૧૦માં વાત આવી ત્યારે બોલ્યાજે શાસ્ત્ર તો વાંચવાં જ ને હવે ખપનાં છે માટો ધોરી ભગતને કહે છે કે તમે અહિં રહ્યા તે દરરોજના છ વચનામૃત ના વાંચો તો રહ્યા શા કામના? માટે આળસ થાય તો નિયમ રાખો જે સવારમાં બે વાંચવાં. સુખે કે દુઃખે અને સુખ વાંચવાથી થતું હોય તો ગમે તેટલાં વાંચો પણ હજુરમાં છો તો વાંચવાં જ. શાસ્ત્રમાં તો તે સારૂં શ્રવણ ભક્તિ પ્રથમ કહી છે અને

ઉત્તમ થઈ તેમાં સર્વે આવે તેમ વર્તવું.

સંવત ૧૯૭૩ અધિક ભાદરવા વદ ૧૧ તા. ૧૧-૯-૧૯૧૭ મંગળવાર

તે દિવસે વાત થઈજે મગનભાઈ ભાદરણનાએ અધિક માસમાં સૌ જગત બ્રાહ્મણને જમાડે છે તો આપણે સાચા બ્રાહ્મણને કેમ ન જમાડીએ? એમ જાણીને થાળ કરાવ્યો. તે ઉપર વાત થઈજે આપણા હરિ ભગત શઠ થઈ ગયા. તે આપણું ખોયું. અને જગતમાં પહેલાં કરતા તે ખોયું. નહિ તો એક અધિક મહીનો તે - ત્રીસ જણા પણ ના નીકળ્યા તે આ દિવસે મારો થાળ કરજો. પુરુષોત્તમ મહીનામાં માટે જગતનું ખોયું અને આપણું ખોયું તેવા શઠ થઈ ગયા. માટે આ ફેરે જ્ઞાન કરવું છે.

સંવત ૧૯૭૩ અધિક ભાદરવા વદ અમાસ તા. ૧૫-૯-૧૯૧૭ શનિવાર.

ઝવેરભાઈ ભાદરણના આવ્યા ને ઉપર ભઈજીકાકાએ વાત કરી જે તમને ભજનમાં કેટલું સુખ આવે છે? ત્યારે તે બોલ્યા જે તમે ઈન્દ્રિઓનું પૂછો છો કે ભગવાનનું પૂછો છો? ત્યારે તે બોલ્યા જે બધાનું પૂછીએ છીએ. ત્યારે ઝવેરભાઈ બોલ્યા જે ઈન્દ્રિઓનું સુખ જ્યાં સુધી બેસી રહીએ ત્યાં સુધી દેહ હાથ પગ વગેરે જે કંઈ દુઃખ થાય નહિ. અંતઃકરણનું જે કંઈ સંકલ્પ થાય નહિ. જીવનું જે બ્રહ્માંડ જેટલાનો પ્રકાશતો સુખ છે અને ભગવાનનું તો હજુ આવ્યું નથી. આવશે ત્યારે કહીશ. ત્યારે ભાઈજીકાકા કહે જે બ્રહ્માંડ જેટલામાં પ્રકાશ થયો તો સત્તા કેટલાની છે? તો કહે સત્તા નથી. ત્યારે મહારાજે કહ્યું કે બ્રહ્મમાં રહીને તમે વિચાર કર્યો જે આ બ્રહ્મનું તેજ હું મધ્ય ૩૧ મનન દ્વારાએ બ્રહ્મનો સંગ કરેતો બ્રહ્મના ગુણ આવે તે તમો બ્રહ્મમાં વિચાર કરવાનો પડ્યો મૂક્યો એટલે અટક્યું. ત્યારે ઝવેરભાઈ બોલ્યા જે હવે ત્યારે એમ કરૂં. પણ જેમ છે તેમ થાય. ત્યારે મહારાજ બોલ્યા જે શાબાશ છે. જો તમો જેવો એક પાકે તો મારા તમામ આગળ સપાટા માર્યા છે તે સાચા થાય. એમ કરીને હીંચકેથી ઉઠીને ખભો થાભડ્યો. તે ઉપર વાત કરી જે બ્રહ્માના લોકમાં વસ્તુ પડેલી આ હાથે લવાય. તે દૃષ્ટાંત વચનામૃતનું મુકીને ઘણી વાત કરી. આ લોકનું પરલોકનું રાજ્ય આપણા હાથમાં આવે તેમ ઘણી વાત કરી પણ જીવ હારી બેસે છે જે આમ કરવું છે તેવો આગ્રહ રાખતો નથી. તે ઉપર પ્રાગજી મહારાજની વાત કરીને હું મહુવે જતો તે પ્રાગજી મહારાજ તો સિવવા જાય તે હું પણ જાઉં તે એકલા વાત કરે. સંચાને વાત

કહે જે જીવ હારી જાય છે, નહિ તો મારી ભાઈબંધી રાખે તો તે ભિખારી હોય તો તેને ચાલીસ પચાસ હજાર રૂપીયાવાળો કરી દઉં. મારા (મહારાજના) મનમાં એમ થાય જે એમ શું થતું હશે? ત્યારે અંતરજામીપણે કહે જે જીવ શું કરવા હારી જતો હશે? પ્રાગજી મહારાજ સંચાને એમ કહે પણ મને તો કહે. મારી સામું જોઈને કહે નહિ. પછી હું મનમાં તર્ક કરૂં જે જે, તે તે સર્વ કહે. મારો વિચાર મનમાં થાય તેનો ઉત્તર વાણીએ કરીને સંચાને કહે. એટલે હું સમજુ જે અહિં કોઈ છે નહિ તો મનેજ કહે છે. પછી કોઈ હરિજન આવે અને તેને વાત કહે તેમાં વહેવારની કહેતાં મારા ખપની ના હોય તેને તે કહે તેમાં હું કાન દઉં નહિ જે એમાં આપણે શું કામ છે? ત્યારે અંતરજામી પણે કહે જે, મોટા થાવાનું હોય તેને તો ઢુંણસો જેવો રાખ પણ નાખી મેલવો, તે કોક ફેરો ખપ આવે ત્યાર પછી મેં રાખવા માંડ્યા. તે ઉપર ગઢડાના જગનની તથા પ્રાગજીને સ્વામી કહે જે સો ટોપલા ને પાવડા લાવ અને ગીરનાર ઉપાડી લાવ તે ઉપાડવા ગયા. પણ પાછા આવ્યા ઈત્યાદિ ઘણી વાત કરી. વળી બીજી વાત કરી જે ભઈજીકાકાને કહ્યું જે અધિક માસમાં તમારે અહિં જ રહેવું અને પંદર રૂપીયા તમારે ઉપજ છે તે વાપરવી. કહેતાં ખાધા ખર્ચમાં જે તમારે બેને થઈ રહેશે. શિક્ષાપત્રીમાં કહ્યું જે ઉપજ પ્રમાણે ખર્ચ કરવું તો સંપત પ્રમાણે નહિ. પણ ઉપજ પ્રમાણે. જે જે બાર મહીને આટલી ઉપજ છે તે પ્રમાણે કરવું. તે ઉપર કરાલીવાળા અમઈદાસને કહ્યું જે તમે વધારે ખર્ચ કર્યો. તમારી બેન તરફ તે કહ્યું ને જે સંપત છે તે તો ચોર ભાઈ બેન લાય બુમ વગેરેમાં જાય પણ વાર્ષિક જે ઉપજ તે ઉપજ કહેવાય. અને મારે જુઓને ઉપર જ નથી તો હું વડોદરે અગાસ વગેરે જાઉં તો ચાલીને જાઉં છું પણ બેસીને જતો નથી કારણ કે મારી ઉપજ કહેવાય નહિ. કારણ કે હરીજનની તો તમો જાણો છો જે ચાર દિવસ રહે તો રૂપીયો આપે અને ખાય તેમાં શું પડ્યું રહે? ફક્ત માસ્તરના રૂપીયા આવે છે તે તો તમારી કેડે જાય કહેતાં મેતર બહુ થયા તો પથરા પતરાં લાવ્યા તો તેમની ઉપજ કેટલી છે? તો પણ પાંચસો રૂપીયા ઉપડશે તે માસ્તરના તો તમારી કેડે જાયતો હું જ્યારે સંપત પ્રમાણે વાપરૂં તો દેહને ભોગવટો થવા દેતો નથી. પણ મારૂં તો જાણે ઠીક છે પણ તમારે મારી ઉપરથી શીખામણ લેવી જે બનતો ખર્ચ કરવો ખપ જેટલો.

આજ રાતે ગોટા ગોટા થયું જે રાધાને ખીલ પડ્યા તે દાક્તર પાસે ગયા તે મને ગમ્યું નહિ તે ઉપર વાત ઘણી કરી અને કહ્યું જે દાક્તર વૈદ્ય અજાણ્યું ઓષડ અને બાધા તે કરવું નહિ અને કરવું હોય તો દીવાળીને છ હજાર રૂપીયામાંથી કરે તે મારા પૈસામાંથી કરે નહિ એમ દીવાળીબાને કહ્યું. ભઈજીકાકાને સાક્ષી રાખીને કહ્યું જે બાધા

તે શું? ત્યારે કહ્યું જે સમૈયામાં સવા પાંચ શેરનો શીરો ખવડાવ્યો -રાધાને મટે તે માટે. તેમાં દીવાનના ઘરનાં તે તલાટીને શેર શાક આપે તે શું તલાટી કામ તેનું કરશે? તેમ અહીંનો શીરો હરિભગત ખાઈને શું કામ કરશે? તે ઉપર બાધા તમારે કરવી નહિ તે દીવાળીબાને કહ્યું. વળી વેણાની ગંગાની વઢવાડ કાઢી તે ઉપર કલેઈ થયો તે ઉપર ગંગાના કાગળમાં છણકા મીરાને ઘરચીયાં, ઈચ્છા માસ્તર ગાંયઝી ઇત્યાદિ ગંગાએ કહેલું તેનું ભારત કાઢ્યું ઇત્યાદિ ઘણી વાત કરી.

વળી વાત કરી જે ઠાકોરજી પોરાઢી દીધા ગોખલો પુરી દીધો. વગાડવાની ઘડીઆળો વેચી તથા નગરાં વેચવા કાઢ્યાં તે શણગાર પરગામ હરિ ગયેલા ત્યાં પહેરવાને ના પહેરી ગયા. ત્યાં ના પહેરવા. કેડે બેસવું નહિ. પાછલી વાત લીલા સબંધી કાઢવી નહિ ઈત્યાદિ વસોની કાછીયણને કોઢીઓ મારી એને ભાયડે ગોરધન કાછીએ તે ઉપર વાત કહી જે સમૈયે વાત કરવી છે જે ભઈબંધને ત્યાં જઈએ છીએ. ત્યાં ભગવાન તે કહેવું નહિ. 'મારા બાપની વહુ' જેવું થાયછે. 'સરકારમાં પૈસા ભરી આવ્યા' તેમ કહેવું કંઈ સરકારને આપ્યા નથી. તે તો મહેતાને આપ્યા પણ સરકાર કહે છે. માટે ભગતમાં તેથી ભગવાન પણ ભગત કહેવાય તે ઉપર ઘણી વાત કરી.

સંવત ૧૯૭૩ અધિક ભાદરવા વદ અમાસ તા. ૧૬-૯-૧૯૧૭ રવિવાર.

ભઈજીકાકા ઉપર વાત નીકળી જે એક બાઈ આવી, તેણે મુખ જાયું, તે કયાં જવાની છે? એમ મહારાજે કહ્યું. ત્યારે ભઈજીકાકાએ કહ્યું કે એ તો ગઈ માસ્તરને ત્યાં ગઈ એ તો. તે ઉપર બીજે દિવસે વાત નીકળી જે એમને કહેતાં ઉપદેશ કરતાં બીક લાગે છે તે વચનામૃત પ્રથમ ૭૩/૬ માં કહ્યું છે કે તેમ થયું છે જે શાસ્ત્રે કરીને દેખે અને નેત્રે કરીને જુવે છે તે બંનેને જન્માન્તરે કલ્યાણ થાય છે. વળી 'વ્રજ તણીનાર વ્યભિચાર ભાવે તરી' તે શું? ભગવાનનો સબંધ થયો તેથી. માટે જે ડાહી છે તે નર્કે જશે અને જે ભુંડી તે સ્વર્ગે જશે. કારણ કે રખડતી હોય વેષ્યા પેઠે તેને કંઈ હરિને નેત્રે દેખ્યાથી તેટલો સબંધ થયો, તો જન્માન્તરે કલ્યાણ થાય માટે તે સારી તે અમારે મને તો એમ પણ તમને ના ફાવ્યું અને કહ્યું કે 'ગઈ માસ્તરને ત્યાં' તે તેનો અવગુણ લીધો - શાસ્ત્રના શબ્દ શરત વિના - અને મેં કહ્યું પણ તરત ઉથલાવી દીધું અને શાસ્ત્રમાંતો તરત હા પાડવી સાળંગપુર-૨ને ના મનાય તો તમો કહો છો તે ખરૂં પણ માન્યામાં આવતું નથી તે સમજાવશો. માટે હવે શાસ્ત્ર વાંચવાં. તે શું કહે છે તે શરત રાખવી. અને તે પ્રમાણે વર્તવું. પહેલાં જે વાંચ્યાં તે તાપ ટળતા, તેમાં જેમ નગારૂં વાગ્યું તે

જાણ્યું પણ તે શું કહ્યું તે ખબર ના રાખ્યું માટે હવે તો શરત રાખો. હવે વિવેક રાખો ત્યારે ભઈજીકાકા બોલ્યા જે પહેલો પાઠ મને આપો તો હું સમૈયામાં પાકો કરી આવું. ત્યારે મહારાજ બોલ્યા જે ઘણું સારૂં. જ્યારે મેં તમને ઠપકો દેવા માંડ્યો, અને તેમાં તમારૂં મુખ દેહાભિમાનથી ઝાંખું પડ્યું નહિ - ખોટ નીકળે છે તેવા લાભના આવકથી આનંદ થયો માટે મને કહેવાની હાંસ થઈ માટે પ્રથમ તો પ્રથમનું ૧૬ મું વચનામૃત વિવેકનું તે ઉપર વાત કરી પોતાની જે હું મહાલકારીને ત્યાં ગયો તે ત્યાં બીજા લોક પણ હતા તેથી હું જઈને છેટો બેઠો ત્યારે કહે જે-વચનામૃતમાં જે ભગુભાઈ ભાદરણના લખ્યા છે તેમના ભાઈના દીકરા છોટાભાઈ ખુશાલભાઈએ કહ્યું જે ભગવાન જેવા છે. ત્યાર પછી મહાલકારી જોડે તકીએ મને બેસાડ્યો અને વાત કરી જે તમે પણ માનો છો કે? ત્યારે કહે હા પણ વિવેક રાખતા નથી, નહિ તો આખું ગામ પગે લાગે અમે એમનાં પ્રથમથી મંદિરમાં ભક્તિનાં લક્ષણ જોયાં છે ને એમના જેવી કોઈએ ભક્તિ કરી નથી. પણ આટલો વિવેક નથી. માટે કહેવાનું શું જે મહિં ગુણ હશે તો જ વિવેક લોકનો નહિં રાખતા હોય. પણ લોકને વિવેકની સમજ પડી માટે પ્રથમ ૧૬નું પ્રથમનું રાખવું તે વંચાવીને પછી સારંગપુર બીજુ કઢાવી વંચાવ્યું તે દેહાભિમાન ખોટમાં સઘળું જાય છે અને જે અંગ વધે છે તે કૃપાથી વધે છે. છાંટો નાંખવાનું-નહિ તો હારી જવાય. માટે તરત હા પાડવી. અને સામો ઉત્તર આપ્યો તેવી ખોટમાં જાય છે. વચનામૃત સાળંગપુર ૨ નું પતરાળું કરો અને પછી સિદ્ધદશારૂપી ભોજન જમો તો સુખ થાય, નહિ તો પતરાળું નહિ રહે - તો દેહાભિમાન હશે તોય સિદ્ધદશા આવશે પણ પતરાળા વગર ધુળમાં ભોજન પિરસીને ખાવું તે જેવું છે. કારણ કે નારદજીને પરણ્યાનું મન થયું અને દ્વારકામાં ભગવાન પાસે સ્ત્રી માગી અને હાથ જોઈને પરણાવાનું મન થયું તે માંકડાનું મુખ થયું - દેહાભિમાન રૂપી દોષને લીધે. માટે પ્રથમ વચનામૃત સાળંગપુર બીજું પતરાળા ઠેકાણે રાખો. પછી ભઈજીકાકાએ બે પ્રથમ ૧૬ અને સાળંગપુર ૨ નોંધ્યા. વળી કહ્યું જે લોક ઉપર બોલ લાવ્યા જે, 'માસ્તરને ત્યાં ગઈ ક્યાં જવાની છે? તે ઉપર તેમાં મારે તમારામાંથી પ્રીતિ તુટી અને તમારે મારામાંથી તુટી કેમજે મેં કહ્યું તે તમને સાચું મનાયું નહિ તેથી મારામાંથી હેત મટ્યું ને મારે તમારામાંથી તુટી જે ગમે તેટલું સાચું કહીશું પણ મનાવાનું નથી. માટે કહેવાનું પડી મૂકો. તે ઉપર ઉપદેશ કરતાં બીક લાગે છે વચનામૃત પ્રથમ ૭૩/૬ તેથી તમારા અવળા વિચાર થયા અને દેહાભિમાન થયું. તેથી વચનામૃત લોયા ૬/૧૬ દેહાભિમાન દોષ જેમાં છે તેમાં સર્વે દોષ રહ્યા છે અને તે ગયે સર્વ દોષ ગયા માટે

વચનામૃત લોયા ૧૭માં તથા પુર્ણ માસ ચન્દ્રમાં જેવો તે અમાવાસ્યા જેવો થાય છે તે ઉપર ઘણીવાત કરી. વડતાલ ૧૨. વળી કહ્યું જે વધે તો શાનું પણ ઓછું થતું જાય છે માટે તેથી જ આવી ખોટોને લીધે અંગ વધતું નથી તેથી બુમો પાડે છે. માટે તમામ શબ્દોની હાર કરવી માટે તરત હા પાડવી. અને પછી ધીરે રહી કહેવું જે તમે કહ્યું તે ખરૂં પણ મને મનાયું નહિ. જેમ લાડવા તે જમણ સાચું પણ શાથી શી રીતે તો-લોટ ઘી ખાંડ આવ્યું તેથી ને વધારે વાર ચાલે અને સારૂં લાગે એમ સમજણ પાડીએ પણ તરત હા પાડવી. આડે દહાડે એટલું સુખ જે જેવા માણસ તેવું જ્ઞાન થાય અને સભામાં સમગ્ર થાય અને નિશ્ચય થયા પછી તો હવે આડે દહાડે સારૂં, જેથી તેવા અંગનું નીકળે અને થોડા નિશ્ચય વાળાને તો સમૈયે સારું જેથી તેને સમાસ થાય. ઝાઝા અનુભવ સાંભરે તથા ઝાઝા સંતની છાયાથી શાંત થઈ જાય. અને નવરાશ આવે તો તો આવવું તે સારૂં સમૈયે અને આડે દહાડે. સમૈયામાં આવે તો લીલા સાંભરી આવે તો તેથી પણ શાંતિ થાય-મુર્તિને સંબંધે. તેથી સમૈયા જેવું સુખ નહિ-મુર્તિનું. અને આડે દહાડે જ્ઞાનનું જ સુખ પડે-નિશ્ચયવાળાને. પછી પરતંત્રને જે સમે જે થાય અને જેવો જોગ તેજ સુખ છે. પણ આડે દહાડે તો અવગુણ દોષ પરઠાય તેથી પાછો પડી જાય. માટે તે પાછો પડી જાય તેવાને તો સમૈયામાં સારૂં. તે જે ધાડ પડે તેમાં કંઈ રહે જ નહિ તેમ નવાને તો સમૈયે સારૂં જે ધાડરૂપી સંતના સમોહમાં કંઈ દોષ જણાય જ નહિ અને શાંતિ થાય તેથી પાકો થાય એ ઉપર ઘણી વાત કરી. અને સાંજ પડવા આવી એમ કહીને કહ્યું જે રાત થોડી ને વેહ ઘણા માટે કાલે તમારે-ભઈજીકાકાને-જવાનું છે. માટે સાંકળીયું કાઢો સમજણ પડે-મોટી પેટી. પછી વાંચવા માંડ્યું. પ્રથમ ૧માં ગાઢ પ્રીતિ તે ઉપર છોકરાં, સ્ત્રી તેમાં હેત થાય જે છોકરામાં પ્રીતિ તે કોણ પાછળ ખાસે? તેથી થાય. સ્ત્રીમાં કામ સરે તેથી પ્રીતિ રાખે. ઈત્યાદિ પદાર્થમાં હેત રાખે. પણ તે સર્વેનું દુઃખનું સુખ કરે-મોટાપુરુષ તોય તેમાં પ્રીતિ ન થાય. કહેતાં સર્વે દુઃખ મોટા પુરુષે કાઢ્યું તોય પ્રીતિ ન થાય. હવે હેત હરિ સાથે થાય તો શું લક્ષણ જે ચોર ચોરી કરીને સ્ત્રી છોકરાંને દ્રવ્ય આપે છે, તે દ્રવ્ય ઉપરથી હેત જણાય. પ્રથમ ત્રણ સમૈયા આવ્યા હોય તો લીલા સાંભરી આવે જેમ વિવાહ કાંણ સાંભરી આવે છે તેવી જ રીતે સાંભરી આવે. આટલું વાંચ્યું ને ઝવેરભાઈ ભાદરણના આવ્યા તે છેટે જોતાં મહારાજે ભઈજીકાકાને સમજાવ્યા, 'જે મને પાઠ આપો. દેહાભિમાન ગયું નથી અને કોઈક ટુંકારા કરે તો હાડોહાડ ચઢે છે એમ તમે ઝવેરભાઈને કહેજો. પછી ઝવેરભાઈ આવ્યા અને ઝવેરભાઈને ભઈજીકાકાએ કહ્યું જે આજે એમ વિચાર થયો જે ઝવેરભાઈ

પાસેથી પાઠ લઉં પણ કંઈ આવ્યા નહિ પણ એટલામાં તો તમે આવ્યા. તો મને પાઠ આપો, મારૂં દેહાભિમાન ગયું નથી.' ત્યારે ઝવેરભાઈ બોલ્યો જે મન ચિત્ત બુદ્ધિ અને અહંકારથી ખોટું કરશો તો તે સાચું કરશે માટે વિચારથી ખોટું કરો ત્યારે મહારાજે સમજાવ્યું જે શાસ્ત્રની દૃષ્ટિથી વિચારે ખોટું કરવું જે સાળંગપુર ૨ માં છે તે પ્રથમ કહ્યું જે હેત કયે પ્રકારે થાય છે? તે તો હેતનો રસ્તો બંધ પડે છે કારણ કે વાદવિવાદમાં તરત હા પડતું નથી અને 'ગઈ માસ્તરને ત્યાં.' જરૂર હારી જવું તે હાર્યા જ નહિ. આ સિદ્ધ દશારૂપી ભોજન પિરસવા પતરાળું છે તેમાં ચાંદ્રાયણ તે સાધુ ઉપર છે. એકાગ્ર દૃષ્ટિ રાખવી તે પ્રથમ આવ્યું. નિર્વિકારાનંદે આશંકા કરી તે ઉપર વાત જે તેજ દિવસે વાત કરે છે અને તે જ દિવસે પણ આશંકા કરી - એવા છે. શી રીતે અંગ આગળ ચાલે? વળી વાંચતાં આવ્યું જે ભક્ત થવા ઈચ્છીશ તો ભક્ત થઈશ તો તેમાં શું જે ભક્ત પણ એકાગ્ર વૃત્તિમાં છે. વળી છતે દેહે કહ્યું તો આ દેહે આવે માટે શાસ્ત્રમાં દેહાભિમાન ટાળશું. શબ્દની હાર કરવી. વધતો જાયતે વધવાનું પડ્યું રહ્યું. અને ઘટતો જાય એવા ઉપાય થાયજે 'માસ્તરને ત્યાં ગઈ.' વળી કહ્યું જે અમે વારે વારે કોચણી શા સારૂં કરીએ છીએ જે ફરીથી તે ભૂલ થાય નહિ માટે તે કોચણી ખમાય કહેતાં દેહાભિમાન ટાળવા આવે અને કોચીએ તો નાસી જાય. જેમ કાંટો વાગ્યો ને જાણીને વાળંદ પાસે જાય અને પછી બુમ પાડે જે નથી કાઢવો તેમ થાય છે. દોષ કાઢવા આવે છે અને દુઃખાય છે તેથી નાસે છે તે અહિં કોઈથી રહેવાતું નથી. માટે આટલું કહ્યું તો પણ તમે ગુણ લ્યો છો અને પ્રફુલ્લિત મુખ છે તો મને કહેતાં આનંદ થાય છે, જે પ્રથમ ૧૬ અને સાળંગપુર ૨ તે સિદ્ધદશારૂપી સાધનનું પતરાળું છે તે દેહાભિમાન કાઢવું. નહિ તો નારદ પેઠે દુર્વાસા પેઠે આવશે પણ ધુળમાં ભોજન પિરસે તેવું નકામું થાય. માટે હવે જેમ વાંચવું તેમ વર્તવાનું છે અને જ્ઞાન પણતેમજ થાય. નહિતો ખપ વિના વધારે ઝપાટો મારે તો દૂધ દોવે તો ઝપાટાયાં કાઢે તે ફીણ વળે અને બેસી જાય માટે આ બધું છે તે પ્રમાણે હવે સમૈયા પછી વર્તવું. આવતે સમૈયે શો પાઠ આપવો તે લખી રાખું છું તેમાંથી આ કહ્યું, એમ કહી વાળુ કરવા ઉઠ્યા.

૧૯૭૩ બીજા ભાદરવા સુદ ૧ સોમવાર તા. ૧૭-૯-૧૯૧૭

વચનામૃત છેલ્લાંનાં ૧ થી ૫ વંચાવ્યાં અને સમજાવ્યાં. કરાલીના અમઈદાસને મુદ્દા લખાવ્યા અને સમજાવ્યા. મુદ્દો લખાવ્યો જે મુર્તિઓમાં જેવા ભગવાન રહ્યા છે તેવા ભગતમાં પણ રહ્યા છે માટે ભગત તે પણ ભગવાન કહેવાય

અને છેલ્લાનાં ૧ થી ૫માં જ પહેલામાં શિક્ષાપત્રીનો પાઠ કરવાની આજ્ઞા કરી તે તેવામાં કોઈ વાંચતું નહિ અને તેને કોઈ ગણકારતું નહિ તેથી આજ્ઞા કરી તેમ મુક્તની શિક્ષાપત્રીની પણ કરવી પડશે. કોઈ વાંચતું નથી માટે બે ચાર સમૈયા પછી આજ્ઞા કરીશ અને વધારવી ઘટે તેટલી વધારવી છે. બીજે દિવસે છેલ્લાનાં ૬ થી ૧૦ વંચાવ્યાં છેલ્લાનું ૭. ભગવાનનો આશરો હોય તેને મરીને જન્મ લેવો પડે જ નહિ. ધામમાં જાય.

હવે ઉપર ભગવાનના ભગતનો આશરો લખ્યો તે ઉપર વિવેચન જે માતાના ગર્ભમાંથી ભગવાન તે ભગવાન અને ભક્તિથી થયા તે પ્રગટ્યા તે ભગત તે માટે મહારાજ તથા ભગવાન તે શબ્દો કાઢી નાખવાના. માટે ઉપર ભગવાનના ભક્તનો આશરો લખ્યો છે. વચનામૃત પ્રમાણે મહારાજ તથા ભગવાન લોકોને અતડું પડે છે માટે ભગત. છેલ્લાના સાતમાં પક્ષનું છે તે પહેલાં ભક્તને મારે વઢે તો તેનો પક્ષ લે તે શા સારૂં જે પહેલાં સરકારનું ઝાઝું જોર નહોતું, અને હવે તો ટુંકારો કરે તો કેદમાં જવું પડે માટે હવે તો તે વાત નથી.

વચનામૃત છેલ્લાનું ૯ દરવાજે - અમારા જે મોટા-અમારા તે શું જે અમને જે સંભારે તે અમારો, અને બીજો નહિ. જેટલો અમને સંભારે તે અમારો. બીજો માયાનો જગતનો. અને મોટા જે સંપૂર્ણ અખંડ ૨૪ કલાક સંભારે તે મોટો અને અમારો.

(અપુર્ણ)

|| શ્રી પ્રગટ પુરુષોત્તમ નારાયણાય નમો નમઃ ||

# શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત

# ભાગ - ૪

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी।

यस्यां जाग्रति भूतानि सा पश्यतो मुनेः।।

શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય-૨ શ્લોક (૬૯)

(જે યોગબુદ્ધિ સર્વ પ્રાણીઓને રાત્રિ જેવી-ઊંઘવા જેવી-ભાસે છે, તે યોગબુદ્ધિમાં સંયમી યોગી જાગે છે અર્થાત્ તત્પર રહે છે; અને સર્વ પ્રાણીઓ જે યોગબુદ્ધિ વિનાની અયુક્તે બુદ્ધિને અનુસરવામાં તત્પર રહે છે, તે અયુક્ત બુદ્ધિને વિચારશીલ મુનિ રાત્રી જેવી-ઊંઘવા જેવી-એટલે કે ધ્યાન નહિ દેવા જેવી જાણે છે.)

----

## -: શ્રી પુરુષોત્તમ મહારાજના મુખની વાતો :-

આગળ ચાલુ.

સંવત ૧૯૭૩ બીજા ભાદરવા સુદ ૧ ચાલુ.

વળી સાંજના છેલ્લાનાં વચનામૃત ૧૦ થી ૧૫ વાંચ્યાં છે. ૧૨માં છે જે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તેણે કોઈ પ્રકારનું માન રાખવું નહિ, જે હું ઊંચા કુળનો ધનાઢ્ય રૂપવાન છું તેવું કોઈ પ્રકારનું માન ન રાખવું અને ગરીબ સત્સંગીના દાસાનુદાસ થઈને રહેવું. તે શું જે આપણે આડે દહાડે અગર સમૈયામાં આવીએ તે એકમેક બધા મળીને કામ કરીએ તો અઘરૂં પડે નહિ અને ઘરનાંને અગર કોઈને આપણા વિષે કંટાળો આવે નહિ કારણ કે આપણા જેટલું ઘરનાંને વધારે દળવું પડે

ઘડવું પડે, વાસણ ધોવાં પડે તેથી ઘરનાંને નવરાશ ન આવે અને આખો દિવસ વિતી જાય, માટે પાણીઆરેથી પીવાના પવાલાં ભરીએ, પુંજો વારીએ, વાસણ ઉટકીએ, દળવા લાગીએ, છોકરાં રાખીએ તો ઘરનાંનો જીવ રાજી રહે તો આપણે જેટલો દિવસ રહેવું હોય તેટલા દિવસ આનંદથી જાય, નહિ તો ક્લેશ થાય કારણ કે તમો અનેક અને અમે એક માટે ઘરનાં અકળાય. તે ઉપર પોતાની મહુવાની વાત કાઢી જે પ્રાગજી ભગત દરેક ભગત પાસે મંદિરના બ્રહ્મચારી માટે અબોટિયું, દોરી પુસ્તક મંગાવતા અને બ્રહ્મચારીને અપાવતા. તે દરેકને પચીસ રૂપીયા ખર્ચ થાય ત્યારે બે કે ત્રણ દિવસ દર્શન થાય અને તે પણ રાત્રે અને દિવસે તો સિવવા જાય અને મારી પાસે પણ અડધો અપાવ્યો. તે મેં કહ્યું કે હું તો તમને આપું. એમને નહિ આપું. ત્યારે કહે જે એમને આપ્યું તે મને આપ્યું, કારણ કે તને અહિં રહેવા દે. નહિ તો કાઢી મુકશે. કહેવાનું શું જે સમૈયામાં અગર આડે દહાડે સેવા કરવા લાગવી, તે શું જે પોતપોતાનું કામ કરવા લાગવું તો આનંદથી રહેવાય અને મારે ખપ હતો તો હું વાણીયાને ત્યાં મહુવામાં છોકરાંની પુંઠો ધોવા રહેતો અને સત્સંગ કરતો માટે આ તો તેવું નથી. શાક વીણવું, ફોલવું, સમારવું તેવું છે. અને બીજામાં ના આવડતું હોય કહેતાં ફાવતું ના હોય તો રાધા રાખવી તોય પણ તે કામ છે અને તેથી આનંદ રહે જે મારૂં છોકરું રાખે છે. માટે સરળપણે વર્તવું છેલ્લા ૧૪. આસુરી જીવ જ્યાં સુધી સારો હોય અને તેવામાં દેહ પડે તો દૈવી થાય અને ભગવાનની ભક્તિ કરીને પરમપદ પામે. તે શું જે આસુરીનો દૈવી થાય. દેહ પડે એટલે - અને ફરી જન્મ લે અને ભક્તિ કરે ત્યારે મોક્ષ થાય માટે જેને પ્રગટ હરિનું દર્શન થયું છે તે આસુરી હોય તેનો દેહ પડે અને પછી ભક્તિ કરે ત્યારે મોક્ષ થાય. ફરી જન્મ લેવો પડે એ મુદ્દો.

૧૯૭૩ બીજા ભાદરવા સુદ-૩ બુધવાર તા. ૧૯-૯-૧૯૧૭

ઉપરના વચનામૃત વંચાવ્યાં અને ઘટતાં વચનામૃત છેલ્લાનું ૨ - ૭ અને પ્રથમ ૬૮નું તે અને અમઈદાસને ચોપડી બાંધીને લખાવ્યાં અને સ્તુતિ કરવી. જેમ સરકારમાં અરજી કરે છે તેમ સ્તુતિ કરવી તે આડે દહાડે અગર સમૈયામાં જ્યારે આવવું ત્યારે આટલું કહેવું જે "ધર્મ કુંવર હરિ કૃષ્ણજી, તમે ભક્ત પતિ ભગવાન એ વર માગું છું." એ પદ એક જ આવીને બોલવું. બીજું કંઈપણ માગવું નહિ અને તેમ કહીને પછી ચોપડીમાં લખાવ્યું.

૧૯૭૩ બીજા ભાદરવા સુદ ૫. શનિવાર તા. ૨૧-૯-૧૯૧૭

સાંજના કરાલીના નાથાભાઈ તથા શીવાભાઈ બંને આવ્યા તે અમઈદાસ વગેરેની ખબર પૂછી, ત્યારે કહ્યું જે અમઈદાસ તો ફરી આવવા તૈયાર થયા હતા પણ અમે ના પાડી જે લોકો ગાંડા કહેશે, ત્યારે કહ્યું જે મારે એમ કહેવડાવવું છે પણ કહ્યું કે હમણાં નહિ. એટલે ના આવ્યા. પણ તે એમ કહેતા હતા જે આટલા દિવસથી જઉં છું પણ આ ફેરે જેટલું સુખ થયું છે તેટલું કોઈ દિવસ શાંતિ સુખ આવ્યું નથી. માટે મારે તો આનંદ સુખ ઉભરાય છે ઈત્યાદિ ઘણી વાત કરી. ત્યારે મહારાજે કહ્યું જે સમૈયામાં તો બોલવાનો વખત આવે નહિ અને આ તો એમના અંગના હોય તેવાં વચનામૃત કીર્તન, જ્ઞાન વાર્તા કરવાનું તે આખી રાત અને દહાડો ભેગું અને ભેગું અને સંબંધ પણ બોલવાનો એમની જોડે તે કેમ શાંતિ ના થાય? ઈત્યાદિ ઘણી વાત કરી. ત્યાં વાળુ કરાવીને યોગ નિંદ્રામાં પોઢાડ્યા.

તા. ૨૨-૯-૧૯૧૭

બીજે દિવસે પુંજા કરીને નાથાભાઈ પાસે વચનામૃત વંચાવતા જાય અને સમજાવતા જાય અને કહ્યું જે હવે તો આડે દહાડે જેવું સુખ આવશે તેવું સમૈયો જે સમુહ તેમાં નહિ આવે કારણ કે સમુહમાં જેને નિશ્ચય નથી થયો તેને સમુહમાં ફાવે કારણ કે વડના ઝાડરૂપી સંતની છાયામાં તે તેને સુખ મનાય અને જેને નિશ્ચય થયો તેને તો આડે દહાડે સુખ સારૂં કારણ કે ન્હાવા ધોવામાં ખાવામાં વખત જતો રહે અને ઝાઝામાં સર્વદેશી જ્ઞાન કરવું પડે અને આડે દહાડે તો તેનું જેવું અંગ તેવું જ્ઞાન કરવાનું અને હવે તો ભગવાન મહારાજ કાઢી નાખ્યું કેમ જે લોકોને અતડું પડે છે અને બાપની વહુ જેવું થાય છે. ત્યારે કહે જે, આજ સુધી કહ્યું તે? ત્યારે કહેજે તે પણ સારૂં થયું ડંકો બેસી ગયો જે ભાદરણમાં ભગવાન થયા છે તે જે જે સાંભળે તે જોવા આવે અને જોવા આવ્યો એટલે થઈ રહ્યું અને હવે ડંકો વાગ્યો તે ભગવાન મહારાજ કહેવાની જરૂર નથી ત્યારે લોક કહેશે જે હવે કેમ ભગત કહો છો? ત્યારે કહેવું જે ભાઈ તમને અવળું પડ્યું ત્યારે શું કરવું? મહેતાને ત્યાં રૂપીયા ભર્યા અને કહે છે જે સરકારમાં ભરી આવ્યા તે તમને સીધું પડે અને આ અવળું પડ્યું માટે અમે ફેરવ્યું જે ભગતને મળી આવ્યા દર્શન પણ ન કહેવું મળવાનું કહ્યું એટલે બધું આવી ગયું. આપણે તો જેમ કહીશું તેમ સીધું છે પણ લોકોને ના ફાવે તે ના કરવું. મળવાનું તે તો ઉત્તમ છે જે જેમ દૂધમાં સાકર

મળે છે તેમ મારામાં મળશો તો કંઈ જ બાકી નથી. માટે હવે ભગત કહેવા અને હવે કંકોત્રીમાં પણ ફેરવીશું. ભગત લખશું.

માટે હવે તો બધી ઇચ્છાઓ મુકીને જેમ બને તેમ અખંડ વૃત્તિ રાખવી એ જ મુદ્દો.

વળી સાંજે ઓટલા ઉપર બેઠા અને વાત કરી જે રાત ને દહાડો એક કરવો છે ભોગવટો પડ્યો છે તે કાઢવો છે દહાડાની રાત અને રાતનો દહાડો કરવો એમ પાંચ દિવસ સમૈયામાં પણ એમ કરવું તે હવે મેં પણ ભોગવટો મૂકવા માંડ્યો છે, તે રાતનો દહાડો કરૂં છું અને દહાડાની રાત કરૂં છું તે શા સારૂં જે કોઈ કહે જે તમે કહો તેમ કરૂં ત્યારે કહીશ જે દહાડાની રાત કર અને રાતનો દહાડો કર અને ના થાય તો હું પહેલો રાતે ભજન કરીશ અને દહાડો કરીશ એટલે એની મેળે માનશે ઇત્યાદિ છેલ્લાના ૧૮ માં આજ્ઞા શબ્દ ઉપર વાત નીકળી તે-સાંભળી લીધી છે. (બીજી તો સાંભળી નથી કારણ કે બાગમાં ઉદ્યમ કરવા ગયો હતો).

તે જ દિવસે નાથાભાઈએ ઝવેરભાઈને બોલાવ્યા - તે ઝવેરભાઈ આવ્યા અને ધુળાભાઈની ખબર પુછી ત્યારે કહ્યું જે હાડકાં ને જીવ રહ્યો છે અને ડોળા નીકળ્યા છે અને મહારાજે તો ધુળાભાઈને કાગળનો ઉત્તર આપ્યો જે તમે કર્મ કર્યા તે ભોગવો પછી ઝવેરભાઈએ કહ્યું જે હવે કેમ કરવું? ત્યારે તે બોલ્યા જે ચાલો, લલ્લુભગતને તમે મુદત અપાવી તેવી રીતે તાવની મુદત અપાવીએ. પછી તો ધુળાભાઈને ખાતરી પડી કે ખરી વાત છે-એમ કહીને ઉઠવા માંડ્યું તે ઉઠાયું નહિ. પછી ચેલાની દયા આવી અને કહ્યું જે તમે પાંચ દિવસ દવા બંધ કરો અને પાંચ દિવસમાં હતા તેવા થાશો પછી તેમ માન્યું. ત્યારે મહારાજ બોલ્યા જે શું કરવા મુદત આપી? કર્મ ભોગવાવા દો ને હરિ ભગતને ખોતરીને રડાવે છે-એમ કહીને મહારાજ સહિત બધા હસી પડ્યા.

પછી ઝવેરભાઈએ અનુભવ કહ્યો જે શુન્યાકાર વૃત્તિ થઈને તેજ દીઠું તેમાં જોઈ શકાયું નહિ. અને ઈન્દ્રિયો અંતઃકરણ ધ્રુજી ઉઠ્યાં અને પછી બહાર નીકળાણું. તે ઉપર મહારાજે વાત કહી જે શાનું નીકળાયું તો આત્મા છું એવું શીખ્યા પણ સાક્ષાત્કાર તે વખતે હોય કહેતાં તે વખતે પણ યાદ રહે તો નીકળાય નહિ. તે વાત સંભાળીને કહ્યું કે વાત ખરી હવે તો એનો અભ્યાસ કરૂં એમ ઘણી વાત કરીને પછી સંધ્યા થઈ તે ઘેર ગયા પછી વાળુ કરીને હવા ખાવા મંડ્યા. તે વચ્ચે મહારાજને બે બાજુએ નાથાભાઈ અને શીવાભાઈ તેવી રીતે પથરા ઉપર ઉગમણાં અને આથમણું ફરવા માંડ્યું. તે ફરતાં વાત થઈ જે છેલ્લાનું ૧૩માં જે તન મન ધનનો અર્થ જે

આપણે અર્પણ કર્યું ત્યારે હરિની મરજી કહેતાં રાજી હોય તે જ આપણું પ્રારબ્ધ કહેતાં જેમ ભગવાન રાખે તેમ આપણે રહેવું પણ કંઈ દરિદ્રપણું આવ્યાથી શોક ન કરવો અને તન જે હરિને હરિજનની સેવા કરે મન તે હરિનું ચિંતવન કરે.. પળ પણ પડવા દે નહિ કહેતાં મફત વખત જવા ન દે. ને મુક્તની શિક્ષાપત્રી કલમ ૧૬-૫ પ્રમાણે વખત ખાલી જવા દેવો નહિ. હવે શિક્ષાપત્રી ખપની છે અને વચનામૃત પણ યાદ રાખવાં, કોરટે ચઢવાનું તો હવે આવ્યું. આજ સુધી તો વાંચતા તે તાપ સમતા એટલું સારું લાગતું. પણ હવે અનુભવ મળેથી સુખ આવશે. વાંચ્યામાં તથા તન તે દુઃખ વગર પંચ વિષય સ્ત્રી આદિ ભોગવવા તે તન અર્પણ નથી કર્યું. અને દુઃખ ન હોય તો અને નવરાશ હોય તો તનને સ્થિર બેસાડીને હરિનું ચિંતવન કરે એવા ઘણા ભેદ છે. આત્માને દેહનો તે બંને વહેવારમાં-વળી તેમને દેવા સંબંધી વાતમાં વાત થઈ જે જગત સત્તા અને ભગત સત્તા બંને વહેવાર આપણે ચલવીશું. તે ઉપર મધ્ય ૨૨નું શીવાભાઈને સમજાવ્યું. પછી બોલ્યા જે નાથાભાઈ તમો બે માસ અહિં રહો અને તમારો ખાધા ખર્ચ લુંગડાં ઇત્યાદિ હું પુરૂં કરું અને ઘેર પણ ભેંસનું તથા બીજું ખર્ચ આપીશ. પણ તમે અહિં રહીને પાર પાડી દો. પછી મહારાજ બોલ્યા જે એમ એકદમ કરવા જાય તો ધરઈ જાય તે ઉપર ભરતજીનું દૃષ્ટાંત એતો કામ શિર સાટેનાં શૂરવીરનાં જીવ સાટેનાં છે. મુંબઈનો શેઠ મંડ્યો તેમ મંડે તો થાય.

"મરજીવાને મારગે જન કોઈ જાવે રે
પેલું પરઠે મોત ને પછી મુક્તાફળ પાવે રે,"

માટે એતો જીવવાની આશા રાખે નહિ. જીવ્યા મર્યાનો ભય રાખે નહિ-તેનું કામ છે. તે ઉપર પોતાનું દૃષ્ટાંત કહ્યું જે બાપ ઘેર ખાવા ન આપે અને કાઢી મેલે તે બે દિવસનાં લાંઘા થાય અને વળી મંદિર અને ભક્ત જાણે તો તેડી જાય. વળી કોરો લોટ કોદરાનો ખાઈને રહું. તે ઝાડે ફરાય નહિ તે આંગળી ઘાલી ખોતરૂં. તે બકરીના જેમ નીકળે પછી કલાક સુધી લાય બળે, વળી મહુવે જઉં તો તો ગુરૂ કાઢી મેલે તો છાંનો રહું ને શેઠને ત્યાં નોકર રહી છોકરાંની પુંઠો ધોઈને તે મીસે, ગુરુનાં દર્શન કરૂં. પણ છેટું તો જવાય જ નહિ-આવું દુઃખ-તેવામાં એક સમાને વિષે ચારેય આંખો ભેગી થઈ તે સામસામી આંસુની ધારા નીકળી ગુરૂ જાણે મારા અર્થે આટલું દુઃખ વેઠ્યું. પછી કહ્યું જે હવે ઘેર જા. હું તારે ત્યાં આવીશ. તારે કોઈ વાતની ખામી નહિ રહે. ત્યાર પછી ઘેર આવી ભેંસો દોહી દૂધ વેચ્યું. માટે આ કામ તો મર્યા જીવ્યાનો ભો રાખે તો તેનાથી ના થાય એવી રીતે રાતના બાર વાગતા સુધી વાત થઈ, અને પછી બેઠા છે પછી

શીવાભાઈએ વાત કરી જે અમારે ત્યાં એક જણે વાત કરી જે 'તમારે અહિ કોઈ પરામાં ભાદરણનો ભગત છે કે?' ત્યારે મામે કહ્યું જે 'આ એક છે.' પછી તેણે પૂછ્યું જે 'તમે શું દીઠું!' ત્યાર પછી સર્વે અનુભવ કહ્યા તે સાંભળીને બોલ્યો જે 'તમારા વસોના ચતુરભાઈ દેહ મુકી ગયા છે તે હું ત્યાં ગયો હતો ને કહ્યું જે હે બાપા તમે મને ઓળખો છો! ત્યારે બાપાએ કહ્યું જે તમને ઓળખવા શું છે! મારે જ્યાં જવાનું છે તે મારો ધણી છે તેને ઓળખું છું માટે મને કોઈ બોલાવશો નહિ મને તો મારા ધણીની સામું જોવા દો અને ઓળખાણ પણ તેની છે. મારે કોઈનો ખપ નથી મારે જેનો ખપ છે તેનેં હું રાખીશ મારે બીજાનો ખપ નથી માટે મને કોઈ બોલાવશો નહિ-એમ મને કહ્યું અને શીવાભાઈને કહ્યું જે મારે તો પહેલાનું ઓળખાણ છે. મારે ત્યાં લેવડ દેવડ બેઠક ઉઠક ઘણી હતી તો પણ મને એમ કહ્યું. માટે કંઈક મને લાગે છે તે ઓ શીવાભાઈ તમારૂં ખરૂં હશે એમ ઘણી વાત કરી અને પછી સર્વે સુઈ ગયા.

તા. ૨૭-૯-૧૯૧૭

ઝવેરભાઈ આવ્યા તેમણે કહ્યું જે તેજ તો ઘણું છે પણ હવે તેની મહિં મુર્તિ નથી દેખાતી. માટે નિરાકાર છે કે સાકાર! તે શાસ્ત્ર તો સર્વે નિરાકાર કહે છે અને આ તમારૂં વચનામૃત સાકાર કહે છે. માટે હવે શું કરવું!' ત્યારે મહારાજ કહે જે એ ઘાંચ આવી. માટે ગમે તેમ થાય પણ મહિં છે તે ખોળી કાઢો જોઈ રહો. તે ઉપર સાકારની ઘણી વાત કરી પછી પૂછ્યું જે ધુળાભાઈને મટ્યું કે? ત્યારે કહ્યું તે તો પાંચ દિવસની મુદતે બરાબર મટ્યું. પણ ધુળાભાઈને અભાવ થઈ ગયો જે શું ભગવાને તો મટાડ્યું નહિ અને કર્મ ભોગવો એમ કહ્યું, ત્યારે જઈને શું કાઢવું છે? એમ ઝવેરભાઈએ કહ્યું.

સંવત ૧૯૭૩ ભાદરવા સુદ ૧૪ તા. ૧૪-૧૦-૧૯૧૭ રવિવાર.

પેટલાદથી શેખ છોટાલાલ કરીમભાઈ સાંજના ચાર વાગે આવ્યા તેમને વાત કરી જે હવે જેટલી નિંદા કરે તેટલું બંધ કરવું છે પડદો ભરી લઈશું અને બઈ ભઈને ભેગાં થવા ના દેવાં એ નિંદા નથી લીલા છે. પણ એવો વખત આવ્યો માટે ફેરવવું છે નિંદા માટે ડરતા નથી. ત્યારે બોલ્યા જે હા મહારાજ એમ કરીશું ત્યારે સર્વે સાનુકુળ પડશે. અને લોકો તો બાઈઓ વિશે બહુ કહે છે તે ઉપર ઘણી વાત કરી. વળી કહે છે જે કેટલાક લોકો તો તેની નિંદાથી જ પાછા પડી જાય છે. નહિ તો કલ્યાણ કહેતાં ભગવાનનો તો સર્વને ખપ છે. પણ વચ્ચે સ્ત્રી રૂપી પડદો આવે છે તેથી લોકો

બીવે છે અને વળી શેખ કહે છે મને મારા ગુરૂએ બોલાવ્યો જે ભાદરણ સ્ત્રીઓનો ટોળામાં ભેગા થાય છે તેમાં તમોએ શું દીઠું! પછી મેં ઘણું કહ્યું માટે તે ઉપર તો ઘણા લોકોને અડચણ પડે છે માટે એ સારૂં થયું.

વળી બીજે દિવસે વાત કરી જે છોટાલાલ બોલ્યા જે જન્મ મરણ ક્યાં સુધી રહેવાનું? ઉત્તર જે જ્યાં સુધી સ્ત્રીના છિદ્રમાં મન જાય છે ત્યાં સુધી સ્ત્રીના છિદ્રમાં આવવું પડે માટે જેમાં મન તણાય ને સુખ થાય તેમાં મન જવા દેવું છોટાલાલ બોલ્યા જે એ સ્ત્રીમાં જાય તો જવા દેવું? ત્યારે મહારાજ બોલ્યા જે જેમાં સુખ મળે તેમાં જોડાય માટે જયાં મળે ત્યાં જોડવું. શાહઅલીમાં જણાય તો શાહઅલીમાં જોડવું. છોટાલાલ બોલ્યા જે સ્ત્રીમાં તો મન જતું જ નથી. અને જો જાય તો અતિ દુઃખ થઈ જાય છે સુખનો છાંટો પણ રહેતો નથી. પછી જયારે સુખ જતું રહે ત્યારે પાછો અહિ આવું ત્યારે સુખ થાય અગર સુખ ઓછું થઈ જાય ત્યારે આવું છું તે અહિંથી સુખીયો થઈને જાવું છું. તે જયારે ઓછું થઈ જાય ત્યારે સ્મૃતિ થાય એટલે સુખ રહે જેટલી વાર સ્મૃતિ થાય એટલું સુખ રહે. અને સ્મૃતિ મટે એટલે કંઈ નહિ પણ આવીને પાછો જવું તો સુખની સેર રહે છે. પછી મહારાજ બોલ્યા જે સુખની સેર રહે તેથી આનંદ રહે અને જેનાથી આનંદ રહે તેના ઉપર પ્રીતિ થાય. તે વચનામૃત પ્રથમ ૪૪ ભગવાનમાં પ્રીતિ થાય. તે પ્રીતિ થવાનું સાધન બ્રહ્માનંદસ્વામીએ પૂછ્યું જે પ્રસંગ રાખે હરિનો તે આ પ્રસંગ થાય છે કહેતાં સમૈયામાં તો બોલવાનો વખત આવે નહિ અને આડે દહાડે તો તમારા અંગની વાત-જ્ઞાન થાય. અને સમુહમાં તો સમગ્ર થાય. માટે પ્રસંગ કરો છો તેથી આનંદ રહે છે તેવો પ્રસંગ તો થોડો થાય છે માટે આનંદની સેર તુટે છે અને સંગ અને પ્રસંગ તે ઝાઝાં ફેલાંનો સંગ અને તે સંગનાં ત્રણ ભેગાં થયાં એટલે પ્રસંગ થયો તે જાત્રાળુએ સંગ તેને ખાંપડી જાય અને પ્રસંગ તે બાળે પણ આંમળો ન જાય તેમ જેટલો પ્રસંગ તેટલા સુખની સેર રહે તેમાં પણ જેટલું મન સ્થિર રહે અને હું જેટલો સાંભરૂં તેટલો પ્રસંગ કહેવાય અને જેટલો હું ના સાંભરૂં તેટલો સર્વ કુસંગ કહેવાય માટે આડે દહાડે પોતાના અંગની વાત થાય. અને ગ્રંથિ તૂટે કહેતાં સમજણ પડે માટે જેટલું આડે દહાડે સુખ રહે એટલું સમુહમાં ના પડે છોટાલાલ બોલ્યા જે મને તો સમૈયા કરતાં આડે દહાડે બહુ સુખ પડે છે કારણ કે મારે તો સમૈયામાં બોલવાનો પણ વખત ન મળે અને આડે દહાડે તો સંશય ટળે અને સંગતો બધી વખતે રહે આ તો બે આંગળનું છેટું અને સમૈયામાં તો ક્યાંય બહેરાટથી ઓછું સંભળાય તેથી મને તો ફાવે નહિ અને મુંઝવણ થાય જે શું કહેતા હશે? તેથી આડે દહાડે જ મારૂં અંગ વધે છે. વળી પૂછ્યું જે

મા-બાપ ના પાળે તો શું પાપ હશે? તેનો ઉત્તર જે મા બાપે તો ગુ મુતર ધોઈને ઉછેર્યા એટલો તો બદલો વાળવો જે શો બદલો જે માબાપ ભૂખે મરતાં હોય તો આપણે અન્ન વસ્ત્ર આપણામાંથી અડધું આલવું પણ દુઃખી થવા દેવાં નહિ અને ન પાળે તો માબાપનું મન દુઃખાય તેથી તેનું પાપ લાગે! છોટાલાલ કહે જે વળી વ્યભિચારણી સ્ત્રીનું નિંદીત છે તેનું શું હશે? અને તે કેટલી જગાએ એવું સાંભળ્યું છે જે બીજાની સ્ત્રીને ત્રીજાની જોડે વ્યભિચાર કરે તે પેલીનો ધણી પેલાને મારી નાંખે તે શું અવળી આંટી હશે કે કેમ હશે? મહારાજ બોલ્યા જે એ અજ્ઞાન છે. જે પાંચ જણે થઈને છોડી આપી તેમાં પોતાની સ્ત્રી કોણ? અને પારકી કોણ? એ તો પાળવા માટે એવો નિયમ કર્યો છે નહિ તો કોઈ પાળે નહિ અને તેની પ્રજા થાય તે. તે સ્ત્રી શું ખવરાવે? માટે તે છોડી છોકરાંને આપવાનો ચાલ કાઢ્યો તે પરણ્યું શું? અને તે સ્ત્રી ઠરાવી કહેતાં સુંઢલ કરી તે ઘરરૂપ ગાડુ ચાલે. તેમાં ઈર્ષા શી? હા ઈર્ષા ખરી જે જો પોતે સ્ત્રીનો સંગ ના કરતો હોય-પ્રજાને શું ખવરાવશું તેથી-અને તે સ્ત્રી બીજે જાય અને પ્રજા થાય તેથી પાળવી પડે તેના દુઃખથી ઈર્ષા થાય પણ જો તે પોતાની સ્ત્રીનો સંગ કરે અને બીજો કરે તે તો જે પ્રજા થાય તેમાં કાંઈ વધે નહિ કારણ કે જે વરસે કે બે વરસે કે નવ માસે જે પ્રજા થાય તેથી હજાર ભાયડા કરે તેમાં કંઈ હજાર છોકરાં ન થાય તે તો એકજ થાય માટે અજ્ઞાન છે તેમાં પારકુ અને પોતાનું શું! તે સ્વામિનારાયણના વખતમાં એક વસોનો વિપ્ર વાલાકુ હતો તેણે પ્રથમ ૪૪માં પુછ્યું હતું ત્યારે ઉત્તર છે. જે લખચોરાશીનાં સ્ત્રી મા બહેન દીકરીયું ક્યાં પતિવ્રતા ધર્મ પાળતી નથી. માટે જેને એવા સગપણને સાચું માનશે અને તેને અહંમમત્વના ઘાટ કેમ ટળશે? એમ પુછેલાનો ઉત્તર આપ્યો. માટે તે સર્વને અજ્ઞાન છે. વચનામૃત પ્રથમ ૪૪. ને એક રૂપીયો મળે છે માટે તે સર્વ પ્રશ્ન પૂછેલાનો ઉત્તર છે તે (શેખને કહ્યું જે) નવરાશમાં વાંચવાં. અને બાકીનું વણતર કરવું. અને વળી શિક્ષાપત્રીમાં છે તે તો મારી પૂજામાં છે તે લઈ જાઓ અને સમૈયે આવો ત્યારે લાવજો. અને જેટલો અર્થ ન સમજાય તે લખી રાખીને સમૈયે આવો ત્યારે લાવજો અને પૂછજો એમ કહીને શિક્ષાપત્રી આપી. આવું તમામ સાંભળીને છોટાલાલ બોલ્યા જે આ કામ જીવ સાટાનાં છે. હું તો નાનપણમાં યોગાભ્યાસથી થાકીને કંટાળી ગયો હતો. પછી આ ઈશ્વર ઈચ્છાથી મળ્યું તે બહુજ લાભ થયો. આવું સુખ શાન્તિ આનંદ તો કોઈ ઠેકાણે નથી. અહિં તો અમારાં સર્વ શાસ્ત્ર શાહઅલીના મળે છે આ તો વાત મોટી છે મોંમાં માય તેવી નથી. અને જગત ભગતની સત્તા પોતાના હાથમાં આવે એ તો શું ગજબ રે ભાઈ! ઓ શાહઅલી!

તા. ૨૯-૧૦-૧૯૧૭

પૂનમ ઉપર આવનાર નરસીકાકા હતા તેવામાં વાત થઈ જે ભગવાન જેટલા ભૂલાય તેટલા જાણ્યામાં ફેર અને ત્યાં સુધી કાળકર્મ તેટલાં અડે. નરસીકાકા કહે કે મહારાજ એમ ખરૂં પણ જો તેટલામાં દેહ પડે તો? મહારાજ બોલ્યા જે વચનામૃતમાં બધા ખુલાસા છે અને કહેશો તે ઘડીએ સંભારશું પણ જો હમણાં અભ્યાસ નથી તો ( વખતે રહે કે ન રહે માટે નવરાશમાં સાંજ સવારમાં થોડો થોડો અભ્યાસ રાખવો. તે મુક્તની શિક્ષાપત્રીની કલમ ૭-ભક્તિ કરવી ત્યારે જાણવું જે આ ઘડીએ દેહ પડવાનો છે. છાંણે લીંપીને ભોંયે સુવાર્યો હોય એમ માનવું. તો જ સ્થિર વૃત્તિ થાય. તો જ જીવનમુક્ત કહેવાય. પછી જ્યારે ભોગવટો થાય ત્યારે વૃત્તિ રહે અને બીજે જાય જ નહિ.

મહુધાના ચીમનલાલ પછી આવ્યા. તેમણે પૂછ્યું જે મહારાજ વહેવાર કરું કે નહિ! ત્યારે ઉત્તર જે મગનભાઈએ કર્યો હતો તે ઉપર ઘણી વાત કરી વળી બીજા ઘણા દાખલા દીધા એમ કહીને નોકરી કહેતાં ગુમાસ્તી કરો એમ કહ્યું. પણ વિદુરનીતિમાં છે જે સો દિવસ સુધી લુખી ભાજી મળે તો પરદેશ જવું નહિ. પણ વેપાર કરતાં નોકરી સારી. પણ વેપારતો કરશો જ નહિ. કરશો જ નહિ. ઓ ભાઈસા'બ માબાપ તમે વેપારના કરશો એમ કહીને હાથ જોડીને નમ્યા અને ચીમનલાલની દાઢીમાં હાથ ઘાલ્યો અને ઘણું કહ્યું.

વળી બીજે દિવસે કંકોત્રીઓ લખવા માંડી, તેમાં ભગત પટેલ વાંચ્યું અને બીજો ઘણો ફેરફાર જોઈને પુછ્યું જે હે મહારાજ આ પ્રકરણ કેમ ફેરવ્યું? ત્યારે કહ્યું, જે નિંદા કરે તે ના કરવું કારણ કે આપણાથી અવળું પડે અને આપણાથી દોષ પરઠે તેથી તે જીવનું ભુડું થાય, તેથી પાપ લાગે માટે મન કર્મ વચને ભક્ત થાવું. વળી જુઓને, અષ્ટ પ્રતિમા તેને લોકો ભગવાન કહે છે પણ કોઈ 'જે પીત્તળ' 'જે પથરા' 'જે કાગળ' 'ચિતરામણ' એમ નથી કહેતા. પણ 'જે ભગવાન' કહે છે. અને મનુષ્યરૂપ મુર્તિ ને ભગવાન કહીએ તેમાં લોકોને અવળું પડે છે. માટે આપણે પડ્યું રહ્યું.

સંવત ૧૯૭૩ આસો વદ ૧. તા. ૩૦-૧૦-૧૯૧૭

ઝવેરભાઈએ પૂછ્યું જે 'સત્તા બ્રહ્મની કેમ નથી આવતી?' ત્યારે મહારાજ

બોલ્યા જે જેમ તમે બ્રહ્મ તે જ હું એ ધાર્યું ત્યારે બ્રહ્મ દીઠું અને વળી તે જ હું એમ થયું પણ તમે એમ મનન નથી કર્યું. જે તે સર્વે જ મારું કર્યું થાય છે. તે ઉપર વાત કરી. વચનામૃત પ્રથમ ૨૭ ના પ્રમાણે પછી કહ્યું જે તે શું છે તેનો અર્થ જે આપણે કોક અજાણ્યાને કહીએ જે આ તરફ ના જઈશ ત્યાં ચોર છે તે જાય તો દુઃખી થાય ત્યારે જાણે જે તેને સુઝે છે તેમ આપણને હજારો ગાઉનું દેખાય અને કહીએ જે ફલાણા ઠેકાણે આવું થાય છે ત્યારે જાણે તે દેખે છે માટે તે જાણ પુરુષ મળ્યા.

૧૯૭૩ આસો વદ ૪. તા. ૨-૧૧-૧૯૧૭

ધુળાભાઈ અને ઝવેરભાઈ આવ્યા તે પૈસા ઉપર વાત નીકળી જે ધન આપે તેને પાપ લાગે. ત્યારે ધુળાભાઈ બોલ્યા જે અમે તો બંધ કર્યું છે ત્યારે મહારાજ બોલ્યા જે તમારૂં બંધ ક્યાં રહેવાનું છે? એક છોડી આવવાની તે બે સંગાથે આવી તે હવે પૈસો શું? નિત્ય કેટલાય પૈસા પડે. તે પૈસો આપવાથી પાપ કોને છે તેનો મર્મ સમજતા નથી જે હરિમાંથી વૃત્તિ તોડીને ધન કમાવા જાય અને તે પૈસો આપે તેને પાપ લાગે. કહેતાં વૃત્તિ રાખે અને બે દિવસ સુધી ભૂખ્યો પડી રહે પણ પ્રવૃત્તિ કરવાનું ગમે નહિ. અને વૃત્તિ રાખે તે પૈસા સારું પ્રવૃત્તિ કરે તો તેને તે પ્રવૃત્તિ રૂપી પાપ કહેતાં વૃત્તિ તોડીને જાય અને તે પૈસો આપે તેને પાપ છે પણ વિવાહ, બારમાં, સારાં લુગડાં, જણસો, ઘી, ખાંડ વગેરે ખાવા જોઈએ તે ધન આપતો બંધ કરે તેને તો બીજી પ્રકારે ભગવાન ખોટ લાવી દે. માટે જે વાત કહીએ તેનો અર્થ સમજવો જેમ એક વચનામૃતમાં એમ કહ્યું જે ભક્ત સાથે હેત કરવું અને બીજામાં કહ્યુંજે મોટા ભક્ત સાથે હેત ન કરવું-તેમ આ પણ છે.

વળી ચીમનલાલ જોડે વાત કરી જે જુઠાં સગાંને નાત કરો તો સાચી નાત કરજો. સંપત ન હોય તો પાંચ રૂપીયામાં ખીચડી, નહિ તો એક રૂપીયામાં રોટલા-પણ કરવું ખરૂં. તે ઉપર નડીઆદના કાળીદાસ નડીઆદ નાત કરે અને સોજીત્રે કરે તે વગેરે બીજાં દ્રષ્ટાંતો દીધાં અને કહ્યું જે નાતમાં રહેવું હશે તો કરશે. જુઓને મેં પણ રૂપબઈની નાત કરી-મારે રહેવું છે માટે ત્યારે વળી બીજે કહ્યું કે એ તો ભાઇજીકાકાએ કરી ત્યારે બોલ્યા જે અમારા ગામમાં મોટા મુખી મોતીભાઈ હરિભાઈને ત્યાં ખર્ચ આવ્યું તે સગે ઉપાડી લીધું પણ બીજો કરે તેની કાંઈ નવાઈ નથી. તે તો જગતમાં નમુનો થાય છે એમાં શું કેવું છે?

સંવત ૧૯૭૩ આસો વદ ૫ તા. ૩-૧૧-૧૯૧૭

મહારાજ બોલ્યા જે મારે નકોઈડી અગિયારસ કરવી છે પણ મારે બ્રાહ્મણનું પાણી મુકવાનું- ભાઈઓનું કરવું છે તે ભક્તિરૂપી પ્રવૃત્તિ છે માટે ફરાળ કરીશું. અગિયારસથી પ્રદક્ષિણા દંડવત નહિ કરવા અને પૂજા રાખો અને સમૈયે પૂજા મંગાવશું. જે કરતા હશે તેને ઘેર લખીશું. બીજા પછી જે ઘેર કરતા હેશે તે લાવશે. પણ હમણાં તો થોડાને લખીશું. કરાલી, નડીઆદ, શીનોર, વડતાલ, વીણા, મહુધા, ખેડા સાધી વલાસણ, આણંદ, ઠાસરા, ગવાસદ, પલાણા, કોડીનાર ઈત્યાદિ ફરીથી લખવાની નોંધ કરાવી પછી કોઈકે આશંકા કરી જે હેડીયા (રીઢા ટેવાએલા) થયા છે તે મૂકી દીધેલી કોઈ કરે જ નહિ. ત્યારે મહારાજ બોલ્યા જે ભગવાન રાજી કરવા હશે તો કરશે. પૂજા ને એકાદશી આદિ વ્રત-મન કર્મ વચને ભગત થાવું તે પળે નહિ અને અહિં આવીને જેણે મુકી દીધેલું તેની વાત છે. બીજાની નથી. આ અગિયારસથી મહારાજ ન કહેવા, ભગતજી કહેવા. બીજા બધા ભગત અને હું ભગતજી. કંઈ ફેર જોઈએ. તે સમૈયે પ્રદક્ષિણા-આરતી-દંડવત-મળવાનું કહેતાં ભેટવાનું નહિ-પ્રદક્ષિણા કરીએ ત્યારે બાઈઓ આ તરફ આવે અને તેથી ઠેઠ પડદો કરો અને કુવે બે ગરગડી તે કુવા વચ્ચે પડદો કરો. જાણે બૈરાં છે જ નહિ. આ ફેરે તો મણીલાલ રાવ સાહેબને એવું ફાવશે અને રાજી થશે. હિંચકો ઊંચો બાંધો અને હું ઊંચે બેસું.

સંવત ૧૯૭૪ કારતક સુદ ૧. બેસતું વર્ષ તા. ૧૫-૧૧-૧૯૧૭, ગુરુવાર

સવારમાં ધુળાભાઈ તથા ઝવેરભાઈ આવ્યા તે ધુળાભાઈ પહેલા આવીને બેસતા વર્ષના પહેલા મહિનામાં આવીને પૈસો આપવા માંડ્યો. તે મહારાજશ્રીએ ના લીધો અને કહ્યું જે અગિયારસથી લેવાનો કાઢી નાંખ્યો છે. પછી ધુળાભાઈ તો ઉભા રહી વિચાર કરી બોલ્યા જે આ તમારા નિમિત્તનો કોને આપું? એમ કહીને ઠાકોરજીને ગોખલે ગયા. ત્યારે ત્યાં તો ગોખલો પુરેલો જોઈને બોલ્યા 'ઓ તારી!' અહિં પણ નથી. પછી બોલ્યા, 'આતો મારા ખપનો નહિ. તમારા નિમિત્તનો તે.' પણ ઘણી વાર થઈ ત્યારે લીધો. પ્રસાદ તો પહેલેથી જ આપેલો હતો તે ખાધો. પછી ઝવેરભાઈ આવ્યા, તેમણે પણ પૈસો આપવા માંડ્યો. તે ના લીધો અને કહ્યું જે હવે નથી લેતાં. પણ ઝવેરભાઈ કહે જે લ્યો લ્યો. હવે આ ફેરે તો લ્યો. પછી બધી વિધી કહી. ત્યારે કહ્યું જે ભગતજી શયા? એ તો ભગવાનજ. એ તો અમે જ્યાં સુધી ના જાણ્યા ત્યાં

સુધી. પછી કહ્યું જે આ ફેરા બધા પાસે માફી માગવી છે. હું ખોટું બોલ્યો તેનો અપરાધ માફ કરો ત્યારે ઝવેરભાઈ બોલ્યા જે અપરાધ શો છે? ઉડતો અમારો છે જે તમારું કહેવું ના કર્યું અને પંદર પંદર વરસ બેસી રહ્યા અને તમારું માન્યું નહિ, માટે અમો માફી માગીએ. અપરાધ માફ કરો. ત્યારે મહારાજ બોલ્યા જે શું કરૂં ત્યારે? ના મનાયું ત્યારે.

સંવત ૧૯૭૪ કારતક સુદ ૨. શુક્રવાર, તા. ૧૬-૧૧-૧૯૧૭

હવે તો આજ સુધી ભગવાનનો વેશ ભજવ્યો અને હવે ભગત છે સંતનો ભજવવો છે અને બાઈઓને અડી જવાય તો ઉપવાસ કરવો છે જે વિધવાકુ પરસન નહિ, શાસ્ત્ર પ્રમાણે ઉપવાસ કરવો છે. પછી કુવે મીરાં ન્હાતાં હતાં તે પાછા આવીને બેઠા અને બોલ્યા જે બૈરાં ન્હાય છે. માટે ત્યાં હમણાં નહિ જઉં.

તેજ દિવસે બપોરે વાત થઈ જે મારે બસ કોઈની ઉપેક્ષા નથી. મારે ખાવા ન જોઈએ અને પીવા પણ નહિ અને પૃથ્વી પણ નહિ. મારો ઝપાટો હવે જોઈ લ્યો.

સંવત ૧૯૭૪ કારતક સુદ ૩. શનિવાર. તા. ૧૭-૧૧-૧૯૧૭

સવારમાં ઉઠી ઇચ્છા માસ્તરે પૂછ્યું જે 'તમારૂં રહસ્ય કહો.' પછી બોલ્યા જે શું કહું? મનાય નહિ અને જતું રહેવાનું મન થાય પછી ઘણું પૂછ્યું પણ ના કહ્યું. પછી જ્યારે પાણી કાઢતા હતા ત્યારે મગનભાઈ આવ્યા ત્યારે વાત કાઢી જે કહો કહો પણ શું કહું? વચનામૃત પ્રથમ ૫૪માં કહ્યું છે જે 'મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય?' ત્યારે કહ્યું જે પ્રસંગથી તે પ્રસંગ તો રજામાં પણ કહો છો જે અહિંના આવું ને બીજે જઉં અગર ત્યાં રહું. કયાં આભને જમીનમાં ફેર? એટલો થયો અને પ્રસંગમાં તો જ્યાં સુધી પ્રથમના ૫૪માં કહ્યું જે પોતાના સંબંધીને વિષે દ્રઢ પ્રસંગ છે તેવો ને તેવો રાખે તો મોક્ષનું દ્વાર ઉઘાડું થાય સંબંધી જેવું હેત મધ્ય. ૫૯માં કહ્યું તેવું જો રાખે તો પ્રસંગ થાય અને પ્રસંગથી મોક્ષનું દ્વાર ઉઘાડું થાય. તે પ્રસંગ જો સ્ત્રી પુત્ર ધણી જેવું ના રાખે તો થાય નહિ. તો ભેગું રહે વઢવાડ થાય અને પ્રસંગ રહે અને જો સંબંધી જેવું હેત રાખે તો વઢવાડ ન થાય. ધણી કોઢીયો, લાકડીઓ મારે છે, ડામ દે છે વગેરે પણ અભાવ નથી આવતો અને ભેગાં ને ભેગાં. એવું હેત જોઈએ અને આતો જરાક કહે તો વઢવાડ થાય. તે જીવે ત્યાં સુધી બોલવાનો વખત ન મળે. પછી કહે કે જુદુ કરી ખઈશ. પછી કહે જે

મીરાં જોડે દાણા મંગાવો અને ફેરાનો પૈસો આપજો. અમો પણ રાધાના છોગલા ધોવાનો આપીએ છીએ. તથા ગામમાં લઈ જાય તો પણ પૈસો આપીએ છીએ. માટે તમો પણ આપજો. ઘાસતેલ દીવાસળી લાકડાં મંગાવજો. પછી કહ્યું જે દોઢી કિંમત થશે. ઉપણેલું, છડેલું તેથી. પછી થોડી વાર રહીને ઈચ્છા માસ્તર બોલ્યા જે વેચાતી લાવવું પડે નહિ અને વઢવાડ થાય નહિ તેવો બીજો ઉપાય કાઢ્યો જે ચાર દિવસ વડોદરે જઈ આવું અને સમૈયે આવીશ. ત્યારે મહારાજ બોલ્યા જે એ અલ્યાભાઈ જો નીકળ્યું ઉપડી જવાનું જો હું નહોતો કહેતો? હવે તો કોઈ પૂછે તો પણ કહું જ નહિ. જ્યારે જવાનું કહે છે ત્યારે પ્રસંગ ક્યાં રહ્યો? અને પ્રસંગ નથી તો પછી ઉઘાડું દ્વાર પુછે છે તો તે બનશે શી રીતે? કેવું થયું? જુઓ, મનાય જ નહિ. તે માટે પ્રથમના ૭૩માં કહ્યું જે ઉપદેશ કરતાં તો અમને બીક લાગે છે જે અવળું સમજશે કે સવળું? એ વાત ખરી છે. હવે નાજ કહું.

સંવત ૧૯૭૪ કારતક સુદ ૪. રવિવાર તા. ૧૮-૧૧-૧૯૧૭

વચનામૃત વરતાલનાં ૧૭-૧૮ વાંચતી વખતે ધુળાભાઈ હતા તે વાત કહી જે તમોએ સાધીનાં ગંગાને રડાવ્યાં અને જ્ઞાન ક્યારે કરવું અને ક્યાં કરવું તે સમજ્યા નહિ. જ્ઞાન કરવાનો અધિકાર જ નહિ.

કારતક સુદ ૫. તા. ૧૯-૧૧-૧૯૧૭

પ્રથમ કલમો કાઢી હતી ૧૦૮. તે તમે એને લખી આપજો.

૧૯૭૪ કારતક સુદ ૬ તા. ૨૦-૧૧-૧૯૧૭

કાગળ લખતી વખતે વાત થઈ જે આંખો મીંચીને કાગળ લખાવો છો અને કહો છો જે હવે પાછળ લખો. તે થઈ રહ્યું ને કહ્યું તે શી રીતે જુવો છો? ત્યારે કહ્યું જે ગમે તેમ જોતા હશું પણ બઈડે સુઝાડવું છે. જેટલું બોલ્યો છું તેટલું સત્ય કરવું છે. જુઠું અગર સાચું તે સરવે સાચું કરવું છે અને ભઈજીકાકાને કહ્યું છે જે સુરજબાને આપણે છોકરો કરશું તે પણ જો બેજણ જીવતાં હશે તો સાચું કરશું. ૧૯૮૦ની સાલમાં નવું ડહેલું ૮૦ ગજ પહોળું અને ૧૫૦ ગજ લાંબુ કરવું છે, નહિ તો આને આ તોડીને

વધારીને ઉપર રસોડું કરશું પણ તે ૮૦ની સાલની દીવાળીએ વાત પણ પહેલાં નહિ. ઈશ્વર ઈચ્છાએ હમણાં થાય કે બે વરસ પછી પણ આજ વિચાર થયો છે.

૧૯૭૪ કારતક સુદ સાતમ.

ઇચ્છા માસ્તરને નિરવિકલ્પના પાઠ લખાવતાં વાત કરી જે મનાતું નથી માટે જ્યારે સાચું થશે ત્યારે માનશે. અને જે ખોટું બોલે છે એમ જાણશે તો પસ્તાશે- તે ઉપર શીરાની વાત કહી જે એકદમ કહ્યું જે સવારે હાજરી કરવા આવજો તે જુઠું માન્યું પણ સવારે સાચું કર્યું. તેમાં ઘરમાં મીઠું પણ નહિ. અને પૈસો કોઈ વ્યાજે પણ આપે નહિ. વળી કહ્યું જે રાતદિવસ જણાશે નહિ અને બે દિવસનો એક દિવસ થશે. પછી વળી ચારનો એક થશે. પછી વળી આવશો તે છોનો એક કરીને ખીચડી ખવરાવી વળાવશું અને કહેશે જે થોડી વારતો રાખો. ત્યારે કહીશું જે ના, ઢેબરાં લઈને ઘેર જતા રહો. અમારે નથી રાખવા. અને ઘેર જશો ત્યારે જાણશો જે આતો સાત દિવસ થઈ ગયા છે. વળી પછી તો આવશો ને કાઢી મુકશું જે હમણાં ને હમણાં જતા રહો. ત્યારે કહેશો જે પાણી તો પીવા દો ત્યારે કહીશ જે સામે ગામ પીજો અને ઘેર જશો ત્યાં તો જણાશે સાત દિવસ થઈ ગયા. એમ રાતદિવસ વિતી જશે તેની ખબર નહિ રહે.

વળી વાત થઈ જે ધુળાભાઈને મહારાજે કહ્યું જે 'આમ કરીશું!' ત્યારે કહેજે 'જાણ પુરુષ થઈને પૂછતા હશે તે મને આશ્ચર્ય લાગે છે.' ત્યારે મહારાજ બોલ્યા જે આ લોકના તમો વેવારની વાતે જાણ પુરુષ અને પરલોકમાં હું જાણ પુરુષ અને મારે તો આ લોકમાં તો નજર રાખવાની નહિ. કહેતાં શરત નહિ રાખવાની. જેમ રસ્તો દીઠેલો હોય પણ નજર ન રાખે કહેતાં શરત ન રાખે તો ભૂલી જવાય. માટે તેમ મારે નજર નહિ રાખવાની. જુઓ દોઢશેરનું ઘી પોર હતું તે ઉઘરાવીને ડબા ભર્યા, ત્યારે બશેરનું થયું. પાણી ખેંચીને હાહ ગયો. અને ફોલ્લા પડ્યા અનેપાણી તે ખેંચેલું ઢોળી દેવું પડ્યું અને વળી કોઠીયો લાવવી પડશે. બે દિવસની મજુરી ગઈ. અને સવારૂપીએ બાજરી વેચીને ૨ ।। (અઢી) રૂપીયે લાવીએ છીએ. માટે દિવ્યભાવ છુપાવવાનો તે કોક વખત કોક સારૂ જરાક દેખાડવાનો. માટે અજાણ્યાની પેઠે દેખાડવાનું-મનુષ્યભાવ. દિવ્યભાવ ઉપર નજર રાખવાની જે રખે દેખાઈ જાય.

તે દિવસે સાંજના અમે મહારાજ એકલા કોઠીઓ ફેરવતા હતા તે સમે ઇચ્છા માસ્તરે વાત પૂછી જે 'સાકરને મીઠું સરખું તે શું? સ્વાદથી કે જ્ઞાનથી? 'ઉત્તર આપ્યો જે આ કોઠીઓ ફેરવ્યાથી સાકર મીઠું સરખું સમજાય તે વાત ગુઢ કહી પણ સમજાણી નહિ.

સંવત ૧૯૭૪ કારતક સુદ ૧૧ તા. ૨૪-૧૧-૧૯૧૭ શનિવાર.

નિરવિકલ્પ બેઠો તે આ જન્મે ભક્તિનું ફળ આપવાનું. જેવાં જેવાં કર્મ કરે તેવાં ફળ ફળદાતા આપશે. સિદ્ધિઓ તો સર્વેને છે. પણ પરતંત્ર છે સામાને પ્રેરે. અને પેલો કહે એટલે સાચું. મથુરભાઈ માસ્તરે ઉપર જે ઇચ્છા માસ્તરને ગોદડું જોઈએતે વિચાર માસ્તરે કહ્યો જે ઇચ્છા માસ્તર તમારે ગોદડુ જોઈએ તે લ્યો. એટલે ઇચ્છા થાય કે સામામાં હરિ પ્રેરે પણતેથી સ્વતંત્ર થયું એમ મનાવાથી સટ્ટા મારવા જાય પણ બાપદાદાનો જેવો ધંધો હોય તેવો જ કરે. ઉડાઉ ના થાય. પ્રસન્નતા થયા પછી પણ ઉડાઉ ન થાય. જુઓને પ્રાગજીભગત, ગુણાતીતાનંદ સ્વામી, પુરુષોત્તમ મહારાજની રીત જુઓ. પ્રાગજી ભગત મળસ્કે સીવવા જાય. સ્વામી છાણ લીધા પછી નખવડે ખોતરે. આ પોતે છે તે ખોદ પુર પણ બીજો ધંધો ન થાય. અને મહારાજ કહે છે આ મને પ્રભુ પ્રસન્ન થયા પછી આટલા પૈસા છે છતાં ટોપલી લઉં છું. ખોદું છું. ચાલતો વાસદ અગાસ જાઉં છું પણ ગાડુ ગાડી નથી કરતો કેમકે જેવી પ્રથમની સ્થિતિ તેવી જ રીતે વર્તવું. અને પૈસા દેખી વધે તો છકયો કહેવાય. જ્યાં સુધી સમજણ નથી ત્યાં સુધી ભગવાન સાચવે છે. પછી કપાળમાં બળબળતો ડામ દે તેવું વસમું લાગે પ્રથમના ૪૪ પ્રમાણે જેટલું જોઈએ છીએ તેટલી ઇચ્છાઓ છે. જ્યાં સુધી મન રૂપી સુબે આગળ ચાલવા રસ્તા ઉપર ઠરાવ નથી કર્યો ત્યાં સુધી વાર લાગે છે. જ્યાં ઠરાવ કર્યો કે તરત જ વાર નહિ લાગે. એક ફેરો ઠરાવ કરીને આવો પછી ખબર પડે. ઝવેરભાઈએ ઠરાવ કર્યો તે તેજ દીઠું અને અળસીયું કપાયું તે નીંદવા પણ ગયા નહિ અને પાછા આવ્યા અને આગળ આવશે પણ નહિ. સર્વત્ર જીવ પોતા જેવા થયા માટે દયા આવે.

સોમવાર મળસ્કે ૩ । વાગે

જે 'તન મન ધન હરિ ચરણ ધરે' તે શું તો ધન જે ભાડાનું ઘર છે તે ભાડુ દેહને એક આને ભાડુ પતાવે ખાધાનું અને વધારે આપે તો તે ખોટ છે. 'વાલા લાગો

છો વિશ્વાધારરે' તે કિર્તન બોલતા હતા તેવામાં વાત. ભાડા જેટલું દેહને આપવું વધારે ન આપવું. ત્યારે માસ્તર ગોવિંદભાઈ બોલ્યા જે પૈસા નાખી દઈએ? ત્યારે તે ઉપર જે છેલ્લાનું ૪/૨માં જે અન્નાદિક રસનું વીર્ય તેટલું અન્નનું વીર્ય આપણને ઘણું છે. ઘી ખાંડ શું કરવું છે? પૈસા તમને બગાડશે. જેમ રાંધ્યું વરે પડ્યું અને બોલ્યું બહાર પડ્યું તેમ તપે કરીને રાજી કરવા તે ઉપર મધ્ય-૧૦ જે જે પદાર્થ ને વિષે પ્રીતિ કરે તોતે પદાર્થ ભોગવતો થકો વિષયી થઈને ભ્રષ્ટ થઈ જાય છે. પછી માસ્તર કહે જે સારૂં થાય તે કહો. ત્યાર પછી મહારાજ બોલ્યા જે વચનામૃત કારીયાણી ૧૦માં છે જે આ લોકને પરલોકમાં સારૂ થાયે તે કહો ત્યારે શ્રીજીએ ઉત્તર આપ્યો જે અમે કહ્યું તે જ સારૂં છે. સવિકલ્પ પાઠ જુદા અને નિરવિકલ્પનો પાઠ જુદો. આમ કરો તો આમ થાય તે વર થયો. અને પાપનું તો જે આમ કરશો તો આમ થાય તે શ્રાપ થઇ ગયો. અને પાપનું કરોડો વચન છે તેમાં એક તો કરી જુઓ. કોઈ ખોટું પડે નહિ. તે ઉપર બીજી એક વાત જે એક બાઈ હાર લઈ ગઈ તે વર આપેલો જે લો આ હારના ફુલ ખાશે એટલે તાવ મટી જશે. તે હારમાં વર રૂપી વચનથી જે તાવ મટી ગયો. તે હાર જ્યારે ફરી થઈ રહ્યો અને બીજો બીજે ફેરે માગીને લીધો. તે ફરી લઈ ગઈ. તેથી મટ્યું નહિ. કારણ કે વર આપ્યા વગરનો માગીને ગઈ. માટે મટ્યું નહિ. તેમ વચન બધાં વરવામાં તે કરી જોયું. તે જુઓને વર કહેતાં વચન ઉપર ટુક ટુક થઈ ગએલ તે તે ગુણાતીતાનંદ સ્વામી પ્રાગજી ભગતનેકહેતા જે એ સો સુંડલા અને સો પાવડા ભેગા કર તો કહે હા કરૂં. અને કહેતા જે ગીરનાર પર્વત ઉપાડી લાવ તો કહેતા જે લાવ્યો એમ કહીને જઈને બાથ ભરતાં. વળી દીવાનની વાત જે એક રાજા હતો તેને દીવાન હતો તે દીવાને બહુ વરસ નોકરી કરી તેથી તે રાજ્ય પચાવી પડશે એમ રૈયતે કહ્યું. તેથી રાજાએ પરીક્ષા કરી જે સભા ભરીને કહ્યું જે આ તળાવ સુંસરો નીકળે અને પલળે નહિ અને જો કોરો નીકળે તો દીવાનગીરી આપું. પછી કોઈ બોલ્યું નહિ. ત્યારે દીવાન કહે આજ સુધી પૈસા ખાધા તે વચન પાળું. પછી બોલ્યો જે હું કોરો નીકળું. ત્યારે રાજા કહે કોરૂં ના નીકળાય તો? દીવાન કહે ઘર ખેતર લઈ લેજો. પછી નીકળ્યો તે પલળ્યો ફરી સભામાં કહ્યું તો કોઈ બોલ્યું નહિ, ત્યારે ફરી બોલ્યો હું નીકળું? ત્યારે કહે ના નીકળાય તો આ ફેરે તો હાથનાં કાંડાં કાપી લઈશું તો કહે હા. આટલા દિવસ પૈસા ખાધા છે. માટે ભલે. પછી પડ્યો તે પલળ્યો. લખી લીધું બે બે કાંડાં કાપી લેવાં. ફરી સભામાં કહ્યું કે હવે કોઈ છે? તો કોઈ બોલ્યું નહિ. તો ફરીથી બોલ્યો જે આ ફેરે તો કોરો નીકળું. એ તો પેલે ફેરે ભુલ થઈ ગઈ તો કહે આ ફેરે તો પલળ્યા તો માથું કાપી લેવામાં આવશે. તો કહે સારૂં

કાપી લેજો. ફરી પલળ્યો પણ મારૂં વચન જવા દીધું નહિ. તેને જે જે વચન કહ્યાં છે તે જીવ સાટે કરશે તો થાય અને રાજાને વિશ્વાસ આવ્યો અને રાજય સોંપ્યું તેમ સર્વ સિદ્ધ થાય. પણ કરો તો થાય.

તમમાં કરો તે ખોટ્યોમાં જાય છે. પ્રથમ ૨૪/૩, ૫૬/૪, ૨૬/૨, લોયા ૪/૧, પ્રથમ ૩૧/૧ ઈત્યાદિ વચનામૃતમાં ખોટ્યો છે. વળી નિસ્વાંદી વર્તમાનમાં ઈત્યાદિ ભકત ચિંતામણીમાં છે.

પાઠ આપ્યા તે કેડેની વાત કોઈને કહેવી નહિ. કહેવો તો દિવ્ય ભાવ કહેવો. મનુષ્ય ભાવ કહેવો નહિ. મહીએ મહી પણ કહેવો નહિ. નવાને અભાવ આવે માટે.

કારતક માસની ચાલુ વાતો.

ધન છે તે દેહની માયા છે. અજ્ઞાન તે મનની માયા વિષય છે તે ઈન્દ્રિઓની માયા. કારણ છે તે જીવની માયા હેત છે તે ભગવાનની માયા છે.

સત્વગુણ વરતે ત્યારે ધ્યાન કરવું. રજોગુણ તમો ગુણ વરતે ત્યારે ધ્યાન ન કરવું. (મુકતની શિક્ષાપત્રી-૯.)

વચનામૃત પ્રથમ ૨૪ માં ત્રણ ખોટો છે. તથા પ્રથમ ૨૬માં બે તથા ૩૧ માં એક ખોટય છે તથા ૫૬ માં ચાર છે તથા લોયાના ૪ માં એક ખોટ છે તથા ભક્તચિંતામણી ૧૦૮માં નિસ્વાંદી વર્તમાનમાં નવ ખોટો છે તે બધી ખોટો ટાળવી.

વિષય સુખનું દુઃખ વેઠવું એ મુક્તનું તપ છે. (મુકતની શિક્ષાપત્રી-૩૦)

ભૂખ ના પીડે તો પણ બે વખત થોડું થોડું ખાવું ઉંઘ આવે તો સુવે. (ના આવે તો પણ સુવું એમ નહિ).

સત્વગુણ રજોગુણ તમોગુણ એ ત્રણ ગુણોના બહાર વૃત્તિ તથા અંતરવૃત્તિમાં વરતતા હોય તેના લક્ષણો તથા ત્રણ ગુણથી પર નિર્ગુણ ગુણાતીત સ્થિતિમાં ત્રણ ભેદ પડે છે તેની વિગત સવિકલ્પ વાળાને મલીન તમોગુણ-સર્વને ખોટું કરે. વિષય ભગવાન શાસ્ત્ર બધું ખોટું એમ બોલે. તમોગુણ કામક્રોધથી વરતે સ્ત્રી ભોગવે અથવા વઢે કે માથા કુટે શુદ્ધ તમોગુણ-શૂન્ય ભાવનું સુખ વરતે ઉંઘ ન આવે અને ભક્તિ પણ ન થાય. આનંદ પણ ન થાય.

મલીન રજોગુણ સિદ્ધિઓ આવે તો આનું આમ ભૂંડું કરવાનો વિચાર થાય. બધાંનું માન પાડી નાંખું. બધાંને ત્રાસ પાડુ રજોગુણ વિષયનું દુઃખ હોય નહિ વિષય સારૂં વલખાં મારે ખાધાનું મન ના હોય અને ખાય. ઉંઘ આવે અને સુવે ત્યાગી હોય તે નાના છોકરા સામું જુવે. શુદ્ધ રજોગુણ સદ્ધિઓ આવેતો બધું આમ કરી નાંખું. પોતાનું ખરૂં કરી બતાવું. દેવ મંદિર કરવાં બાગબગીચા થાય ઈત્યાદિ ભક્તિ કરવાનું મન થાય મોટું મંડળ બાંધુ બહુ માણસ આવે. બધાને નમાવી દઉં.

મલીન સત્વગુણ ના આવે ઉંઘ કે ના થાય વહેવાર કલ્યાણનું કામ થાય નહિ બોત જેવો થઈ જાય.

સત્વગુણ બળ બહુ આવે. વાણીમાંજ ફળાદિક કાર્ય કરી નાંખું. આમ જ્ઞાન કરું આને ભક્ત કરી દઉં.

શુદ્ધ સત્વગુણ-શુભ ઈચ્છાઓ વર્તે. સનકાદિક જેવો શુકજી તથા જડભરત જેવા થાઉં.

અંતરવૃત્તિ નિરવિકલ્પ વાળાને મલીન તમોગુણ-ઘરમાં કોઈ પેસી જાય તો પણ ખબર પડે નહિ. જડ જેવો જડ થઈ જાય.

તમોગુણ-સુઈ જાય ત્યારે સુખ આવે નહિ. તેમ સ્વપ્નમાં પણ જવાય નહિ બહાર પણ નીકળાય નહિ.

શુદ્ધ તમોગુણ-સંકલ્પ થાય નહિ. સ્વપ્નમાં પણ જવાય નહિ અને કામ પણ થાય નહિ. સુઈ જાય તો દેહની ખબર રહે નહિ. સુખ પણ આવે નહિ. પરંતુ કોઈ બોલાવે અગર કાંઈ ખબડે તો તરત જાગી જાય.

મલીન રજોગુણ સ્ત્રીનું સુખ સાંભરે જ નહિ કથા કીર્તન આરતી પૂજા તેમાં સ્વાદ આવે. રજોગુણ-આંખો મીંચે તો તેજ કે મુર્તિ કંઈ જણાય નહિ પણ ભજન કરીએ તો સ્વામિનારાયણ સ્વામિનારાયણ થાય. અને તેમાં આનંદ આવે.

શુદ્ધ રજોગુણ-આંખો મીંચીને જુવે તો રૂંવાડે રૂંવાડે સ્વામિનારાયણ

સ્વામિનારાયણ થાય. બંધ રાખે તો પણ રહે નહિ.

મલીન સત્વગુણ ઈન્દ્રિઓ વગેરે સ્થિર હોય તો પણ ધ્યાન કરવામાં આળસ થાય. સમભાવ થઈ જાય. ધ્યાન કર્યું તો પણ શું અને ન કર્યું તો પણ શું? શાંતપણું વર્તતું હોય તોપણ સરખું થાય.

શુદ્ધ સત્વગુણ-ધ્યાન કરો ત્યારે કોટિ કોટિ સૂર્ય સરખો પ્રકાશ દેખાય.

## નિર્ગુણ વૃત્તિવાળાને

❖ કનિષ્ઠ : અક્ષરરૂપ થઈને પોતાને દેખે, પુરુષોત્તમને દેખે તથા સભાને દેખે.

❖ મધ્યમ : અક્ષરરૂપ થઈને પોતાને ને પુરુષોત્તમ બેને જ દેખે.

❖ ઉત્તમ : પુરુષોત્તમ ને જ દેખે. પુરુષોત્તમરૂપ થઈ જાય પોતાના સ્વરૂપની પણ ખબર રહે નહિ.

રામચન્દ્રની પેઠે એટલે અયોધ્યાની પ્રજાને વૈકુંઠમાં લઈ ગયા હતા તેમ અમો જઈશું ત્યારે એક વર્ષ આગળ ખબર આપીશું. જેને આવવું હોય તેમને સાથે લઈ જઈશું દેહને બાળવાના નથી. મંડળ સાથે જઈશું. એક વર્ષ પહેલાં જેને ભગવાન ઠરાવીશું તેને ચાદર ઓઢાડીશું અને યજ્ઞ કરીને ભગવાન તમને વળગાડીશું.

જગતડાનાં ગપ્પાં-ઘર વ્યહવારની વાતનો છેડો આવે નહિ.

ભગતનાં ગપ્પાં-શુકજી બોલ્યા હતા. પ્રહલાદજીની વાતુ કરે પણ તેવું થઈ શકે નહિ.

આસુરી તે ભગવાનને માર્ગે ચાલે નહિ. દેવમાં ભેદ.

## જ્ઞાની અજ્ઞાની

❖ જગતનો અજ્ઞાની-પોતાની સ્ત્રી પડી મુકીને ભવાયા નાટકમાં આપી આવે.

❖ જગતનો જ્ઞાની બૈરીને દુઃખ દઈ નાટકમાં આપે નહિ અને ફરી જાય નહિ.

❖ ભગતમાં અજ્ઞાની-ઉપર ભગવું દીઠું કે જાણે આ મારૂં કલ્યાણ કરી નાંખશે પછી તેને જમાડશે.

❖ ભગતમાં જ્ઞાની - હું ખવડાવું છું તે તેને જુએ.

❖ કુપાત્ર - જે આપે તેનું પાપ મળે. જાત્રાવાળાની પેઠે.

❖ અપાત્ર-પાપ નહિ અને પૂન્ય નહિ.

❖ પાત્ર-આપે તેટલું મળે (દીવા જેવા)

❖ સુપાત્ર-વડવાનળ આપે તેથી હજાર ગણુ મળે

❖ ભગતમાં જ્ઞાની-પ્રથમ તપાસે અને પછી સમાગમ કરે.

❖ ત્યાગીમાં નિર્માની-કોઈ મારે તેનું પણ ભુંડું ઇચ્છે નહિ.

❖ ગૃહસ્થ નિર્માની-બારમું તથા ધર્માદા કોઈ વખાણે તે સારૂં ન કરવું દેવું કરીને પણ ન કરવું.

❖ ત્યાગી નિર્સ્નેહિ-સોળ વર્ષની અંદરનાં છોકરાંને અડાય જ નહિ.

❖ ગૃહસ્થમાં નિર્સ્નેહિ-મોટું છોકરું જેમ જેમ મોટું થઈ મરે તેમ દુઃખ વધારે થાય.

દુનિયાનું ને કલ્યાણનું રાજ્ય બળ આપણું છે.

## જગતના તડના ચાર પ્રકાર છે.

૧. પામર - વિષયની ખબર પડે નહિ.

૨. વિષયી-સ્ત્રીનો વિયોગ થાય તો પ્રાણનો ત્યાગ થાય.

૩. મુમુક્ષુ-દુઃખ જોઈને વૈરાગ્ય થાય.

૪. મુક્ત-જ્ઞાની.

## ભક્તના તડ ચાર પ્રકારના છે.

૧. પામરના-નદી, તળાવ, તીર્થ મુખ્ય જાત્રા.

૨. વિષયી-મુર્તિયો તીર્થ, દેવ જાત્રા.

૩. મુમુક્ષુ-સંત તીર્થ, ગુરુની સેવા જાત્રા.

૪. મુક્ત-આત્મા પરમાત્મા જાણવું તે તીર્થ.

આત્મામાં પરમાત્મા રહેલા છે તે જોવા એ જાત્રા.

સંવત ૧૯૭૪ માગસર સુદ ૨. રવિવાર

દુનિયામાં જે દયા છે તે પ્રભુમાં નથી અને પ્રભુમાં છે તે દુનિયામાં નથી.

ભગવાન પ્રગટ હોય ત્યાં સુધી તે ભગવાન અથવા બીજે પ્રગટે ત્યારે તે ભગવાન કહેવાય અને પ્રથમનામાં તો હર ગયું અને બ્રહ્મ રહ્યું તે પ્રમાણે થાય.

પરભુદાસ કોઠારી ક્વોરન્ટાઈનમાં રોકાયા હતા તે છુટ્યા પછી ભગતજીએ દેહ મૂક્યો, ત્યારે પૂછ્યું જે હવે ક્યાં પ્રગટશો? તો કહે નામ નહિ દઉં. સૂર્ય ઉગશે તે છાનો નહિ રહે.

સંવત ૧૯૪૯માં યજ્ઞમાં પુરુષોત્તમલાલને ભગતજી કહે આ (ભાદરણવાળો) પુરુષોત્તમ હું સ્વામીને પહેલાં વળગ્યો હતો તેવો મને વળગ્યો છે. 'પુરુષોત્તમ સાથે પુરણ સગપણ થયું.'

મુર્તિઓ તો વિષયી અને પામર માટે છે. દર્શનથી દેવ સાધવા.

બધા ભેગા રહેશો તો વડતાલવાળા દુઃખ નહિ દે.

ભજનને સુખે સુખીયા હશે કે વિષયના સુખે સુખીયા હશે તેના ઉત્તરમાં ફેર આવશે.

પ્રદક્ષિણા, દંડવત ક્યાં સુધી કરવાના ઓળખાણ પડે પ્રગટ મળ્યા-કહે તેમ કરીશ. પ્રગટ ભગવાન કહે તેમ કરે તો પતી રહ્યું. પછી ભોંય ઘસે તો પણ કંઈ ફાયદો નહિ. દંડ થાય. કહીશ તે થાય તે જ ફળ.

માનસી પૂજા ક્યાં સુધી તે સંકલ્પ થાય ત્યાં સુધી. પછી મધ્યના ૧૯ મુજબ સ્થિર સરખા જણાયા પછી ધ્યાન કરવું. માનસી પડતી મૂકવી પંચાળાના ૩ નિર્ગુણપણે રહ્યા થકી જ કરવું.

જેવું હેત સ્ત્રી કે પુત્ર ઉપર છે તેવું હેત વિષયીને ભક્ત ઉપર કરવું. મધ્ય ૫૯

મોટા મુક્ત સાથે હેત કરવું નહિ - વિષય થકી મુકાયો અને મુક્ત થયો તેણે - છેલ્લાનું ૧૬.

જન્મેલા ભગવાન તેમાં એક જ અને પ્રગટેલામાં ભગવાન મળ્યા તેને તો ભગવાન તથા મુક્ત બેય આવી ગયા રાધિકાએ સહિત શ્રીકૃષ્ણનું ધ્યાન કરવું- જન્મેલા ભગવાનનું પ્રથમ ૫ મુજબ. તેમ પ્રગટેલામાં બેય આવી ગયા - ભગવાન તથા મુક્ત.

મનુષ્યરૂપ મુર્તિમાં સમાધિરૂપ ચમત્કાર હોય તેમાં બધાં ૬૪ લક્ષણ આવે. વડતાલ ૧૩ મુજબ ભગવાન જેને વળગ્યા હોય તેનું ધ્યાન થાય પણ ભગવાનને જે વળગ્યો હોય તેનું ધ્યાન ન થાય.

પ્રથમ ૬૮ મુજબ પ્રગટેલા અને સંતરૂપ મુર્તિ. પુરુષોત્તમ રૂપ વળગેલા મુક્ત અક્ષરરૂપ કહેવાય. અક્ષરરૂપ હોય તેની દ્રષ્ટિ હોય તેટલી વાર ભગવાનમાં વળગ્યો કહેવાય અને ચંચલ હોય ત્યારે બીજે છે અને કથા વાર્તામાં છે. ભક્તચિંતામણી પ્રકરણ ૪૨ - ''વર્ણી વેષ દ્રષ્ટિ અનિમેષ, બ્રહ્મસ્થિતિમાં રહે છે હંમેશ.'' પ્રગટેલાને તો ભગવાન જ વળગ્યા તેના મટકાનું જોવાનું નહિ. સમાધિરૂપ ચમત્કારજ જોવો.

ખુંચ રહી હોય કે ત્રણ-સભા, પોતાનું દેહ તથા પુરુષોત્તમ દેખે. તથા મુક્તોને દેખે તે ભગવાન બ્રહ્માંડમાં પધારે ત્યારે દ્રષ્ટિ કરે ત્યારે તે સાથે આવી ખોટ

ટાળે. અને જો પૂર્ણ માને તો તેવો જ રહે, વધે નહિ. કલ્યાણના વાડામાં પૂર્ણ માની બેઠો તે ખોળે નહિ અને ખામી છે એમ જાણે તો તે ખોળે તેમ અજ્ઞાની કહીને અથવા અવળું જ્ઞાન સારો હોય તે ઉતરતામાં નિંદાઓ કરે- એ ભેદ રહી જાય છે. સિદ્ધદશાવાળા પ્રગટેલા મુર્તિ થયેલા વડવાનળ એક જ દરેક બ્રહ્માંડના હોય. સાધનદશાવાળા, વિજળી જેવા, મશાલ જેવા ઘણાક હોય. સૂર્ય ઉગે ત્યારે ચન્દ્ર ઝાંખો પડી જાય. સિદ્ધ વડવાનળ, સાધનદશાવાળા વિજળી જેવા મધ્ય ૩૨, ૨૧ મુજબ.

ધર્મ જ્ઞાન વૈરાગ્યમાંથી કલ્યાણ થાતું નથી તે તો ભક્તિએ કરીને જ થાય. ધર્માદિક તો ઉપકરણ છે મધ્ય ૩૨/૧-કલ્યાણનો માર્ગ મન ઉપર-ભજનને સુખે સુખી તેટલો મુક્ત.

મન સાફ દેખે ત્યારે જ તેને વળગે અને મુક્ત થાય માટે દેખાડનાર જોઈએ. નહિ તો મનમાંથી વિષયના સંકલ્પ મટે જ નહિ. બદલો મળે ત્યારે આ લોકમાંથી વૃત્તિ નીકળે. ફક્ત જ્ઞાન કરે વળે નહિ. ભગવાનને કોઈ વહાલો અળખામણો નથી. સાળંગપુરના ૨. પ્રમાણે મને, વચને દેહે સેવા કરે ત્યારે એના પર હેત થાય ત્યારે સહવાસે સુખ આવે. ત્યારે જ વિષય મુકાય.

ઘણા જનને પોતાના સન્મુખ કરવા હોય ત્યારે સમાધિ થઈ જાય છે (કરાવતા નથી). પ્રથમ અમારાને પણ સમાધિ થઈ જતી. ગામ લોક જાણે છે. બધા પણ કામ નહિ પછી સમાધિ કોઈ કોઈને થાય છે. કોઈને નથી થાતી-એવું પ્રકરણ હોય, તે હાલ તેમજ છે.

વિષય ખંડન (એમ અમથું થાય નહિ. તે મુર્તિના ભક્તને હોય, કેમકે વિષયને સુખે સુખી હોય તે વિષયનું ખંડન કરે નહિ. ) કરવું. તે પ્રગટેલા ભગવાનને અને ભક્તને આજે તો હિસાબજ હોય નહિ. એ તો વિષયનું ખંડન કરે જ.

વરતાલના ૨૦ તથા છેલ્લાના ૧૪ પ્રમાણે એમ જણાય અને પછી બીજો સંગને વળગાડવો જોઈએ-જડ ભરત શુકજીની પેઠે. સરકારી તલાટીને રૂ. ૨૦૦૦ રોજ આવે પણ તે તેના મનમાં પેસે નહિ. (મારા છે એમ મનમાં થાય નહિ) તેમ વિષયના યારીને તનમાં ને મનમાં વિષય પેસી જાય બીજાને તનમાંજ રહે, પણ મનમાં પેસે નહિ. સોનીને દરજી સગી બ્હેનનું ચોરે. આબખોરો મહારાજ સારૂ બ્હેને કરવા આપ્યો. તેમાંથી રૂ ।. ૧ ।। ભાર ચોરી પછી થાળ કર્યો.

વૈરાગ્ય-રાગ સાથે વેર-વિરાગ રાગ વિના - (પછી સંકલ્પ થાય નહિ) બળાત્કારે જોડાય પૂછલેલ ઢોરની પેઠે. પણ સંકલ્પ થયા કરે નહિ. કામ ચાલે પણ ઉંઘે અને જુએ. ભજનના સુખ આગળ કારીયાણીના ૧. કામક્રોધાદિક સમાગમ કરતાં જ બળી જાય ત્યારે જોડાય જ નહિ.

ધર્મનું અંગ તેમાં મંદિર મુર્તિ થાળ પણ ભક્તિ નિષ્ઠાનું નહિ. નરનારાયણ પધરાવ્યા અને માંદા જેવા થયા. મધ્યનું ૨૨.

ભગવાન અને ભક્તની ભક્તિ તે પ્રગટની જ. ભક્ત પણ ભગવાનને જ અખંડ સંભારે પણ મુર્તિ નહિ. પ્રથમ ૪૯. પ્રગટ ભગવાન તે રાજારૂપ અને સાધુરૂપ.

જ્ઞાની-મુક્ત-મુમુક્ષુ અને ભગવાન પ્રત્યક્ષ છે તેવા અણુ અણુ પ્રત્યે છે.

અજ્ઞાની-વિષયી પામરને મુર્તિમાં જ અને તીર્થમાં જ ભગવાન. બધે સમજાય નહિ. કારણ કે કઠણ પડ્યું ત્યારે મુર્તિ જ ઠરાવીને આપી છે. અભણ વૈશ્યે એમ માન્યું હોય કે ખેતરવાડી રૂપીયા છે, પણ જેનો ફોર ચાલતો હોય તે લખે નહિ.

શ્રીજી પાછળ બારમું કરનાર નહિ માટે યજ્ઞ કર્યો. મુવા પછી ડેરાં કરનાર નહિ માટે ડેરાં કર્યા. મંદિર કર્યા. રોવાવાળા નહિ તે અમે રોઈ લીધું.

પ્રથમનું ૩૪ ભજનને સુખે વિષયનું દુઃખ જાય પણ સુખનું દુઃખ ન જાય. તે તો જ્ઞાને અગર અખંડ ભજને કરીને જાય.

પ્રથમ ૬૭ મુજબ સત્પુરુષ હેત કરે તે ભજનને સુખે સુખ આવે તેમ કરે. કેમકે વિષયને બીજા આપે પણ ભગવાનનું સુખ બીજો આપી શકે નહિ.

❖ વડવાનળ, ચમત્કાર, સમાધિ, ધ્યાન, ધારણા હોય છે. જડભરત શુકજી જેવા કરી મૂકે. ધામ દેખાડે.

❖ વિજળી જેવા સમાગમ વાળાને-સમૈયાથી બીજા સમૈયા સુધી ભજનનું સુખ રહે, પછી તુટે. સમૈયો પડે તો દુઃખ પડે.

❖ મશાલ જેવાને-દરેક સમૈયે જઈએ તો જો વાતચીત સમાગમ રહે તેટલા જ દિવસ સુખ રહે. પછી વિષય પીડે.

❖ દીવા જેવાને-જેને અંતરમાં પ્રકાશ હોય તે થાય. છેટે પડ્યો એટલે અંધકાર થઈ જાય.

દીવા જેવો પણ ના હોય તેના સમાગમથી મન શાંત થાય નહિ તો દેખાય ક્યાંથી ?

છેલ્લાનું ૨૯. છ મહિના સમાગમ રહે. સત્પુરુષ શિશ્ન અને ઉદર ઉપર આશક્ત નહિ તે સામાના ટાળી જ નાખે.

અસત્પુરુષ-એને આશક્તિ છે તેથી બીજાને ટળે જ નહિ. પ્રગટેલા ભગવાન પ્રથમ ૧માં ભગવાનની મુર્તિમાં અખંડ વૃત્તિ થાય તો જે જે જોવા ઈચ્છે તે દેખાય. ઠરાવેલા ભગવાન-મુર્તિમાં જ-ખરાજ નહિ-ભગવાનમાં પણ ના પડે.

વ્યવહારના માર્ગમાં પહેલાં એકડો પછી મીડાં. અને મોક્ષના માર્ગમાં પહેલાં મીડાં અને પછી એકડો. ભગતજી કહેતાં કે અહિ તમો મંડળીવાળા છો તેટલા જ ભક્તો પછી ઝવેરલાલભાઈએ પૂછ્યું જે બીજા બધા કહેવાય છે અને મહેનત કરે છે તે ક્યારે? તો કહે જે મીડાં વાળે છે અને જ્યારે અનંત જન્મની સંખ્યા પુરી થશે ત્યારે

એકડો કરનાર મળશે. ત્યારે મીડાં સાચાં થશે. 'અનેક જન્મ સંસિદ્ધતો.'

જુનાગઢનું મંદિર થયું. ત્યારે મજુરોને પૈસા ક્યારે મળ્યા તો કોઠારી ભેગો થયો ત્યારે ત્યાં સુધી મજુરી ચઢી ખરી. 'મહ્યમ્ મયાનિ તીર્થાની'' એ શ્લોક-અનેક જન્મના શુભ સંસ્કાર ભેગા થાય ત્યારે જ તેને મોટા પુરુષની ઓળખાણ થાય. ''પૂર્વેનું પુન્ય પ્રગટ થયું જ્યારે?'' આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે'' પ્રથમનું ૧૪. ભગવાન ભક્તનો સમાગમ મળવો ઘણો દુર્લભ છે.

પ્રથમનું ૩૧ નાનપ મોટપ પ્રગટ ભગવાનના નિશ્ચય વડે તથા આજ્ઞામાં વર્તવે જ છે. પ્રગટને મોઢેથી નીકળે. સત્શાસ્ત્રનું શ્રવણ સત્પુરુષના મુખથી જ કરવું. લોયા ૧૧/૨.

લોયા ૧૭ વિષયનો અભાવ જણાય કેને-સારામાં મન મુંઝાય તેને.

છેલ્લાનું ૨૭. નિશ્ચય કરવો તે પંચવર્તમાનમાં હોય તેને વચને કરીને કરવો.

૧. પંચ વર્તમાન દેહે પાળે તે જુદો ને.

૨. મનમાં હોય તે જુદો.

૩. બેળે બેળે પાળે.

૪. ભજન કરીને ભાવ જ ઉડી જાય.

આ બધી વાત સાળંગપુર ૭ ના નૈમીષારણ્યમાં જ થાય. કલ્યાણ બીજે લખ્યું નથી. છુટ્ટુ રાખ્યું છે જગ્યા ઠરાવી નથી.

ડાકોર વડતાલ કંઈ નહિ પણ વૃત્તિ કુંઠિત થાય ત્યાંજ નૈમીષારણ્ય, જાત્રા ફરવાનું કારણ કે ત્યાં એવા સત્પુરુષો મળે. પ્રગટ મળ્યા પછી પણ જવું કેમકે તે સ્થાન મોળાં પડી જાય પણ પ્રગટની નિંદા સાંભળવી નહિ. મન તણાય ત્યાં સુધી જવું. ભૂખમાં કોદરાનો રોટલો સ્વાદ લાગ્યો હોય તે પછી પકવાન જમે તો પણ સ્વાદ તેનો રહી ગયો હોય પણ તે ફીકુ લાગે. પછી ખાય નહિ. ન જાય તો ઇચ્છા રહ્યા કરે. જાય તો ફીકું પડી જાય. માટે તીર્થમાં જવું. તે પ્રગટનું દઢ તેથી જ થાય. જ્ઞાની હોય તેને આથડવું ન પડે.

મધ્યનું ૫૯ બહુ પુન્યવાળાને ભગવાન અને ભગવાનના ભક્તની સેવા મળે છે તે પ્રથમના ૪૯ વાળા ભક્તની જ. થોડા પુન્યવાળાને તે મળતી નથી.

નામના ભક્ત-પ્રગટ ન મળ્યા હોય તે-કામના નહિ. પુત્ર વિના પારણું-વર વિનાની જાન.

પ્રગટ ભગવાન્ એક જ. માટે તેને મળે ત્યારે જ નિશ્ચય થાય. ભગવાનનો નિશ્ચય ભગવાન વડે જ થાય. બીજે થાય નહિ.

દેવમંદિર વિષયી પામરનાં તે ખોટ ખરી. વિજળીનો દીવો રાત્રે ખરા કામનો, પણ દિવસે નકામો. તેમ મુક્ત મુમુક્ષુ પ્રગટને ઓળખે તેને પેલા દેવમંદિર નકામાં.

એક જણને ચાર રત્ન હતાં તે મળ્યો ઝવેરી તેને કહે વેચી આપો ઝવેરી વિચારવાળો તે રત્ન ખોટાં હતાં પણ એણે પોતે ન કહ્યું કે ખોટાં છે. જો તેમ કહે તો ભાણેજ કહેશે રત્ન ખોટાં કહી પડાવી લીધાં. ઝવેરી તેને કહે તું અહિં રોજ આવજે કોઈ ઘરાક આવશે ત્યારે માગીશ. એમ કરતાં ભાણેજ હીરા ઓળખતાં શીખ્યો, એટલે ખોટા જાણી પોતેજ ફેંકી દીધા. પછી ઝવેરીએ માગ્યા તો કહે પથરા હતા. મુક્ત મુમુક્ષુને રાત દહાડો નહિ. પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ. મુક્ત હોય તે ગુણ આવે ત્યારે પોઢે, મુમુક્ષુ હોય તે આંખો બળે ત્યારેજ પોઢે ગુણ ટળી જાય અને મુક્ત થાય તેને તો આંખો બળેજ નહિ-નિર્ગુણ થયો.

સુષુપ્તિમાં સુવે તે પામર-નિશાની જાગે ત્યારે મુખ માંદા જેવું લાગે. સ્વપ્નમાં જાયતે વિષયી-જાગે ત્યારે મુખ ભયંકર લાગે. ભજનમાં સુવે તે મુમુક્ષુ-નિશાની જાગે ત્યારે આનંદ જણાય. મુર્તિમાં સુવે તે મુક્ત-જાગે ત્યારે તેના સામું જોઈ રહેવાનું મન થાય. અને બોલાવીએ કે તરત જાગે અને જાગતો હોય તેમ વાત કરવા લાગે. એવી રીતે પરીક્ષા પાડીએ છીએ. ખોટા હીરાની પેઠે એની મેળેજ ફેંકી દે. (માટે

નિંદા કોઈજ સાચો ગુરુ હોય તે કરેજ નહિ. વિષયને સુખે સુખીયા હોય તેજ નિંદા કરે. પ્રથમનું ૬૯. સાધુને તો મન કર્મ વચને કોનું ભુડું વાંચવું જ નહિ.)

રાત્રે સાડા બાર વાગે જાગ્યા તેના ઉત્તરમાં અમે રાત દહાડો ઉજાગરા કરી કથા વાર્તા કરાવીએ છીએ લોયા. ૧૩. અવસર પર થાય. પરણે ધણી ધણીઆણી પણ બીજા પચાસ માણસ જાગે.

પાંચ રાત દહાડો ઉજાગરા કર્યા તો જોઈતારામ ભગવાનને પરણ્યા. સુખ મળ્યું તો આ લોકનું સુખ ખારૂં થઈ ગયું.

અખાનાં ને કબીરનાં કીર્તન પામર વિષયીને ભાવે, તેમાં તણાઈ જાય. મુક્ત હોય તો ગાય તો ખોટ. રખે ન જાય. અનુભવ સારા શબ્દનો લે.

ચોધારી વિગતી ન સમજો જલેબી મળે નહિ અને રોટલા મુકી દે તો મરવા પડે. દત્તાત્રેયે વેશ્યામાંથી ગુણ લીધો-મુમુક્ષુ હતા જ.

અન્નદેવ કોદરાનો રોટલો, પણ તે ગરીબને મળે તો રૈયતને સહાય કરે પણ મહાલકારી તો તેની તપાસ કાઢી. કામ લે.

મહાત્મ્ય જ્ઞાનયુક્ત પુરી સ્નેહો ભક્તિ પણ બધા ભેગા હોય પામર વિષયી ત્યારે જ ભજન કથા વાર્તા તથા રજોગુણમાં ભક્તિ કરવી પડે. પછી તો ભગવાનમાં જોડાઈ રહે.

મુક્ત પણ બીજા પામર વિષયી સાથે કીર્તન કરવા લાગે પણ રડનારા તે

પેલાને રડાવવા રડે છે, કાંણે જાય છે તેને રડવું નથી. તેમ મુક્તને તો ધ્યાનમાં જ રહેવું છે પણ ભેગો ભેગો ભજન કીર્તનમાં મંડે. પણ એના મનમાં નહિ. સારૂં દેખાડવા વ્યવહાર જતો ના રહે. મુક્ત હોય તે બીજાને મુક્ત કરવા ઉજાગરા કથા કીર્તન કરે.

લોયા. ૬. દ્વેષ થઈ આવે માટે બરાબર વર્તવારૂપ દોષ ગ્રહણ કરવું. મુક્તાનંદ સ્વામીએ રોટલો ખાધો. કોઈ સાધુ સવારમાં રોટલો ખાતો હતો તે મુક્તાનંદ સ્વામીને જોઈ થથરાટ થયો તેથી વર્તમાન લોપ્યું.

મધ્ય ૨૨. અડધી રાતે જાગ્યા, મહારાજ મુક્તાનંદ સ્વામીના વખતમાં. કેમકે નવ વાગે ધારા મુજબ (પહોર રાત જાતાં સુવું) વિષયી પામરને દ્વેષ થાય નહિ તેથી સુતા અને પછી મુક્ત મુમુક્ષુને સારૂ જાગ્યા અને બોલાવ્યા. કજીયો કરે એવા થોડા હોય. ત્યારે બધી રાત જાગે. લોયા ૧૩ રાત દાહ્ડો ઉજાગરા કથા વાર્તા કરીએ છીએ.

બુદ્ધિવાળા ઉપર હેત થાય છે પંચાળાનું ૧/૧ કારણ કે તે તોલ બાંધે નૈમીષારણ્ય, સત્પુરુષ-અસત્પુરુષ.

માની હોય તે અમને દીઠો ગમે નહિ. પોતાનું માન રાખવા સારૂં ઘસાતું બોલે તે ખમી રહે. પાજી પાલવની છાયામાં દબાવું નહિ. (મધ્ય. ૫). તીખા બાણ જેવું વચન મારવું. પંચાળાનું ૫.

ખરો મોટો હોય તે તો કોઈનું ઘસાતું બોલે જ નહિ. નાનાનું પણ ના બોલે. વિષયને સુખે સુખી હોય તેટલું જ ઘસાતું બોલે.

'સર્વે માન તજી સાધુ સંગાથે પ્રીતિ સાંધીએ' લોક લાજ તજી નિંદા કરે તે સાંભળવી નહિ. વિષયને સુખે સુખી હોય તે સાથે 'નથી જેનાં સંગમાં નિજોરાજી'

મધ્યનું ૩૫ સમ ખવડાવ્યા-મુક્તને અને મુમુક્ષુને તેનું કારણ નારદજી ભજનને સુખે સુખી હતા પણ રાજાની દીકરીનો હાથ જોયો તે લેવાઈ ગયા તેમ વિચાર

રાખે માટે સમ ખવડાવ્યા. જીવના રૂડાના સમ પણ સ્વાર્થના નહિ. અમને તમને 'આવજો' અને સમ ખવડાવ્યા નહિ. પણ ભુંડું સાંભળશો નહિ તેવા સમ ખવડાવ્યા હતા.

ભજનને સુખે સુખી હોય તે ભગવાનને આધારે રહેવાનો સામાની સાય નહિ. માગે નહિ પણ એવા ભગવાન આપે છે કે પેલો તનમન ધન આપી દે. બીજાતો દસુંદ વિસુંદ માગે 'સહેજ મલ્યા સો દૂધ બરાબર માગ લીઆ સો પાણી, ખેંચ સો રક્ત બરાબર કહત ગોરખ વાણી.'

હરિ નામની બાઈને (હરિ આત્મા) પૂર્વના સંસ્કારવાળાને વહેલી સિદ્ધ થઈ. ભાદરણની એક છોડીને પરસોતમ ભગતજીનો સમાગમ થયો. તેથી તેને સમાધિ થવા લાગી અને પોતાના ધણીને ઘેર ત્રીસ વરસ રહી પણ તેને અડવા દીધો નહિ. પછી અહિં આવી. પછી વ્યભિચારીણી થઈ. બાવા બેનો અમદાવાદમાં સંગ થયો. હજુ સિદ્ધદશા છે એમ આત્મજ્ઞાનના મહાત્મમાં ધર્મ પાળવામાં અંતરાય રૂપ છે. હજુ સિદ્ધદશા છે. વચનસિદ્ધ છે. માર વાગે નહિ; જળ બુડાડે નહિ એમ છે. અમદાવાદમાં વહુજી મહારાજ આગળ જ્ઞાન કરવા જાય છે. પધરામણીએ જાય છે પગ ધોઈ પીવે છે. અગ્નિ બાળે નહિ તેમ કામ પણ બાળે નહિ. ચોવીસ કલાક એમ સ્થિતિ-મધ્ય ૩૫. પૂર્વના સંસ્કાર બળીયો હોય તેજ આત્મા દેખે એવી વાતો કોઈકને થાય. છેલ્લાના ૩૬. હમે કોઈ દીઠા નહિ માટે પ્રગટના બળથી થાય. પાછળનો ભકત દીવા જેવો કહેવાય. તેને મુર્તિ દેખાય. તેમજ મશાલ જેવો વિજળી જેવાને જ દેખાય. અહિં તે બાઈ અઢાર દિવસ રહી. પછી લોકે ઉપાધિ કરી. તાઢ તડકો, માન અપમાન કંઈ લાગે જ નહિ. તેથી બીજાનું કલ્યાણ કરવા અમદાવાદ ગઈ. એ પેલે અવતારે મોટો મુક્ત હશે પણ સ્ત્રી નહિ મળી હોય તેથી કસર પછી સ્થિતિ વધી નહિ. અક્ષરરૂપ થઈ નહિ. પણ જીવરૂપ રહી. પણ વ્યાપક શક્તિ નહિ. ઈશ્વર જેવી પણ થઈ નહિ.

જીવ દશા-દેહમાં પોતાનું ચલણ ચાલે. પોતાના દેહને અગ્નિ કામ પાણી બાળે નહિ. પાપ અડે નહિ. અને મન પુરુષને મળવા ન થાય. ઉન્મત્તાઈ રહે. અજ્ઞાન વિવેક નહિ. તેના ઉપર ભગવાનને રીસ ચઢે કે તે વધે નહિ. ભગવાનને કોઈ ઉપર રીસ ચઢે નહિ. વેશ્યા, કસાઈ ઉપર રીસ ન થાય તો આવા ઉપર તો ચઢે જ કેમ.

ઈશ્વરદશા – બ્રહ્માંડમાં વ્યાપવા સમર્થ થાય.

અક્ષરદશા–અનંતકોટિ બ્રહ્માંડમાં વ્યાપવા સમર્થ થાય.

જીવ દશાવાળા ઉપર રીસ ચઢે નહિ પણ ઉલટી સહાયમાં ભળે. ભગવાન કાળને આજ્ઞા કરે જે એના ભોગને ખંડન કરીશ મા. મધ્ય ૧૬ પોતે તે આપે નહિ પણ કાળને આજ્ઞા કરે કે તું ખંડન કરીશ નહિ. આ ગુણથી જ ભગવાન જગત બધામાં છે. કુટે તેને કુટવા લાગે. રડે તેને રડવા લાગે. પણ ફળ બરાબર આપે. ઓછું નહિજ. પ્રભુને એમ કે હેત રહેશે તો કોઈક કાળે પણ એ જીવનો છુટકો થઈ.

મધ્ય ૨૨માં અર્ધરાત્રે બોલાવ્યા માટે ભગવાન તથા સત્પુરુષ વિષયનું ખંડન કરે તે મુક્ત મુમુક્ષુ આગળ વિષયને તથા પામરનું ખંડન કરેજ નહિ. મધ્ય ૩૫ પોઢ્યા પછી રાત્રે વિષયને સુખે સુખીઓ હોય તે ગુરૂ થયો. તેને વિવેક ન હોય જેનું તેનું ખંડન નિંદાદિ કરે. અધર્મની પણ નિંદા કરે. અને વડવાનળ જેવાની પણ નિંદા કરે. સાખી છે કે **'નિંદા કરતા મત મરો, મરો હમેશા પૂત, સામા કુ પાવન કરે પોતે સરજે ભૂત.'**

આમ ભજનને સુખે સુખીઆ હોય તે નિંદા તો કોઈની કરે જ નહિ.

ફક્ત વિષયની નિંદા તે પણ સમજે એવા હોય તેની આગળજ કરે. બધા આગળ નહિ.

નિંદા કરે નહિ, પણ ઉત્તમ સુખ ભજનનું તે આવે એટલે વિષય સુખને એની મેળે મુકી દે. મધ્ય ૪ જીવ દશાવાળાને સમજાવે–મુક્ત હોય તે એની મેળે મુકી દે. મુક્ત હોય તે કહે 'મારે તો અખંડ ચિંતવન કરી એકાંતિક ભક્ત થાવું છે.' મધ્ય ૪/૨ એમ કળે કરીને વાળીએ પણ નિંદા તો કરે જ નહિ માટે જીવદશાવાળાએ ફક્ત સમાગમ કરવો જોઈએ. તે પછી સ્થિતિ વધે. સો રૂપીયા હોય તો પછી વધારે કમાવા નહિ તો તે ખવડાઈ જ રહે. મધ્ય ૬૨. અર્ધી ઘડીમાં પાપ ન બળે નિંદાના કરનારનું પૂન્ય બળે અને પાપ લાગે. પછી પૂન્ય વધે નહિ. નવું વળગે. ભૂત થવા જાય. એવું

કલ્યાણ થાય. વિષયની આશ બાંધી છે તેથી નિંદા થાય છે. અને તેનું કલ્યાણ પછી ભૂત થવાનું થાય. જીંગોડો ગુરુ થાય અને કુતરા થાય ચેલા. જગતમાં કુતરાનો ભાગ કાઢે છે અને ગુરુનો નહિ.

'માવજી મુજ પર અઢળક ઢળ્યા' 'ધર્મકુંવર શ્રી કૃષ્ણજી તમે ભક્તપતિ ભગવાન.' 'પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ' એ કીર્તન ગાયાં.

ભજનને સુખે સુખી થાય ત્યારે સ્થુળ સુક્ષ્મનાં કર્મ અડે નહિ. સાળંગપુરના ૧૪ મુજબ મહેતાજી એકડે એક બોલે. તેથી તેને કંઈ ફાયદો નહિ. નીશાળીયાઓને ફાયદો, તેટલા માટે બોલે. સામાને ભજનને સુખે સુખી કરી મૂકે ત્યારે ભજનને સુખે સુખી કહેવાય. મહેતાજી બોલીને કરી જુવે ત્યારે મહેતાજી જબરો કહેવાય.

છેલ્લાનું ૧૭. ભજનને સુખે સુખીયો થયા પછી તેનું શું પૂન્ય પાપ. તેને તો ભગવાન ભૂલાય તે જ પાપ-ભરતજીની પેઠે અને સાંભરે તે પૂન્ય. બીજું પાપ પૂન્ય રહ્યું નહિ. સાળંગપુરના ૧૪ ઉપરથી રાખે બીજાના સમાસને માટે, અભિમાન નથી તે જાણીને તો ભૂંડું કરે જ નહિ. તે પાપ કરે શું? અયોગ્ય ક્રિયા કરી હોય તો તે બીજાએ કરવી નહિ એ શિક્ષાપત્રીમાં છે. સામા સારૂ, સારૂ સારૂ ખાય. પંચ વર્તમાન પણ લોપે-બહાર દૃષ્ટિએ-તોપણ કેટલાકને જડભરત શુકજી જેવા કરે. કારીયાણી ૩. ઉપરથી જોઈ પરીક્ષા થાતી નથી. ભેગા રહ્યા થકી જ થાય છે. વિષયને સુખે સુખી હોય તે કહે મન ખોલવું નહિ. અને ભજનને સુખે સુખી હોય તે કહે જાઓ ત્યારે જોઈ આવો. ''જડશે વાતુ જોતાંને, ખુબ ખરા હોય ખપવાળા રે તેને જોવું તપાસી.''

'કુતરું ખેંચે ગામ ભણી' ભક્ત એકાંતિક એક બીજાથી અધિક છે. તેમ ભક્ત પણ અધિક છે. પામર વિષયી ખાનારને આપનાર. બીજું ગુણાતીતાનંદ સ્વામીને દશાંશની વાતુ કરવાનું રઘુવીરજી પાસે કહેવડાવ્યું, તો કહે 'મને માનશે તો બીજે કાંઈ આપશે? પામરને વિષયી કાંઈ સારૂ કહેવડાવ્યું. કહો તો માથું કાપી કુવો ભરી દઉં પણ વાત તો દશાંશની ન કહું.'

સાળંગપુરના ૩. દેવને ધરાવવાથી પૂન્ય હોય તો માનસી પૂજાને પૂજાદિક બરાબર ન કરે.

મીડાં વાળે તે પણ વિષયીને પામર-અને બૈરી પરણ્યા તેને ઢીંગલા ઢીંગલીની રમત શા કામની?

હરખ થશે તો આપી જા. જ્ઞાન કરી દેવું છે તે સુખ છે ફળ પણ નહિ. માટે કહેલું નહિ. પૂન્ય નથી માટે તે ન કહ્યું.

મુક્ત મુમુક્ષુને તો વિષય ભોગવવા પણ નથી અને સામાને આપવાના પણ નથી.

સંતમાં સાચા સંત નોખા. સાચા સંત શાંતિ પમાડે. કથા વાર્તા કરી. પણ ખોટાં લક્ષણ હોય એટલા તેટલો ખોટો વિરૂદ્ધ-૧ નિંદા કરવી. ૨ પ્રવૃત્તિ વધારવી. નિંદા વાણીમાં લાવવી. પ્રથમનું ૫૩. દહાડે સુવે પછી બળદ રહે તેમ ઢોડો કરી દેખાડે. ''ભાવતાં ભોજન જમતાં અનેક વિધિનાં અન્ન જી, તેરે માગણ માગ્યા ટુકડા ભિક્ષા ભોવન ભોવનજી-જંગલ'' સુખાળુ શરીર હોય તેને નકામું.

હુકાની પેઠે ખાધા પીધાનું વ્યસન છે, તે મૂકે તો મુકાઈ જાય. સાધુ કંઈ હુકો પીતા નથી. પહેલાં બીડી હુકા પીતા હોય તેમ ખાધા પીધાનું પણ સુધારે તો વર્તમાન દઢ રહે. ખાધા સારૂં-પોથી સારૂં આવેલા તેમણે શબ્દ પડવા દીધાજ નહિ. ''પોઢો પ્રભુ સકલ મુનિ કે શ્યામ ગુન ગાવત આઠુ જામ'' વાદી પ્રતિવાદીના વકીલની પેઠે તકરાર બનાવે પછી તો ન્યાય કરે તેમ ભગવાન તો કલ્યાણ કરતા હોય તેમજ કરે.

વિષયીને અધીરાઈ પેસી ગઈ તેથી દશાંશ ધર્માદા માગે, નહિતો ખુટે તેમ નથી.

વિષયીને અને પામરને ખુશ કરે. મુમુક્ષુ હોય તેને ધુંધવાએલું રહે જે ક્યારે બ્રહ્મપોલ બહાર નીકળે પછી મન વાળે જેમ શાહુકારે નાત કરી લાડવા જમાડ્યા તે જોઈ ગરીબનો છોકરો માગે તો છેવટે લાઠીએ આવે, નીકર મારે.

મુક્ત થવામાં ત્રણભેદ લેણું વસુલ કરવામાં ત્રણ ભેદ. જેમ કે ૧. મુદત જાય. ૨. દેવાળીઓ થા. લેનારને દાવો કરવાની સત્તા ના હોય. તેમ શાસ્ત્રથી વિરૂદ્ધ જે જ્ઞાન ખોટું હોય. આગલી શાખ. મહારાજે કહ્યું જે આગલું મેળવી પછી પંત્યાળું કરે અથવા કહેનારો ખોટો અથવા લેનારો ખોટો.

ગુરુએ પામર વિષયીના શબ્દ મુમુક્ષુમાં ઠરાવ્યા તેથી વધે નહિ. તેમાં સમજાવનારાનો વાંક-સંતોષ પમાડે. હલકા શબ્દથી પામશે વિષયીના શબ્દથી જાઓ જોઈ આવો 'એમ કહે નહિ. તે શું કહે તો ૧. મુર્તિદ્વારે કલ્યાણ. ૨. આવી પ્રથા બીજે નહિ. ૩. હવે જોઈ લીધું છે. ૪. ખોટી સાક્ષી બતાવે.

તો પણ ખરો મુમુક્ષુ હોય તેને બળત્રા મટે નહિ. સાધનજ કરે કેમકે પૂન્યજ ખરૂં છે અપૂર્ણ મનાવ્યા કરે. (પોતે કહે મને વિતી છે) વડોદરામાં મહાપુરુષદાસજીનું મોઢું જોવાય જ નહિ. તેમ ભરવેલું હતું તે બહાર નાશી જાઉં. પછી મહાપુરુષદાસે મને જગામાં હડી મૂકીને સાંજના ચારથી સવારના ચાર સુધી ખુબ જ્ઞાન કર્યું, તેથી બળત્રા સમી. પછી બીજા સાધુની વાત પેઠી જ નહિ.

ગુરુ રોકે, નહિ તો પોતાની જ ભુલ હોય તે પ્રથમ ૫૯ હનુમાનજીમાં અપાર બળ હતું પણ જણાયું નહિ. સત્પુરુષ અને સત્શાસ્ત્રના અભ્યાસથી જણાવાનું.

શાસ્ત્ર બધું મારૂં કામ કરે છે. વિદ્યા ભણાવવામાં કસર જરા રાખતા નથી. પણ ફક્ત પ્રવૃત્તિમાં ભળ્યાં તેથી ખાળવાનો ઈશક રહ્યો. ચિંતામણી પોતા પાસે રહી નહિ અને મમતા કરી મઠ બાંધ્યો.

કોઈ મુમુક્ષુ હોય અને તે વાડામાં રોકાઈ ગયો તો તેને ફક્ત એકવાર અહિં આવી જવા કહે તો બહુ પૂન્ય થાય. કેમકે તેની બળત્રા સમી જાય. 'એક સમૈયામાં મને આવું થયું માટે તે ખોટું ખરૂં તપાસવા ચાલો' એવું ગરીબાઈથી કહેવું. એકજ વખત લાવવો. મારે મહાપુરુષદાસનું ઘણુંએ સાંભળવું નહોતું પણ-વળી કહેવું કે આપણે એનું જ્ઞાન સાંભળવું નથી પણ એકવાર જોવું તો ખરૂં. મહારૂં મન કેમ ભમી ગયું. માટે

તપાસો તો સારૂં, (મુમુક્ષુ હોય તેને માલ લેવાનો) વળી શાસ્ત્રી ન જાણે તેમ કહેવું. ફરી જવું નથી એક સમૈયો છાનું આવવું. કહે તો કહેજો જોવા ગયા હતા. અમે ક્યાં ફસાઈ પડીએ એવા તમારા ચેલા છીએ?

ખાંડ ઘીનો ખોરાક ખાય અને તમો ગુણ ના વ્યાપે ઉંઘ દબાવે નહિ તેને જમાડવો તેનું પૂન્ય, નહિ તો પાપ લાગે. અંધકાર વ્યાપે પ્રથમ ૬૦ માટે અન્નનું દાન શાસ્ત્રમાં કહ્યું છે.

છેલ્લાનું ૩૧ - જીવમાં તેવી બહાર મુર્તિ દેખાય છે અને તે જ અક્ષરધામમાં છે પણ સ્થાન પ્રમાણે જણાય છે નેત્ર કંઠે હૃદય જીવમાં.

સાધુને ઓગલે ઘી જાય તેવું તે જમાડવું તે ઉપર મુજબનાને બીજા ને જમાડે તો પાપ. ફક્ત અન્ન જ આપવું.

પંચાળાનું ૧ સારા વિષય તે ભુંડાથી પણ ભુંડા થાય. સારૂં ખાધાથી અંધકાર વ્યાપે તેથી ભુંડાથી ભુંડા ધ્યાનને રસ્તે ચાલતો હોય તેને સારા પદાર્થનો અભાવ રહે. મન મુંઝાય.

જીવની વૃત્તિ આત્મારૂપ થઈ નથી માટે ત્યાં સુધી નહિ. ઇન્દ્રિય આકારે તથા અંતઃકરણ આકારે વૃત્તિ છે (ઝવેરભાઈ કહે) મન દ્વારા બ્રહ્મનો સંગ કરે ત્યારે બ્રહ્મનો ગુણ આવે. એમાં એક ઘાંચ છે ગુરુને વિષે સમભાવ આવે છે તો અટકી જાય છે. ઝવેરભાઈ કહે મને તો માયિક ભાવ ટળી ગુરુની મુર્તિ જ ભગવાન દેખાય છે માટે થવાની આશા નહિ. ભસ્માસુર ભગવાનને મારવા તૈયાર થયો. માટે કોટિ કલ્પે જેનાથી બે અક્ષર શીખ્યા તેના સામા થવું નહિ.

સવાલ-પ્રકાશ વધી રહ્યો છે કે? ઉત્તર-શું જણાય. કેમકે અમાપ છે. ત્યારે કહે અમાપ છે પણ વળી મુર્તિમાન છે માટે તે અક્ષર અમાપ ભારે જણાય માપ માન્યા પછી રૂપે થાવું તે તો ગુજરાતી સાત ભણ્યા પછી અંગ્રેજી સાત ભણવા જેવું છે શાસ્ત્ર

સામું જોઈએ તો તો હારી જવાય, તેમ છે. તે લેવા માંડીએ છીએ ત્યારે આ રહ્યું ઘટાકાશ, હૃદયાકાશ, મહાદાકાશ, ચિદાકાશ. ઝવેરભાઈને કહ્યું કે ભલા થઈને સમાધિમાં જાઓ તો જતા ના રહેશો. પાછા આવજો, નહિ તો અમારી વિદ્યા અધુરી રહેશે.

અમદાવાદનું ૧. દેખે ત્યારે નાસ્તિક ભાવ જાય. પણ તે પોતાનું કરવું અને કરો ત્યારે અહંગ્રંથિ ગળે તે થાય. મુંબઈવાળા વાણીયાએ દીઠું તેને પોતાનું માની બેઠો પછી. અદૃશ્ય થયું ત્યારે ગાંડો થઈ ગયો. દુકાનમાં રૂપીયા જોયા તે પોતાના માન્યા તો હેરાન થયા. પોતાના હોય રૂપીયા ત્યારે આનંદ થાય.

અમારા (પુરુષોત્તમ મહારાજ) ગુરૂ (પ્રાગજી મહારાજ), તેમના (ગુણાતીતાનંદ સ્વામી), તેમના ગુરુ (શ્રીજી મહારાજ), ચાલતી પ્રથામાં (રામાનંદ સ્વામીની) ગાદી પર બેઠા. તેથી ચોખ્ખી વાત જ ન કરી. દબાયેલા રહ્યા. છુપા છુપી વાત કરે. માટે આ વખતેજ પ્રથા કાઢી નાખી. ઉડબંગ વર્ત્યા, જેથી ચોખ્ખું કહેવાય.

દેહના પદાર્થ સ્ત્રીના ઘાટ ખોટા કરવા. તે શું તો ભજનમાં તે વખતે આડા આવે નહિ પછી તો તેમની જરૂર પડશે અને જોઈએ જ. એમાં બાધ નહિ મન ઉભું રહે તો પણ થાકી જાય. અને કામ કરીને પણ થાકી જાય છે માટે ભજન કરવું તે વખતે સંભારવા નહિ. સાંભરે ત્યારે કામ કરવું. તે વખતે કામ પત્યા પછી પાછું ભજન કરવા માંડવું. એણ મંડ્યા રહેવું.

તપ-માયિક સુખ ન ભોગવવું તે પણ સુકાઈ જવું તે નહિ. તેણે કરીને સિદ્ધ દશા આવે છે.

મનને છેતરીને સુખે સુખ કામ લેવું. ભજનમાં થાકે તો કથા કીર્તન રાખવું, નહિ તો જડભરતની પેઠે રાજ્ય મુકી પછી ૧૫ દિવસમાં ધ્યાન કરતાં ધરાઈ જવાથી મૃગલામાં બંધાઈ ગયા.

ચરિત્રરૂપી ફુલને વિષે મનને વાસવું-પ્રથમનું ૩૮-ભુખ માગે ત્યારે જેમ જેમ ધ્યાન ભજન તથા કીર્તન કરતાં મનને અકળાવવા દેવું નહિ.

ભગવાનની મનુષ્ય મુર્તિમાં વૃત્તિ જોડાય તેમ તેમ નિર્ગુણ વૃત્તિ થાય અને હૈયાની હાટડી ઉઘડે. તે જ્ઞાન લેવા જવું પડે નહિ. અંતરજામી પણે અમે કહીએ તે સંભળાય. પ્રત્યક્ષ મુર્તિમાં દૃઢ નિષ્ઠા જોઈએ તો સર્વ કામ સરે 'એક મતે આપડી' પ્રથમથી ૪ સુધીમાં ભૂખ તરસ લાગતી જ નહિ.

પરિક્ષિતે ઋષિના ગળામાં માનથી સર્પ નાંખ્યો પાછળથી કથા સાંભળીને તે સંશય કર્યો તે વિમુખ કહ્યો (પ્રથમ ૭૨/૨) માટે મનુષ્ય ભાવ આવવા દેશો નહિ. ભગવાન માન્યા-જેમ જમાઈ માન્યા તો તે દીકરીની ફાવે તેમ મશ્કરી કરે તેની ખોટ કાઢે ચાલે નહિ. ઉધવજીને ભેગા કુબ્જાને ઘેર લઈ ગયા હતા તો પણ સંશય થયો નહિ. (મધ્યનું ૧૭/૧) એમ સમજણ કરે. જીવમાં રહીને ભોક્તા જ છે તો પણ દેખાયું તેમાં શું સંશય કરવો? મોટા માણસ સાથે બને નહિ તેનું કારણ એ કે તેને રાજ્યનો ને ધનનો મદ હોય વડતાલનું ૧૬.

ધર્મ માત્રનું સારાંશ વૃત્તિ સ્થિર કરવી તે. મુકત, મુમુક્ષુ, વિષયી, પામર ચારે ચાર જગ્યાએ વૃત્તિ સ્થિર કરે છે.

મધ્યનું ૧૭. ભગવાનની મુર્તિમાં તત્વ છે કે નથી તેવું ચુંથણું કરવું ગમે નહિ. આજ સુધી સાંભળ્યું હવે એ શબ્દ નવા નવા થવાના.

સંવત ૧૯૭૪ માગશર સુદ ૪. મંગળવાર.

"દુરીજનના સંગથી દૂર રહીએ" શ્રીજીમહારાજ બીજાની પ્રથામાં બેઠા. મુક્તાનંદસ્વામીએ માન મૂકી રામાનંદસ્વામીનો સમાગમ કર્યો. પછી મહારાજ આવ્યા તેમણે સમાધિ કરાવવા માંડી તો - સત્સંગમાં ન થાવું ફેલી-ભક્તચિંતામણી પ્રકરણ ૪૯. ટુંક ૫૪. ગુરુ સંતને ભજવા શ્રીહરિ જે સાક્ષાત. ઘાંચો આવે પછી મનુષ્ય ભાવ આવવા દીધો જ નહિ. હાથ જોડીને ઘણા પ્રશ્ન પુછતા. મનુષ્યભાવ દેવું

છે. દિવ્યભાવ તે લ્હેણું છે. ૧. સત્તા જોવી. ૨. પ્રભુ સાથે મેળવે છે. ૩. પોતાના દોષો ટાળવા. ૪. સામાના દોષો દબાવી પ્રભુને મેળવી દે. ૫. કર્તા થકા અકર્તા છે. નિર્વિકલ્પ ભાવમાં એ શું ભક્તિ. મોટા પુરુષના દોષ તો ન જ જોવા. પણ સાધારણ જીવના પણ ન જોવા. દત્તાત્રયે વેશ્યાના ન જોયા ગુરૂ બીજા નકરવા પણ મુક્ત મુમુક્ષુએ તો બદલવા. દત્તાત્રયે ચોવીસ ગુરુ કર્યા. જો અવગુણ લેવો તે જોયો અને સંગ નથી પણ કહ્યા નહિ જેવો હશે તે જણાશે અંતરની આંખ ઉઘડશે વર્તમાનમાં ફેર હોય તો અવગુણ જોવો. (છે. રા. પ્ર. ૫૩) ને પામરને વિષયીને જ મુમુક્ષુ અવગુણ લે તો પછી ત્યાગ કરી બીજો ગુરુ શોધવો. અવગુણ કહે તો તો શો બાધ આવે જે મધ્યનું ૨૭. કોઈ પર મલીન ઘાટ કરવો નહિ. ગરીબ પર મલીન ઘાટ થાય તો પછી ભગવાન પર પણ થાય માટે મોંઢે કહેવો નહિ. ત્યાગ કરવો. મહાનુભાવાનંદસ્વામી આદિકનું અપમાન થાવા દેશો નહિ. (પ્રથમનું ૭૮/૨૬) મોટા કર્યા છે એમ થા થા થાબડી કરી, ભેગું ન ભળવું. પછી મુક્તાનંદસ્વામીએ મનુષ્યભાવ આવવા જ દીધો નહિ. બધાં પ્રશ્ન હાથ જોડીને પૂછ્યાં. મહીંના સંત ભાગી ગયા, એટલે ગાડી અટકી. હવે ફરી ઠેલે ત્યારે એમ કહી વિચારી રહ્યા. પછી પુછ્યું જે શાસ્ત્રી પાસે કેટલાં વર્ષથી જાઓ છો? ત્યારે ગણપતરામ કહે જે બાવીસ વર્ષથી. વળી કહે ભેગા ભેગી બંને જગાએ આવજા રાખી હોત તો બેય વિદ્યા ભણી ગયા હોત. તેથી તો અમે વરતાલના સમૈયાથી નોંખા રાખ્યા હતા, વિષયી જીવોને ખાળી રાખ્યા.

**પામરની સેવા. ભક્ત કેટલા પ્રકારના.**

૧. આ કોઈમાં ભગવાન માને તે. ૨. મુર્તિઓને માને તે. કનિષ્ટ હોય તેને માતા. મધ્યમને રામચન્દ્ર, ઉત્તમને કૃષ્ણાદિક નારાયણ. છેલ્લા અવતાર નવે અવતાર સાવ ઉતરતા. ૩. ગુરૂ રૂપ હરિને મળે તે છેલ્લો નવો અવતાર. દીવા જેવો, મશાલ, વિજળી વડવાનળ.

**પામરના ભાગ ચાર – નદી તળાવ, આરા મુખની જાત્રાવાળા**

૧. દેવ મંદિર હોય તો પણ જાય. ૨. ઝાઝા મનુષ્ય ભરાતાં હોય ત્યાં. ૩. અંતરજામી ભગવાન ને માનતા. ૪. આકાશના ભગવાનને માને આત્મામાં પરમાત્મા માને તેના ચાર ભાગ.

૧. બહાર ભગવાનને પ્રગટ માને દેહ રૂપ થઈને ૨. આત્મામાં પરમાત્મા

માને. ૩. પોતે વૈરાટ ઈશ્વરરૂપ માનીને પરમેશ્વરને માને. ૪. અક્ષરરૂપ માની પુરુષોત્તમને માને.

**સેવામાં ત્રણ ત્રણ ભેદ,**

૧. પામર ભક્ત હોય તે જમાડે. ઉપલી ચાર જગ્યાએ ગામમંદિર આકાશના ભગવાનને ગમે તે માણસ જમાડે. વિષયી ભક્ત હોય તે એક ભગવાનને જમાડે. ધોળાને નહિ. ૨. દેવમંદિરમાં લખણી ૩. દશાંશ કાઢે. ૪ દેહની સેવા કરે. વગર માગે માથુ દાબે તેવાને જમાડે.

**મુમુક્ષુની સેવાની રીત :-** ૧. ગુરુ હોય ત્યાં ભગવો હોય તે માગી ખાય. ધોળો કમાઈ ખાય માટે આપણે આપણી ખોરાકી એકઠી કરી દેવી પોતે પોતાનું ખાવું એ સેવા એ કાંઈ દશાંશવાળાને નહિ. દેવમંદિરવાળા નહિ. ઘર હોય માટે ત્યાં જવું. તથા ત્યાં રાખવા.

૧. ખર્ચનો ઘસારો દેવો નહિ. ૨. ખોટા સગા (વિવાહ પ્રસંગે ખાઈ જાય તેમ) સાચા સગાને પણ ખવડાવવું છેલ્લાનું ૨૧. દઢ સાચા વૈષ્ણવ તે જ અમારા સગા વહાલા છે, તેજ નાત છે, માટે એ બેયની. ૩. સ્થિર જણાણા તેવા. ૪. કીર્તન ગાય છે મધ્ય ૨૯ મુજબ મુક્ત મુમુક્ષુ ભેગા રહ્યા માટે ગુરુના આશ્રયમાં રહ્યા.

નાનો છોકરો હોય તે મા ભેગો સુઈ જાય તે પછી મોટો થાય તો પણ સુવે કે શું? તેમ પામર વિષયીને દેવ. પછી મુક્ત મુમુક્ષુને અણુઅણુ પ્રત્યે અંતર્યામી દેવમાં જ છે એમ કાંધા કર્યા . એક મુસલમાન ગુરુના બે ચેલા. એક બકરૂ હલાલ કરી લાવે તેને ગાદી સોંપે. નકારામાં નકારી વસ્તુને પહેલો લાવે તેને બેસાડે. ૧. વિષયી ભાવવાળો ખાવા સારૂ આવેલો અને પેલો ૨. દેહ જ નકામો છે. કલ્યાણ સારૂં આવેલો. તે કેમકે ખાંડ સાકરને દેહ બગાડી નાંખે છે અને વિષ્ટા કરે છે. પછી કંકોત્રી લખીને ચેલા ભેગા કર્યા અને કહ્યું આ બીજો ચેલો મુમુક્ષુ છે અને ગાદીએ બેસાડવા યોગ્ય છે. એક તે દેવમંદિરમાં બકરો ન માર્યો પણ છૂપો બીજે જગ્યામાં માર્યો.

નાતમાં રહ્યા તે બીજાને જમાડવા પણ પૂન્ય નહિ. તેમ મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામી પ્રાગજી ભગત રહ્યા અને સેવા કરાવનારે દાવો બાંધ્યો. વાદી એક કહે મેં રૂપીઆ ધીર્યા છે. પ્રતીવાદી કહે મેં તો ઘરજ જોયું નથી. સાક્ષી મરી ગયા.

તો ઉપાય શા શા કરવા? પછી મુદતો પાડી. જવાબમાં નીકળી આવ્યું પછી દાવો ચલાવ્યો. તેમ અભિપ્રાય જોવા સ્વામીની વાતુમાં છે કે એક જણ રૂ।. ૫૦૦ મુકી ગયો, તે ઘટી ગયો. અને બીજે તેના ઘઉં ખાઇ સમાગમ કર્યો તે વધી ગયો. સાળંગપુરનું ૩. હજાર રૂપીયા ખર્ચી અન્નકુટ કરી ધરાવ્યું. એકે તો મનમાં ધરાવ્યું તે બેય સરખા ફળ જવાનું નહિ. પણ અનેક જન્મમાં મળશે. પામરને વિષયની સેવા ખરી. (જૈન શાસ્ત્ર) સારાં કર્મ અને ભુંડા કર્મ એ બેય ભોગવવાને માટે, કર્મથી રહિત થાય તો કેવળી થાય, માટે બ્રાહ્મણ સાધુને જમાડે નહિ, ભિક્ષુકને ચપટી આપે. ધર્મ છે આપણામાં પુન્ય કરી અમરાપુરી સુખને પામે-મહાલકારીએ મહેતાજીને ત્યાં શાક મોકલ્યું તે નકામું જાય અને જો તે કાંઈ કહે તો અવળું ફળ મળે. પાપનો ભાગ આવે. માટે મુક્ત મુમુક્ષુના પૈસા દેવમંદિરમાં જાય તો જન્મ લેવરાવે. આકાશમાં ભગવાનને લેખે તે તો પામરની સેવા, તે તો શેઠની હવેલી બળી ગઈ. તેમ વખતે થાય.

મધ્યનું ૪૦ ભગવાનના ભક્ત કહ્યા. માતા મુર્તિના નહિ. જેમ સાચા સદ્‌ગુરૂના કહ્યા ત્યારે ખોટા પણ હોય જ ભજનના સુખે સુખી તેનામાં બધાં લક્ષણ ઉતરે તે કાંઈ માગે નહિ ન હોય તોયે જેને મહારાજ વળગ્યા હોય તેમાં ભગવાનના બધા ગુણ ઐશ્ચર્ય સમાધિ હોયજ તેમ બધી ક્રિયા કરે માયિક અમાયિક બધા ગુણ હોય. ભક્તમાં તો જેવી ભક્તિ તે મુજબ ગુણ આવે. દીવા જેવા મશાલ જેવાની તો ના જ પાડી. વિજળી જેવામાં બે ભેદ (એકતો) જ્ઞાન તો હોય પણ કોઈ કારણસર વડવાનળથી છેટુ રહ્યું તો એટલેથી અટક્યો. ભણી રહ્યો પછી ત્યાંથી કંઈક ચાલે નહિ. શાસ્ત્રને આધારે ભક્તિરૂપ માની ચાળે ચઢી જાય. ભરતજીની પેઠે મૃગલું પાળ્યું એ ધર્મ સમજ્યા, તે ચાળે ચઢી ગયા. ઝાલે અને દોડાદોડ કરે. બીજો દુર્વાસાએ ક્રોધ રાખ્યો તે સારો જાણીને રાખ્યો પણ એમ જાણ્યું નહિ કે મારૂં પૂન્ય બળી જાય છે, એવું જ્ઞાન ન રહ્યું. (ઉપરનો ગુરૂ મળ્યો નહિ.) પછી પોતાની ભક્તિ અટકી. પછી બીજો જે તેને વળગે તેની પણ અટકાવે. માટે ભરતજીની પેઠે દયા નહિ કરવી એમ કહ્યું.

અકળ મુર્તિ વળગી છે માટે કળાશે નહિ. શિંગડે ખાંડો અને પુંછડે બાંડો પણ જેમ જેમ સહેવાસ થશે તેમ તેમ હીરાની કિંમતની પેઠે થશે. આ પુતળા જેવું બ્રહ્માંડમાં ક્યાંય નથી એમ થશે.

વડવાનળ હશે તે સામાને વિષય ઝેર જેવા કરશે. સામાને બ્રહ્માંડ જેટલું જમાડી દેશે. સામાને સમાધિ કરાવે. પણ પોતે કંઈ નહિ કરે. પણ તેની કૃપાથી થયું એમ બીજાને કહેશે. કેમકે સામો વિષયને સુખે સુખી છે તેથી તેને જન્મા પછી વળી જમાડી દે. વિજળી જેવો-ભજનને સુખે સુખીઓ તે વિષયને સુખે સુખી હોય તે પોતે કરે. સામાને કરાવતાં આવડે નહિ. પંચવર્તમાનમાં ફેર તેટલો વિષયને સુખે સુખી કહેવાય. જ્ઞાનીના સ્વભાવ સુપડા જેવા-અવગુણ કાઢી નાંખે. અજ્ઞાનીના ચારણી જેવા ગુણ કાઢી નાંખે. ''તીર્થ ગયે ફળ એક હે, સંત મીલે ફળ ચાર, સદ્ગુરુ મીલે અનંત ફળ, કહત શાસ્ત્ર વિચાર.''

''સ્વામી મળવા સોયલા, દુર્લભ મળવા દાસ,
જો મળે દાસ, તો બેસાડે પ્રભુની પાસ.''
''ખાદી મલમલ બાસતા, તીનુકા એક ગોત્ર,
ડગલે ડગલે અશ્વમેઘ યજ્ઞ, એમ કહે શ્રીભગવાન.''

મશાલ જેવા, તથા દીવા જેવા હોય તેનો સમાગમ કરીએ તો ઘરનો તાપ થયો. વિષયને સુખે સુખી થયા હોય તે કથા વાર્તાની ભુખ લાગે તે મટાડે. પછી તેની વાત ફીકી લાગે. નવો નવો સ્વાદ આવે નહિ. માનને ચાળે ચઢી ગયા અને ભજનનું સુખ ઓલાઈ ગયું. પછી ઘેર જઈ આવીએ ત્યારે ફરી સ્વાદ આવે. ભૂખને લીધે અને ઓલાઈ ગયા ન હોય તેની વાતથી નવો નવો સ્વાદ હંમેશાં આવ્યા કરે. રજોગુણ તમોગુણ દબાય. માટે પરાયણ કરવું. ભક્તિ થાય. પછી જ્ઞાન થાય. પછી વધે અને વિજળી જેવા તથા વડવાનળ જેવા તો ઓલાતાજ નથી. માટે તેના સમાગમમાં નવો નવો સ્વાદ આવ્યાજ કરે પણ કંટાળીને તપવા જવું પડે નહિ. તે પણ સાંભળનારને આહાર મુજબ તેટલા કલાક સ્વાદ આવે. અને તે દિન દિન પ્રત્યે વધે. પણ ઘેર જાય ત્યારે જ ફરી ભૂખ લાગે. એમ નહિ. ફેરે ફેરે વધે. પહોંચશું તેવું થાય એમ વધે, એમ કરતાં દસ પંદર ફેરા આવે, તો મન તપેજ નહિ. દીવા જેવા અને મશાલ જેવા હોય પણ જો તે ઓલાયા ન હોય તો તેના સમાગમથી વધાય. (જે ઓલાઈ ગયા હોય તે બહોળે વરસે આવે.) અને વિજળી જેવા તથા વડવાનળ જેવા હોય તે આગ્રહ જ ન કરે. એક ફેરો કહ્યા પછી કહે મનને પુછી જેમ કહે તેમ કરો એમ કહે.

૧. દીવા જેવા ને મશાલ જેવા વિષય આપી આપી રાજી કરવા ઈચ્છે પણ પેલો કલ્યાણ સારૂં આવ્યો હોય તેથી મન ઉંચું રહે અને મુઝાતું જાય. અંધકાર વ્યાપે.

૨. વિજળી જેવાનાથી વિષય ખોટા થાય નહિ. છેક બાંડુ ન થાય અને ધ્યાન ધારણારૂપ ચમત્કાર ન હોય અને તેનું ધ્યાન ભજન પણ ન થાય. કેમકે સ્થિતિ નહિ. ઝબકારો થાય અને વળી મટી પણ જાય. માટે તે મુર્તિ ભગવાન ન કહેવાય.

ભગવાનમાંય વૃત્તિ રાખે અને વ્યવહારમાં પણ રાખે, ચળી જાય એના સમાગમમાં દીવા જેવાને મશાલ જેવાને સારૂં લાગે પણ મુમુક્ષુને અને મુક્તને સારૂં લાગે નહિ. કેમકે નિર્ગુણ ભક્તિમાં એ વધ્યો નહિ. ફક્ત ઘણે જન્મે ફળ મળે એવી ભક્તિ વધી (ધર્મનિષ્ઠા વધી). મંદિર કરવામાં, દેવ પધરાવવામાં બેયને કરનારને અને પામનારને ઘણા જન્મે-માટે (નહ્યામિ મયા તિર્થની) વિજળી જેવા હોય તે ભજનને સુખે સુખી કરે પણ મુક્ત કરે નહિ.

વડવાનળ જેવા તો મુક્ત જ કરી દે. ધ્યાન ધારણા સમાધિ, તૈયાર રોકડો હિસાબ-ભેગો થયો જોઈએ-એની જોડે કાંઈ નહિ. દુનિયા બધીમાં ભગવાનજ વળગ્યા. એટલે નવાઈ નહિ. પામર નહિ. ભગવાનના જેટલું જ શ્રીજી મહારાજ ગઢડામાં હતા તેમ તેના તેજ અપાર અકળ મુર્તિ, વેદ શેષજી પણ કહેતાં થાકી જાય. જોતાં જોતાં જીવ થાકી જાય. ઉધારાની વાતજ નહિ. ધણી માટે રોકડો હિસાબ.

સંવત ૧૯૭૪ માગશર સુદ ૬ બુધવાર

ધર્મનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા, જ્ઞાનનિષ્ઠા, ભક્તિનિષ્ઠા પ્રવર્તાવી છે. મન પ્રથમ જેમ જેમ સમાગમ કરતાં કરતાં સાફ થશે. તેમ તેમ અદ્રશ્ય વસ્તુ દશ્ય થશે અને નવું નવું જ્ઞાન સમજાશે તેમ તેમ જગત લુખું ખોટું પડશે તેમ તેમ પ્રવૃત્તિ ઓછી થશે તેમ તેમ નિવૃત્તિ આવશે. જેમ જેમ નિવૃત્તિ આવશે તેમ તેમ દેહ ઈન્દ્રિઓ અંતઃકરણ બેસશે. જેમ જેમ ઈન્દ્રિઓ અંતઃકરણ બેસશે તેમ તેમ સાળંગપુર ૧૭નાનું સુખ સામર્થી પ્રકાશ વૃદ્ધિ પામશે, તેમ તેમ મુક્ત પણામાં નિરસપણું આવતું જશે. પછી સૂર્ય જેવો થશે. પછી સૂર્યની દષ્ટિ પહોંચે ત્યાં સુધી દેખાશે. અમદાવાદ ૧. મુજબ ત્યારે નાસ્તિક ભાવ જશે ત્યારે મુક્ત કહેવાશે અને પછી જો ભગવાન કે ભગવાનનાં ચરિત્રમાં સંશય થયો તો પાછો ઘટી જશે માટે કૃતઘ્ની (ભસ્માસુરની પેઠે થાવું નહિ.)

દેણદાર કહે છે આપીશું, આપીશું પણ નહિ આપું એમ નહિ કહે પણ આપે નહિ. તેમ મન ઉપડે તો ગણપતરામ તમારે તો બોચાસણ જવું અને ત્યાંથી મન ઉપડે તો ખળ્યું રહેવું નહિ. કહેવું કે વ્યવહારીક કામ છે વળી ફરી આવીશું.

નૈમીષારણ્યમાંથી તો મનને ધારેથી ઉપડી જવું નહિ. તેમ જે મનને વાયદો કરવો જેથી બીજે દિવસે સ્વાદ વધારે આવે ત્યારે મન કહે ના ગયા તો સારૂં થયું. પછી એમ કરતાં બે ત્રણ દિવસ મન ઉપડેલું રહે તો જતા રહેવું. કેમકે ધરાઈ રહ્યું. આહાર ઓછો તેથી.

સમૈયામાં તો મન ન ઉપડે તો પણ આવવું. આડે દહાડે મન ઉપડે ત્યારે આવવું. આવ્યા ત્યારે મન દૃઢ કરીને રહેવું. અડતાલીસ કલાક સુખજ ન આવે ત્યારે ઉપડી જવું.

વસોના વિપ્ર વાલા ધ્રુવની છોકરી વ્યભિચારિણી હતી, તેથી તેણે પૂછ્યું. દેહને દેહના સંબંધીના અહંમમત્વના ઘાટ થાય છે. પ્રથમનું ૪૪. પૂર્વના દેહ જેવા માનવાનું કહ્યું કારીયાણી ૭. ગૃહસ્થની શી વલે? ત્યારે કહે ચોરાશી લાખ જેવા માનવા.

ખોટ સદ્ગુરુ ચાર. સાચવવાનું કહ્યું, નહિ તો ભાગી જશે.

અવગુણ આવ્યા પછી દોષ હોય તેટલા જણાય. મધ્યનું ૪૪. એમ મુક્તાનંદે કહ્યું તેમાં નજર પડી નહિ. પંચાળાનું ૧. કાગળ મુજબ બુદ્ધિ જણાય. ધર્મનિષ્ઠા, જ્ઞાનનિષ્ઠા, ભક્તિનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા, દેહ ઈત્યાદિક ક્રિયામાં આવી જાય.

હવે મન કર્મ વચને- મન કર્મ વચને ભગવાનના ભગત છે અને મનનો અર્થ

અમે હંમેશ દેહ જેવો પણ કર્યો છે અને જે ભક્ત મન કર્મ વચને ભગવાનનો ભક્ત થયો, પછે ભગવાનનો દેહ હતો તેમ ભગવાન પેલા મન કર્મ વચનવાળા ભગતને આપણો માને અને દેહને જાણી આવ્યો છે જે જે ભગત આવે તેને દેખાડે છે. દેહ ઈન્દ્રિઆદીથી ધર્માદિક નિષ્ઠા પ્રવર્તી આવી નિષ્ઠા આવે. ધર્મ નિવૃત્તિ પ્રવૃત્તિ ભક્તિ પણ નીવૃત્તિ પ્રવૃત્તિ.

સમાધિની વાત નિવૃત્તિની ચાર નિષ્ઠા. દેહ હાલે ચાલે નહિ એ ધર્મનિષ્ઠા. હું અક્ષર છું એ જ્ઞાનનિષ્ઠા. સંકલ્પ કાપે ધર્મ અધર્મના એ વૈરાગ્યનિષ્ઠા. હેતે સહિત ચોંટી જવું એ ભક્તિનિષ્ઠા.

સાંખ્ય વિના માનવું નહિ કેમકે હું ખોટો પડું તેની ફીકર નહિ પણ મારી વાત ખોટી પડવી ન જોઈએ. નહિતો મન કે અંતઃકરણ તર્ક કરે ત્યારે મહેનત નકામી જાય. હવે એ ચારે સાધન ક્યારે પુરા થયા જણાય તો ફળ મળે, મુર્તિ આપણી સાથે રહે અને વશ રહે. ફાવે તેમ કહીએ તેમ કરે. એકાંતિક ભક્તિએ કરીને ભગવાન પમાય છે.

વડતાલનું ૧૯ ભક્ત ક્યારે થયો તો જે જે મનોરથ કરે તે સત્ય થાય. જેમ ચિંતામણી રાખે તેમ લવ સત્સંગ તે આવી રીતે ભગવાનમાં વળગે તે.

પ્રથમનું ૭૦ બહારના સત્સંગથી કર્મમાં રામપાતર હશે તો ખાવા મળશે અને વ્યવહારે દુઃખ આવવાનું હોય તે મટી જાય. વડવાનળ જેવાથી છેલ્લાનું ૩૯. સત્સંગી આત્મા પરમાત્મા ભાસે જોશે અને બીજા - વિજળી મશાલ દીવા જેવા નહિ.

પ્રવૃતિ ધર્મના આચાર્ય, સંતરૂપી આચાર્ય, દેહે કરીને ભગત બનાવે જ. આચાર વિચાર શાસ્ત્રે કરીને સાધારણ ગુરુને ઓળખે, તેવું જ્ઞાન બતાવે. વિજ્ઞાન કર્યું છે તેવું કરે અને કરાવે. ત્રણ નિશાળો કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ નીકળવાની છે, કાચા વિજ્ઞાની બ્રહ્માંડના લોકમાં જે પદાર્થ હોય તે આ હાથે ગ્રહણ કરે. તે સિવાય તે કાચું. પાકું વિજ્ઞાન અક્ષરરૂપ થઈ પુરુષોત્તમ દેખાય તેનું નામ.

કદાચ સાચા ભગવાનના ભક્તને કસર હોય ત્યાં સુધી અવગુણ દેખાય પણ

મનમાં ધરવો નહિ. કેમકે તેને લાભ ઘણો થાય છે તેમ ખોટ જતાં કંઈ રહે એમ સમજી-

अन्य क्षेत्रे कृतम् पापम् तीर्थ क्षेत्रे विनष्यति।
तीर्थ क्षेत्रे कृतम् पापम् वज्रलेपो भविष्यति।।

ધર્મવાળો હોય ગમે તેવો પણ જો અહિંયાંનું ભૂંડું બોલે તો તેને મોટું પાપ થાય છે તે પૂન્ય બળી જાય છે. વડતાલ ૧૪ પ્રમાણે સાચા ભગવાનની સામું પગલાં ભરે છે તે સુધરશે, કેમકે પૂન્ય જબરૂં થાય.

મધ્ય ૧૩. બધાય સરખા છે તે આમ કે આમ બધાને સરખા કરવા. મુક્ત થવામાં પાપથી મુકાવામાં સરખા પણ જ્ઞાનમાં સરખા નહિ. માટે મોટા હો ને વાતમાં સમજતા હો તે આગળ આવો.

પ્રથમ ૯. અપૂર્ણપણું ન માનવું તે ત્રણેય અવસ્થામાં ભગવાન પ્રગટ ભૂલાય નહિ. ગમે તો વૃત્તિ રાખે અથવા રહે પણ ત્યારે માનવું અને ભગવાનમાંથી વૃત્તિ ખંડન થઈ એટલું અપૂર્ણપણું માનવું. પ્રથમ ૭૧ પ્રમાણે દેખાયાની ઇચ્છા રાખવી નહિ. એકતાર વૃત્તિ રાખવી. અગત્ય કરજો. વળી જે ઇચ્છા રાખે છે તે અજ્ઞાન છે. કોઈએ જોયું છે, વિશ્વાસ થતા અથવા ગાડીએ બેસે તો તરત કેમકે વાત ગણકારી નહિ. પ્રથમનું ૧૭ હિંમત રહિત વાત કરે તેની સાંભળવી નહિ. મધ્ય ૪૮. અખંડ ચિંતવન થાય છે તેથી બીજો મોટો લાભ નથી.

મધ્યનું ૫૧ વિષયને સુખે સુખી હોય ત્યાં સુધી કામ ક્રોધ દ્વેશ પક્ષપાત બધું કામનું. ભજનને સુખે સુખી થયા પછી કામ ક્રોધાદિક નકામા સધવા વિધવાની પેઠે ચાંલ્લો, ચોટલો, ચુડો એ નકામો. મધ્યનું ૫૦. વડવાનળનું પણ તાન અક્ષર પુરુષોત્તમ ઉપર હોય. મધ્યનું ૫૨. સત્પુરુષની આજ્ઞાથી બહાર પડાય એ જ અસત્ દેશકાળાદિકનો જોગ થયો. સત્ પુરુષ કોઈ દિવસ એમ કહે નહિ કે દસુંદ ધર્માદા આપ કે ચાર રસોઈ આપ. ત્યારે શું કહે? કમાવું અને ખાવું એવું તાન હોય જયાં પામર વિષયીને સારૂં હેતની વાત દુઃખ લગાડી કહી એવું વિષયને સુખે સુખી હોય તે કહે કેમ

ન આપો લખણી? તમારે હેત છે કેમકે ધન કમાવું તેમાં પ્રવૃત્તિ બહુ થશે. તેથી શાંતિ ઓછી થઈ જશે. પ્રથમનું ૧૬. ભજનને સુખે સુખી હશે તે શું કહેશે? સંત કહે જે તું દેહ ઈન્દ્રિ મન પ્રાણથી જુદો છે. સત્ય છું જાણનારો છું. દેહાદિક સર્વ અસત્ય છે- એમજ વચન કહે તે પરમ સત્ય જ માને. પ્રથમ ૧૬.

મધ્ય ૫૪ યસ્યાત્મ બુદ્ધિ વેદ બોલાવી મણીભાઈને ઘેર ભાટડીમાં પ્રવેશ હતો તે વેદાંત, કુરાન બોલતી હતી મનુષ્યભાવ રાખે નીકર ભડકી મરે તેથી ભગવાન અને મોટા પુરુષ રાખે. મનુષ્યભાવ જાણીને દેવશંકર પછી બોત જેવા થઈ ગયા. પુરુષોત્તમ ભગત આગળ આવે સજ્જડ રહી જાય એમ ભાર પડી ગયો.

વિધવાને ખાય એટલું જ દ્રવ્ય હોય તો તેને ધર્મમાં પણ તે રૂપીયા ન આપવા. શિક્ષાપત્રીમાં છે તેમ ભજનને સુખે વ્યવહાર કરે તો કશું જોઈએ નહિ અને રૂપીયા કમાઈ કરવામાં એમ જાણી તેણે ધર્માદામાં ખર્ચવું નહિ. શ્રદ્ધા ઉપડશે ત્યારે કરીશું એમ માગે તો કહેવું. ભજનને સુખે સુખી હોય તે માગે જ નહિ. ત્યાગી માગી ખાય, ગૃહસ્થ કમાઈ ખાય. બે ગુરુ હોય તો (અગત્ય) ચિંતામણી એની પાસે નહિ એ વેગ ઉપડ્યો તે બેસાડતાં આવડ્યું નહિ તેથી માગે.

મધ્યનું ૬૯. નિસ્નેહીને ચિંતામણી પાસે. માટે તેમની સેવા મળવી બહુ દુર્લભ છે.

સંવત ૧૯૭૪ માગશર સુદ ૩. ગુરુવાર.

દેહ ભાડાનું ઘર છે. દેવનાં ગીરોનાં ઘર છે. અક્ષરધામ ઘરનું ઘર છે.

મધ્ય ૩૩. ભગવાન વિષયી જનના વેરી છે. ધર્મમાં નિષ્કામમાં ફેર પડે તો તેનું મોં બતાવશો નહિ.

મને ધક્કો માર્યો તેને ભગવાન વળગાડ્યા. ખેતરમાંથી ચોર તો સાચવ્યા. મ્હારો ભક્ત સુવે અને હું જાગું.

સવિકલ્પમાં હજારો ભુંડાઈને હજારો પરચા.

તાવ આવે તો માથુ દાબી આપીએ. કરોડો ઘણાં સુખ આપીએ છીએ. થડીયામાં ગળપણ ગયાં. ભગવાનનો વેશ કાઢ્યો હતો માટે કર્યું હતું.

હવે સંતનો વેશ કાઢું છું. મારો ભક્ત સુવે અને હું જાગું. મુને ભજે તે મુજ જેવો રે-એ બેઠો બેઠો ગાય ને હું સાંભળું. ઉભો ગાય તો હું નાચું.''

'નામ પામ્યો પણ રામને નવ લહ્યો-વૈષ્ણવ કેરૂ બીરદ ઝાલે, પુત્ર વિના જેમ ઘર વચ્ચે પારણું, વર વિનાની જાન.'' ''હરિને ઓળખ્યા વિના હરિજન થયો.'' વાત વડવાનળની જેમ ભૂખ લાગે. 'તું રે જાણ હવે હું હરિજન થયો.'' ''કીર્તન કહ્યું ઘણું ભાવ આણી. 'કરણી તો કાગની, હોડ કરે હંસની.'' પીંડમાં પ્રભુ તે પ્રગટ પ્રીછે નહિ. નરસૈયા જ્ઞાન વિના ન જાણીઆ.''

હું અક્ષર બ્રહ્મ છું ત્યારે તેમાં પરબ્રહ્મ દેખાય તેમાં મન ગળી જાય. મદ્યનું ૩૨ કુટુંબની વાસના થોરના જેવી છે. તે ક્યારે ગળે તો શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ જ પોતાનું રૂપ માને અને ભગવાનને ભજે ત્યારે જાય. (ભગવું કરે કે કીર્તનો ગાય એ ક્યાંથી ગમતું નથી). ઈન્દ્રિઓની તિક્ષણતા બ્રહ્મથી પર પરબ્રહ્મનું દર્શન થાય ત્યારે ટળે છે. ''મારા હરજીશું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ. ખાધું એટલે વટલાયા ઉંઘ્યા એટલે મરી ગયા.

સંવત ૧૯૭૪ માગશર સુદ ૮ શુક્રવાર.

ગુરુ કૃપાએ કૃપા કરી - કૃપા જે શરણે આવ્યો તેને પોતાનું કરીને આવો નરનારાયણ દેવની પેઠે, પોતે દુઃખ વેઠીને આપે. તેમાં કાંઈ પ્રભુના અર્થે આ લોક પરલોક બેય નહિ. વેશ્યા પર કે મારનાર પર દ્વેષ ન થાય. કોઈ પર ન થાય. પણ ખાળનાર પર થાય. કારણ કે પોતાને મજુરી નવે નામે પડી. ને તેને કંઈ સુખ નહિ.

પલાણે પણ મારવા આવ્યા હતા. ખાસો ખરા. પણ પેશાબ ઝાડો બંધ કરી આવજો ભીમ ખાય અને શકુની ઝાડે ફરવા જાય તેમ કર્યું. ત્રણ દિવસ પછી એક કીર્તન બોલ્યા. ત્રણ ચાર છોડીઓને સમાધિ થઈ એંસી ચેલાના એંસી દિવસ રહો એમ કુબેરભાઈએ કહ્યું, ત્યારે સામ, દામ, ભેદ, દંડ, ઉપાય કર્યા. ચોથે દહાડે રાત્રે મોરલી વગાડી અને મનડું હર્યું. સમાધિથી દિવ્ય ભાવ બદલાઈ ગયો અને મનુષ્યભાવ

આવ્યો. તેથી મોટેરાએ ભંગીયા પાસે તતુડું ફુંકાવી બધા ભેગા કર્યા. હથિયારબંધ રાત્રે કુબેરભાઈ કહે મને પહેલો મારો પછી એમને. પુનમભાઈ કહે હું પેહલો જાઉં છું. મુખીયાઓને ધારીયું અડાડ્યું કે ગામ નાકું. મુખીયાઓને છોકરે ખભે મને બેસાડ્યો. કોઈક મારે તો પણ બપોરે કહે અવગુણ આવ્યો તેમ હશે. એમ મેં કહ્યું હતું. પછી તો એંસી ઘેર પધરામણી રાત્રે કરી. ભગવાન તો શૂરવીર છે–કાયર છે. મધ્યનું ૬૪/૨.

સંતનાં તમામ લક્ષણ આવ્યાં ત્યારે ભગવાન વળગ્યા તે વળગ્યા. ત્યારે ભગવાનનો વેશ નીકળ્યો. આ ક્રિયા માણસની હોય નહિ. (પલાણા સાધીની). વળી ધ્યાન ધારણા સમાધિ તે પણ માણસનું કરેલું કામ નહિ.

ખાળ્યા હતા તેથી પુરણ સંતને પુરણ ભગવાન બેયને ઉપાધિ પડી. અને તે કરવાને અમારે આ લોક અને પરલોકની બંનેની કંઈપણ ઈચ્છા નહિ, તેથી કટાક્ષ થાય છે. માટે કોઈ મુમુક્ષુ બુદ્ધિવાળો હોય તેને લાવવો તેમાં મારે દાખડો ઓછો થાય. બળ કરીને પણ લાવવો.

''ખૂબ ખરા હોય ખપવાળા રે, તેને જોવું તપાસી, પડશે પારખું પોતાને જોતાને'' ''પછી ફર્યો હું સર્વ તીર્થ, કૃષ્ણ પ્રકટ મળે એક અર્થ.'' કપટી હોય તે પોતાનાં ખોટાં વર્તમાનને બીજાનાં સાચા આગળ ખરાં કરી દેખાડતો હોય એ ખોટો છે અને સાચા કરી દેખાડે છે. માટે જોયું કોઈ કહે કે ન ગયા અથવા નહિ આવો એવો ખપવાળો હોય તેનું કહેવું.

વસોના કાછીઓને કહ્યું કે અહિં તો અમૃત જ વહેંચાય છે. સંડાસમાં, રસોઈમાં, ન્યાતમાં બધે અહિં ભગવાનનો વાસો છે. તેથી અજાણ્યાને પણ અતડુ લાગે નહિ. કરોડો વર્ષથી ભોગવીએ છીએ. એ માનવાને પણ લાગે. કેમકે ભગવાન સૌના અંતરમાં રહેલા તે જ આ છે.

સભામાં સુવું નહિ. કોને તો જુવાન હોય ને તે સુવે તો ઉંઘ ચઢી બેસે. માટે

તેણે સુવું નહિ. પણ રોગી હોય કે વૃદ્ધ હોય તે સુવે તેની હરકત નહિ. કાન સાંભળે છે, નેત્ર જુએ છે, મન ચિંતવન કરે છે તો પછી સુતું કોણ? આમ સર્વદેશી ગુરુ મળે ત્યારે સુઝ પડે. એક દેશી હોય તે એમ હા પાડે કે સભામાં કેમ સુવાય? કર્મ કાંડી હોય તે એમ કહે કેમ કે ગુરુ આવ્યા જવાના માટે.

આત્મા ધરાતો નથી માટે ભગવાનનું સુખ અખંડ આવ્યા જ કરે છે. ફક્ત ઈન્દ્રિઓ, અંતઃકરણ માયિક છે તે ધરાઈ જાય છે.

ભગવાનને માયાથી પર જાણે તો તે તર્યો કહેવાય. પછી બે ત્રણ ફેરા આવે ત્યારે તેને માયાનું - રૂપ આડું આવીને આવરણ કરે જ. પ્રથમનું ૧/૨.

મનુષ્ય ચરિત્ર જોઈ ડગે નહિ તે ચોક્કસ રહે. બુદ્ધિવાળો ઝાલી રાખે કેમકે દિવ્ય ચરિત્ર જોયાં હોય તેથી ભગવાનના માબાપ વસુદેવ દેવકી હતાં તે મનુષ્ય ભાવ દેખે કે ફરી જાય પણ દિવ્ય ભાવ ઝાલી રાખે નહિ. માટે બુદ્ધિનું કામ પડે. 'ગૂઢ પરબ્રહ્મ મનુષ્ય લીંગ.'

કુતરા જેવો કામી હોય તેને વેગ ધીરજ રહે નહિ તેથી તે માણસ ધીરજ રાખે તેથી જોડે કુતરૂ એક મહીનો જ વિષય ભોગવે તો પણ કામી રહ્યો. કુતરા જેવો કામી હોય ને તે મોટા પુરુષને નિષ્કામી સમજે. પ્રથમનું ૫૮/૪. વડવાનળ જેવા, જેમાં ભગવાન વસ્યા હોય તેવાને, તો નિષ્કામી થઈ જાય. બીજે કંઈ પૈઠણ જ નહિ. પ્રાયશ્ચિત કરવાં ચાન્દ્રાયણ કરવા વિગેરે. ફક્ત દર્શન જ કરાય તેથી ને જાણવા તેથી ફળ. તેમ અમને માયાને તર્યા સમજો, તો તમોને પણ કામભાવ પછી ભજનમાં અંતરાય કરે નહિ.

નિશ્ચય થયો હોય તેણે નિશ્ચય રૂપ મતિ ફરવા જ દેવી નહિ. લોયા ૬/૩. માટે ફરતા હશે તો પછી એક વાર બે વાર ત્રણ વાર હરાજીની માફક.

મુર્તિવાળાથી આમ થાય. બાર ઓરડીઓનો વેરો લીધો તો ખોદી નાંખી. પછી અરજી કરી તેથી રૂપીયા પાછા અપાયા પણ વચ્ચે કારકુનને આપ્યા નહિ. તેથી એક વર્ષ પછી આવ્યા. ફરી અરજીથી તે ધણી મળ્યો નહિ એમ કરીને ના આપ્યા. મારૂં મોઢું ગળ્યું કરાવો તો આપું. એમ અમનને કહે. પછી ત્રણ રૂપીયા આપ્યા ત્યારે એકવીશ રૂપીયા મળ્યા.

જે જોઈએ તે ભગવાન થકી જ ઈચ્છે. વડતાલનું ૫/૨ પછી બ્રહ્માદિ દેવ, દેવસ્થાન કોઈથી નહિ કેમકે તે ભજન કરે તો મળે નહિ તો ખોટ જાય પંખી સિવાય કોઈ અવરની પેઠે થયો ફક્ત વ્યવહાર કરવાનું ત્યાં રહ્યું. મોક્ષનું તો ભગવાનને જ કરવું બાવટો બાજરી ઘઉં દેવ ખરા પણ ફેર મુક્ત મુમુક્ષુને તો તરત જોઈએ હજાર ઘણું અને પેલાંમાં મળે નહિ.

સરસ નરસ નિશ્ચય તો ભેળા રહ્યા થકી થાય છે. હવે ઝેરનું પારખું ના લેવું. તે શબ્દ વિરૂદ્ધ બોલે. વરતાલ ૫. ઉત્તમ લક્ષણવાળા ભક્તને ભગવાન ભેગી માનસી પૂજા કરી જમાડે. છ પ્રકારના નિશ્ચય હોય તો બીજાનું માનસી ધ્યાન થાયજ નહિ વ્યભિચારને પામી જાય. પાપ લાગે પકડી રાખે જન્મેલા ભગવાન અને પ્રગટેલામાં તો બેય આવી ગયા. બહાર બીજાને જમાડીએ પણ માનસીમાં નહિ. એકજ વડવાનળ જેવાને અક્ષર અને ભગવાન સાથે. કદાચ એ વાત સાચી હોય, તો તે પામરને વિષયની. કેમકે એને કોઈ સાથે વૈરબુદ્ધિ થાય નહિ પણ મુમુક્ષુને કોઈ કામ નહિ.

સંવત ૧૯૭૪ માગશર સુદ ૯ શનિવાર.

પ્રગટ ભગવાનની ઓળખાણ થઈ હોય તેને ભગવાન ઉપર કર્મ ફળ મળે ત્યારે રાગ દ્વેષ થાય, માટે તેણે જૈન ધર્મ લેવો (માનવો) ખરા માટે લોયા ૧૭ ભગવાનનો પણ વિષય ખંડન કરે તો દ્વેષ કરે. નિશ્ચય હોય તો પણ સંતનું પણ માથું કાપે. માટે જૈન ધર્મ આવી રીતે ખરો છે. કલ્યાણના માર્ગમાં તેહ વિઘ્ન છે. આવી કુંચી સમજે તો ઠેઠ પહોંચે. શાસ્ત્રના અર્થ કરનારને ખબર પડે. વરતાલ ૬. તિર્થંકર હોય તે વખતે કર્મને કર્તા જાણવા અને પ્રકટ હોય તે વખતે ભગવાન કર્તા લેવું. કર્મનું બળ લેવું

નહિ. નાસી છુટવાનું પણ લખ્યું. કેમકે કાળને આજ્ઞા આપે તે કરે, તે વખતે જે ઝપાટામાં આવે તેને લે. પણ તલાટીની પેઠે ભરતીયું પૂરૂં કરે. તેથી ઉપરી વઢે નહિ. માટે એકનું પ્રધાનપણું નહિ. કોઈનું પ્રધાનપણું મુર્તિના ભક્ત આગળ કર્મનું પ્રધાનપણું નહિ.

પ્રગટ ભગવાન મળ્યા હોય તે ભક્ત-મજુરને મજુરી ન આપે તો દાવો કરી લે. અહિં કર્મનું પ્રધાનપણું ખરૂં. સત્યુગની પેઠે.

આજ પણ ભજન કરે છે અને અન્નજળ ભગવાન મૂકે છે. એને રૂપીયા વસ્ત્રને પહોચાડે પુત્ર આપે.

જ્યારે ભગવાન ભક્ત ઘણા એક થાય ત્યારે કલિયુગમાં પણ સત્યુગ થાય છે. વડતાલ ૬ મનના સંકલ્પ સત્ય થાય છે. આવી રીતે કલિયુગમાં પણ સત્યુગ થાય છે. વડતાલ ૬ ને, ૧૯ માટે ભક્ત જે જે મનોરથ કરે છે તે સત્ય થાય છે. પ્રગટ ભગવાનને એમ ભજે ત્યારે 'રામનામકી ઔષધી ખરા હેતથી ખાય, અંગ રોગ આવે નહિ, ખરો રોગ મટી જાય.' ખાળી રાખે તે નાસ્તિક ભાવના છે. ખાળો જે કરે છે ત્યારે તેનું ફળ જરૂર પરલોકમાં ભોગવે છે.

વિમુખ જીવનું સામર્થ નહિ. ઠરાવેલા ભગવાનના કર્મનું સામર્થ હોય નહિ. પરમેશ્વર ધારે તો આ દેહે કરીને પાત્ર કુપાત્રનેજ આપે તેનું રૂડું કરવું તે થાય છે તો પણ એની કેડે ફરનારને કાળકર્મનું બળ રહે નહિ. સુખીયા જ થઈ જાય.

નાટકવાળા ઠગારા મુર્તિ દ્વારા ઠગી લે છે (પામરને, વિષયીને) ચોરાસીમાં મળે ફળ સારૂં તે ખાવા ધાન મળે એટલું ફળ થાય. વડતાલ ૭ દૈવી આસુરી આસુરી ખાળી રાખે (વિમુખજ રાખે) સારા જ્ઞાની પાસે જવા દે નહિ. ખાળ્યો ખળી રહ્યો તો એનો પણ ઈશક સાચો નથી. પેલાને તો નાસ્તિક ભાવ જ છે. બ્રહ્મમાં લીન થાય. સત્સંગ આત્મા પરમાત્માનો છેલ્લાનું ૩૯. આવી પડે તો પણ. ગૃહસ્થ બૈરી છોકરાં પ્રવૃત્તિમાં.

માયાને જ ભગવાનના ધામરૂપ કરી મુકે તે શું? સ્ત્રી એજ ભગવાનનું કામ કરે છે. સ્ત્રી પ્રભુ થઈ બેસે. બ્રહ્મરૂપ થઈ જાય. ઝાડ પહાડમાં પેસે. એક મગનભાઈની વહુમાં પ્રવેશ. ૨. મહુધાની ભાટડીમાં પ્રવેશ.

ભક્તચિંતામણી ૧૦૫માં 'દર્શ સ્પર્શ કરી કરે ભવ પાર' તે શું તો અક્ષરધામ દેખાડે. બીજા ધામના અધર્મ દેખાડે રામકૃષ્ણ માતા દેખાડે.

ભક્તચિંતામણી ૧૦૫ ચૌદ લોકમાં (ઈન્દ્રિઓમાં અંતઃકરણમાં સ્થિતિ થયા પછી લોકમાં લોભાય નહિ.) ભક્તિમાં અંતરાય કરતા હોય તે ધર્મ વગેરેને પાછા પાડી ત્યાગી કાઢી મૂકેલો હોય તે મઠ બાંધે પણ બહુ વધારી લોભ પાપનું મુળ તેણે કરી નીસરી જાય. તેમ ન કરે, નહિ તો બંનેને પાપ કરે. ગ્રહસ્થને જ્યારે જ્યારે કમાવું એ વ્યવહાર તે લોભ જ નહિ.

ચાર પેઢી ખાય તેટલું દ્રવ્ય હોય તોપણ કમાયા કરે તો દ્રવ્યાદિના માર્ગમાં લોભ કહેવાય.

મહત્ પુરુષ વાનગીમાં ભગવાનનું સુખ મફત આપે છે તેથી ફરી ફરી આવે છે. મુમુક્ષુ જન અને વિષયને સુખે સુખીયા તેને બહાર ખાળ ખાળ કરે તો પણ તે નાસી જાય.

આણંદના ધનજીભાઈ પેઠે સંબંધી ઉપર સુરજબાનો ઉત્તર. પૈઠણ રૂા. ત્રણસોનો મનીઓર્ડર કરો અથવા તમો તથા મકનદાસ જેવા અજ્ઞાનીએ જૈમ ધર્મ પ્રમાણે સમજવું. તે પરથી જોઈતારામે ધામ જોયા બદલ બે આના આપ્યા. પણ ગાડી ભાડુ જેટલું પણ ન આપ્યું. તો પણ આપણાથી કંઈ મગાય?

ભઈજીકાકાને ઉત્તર જે જીવ બ્રહ્મરૂપ થાય ત્યારે તેને ભક્તિનો અધિકાર થાય છે. લોયા ૭/૨ ને તે ભક્તિ થકી ભગવાન વશ થાય છે. ત્યારે સર્વ પ્રકારની સત્તા આવે છે. ત્યારે ચેલાનું પુરૂં થાય છે. ગૃહસ્થ ગરીબ હોય તે પણ પોતાનાં છ સાત છોકરાનું પુરૂં થાય નહિ. માટે કોઈ જીવ ભગવાનને ખોળતો હોય, ને તેમને મનાયા

હોય જે ભગવાનને ત્યાં તેને તેડી લાવીને સોંપી દેવો. તો તેનું પુરૂં કરે. માટે શું કરીએ. જગતમાં ગરીબનો છોકરો ગરીબને ખાધા માટે દુઃખ દે. અને ભગતમાં ચેલા દુઃખ દે. માટે હવેથી ચેલા વિચારીને કરજો. તે કરો તો મને સોંપી દેજો. તેમ ગણપતરામને કહેવાનું કે તમને કોઈ પુછે ત્યારે કહેવું, 'ચાલો આપણે જોઈએ, તપાસીએ' એમ કહી અહિં મેળવી દેવો. નહિ તો તમને ભઈજીકાકાની પેઠે થશે. ધનજીભાઈએ ને મલકાર્જને જેમ ભઈજીકાકાએ ગુરુ કર્યા, પછી પુરૂ થયું નહિ તેમ થશે. માટે મને નિશ્ચય થયો છે એમ કહેવું નહિ. કેમકે તમે જે બોલ કહેશો તે પુરો થાય, પછી નહિ થાય તો તે તમોને વળગશે.

ફક્ત આમ કહેવું. વધારે બોલવું નહિ માટે કહેવું. બધે ફરીએ છીએ પણ ભગવાન જેવી શાંતિ થતી નથી એટલું જ કહેવું.

મન શાંત થઈ ગયું, ભજન કરવું હોય તો ભજન થાય અને વ્યવહાર કરવો હોય તો વ્યવહાર થાય.

ભઈજીકાકાની નોકરી સંબંધી-પાણી પીતાં પહેલાં ઘર પૂછો તો ખરૂં કહે અને પીધા પછી પૂછો તો તમારી ન્યાત છું એમ દુઃખ ન થાય તેમ બોલે. વગર પૂછે નોકરીમાં હાજર થઈ પછી પૂછ્યું ત્યારે મેં કહ્યું નોકરી સારી, તેમાં મારો શો વાંક?

લાંચ આપવી ખરી પણ લેવી નહિ. ધુળાભાઈ મારફત રૂા. ૨૧ લઈ વેરાના રૂા. ૩ આપ્યા. નારાયણમુનિએ પાવલું આપ્યું ત્યારે કોથળા તરત કાઢી આપ્યા.

સુરજબાની બેનને અહિં લાવ્યા તેને શ્રીકૃષ્ણ વળગાડ્યા અને બે માસ રહી. (વળી ફરી બપોરે ત્રણ વાગે પોતાની મેળે બોલ્યા).

લખેશરીએ કોઈ ગરીબને રૂા. ૨૦૦૦ મફત આપ્યા પછી ગરીબે વ્યવહાર જમાડ્યો પણ પેલા લખેશરીને ત્યાં ભાણું પણ કાઢ્યું નહિ એમ જોઈતારામે નાતરૂં પણ દીધું નહિ, ગયું, તક ગઈ, અવસર ગયો, હવે ન લઉં.

વડતાલનું ૮ પ્રવૃત્તિ કરીને વળી ધ્યાન કર્યું, તેને સ્થિર વૃત્તિ થતી. મંદિર કરાવે મુર્તિ પધરાવે એમ પ્રવૃત્તિ કરે અને વળી ધ્યાન કરે. તે બેસે નહિ. સોમલા ખાચરને કહ્યું જે અડધો પ્રસંગ અમારો અને અડધો જગતનો કરો છો માટે. પ્રથમનું ૪૪/૩.

પ્રથમનું ૨૭ સમજણમાં ફેર રહે છે. કુદડી પેઠે તેમ પ્રવૃત્તિ ફરી ન કરે તો ઉતરે તેમ ફરી ફેર તે ઉભો નહિ. એમને એમ જન્મારો જાય માટે ફેર ઉતરે નહિ. તેથી ભગવાનમાં વૃત્તિ રહેતી નથી. લોક ભોગ માન મોટપમાં કુટાય છે. ફેરમાં વળી સત્સંગ કરે ત્યારે ઉતરે. વળી વ્યવહાર કરે એમને એમ વખત જાય માટે ફેર ઉતરે તેમ કરવું. ખોટાને વિષે ખરાની ભ્રાંતિ થાય છે પૃથ્વી ફરતી જણાય છે એજ (ફેર તો બંધ રહે તો પણ)

(ઉપરની વાતોમાં ભરૂચના મુક્તશ્રી મોટાભાઈને પણ કહેલી વાતોનો પ્રકીર્ણ રીતે સમાવેશ થાય છે.)

।। શ્રી પ્રગટ પુરુષોત્તમ નારાયણાય નમો નમઃ ।।

# શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત

# ભાગ - ૫

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते।।

- શ્રીમદ્ ભગવદ્‌ગીતા અધ્યાય ૨ શ્લોક ૫૯.

(એ પ્રમાણે વિષયોને ગ્રહણ નહિ કરનારા મનુષ્યની ઈન્દ્રિયોથી વિષયો દૂર થાય છે, છતાં તેના પ્રત્યે તેની રસવૃત્તિ રહી જાય છે; પરંતુ તે સર્વ રસોના રસ અને સુખોના સુખરૂપ પરમાત્માનો સાચો સાક્ષાત્કાર થતાં તે રસવૃત્તિ પણ નિવૃત્ત થઈ જાય છે.)

----

## -: શ્રી પુરુષોત્તમ મહારાજના મુખની વાતો :-

આગળ ચાલુ.

સંવત ૧૯૭૪ માગશર

વળી ફેર-એટલે કે-કામ પીડતો હોય તો તેના ઉપાય કરે ત્યારે જ ઓલાય ક્રોધવાળો પેટ અથવા માથું ફુટે ત્યારે લાય ઓલાય. લોભી ખાવા જેટલું હોય તો પણ લંબાવે. લાય ઓલાઈ જાય તો પણ તેનું મંથન કરે એ ફેર છે. સ્વાદના ફેર ભુખ ના હોય તો પણ ખાય તે ફેર રહ્યો - તેથી બીડી, પાન, તમાકુ ખાય, એમ બેળે બેળે સ્વાદનો ફેર ચઢતો રાખે ઉંઘનો ફેર ઉંઘ ના આવે તો પણ સુઈ રહે.

પવિત્રપણે ન ખપનું દેહે કરીને કાંઈ થાય નહિ, મન, બુદ્ધિ, ચિત્તે કરીને ચિંતવન કરે તે પણ ખપ જેટલું જ તે પછી-

આમ મેં ધ્યાન કર્યું હતું, ''ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું જે થકી સર્વ સંતાપ નાશે'' મુર્તિ દેખાય પછી મેં સદ્‌ગુરુ જોઈ લીધા. બેય દેશમાં ગયો અમદાવાદમાં નિર્ગુણદાસજી કને ગયા પછી ત્યાંથી કલ્યાણસંગનો સમાગમ કર્યો. ત્યાર પછી મહાપુરુષદાસજી વડોદરે મળ્યા. તેમણે ભગતજી મેળવી આપ્યા. ભગવાન આત્મામાં છે, તેને પૂજવા હોય ત્યારે ચૌદ ઈન્દ્રિયોથી વૃત્તિ રોકવી ત્યારે પમાય સાંખ્યની રીતે સ્થુળ, સુક્ષ્મ, કારણ દેહથી પોતાનું સ્વરૂપ ન્યારૂ સમજી વૃત્તિ રાખવી, એમ વૃત્તિ રાખતાં રાખતાં વૃત્તિ, ભગવાનના સ્વરૂપમાં લીન થાય તે જ યોગીને નિંદ્રા કહી છે. પણ સુષુપ્તિમાં લીન થાવું એ તો ભોગીની નિંદ્રા કહી છે. તેને જન્મ મરણ મટે નહિ કારણ કે દેહ ટળ્યું નહિ, તેને ધામ મળશે નહિ, ધકકા મળશે પૂન્ય હરાઈ જશે.

ત્યાગી પારકું ખાઈને પૈસા આપનાર તથા લેનાર બેય નર્કે જાય. ત્યાગી ભેગું કરી ચેલાને આપે-પામર વિષયીનું ગૃહસ્થ છોકરાને આપે ને તે અવળું કરશે તેનું તેને પાપ લાગશે.

હવે સંતનો વેશ ભજવાય છે. પ્રથમ શીખેલા છે એટલે હરકત નથી. સમર્થ ગુરુ છે તે સામાને પણ કરી દે.

વડતાલ ૯. ખરેખરૂ વચનામૃત આવ્યું છે. રાજસી સ્ત્રી આદિક ભોગવીને, તામસી વઢીને અને સાત્વિકી આનંદથી, મળે તેમ કરી બેસી રહેવું. માયિક સુખ ખંડિત, નિર્ગુણ દિવ્ય સુખ અખંડ.

મજુરીની પેઠે, દિવસની ચઢે તે મળે. નોકરી પગાર ચાલતો જ રહે. ''સુરપુર નરપુર નાગપુર, તિનો મેં સુખ નહિ; કાં સુખ હરિ કે ચરણ મેં, કે કાં સંતન કે માંહિ.'' માયિક દુઃખ મટ્યું એટલે સુખ થયું કહેવાય છે પણ તે તો દુઃખજ છે. માંદા મટે ત્યારે કહે સુખીયા થયા શું ધૂળ થયા? દુઃખ ગયું. નિર્ગુણ સુખ ભગવાન સંબંધિ છે તે સમાધિથી જણાય છે. ક્ષણ માત્ર દીઠું હોય તો હજાર વર્ષ પોતે ભોગવ્યું જણાય. વડતાલ ૯ જોઈતારામની પેઠે.

સંવત ૧૯૭૪ માગસર સુદ ૧૦. રવિવાર.

વડતાલ ૧૧. જેના સમાગમથી આત્માને વિષે પરમાત્માનું દર્શન કોઈને પણ એક, બે, ચારને પણ નથી તો જાણવું એ અસત્પુરુષ છે. મધ્ય. ૪૭ શિશ્ન ઉદર બેને વિષે આશક્તિવાળો એ અસત્પુરુષ છે.

વડતાલ-૧૦. જેને તેને લક્ષણે કરીને ભગવાનને ઓળખીને શરણે જવું. દૃઢ વિશ્વાસ રાખવો. આજ્ઞામાં રહી ભક્તિ કરવી તો કલ્યાણ થાય. "જયું મીસરી પયમાંય ભળી" મળેલા દોનુ; માને એવો હોય તે જુનાગઢની પાલક વિષેનું કહ્યું, ભગવાન ઓળખે તો કામ ન કરવું હોય તો પણ મળેલો કરાવે છે. નીકર ન જ આવવું હોય તો પણ આવે જ. યમ નિયમ આસન. ૭૦ વર્ષે સમાધિ થાય. આવે તે કામ મળેલો કરી દે.

છેલ્લાનું ૩૫ સત્પુરુષ લક્ષણથી કળાઈ જાય. અસત્પુરુષ કપટી કળાય નહિ. બહુ સમજે તેટલો રહે તો પણ કળાય નહિ.

"મેં વહાલો વશ કીધા, મુજને વહાલે વશ કીધી" એનો ભાવાર્થ 'સફળ' ફળી હું તો હરિને મળી. બ્રહ્મને પરબ્રહ્મ દેખાય-તે "જયું મીસરી પયમાંય ભળી" હાંજી ભલા સાધુ ભગવાન સાધ્યા તે.

જન્મેલા ભગવાન ને પ્રગટેલામાં વિશ્વાસ રાખવો પડે, તેમ મુર્તિઓમાં પણ વિશ્વાસ રાખવો પડે. બાધા કરે તેમ તરત ફળ નહિ મળે માટે.

સાધુમાં તો આચરણ પણ રૂડું અને અનુભવ પણ રોકડો માટે વિશ્વાસની જરૂર નહીં.

મનુષ્ય ભાવમાં ભૂલી જાય. રાવસાહેબ મણીશંકરને કહે છે ચમત્કાર જણાયેલો. મહેમદાવાદમાં પોતાની સ્ત્રીને મળવા કહ્યું. મેં સીધી કરી પછી સવારમાં તેણે પોક મુકી. મેં કહ્યું તમે આજ્ઞા કરી ત્યારે મળવા ગયો. ત્યારે કહે એના રૂડા માટે તમને સાથે રાખ્યા તે તમારો અપરાધ કર્યો માટે શું કરૂં? પછી રૂા. ૪૭૫ આપ્યા અને

કહે મારો અપરાધ ક્ષમા કરજો. પછી બાઈડીને સમાધિ વળગી. ચુલામાં હાથ રહી જાય. રોટલો બળે પણ હાથ તો બળે નહિ. કચેરીમાંથી ખાવા બપોરે શનિવારે આવે ત્યારે ચુલામાં હાથ હોય અને સમાધિ થઈ હોય વળી હિંચકો પણ છોકરો રડે ત્યારે હાલે ખરો. પછી ઉમરા વચ્ચે હિંચકો બંધ રહેશે એમ જાણી બેસે તો પણ હાલતું મટે નહિ ત્યારે નિશ્ચય થયો જે મહારાજ કરે તે થાય.

વળી સંવત ૧૯૫૬માં કળસી(સોળ મણ) દાળ હતી અને ખાનાર માણસ સોળ. તેમણે ભક્તિ સંવત ૧૯૫૩માં આદરેલી, તે બધાં ઘરનાં માણસ ચાલીને જ આવતાં હતાં. દાળ ચાર રૂપીયે મણ મળતી હતી. વર્ષમાં ખાવા દાળ પચાસ મણ જોઈએ. કહ્યું વેચાતી લેશો નહિ અને કાઢી કાઢીને ખાજો. પણ કેટલી છે તે જોશો નહિ. બધું વર્ષ ખાધી. પછી નવું વર્ષ આવ્યું, ત્યારે પાછલી વાત ભૂલી ગયા, તેથી જુની દાળ કાઢવા ગયા અને નવી ભરવા માંડી એટલે જુની દાળ જોખી તો કળસી(સોળ મણ) પુરી થઈ રહી.

મુર્તિઓમાં તરત મળે નહિ. માટે જીવ જાય તેવો વિશ્વાસ રાખવો.

સંવત ૧૯૭૪ માગસર વદ ૧. શનિવારના સવારે

સવારે ''દર્શન દેવાને કંઈ એક કેવા, રસબસ કરવા રસીલો રે'' છેલ્લાનું ૨૭ દર્શન માત્રથી પંચ વિષયનું સુખ આવે છે. અદશ્ય વસ્તુનો નિશ્ચય કરાવે છે.' ધ્રાપે નહિ, ધ્યાને મુર્તિ ભાળી' દીવા, મશાલ, વિજળી જેમ વધે તેમ ધરાય. ભજનનો આહાર થાય તો બહાર વૃત્તિ કાઢે જ નહિ. ફક્ત ઝાડે ફરવું તે પણ જ્યાં સુધી દેહનું ભાન હોય ત્યાં સુધી, પછી વળી ઉંડો ઉતર્યો અને પરમાત્મા દેખાયા તો પણ જીવ દશા રહી ઉંડો ઉતરી જાય અને ધરાઈ જાય તો બહાર નીકળી કથા વાર્તા કરે. નારદજીની પેઠે. પ્રથમ ૩૨ શંકાચાર્યની પેઠે જીવદશા હોય, પ્રથમ પોતાના દેહમાંથી નીકળે ત્યારે જ બીજાના દેહમાં પેસાય. દેહનું બંધન છુટ્યું હોય ત્યારે એ કામ થાય છે.

ઈશ્વરરૂપ હોય અથવા અક્ષરરૂપ હોય તે પોતાના દેહમાં રહ્યા બીજા ઘણામાં એકી વખતે વ્યાપી શકે જાગૃતમાં હોય તો પણ બહાર વૃત્તિએ રહ્યો થકો સામાને વરતાય નહિ. શુકજી તથા વ્યાસજીની પેઠે એક જ બ્રહ્માંડમાં વ્યાપે તે તો અક્ષર તથા પુરુષોત્તમને બીજાને દેખાડે. પ્રથમ ૫૬ જ્ઞાન કર્યું.

સંવત ૧૯૭૫ કારતક વદી તા.૧-૧૨-૧૯૧૮

રાત્રે વાત કરી જે ધુળાભાઈ તથા નારણભાઈનો નિશ્ચય ખરો, કારણ કે બાપને બધાંએ માર્યા પણ જોઈ રહ્યા અને મનમાં સમજણ બેસારી જે હીરણ્યકશ્યપુને માર્યો તે તેના પાપનિવારણ અર્થે-તે આપણી પ્રત્યક્ષ નજર આગળ શિક્ષા થઈ તે થોડેથી વધારે દુઃખ ભોગવવું ઓછું પડશે માટે સંત હરિજન એ મોટી કૃપા કરી. એ મહાત્મ્ય સહીત ભક્તિ કહેવાય. જ્ઞાન કહેવાય. સમજણ કહેવાય.

તપ નિર્વિકલ્પમાં પાળશો તો પાઠ મળશે. બીજું દુઃખ ઓછું આવે. કાંણીઆ, લુલીયા થાય છે. દુઃખ ભોગવે છે. માટે ભગવાનને અર્થે તપનું દુઃખ વેઠવું તે ઠીક છે.

મનને વેગે દેહ ઉઠીને જાય નહિ. ધાર્યા પ્રમાણે અર્પણ કરે નહિ. તેથી ભગવાનનો કટાક્ષ થાય. થોડીવાર આખા દિવસમાં ઘડી અર્ધ ઘડી ભજન ન કરે તે દેહ અર્પણ ન કરે. ભજનમાં તો ધાર્યા પ્રમાણે બને નહિ. તેથી દેહ ઉઠી જાય અને મન જતું રહે માટે ભગવાનનો કટાક્ષ થાય. આખા દિવસમાં થોડીવાર દેહ મન અર્પણ કરવું જોઈએ.

પંચાળા. ૧ સુખ મળે તો ખરૂં સંતસમાગમમાં આવે ત્યારે ઓછું ખાવું પીવું ઓછું કરે અને ઝાડે ફરવા ઓછો વખત જવું પડે, આળસ ઉંઘ ઓછી આવે. સુખ, ભજન થાય તો સુખ આવે સંત સમાગમનો મહીમા વધે તેમ કર્યાથી-કિંચિત "કિંચિત સંબંધથી દેવ દૈત્ય સુખીયા છે તો આપણે ઝાઝો" સંબંધ રાખવો પણ ખાધા પીધામાં ફેર જે નકામું કરવાથી સંબંધ ઓછો થાય છે. સંબંધ તને મને સાથે રાખવો.તેમાં વિઘન ટાળવાં. સર્વ સુખનું મૂળ સંત સમાગમ છે. પંચાળા ૧ સત્સંગમાં અવાય નહિ. કાંણ માંકણે જવા તૈયાર થાય જે એમાં ના ચાલે. અને સંત હરિ સામું જવું, ભેગું થયું તે બે દિવસ મોડું જઈશું તો પણ ચાલશે. અને આ ફેરે નહિ જઈએ તો બીજે ફેરે જઈશું. કારણ ખચીત નથી. અને વહેવારમાં, વિવાહ, બારમે, કાંણ, માંકણે દેવું કરીને પણ પૈસા ખરચે અને પછી ઘેર બેઠાં કહે છે જે મારૂં સારૂં કરજો, શી રીતે સારૂં થાય? દુઃખ

હોય તે શું મટે? જેમ બે મરચાં હોય તેમાં એક ખાઈ જાય અને બીજાને ખાવા જાય પણ જો બીજું રાખીને બી નાખે તો બીજા હજાર મરચાં થાય તેમ કોક દિવસ આવે તેના ફળમાં સંકલ્પથી દુઃખ મટાડે અને સંત સમાગમરૂપી બીને ખાઈ જાય કહેતાં સમાગમ રાખે નહિ. પછી ક્યાંથી વધે? એને દુઃખ રહે. પછી કહેશે જે મટતું નથી. માટે સંત સમાગમ વરસમાં ચાર ફેરા થાય છે તેમાં ન અવાય તે ખોટ છે.

સુરજબાને વાત કરીજે અતડુ શાથી રહેવાય છે? છકી જવાય તેથી. મધ્ય ૧૩ વગર વાંકે વઢે તેમાં મારે શો લાભ? પૈસા આપો છો તે આપો નહિ પણ કોઈ રીતે સારૂં થાય તેમ કરે - તે ઉપર ડહીબા તથા મીરાં ઈત્યાદિની વાત - જ્યાં સુધી દેહાભિમાન હશે ત્યાં સુધી વઢવાડનું અને અતડું રાખવાનું.

માગશર સુદ ૨. શનિવાર

પ્રશ્ન ઉન્મત્ત થાય અને વધે શાથી?

અખંડવૃત્તિ રાખી ભગવાન જુએ તો ધર્મમાં રહેવાય. નહિ તો સ્થિતિ વધે નહિ. વડતાલ - ૩-૨૧-માં કહ્યું જે ધર્મથી કલ્યાણ નથી ભક્તિ છે. મોટેરો કોને કરશું? તે ઉપર સાખી

**"તું શું કોષ્ટ તો હું લોઢેકી લાટ. તું ભરણ એક તો, હું ભરૂણ સાઠ."**

'મળ્યા તેનો અર્થ જે ધર્મને શ્રીકૃષ્ણે દર્શન દીધાં મુર્તિ તો હતી પણ જ્યારે દર્શન દીધાં ત્યારે મળ્યાં કહ્યું.

મહારાજ માંદા થયા તે ડહીબા ખાવા પુછે તો ના પાડે તે ઉપર સંજ્ઞા જે કાળ પડે એવા સંજોગો આવે.

માગશર વદ ૨ રવિવાર

તે મોંઢા સામું જોઈ રહ્યા. જીવરૂપે પ્રથમ ૨૦, બ્રહ્મરૂપ પ્રથમ ૨૬. અક્ષરરૂપ મધ્ય. ૬૨. 'આજ સખી આનંદની હેલી આનંદ અંગ ન માય-પ્રથમ ૨૭ જેવા મોટા સંત હોય તેમની વાણી સાંભળે ત્યારે પ્રથમનો તાપ સમે. પછી 'તારા ટળશે ત્રિવિધિના તાપ.' પછી જેમ જેમ શબ્દ બોલે તેમ તેમ સારૂ લાગે પછી તાપ

ટળી રહે ત્યારે આનંદ ભરાવા લાગે. પછી રૂંવાડે રૂંવાડે આનંદની ફોરો છુટે. સુક્ષ્મ તે દેખવામાં આવે. પછી રૂંવાડાં ઉભાં થાય. પછી બોલતા બંધ થઈ જાય, ત્યારે આનંદ સમી જાય. સત્વગુણ વર્તતો હોય ત્યારે આ વાત માલમ પડે. બહુ ઝીણી બુદ્ધિ હોય-અંતરવૃત્તિ-તો ત્રણે ગુણમાં માલમ પડે. વરસાદના પાણીની પેઠે થાય છે તેમ જેમ 'જેના હાથમાં હાથ હરિ તણા, જેના નેણામાં નેણ મહારાજના.'

'અહો ભાગ્યમ્ અહો ભાગ્યમ્' 'જે સુખને બ્રહ્મા ભવ ઈચ્છે' ભગવાનને આધારે જીવે અને વિષયને આધારે જીવે તેમાં ફેર વાણીમાં પડે છે.

સંવત ૧૯૭૫ મહાસુદ ૧૪

બ્રહ્મની સામર્થી જણાવે તે બીજાને જાણવામાં આવે છે. માર પડે તે વાગે નહિ. અન્ન ખુટે નહિ દીવેલ ખુટે નહિ. ભગવાનની સામર્થી સમાધિ કરાવે. તે સમાધિવાળાને જણાય બીજાને અનુભવ થાય નહિ.

મહા સુદ ૧૫

જ્ઞાન વૈરાગ્ય સહિત ભક્તિ કરવી ને વિષયી, મુમુક્ષુ ને મુક્તના જુદા જુદા વિષયના ચાર વર્તમાન દારૂ, માટી, ચોરી, અવેરી, મુમુક્ષુના ચાર ઉપલાં તથા પંચ વર્તમાન મળીને નવ. મુક્તને ભગવાન ભૂલવા એજ અધર્મ. દેહ ઈન્દ્રિયો અંતઃકરણ જીવ એકાગ્ર થઈને ભજનમાં જોડાય તો ગમે તેવાં પાપ બળી જાય. મધ્ય ૬૨. મનને વિષય ભોગવવા ન દઈએ તો પણ દુઃખીયું થાય અને ભોગવવા દઈએ તો પણ વિમુખ થઈને અતીસે દુઃખીયું થઈ જાય. મધ્ય ૨૩. મુર્તિઓના ભક્ત-વિષયીને દેહનાં દુઃખ આવે તે દેહાધ્યાસી જ છે અને ભજનનું સુખ અનુભવ્યું નથી તેથી બહુ જ લાગે. પાપ પણ લાગે-દેહાભિમાની છે તેથી-

મુમુક્ષુને-પ્રગટ મુર્તિના ભક્તને-પાપ થઈ જાય તે અડે નહિ કેમકે જેમ લખેસરી હોય તે તેને ૧૦૦-૨૦૦ રૂ. ખોટ જાય તે અડે નહિ તેમ-કેમકે ભજનનું ઘણું પૂન્ય થાય તેથી તે પાપનું દુઃખ જણાય નહિ. મુક્તને વૃત્તિ બહાર કાઢવી એજ પાપ છે. અને બહાર નીકળે ત્યારે કથા વાર્તારૂપ ચારો કરે. પ્રથમ ૩૨ મુજબ. પ્રથમ ૧૨માં ધામ કોટિ કોટિ સૂર્યનો પ્રકાશ વડતાલ ૧૩ તે ધામની સમાધિ કરાવવી. ધ્યાન ધારણા કરાવવાનો ચમત્કાર ભગવાનની મનુષ્યરૂપ મુર્તિમાં જરૂર હોય એટલે બીજાં લક્ષણ મળી રહ્યાં.

મહા વદ ૧ શનિવાર

મધ્ય ૨૭. પૂર્વ સંસ્કારમાં જોર છે તેવું દેશકાળાદિક - પ્રથમ ૧૮. પૂર્વ સંસ્કાર દબાય તો પણ તેનું ફળ રઝળતાં રઝળતાં મળે ખરૂં પણ જાય નહિ. મધ્ય ૩. વૃત્રાસુર ભરતજીની પેઠે આ જ્ઞાન જાય નહિ. વિષયમાં દુઃખે સહિત કિંચિત સુખ છે. મધ્ય ૨૪. વિષય સુખ કેવળ દુઃખ રૂપ છે. કુબેરભાઈનો હાથી ઉપર મહારાજને લઈ જવાનો વિચાર વિષે ખુલાસો-દીવા, મશાલ, વીજળી, વડવાનળ જેવા મોટા પુરુષ છે અને પાંચમા શિશ્નને ઉદર પરાયણ હોય તે દીવા મશાલ જેવા વિષયીરૂપી વાયુએ કરીને ઓલાઈ જાય. વીજળી જેવા હોય તે ઓલાય નહિ પણ જેટલું સુખ પોતાને આવ્યું હોય તે બીજાને આપે. વડવાનળ જેવા હોય તે તો ખારા જીવ સ્ત્રી તથા ગમે તેવા કુપાત્ર જીવ તેને મીઠો કરી નાખે. ''પ્રાણ થકી રે મુને વૈષ્ણવ વાલા'' ''મારો ભગત સુવે ત્યારે હું જાગું અને ગાય ત્યારે ઉભો ઉભો નાચું'' આ સર્વે લક્ષણ ભગવાન હોય ત્યાં ખરાં થાય. ઈચ્છા માસ્તર-સાધીના પ્રાગભાઈ.

સંવત ૧૯૭૫ મહા વદ ૨ રવિવાર

પ્રથમ ૨૦માં આત્માને જોગે તથા તે મુર્ખ વગેરે કહ્યું અને છેલ્લા ૫માં આત્મા દર્શનવાળાને સકામ ભક્ત કહ્યો છે. ભક્તચિંતામણી પ્રકરણ ૧૦૧માં જે લક્ષણ કહ્યાં તે લક્ષણો હોય તો જ ભગવાન થવાય છે. કોઈ સાધુ થાય પણ ભગવાન થવાય નહિ. ભાદરણમાં આવો અગર ગમે ત્યાં જાઓ ત્યાંના અનુભવની વાત જે અહિં પાંચ સમૈયા આવે ત્યાર પછી કહેવી. ત્યાર પહેલાં પૂછે તો કહેવું જે શાંતિ બહુ થાય છે. એક ફેરા પણ આવ્યો અને તેને આનંદ થતો હોય તેને તો કહેવું. બીજાને તો કહેવું જ નહિ. કેમકે આપણું કાઢવા સારૂં ઢોંગ કરી વાત કાઢી લે. પુરાણી જેવાને તો કહેવું કેમકે પોતાના પેટમાંથી કાઢી કાંઈ કાંઈ મોકલતો હોય તેને હેત હોય.

આ આજ્ઞા અહિં આવતા હોય તે બધાને પાળવાની છે. નહિ તો દુઃખ આવે જ.

## અવશ્યની આજ્ઞા ભરૂચના મોટા ભાઈને કહેલી

૧. ભાદરણના પુરુષોત્તમ ભગતની નિંદા કરવી નહિ.

૨. ભાદરણના પુરુષોત્તમ ભગતની નિંદા સાંભળવી નહિ.

૩. બૈરી કોઈ વખત એકથી લાખ રૂપીયા સુધી બગાડ કરે અથવા ઘરીચીયું

કરે, ટુંકારો કરે, વખતે ધોલ મારે તો પણ નાસી જવું પણ કોઈ પ્રકારે એનાથી મન કર્મ વચને મોઢું ઉંચું કરવું નહિ. હેત જ દેખાડવું.

૪. આપણો આવરદા કળીયુગમાં સો વર્ષનો આવરદા. ગયો તેટલો ગયો અને જેટલો બાકી રહ્યો તેટલા વરસનું પેટ પોષણ થાય તેટલાનો કબજો પુત્ર તથા મિત્ર તથા ભગવાન અગર સાધુ આદિ કોઈને કબજો આપવો નહિ. તેમ તે પોતે મુકવો નહિ.

૫. પોતાની પાસે દ્રવ્ય હોય ને તે દ્રવ્યમાંથી પોતાને ધર્માદા વાપરવાનું મન થયું (કોઈનું કહ્યું તો સાંભળવું નહિ) તે દ્રવ્ય જ્યાં સંત સમાગમ હોય ત્યાં તે પૈસા પોતે ખાઈને સંત સમાગમ કરવો એજ ઉત્તમ ધર્માદા વાપર્યું કહેવાય. મધ્યમ ધર્માદા પોતાને જ્યાં પાત્ર અધિક જણાય તેને ગુપ્તદાન કરવું. કનિષ્ટ ધર્માદા તેની મંડળીને જમાડવી. કેમકે ઉત્તમમાં પોતે ખાઈને ભજન કરીએ તે કોઈ પાસે લેવા જવાનું રહે નહિ. મધ્યમ દાનમાં આપનાર લેનાર બેજ જાણે. ત્રીજો વધ ઘટમાં દેખે નહિ તેમ ઉઘરાવીએ.

કનિષ્ઠ-જમાડવા આવું વિષયને સુખે સુખીઆ હોય તે કહેજ નહિ. શબ્દ અર્થ માત્ર આશ્રય છે. કોર્ટ ન્યાય શબ્દથી કરે છે.

તા. ૧૫-૪-૧૯૧૯.

વિષયો તથા પામર વિષયથી રાજી થાય. મુમુક્ષુ માગતાં ખાતાં ઈત્યાદિમાં શરમાય અને માગે જ નહિ કહેતાં વિષય પંચ પ્રકારના ખાધા પીધાના તે મગાય જ કેમ? મુક્ત તે તો માગેજ નહિ અને તેમાં રાજી પણ થાય નહિ.

વિષય ભોગવ્યાથી નર્કનો નિવાસી થાય છે. બીરંજ કર્યો. વિષય કર્યો તે કુટારો ઉપાધી કરી. કળસીક વાસણ ઉટકતાં દુઃખ કમાતાં દુઃખ ખાતાં, દુઃખ દુઃખને દુઃખ માટે વિષયમાં તો - આ તો પાપ જ થશે. પૂન્ય તો નથી થવાનું. ત્યારે ભરૂચનાં જશોદા બોલ્યાં જે વડતાલ જો રસોઈ આપી હોય તો કેટલા વખાણે? અને આ તો તેમાં આનંદ જ નથી. માટે હવે તો આપવી જ નહિ.

પંચાળા ૩ ઉપર વાત કરી જે જગતમાંથી વિષય તોડીને ભગવાનનો સંબંધ કરવો.પછી બુદ્ધિવાળાને બહાર ભગવાનમાંથી તોડીને કહેતાં તેના તે જ મારા અત્મામાં વિરાજમાન છે તેમાં હેત કરવું-જશોદાને સમજાવ્યું.

સંવત ૧૯૭૮ શ્રાવણ વદ ૧૧ શનિવાર તા. ૧૯-૮-૧૯૨૨.

મથુર માસ્તરે પૂછ્યું જે આ દુનિયામાં જે જે જોઈયે છીએ દેહાદિક તે નાશવંત દેખીએ છીએ છતાં તેની વાસના જતી નથી? મહારાજે ઉત્તર કર્યો જે માંદો હોય ને લાકડી લઈને ચાલતો હોય, માટે શું તેને લાકડીમાં વાસના છે? અને જો લાકડી મૂકી દે તો પડી જાય તેમ સંસારમાં રહીએ તે ખાવા જોઈએ, માટે તેની પ્રભા રહે છે એટલે તેની વાસના જણાય છે. અને જો વાસના કહેતા હોય તો આખા ગામને ખાવા પીવા આપીએ તો કોઈને પૈસાની વાસના રહેશે નહિ, વાસનાનો શું અર્થ જે પ્રથમ ૧૧ વચનામૃત વાસના કેને કહીયે તો? દીઠાં સાંભળ્યાંની ઈચ્છા તે વાસના.

તો ભોગવ્યાની વાસના ન કહેવાય તો તે ખાવા ન જોઈએ અને સંબંધીના હોય તો આ લોકમાં હેત દેખાય છે. તે કોઈ ચીજમાં વાસના કહેતાં તેની ઈચ્છા ન થાય અને જેમ બ્રહ્માંડમાં કલ્યાણ સંબંધીને જે ભૂખ હતી તે મળ્યા એટલે તે કલ્યાણની ભૂખ મટી. એટલે તે સંબંધી જગતમાંથી વાસના તૂટી ગઈ. પૂછ્યું જે આ દેહે કરીને અહિં નથી રહેવાતું તો ધામમાં શી રીતે રહેવાશે? તો ઉત્તર જે આ દેહનો સંબંધ છે. તેથી પણ દિવ્ય દેહે કંઈપણ ચીજ ન જોઈએ એટલે સુખે રહેવાય, આ બ્રહ્માંડમાં કલ્યાણ સંબંધી કંઈ હેત નથી થતું તો જવાનું ક્યાં ગમે છે? તેથી અહીં જ અવાય છે. તેમ દીવ્ય દેહે બીજે ક્યાં ગમવાનું છે? જ્યાં હેત હશે ત્યાંજ રહેવાશે, જુઓને ક્યાંઈ મન માને છે? તો ક્યાં જવાશે? જ્યાં હેત હશે ત્યાં માટે અહિં સિવાય ક્યાંઈ હેત નથી તો બીજે ક્યાં જવાશે? માટે કોઈ વાતનું દુઃખ હોય તોજ અહિં દેહ રહે. નહિ તો ભગવાનનું સુખ આવે તો આ લોકમાં રહી શકાય જ નહિ. જોઈતારામનું દૃષ્ટાંત જે મને અહિં શું કરવા લાવ્યા? વૃત્તિ પાછી વળશે અને ભૂખ ઉઘડશે ત્યારે ભગવાનનું સુખ આવશે, ત્યારે આ લોકમાં કેમ ગમશે? અને અહિંથી ઉદાસી થયો એટલે કેમ રહેવાશે. માટે ભૂખ ભજનની ઉઘડશે ત્યારે સુખ આવશે હાલ તો ધરાઈ જવાય છે. જેમ ઉંઘી રહ્યા ત્યારે ખાટલો ગમતો નથી તેમ ભૂખ જેટલી, તેનો સ્વાદ આવે છે. પ્રશ્ન જે પહેલાં એમ જાણે જે શું કરી નાખીએ અને કોઈનો પણ ભાર રહેતો નથી તે બધુ નરમ પડ્યું ઉત્તર જે ત્રિવિધિનો તાપ હતો તે મટ્યો એટલે સુખ જણાયું એટલે ઉમંગ હતો તે તાપ સમ્યો. એ ભૂખ ગઈ અને જ્યારે ભજનની ભૂખ પડશે ત્યારે સ્વાદ આવશે ત્યારે ઉમંગ ચઢશે.

સંવત ૧૯૭૮ ભાદરવા વદ ૧૧ રવિવાર તા. ૧૭-૯-૨૨

જીવણલાલ મહેમદાવાદથી આવ્યા. પ્રભુલાલના દેહ પડવાના શોક ઉપર.કહેતાં પ્રભુલાલના ઘરનું પ્રભુલાલ સાચવતા અને શંકરલાલના ઘરનું શંકરલાલ સાચવતા તે બંને ભાઈના મરણથી સોળ માણસનું જીવણલાલને માથે પડ્યું તે ઉપર વાત જે 'સંસ્કારે સબંધી સર્વે મળ્યા રે' જેના જેવા સંસ્કાર તેવો સંબંધ મળ્યો. સૌ સૌનું ભાતુ લઈને આવ્યાં છે. જેમ એક ગાડીમાં દરેક દરેકના પૈસાની ટીકીટ લઈને બેઠાં તેમ. બધાં ભેગાં તેમાં આપણે શું? વળી બીજું દષ્ટાંત જે કોઈ યાત્રામાં મેળો ભરાય, તેમાં સૌ સૌનું સીધુ લઈને ભેગું કરે તેમાં બીજાને શું! તે તો ખાઈને ચાલ્યો ગયો જેમ સમૈયામાં સૌનું સીધું ભેગું થાય છે. તેમા બીજાને શું? એનું સીધું ખાય છે, તેમાં બીજાને શું? તેમ સૌ સૌ સીધું લઈને ચાલ્યાં છે તે ખાશે. જેણે બધાનું ભેગું સીધું કર્યું તેના ઉપરીને દુઃખ ખરૂ, તેમાં કંઈ વળે નહિ માટે બનતો ખપ જેટલો ખર્ચ કરવો એટલું આપણે કરવાનું. હવે સગાંનું જે સર્ગ સગાંએ ભર્યું છે તેમાં તમામ જે જગતમાં છે તે બધાં સગાં છે. જેમ ગાડીમાં બધાં ભેગાં બેસે છે. તે તે જેને જ્યાં ઉતરવું હોય ત્યાં ઉતરી પડે જેને જેવા સંસ્કારમાં સંબંધનો જોગ આવે ત્યાં તેવી જગ્યામાં મળે. તેમાં શો શોક? વળી જીવણલાલ કહે કે તેવણ બહુ દુઃખ દે છે તો કહે જે સુખ દુઃખનો સંજોગ પ્રભુના હાથમાં છે તેમાં તેવણને શું?

સંવત ૧૯૭૮ આસો વદ ૩ સોમવાર તા. ૯-૧૦-૧૯૨૨

ઠાસરાના અંબાલાલને વાત જે અંબાલાલ કહે 'અપરાધ માફ કરો. બહુ હેરાન થયો' ઉત્તર જે દેવનું દેવું કરવું તે હજાર જગામાંથી દેવું ઉભું થાય અને પૂન્યને હજાર જગાથી આપનાર થાય માટે એજ. હું કહું ને નહિ મનાય ત્યારે કેમ મનાશે! ઉત્તર જે ઘર ખેતર મૂકીને ચુકવો એજ ઉપાય છે. બીજું મણીલાલ માસ્તર, લાલા, ડહી ધુળાભાઈ ઝવેરભાઈ ને કહેજે મંડળી બહારની વાત ત્યારે કહે અપરાધ તો થાય તે ઉપર વાત જે તમારે પણ મનુષ્ય ભાવ છે જગન્નાથપુરી વીષે જગન્નાથનો પ્રસાદ લેવાય તેનો બાધ નથી તે બાબતમાં કેટલું દુઃખ આવ્યું? નહિ તો તેવા માણસ આડે દહાડે આવે તે હાથે રાંધી ખાય પણ સમૈયામાં તો જુદુ રાખીયે છીએ પણ છતાં અજાણે છાંટો ઉડી જાય તો તકરાર શી? જુઓને જગતમાં હોટલ ચ્હા વગેરે કેવું ભેળસેળ ચાલે છે? એનો એ પ્યાલો એની એ ડોલમાં મૂકીને આપે વળી વિલાયત જાય છે અને ત્યાંનો અહિં ખાય છે. વળી ગાંધીજીનાં માણસો આણંદમાં એક હારે બધાં બેસી ગયાં. કેવાનું શું જે જુદુ તો દરેક સવડ રાખ્યો છે છતાં કંઈક અજાણે કોઈક કંઈ થાય તો તેની તકરાર

કરવી સારી નહિ. તેથી બીજાનાં અંતર ઉનાં થાય માટે એવા માણસને આડે દહાડે આવવું સારૂ છે. હજારો પ્રકારનું પાપ બાળે છે તો મોટાપુરુષને વટલાયાનું પાપ બાળવાની શક્તિ નહિ હોય? માટે વિચાર રાખવો ને વચનામૃત જોતાં કલ્યાણમાં તફાવત નથીઃ પણ કીર્તિ માટે છે જુઓ માટે સમજવું.

સોમવારનું મળસ્કુ સવાત્રણ વાગે

'વાલા લાગો છો વિશ્વાધાર રે' 'કોઈને મુને શું કરશે' તે ઉપર અર્થ જે અન્નનું વીર્ય ઘણું છે ઘી ખાંડનું વીર્ય શું કરવું છે? કારિયાણી ૧૦ બ્રહ્માનંદનું પ્રશ્ન આ લોક ને પરલોકમાં સારૂં થાય તે કહો.

આમ કરો ને આમ થાય અને આમ કરો ને આમ થાય એ વર થયો આમ કરશો તો આમ થશે તે શાપ થઈ ગયો. કરોડો વચન છે તેમાં એક તો કરી જુઓ. કોઈ ખોટું પડે નહિ. બીજું તો સવિકલ્પ ને નિરવિકલ્પના પાઠ જુદા છે આમ કરો તે આમ થાય તે નિરવિકલ્પના પાઠ.

એક બાઈ હાર લઈ ગઈ તે વર આપેલો જે દુઃખ હશે તે મટશે તે વર થઈ ગયો. હાથેથી તે બીજે ફેરે લઈ ગઈ તેણે દુઃખ ન મટ્યું કારણ કે તે વરવાળો નહોતો.

પ્રાગજી મહારાજ ને 'સો હુંડલા (ટોપલા) પાવડા તૈયાર કર તે ગીરનાર પર્વત ઉપાડી લાવ' એમ ગુણાતીતાનંદ કહે, તે કહે જે 'હા લાવું' એમ વચન ઝીલતા. ત્યાં દીવાનની વાત જે તળાવમાં પડે અને કોરો નીકળે તે દીવાન થાય. અને પલળે તેનાં કાંડાં કાપું તો કહે 'હા' બીજે ફેરે કહે 'હા' એમ વચન ઝીલવા ઉપર વાત.

ખોટો શા કારણથી અંગ વધતું નથી તો પ્રથમ ૨૪/૩, ૫૬/૩, લોયા ૪/૨, પ્રથમ ૩૧/૧. નિર્સ્વાદી વર્તમાનમાં ૯, ભક્તચિંતામણીમાં પાઠ પહેલો પાછલી વાત પહેલાની તે કહેતા કેડેથી વાત દિવ્ય ભાવની કહેવી પણ મનુષ્ય ભાવની ન કહેવી. ચઢતો પડી જાય. પાકાને કંઈ નહિ. મહોમાંહી મનુષ્યભાવની વાત ન કહેવી.

સુખ હોય તો વાત કરો કંઈ સુખ નથી, દુઃખ હોય તો જાય. કુટાઈને પાછા પડશે. પહેલે ગામ જમાડવા જેવું હતું અને હાલ ઉજાણી જેવું છે. તેથી જુદા જુદા ભેદ પડ્યા.

શુદ્ધ જ્ઞાન તે અનુભવનું તે અશુદ્ધ જ્ઞાન તે સર્વેનું જ્ઞાન. સુખ દુઃખનું જે સર્વે

ધુળનું બનેલું છે એમ જ્ઞાન ને અનુભવ ત્યારે શુદ્ધ જ્ઞાન. વિષયનું સુખ તે ઉપર દુઃખ જે સુખનું દુઃખ વેઠવું. મુક્ત શિક્ષાપત્રી ૨, અર્થ જ્યાં સુધી ગુણનો સબંધ છે ત્યાં સુધી જીવ સુખીયો નથી. વિષયનાં સુખ તે કોઠાં બોરાં - દરીદ્રપણું-છેલ્લાનું ૩૮.

દેહની અવધિ આવશે ત્યારે હું ચાર્જ આપીશ, ત્યારપછી હું જઈશ. આ દેહે જેને આવવું હશે તેને લઈશું. પણ પ્રાગજી ભગતમાં ગભરાયા તેમ ગભરાવા નહિ દઉં. અને કહીશ રામાનંદ સ્વામીએ કહ્યું જે મારી જગાએ આ છે તેમ કહીશ. આ દેહનું દેન નહિ દેવાનું અને મારા હરિજનોને આવવું હશે તેને તેડી જઈશ. નહિ આવવું હોય તેને નહિ. પછી ગોવિંદભાઈ માસ્તર કહે જે આપણું નામ પહેલાં લખી રાખજો.

હોલા ઉપાડ-આભ ફાટશે તે ક્યાં ઠીંગડું દેશે? બસો બ્રહ્મરૂપ કરી મૂકીશ.

મુંબઈના શેઠ ઉપર આ લોકનું રાજ્ય કહેતાં જ્યાં જઈએ ત્યાં આપણને સોંપી દે. પછી આપણે ભોગવીને જઈએ પછી તે ચલાવે પણ આપણે ગભરાટ નહિ રાખવાના. ગાડી, ભાડુ, ભાતુ વગેરે કંઈ જોઈએ નહિ. આ વાત બ્રહ્માની સભામાં થાતી નથી. ત્યારે માસ્તર ગોવિંદભાઈએ પૂછ્યું જે દેવ સાંભળવા આવે છે કે? તે ઉપર દૃષ્ટાંત જે છોટાલાલ કહે જે ડોકાંને ડોકાં ભરાઈ ગયાં છે. રામાનંદ અને મુક્તાનંદ આવીને નમ્યા તે વાત કરી.

પામરને નદી તળાવથી આનંદ, વિષયીને મુર્તિઓથી આનંદ, મુમુક્ષુને ગુરૂથી આનંદ, મુક્તને આત્મા પરમાત્મામાં આનંદ.

જગત પામર ને સ્ત્રી સાંભરેથી આનંદ. વિષયીને રાત દિવસ સ્ત્રી જોઈએ, મુમુક્ષુને અનેક પ્રકારનાં દુઃખથી સ્ત્રી ઓછું થાય તો સારૂં. દુઃખથી છોકરાં તેથી રડારડ કુટા કુટ તેથી દિવસ જાય. મુક્ત-સુખનો બેલી આવી કાયા શા સારૂ ખોઈ નાંખીએ? પ્રજા માટે માથે થાય ત્યારે સ્ત્રીનો સબંધ.

આ લોકમાં રહેવું ત્યાં સુધી આ લોકની રીતે રહેવું. દશશેરનો કંસાર પ્રભુદાસ બારોટે ખાધો તે છકી ગયા કહેવાય. પારકે ઘેર ધ્રાસકો પડે તે પાપ લાગે. પ્રશ્ન એ પ્રેમ ન કહેવાય? પોતાના ઘરમાં કરીને ખાવું.

વિષય સુખનું દુઃખ વેઠવું તે મુક્તનું તપ છે (મુક્તની શિક્ષાપત્રી-૨૧) ભૂખ ના પીડે તોય પણ થોડું થોડું બે વખત ખાવું. ના ખાય તો સિદ્ધિ ગ્રહણ કરી કહેવાય. માણીલાલનો પ્રશ્ન જે પરગામ કોઈ ના જાણે તો ચાલે? ઉત્તર જે ચોથામાં દઢતા આવે જે ખાધાપીધા વગર રહી શકે. પાંચમામાં તો અખંડ વર્તે. ખાધા પીધા વગર પાંચમામાં ચાલે.

સમૈયામાં એક લાડવે ચાલે રૂ।. ૧ વાળાને અને નહિ તો ખીચડી રોટલે ચાલે.

અમથું ખાય તો બીજે જન્મે કલ્યાણ થાય.

રસોઈને ફળ-ભાવ તેવું ફળ, નાત કરે તે માન સારૂં બ્રાહ્મણ અર્થાત્-સંતરૂડા માટે. ગુપ્તદાન બુદ્ધિવાળાને.

સંત સાચા છે તે શણગાર ધારવા દે ને મનથી રાંડેલી ન ધારવા દે તેમ નિર્વિકલ્પમાં સિદ્ધિઓ નહિ આવવા દે તે પડશે નહિ.

બ્રહ્મને પરબ્રહ્મ દેખાય એટલે અજ્ઞાન ગયું અને ના દીઠું હોય તેણે જ્ઞાને કાઢવું જે ત્યાં છે તેને આ દેખે છે – એમ સમજે તેવું.

માટે જેને પ્રત્યક્ષ ભગવાનને વિષે નિષ્ઠા હોય તેણે પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કંઈ ઈચ્છવું નહિ પ્રથમ ૯ પ્રમાણે.

પ્રભુ કાંઈ મનુષ્ય દેહ ધરીને કાંઈ કરતા જ નથી. પંચાળા ૭ પ્રમાણે.

પેટમાં હું રહ્યો છું તે પેટમાં આવીને શીખવાડીશ.

કરાલીના અમઈદાસ કહે જે 'હાટડી ક્યારે ઉઘડશે?' ઉત્તર જે મારા વચન પ્રમાણે વરતશે ત્યારે ઉઘાડીશ ને નહિ તો ઉઘાડવાનો ફેર છે.

સર્વે સાધનનું ફળ તો આ સત્સંગ છે.

ભજન કરવું ત્યારે જાણવું કે છાંણે લીંપીને ભોંયે સુવાર્યો હોય તેમ જાણવું તો

મન સ્થિર થાય. (મુક્તની શિક્ષાપત્રી- ૭)

મધ્ય ૪૯. કાં તો વહેવાર કરવો, કાં તો કથા, વાર્તા, કીર્તન, ધ્યાન તેમાંથી એક વાનું કરવું જ.

સદ્‌વિચાર કરવો જે દેહ આત્મા જુદો છે.

મટકા રહિત રહેવું.

સામો પૂછે તો ઉત્તર આપવો શિક્ષાપત્રી પ્રમાણે (મુક્તની શિક્ષાપત્રી- ૩૦)

વિષયનું દુઃખ વેઠવું એ મુક્તનું તપ.

ધુળાભાઈનું જે પ્રથમ ૧૭ હિંમત રહીત વાત કરે તેનું સાંભળવું નહિ. ધુળાભાઈની વાત સાંભળવી નહિ.

કેડેની વાત કહેવી નહિ. દીવ્ય વાત કહેવી.

આ દુનિઆમાં અષ્ટ પ્રકારની મુર્તિઓમાં ભગવાન રહ્યા છે તેની સેવા સમાગમે જેમ કરે છે તેનું ફળ માગતા નથી તેમ મનુષ્ય રૂપ મુર્તિમાં ભગવાન રહ્યા છે તેના સબંધમાં શુભ કર્મનું ફળ ઇચ્છવું નહિ તો તેનો અર્થ જે ધર્મ અર્થ કામને મોક્ષ એ આદિક કોઈ વાત અધુરી રહેતી નથી છેલ્લાના ૨. પ્રમાણે પાઠ ૩.

વસોના મુળજીભાઈએ પૂછ્યું જે હુકમનામું ભૂલી જવાનો ઉપાય? ઉત્તર જે ઉંઘનું સુખ છે તેનાથી ચોર લઈ જાય તે તેની ખબર રહેતી નથી તો બ્રહ્મના સુખ આગળ શું સાંભરે? જેમ વિચાર વધશે તેમ વહેલું થાય. જેવો જાણે તેવો થાય ૨જ, તમમાં ઠરાવ ન કરવો. જેમ છે તેમ છો રહ્યું. સ્ત્રીનું દષ્ટાંત જે એક ફેરો સંગ થયો પછે તે ઠરાવ કર્યો તે ઠરાવ નથી તૂટતો.

ચોથો પાઠ પ્રગટ પ્રભુને ગુણ થકી પર જાણે તો ગુણ થકી પર પોતે થાય.

થોડા વખત પછી બે મણનું ખીચડું ને દાળ કરી મુકશું, તે કોઈને ભૂખ લાગે

તે ખાઈ આવે પણ કોઈની પરભા નહિ રાખીએ અને ન્હાય નહિ તેનું પાપ મારે માથે એટલે સભા કોઈ દહાડે ઉઠે જ નહિ. ભરેલી ને ભરેલી રહે અને અખંડ જ્ઞાન થાય. અરે ગુણ જશે ત્યારે ભૂખ પીડશે જ કેમ?

સંતનાં લક્ષણ વિષે ગોદડી, ખાવું, મીઠું તે સર્વે સ્વાદ નિર્માની, નિસ્વાંદી, એકાદશી, સ્ત્રી સંગ આદિ લક્ષણ ૩૦-એમ લક્ષણ કહ્યાં છે.

સાંજે બુધવાર વાત કરીજે બધાંને કહ્યું જે મોઢું, જોવાનું મૂકીને શું સૂઈ રહો છો? તે વખતે કીર્તન ગવાતાં હતાં અને સુઈ ગયા પછીથી કીર્તન થતી વખતે કહ્યું.

ભગવાનો વેશ ભજાયો અને હવે સંતનો ભજવવાનો છે. પ્રભુદાસ ઉપર જે સત્સંગ કોને. કહો છો? છેલ્લાનું ૩૯ દેહ આત્મા મૂક સ્વાદ નિસ્વાંદ લોપાય એકાદશના ગુણ આવે પ્રત્યક્ષમાં તો જેવી જેને વાસના તેને ત્યાં મૂકે.

જીવણલાલને મારવા વિચાર કર્યો તો બનેવી મરી ગયો. જેમ મારા હાથ કાપું આંખ ફોડું વગેરે દ્રોહનું ફળ 'નીજ દાસ તણો રખવાળ' તે પોતાના દાસનું રક્ષણ કરે. મારે માયાનો નહિ 'ન ચલે મન કે સંગ' વડતાલ ડાકોર સંગ તેમ-મનનો સંગ કામ ક્રોધાદિના સંગમાં ન જાય. નાંખો જાય-સંતનો સંગ.

રાત રહે પાછલી. ૪ વાગ્યા પછી સ્ત્રી સબંધ ન કરવો ને ચાર વાગ્યા પછી બ્રહ્મનું મુહૂર્ત બેસે ધર્માદિ-અને દર્શન થયું-ભક્તિચિંતામણીમાં છે સાંજે બેઠાથી સુખ નથી આવતું અને ઉંઘ્યા પછી પાછલી રાત્રે જાગીએ છીએ પણ ઉઠાતું નથી તે મન બેઠું તેથી સુખ આવે છે.

રાંડોના ભાયડા અને ભાયડાની રાંડો એવું થયું. કામ ક્રોધાદિ બળે તેમ રાંડ જેવા થવાય 'જે દિવસથી ચરણાર્વિંદનો સ્પર્શ થયો તે દિવસથી સંસારનાં સુખ ઝેર જેવાં થયાં' એટલે ભાયડાની ગરજ ન રહી એક ખાધા જેટલી ગરજ ને ભાયડાને કામ ક્રોધ ઓછા થાય તો સ્ત્રીની ગરજ જતી રહે.

કોઈ કહેશે કે ભાદરણ કેમ ગયા? ત્યારે કહેવું જે ભાઈ અમારાં ભૂડા કર્મ

હશે તેથી તમારી પ્રીતિ અમારા ઉપર ઓછી હશે તેણે કરીને અમારું મન ખેચ્યું નહિ. માટે અમારાથી અવાયું નહિ.

છેલ્લાના ૧૩ પ્રમાણે આ દેહના પ્રવર્તાવનારા ભગવાન છે તે જ્યાં દેહ ભગવાન લઈ જશે ત્યાં જઈશું.

અચળનિષ્ઠા. છેલ્લાના ૨૧. ભૂખ લાગે તો ખાય તેથી ઉંઘ ના આવે. કેડ ફાટે જેને દરરોજ ધ્યાનનો નિયમ હશે તેને આ વાત ત્રણ ગુણાત્મ ભેદ કહ્યા તે સમજાશે. લક્ષણ શુદ્ધ સત્વ વરતે ત્યારે બ્રહ્મ દર્શન થાય કહેતાં તેજ દેખાય. સત્વગુણ-ઓછું તેજ દેખાય એટલી કસર પ્રથમ ૧૨ તેજ છે તે પ્રમાણે-આંખો ઉઘાડે-અડકાવે-ગમે તે વખતે તો પણ અહર્નિશ દેખાય તે સોળ આની જેટલો. મલીન સત્વગુણ ઈન્દ્રિયો અંતઃકરણ હાથમાં હોય તોય ભજન કરે તે ગાફલમાં જાય. સમભાવમાં આંખો મીંચે તે સુખ સુખને આનંદ વર્તે તેવું તેજ ચોવીસ કલાક વર્તે ત્યારે આખો થયો.

શુદ્ધ રજમાં રૂંવાડે રૂંવાડે ભજન થયા કરે, બંધ રાખ્યું ન રહે.

રજોગુણ-આંખો મીંચ્યાથી કંઈ ન થાય અને જો નામ લઈએ તો સ્વાદ આવે અને સારૂં લાગે.

મલીન રજ-કથા કીર્તન વાર્તા આરંભ જેવું થાય ને ગરબા નાચે કુદે ગાંડો થઈ જાય-તેવો સ્વાદ આવે. ગુલતાન થઈ જવા તે કુદાકુદ કરે તેવો સ્વાદ આવે, દૃષ્ટાંત જે બ્રહ્માનંદ કહે જે માયા રહે છે ત્યારે શ્રીજીએ ફાળીયા તથા કપડાં ફેંકી દીધાં.

મલીન તમોગુણ-સુઈ જાય સુખ ન આવે તે ઉંઘ આવે કામ આવે ના આવે.

શુદ્ધ તમો ગુણ સંકલ્પ ન થાય. કામ ન ગમે, સ્વપ્નમાં ના જવાય. સુખ ના આવે ઝટ જગાય. બ્રહ્મ સુષુપ્તિમાં લીન થયો.

છેલ્લાનું ૨૧. જન્મોજન્મ લંબકરણ-અચળનિષ્ટાવાળો પ્રવૃતિ ન કરે. વગર ખપની ઋતુ-પ્રથમ-૩૪-સુખ ઈચ્છવું તો પાળવું.

વિષયવાળી સ્ત્રીનું શરીર નર્ક જેવું સોડે. વિષયવગરનીનું ન સોડે. સુગંધવાળું હોય. સંસારનાં સુખ ઝેર જેવાં થઈ ગયાં.

વચનામૃત લોયા ૧૩/૨ (નિત્યાનંદ) -શાથી ભેદ પડી ગયા? ઉત્તર જે જેવી શ્રદ્ધા તીવ્ર વેગ જેવો તેવા ભેદ પડ્યા.

વળી અડધી રાતે સુતેલા બોલાવ્યા ને વાત કરી એમ પણ મધ્ય ૨૨માં છે માટે સુખે સુઈ રહેતા હશે અને આજ પણ એમ જ છે. જુઓ, આ કેવા સુઈ રહ્યા છે? તેથી આગળ પાછળ વધી જાય છે.

પેલા ગુણ ૯ અંતરવૃત્તિનાને બહારવૃત્તિના ૯ ગુણ કરીએ. (શુદ્ધ, મલીનને નયણા એવા ત્રણ ભેદ એક એકના એટલે નવ થયા.)

કેવળ કલ્યાણ માર્ગે ચાલતો હોય તેની વાત છે.

શુદ્ધ સત્વ પ્રથમ ૨૬. સવિકલ્પમાં પ્રથમ ૪૦ સત્વગુણ કામ કરવાની ચટપટી આવે. બળ બહુ આવે. દેહમાં ઘડીકમાં બધું કામ કરી દે. સવિકલ્પના મલીન સત્વગુણ ના ઉંઘ આવે ને ના થવા દે કામ ને સુખ વર્તે સવિકલ્પમાં.

શુદ્ધ રજ દેવ મંદિર કરૂં એવો વેગ ઉપડે. રજ વિષયનું દુઃખ હોય નહિ ને વિષય સારૂં નાસાનાસ કરે.

સારૂં સારૂં ખાય. મન ના હોય અને ખાય. સંસારી હોય તો બૈરીમાં મન ના હોય તો ય મન જાય.

મલીન રજ સિદ્ધિ આવે તો આને આમ કરૂં ને આને મારૂં. લુલો લંગડો કરૂં સામાનું ભૂંડું કરી નાખું. હાથમાં આવે તો આને આમ નમાવું. મને દુઃખ દીધું તે મારૂં એમ થાય.

''નિંદા કરનારા મત મરો, મરો અમેરા પૂત. સામાકુ પાવન કરે, પોતે સરજે ભૂત.''

માટે કોઈનું ભુંડું બોલવું નહિ તે ઉપર સાખી છે. મન કર્મ વચને ભૂંડું વાંચવું નહિ. તેમાં મન દુઃખાય. વખત નકામો ગયો. તે પાપ. નકામો વખત જવા દેવો નહિ. સાધુપણામાંથી ગયો. નકામો વખત જાય તે મધ્ય ૫૬. ખોટ.

વાસદ અગ્નિમાં પડ્યા તે વાત બ્રહ્મઅગ્નિમાં નાથાભાઈ પડ્યા. આત્મઘાત ન કરવો - શિક્ષાપત્રીમાં છે.

વર્તમાન લોપાયું. અવગુણ આવ્યો તે ત્યાગી અષ્ટ પ્રકાર. ગૃહસ્થને પરસ્ત્રીનો ત્યાગ તે નિષ્કામી. તથા નિર્લોભી જે પાત્ર વસ્ત્ર મળે જયાં જયાં ત્યાં ત્યાં વધારે રાખે તો પાપ થાય.

અજામેળ કહેતાં બકરાં કાપનારાનો રોજમેળ રાખનાર.

ગ્રહસ્થને નિર્લોભ રોટલા જીવતા સુધી હોય અગર તો છોકરો ઉપાડનારો હોય  અને લોભ કરે તો પાપ.

વર્તમાનનો ફેર કહેતાં કિંચિત હોય તો લેવો.

આખાની વાત તો જુદી. પ્રથમ પ૩-વર્તમાન સંપૂર્ણ હોય જેને નિયમ હોય તેની વાત છે.

ગ્રહસ્થ નિસ્વાંદ-તેજ કહેતાં મળે જ નહિ. મરચુ ને કોદરાનો રોટલો પરાણે મળે.

બીજા ભેદ. દુઃખ નથી તે સ્વાદ સારૂ સ્ત્રીમાં મન જોડાય તો તે વર્તમાન લોપ્યું પણ તે ગૃહસ્થને ઓછું. નડતર ઓછું. પણ કેડો ભાગે. કામ ઓછો થાય તે ઉપર વાત. તે ઉપર પોતાની વાત જે વરતાલ જતી વખતે નળીઓ પગની દુઃખે.

જગતડાં આસુરી જીવ જગતમાં બે ભેદ. અજ્ઞાની ને જ્ઞાની. અજ્ઞાની ભવૈયાને પૈસા આપે. જ્ઞાની મંથન કરે. પણ ભવૈયા જોવે નહિ. પૈસા ન આપે અને ફરી મન ના થાય.

જગતનું અજ્ઞાની ભગવું દેખીને કલ્યાણનો કડકો આવ્યો એમ કરીને ખવડાવે.

જ્ઞાની કુપાત્ર જેવું આપે તેનું પાપ લાગે. દ્દષ્ટાંત બાપા જાત્રા કરવા સારૂ રૂ|. ૫૦૦ લીધા. વાટે પૈસા મળી વાસ્તુ પૂજા તે ઉપર ગુણાતિતાનંદની વાતમાં છે તથા મોઢું જોવા તેડી જાય તો કહેજે આ મોટો ધુળનો ઢગલો. બાપા મરવા પડ્યા અને કહે આપ્યા જેવું પુન્ય છે.

અપાત્ર પૂન્ય પણ નહિ અને ફળ પણ નહિ કહેતાં ભગવાન નથી. સામું કરીએ તે જાય.

પાત્ર ભેદ જે દીવા, મશાલ, વિજળી, વડવાનળ દાન અન્ન આપવું ને ઘી ખાંડ ચાલે તો પાપ. વિષય વાયુવડે ઓલાઈ જાય જે ખાતા હોય તે આપો તો ભક્તિરૂપી વાયુઓએ ઓલાઈ નહિ અને લાડવા આપો અને ઓલાય તો પાપ થાય.

મશાલને મુડી દીઠ પાશેર લોટ ખાંડ ઘી આપે તો ધરાઈને ન ઓલાય. વિજળી જેટલું ઘી ઓગળે નીસરે એટલું ખવરાવવું અંગને જે જોઈએ તેટલું-લોટ ૧ શેર ઘી પણ પૈસા ન અપાય.

વડવાનળને જેટલું આપે તે બધું પ્રભુને પહોચ્યું માટે તેને ગમે તેટલું આપે, ગાય, નિંદે તો પણ તેનું પાપ નહિ જેના હાથમાં હરિના હાથ-

ત્યાગી નિસ્વાંદી ગમે તે ભોજન હોય તેમાં મીલાવીને ખાય. પાણી રેડીને ખાય. અવેજીઓમાં (અથાણું) કેડે દુઃખે તીખું લાગે એમ કહીને ન ખાય.

ત્યાગી નિર્માની-મારે ગાળ દે પણ સામા ન થાવું શિક્ષાપત્રીમાં જે સાધુને 'મારે' 'જેના નિર્માની ભગવાન ભક્તચિંતામણીમાં છે-ગૃહસ્થ નિર્માની વહેવાર બારમું નાત બહાર ન મૂકે તેવું કરવું. ધર્મમાં ગુપ્તદાન કહ્યું તે છતાં પથરો ચોટાડે છે. ફલાણે કર્યું.

માળા ફેરવે ઉંચી ઉંચી પણ ધીરેથી ફેરવવી જોઈએ. માન જે ફલાણાભાઈ ભગત છે તે ઉપર પલાણાના કુબેરભાઈ ઉપર વાત-પરણાવી પોતાથી ઉતરતો-પરાણે તે ઉપર-પોતાથી જબરો દુઃખ દે-પરણાવીએ તો. રૂખી ઉપર વાત. ભીખા દાજીને ત્યાં એ પકવાન સારૂં નાઠા. ઈત્યાદિ દુઃખ દે.

જીવમાંથી ઉપાડે તે સુખરૂપ હોય તો ઉપડે. દુઃખરૂપ ના ઉપડે.

શિક્ષાપત્રીમાં ધર્મે સહિત ભક્તિ કરવી. શીયાળામાં વાયરો નાખે તે ઠીક નહિ. ના કહ્યું. જેવો પોતાને ભાવ હતો તેવી ભક્તિ કરવી. પણ દુઃખ થાય. જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો બાધ નહિ. રોહીદા ચમારને લોહીનો પરસાદ પટેલને આપ્યો. બાંયમાં ઉતાર્યો. દાસીને ચુસવાથી ત્રીકાળ દર્શન થયું.

શુદ્ધ તમો ગુણી-સુખ વર્તે-સંકલ્પથી રહિત રહ્યો, માટે શૂન્ય ભાવનું સુખ ભક્તિ ન થાય. વહેવાર ન થાય. તમો ગુણમાં કામ ને ક્રોધ-બાથે પડવાનું મન થાય. માથું કુટે જીવણલાલની પેઠે.

મલીન તમો ગુણ-બધું થોડું-ભગવાન શું ને ભક્તિ શું. વિષય સાચા નહિ-પાણીન પરપોટાના બનેલા.

કેવળ નિર્ગુણ ભગવાન દેખાય. નિર્ગુણ પોતે ને હરિએ નિર્ગુણ-પોતે મુક્ત અને હરિ નિર્ગુણ એમ લીન થાય.

વડતાલના મુમુક્ષુ ઉપર કાગળ દ્વારે રોટલા સાટે રહેલા તેના ઉપર કાગળ લખીએ છીએ. અક્ષરધામને મધ્યેથી પ્રશ્ન. કેદીએ (સાધુએ) લખ્યું જે અમારે શું કરવું? તેનો ઉત્તર જે ગુનો કરીને બેઠો તેને સરકાર કેદમાં નાખે છે ને તે કેદી નાસી જાય તો સરકાર ફરી પકડી લઈને કેદમાં નાંખે ને બમણું દુઃખ દે પણ જે પોતાની કેદમાં (વાડામાં) પડ્યા છે તે તો રોટલા સાટે પડ્યા છે. ને કલ્યાણ સારુ પડ્યા છે તે કેદ કલ્યાણ મળ્યું નહિ. ને રોટલાને સાટે લાડવા મળ્યા. ને ભેગું મોક્ષના માર્ગમાં આડ કરે એવું માન મોટપ પદાર્થ મળ્યું. માટે એ જ ઉત્તર. કલ્યાણનો ખપ હોય ને માન મોટપ મુકવું હોય તો રોટલા તો દુનિયામાં ભગવું કરે છે તેને ખુટતા નથી. માટે ખપ હોય તો વાડામાંથી નીકળીને માગી ખાઈને સમાગમ કરવો.

પ્રથમ ૨ ૩. પ્રમાણે થાય. ભાગ નહિ મળે. નારાયણ તપ કરે છે. તેમાં જોડ છે. પ્રકાશમય મુર્તિ દેખાય તેમાં તપના ભાગીયા છે. અલ્પ તપ કરો તો મહત તપ મળે, જેમ દુધ હોય થોડું તો થોડું પાણી ભળે માટે થોડું આપણે કરીએ તો તેની મહીં ઉમેરો થાય.

ભઈજીકાકાને ખીચડી ઘાસતેલ નાખેલી લાગી ને તેની તે થાળની સુરજબાને ઘી નાખેલી લાગી. ભઈજીકાકાએ ખીચડીમાં ઘી માગેલું તે ઉપર જણાયું.

હરમાનનો હરમાન છું-તેમના ભાઈ માણેકલાલને દર્શન દીધાં. હરમાનનો ભક્ત હતો તેથી. ને હરમાન ખભે મૂકીને લઈ ગયા ને લાવ્યા.

સુરજબાને જવા ન દેવાં અને છતાં તે ઘોડા ગાડી આગળ ડહીબાને કોઢી લઈ ઘોડાને માટે એમ દેખાય. એમ કરતાં ખાધરામાં નાખી ને સુરજબાને વાગ્યું. ને રીબાયાં. જવાનું ના કહેલું અને છતાં ગયાં માટે.

પ્રથમ ૨૩. દેહ ના જવા દે. ત્રણ ગુણથી જુદો.

**દેહની માયા ધન. ઈન્દ્રિયોની માયા વિષય. મનની માયા અજ્ઞાન. જીવ-કારણ શરીર-ભગવાન હેત.**

સંવત ૧૯૮૦ અષાઢ સુદ ૫ સોમવાર તા. ૭-૭-૧૯૨૪.

ઉમીઆશંકર, પ્રેમાનંદ શુક્લ ઉમરેઠ સાથે વાત જે ધારણા દિવસે થાંભલો દીઠો હોય તે રાતે દેખાતો નથી. પણ અનુમાને કહેવાય કે આ જગ્યાએ થાંભલો છે પણ દેખાતો નથી એમ અનુમાને પ્રભુ મુર્તિ દીઠાની ધારણા કરે. દેખેલાની (પ્રત્યક્ષ મુર્તિ)

ધ્યાન અનુમાન કર્યા વગર કહેતાં સંભાર્યા વગર મુર્તિ સાંભરી આવે. સહેજ જ-જેમ વગર સંભારે સ્ત્રીનું ધ્યાન થાય છે તેમ મુર્તિનું ધ્યાન થાય.

સમાધિ ઈદંગ-સાક્ષાત્કાર દેખાય જ. દિવસે થાંભલો દેખાય. તેમાં દિવસે ને રાતે થાંભલામાં ફેર ન પડે. દેખવામાં સરખું જ દેખાય તેમ મુર્તિ સમાધિમાં અનંત ઘણું તેજ દેખાય.

જમવા તથા દુઃખથી પીડાતો હોય તો સુખ કરીએ તો અપરાધ સુખ કરનારો તેનું દુઃખ વેઠવું પડે છે. ગરીબને દુઃખ પડે તો તેનું કર્મ ભોગવવા પરમેશ્વર દે છે. તેમાં આપણે સુખ કરવા જઈએ તો આપણે પરમેશ્વરના ગુનેગાર. જેમ કોઈ ચોર ચોરી કરી તેને ટીપ દંડ દેવા રાજા તૈયાર થયો. તેમાં કોઈ આડો પડે તો તે આડો પડનાર રાજાનો દુશ્મન થયો. તેમ તે ગરીબનું હવે સાધુનું જે દસ બાર ઘરથી મધુ કરી કરવાનું શાસ્ત્ર કહે છે તો જમાડવાનું તો કયાં રહ્યું? તેમાં પાપ. વિષયમાં તન તણાય. રસના ઈન્દ્રિયો ખુલ તો બીજી ઈન્દ્રિયો ખુલે. વસ્ત્ર છો મહિમાનું જુનું અપાય. કારણ કે નવું આપે તો ધ્યાન ભજન કરતી વખતે નવું લુગડું આડ આવે તો વૃત્તિ તૂટે-હરિમાંથી તો પાપ લાગે-આપનાર ને. ને રંગવાનું શાથી કે ધોળાને કોઈ લઈ જાય તો જીવ અંદર રહે નહિ. કળસીયો એક પાંચ આનાનો ન મળે અને તુંમડું તો ખોવાય પણ ખરૂં પણ કોઈ ખોવાય તો બીજું. પણ વૃત્તિ ભજનમાં રહેતાં તુમડું સાંભરે નહિ. હાલ શેઠ કે સરકારી

નોકરીમાં રોટલા છે. બીજામાં નથી. ખેતીમાં ખોટ છે. દસના દાંણા આવે તો પાં ભરવાના હોય. મણ બાજરી પાકે તો બાર ખર્ચ થાય. વેપાર કરે તો ઉધારે આપે તો લોક ઘાલી જાય. વધારે પૈસા હોય તો પોષ્ટમાં, બેન્કમાં ચાર આનાના વ્યાજમાં સારા.

હૃદયમાં અજવાળું અને તેની અંદર મુર્તિ દેખાય તે ભગવાન વગર બીજાથી એવું થાય નહિ. બીજું બધું બીજા કરી શકે. એ તો એવો હૃદયમાં અજવાળું કરી અંતર કરી મુર્તિ દેખાય તેવું કરી આપનાર પ્રભુ વિના બીજાથી ન થાય.

દત્તાત્રેયે ગુણ વેશ્યામાંથી લીધો જે એ વિષયને પૈસા સારૂં આખી રાત જાગી. ઉંઘી નહિ. તો ભગવાન માટે મારાથી ઉંઘાય જ કેમ?

કર્મ કરે તો આગલું ઉધારનું જે પાપ તે જમે થઈ પાપ ઉધાર થાય એટલે પાપ બળે માટે કર્મ બાળવા માટે સારાં કર્મ જે મુર્તિમાં વૃત્તિ રાખવી એટલે વૃત્તિ રૂપી ફળ જમે થતાં કર્મ રૂપી ઉધાર જશે. એનું નામ પાપ બળે છે એમ શાસ્ત્ર કહે છે.

કોઈથી કર્મ ઓછું કર્યું થતું નથી. ભગવાનથી પણ ઓછું થતું નથી. કરે તો પક્ષપાત થયો કહેવાય. તે ઉપર વિરોધે ઋષી આમલી તળે તપ કરવા બેઠા તે નારદને પુછાવ્યું જે ક્યારે ભગવાન મળશે? તો કહે પાંદડાંના કલ્પ જેટલે. તે સાંભળી તે શું રાજી થયો તો જે કહે ત્યારે પણ મળશે ખરા ને? તો તત્કાળ મળ્યા-તેની શ્રદ્ધા જોઈ. પણ કંઈ ભગવાન દુઃખ દે તેવા નથી માટે ભગવાનનું બોલેલું ફરી જાય. એકે નિર્ધાર રહેતું નથી.

સંવત ૧૯૮૦ અષાઢ વદ ૬ તા. ૨૧-૭-૧૯૨૪

મોટાભાઈએ પૂજા કરી ચંદન ઘસીને અરચા કરી પછી મહારાજ કહે જે હવે તમારે કપાળે ચોપડો એટલે શિક્ષાપત્રી પળી જે ભગવાનને ચઢાવીને પૂજા કરીને વધ્યું જે તેણે કરીને ચંદન કરવું તે આજ પળ્યું.

રાત્રે વાત કરતાં મોટાભાઈને દૂધ પીવડાવ્યું. પછી મોટાભાઈ કહે નટવર તારે પીવું છે? ત્યારે મહારાજ બોલ્યા જે જવાનને તો ખાવા ન આપવું. ભૂખ વેઠે તો સારી એમ શાસ્ત્રની રીત છે.

તા. ૨૫-૭-૧૯૨૪

મધ્ય ૨ ૨ તમારૂં મન ક્યાંઈ લોભાતું નથી એટલે લોભાયાનો અર્થ જે ખપનું હોય તે ગ્રહણ કરે ને ના ખપ હોય તો ના ગ્રહણ કરે તે લોભાયા નહિ એ અર્થ અનંત સ્ત્રીઓ મળી તો જાણે કે કામદેવ સારૂં છે. મુકવાનું છે એમ જાણી તેની સામી વૃત્તિ જાય નહિ તે લોભાયા ન કહેવાય. અલંકાર વસ્ત્ર દેખાય તેમાં વિચાર કરે જે ઓઢવા પહેરવા જોઈએ તે છે એટલે બીજાં લેવા જોવાની ઇચ્છા ન રાખે તે ના લોભાયા. ઘરેણાં જે આપણે કંઈ મુર્તિ નથી થયા જેથી ધ્યાન કરાવવું છે તે પહેરવા જોઈએ. ને સ્ત્રીનો શણગાર હોય તો બીજી સ્ત્રી ખોળવા ન જાય માટે ઘરેણાં છે. સ્ત્રી તે માટે પેરે છે. મારા વિના બીજે ન જાય. અગર બીજા પુરૂષને લોભાવા સ્ત્રી ઘરેણાં પહેરે છે. વિમાન આવે તો જાણે જે થાક લાગ્યો હોય તો કામનું છે એમ કરી જુવે નહિ તે ન લોભાય કહેવાય. પછી મોટાભાઈ કહે થાક લાગ્યો હોય તો બેસી જવું કે નહિ? તો કહે બેસવું. પણ જેટલું ખપ હોય તે કરે તે લોભાયો ન કહેવાય,' તે ઉપર જોડી તથા લાડવાની નારાયણ મુનિ તથા દીવાળીબાની વાત.

નવ પ્રકારની ભક્તિ શા સારૂં કરી જે એકમાં થાકે તો બીજી પ્રકારની કરે. જેમ અનંત પ્રકારનાં ભોજન કર્યા જે એકથી થાકે તો બીજી રસોઈ તેમ જેવો વખત તે પ્રમાણે તેવી પ્રકારની ભક્તિ એ સારી.

'કાં સુખ હરિ ચરણ મેં કે કાં સંતનની મહી' કહેતાં વૃત્તિ પાછી વાળી મુર્તિમાં જોઈ રહેવું ત્યાં સુખ ને પછી ઝાઝા સંતની છાયામાં બેસી રહે તો સુખ વર્ત્યા કરે. ઝાઝા ઝાડની છાયામાં (ગુફામાં) ઠંડક વર્તે તેમ.

સુરપુર નરપુર નાગપુર-જ્યાં સુખ તે દુઃખના નિવારણ માટે છે તો એવી સમજણની ગેડ બેસાડી હોય તો મફત વખત જાય નહિ. ટાઢ વાય તો ગોદડી-ભૂખ હોય તો ભોજન, તરસમાં પાણી તે દુઃખ ઉપર સુખનો ઉપાય. સુખ તો કંઈ છે જ નહિ.

તા. ૨૯-૭-૧૯૨૪

અવતાર અવતારીનો ભેદ કાઢી નાખ્યો જેવું કાર્ય ત્યાં તેવા પ્રકાશે છે. જેટલી સામર્થી ઘટે તેટલી જણાવે છે.

સંવત ૧૯૮૩ મહા સુદ ૧૨

એમને એમ ઠેલવું. ગુણ અવગુણ ન જોવા (સ્ત્રી વિષે) મુમુક્ષુને મુક્તની શિક્ષાપત્રી પ્રમાણે રહેવું. પોતાને ખુંચે તો બીજો ઉપદેશ કરવો. નહિ તો નહિ કરવો. તેનાં કર્મ તે ભોગવશે. કર્તા હર્તા ભગવાન છે-તે ઉપર વચનામૃત ચોરાસી લાખનાં છે તે. કારિયાણી ૭ લોયા ૭. પ્રથમ ૧૦ છેલ્લાના ૭-૯-૩૯-દાસ ભાવે વર્તવું. મધ્ય ૬૨ સ્વામીને ભોગવવા યોગ્ય પદાર્થ ન ભોગવવું. મુક્તની શિક્ષાપત્રી મને મોઢે આત્મામાં બહાર એ ચાર વિના પળ ન પડવા દેવી. ભજન કરવું. કલમ. ૪.

સંવત ૧૯૮૩ ફાગણ વદ ૪.

મહારાજ કહે જે આપ્યું હોય તેટલું ધીરવું, આગળથી ધીરીએ પછી મન ફરી જાય ને ના આપે તો તેનું દુઃખ ન થાય માટે વધીકું ન ધીરવું. ગુરૂ વગેરે ઢુંગી છે માટે આગળથી ધીરવું નહિ. ખાધા જેટલું આપવું. આપણી સમજણ જેણે જેટલો ફાયદો કર્યો હોય તેને તેટલું ધીરવું. જ્ઞાનવાર્તા એ સુખદુઃખ આવે તે ધીરવું નહિ એ જો ના આપે તો આપણું મન દુઃખાય. જ્ઞાન વાર્તામાં-આપણી અન્ન જળે સેવા કરતા હોય તો તેને વાતેચીત્તે સેવા કરીએ છીએ. વચનામૃત મધ્ય ૪૭ સુખ દુઃખ તેમાં તે પ્રમાણે દયા કરવી. ભગવાન તેના કર્મ પ્રમાણે ભોગવાવે છે તેના દુઃખ ઉપર દયા કરીએ તો ભગવાનના આપણે વેરી ગણાઈએ અને કહેવું હોય તો અરજી કરવી જે હે મહારાજ તમારે ફાવે તેમ કરજો ભગવાન કે ભગત આગળથી ધીરે તો તેનું મન ફરી જાય તો કૃતઘ્ની જાણવો. ને ત્યાગ કરવો. મન મનાય તેવું હેત રાખવું. ઉપરથી પણ અંતરથી નહિ.

સંવત ૧૯૮૩ ફાગણ સુદ. તા. ૯.

પ્રભુદાસને જવાની ગઈ પૈસા ગયા. સેવા ગઈ. ત્યારે હવે ડહાપણમાં આવ્યા. સેવા કરવા જવાનીમાં શાન્તિ લઈ ગયા અને પછી વીસ વરસ સુધી પાછા આવ્યા નહિ. શાંતિ હતી ત્યાં સુધી મને મૂક્યો. હવે શાન્તિ ખોળવા આવ્યા છે ત્યારે કહે જે નથી મૂક્યા. મહારાજ કહે જે બૈરી પીયર ગઈ અને કહે જે મારે બૈરી છે પણ રોટલા ઘડવા કામમાં આવી નહિ. મનમાં જાણે જે બૈરી છે પણ શા કામની? મનમાં જાણી રાખવાનું જવાનીમાં-પૈસા સેવા ગઈ ત્યાં સુધી ના આવ્યા. પ્રભુદાસ કહે હવે ફરીથી ઉત્તર જે શા કામનું? ઘરેણામાં-પૈસા જવાની ગઈ ત્યારે વૈશાખ ગયો-

વાવવાની વખત ગઈ પછી કહે વખત આવે વાવવાનું કહે જે બીજે જન્મે જજો. બીજે વરસે વાવવા જજો. તેમ બીજે જન્મે થાએ. સારૂં જાઓ ખાઈ લો. દીવાળીબા ખોટી થાય છે. ખીચડી વઘારેલી આપજો. રોટલો દાંત નથી તે ચવાશે નહિ. મારા સારૂં કોળીઓ ખીચડી રાખી છે (કહેતાં બીજે દિવસની ખીચડી હતી તે બધી આપવી એ મર્મ હતો) પ્રભુદાસ કહે નવા સભામંડપમાં બચ્ચે બારણું મુકશો કે નહિ? ઉત્તર જે હવે તમારે શી ચિંતા છે? શી જરૂર છે? લંગોટા કુતરાં ખાઈ ગયા. અને કલ્યાણ અર્થે દીવા જેટલો પૈસો ખપમાં ના આવ્યો. હવે મુવા વખતે ટીલું કરે. નવરાશે જીવતાં તો થયું નહિ. રાજેશ્રી અને નરકેશ્રી રાજાને માથે પાપ બતાવે તે જે ભગવાન ધારીને કરે તે પાપ કરતો જ નથી.

સંવત ૧૯૮૩ ફાગણ સુદ ૧૨.

ભરૂચના નાથાલાલ ઉપર વાત. થાંભલાને બાથ ભરીને રહીએ. નવ મહીના ના રહેવાય. તે શબ્દ કાળીદાસ ભરૂચના ઉપર કહેલું. દુઃખની વાત ઉપર તેમને કહેલા-શોક મૂકી દેવો આનંદમાં રહો. નહિ તો રડતા રહેશો સર્વ પાપથી મુકાઈ ગયો. કાગળમાં-દેહ પર્યંત સુધીનાં પછી કહે આજ સુધીનાં-આનંદ માનવો. 'દર્શન દેવા ને કંઈ એક કહેવા, રસબસ કરવા રસીલો રે' પાંચ વરસ સુધીમાં બારમું તથા વિવાહ નથી આવવાનો મુનિને પૈસા શું કરવા છે? એટલે મરણ નહિ થાય પણ 'ભૂધર સુખ દુઃખ મહિં ભળ્યા.' એ આનંદ પર સાલે તથા રૂપી વગેરે તે સામળો. ઓસડ ના કરવું દુઃખમાં કૃતઘ્ની ના થવું. નહિ તો ત્યાગ કરવો. કર્યા કૃતને ન જાણે તેને આજથી પાંચ વરસે ચોળા ઉતરશે. ૧૯૮૩ મહા સુદ ૯ પાંચ વરસે અહિં આનંદને માણસ નહિ માય જુઓ તો ખરા. નટવર, પોકારો, દીવાળી મુનિ તે વચ્ચે મહારાજે કહ્યું. સ્વપ્ન તજવું હોય તો તજો કે કરવું હોય તો કરો, નહિ તો આ મોટો મુકામ સોંપ્યો. છોકરાં તો થશે. મારા છોકરાને ખાવા દઉં ને બીજાનું ગળું ઝાલું. (મોટાભાઈને કહ્યું)

ફાગણ સુદ ૧૪

જીવણલાલ કાનપુરીને સમજણ પાડું જુઓ તો ખરા એવું સુઝાડું ને? તેમાં શંકા જે રોકડ ક્યાં જવાની છે? તેનું કંઈ નહિ બધું મારા હાથમાં છે તે ઉપર કાગળ છે નં. ૨૩ રાત્રે લખ્યા ઘાસતેલનો દીવો કરાવ્યો-મામા તથા દાજીને મૂકવા (વલ્લવભાઈનું જુદુ છે. મોટાભાઈનું જુદુ છે.) દીવાળીબાને અડયો-સાધીથી આવ્યો

ત્યારે બેભાન છુટ્યું-તે દિવસથી લખ્યું-પછી મને શરીર ઉનું જણાયું. તે મેં પુછ્યું તો કહે એ તો હોય છે. પછી ખૂબ કહ્યું-દીવાળીબા ના પાડે તો પણ-બે દિવસ પછી ત્રીજે દિવસે લાય બળી-બે દિવસ પછી સુવાનું રાખ્યું. પછી તાવ આવવા માંડ્યો. પછી ના ગયો. જતો તે મહારાજનો કહેવાય. બા મરી તો મરવા જેવો થઈ ગયો સાંભરે તેમાં લખી રાખ્યું છે. અચળ મુકામે જે આપે છે તેની રીતે જે અચળમુકામવાળાને સંગે અનેક પ્રકારે મને માનીને અનેક પ્રકારે સંવત ૧૯૮૩ ફાગણ વદ બીજ સુધીમાં અચળ મુકામવાળાને સંગે આજ દીન સુધીમાં પાછલા દહાડામાં જે જે મને સુખ માન્યું હોય તથા મળ્યું હોય તે માન્યું હોય તે તો આશાવાળું રહ્યું તે મળે કે ના મળે તે માટે માનેલાવાળાને માથે ફક્ત ખાધા ખર્ચ આપે. દરરોજ આઠ આના લેખે, તો તેને અચળ મુકામે રહેવાની છુટ છે પણ ભેળું ખાવા બેસવાની છુટ નથી. ફક્ત અચળમુકામમાં મોટા ડહેલામાં તથા ચોકમાં સુવા બેસવાનો અધિકાર છે પણ નાનું ડહેલું અગાસીયું રસોડું, ઓરડો પરસાળ તેમાં પેસવાનો અધિકાર નથી. હવે ચોકની વાતમાં ડહેલાના ચોકમાં સુવા બેસવાનો અધિકાર છે. ને ખાવામાં લાકડાં અન્ન જળ ઘી વાસણ ગોદડું છે જે જોઈએ તે કાં તો ગામમાંથી લાવે ને કાં તો પોતાને ઘેરથી લેતો આવે. પણ મુકામ તથા પાણી જાજરૂ તે સિવાય લેવા માગવાનો અધિકાર છે. પણ અચળમુકામવાળા સાથે અડવું, બોલવું, કંકોત્રી, કાગળપત્ર તેનો અધિકાર નથી - સામાસામી લખવાનો-આતો કર્યા કૃતને જાણ્યું હોય તેની વાત છે. પણ કરમસદવાળા નારણભાઈ તથા નડીઆદના ગોકળ બારોટ ઈત્યાદિકે કર્યા કૃતને જાણ્યું નથી તેને તો અચળમુકામે પેસવા દેવાના જ નહિ ને અચળમુકામે આવતા હોય તેમણે તેમની સાથે કોઈ પ્રકારનો સબંધ રાખવાનો અધિકાર નથી. જે રાખે તે અચળમુકામે આવે નહિ. તે કૃતઘ્નીવાળાની રીત લખી. ને કર્યા કૃતને જાણે તેની રીત લખીએ. બે રીતો લખી. હવે ત્રીજી મધ્યમની રીત લખીએ છીએ. જે મધ્યમવાળો આખા અચળમુકામમાં બધે હરે ફરે ઉઠે બેસે અચળમુકામે આવનારા જોડે અનેક પ્રકારે સબંધ રાખે તેની છુટ છે. પણ અચળમુકામવાળાને હસવું બોલવું ઈત્યાદિક કોઈ પ્રકારે પરસ્ત્રી જોડે સંબંધ રખાતો નથી. ફક્ત પંચમાં કંઈક પંચમાં કંઈક જોવાનું મન હોય તો જોઈ લે. પણ પંચ વગર એકાએકી સામાસામી પારકી બૈરીના મોંઢા સામું જોવામાં તેના ધણીની બીક રહે છે તથા તે પારકી સ્ત્રીની બીક રહે છે. જે રખે વરચીયું કરે? એમ પારકી બૈરીની બીક રહે છે. પોતાનીને તો તેના બદલામાં વાસણ ઘરેણું, ઘર, ખેતર, રોકડનાણું, થાપણ તથા વ્યાજે ધીરેલું ઈત્યાદિક સમસ્ત મિલ્કતનો બૈરીનો ભાગ પાડવો પડે છે ને જો ભાગ ના

પાડે તો સરકાર દરબાર કજીઆ થાય. ને વહાલા અળખામણી કરી એક બૈરીને વહાલી કરીને કંઈ છાનું છપનું આપે તો તે અળખામણી બૈરીના વખતે વખતે મેણાંના શબ્દ ખાવા જ પડે. વારે વારે શબ્દ ખમવા પડે. અને અળખામણી બૈરી પછી સંઘરે નહિ તેમ મધ્યમવાળો અળખામણી બૈરીની પેઠે બાથ ભરે જ નહિ અને અડવા પણ દે નહિ ને સાંમો પાસે જાય તો પંચમાં તથા એકાંતે મેણાં આપે. જેમ શ્રીકૃષ્ણને રાધાએ મેણું માર્યું જે આજ તો અડધી રાતે આવ્યા તે બીજી બૈરી કને જઈને આવ્યા માટે દરબાર નહિ ઉઘડે અને અમારા ચોકમાં પગલાં પડશે તો ચોક અશુદ્ધ થશે અને તુમડું લઈને માગી ખાઓ. અમારે તમારો ખપ નથી. આ વાત શાસ્ત્રમાં હશે પણ ક્યાં હશે તેની શરત અચળ મુકામવાળાને નથી. પણ મોંઢાની શાખ છે જે સાધી ગામમાં કલ્યાણભાઈ ત્રિભોવનદાસ નામે પાટીદાર છે તેની સાસુ દીવાળી કરીને છે તે 'રાધાનું રૂસણું' કીર્તન બોલી હતી તેમાં આ સઘણી વાત આવી હતી પછી અચળમુકામવાળે વિચાર કર્યો જે આવી રાધાકૃષ્ણની તકરાર સાંભળવવામાં આવી નથી માટે સાચી હશે કે જુઠી? એમ અચળમુકામવાળાને તર્ક થયો. પછે અચળમુકામવાળે વિચાર કર્યો જે વચનામૃત મધ્ય ૨૬માં લખ્યું છે જે સામાસામી તકરાર ને શ્રાપ થયા તે કૃષ્ણના સુદામાએ શ્રીકૃષ્ણનો પક્ષ લઈને રાધાની જોડે વઢવાડ કરી કે હે રાધા! મારા ભગવાન તો સોળસો ગોપીઓ જોડે જશે તેમાં તારે શું? એમ સામા સામી ત્રણેયને ઝગડા થયા અને શ્રીકૃષ્ણનો પક્ષ લઈ સામા સામી ત્રણેયને ઝગડા થયા ને શ્રીકૃષ્ણનો પક્ષ લઈ સામા સામી રાધાને શ્રીકૃષ્ણના ભગત સુદામાને ભારે ભારે ઝઘડા થયા. સામા સામી શ્રાપ ને ગોલોકમાંથી પૃથ્વી ઉપર જન્મ લીધા. રાધાએ ગુજરને-ભરવાડને ઘેર જન્મ લીધો પછી કૃષ્ણ તો રાધાનું શરીર બીજી સ્ત્રીઓ કરતાં ટાઢું વધારે તેથી તે શ્રીકૃષ્ણને સ્નેહને લીધે જન્મ લઈ મળ્યાં. ઈત્યાદિક શાખ શાસ્ત્રથી સાંભળી માટે ગોલોકમાં અષ્ટ સિદ્ધિ નવ નિધિ છે. પણ રાધાને મૂકી બીજી બૈરી પાસે શ્રીકૃષ્ણ ગયા તેની તકરાર આટલી લાંબી હશે એમ અનુમાન બાંધતાં દીવાળીનું કીર્તન સાચું મનાયું માટે મધ્યમવાળો અચળ મુકામવાળાને તે પ્રમાણે કરે નહિ. ઇત્યાદિક સઘળી વાત કનિષ્ટને સાંધેથી મધ્યમવાળાને માથે છે હવે ઉત્તમની રીત લખીએ છીએ જે આણંદ ગામે ધગટ પરસોત્તમ જેભાઈ કરીને હતા તે ફોજદારની નોકરી કરતા તેણે કહ્યું કે હું એક નજરે અચળ મુકામવાળાને જોઉં છું ત્યારે તમારી મુર્તિ સોળ વરસની એક એક રૂંવાડે કરોડો કરોડો સૂર્ય સમાન તેજ વાળી મુર્તિ દેખું છું અને અચળમુકામમાં બેઠો છું ને જાગ્રત અવસ્થામાં બહાર દ્રષ્ટિ છે તો પણ મંડળી તથા મુકામ નજરે પડતા નથી ને બહુ જ

સુખ આવે છે. પણ તેના બદલામાં અચળ મુકામવાળાને ભેટ આપવાની કહી પણ મુકી નહિ. વળી તે સમામાં અચળ મુકામવાળાની સ્ત્રી ચાર દહાડા અગાઉ મરણ ભાંખી દેહ મૂકી ગઈ. તે સમે દેવાણના જી સમૈયા પછી રહ્યા હતા તે અચળ મુકામવાળાની સ્ત્રીએ સમૈયામાં વાતકહી હતી જે ચાર દિવસ પછી હું જવાની છું. આ વાત સાચી છે કે કેમ તે જોવા દેવાણના જી આદિક પંદર હરિભક્તો રહ્યા હતા તે વખતે પણ આ આણંદના ભગત હાજર હતા. તેણે કહ્યું જે આ અચળ મુકામવાળાની સ્ત્રીના બારમાના ખર્ચમાં હું મણ લોટ ઘી ખાંડ ચોખા દાળ આપીશ. પછી તો ઘેર ગયો તે મન ફરી ગયું. તે પેલી ભેટ રૂ. ૧૦૦ આપવાના કહેલા તે ન આપ્યા તેમ મણ લોટ પણ બારમાવાળા ખર્ચમાં આપ્યો નહિ. પછી તો ઉપરીએ તત્કાળ દર મહીને પાંચ રૂપીયા પગાર કાપી નાંખ્યો એટલે બૈરીએ ધણીને કહ્યું અને ભાઈ બાર મહીને સાઠનું નુકશાન થયું તે જીવતા સુધી રહેશે ને પેન્શનમાં પણ ઓછું આપશે માટે મહારાજના સો રૂપીયા અને મણ લોટ આપી દો. બ્રાહ્મણે માન્યું નહિ પછી તે બૈરીએ તકરાર લીધી તેથી તે ધણીએ વિચાર્યું જે બાર મહિના થયા તે પગારના સાઠ રૂપિયા ઓછા આવ્યા તે "હે બૈરી! જો મારો પગાર આજથી વધે તો મહારાજના સો રૂપીયા અને મણ લોટના પૈસા આપું. નહિ તો ના આપું." પછી તે દિવસે રવિવાર હતો ને છેલ્લી તારીખ હતી તે બીજે દિવસે પેહલી તારીખે તે પગાર લેવા ગયો તે પાંચ રૂપીયા ઘટાડ્યા હતા તે વધાર્યા ને કહ્યું તે લ્યો આ તમારા રૂપીયા સાઠ ગયા વરસના બાર મહીના કાપેલા તે લ્યો, તે પછી લઈને ઘેર આવ્યા તે બહુજ આનંદ થયો તે સઘળી વાત પોતાની સ્ત્રીને કહી. પછી બ્રાહ્મણે પોતાના ઉત્સાહથી અચળ મુકામે કાગળ લખ્યો. તે અચળ મુકામવાળે વાંચીને તેના લખ્યા પ્રમાણે પોતાના છોકરા નારણભાઈને આણંદ મોકલ્યો તે પેલા સો રૂપીયા દર્શન કરાવ્યાના ને મણ લોટના સવા ઓગણત્રીશને ત્રણ આનાને બાર મણને એક ભાર કેરીના ચીરીઆનું અથાણું કરેલું તે સહિત નારણભાઈને માથે મુકાવ્યું તે હીંડીને અચળમુકામે આવ્યા. પછી સમૈયો આવ્યો ત્યારે તે બ્રાહ્મણ આવ્યો તે સઘળી વાત સભામાં કહી તે ઉમરેઠના ગોવિંદભાઈએ કાવ્યમાં લખી ઘાલી છે (તરંગ ૨૮ ટુંક). અચળમુકામવાળે બ્રાહ્મણને પુછ્યું જે, 'હે બ્રાહ્મણ તારા ઘરમાં કેટલી સંપત છે?' ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો તે સઘળી બૈરી જાણે. હું જાણું નહિ. પારકી છોડીનો હાથ ઝાલ્યામાં સર્વસ્વ ધણી સોંપી દે છે ત્યારે તે બૈરી બોલી, 'જે બ્રાહ્મણ તો ઘરની સંપતની વાત જાણે નહિ. ફક્ત ખાવા માગે એટલું જ જાણે એમ મધ્યમથી ઉત્તમવાળાની રીત હોય તો જ દર્શન દે. ઈત્યાદિક ઘણી વાતો ઉત્તમની

લખેલી છે તેની વર્તવાની તથા તેના સુખની તે શાસ્ત્રથી ઉત્તમ મધ્યમ કનિષ્ટની રીત તથા ચોથી કૃતઘ્નીની રીત સેવકરામ સાધુ ભુતકાળમાં પ્રથમ ૧૦ તથા વર્તમાનમાં ભાદરણના ઝવરેભાઈને અચળ મુકામવાળે પરસ તથા બ્રહ્મરસ પાઈ અખંડ સુખમાં સુખીઓ રહે એવી સ્થિતિ અચળ મુકામવાળે કરાવી. તેના બદલામાં તેનું ખેતર વેચાણ રાખવાની બાબતમાં કંઈપોણા બે રૂપીયાની કસર પડી તે રૂપીયો સવા રૂપીયો નીકળે તેણે અઢીનો દાવો બાંધ્યો. પછી મુનસફે સામાસામી જુબાનીથી તથા ન્યાયથી ખર્ચ સાથે પોણા બે રૂપીયાનું હુકમનામું કરી આપ્યું. પછી મુન્સફ કહે જપ્તી લાવશે ને ફજેતી થશે માટે કચેરીમાં પોણા બે રૂપીયા ધરી દો.તે અચળમુકામવાળે ધરી દીધાં. એમ કૃતઘ્ની જાણીને તે ઝવેરભાઈનો મન, કર્મ વચને ત્યાગ કર્યો. તેમ ચોથો નંબર કૃતઘ્નીવાળાનો લખ્યો. માટે અચળમુકામે આવનારા માણસને શાંતિ લાવીએ છીએ જે કૃતઘ્ની થશે તેનો ત્યાગ કરવામાં આવશે. સરવે પ્રકારે-માટે ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ તથા ચોથો કૃતઘ્ની ભાગ જાણી વિચારીને આપજો. દા. પોતે

ઉપર પ્રમાણે પચીસ નંબરનો કાગળ જીવણલાલ માટે લખીને આપવાનો હતો પણ પહેલા ચોત્રીસ નંબરનું ના પાડ્યું જે આજ્ઞા નહિ પળે તેથી તે ચોત્રીસ ફાડી નાખ્યા ને આ પચીસ લખ્યા પણ પછી આપ્યા નહિ. સંભળાવ્યા ખરા.

વાંઝીયાને છોકરા જેવા મારે મારા ભક્ત છે તે માટે મારે તેમનો વાંક જોવા ઘટે નહિ. છોકરાં ખોળામાં મુતરે છે તો પણ અવગુણ નથી આવતો તેમ.

સામો પૂછે તો ઉત્તર આપવો સંકલ્પ એટલાં મટકાં. મટકા રહીત થાવું એ ઉત્તમ છે.

પ્રથમ ૨૩. દેહ ના જવા દે-ત્રણ ગુણથી જુદો.

દેહની માયા-ધન, ઈન્દ્રિયોની માયા-વિષય, મનની માયા-અજ્ઞાન, જીવની માયા કારણ શરીર, ભગવાનની માયા હેત.

નિર્ગુણ તપ, સેવા, બ્રહ્માનંદનું વચનામૃત. આ લોકમાં પરલોકે શરૂ થાય તે કહો. કારિયાણી ૧૦.

માળાનું તો એક જ તપ. ચંચળતા ટાળ્યાનું.

જે જે અવતારે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી તે અખંડ મુરતિ દેખાય. એક વધી ગયો તે બેય સરખી. મધ્ય ૩૫. ઉપાસના વિના કંઈ કાર્ય સિદ્ધ થવાનું નથી. વહેવાર કરવો. બ્રહ્માદિક દેવની ઉપાસનાથી સેવામાં બધા ઉદ્યમ આવી ગયા. ભેગો રહે તે જ વધી જાય. સંત સમાગમમાં દુઃખ પરોપળાય. સમાગમ મૂકે તો દુઃખ આવીને ઉભાં રહે. રણછોડભાઈ ઉપર કરમસદના-તે પૈસા ખાઈને સેવા કરવી તે સારૂ તે ઉપર સ્વામીની વાતમાં જે એક જણો પાંચસો મૂકી ગયો.

હરિ ઇચ્છાએ પ્રભુ જેવા જોગમાં રાખે તેવા જોગમાં રહેવું તે વખતે તેમ રાજી રહેવું. પ્રહલાદની દૃઢતા હતી તો થાંભલામાંથી નીકળ્યા. તમારે સમૈયે ન અવાયું તે ફીકર નહિ કારણ જે પ્રહ્લાદને થાંભલામાં તો આપણે હૈયામાં બેઠા છે. પ્રભુ વેગળાજ નથી એમ માની આનંદ કરવો. બૈરી છોકરાંમાં સુખ મુકવાનું તો પણ બધી જીંદગી કમાઈ આલતાં ખટકતી નથી તો આ તો ભગવાનમાંથી સુખ લે છે તેનો બદલો તને મને ધને સેવા કરે છે માટે સાબાશ છે. હરિજને જે કર્યા કૃતને જાણે છે ને બૈરીમાં સુખ મુકવાનું છે તેમાં મરી મટે છે ને ભગવાનમાં સુખ લેવાનું છે તો પણ કૃતઘ્ની માણસ તને ધને કંઈ કરે નહિ.

ત્યારે પહેલાં એવું બન્યું કે પલાણાના એક ધોરી ભગત હતા. તેમને ભક્તોની પરીક્ષા લેવાનું મન થયું. તેમણે પોતાનો પ્રયોગ અજમાવવા સાધી ગામ પસંદ કર્યું. તેઓ સાધી ગામમાં ગયા. ગામમાં જઈ ભક્તોને ભેગા કર્યા અને કહ્યું કે 'મહારાજે મને મોકલ્યો છે અને કહેવડાવ્યું છે જે જેને મારી સાથે આ જગત છોડી ધામમાં આવવું હોય તે તૈયાર થઈ જાય, આવતી કાલ સવારમાં અહિંથી નીકળવાનું છે. પછી તો પ્રભુના ભક્તો બધા સાચા ભાવવાળા હતા. વાસના છોડી પ્રભુનું ભજન કરતા હતા. જેથી તમામે જગતને છોડી ચાલ્યા જવાની તૈયારીઓ કરી. કોઈએ પોતાના ઘરવખરી પોતાના ભાઈને સોંપી તો કોઈએ ભાઈબંધને સોંપી, કોઈએ વળી પાછળ બીજું કોઈ ના હોય તો ભત્રીજા વગેરેને સોંપી. તેમ આ ફના દુનિયાનો ત્યાગ કરવાનો હોવાથી તમામ મિલ્કતની પાછળની વહેંચણી કરી દીધી. રાત્રી પુરી થઈ સવારના વહેલી પ્રભાતે ધોરી ભગત નીકળ્યા. ઉપર મુજબ બધા સાધીના ભક્તજનો પણ દુનિયાનો ત્યાગ કરી મિલ્કતો સોંપી દઈ ધામમાં જવા ભાગોળે નીકળ્યા. ભાગોળે બધા ભેગા થયા. ત્યાંથી ભાદરણ નીકળવાની તૈયારી કરી ત્યાં તો ધોરી

ભગત કહે 'ભાઈઓ ઉભા રહો. તમારી પરીક્ષા પુરી થઈ. તમો બધા સાચા અને વાસના રહીત ભક્તો છો. આ તો મહારાજે કંઈ કહેવડાવ્યું નહોતું પણ મેં તમારી પરીક્ષા કરવાને માટે આ અખતરો કર્યો હતો. આથી બધા ભક્તો સૌ સોને ઘેર પાછા ગયા.

ત્યારબાદ સાધીના દાજી મહારાજ પાસે આવ્યા. મહારાજશ્રીને બધી બનેલી હકીકત અશ્રુભીની આંખે કહી. અને વિનંતી કરી જે હે મહારાજ આવો અખતરો ધોરી ભગતે અમારા સાધી ગામમાં કર્યો. બધા તમારા ભક્તોએ મીલ્કતો વેડફી નાંખી તમારી સાથે ધામમાં આવવા તૈયાર થયા જેને તેને માલમત્તા સોંપ દીધી અને પછી સવારમાં ધોરી ભગતે પાછા કાઢ્યા. આ પ્રમાણે અસ્ત વ્યસ્ત દશા થઈ. માટે આ ધોરી ભગત અમારા ગામની સીમમાં પણ ના જોઈએ. અને આવી પરીક્ષા ફરી કોઈ કરે નહિ.'

આથી મહારાજશ્રીએ ધોરી ભગતને સાધી જતા બંધ કરી દીધા. તેમ પોતાને જે વિચાર હતો જે જ્યારે આ જગત છોડીને જઈશું ત્યારે જેને સાથે આવવું હશે તેને આ દેહે લઈ જઈશું તે સદંતર માંડી વાળ્યો.

ભાદરણના દીવાળીબાને મહારાજે કહ્યું જે મને ચાંદલો કરો છો? તો ઉત્તર જે દોઢ શેરનો તો છે. ત્યારે મહારાજે કહ્યું જે તો ઠીક. પછી સમૈયામાં ગયા. કહેવાનું શું જે મોટો ચાંદલો ગમે. કારણ કે છેટેથી દેખાય તેથી મુર્તિ પેસી જાય. તે આનંદ જીવને વરતે. તે ફેર જોવાનું મન થાય. જે તે પ્રકારે મુર્તિ યાદ કરાવવા ઉપર તાન છે.

મુનિને કહે ભગવાનને ત્યાં જન્મ લીધો ને હવે શું કરવા વેલા કરો છો? ઓળે ને છોળે વાપરોને?

બારોટ પ્રભુદાસે પૂછ્યું જે બારી બારણાં ઘણાં જોઈએ? ઉત્તર જે હવે ઘરડા થયા તેની તમારે શી પંચાત છે? જવાનીમાં કમાઈને છોકરાને આપ્યું. ભગવાનને ભગવાનના ભક્તની સેવામાં આવ્યું નહિ. ને છોકરા ઘડપણમાં પેસવા ન દે તે સર્વે ઘરનો હક્ક ગયો. હવે શું?

સંવત ૧૯૮૩ વૈશાખ સુદ ૧૨.

પારકા ઘરમાં કહ્યા વગર શી રીતે અડાય? મોટાભાઈએ પૂજાનો પુંજો વાળ્યો

તે ઉપર વાત નીકળી પાથરણું પાથરેલું તે પુંજો વળાઈ ગયો. ખાટલો ખંચેર્યો એટલે પુંજો વળાઈ રહ્યો. મારા કહેવાણા છો તો મારા જેવા કરી મુકું. શિક્ષાપત્રીમાં જડ ભરતની પેઠે વર્તવાનું કહ્યું. શિક્ષાપત્રી પાળવી છે કે નથી? કહે તે કરવું. તગાવી વહેંચે તેને પગાર અને ઉઘરાવે તેને પણ પગાર માટે કહે તેમજ કરે તે સુખ. લાવો હજાર રૂપીયા આપી દઈએ ને જાવ અહિંથી કહ્યા વગર કેમ કર્યું? મોટાભાઈ અહિંથી જાય પેસવા તો દઈશ. હે ભાઈ! મનનું ધાર્યુ કરવું નહિ. શાસ્ત્ર વાંચી વાંચીને શું કાઢ્યું? એવી રીતે ઠપકો દીધો. કેવાનું શું જે બને તેટલા સંકલ્પ ઓછા કરવા ને સ્થિર થાવું.

સંવત ૧૯૮૩ જેઠ સુદ ૪.

મુનિને કહે ભગવાનના ગુમાસ્તા થાવું. શેઠને ખોટ. હરખ શોક ન કરવો. જે સમે જે બને તે ખરૂં. ખાવા ને રહેવા જોઈએ-એમ સહેજ વાત કહેલી. ધ્યાન ભજનથી જ્ઞાન થાય ભૂખેથી જ્ઞાન ઉપડે નહિં. સમ થઈ જાય. દેહ સ્થિર મન સ્થિર થઈ જતું રહેવાય. માટે માળા રાખવી. મહારાજે કહ્યુ કે મારા ગુરૂએ મને શીખવ્યું છે તે ઉપર અંતરજામીપણે કહ્યું - પૂછયા વગર ને મારી સામું જોઈને તે ઉપર માસ્તર ગોવિંદભાઈએ પ્રાગજીનું પૂછયું નેત્ર ટાઢાં પડે તે કારણ એક વૃત્તિ રાખવી. જગત મિથ્યા વિષય ખોટા. ભગવાન સત્ય. સોનાનાં સાંકળાં ઉપર શરત રાખવી ને કહેવું કરવું જેમ અચાનક થાય તે ખરૂ. કોઈ પણ પ્રકારનો શોક ન કરવો ને થાય તેમાં હરકત નહિ. ક્રોધ જાય.

પરબ માટલીની પાણી ભરીને મૂકીએ. અન્નક્ષેત્રમાં જવું. હરખ શોક તજવો. હરખ ન કરવો ને શોક પણ ન કરવો જે સમે જે બને તેજ ખરૂં સોનીવાળાને સોનાનું, કુંભારને કુંભારનું , દરજીને દરજીનું મરતા સુધી કરે છે. કોઈને કોઈનું કામ થઈ રહ્યું નથી માનતા. તેમ આપણે આ ધંધો જીવતા સુધી એમને એમ કરવું ને ભજન કરવું.

સંવત ૧૯૮૫ કારતક વદ ૧૩ શુક્રવાર તા. ૨૯-૧૧-૧૯૨૯.

પોકર ભગત વચનામૃત વાંચતા હતા તે વખતે વાત થયેલી જે મધ્ય ૨૮. મન, કર્મ, વચને સેવા કરવાનો અર્થ જે માંદો ને ઘરડો હોય તો મને સેવા કરે કે હું સાજો હોત તો સેવા કરત એમ મનથી થાય. જવાન હોય તો તનેથી સેવા કરે વચને કહેતાં

ભગવાનના કીર્તન ગાવવાં તે કહેતાં ગુણ ગાવા તેને મનથી થાય જે હું પૈસાવાળો હોત તો હું પૈસે સેવા કરત. પણ શું કરૂં? એમ થાય. તે સેવા થઈ ચૂકી. ગરીબ હોય તો તનથી સેવા કરે. પૈસાવાળા હોય તો પૈસે સેવા કરે. ઘરેણાં વગેરે બધી વાતે અનુકુળ હોય તો બધી પ્રકારે સેવા કરે.

રાજીપો-પરાણે ન કરવું. એક એકને હેત થાય તેમ કરવું. તારે ન રહેવું હોય ને રાખીએ એ કુરાજીપો. રહેવું હોય ને ન રાખીએ એ કુરાજીપો. જેમ આનંદ રાજી હોય તેમ કરે તે.

મૃત લોકમાં ધામમાં છે.

એક એકને સ્નેહ હોય તો આનંદ વરતે. ઊંચું મન એકને હોય તો ન રહેવાય. ભગવાન સગા વગેરે એક એકને બને નહિ તો શ્રાપ થાય. ભગતે ભગતે રાધા આદિકનું દ્રષ્ટાંત જ્યાં વહેંચવાનું નહોતું ત્યાં ના બન્યું તો આનંદ ગયો.

હળી મળીને રહેવાય તેમ શાસ્ત્ર કહે છે. જગતને ભગત ગામલોક હળીમળીને રહેવું તે માટે ભેગા થઈને ગામમાં રહે છે નહિ તો ખેતરમાં ના રહે? તે વળી જવું આવવું કારણ કે ખાવાનું તો ખેતરમાંથી લાવવાનું છે પણ ભેગા રહેવાથી આનંદ વધે. હળીમળીને રહે તો એમ સર્વે વાતે સર્વે રીતે શાસ્ત્ર કહે છે.

સંવત ૧૯૮૫ માગસર સુદ ૨. તા. ૨-૧૨-૧૯૨૯.

કંઈ કામ પોકર ભગતને બતાવતાં કહ્યું જે કંઈ ખોડ હોય તો કહેવું. ત્યારે પોકર ભગતે કહ્યું જે ડાહ્યામાં ભળીએ તો કઢાય. ઉત્તર જે ભેગા રહીએ તો બધુંય થાય. ખોડ કઢાય. વઢાય ધકા મરાય તે દ્વેષ ભાવથી થાય તો ખોટું. ને તે ખોડ કાઢી કહેવાય. પણ આ તો આપણને દુઃખ પડે તેમાં કહીએ તેનું કંઈ નહિ ને તે વાત વચનામૃતમાં છે એક વાર કહેવું.

સંવત ૧૯૮૫ ચૈત્ર વદ ૪.

લોયા-૬. વાંચતાં પ્રશ્ન વર્તમાન સંબંધી -સ્વામિનારાયણના સાધુ જેમ સ્ત્રીથી છેટા રહે છે તેમ આપણે રહીએ તો વર્તમાન પાળ્યું કહેવાય. પોકર ભગત ઉપર કહેલું-તેમના અંગનું.

ભરૂચમાં ગએલા ત્યાંની વાત જે સામાનાં દુઃખ મટાડવા આપણો સ્વભાવ

શું કરવા બગાડવો? ખાધા ઉપર વાત નીકળેલી-મોટાભાઈના કારજ ઉપર ગએલાં ત્યાં

સંવત ૧૯૮૫. આસો વદ ૧૩.

કારીયાણી ૧૦ વાંચતાં પોકર ભગત કહે જે કલ્યાણને પ્રસન્નતામાં શો ફેર? પંચભૂતનું શરીર મુકયા પછી? ઉત્તર ગાતા જાય ને ડોલતા જાય તે મધ્ય ૧૯ વાંચો. જુઓ ભજનના સંકલ્પ થાય મુકતમાં પણ ભેદ. કલ્યાણને શાંતિમાં ફેર. ધામમાં જાય. સ્થિર જોઈ રહ્યા તે સેવા.

ભજનના સંકલ્પ રજોગુણ કીર્તન ગાય ને કલ્યાણ. પ્રસન્નતા-જોઈ રહ્યા તે. ઉપસનાવાળા જોવાવાળા કીર્તન નવ પ્રકારથી ભક્તિ-તે ભક્તિવાળા ઉપાસનાવાળા-જોવાવાળા-તે પ્રસન્નતાના જે ભજન કીર્તન-બ્રહ્માનંદ વગેરે કહેતાં રજોગુણ તે કલ્યાણ.

કારીયાણી ૮ તપથી રાજી તે વાત. કારીયાણી ૧૦. સાધુને સંસારીને તો બાવટાનો રોટલો વળી ને ઘી ખાંડ કંઈથી લાવે? એક કમાય અને દસ ખાનારાં હોય તે તપ જ છે. ટાઢ તડકો ખમે છે. ભૂખ વેઠે છે. સાધુ ભેખધારીને નીત્ય લાડવા મળે તે ખોટા સંકલ્પ થાય માટે તપ.

સંવત ૧૯૮૭ આસો વદ ૮.

મહારાજ ઓટલા ઉપર બેસીને કહેતા જાય જે કોઈને ગરજ નથી. કાન્તિલાલ બારોટને કહેતા હતા. વાંચવાનું લહેરૂ કરી ચાંદીને હિંચકે રાતદહાડો વાંચ્યા કરે. મીરાં પણ કહેતાં હતાં જે હાથ જોડી રડે. માંદા થયા વગેરે કંકોતરીઓની બાબતમાં પણ મરમ લખતા. તથા પલાણાના ધનજીભાઈ મોતીભાઈને સ્વપ્નમાં કહ્યું જે થોડા દિવસ છે ને મુનિને બધું સોંપ્યું એમ કહેતાં સાંભળ્યું. ને તે ધનજીભાઈ ભાદરણ આવ્યા. ત્યારે રૂબરૂ પ્રત્યક્ષ કહ્યું જે ભલા દર્શન માટે દેહ રાખ્યું. બધાંને ત્રાસ પડે માટે સ્વપ્નમાં જે કહ્યું તે પ્રત્યક્ષ કહ્યું એમ ધનજીભાઈએ કહેલું.

તા. ૨૦-૧૧-૧૯૩૧

રાવ સાહેબ ઉપર-સારૂ શોધવું પછી સ્વર્ગે જવાય કે નર્કે જવાય. જેટલા ભગવાન સંભાર્યા એટલા ખરા. રાવ સાહેબનો પ્રશ્ન જે ગોપાળાનંદે દર્શન કરાવ્યાં-

શ્રીજીના ધામમાં ગયા પછી વડોદરે-ઉત્તર જે કંઈ ચાલતું જ નથી તેનો પ્રશ્ન જે કામનાં મૂળ ઉખાડ્યાના ગોટા વળતા હશે તેના ઉત્તરથી જુઓ. પ્રકરણ ૪૫ ભક્તચિંતામણી - મધ્ય ૧૯. મનોરથ-માટે સમજણ એવી રાખવી જેથી દુઃખ ન થાય. તેવી રાખવી. માન બોલે છે. સિદ્ધ દશાને એવા ગુણ જોઈએ. દેહ પડી જવા બેઠો. ઉત્તર જે શાસ્ત્ર દષ્ટીએ જોવું ને તેના ઉદ્યમ કરવા પરમાત્માએ ધાર્યું હોય તેમ કરે. માટે કંઈ આકળા થએ પરવડે નહિ. ચારેય દ્વારે જુઓને કેવું દુઃખ વેઠે છે. ગોટાળા વાળે પરવડે નહિ. નવો સપાટો માર્યો નથી. જુઓ વચનામૃત-જેવી ભક્તિ જેવો પ્રેમ જેવો ભક્ત તેવી વાત છે, મુર્તિ સંભારતાં દેહ સાંભરે નહિ ત્યારે આનો તોડ પડ્યો. ઉંઘમાં જઈએ છીએ ને દેહ સાંભરતું નથી ને સુખ ભોગવે છે - મુચુકુંદ રાજાની પેઠે અને આપણે તો મુર્તિમાં લીન થઈએ ત્યારે પુરણ થયો.

પલાણાના ધનજીભાઈ મોતીભાઈએ કહેલું તેથી ૧૯૮૯ના કારતકમાં સમૈયા માટે દેહ આવ્યો. એ વગેરે ઘણી સાક્ષી થઈ હતી. વળી ધંધુકાથી એક ભક્તનો કાગળ આવ્યો જે વાત સાંભળીને બહુ શોક થાય છે ઉત્તરમાં દર્શન માટે દેહ રાખ્યો. એમ લખ્યું. હવે પ્રભુઈચ્છા વળી તેજગઢ મોહનને એવું લખ્યું હતું.

સંવત ૧૯૮૮ કારતકમાં કહે મારે કોઈ હરિભગતનો અવગુણ લેવો નથી. જેમ નડીઆદમાં ખુમાંએ છોકરાનો અવગુણ ના લીધો તેમ જે છોકરે એંસી હજાર રોકડા ઉરાડ્યા ને મરી ગયો તોય ખુમાં કહે જીવ્યો હોત તો સારો. મોંઢું જુવત તેમ મારે હરિજનનો અવગુણ કોઈનો લેવો નથી.

સંવત ૧૯૮૮ પોષ વદ ૯. તા. ૩૧-૧-૩૨, રવિવાર

પોપટલાલને વાગ્યું. પડ્યા તે ઉપર વાત નીકળેલી જે સવારમાં પૂજા કરતાં વાત જે શરત રાખવી ને જોવું 'તુંને? દીવાળીબા કહે ભૂલી જવાય. યાદ ન રહે. તમે કુંચીઓ ભૂલી ગયા ત્યારે કેમ વઢ્યા? તમારાથી ભૂલી જવાય છે ને વઢો છો. ઉત્તર જે મારે તો વગર વાંકે વઢુ લઢું વગેરે મારે તો જોઈએ કારણ કે આ લોકમાં ક્યા આધારે રહેવાય. મારે દહાડો શી રીતે જાય? શાથી મારો દહાડો જાય? વગર વાંકે વઢું એ મારૂં કામ છે આ લોકમાં રહેવું તે મારૂં કામ છે.

સંવત ૧૯૮૭ના અશ્વિન માસમાં શુકલ પક્ષમાં મહારાજશ્રીએ ઉદાસી

આણી હતી અને મંદવાડ ગ્રહણ કર્યો હતો. જાણે આ લોક છોડી જવાની મહારાજશ્રીની ઇચ્છા થઈ હોય એમ જણાતું હતું પણ સર્વે સંતોના આગ્રહથી પોતાનું દેહ જારી રાખ્યું. અને કારતકનો સમૈયો ભરી સૌને આનંદ કરાવ્યો.

(હવે પછી મહારાજશ્રીએ હરિભક્તોને કાગળ લખેલા તે જેમ અહિં મળી આવ્યા તેમ તેમાંથી જ્ઞાનનો ભાગ આપવામાં આવેલ છે. જેથી તારીખનો અનુક્રમ જળવાઈ રહ્યો નથી.)

તા. ૧૫-૧-૧૯૩૧.

ભગવાન ભક્તોની સહાયમાં જ છે. ભક્તોના મન શાંતિના ઉપાયમાં જ રહેલા છે. પ્રભુ તો જેટલા સંભારીએ ને જેટલો અભ્યાસ તેટલી જ વૃત્તિ રહે. પણ સહેજે સહેજે સાંભરવાનો વૃત્તિ રાખવાનો અભ્યાસ સારો દુઃખ ના પડે ને તીવ્ર વેગથી સંભારીએ તો વહેરવારથી શોભે નહિ ગાંડુ થઈ જવાય માટે સહેજે સહેજે દરેક વાતનો અભ્યાસ સારો. ભક્તિ માર્ગે જે વહેવારમાં રહીને ચાલે છે તેને સહેજે સહેજેમાં ફાયદો. વહેવારમાં વૃત્તિ તીવ્ર રાખીએ તો તેમાં ચોટાય. વિષયમાં તીવ્ર ચોટીએ તો મધમાંખી જેવું થવાય. માટે પાંચ પાંચ ગાઉ ચાલતાં લાંબો પંથ કપાય. તીવ્ર વેગ કોનો તો સો મતે સસડી, હજાર મતે લબડી ને એક મતે આપડી તો સામે માડે તાપડી-તે તો મરજીની વાત છે. જે અર્થ સાધ્યામિ ને દેહ પાત્યામિ-પણ તે વાત આપણી નથી. કારણ કે વહેવારમાં રહીને ભક્તિ કરવી. પ્રથમ ૧૪માં છે જે ત્યાગી કરતાં ગૃહસ્થ ઘણો શ્રેષ્ઠ છે. ગૃહસ્થમાં રહીએ તો ગૃહની સર્વે વાસના પુરી થાય. ને ઉદાસ રહેવાય. ને ભકિતમાં તાણ રહે. માટે ગૃહસ્થ શ્રેષ્ઠ છે. ને ત્યાગીપણામાં ભક્તિ થાય નહિ. ગૃહસ્થાઈની વાતચીત વગેરેમાં વાસના રહે ને તે મળે નહિ. કારણ કે નાંખો પડ્યો એટલે આમ ગયું ને તેમ ગયું કહેતાં ઘર ધૂળધાણી થયું તે કુતરો વાટનો નહિ ને ઘાટનો નહિ માટે આપણે તો ગૃહસ્થમાં રહી પ્રભુ ભજવા-બને તેટલા મનની વૃત્તિથી એજ સર્વ વાતનો મુદ્દો છે. વૃત્તિ રાખતાં જેમ ભગવાન રાખે તેમાં રાજી રહેવું. કારણ કે સર્વ કરતા પ્રભુ છે. કહેતાં આપણામાં કોઈ વિઘન આવે તો વૃત્તિ તૂટે એમ કરે કહેતાં કાંઈ ગાંડા જેવા થાય તો આગળથી નાકું બાંધી રાખે માટે પુરુષપ્રયત્ન કરવું. પછી તેના ફળની ઈચ્છા ન રાખવી. કારણ કે તે ઈચ્છેલું ન થાય તો દુઃખ થાય આગળ પાછળ આપણને સુઝે નહિ માટે આપણો ધર્મ એજ જે શાસ્ત્ર આધારે પુરુષપ્રયત્ન કરવો. આશરાની વાત લખી તે આપણે તો પ્રભુનો આશરો છે જેમ કોઈ રાંડેલી ડોસી હોય ને

તેને ભેંસનો આશરો હોય ને તે ભેંસ મરી જાય તો દુઃખ થાય છે તેમ આપણે આશરો છે કહેતાં જેનો આધાર તે પ્રભુને સંભાર સંભાર કરીએ એટલે આપણે આધાર થયો ને રાત દિવસ જાય માટે આશરો જુઓ. પ્રથમ ૩૩/૧, ૭૭/૧ મધ્ય ૯/૧, ૧૦/૨, ૧૩, ૧૭/૨, લોયા ૧૦/૮ વરતાલ ૫/૨ છેલ્લાનો ૭-તે સર્વે આશરાનું લક્ષણ છે. ૩૫/૧માં પ્રથમ ૩૩/૧ મૂઢપણું, પ્રીતિને સમજણ વગેરે વાંચતાં સમજાશે માટે સદાકાળ આનંદમાં જ રહેવું જેમ પ્રભુ કરશે તે સારૂં જ કરશે માટે કશી ચિંતા ન રાખવી. ભગવાન સંભારવા એજ મુદ્દો છે, ભગવાન જેવા પ્રગટ પ્રત્યક્ષ છે તેવાને તેવાજ અણું અણું પ્રત્યે વિરાજે છે માટે ધીરજ રાખવી ને ભજન કરવું.

(પત્રો ચાલુ) આત્મામાં પરમાત્માનાં દર્શન થયાં નથી તે થવાનું સાધન શું? તેનો ઉત્તર પ્રગટ ભગવાનમાં મનની વૃત્તિ એકાગ્ર રાખવાથી આત્મા દેખાવો કઠણ નથી એમ વચનામૃતમાં છે. છેલ્લાના ૩૬/૨ માં છે. ને અનુભવમાં પણ છે જેમ એક તપેલામાં ધુળ પાણી રેડે ને હલાવે તેથી કંઈ માંહીલી ચીજ દેખાતી નથી પણ તે ઠરે એટલે અંદરનું દેખાય છે તેમ મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં એકાગ્ર રાખવાથી આત્મા દેખાય ને તેથી વધારે ઠરવાથી પરમાત્મા દેખાય છે. વળી પ્રથમ ૨૦ માં જે કયે દિવસે આદર કર્યો ને ના દીઠું ને આદર કર્યેથી ના દેખાય તે લખ્યું કે દેખાશે. નહિ તો પ્રથમ ૯ ઇચ્છાએ રહિત આદર કરે તો બળાત્કારે દેખાડે છે. વળી તેથી ન દેખાય તો ભગવાનની એવી ઇચ્છા છે એમ પણ છે તે જુઓ છેલ્લાનું ૬ સદાય અયોગ્ય ઘાટ થતા હોય તો તેને જીવનો વાંક જાણવો. એમ અનેક રીતે મનના ખુલાસા થાય. પણ પુરુષપ્રયત્ન કરે તેને કંઈપણ ફળ થયા વિના રહે નહિ.

વળી લખ્યું જે ન થાય તે ઓછો કેટલો રહે? તેનો ઉત્તર જે આત્મામાં પરમાત્મા ન દેખાય તે જુઓ આત્માને અક્ષર તે તો આપણે પરમાત્માના શરીર કહેવાઈએ. તે અંદરદૃષ્ટિનો અર્થ જે બહાર ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખો કે અંતરમાં રાખો એ બેય સરખું લખ્યું એટલે પરમાત્મા દીઠા કહેવાય જ. પ્રથમ ૪૯/૨, મધ્ય ૮/૨ના પ્રશ્નમાં દાખલો જે કોઈ લખેસરી હોય તેના હાથમાં પૈસા હોય ને તેના છોકરા પાસે કંઈ ના હોય પણ પોતાના બાપની મીલ્કતથી આનંદનો કેફ હોય પણ પાંચ શેર સાકર બદામ લાવવી હોય તો આપે નહિ પણ સમર્થ બાપની શાખથી છોકરાને ઉધાર આપે. તેમ આપણે જુઓને! કોઈનાં વચન ફળે છે. કોઈને દેખાય છે

વગેરે હજારો દાખલા છે પણ પાસે પૈસા જેવું નહિ પણ પ્રાપ્તિમાં ફેર ના પડે. જુઓ મધ્ય ૧૪ અડગ નિશ્ચય જોઈએ. જુઓ મધ્ય ૩૫ આત્મા સ્વરૂપાનંદ ઘણા દેખતા પણ દેહે મંદવાડ હતો તે કાંઈ ના મટ્યો. એ તો પેલા લખેસરીના છોકરા જેવો આનંદ વધે. મધ્ય ૩૫માં સ્વરૂપાનંદનો દાખલો જોતાં દેહને દુઃખ ઓછું ના થયું એ તો જ્યારે આત્મા અક્ષર તે આપણે ને પરમાત્મા એક રહે ને તે આત્મા અક્ષર બ્રહ્મ તેનો ગુણ જડને ચૈતન્ય કરે, ચૈતન્યને જડ કરે. એવો ગુણ આવી સત્તા આવે ત્યારે સત્તા સર્વ પ્રકારે આવી. ને સર્વ પ્રકારે આનંદ આવ્યો ને પ્રાપ્તિમાં તો લીમડો તે લીમડો એવો મધ્ય ૧૪ પ્રમાણે અડગ નિશ્ચયથી સર્વે થઈ રહે છે. નહિ તો જુઓ છેલ્લાનું ૨. મરીને મળનાર છે તે દેહે મળ્યા છે તે જ પરમપદ. વળી સાળંગપુર ૧૧ છેક છેલ્લું છે જે અંતકાળે સહાય કરે છે માટે જેમ થાય તેમ ઠીક દેખાય તો આનંદ રહે ને ના દેખાય તો નિશ્ચયના બળથી તે પુરણ જ છે.જુઓ મરતી વખતે કોઈ પ્રકારની વાસના હોય નહિ તો દુઃખ નથી. તે વખતે એક વિચાર રહે જે છેલ્લાના ૧૬માં મોટા મુક્ત સાથે હેત ના કરવું. તો હરિભક્તનો સંકલ્પ બંધ થયો. હવે ધામનો રહ્યો તો જુઓ મધ્ય ૪૨ છેક છેલ્લી લીટીમાં છે જે જ્યાં ભગવાનની મુર્તિ ત્યાંજ અક્ષરધામનું મધ્ય છે, તો પછી ધામનો સંકલ્પ ગયો. ને પ્રથમ ૧માં ગરુડ હાથી રથ તેડવા આવે છે તે તેના ભાવ ઉપર દેખાય માટે ભગવાનમાં જીવતાં વૃત્તિ છે હેત છે તો પછી મરીને ક્યાં જવાશે? મુર્તિ દેખાશે એટલે અક્ષરધામનું મધ્ય થયું. માટે ભગવાન વિના હેત ના જોઈએ. મધ્ય ૫૬માં સાચી પ્રીતિ-હેત કહ્યું છે. તે માટે પ્રથમ ૬૦માં વાસના કહી તે વાસના ના જોઈએ. જુઓ ધુળ જેવી પ્રકૃતિ દુઃખ દે. શ્રીજી મહારાજ એક ડોસીને તેડવા ગયા તે રસ્તામાં બૈરીઓ કુટતી દીઠી તે પેલી મરેલી સ્ત્રી મહારાજને કહે છે જે જરા ઉભા રહો બે છાજીયાં લેતી આવું. તે મહારાજ મૂકી અદ્રશ્ય થયા. એ તો પ્રકૃતિ ઉપર થયું માટે અનેક રીતે નડે છે. માટે કંઈ હેત સારૂં નહિ. તે માટે આત્મા પરમાત્મા દેખાય. તેમાં આનંદ રહે તે સુખે કરીને બીજે વૃત્તિ ના જાય. જુઓ સાળંગપુર ૧/૨ પ્રશ્ન અનંત કોટિ બ્રહ્માંડના સુખ વારી ફેરીને નાંખી દઈએ તો પણ તેના કોટિમા ભાગનુ સુખ નથી તેમ સમજાય એટલે બીજે વૃત્તિ ના જાય. પણ આપણે તો ભગવાનનો આશ્રય છે તે જેમ માતા બાળકની રક્ષા કરે છે તેમ ભગવાન કરે માટે આશ્રય સારો જોઈએ. જુઓને તમે ક્યાં જાણતા હતા? ક્યાં તમને ખબર હતી? પણ ભગવાને ક્યાંનો જોગ ક્યાં મેળવ્યો. તો અત્યાર સુધી મેળવે છે તો હવે પછી કેમ નહિ મેળવે? મેળવવો જ પડશે. તે પ્રાગજી મહારાજનું વચન છે તે શું તો? તમે નરકમાં જશો તો હું નરકમાં આવીશ. વળી કહે

જે 'મને ધામમાં ગરવા દેતા નથી. તારા ચેલા લઈને આવ એમ કહે છે.' એમ પોતે રક્ષા કરે છે. જેમ નાના બાળકને શું જોઈએ છે? ક્યાં છે, પડે છે, પડશે, નડશે, માંદુ વગેરે હજાર જાતની મા-બાપને ચિંતા છે તો આ તો ઘટઘટ વ્યાપક છે. અંતર્યામી છે તો પછી કેમ છોડશે? જુઓને વાત છે જે કથો બથાને મૂકે પણ બથો કથાને ક્યાં મૂકે? આપણે તો એક રાખવું જે ભક્તચિંતામણી જે પ્રકરણ ૬૮માં 'ગુરૂ સંતને ભજવા જે શ્રી હરિ સાક્ષાત' તે શું જે સંભારવા એ એક જ છે. સંભાર્યાથી સર્વે વાતે સિદ્ધિ થાય છે ને થશે ને થઈ છે તે સર્વે શાસ્ત્રમાં છે ને અનુભવમાં પણ તેમજ છે. પણ તેની દેખવા જોવાની આશાએ રહિત કરવું. આશા સાથે કરીએ તો તેમાં વૃત્તિ જાય તો પ્રથમ ૯ બળાત્કારે દેખાડે છે. તે શું જે આ છે તે જ જોવાનું. જુઓને શ્રીજી મહારાજ રામાનંદ સ્વામીને અંતર દૃષ્ટિએ દેખતા પણ માયિક પંચભૂતનું દેહ ન જોયું ત્યાં સુધી કેવું હૈયું ફોડતા હતા માટે જુઓ દિવ્ય દેહ કરતાં માયિકમાં વધુ હેત થયું કહેતાં તેમાં વધુ માલ થયો. માટે જે સમે જે બને તે ખરૂ. જે મળ્યા તેને સંભારવા એ જ એક વાત સર્વે શાસ્ત્રનો સાર પણ તે જ છે. વચનામૃત પણ તે જ કહે છે. ભાગવતમાં પણ તે જ સંભારવાનું લખ્યું. રામાયણમાં ૪૫/૪૯ કાંડમાં છે જે આ સર્વે શા સારૂ છે તો એક સંભારવા માટે જ. સર્વે જોડ કર્યું - અનેક રીતે સંભારે તેવાં. માટે સો વાતની એક વાત જે મળ્યા તેમાં વૃત્તિ રાખવી એ જ જુઓ પ્રથમ ૧૩ તથા ભક્તચિંતામણી પ્રકરણ ૭૬ ।। આપણ સહુનાં તેજોમય તન છે. ।। ત્યારે નહિ દેખાતું હોય ત્યારે કહેતા હશે ને? વળી તમને મળ્યા જે તે પાર છે અક્ષરથી - કરવું તમારે કંઈ નથી. આનંદમાં રહે. વળી પ્રથમ ૫૯ હનુમાનજીમાં અપાર બળ હતું તે મધ્ય ૧૩. ભક્ત ચિંતામણી પ્રકરણ ૭૬ વચનામૃત-પ્રથમ ૫૯ વગેરે એક જ ભાવ થયો. વળી મધ્ય ૮/૨ પ્રશ્નમાં છેક છેલ્લું છે જે પુરણ માનવું ને અધુરૂં જાણવું તે રસ્તો મૂકીને આળસુ ન થવાય માટે સો વાતની એક જ છે. મળ્યા તેને અંતરમાં બહાર સંભારવામાં સર્વે પ્રાપ્તિ થાય છે. જે જે શાસ્ત્રમાં કહી છે તે સર્વે - એક નહિ. આ લોક ને પરલોક સબંધી સર્વે થાય છે. એ અનુભવે સિદ્ધ વાત છે. માટે સંભારવા એ જ મુદ્દો છે.

સ્વતંત્ર પરતંત્ર સરખા જ છે તે પેલાને ધોખો ન થાય ને પેલાનું કાળજું બળે જે શું થશે એટલો ફેર પણ ઉપરથી તો સરખું દેખાય. પેલા સ્વતંત્રને બે ગુણ સાકર જોઈતી હોય તો ઝટ લે અને છોકરાને જરા વાર લાગે. પણ જો દુકાનવાળો શેઠીયો જાણીને ધીરે તો બેયને ખપ જેવું જ છે. પણ એ સર્વે વાતમાં સાર જે મળ્યા તેને સંભારવા આપણે કંઈ ભગવાન નથી થાવું. જે મળ્યા તેનો આશ્રય તેથી સર્વે થાય. માટે આશરો સારો જોઈએ. તેમાં કંઈ પોલ ન જોઈએ માટે લીંમડો તે લીંમડો કદી

આંબો નહિ. એ જ નિશ્ચય. એ જ મુદ્દો. એક સંભારવા એ જ છે. બીજું ધામ આત્મા ફાત્મા કંઈ લોચો રાખવો જ નહિ.

હવે બીજું પ્રશ્ન જે ભગવાન મળ્યા પછી સર્વે સાધન સંપૂર્ણ થયાં? તેનો ઉત્તર સર્વે સાધન સંપૂર્ણ થયાં. જેમ પૈસા મળ્યા પછી ચોપડા, નામું, તગારાં, મજુરી, નોકરી વગેરે કંઈ રહેતું નથી તેમ સર્વે મુદ્દો આવ્યો. તેમ ભગવાન મળ્યા એટલે સાધન સર્વે સંપૂર્ણ થયાં. હવે પૈસા જેમ મળ્યા પણ કેમ વાપરવા કેમ રાખવા તેમ ભગવાનનું છે. તે સંભાર્યાથી સર્વે થાય. પણ કેમ વાપરવું તે પૈસાની માફક આ લોકમાં જેમ વાપરે સંતાડે વગેરે ઘટે તેમ કરે છે તેમ પરલોકમાં પણ છે. મળ્યા પછી કાંઈ કરવું બાકી રહેતું નથી. મળ્યાનો અર્થ જુદો છે. રસબસ હોઈ રહી રસીયા સંગ-જ્યાં મીસરી પય માંહી ભળી-મળ્યા તેવી રીતે તો કાંઈ બાકી રહ્યું નથી. કરવાનું સર્વે થઈ રહ્યું. એકરસ મળ્યા કારીઆણીનું ૧ છેક છેલ્લું છે. ઈયળની ભમરીનું - એટલે થઈ રહ્યું. તે સર્વે સંભાર્યાથી થાય છે.

હવે ત્રીજું પ્રશ્ન જે ભગવાન મળ્યા પછી સત્પુરુષ જોવાના રહ્યા છે? ઉત્તર જે મળ્યા પછી કંઈ રહેતું નથી. તે જ સત્પુરુષ થયો તો કાંને જુએ? તે જ સાચો પુરુષ થયો ને જેમ ''આજ મેં તો દીઠા વાલાને વાટ વે'તાં'' તેવા મળ્યા હોય તો સર્વે બાકી છે તે મળ્યા તેને સંભારવાથી સર્વે થાય છે.

મન કર્મ વચને થાય તો શું પ્રાપ્તિ છે તો જે જે શાસ્ત્રમાં તથા અનુભવમાં આવે છે તે સર્વે પ્રાપ્તિ થાય. જેટલી થાય તેટલું થાય. પણ ફોગટ ન જાય. તે સર્વે મનની વૃત્તિએ સંભાર્યાથી થાય છે.

અક્ષર કેવા તો-જેને જેટલો મહીમા અનુભવથી થાય તે તેટલું જ અક્ષરને જાણે જે અક્ષર આવો શાસ્ત્ર અક્ષરનો ભગતનો ભગવાનનો સર્વેનો મહિમા ગાય છે કોનો ગાય છે તેનો ઉત્તર-

નિરવિકલ્પના છો ભેદ-લોયા ૧૨માં છે પછી ભગવાનનો ભેદ જુદો ગણે તો સાત થાય ને તેના વળી જેટલા ભેદ ગણવા હોય તેટલા ગણે. જેની બુદ્ધિમાં જેટલો પ્રકાશ જેમ એક જમવાનું તેમાં ભેદ. ઘઉં, ઘી, ભાત, દાળ, શાક, તેલ, લાકડાં, મરચું, મીઠું વગેરે જેમ જેને ગણવું હોય તેમ ગણે, તેનું આપણે કાંઈ નથી. ભગવાન વિના

કાંઈ છે જ નહિ. પોતે પણ નથી તો બીજું શું રહ્યું. માટે જેને જેમ ગણવું હોય તેમ ગણે. માટે એક ભગવાન આકારે વૃત્તિ કરવી તે સર્વે ભેદ આવી ગયા. ને સર્વે જાણ્યું. કાંઈ બાકી ના રહ્યું.

મુક્ત કેટલી જાતના? ઉત્તર અનેક જાતના. કલ્યાણ કેટલી જાતનાં? ઉત્તર અનેક જાતનાં. ભેદ શાથી પડ્યા? ઉત્તર જે વેગ તથા શ્રદ્ધા પ્રમાણે ભેદ પડ્યા.

ભગવાન ઓળખ્યા પછી શી ખામી? તો સંભાર્યા જેટલી જ ખામી. જેટલું ના સંભારે તેટલી જ ખામી. ભગવાન મળ્યાને સંભાર્યાથી સર્વે થાય છે. જેટલું જે સંભારે છે તેટલો તેને સમાસ થાય છે. સર્વે રીત શાથી પાછો રહ્યો? ઉત્તર જે તે તેના વેગને લીધે પાછો આઘો થાય છે. પણ જેને મળ્યા તે સાંભરે છે તે પાછો છે જ નહિ. તે તો ઠેઠ આઘો જ છે.

મધ્ય ૧૩. કેમ સમજવું તો ઉત્તર જુઓ. મોટેરા મોટેરા હો ને વાતમાં સમજતા હો તે આગળ બેસો. તે મોટેરા કેવા તો લોક વહેવાર વાતે સમજતા હોય તે અનુભવે સમજતા હોય તેને તો સમજવાનું રહેતું જ નથી. જુઓ છેલ્લાનું ૯ અમારા મોટા અખંડ દરવાજે જ રહે છે તે મોટેરા. અને જુઓ આતો માને કરીને દંભે કરીને કહે છે તે શા સારૂં તો તે પણ જાણતા નથી. માટે મોટેરા તેવા ને તે વાત પણ તેવી જ્ઞાને કરીને સમજે. ને અનુભવે કરીને સુખ આવે. તો સર્વે મધ્ય ૧૩ માં છે તે પોતાને જ અનુભવ થાય એટલે મધ્ય ૧૩ જેમ છે તેમ સમજાય. માટે સર્વે સંભાર્યાથી પ્રાપ્તિ થાય છે. એમ અનુભવમાં છે. ને શાસ્ત્રમાં પણ છે. માટે સંભારવા એ જ મુદ્દો છે.

જ્ઞાને રાજી થાય કે તપે કરીને? ઉત્તર જે જ્ઞાને અજ્ઞાન જાય ને તપે શક્તિ વધે. જુઓ મધ્ય ૨૦માં છે જે શક્તિ હતી પણ નારદજીને પરણ્યાનું મન થયું ને જ્ઞાને કરીને દક્ષના સો દીકરા વનમાં મોકલ્યા માટે ત્યાં વિચાર જોઈએ. તપ આપણું કીધું તો ન ખપનું કાંઈ ન કરવું તે વિષય ભોગવેથી તો બમણી ઈચ્છા થાય એ જ વચનામૃતમાં છે. માટે હવે શું? મોટી ઈચ્છા કામનાનો સંકલ્પ ગયો. તો હવે ખાધાનો રહ્યો તે તો મહીને ચાળીસ આપે છે. એટલે વરસાદ થશે કે નહિ થાય. બૈરી શું ખાસે, છોડી ક્યાં પરણાવશું તે સંકલ્પ ગયા. માટે એક ભગવાનનો સંકલ્પ રહ્યો. તો હવે ભગવાન સંભાર્યાથી જે આ લોકમાં દેહે દુઃખ પડે કહેતાં શહેરમાં સારા વિષય વગેરે

જોવામાં આવે ને રોકતાં દુઃખ પડે કહેતાં મુક્તની શિક્ષાપત્રીમાં છે જે (૨૧મી કલમમાં) પંચ વિષય ના ભોગવીએ અને જે દુઃખ પડે તે વેઠીએ તે તપ. માટે તે તપ જ છે. ને ઘી ખાંડ ખાવું તે તો દેહ ચાલે કહેતાં કામ કરવું હોય તો ચીંદરડી ઘાલવી પડે. તેમ દેહને નામું ઠામું કરવું પડે. શહેરમાં દરરોજ બે માઈલ જવું આવવું પડે. માટે ચીંદરડી જે ઘી ખાંડ ખાવું તે તો કામનું જ છે. માટે તેનું કાંઈ નહિ. માટે સર્વે વાતે તમારે અનુકુળ છે માટે એકજ વાત જે સહેજે સહેજે ભગવાન સાંભરે તેટલા સંભારવાને નવરાશમાં આગ્રહે સંભારવા-ગુણ ઓળખીને. નહિ તો અકળાઈ જવાય. માટે સર્વે વાતમાં વૃત્તિ રાખવી એ જ મુદ્દો છે.

જ્ઞાન દીપક-અજવાળું પણ સાચું ને અજવાળું તે પણ સાચું. નારદજીને અજવાળું હતું તો પણ મન થયું. જનકને જ્ઞાન હતું તો દુઃખ ગયું કહેતાં જગતથી વૈરાગી હતો. કહેતાં જ્ઞાને અજવાળું થયું હોય તો સર્વે ખોટું થયું ને એક સાચું રહ્યું તો બીજે વૃત્તિ ક્યાં જાય તો બ્રહ્મનું અજવાળું પણ થાય માટે એકમેકને સાંધો છે. જ્ઞાને કપાયું તો બીજે વૃત્તિ જાય જ નહિ, તો પછી શું રોકે? માટે બેય સાચાં ને ઝબકલું અજવાળું થયું પણ સુખ ના આવે તો બીજે વૃત્તિ જોડાય માટે સાળંગપુર ૧ એવું સુખ આપે ત્યારે કાંઈ જોડાય નહિ. કહેતાં અનુભવ થયો એટલે બીજે વૃત્તિ તૂટે તે જ્ઞાન થયું એટલે બીજે વૃત્તિ જાય જ નહિ. બીજ સુખ રહે ત્યારે જાય ને? ને જ્ઞાને ખોટું સમજે તેથી સર્વે જગ્યાએથી વૃત્તિ તૂટે ને સુખ આવે તેથી વૃત્તિ સ્થિર રહે. તેથી સુખ વધે એટલે બીજે વૈરાગ્ય રહે. રાગ મટે. માટે સંભાર્યાથી સર્વે અનુભવ થાય. ત્યારે શંકા દૂર થાય. માટે એજ મુદ્દો જે વૃત્તિ રાખવી નવરાશમાં.

મધ્ય ૨૮માં ઘસાતાની વાત છે તો તેનું આપણે શું? તેનું તે કર્મ ભોગવશે. આપણને કંઈ સોંપ્યું નથી અને કહે છે જે ઘસાતું બોલે તે સાથે બોલવા ઈચ્છું તો પણ ન બોલાય. તો તે સ્વભાવિક રીત જ છે. જે જે સાથે ન બને તે સાથે અભાવ વરતે. તે તો મનથી જ છે. અભાવ ને સામાનું તો તેનું તે ભોગવે. મધ્ય ૪૬માં અભાવ અવગુણ ના લેવો તે તો આપણે દત્તાત્રેયની પેઠે ગુણ વેશ્યામાંથી કાઢ્યો તેમ કાઢવું. સુપડા પેઠે નઠારૂં કોરે કાઢવું. ચારણની પેઠે સારૂં ચાળી લેવું. આપણે શું? વાંકી નદી હોય પણ તરસ લાગી તો બે પોસો પીને દુઃખ કાઢવું પણ તું વાંકી કેમ છું એમ કરે પાર આવે નહિ. દાંત જીભને કચરે તેમાં દાંતને કાઢી નાંખવા કે વેર બાંધવું કે જીભને માટે એ તો

ગુણ જ લીધે પાર. આખા જગતનું ક્યાં જોવા જઈએ છીએ. તેમ આપણે એમ જ વરતવું. ભેગા રહે છીદ્ર જોઇએ પાર ના આવે. માટે એક થડ સાચવવું. થડ સચવાયું તો સર્વે પાંખડાં ફુટશે તે પાંખડાં ફોડવાં આપણે શું? ડોસી તરી તો જગ તર્યું. માટે જરી મન થાય તો ભગત તીર્થ કહેવાય કહેતાં ડહેરાં તે નવરાશ મન શ્રદ્ધા હોય તો દર્શન કરવા જાવું. પછી ડહેરામાં બાવામાં હોય કે પુંજો હોય તેને આપણે શું? આપણે તો નમવું એ જ. કોઈનું વખોડવું નહિ. તેના મનમાં ઠીક લાગતું હશે ત્યારે તે કરતો હશે. જ્યારે ખોટું લાગશે ત્યારે મુકી દેશે.

હવે સાચા સંતની સેવા વિષે તો સાચા સંત ભાદરરણમાં એક જ છે. બીજો છે જ નહિ. કેમકે ગુરુ સંતને ભજવા જે શ્રીહરિ સાક્ષાત કહેતાં ગુરુ કહો, સંત કહો, હરિ કહો સર્વે એક જ ગુરુ તે ભાગવતમાં લખ્યું છે જે ગતિ કરે કહેતાં પ્રવેશ કરે તે જ ગુરૂ. સંત કહેતાં સર્વે પ્રકારે શાંતિ પમાડે કોઈ પ્રકારની અધુરી શાંતિ નહિ. જે સાધુ કહો સંત કહો તે જ શ્રીહરિ છે. માટે તેની સેવાથી સર્વે થાય. નહિ તો જે જમાડીએ તે પણ જાય. ખવડાવ્યું હોય તે જાય નહિ. કુતરાને કકડો રોટલો નાખીએ તો આખી રાત ઘર સાચવે છે. સ્વામિનારાયણના બે સાધુ અજાણ્યે જમાડ્યા તો અનેક પાપ હતાં તે સર્વે નાશ થયાં ને ધામ મળ્યું કહેતાં તે જમાડેલું કામમાં આવ્યું. મફત ના ગયું. તેનો કજીઓ ધરમરાજા વગેરે કોઈથી ના થયો તે ભગવાન પાસે વાત ગઈ. એમ થઈ ભક્તચિંતામણીમાં છે માટે જમાડેલું જતું ના રહે. તે આમ નરકમાં જતો અટક્યો. માટે સંત સંતમાં ફેર છે. આપણે તો એક જ સંત મળ્યા છે. ભગવાન કહો ગુરૂ કહો તે એક જ છે. આ તો ભલા લોક ધાણી ચણા ખાય તો ભગત ખાય તેમાં શું? તે કોઈ દિવસ સારૂં છે અને ખાધે પીધે બોલે ચાલે સામાસામી કંઈક ભેગા રહે, ભઈબંધ સ્નેહ હશે તો તે પણ કોઈ દિવસ સાચા સંત ભેગા બેસવા આવશે. કોઈક દિવસ તે સારે માર્ગે ચઢશે. માટે સૌ કરે તેમ કરવું. અતડું ના પડવું. આપણે પણ બે પૈસાની ધાણી ચણા વહેંચવા ઠીક છે.

બીજું સર્વેમાં ગુણ જ જોવા.

ભગત જોડે પૈસાનો વહેવાર સારો નહિ ને થાય તો ગયા ખાતે મનમાં રાખવું.

મુક્તિ થાય કે ના થાય. ધામ મળે કે ના મળે તેનું આપણે શું કામ છે? આપણે તો આનંદથી ભગવાનનું ભજન કરવું. ભજન તે શું? સંભારવું તે જ છે.

જુઓને ભગવાને ક્યાંના ક્યાં વિખુટા પાડેલા પણ સર્વેને ભેગા ગમે તે રસ્તે કરી દીધા ને ભેગા થાય. પછી વળી હેત મન રહ્યાં. જાણે સર્વે એક જ ઘરનાં હોઈએ,

એમ સર્વે ને એક મન હેત તે ભેગા કરી દીધા ને સારો જોગ આવ્યો. એ પ્રભુની દયા વિના બનતું નથી. માટે પ્રભુ દયા રાખે છે ને જીવના અવગુણ સામું જોતા નથી. તે કોઈ કર્મ થાય તેનું પાપ ભોગવવાનો નિકાલ કરે છે. જેમ રાજાનો છોકરો દંડમાં આવે તો થોડે પતાવે. તેમ વળી સારો ગ્રહસ્થ વાંકમાં આવે તો ઓળખીતો રાજા કે અમલદાર ચોવીસ કલાકની આસનકેદથી પતાવે. તે દયા લાવીને નિવેડો લાવે છે. તો પછી કેવી દયા જોઈએ છીએ? દયા જ છે. તેમાં તમને શંકા થાય કે શું પક્ષપાત ભગવાન કરે છે? ઉત્તર જે ના. પ્રથમ ૭૦ ના વચનામૃતમાં છે જે સત્સંગે કરીને સુળીનું દુઃખ હોય તે કાંટો વગાડીને મટાડી દે. એમ કાયદેસર છે. માટે દયા જ રાખે છે. માટે નોકરી સાચવીને રજા મળે તો સમૈયે આવવું સારૂ છે. નોકરીને ધોખો ન લાગવા દેવો. ને સમૈયો કહેતાં સત્સંગ કરવો.

તમે લખ્યું જે સર્વેને જયશ્રી પુરુષોત્તમ કહેશો તેનો ઉત્તર જે મારા ઘરમાં દસ અગીયાર જણ છે તે એક સંપીલાં છે તે તરત જ જયશ્રી પુરુષોત્તમ સાથે વાંચી લે છે તે ક્યાં તો દસ ઇન્દ્રિયો અને અગિયારમું મન તે એકી ફેરે જ વિલંબ નહિ લગાડતાં જાણી લે છે.

દેહના અવગુણ જોયે પાર આવતો નથી. સીતાજી હતાં તે ઘરમાં ભગવાન હતા પણ મહાત્મ્ય વિના ઋષીને સેવવાનું મન થયું તે કળ કરી કાઢ્યાં. વચન લક્ષ્મણનું લોપ્યું તો રાવણ લઈ ગયો ને લક્ષ્મણને મહેણું માર્યું માટે સ્ત્રીજાતિને પુરુષજાતિના અવગુણ જોવા જ નહિ. અર્જુન શ્રીકૃષ્ણ ગયા પછી રોયા. રામના વખતમાં હનુમાનને ઔષધિ માટે અહંકાર આવ્યો જે હું ના હોત તો રામને કોણ ઓસડ લાવી આપત. આજે સર્વે રીતે સાનુકુળ છે. પ્રભુ જીવના દોષ જોતા નથી. સૌ સૌને ફાવે તેમ ચાલો. મારૂં મોંઢું જોશો કે પાર. કારણકે જીવના સ્વભાવ જોવા નહિ એમ ધારી એમને એમ ઠેલે છે. મધ્ય ૨૧/૧ જેવા પરોક્ષ રામકૃષ્ણ તેવા જ પ્રત્યક્ષને જાણે. જેવા પરોક્ષ નારદાદિક ભક્ત તેવા જ પ્રત્યક્ષને સમજે તો સર્વે મુદ્દો હાથમાં આવ્યો.

મુકવા ન અવાયું તેની ચિંતા નહિ કારણ કે તમે સ્ટેશન સુધી આવો પણ પછી ગાડીમાં કોણ? તમે ગાડીએ આવો પણ ભાદરણ કોણ? તમે ભાદરણ આવો પણ પંચભૂતનું શરીર છોડી જતી વખતે સાથે કોણ? માટે કોઈ કોઈનો સંગાથ અંતે નથી રહેવાનો તો હાલ શા કામનો? માટે એકલા જવું એમાં મને કંઈ કઠણ નથી.

ભલે આખી દુનિયામાં પ્રભુ થાય તેમાં આપણે શું? આપણે એટલી ગોદ ઓછી. જગતમાં તો કહેશે જે પસલાના પ્રભુજ થાય છે. ભગવાનની ઈચ્છાએ આખુ. જગત સત્સંગી થાવ કે લાખો મટી જાવ તેમાં મારે કંઈ નથી. વચનામૃતમાં છે. ૧૬-જે મોટા મુક્ત સાથે હેત ન કરવું. કહેતાં એક પુરુષોત્તમ જ છે. બીજું છે જ નહિ. પોતે નથી. તે પુરુષોત્તમરૂપ થઈ જાય તો પછી બીજાં અભ્યાસથી કાઢે છે તે ઠીક છે. અંતે કઠણ ન પડે. પહેલાં થતું હશે. માટે સત્સંગી મટો કે થાવ. એવા શબ્દ વચનામૃતમાં આવે છે. હાથીને હોદ્દે બેસવું કે પગપાળા ચાલવું તે સરખું છે. તે ઝાઝા હોય તો હાથીએ બેસાડે ને ના હોય તો તો ચાલવું જ પડે. માટે પહેલાં એવા બખેડા હશે તેથી એવા શબ્દો આવ્યા છે. જેવું પહેલાં તેવું આજ એમાં કાંઈ નવાઈ નથી. એ વગેરે ભગવાન ભગતના જેવા મનોરથ તે પ્રમાણે ચાલે લાડ લડાવવા એ જ મુદ્દો તેમાં અસંખ્યનું કલ્યાણ થાય. જે રીતે જેમ વધારે સંભારે તેવી રીતે વર્તવું. પણ ગમ ખાય છે. મોટું પેટ રાખે છે. જેમ પોતાના છોકરાના અવગુણ આવતા નથી તેમ અભાવ ન આવે, તરછોડે નહિ. ગમે તેવા વાંકમાં આવે પણ પ્રભુ મનમાં લાવે નહિ. ભગતનું મન દુઃખાય તો સામાસામી કર્મ ભોગવે. કારણ કે કર્મ ફળ દાતા છે.

ભગવાન પાસે જ છે. તમારી વૃત્તિ માટે દેખાતા નથી. પણ પાસે છે. દેખાય તો દેવ દીઠાને જાત્રા પોતી માટે ના દેખાય તો વૃત્તિ વધારે રહે માટે કશી ચિંતા રાખવી નહિ. આનંદથી ભજન કરવું. ભગવાન સરખો માથે છત્ર તો પછી શી ચિંતા? ભગવાન ભજ્યા વિના કંઈ થવાનું નથી જેમ જમ્યા વિના કાંઈ નહિ તેમ તેનો ઉત્તર જે ગોપીએ ભજ્યા. નારદે દાસ ભાવે ભજ્યા. અર્જુને સખા ભાવે ભજ્યા માટે તમો તો ભજો જ છો. બીજો કોઈ ભગત ભગવાન ગણીને ભજો નહિ તો તમે ભગવાનને ભજો જ છો. એમાં કાંઈ સંશય નથી. બને તેટલા સંભારવા એ ઉત્તમ ભજ્યા જેવી મુર્તિ સાંભરે તેવી રીતે સંભારવી. ભગવાન છેટે નથી. પાસે જ છે. વધારે સાંભરે માટે દેખાતા નથી ને વધારે વિરહ થાય તો દેખાય પણ ખરા. માટે આનંદમાં રહેવું દાસના દુશ્મન હરિ કેદી હોતા નથી. જેમ કરશે તે સારૂં જ કરશે. સારૂં ક્રીયામણ કરવું પછી જેમ થાય તેમાં આનંદ માનવો. ભગવાનની મુર્તિ સિવાય બીજે કંઈ આનંદ નથી.

બ્રહ્માંડમાં ભગવાનની પાકી ઓળખાણ થઈ ચુકી. આપણે બધા સાથે જ છીએ. કારણ કે ભગવાનની મુર્તિનો અખંડ આશરો છે. જેટલું મુર્તિ ભેગા રહીએ

છીએ તેટલા જ સાથે છીએ. અને તેટલી જ પીંડમાં ભગવાનની મુર્તિ જોડે આપણે પાકી ઓળખાણ થઈ છે. તેવી જ રીતે પીંડમાં પણ ભગવાનની મુર્તિ ભેળા રહેતાં રહેતાં પાકી ઓળખાણ થાય એ નિર્વિવાદ છે. જેટલી વખત મુર્તિ ભેળાં રહેવાય છે તેટલી વખત પાકી ઓળખાણ છે જ. માટે આપણે આ સમામાં પૂર્ણ ભાગ્યશાળી ભગવાનની કૃપા વડે થયા છીએ તે ખચીત વાત છે. ભગવાન અખંડ આપણી સહાયમાં છે.

ભાદરણના મગનભાઈએ પૂછ્યું જે ભગતથી લક્ષ્મી કેમ બીવે છે? ને છેટે ફરે છે. ઉત્તર જે પૂર્વની માગણી એવી. ત્યારે ગોરધન કાછીઆનો બેચર કહે જે હવે કેમ કરીએ તો ફરે? ઉત્તર જે પુરા ભગત થાઓ તો. પ્રશ્ન જે કેવા લક્ષણે પુરા ભક્ત? ઉત્તર જે જેટલી વૃત્તિ વધારે રહે ભગવાનમાં તેટલો ભક્ત. એમ અખંડ વૃત્તિ રહે ત્યારે પુરો ભગત.

રામ હતા તે સર્વે વાતે પુરા હતા પણ જાણીને ગાંડાં કાઢ્યાં તે જગતથી ખમાયું નહિ તે રામગાંડીયું નામ પાડીને કોઈ માણસ જોડે ઉભું રહ્યું નહિ. ફક્ત વાંદરાં ઉભાં રહ્યાં માટે રામ આદિક સર્વે અવતાર મનુષ્યથી બમણા તમણા જગતથી અવળા ચાલે એટલે જગત ખમે નહિ. તેમ શ્રીકૃષ્ણને પણ થયું. સત્તરવાર લડાઈ કરી. પહાડ પર્વતમાં નાસી ગયા. જગતની રીત જુદી અને ભગતની રીત જુદી. આપણામાં રામ ખમ્યા, શ્રીકૃષ્ણ ખમ્યા સ્વામિનારાયણ ખમ્યા માટે શાસ્ત્રમાં લખ્યું છે જે "કદરજ મહા દુઃખીયા કહાવ્યા, તે સુખ દુઃખ મનમાં ન લાવ્યા" "ત્યારે મોહનના મનમાં ભાવ્યા" માટે હે ભાઈ એમ જ ચાલે.

પ્રશ્ન જે કૃપા જોઈએ ઉત્તર જે ભગવાન મળ્યા પછી જેટલું સંભારે તેટલી કૃપા થાય. મજુર શેઠને મળે પણ મજુરી કરે તો સાંજે પૈસા દેખે. મજુરી ના કરે ને ત્યાં ને ત્યાં બેસી રહે એનો થઈને તો ખાવા આપે, પૈસા ન મળે તેમ ભગવાન સંભારે તેટલી કૃપા થાય.

પ્રગટ પ્રભુને સંભારવા એ જ જીવતાં કર્તવ્ય છે. સ્મરણ કરતાં દિવસ રાત્રિ વિતે છે એમ લખ્યું તો એ જ કરવાનું છે. વચનામૃતમાં પણ તેમજ છે. કથા કીર્તન કરતાં દિવસને રાત્રિ વિતે વિતાડવી પડે નહિ માટે તમારે શાસ્ત્ર પ્રમાણે ચાલે છે. માટે

આનંદમાં રહેવું ને પેટનું પોષણ કરતાં કરતાં બને તેટલી પ્રભુમાં વૃત્તિ રાખવી. એ જ એક જ કામ છે ને સઘળા શાસ્ત્રનો એ જ ગલીતાર્થ છે. દ્દષ્ટાંત જે હજારો જાતના વેપાર ધંધા તેનો મુદ્દો પૈસા ઘરમાં આવે એજ છે તેમ હજારો સાધન શાસ્ત્રમાં કહ્યાં હોય તેનો મુદ્દો મુર્તિ સંભારવા ઉપર છે. તે કહો છો કે રાત્રિ દિવસ વિતે છે માટે એમ જ કર્યા કરવું. પેટનું પોષણ કરતાં જવું ને ભજન કરતા જવું. ઘી ઘણું સારૂં છે પણ એકદમ ખાય તો છેરામણ થાય ને ધીરે ધીરે પચાવે તો પચે. ને ગુણ વર્તે તેમ ભજન રૂચે. સંભાર્યા જ કરવા એ જ મુદ્દો છે.

પ્રશ્ન જે અમારા સ્નેહીના ઘરમાં ભૂત વળગ્યું છે તેનો ઉપાય લખજો તેને ઉત્તર મળ્યો જે સર્વ વાતનું સિદ્ધાંત જે સર્વ દુઃખ કાપનાર ને સર્વ સુખ આપનાર પૃથ્વી ઉપર મનુષ્યરૂપે સંત પ્રભુ વિચરતા હોય તેની મુર્તિ સંભારજો.

લીલાચરિત્રથી મળ્યા જેટલી શાંતિ રહે છે. લીલા કહેતાં આ લોકમાં અનેક પ્રકારનાં દુઃખ સુખ આવે ને તે હરખ શોકે અંતર ઉનું થાય કહેતાં શાંતિ સુકાઈ જાય તે લીલાચરિત્રથી સુકાયેલું અંતર લીલું થાય ને ચરિત્ર કહેતાં ભગવાને મનુષ્ય મુર્તિરૂપે નાવું, ધોવું, કામ, ક્રોધ, લોભ, મોહ, આદિક મનુષ્યથી બમણું તમણું વર્તે તો ચરિત્ર કહેવાય માટે માણસથી બમણું તમણું માયિક ચરિત્ર ને દિવ્યચરિત્ર કરે એ જ ચરિત્ર કહેવાય ને ભક્તિ પણ તે જ કહેવાય તે વચનામૃતમાં વાત છે ને સ્વામિનારાયણમાં - પ્રથમ હરિને રે ચરણે શીશ નમાવું.-તે દરરોજ એનું એ ગાય છે તો પણ તેમાં મુર્તિના ભક્તે શાંતિ માની છે. ને મળતી પણ હશે. ગોપીઓએ બ્રહ્માને કહ્યું જે હે બ્રહ્મા, પ્રભુના દર્શન કરતાં મટકું વાગે છે તે મટકું ના કર્યું હોત તો મુર્તિનાં દર્શનનું ખંડન ન થાત. એમ ભગવાનનું આવું સુખ લખ્યું તેમ મુર્તિનું દર્શન કેમ મુકાય? પણ વહેવારમાં પડ્યા તે છેટું રહેવું પડે. પણ લીલાચરિત્રથી જીવાય. બૈરી છોકરાંવાળો તો ખોટો હરખ ને ખોટો શોક તેમાં બારણે વૃત્તિ રહે ને અંતરની સુખદુઃખની ખબર પડે નહિ પણ બૈરી છોકરાં વગરનો ધોળા લુગડાવાળો પ્રગટનો જોગી તે સ્ત્રી છોકરાં વગરનો હોય તેને પ્રગટ પ્રભુની લીલા સંભારવાથી દહાડો જાય. માટે લીલા ચરિત્ર સંભારવાં.

હવે માનીનતાની વાત જે મનના દુઃખમાં માનીનતા સુખ કરે. માનીનતા એ એક શબ્દ પણ અનેક રીતે અનેક જગ્યાએ વપરાય. જેમ બાળક હોય તે પુરુષ ન કહેવાય ને સ્ત્રી ન કહેવાય પણ પુરુષ જાતિમાં ભળે તેમ માનીનતાના ભેદ છે. માનેલું જુદુ અને થયેલું જુદુ. વળગે તે જુદુ અને ભૂત વશ કર્યો હોય તે જુદુ. છે તો એના શરીરમાં બંને પણ વળગેલું દુઃખ દે ને સાધેલું વપરાય. ગોપીઓને હું કૃષ્ણ એ વેવાર રીતે ખોટું દેખાયું ને શ્રીકૃષ્ણ તે જાતે બીજાને સુખ દીધું ને પોતે ભોગવ્યું. વળી કંઈ બળતું હોય તો કહે મારૂં બળતું નથી. એમ સમજી માનીને આનંદ રાખે. વળી કાંઈ ખોટ જાય તો કહે લાલા લાખ તો સવા લાખ એમ મન શાંત રાખે. વળી તમારી જ બોલી જે મને ગાડીએ મૂકવા આવ્યા તો મેં કહ્યું જે પાસ નથી લેવો તો તમે કહ્યું જે બૈરી હોત તો ખાત ને બે આનાનું આમ વાપરીએ એમ જ માનીને આનંદ કર્યો. પણ ભૂખ લાગે, થાક લાગે, કોઈ મારે, વાગે, તાવ આવે, અનેક જાતનાં શરીરનાં દુઃખ થાય તેમાં એવી માનીનતા ના ચાલે. પણ અરે એમાં પણ ચાલે જ કપડવંજના કેશવલાલે આણંદમાં ભૂત કાઢ્યું તેમાં કોઢીઓ પડી-જેમ લોઢું ટીપે છે લવાર-તરંગમાં છે-તો પણ ચાલતો ગયો જે આપણને ક્યાં વાગે છે. જુઓ એવી માનીનતા જબરી થઈ પણ એ કોઈકને તેમ આત્મારૂપ માનવું. અક્ષરરૂપ માનવું એવું પણ માનીનતામાં ખુમારી રહે તો ખરી. માનીનતા ના હોય તેના કરતાં માનીનતા સારી. જુઓ ઝટ પાસનો આનો કાઢ્યો. ખટક્યો નહિ. તેમજ બીજામાં સુખ કરે. જેમ ભોજનમાં મીઠું વાપરવાનું પણ કંઈ ભોજનને લાડુ, દૂધપાક, શીરો વગેરેમાં મીઠું સારૂં નહિ તેમ દેહરૂપી માનીનતા સારી. પણ બધે માનીનતા વાપરેલી સારી નહિ. જેમ શીરામાં મીઠું નાખે તો ખવાય પણ સ્વાદ ના આવે, તેમ જે જગાએ વાપરવાની હોય તો સુખ કરે ને બીજે ન કરે. ગોપીઓને તો કૃષ્ણને તો લક્ષ વૃત્તિ થઈ તે બીજાને સુખ ના આપ્યું. પણ પોતે તો આનંદ કરતી હતી. તે જુદી માનીનતા લક્ષવૃત્તિ. ઈયળની ભમરી તે તો ધ્યાનથી જ થયું કહેતાં વૃત્તિ. પણ પહેલાં દેહરૂપમાં માનીનતા ફેરવવી જે હું આત્મા છું. તોજ ભક્તિને માર્ગે ચાલ્યું. તો જ આગળ ધ્યાન કરતાં શીખ્યો. તો જ તેનું ફર્યું. જેમ કંઠી બાંધે, પણ જો જુઠું બોલે ને નાહ્યા વગર ખાય આડો અવળો ચાલે તો લોક કહેશે જે અલ્યા ભગત થયો ને જુઠું બોલાય કે? તારાથી આવું નીચું કામ થાય કે? ના કરાય તો આગળ રસ્તે ચાલ્યું. તેમજ આત્મારૂપ અક્ષરરૂપ માને તો વૃત્તિ ધ્યાન ભજન કરવાનો વિચાર થાય. માટે દરેક વાતમાં જુદુ જુદુ સમજવું. જ્યાં જેવું ઘટે તેવું. જેમ તમે માન્યું જે હું મનુષ્ય છું તે ત્યાંના ખળીના મજુરને હુકમ કરો પણ કંઈ કલેક્ટરના

સિપાઈને હુકમ થશે? ના ખરૂં છે. પણ કઈ જગ્યાએ માન્યું છે એ તો ખળીમાં જ તેમ માનીનતા જે જગ્યાએ વાપરવી ઘટે તે જગાએ વપરાય. રાત છે કે દહાડો તેમાં તો કંઈ નુકશાન નથી. દહાડાની રાત કહે તો શું બગડે. રાતનો દહાડો કહેવડાવે તેમાં શું બગાડવાનું છે પણ આમાં તો શંકા થાય તો ચલાવવું. બીજું તો નહિ પણ એક ફાયદો જે મન એવે ચાળે ચઢે તો બીજા સંકલ્પ અટકે ને લખ્યામાં રાત જાય, થાકયા પાકયા ઉંઘાય. નકામા વખતમાં બીજા ગોટા વળે નહિ. તેય આનંદ થતો હોય તો લખવું, નહિ તો આંખો મીંચીને બેસી રહેવું, સુઈ જવું તે સારૂં. પૈસા તો ના બગડે? બીજું ભેગા રાખવાનું લખ્યું તેનો ઉત્તર એકમેકને અભાવ આવે ભેગા રહ્યામાં તે ખોટું પણ મધ્યના ૫૯-૬૦-૬૧ માં પાણીનાં લીંટા ફેર થઈ જાય તેવો સ્વભાવ રખાય તો સારૂં.

જ્યારે પ્રભુ પ્રગટવાના થયા ત્યારે અસુરો કહે આપણે પણ અવતાર ધરીને તેમને દુઃખ દેશું ને ભક્ત હતા તે પણ તણાઈ તણાઈને બધા ભેગા થયા તે આપણે પણ તણાઈ તણાઈને થયા. એ તો ગુણ એવો છે ને જેટલા બાકી છે તે તણાઈને આવશે. કારણ કે જુઓને પેલી ઘંટીવાળી પુંજાવાળી દરરોજ કહે છે જે પંદર વરસનો છોકરો પહેલ વહેલો આવ્યો તે ભેગો ફરવા માંડ્યો તે મેં ધમકાવ્યો જે તારે બૈરામાં શું કામ છે? જા બેસ ત્યાં. પણ જરા સંશય થયો નહિ ને વળી અમદાવાદ પ્રભુ આવ્યા ત્યારે મીલમાં રજા લેવા પણ ગયો નહિ. પ્રભુથી છુટા પડવાનું થયું રજા માટે તો પોક મૂકી રડ્યો. એવો વેગ ચઢતો છે પણ જરા મોળો પડ્યો નથી એ જુઓ ને? માટે હે ભાઈ અનંત કોટિ ચૌદ તળાં-તેના અનંત કોટિ દેશો-તેના અનંત કોટિ ગામો-તેના અનંત કોટી જીવ તેનું સાંભળે છે તો તેના પોતાના જ હશે તેને કેમ છેટે રાખશે? માટે આનંદથી ભગવાન બને તેટલા સંભારવા સુખેથી સંભરાય તેવાને તેટલા જરા પ્રયત્ન તો કરવો એ જીવનો ધર્મ છે માટે હે ભાઈ બીજું કહ્યું જે અખંડ મારી આગે રહો ને આશિષ દો તેનો ઉત્તર શું તો આગળ કહ્યો પણ વળી દૃષ્ટાંત સાથે પાછલું લ્યો જે સ્વામીની વાતોમાં છે જે ભગવાન તો જીવ સામું જોઈ રહ્યા છે જે મને જીવ સંભારે તો હું લઉં તેમ બાળકનું દૃષ્ટાંત દીધું જે ઉંચા હાથ કરે તો માબાપ તેડે તે લખીને કહ્યું જે જીવ એવો મૂર્ખ છે તે બીજે ભટકે છે તો કહો પછી શું કહેવું?

વળી લખ્યું જે આનંદ માનીને કરવો, ના માનીએ તો કેમ? તેનો ઉત્તર જે દેહરૂપ છીએ તો પણ આત્મારૂપ માનીએ છીએ તો આત્મારૂપ થઈ જવાય છે જુઓ

ભાગવત દશમ સ્કંધ ગોપીઓ કૃષ્ણ કૃષ્ણ કરતી હતી તો તે રૂપ થઈ જતી હતી અને તેવી ક્રિયા કરતી હતી. માટે જેવો વૃત્તિનો વેગ તેવો આનંદ માનતાં માનતાં ઉપલા દૃષ્ટાંતે થવાય. જુઓ કારીયાણી ૧. ભમરીના ધ્યાનથી -વૃત્તિથી ઈયળ ભમરી થઈ ગઈ. માટે માનતાં માનતાં તે રૂપ થવાય છે માટે આનંદ રાખીએ તો આનંદ રહે. જેમ વાંઝીયાને છોકરો ના હોય ને બીજો છોકરો રાખીને આનંદ કરે છે તે મારો જ છે એમ ઘણે કાળે થાય છે. અરે ગાય ભેંસ બળદ ઝાઝા દિવસ ઘેર રહે છે તો હેત થાય છે તો આ તો રાખીએ તો કેમ થાય નહિ? વળી જુઓ લોયા ૧૨. પોતાને બ્રહ્મરૂપ માનીને ભક્તિ કરે તો જુઓ માનવાનું આવ્યું. નર્ક ને કોણ કરે? એ તો મુર્ખ કરે. તેનો ઉત્તર જે રાજા, રંક, પશુ, પક્ષી, જગત, ભગત સર્વે ગ્રહણ કરે છે તે તો ફેર ચઢ્યો છે તે ચાકે ચઢી જાય છે ને માયાનું બળ છે તે જેને વિચાર શક્તિ દુઃખની હોય તે બાબતમાં દુઃખ છે તો તે ન ચઢે તો તે પ્રથમ ૩૪ - પ્રવાહમાં ન વહે તેની વૃત્તિ ભગવાનમાં રહે છે ને ભગવાનમાં રહે તો પ્રથમ ૪૯ તે ભગત થયો ભગત થયો તો સર્વે મનોરથ સિદ્ધ થાય તો શું બાકી?

બીજું પ્રશ્નનો ઉત્તર જે સુક્ષ્મમાં મનન કરે ત્યારે દૃઢ થાય તે કારિયાણી ૧૨. વાંચતાં સમજાશે. માટે સુક્ષ્મ કહેતાં સ્વપ્નમાં થયું માટે ભાર શો છે? પણ વિચાર સારો કારણ કે નારદજીને માંકડાનું મોઢું થયું ત્યાં સુધી વિચાર ના થયો. માટે વિચાર સારો. જ્ઞાન કહેતાં સમજણ તો હતી. શાથી તો દક્ષના સો દીકરા ત્યાગી કર્યા. પણ કુસંગના જોગે વિચાર રાખ્યો નહિ તેથી એમ થયું. માટે સર્વે વાતમાં વિચાર ઉત્તમ છે. અરે, આપણે હજુ નારદની પેઠે માંકડાના મોંઢા જેવા જ છીએ. કારણ કે હજુય ના ખપનું થાય છે. સાંભળવું, બોલવું, જોવું, વગેરે ના ખપનું કેટલુંય થાય છે. તે મુક્તાનંદની પેઠે ચપટી ધૂળ ઉડાડીને સંકલ્પની ગણતરી કરી તેમ છે. નહિતર રાતે ક્યાં ઉદ્યમ રોજગાર ધંધો હોય છે? પણ સ્થિર રહેતું નથી. રજ તમમાં ધંધામાં સ્ત્રી કોઈ કાંઈ આડ નથી કરતું તેમ હજુ થાતું નથી પણ આદરમાં છીએ. ધીમે ધીમે થશે. ક્યાં જનાર છે? અમદાવાદની ગાડીએ બેઠા તે આવ્યા વિના ક્યાં રહેવાનું છે? મોડું વહેલું આવશે. ધણીને ચિંતા છે. મહી નદીનો પુલ તૂટ્યો તે એને એ ભાડે ગોધરા થઈ આગળ આણ્યાં એ દૃષ્ટાંતે આગળ છે. રસ્તે છીએ તે આવશે. પેલું મેલમાં બેઠા જેવું છે.

નિંદા અને સ્તુતિ બંને આવે છે પણ ભગવાન ભેગા આવે છે માટે કથા થઈ. માટે જેમાં ભેગા ભેગા આવે તે સર્વે નિર્ગુણ થયું એ તો સમજમાં ફેર કહેવાય ભગવાન જીવના દોષ જોતા નથી. સમજણમાં ફેર ગણે છે. એટલે જીવ ભણી જાય છે. પ્રભુ પોતાની નિંદાને સ્તુતિ જ ગણે છે એટલે જીવને સાનુકુળ પડે છે. માટે જીવની સમજણમાં ફેર છે એમ ગણે છે. વચનામૃતમાં છે જે અન્ન આપવાનું માથે રાખ્યું છે. રામપાતર હોય તેનું પણ. ઋષિરાજ પણ કહે છે જે "તારા સુખ તો તુજને શોધે, સુઈ રહે તાણી સોડ જોને, પેટ ઘડ્યું તે પોષણ કરશે." વગેરે છે માટે અનેક જાતના જીવ ને અનેક જાતના શબ્દો અનેક જાતનાં અનુભવ.

એક હરિભક્તનો પત્ર આવ્યો જે વડવાનળમાં જ ભગવાન આવે ત્યારે બીજો કહે વડવાનળ ઝાઝા હોય ને ભગવાન જુદા. ઉત્તર મળ્યો જે ભગવાન જન્મતા કે મરતા નથી. જયાં જેવું કાર્ય કરવું ઘટે તે કરે. ચાર પ્રકારના ભેદ-દીવા, મશાલ, વિજળી, વડવાનળ તેમાં ત્રણ ભેદમાં ઘણા અને વડવાનળ તો એક. ભગવાન સંભારવા. દેહને આત્મા જુદો સમજે તેની રીત લખી જે ધન, જોબન, સ્ત્રી સર્વે તુચ્છ રહે છે. કાળી, કુબળી, રૂપવંતી, વગેરેમાં સરખો માલ છે એમ મનાય ને દેહને આત્મા જુદા ના માન્યા હોય તો શિવજીની પેઠે મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા એમ રૂપાળીમાં તણાઈ ગયું એમ દેહને આત્માની જુદાની વિગત લખી. નારદ અવતારમાં ગણાયા પણ સ્ત્રીથી વગોણું થઈ ગયું ને રામકૃષ્ણનું ના થયું. ગાણું થયું. જેમ સરકારને ત્યાં સર્વે કારકુન સરખા છે તેમ વિજળી, વડવાનળ કહેવા માત્ર નામ પાડેલું છે. કારણ કે એક તિજોરીમાંથી ખાલી કરે છે-તગાવી માટે. એક ઉઘરાવી તિજોરી ભરે છે તે બંનેને પગાર મળે છે. એક છોડી મેલે છે અને એક ફાંસીએ ચઢાવે છે તે બંનેને પગાર. માટે હુકમ છે. માટે સર્વે કચાબચ મુકીને ભગવાનને સાંભરો એ જ મુદ્દો છે.

જ્ઞાનીને અને અજ્ઞાનીને સરખો વહેવાર રહે. અજ્ઞાનીને મનમાં રહે અને જ્ઞાનીને મનમાં પેસી ન જાય માટે પીયરને સાસરીની રીત જેમ છોડીઓને પેસી જાય છે, તેમ પેસી ગયું હોય તો કંઈ આડ જ કરે નહિ. સ્વતંત્રપણે સંભારાય. અરે સંભરાય શું? એ તો નવરો થાય એટલે ત્યાં જ મન રહે. માટે અભ્યાસ પડે તો એમ જ પડે. મનનું કામ છે. આ તો સાસરી છે એમ મનમાં જ પેસી ગયું છે. માટે વરતાય છે તેમ આ ખોટું ને આ ખરૂં એમ પેસી જાય ત્યારે મન જુદુ પડે ને વહેવાર તો ઘટતો થયાં જ જાય

છે. માટે આ લોકમાં વર્તે ત્યારે વહેવાર પ્રમાણે ને આંખો મીંચે એટલે કાંઈ નહિ. ભગવાન જ રહે. કહેતાં ભગવાન વિના બીજું કાંઈ સાંભરે જ નહિ. કહેતાં આવે જ નહિ. માટે લખ્યું જે સાંખ્ય પછી યોગનો ઉપદેશ છે. માટે જેટલું ખોટું છે એટલું જ માનવાનું છે. માટે ગુરુ કહેતા જે નવરા થાઓ તો ભગવાન વળગે. જો એકદમ વળગે તો દુઃખ થાય માટે નવરા થાઓ તે વહાણના કાગડાની માફક થાય. જ્યાં જુવે ત્યાં પાણી જ દેખે તે આમ ઉડે ને આમ ઉડે. ચારે બાજુ ઉડી ઉડીને થાકીને આવી વહાણના ડાંડા ઉપર જ બેસે તેમ કાગડો જેમ દેખે છે તેમ સર્વે ધૂળ પાણીનું દેખે તે સાંખ્ય થયો. એટલે એક ડાંડાની પેઠે ભગવાન એક જ રહેશે તે થાકીને ત્યાંજ બેસશે. માટે ગુરૂ કહેતા જે નવરા થાઓ. ત્યારે રાવસાહેબ કહે ભગવાન કૃપા કરે તો થાય. ત્યારે ઉત્તર જે જુઓ ધુળાભાઈ આ સામાવાળીઆના શબ્દો જે આટલું કરે છે તેના ઉપર ભગવાન કૃપા કરે છે એમ છે. એમ લમણે હાથ દીધો પાર ના આવે. એ તો બે જણ રસ્તે ચાલતા હોય તેમાં એક જણ લઘુશંકા કરવા બેઠો તે પાછો પડે પણ લમણે હાથ દઈ રહે તો પેલાને પોકાય તેવું છે? કે હડી કાઢીને ઝાલી પાડે તો હારે ચલાય. સંઘાત થાય. માટે સારૂ થાય કે ખોટું થાય સર્વે સંકલ્પ રાખીને પોતાશે કે? સર્વે મુકી દઈ ભગવાન સંભાર્યાથી પોતાશે. આપણે સારૂં કર્મ કરવું. પછી જેમ થાય તેમ ખરૂં. ત્યારે રાવસાહેબ બોલ્યા જે તમે કહેતા હતા જે તમારે કાંઈ કરવાનું નથી હું કરીશ. ઉત્તર જે હા. બધું ભગવાન કરે છે. જે પુરુષપ્રયત્ન કરે તેની ઉપર કૃપા થાય. બધું ભગવાનને માથે જ છે. જીવ શું કરે? બધાં આડાં છે કરવાનું માત્ર સંભારવાનું જ છે. વળી કહે જે આગળ સારૂં થવાનું હશે તો શી ખબર? ઉંડી ઈચ્છાઓ હોય તે કાંઈ ખબર છે? જુઓ કરાલીના નાથાભાઈ ચાલીસ વર્ષ ધ્યાન કર્યું ત્યાં સુધી કાંઈ નીકળ્યું નહિ. પછી વડતાલની ગાદીએ જ્ઞાન કરવાનું-તું મને નવડાવ - એમ મન થયું તે ઉપડતા પહેલાં જો દેહ પડ્યો હોત તો કંઈ દુઃખ રહેત નહિ.

**"જેવો જેનો સંગ તેવો રંગ બેસે"** સ્વામીની વાતુમાં છે જે સરસ સંગ બળવાન છે તે મુદ્દો મુક્યો છે. માટે ઉતરતાનો સંગ કરે તો ઉતરી જાય એમ વચનામૃત-વધવા ઘટવામાં છે. માટે મન કહે જે આ લોકથી, શાસ્ત્રથી, સત્સંગથી આ ખોટું છે એમ કહે તો તે ન જ કરવું તેમાં સુખ છે. શાસ્ત્ર ક્યાં લેવા જઈએ લોકમાં શબ્દ પ્રવર્તે છે તે શાસ્ત્રથી જ પ્રવર્તે છે. માટે આ રસ્તો, આ સંગ, આ વાત, આ વિચાર વગેરે

ખોટું છે એમ મન તથા બીજા કહે તે ના જ કરવું એ ઉત્તમ છે એમાં સર્વે શાસ્ત્ર આવી ગયાં. જુઓ નારદજીએ દક્ષના સો દિકરાને ઉપદેશ કર્યો જે સંસાર ખોટો છે તો વનમાં વહ્યા ગયા તો તે જ ઉપદેશ પોતે ગ્રહણ કર્યો હોત તો માંકડાનું મોંઢું ના થાત. જુઓ ચ્યવન ઋષિ સંસાર મુકી વનમાં ગયા તો છેવટે રાજાની છોડી માગી. સર્વેના ઝાડો પેશાબ બંધ કર્યા પણ પોતાનું બંધ કરી શક્યા નહિ. માટે ઉપદેશ કરનાર સામાને ઉપદેશ કરે છે તો તેમાંથી તારામાં કેટલું છે તે વિચાર તારામાં નથી તો પછી તે વચન બીજાને કહે છે-એમ વિચારે તો કામ ઘણું આગળ ચાલે પણ હશે કહેવા શીખશે તો કોઈ દિવસ કરવા શીખશે માટે એ તો એમનું એમ ચાલે. કશી હરકત નહિ.

મહારાજ કહે કે હે રાવસાહેબ તમારૂં દુઃખ હું જાણું છું ત્યારે કહે સારૂં ભાઈ સાહેબ એમ કરી વાત કરવા માંડી જે આપણે સારાં કર્મ કરવાં પછી તેમાંથી જે ફળ થાય તેમાં આનંદ રાખવો આપણે આપણા ગુરુને કહેલા શબ્દો વિચારો જે તમારો છેલ્લો જન્મ છે. ને જો લેવો પડશે તો તમે નરકમાં જશો તો હું પણ નરકમાં આવીશ. ને તમને ચોખ્ખા કરીને ધામમાં લઈ જઈશ. માટે ભગવાન સંભારો એવા ચોખ્ખા કર્યા છે. બૈરી છોકરાંથી તો નવરા કર્યાં. મારૂં, તારૂં, ઘર, ખેતરની ચિંતાથી નવરા કર્યા. ભાઈમાં ભગવાન પેસીને ઘરમાં વાસના રહે નહિ એવું કર્યું. હવે શું ખાવું તે પણ ચિંતાથી ચોખ્ખા કર્યા જે દરરોજ બે રૂપીયા પેન્શન આવે છે. તો હવે આ મતે આપણી તો સામી મતે તાપણી. માટે બને તેટલા ભગવાન સંભારવા એ એક જ કામ છે. દરેકે જુદી જુદી દુકાનો કરી છે. જુઓ નારદજીને પરણ્યાનું મન થયું. તે માંકડાનું મોંઢું થયું ત્યાં સુધી ખબર રહી નહિ. ને એ તો મનમાં હતું પણ જીવમાં નહોતું. નહિ તો દક્ષના સો દીકરા ત્યાંગી કરત નહિ. તે શું તો? ગુણનો સંબંધ એવો છે તે જુઓને જનકમાંએ દોષ નહોતો તો સુલભાને તુચ્છકારી કાઢી. તો નારદજી ધામમાં જતા તે ગુણ જનકમાં નહોતો. જે સુખ નારદજીને તે સુખ જનકને નહિ. જે સમજણ સુખ જનકને તે નારદજીને નહિ. તેથી મન થયું ને માંકડું થયું. માટે દરેક ગુણની દુકાનો છે. શીવજીને જુઓ વિઘ્ન આવ્યું. માટે ગુણ પ્રમાણે ભજન કરવું. રજોગુણ તમોગુણમાં કરે તો આમ થાય. એક માંડુ ભજન પણ સારૂં નહિ ભેગું કથા કીર્તન પણ જોઈએ નયણું ભજન સંભારવાનું કહેતાં મન હારી જાય.

સમજણ અવળી હોય તો લખવું પડે સ્નેહ થયો માટે સુખના ઉપાય બતાવવા. લખ્યું જે વૃત્તિ તુટે છે ને સાંધે છે ને તૂટે છે તેનો ઉત્તર જે જેમ જેમ અભ્યાસ થશે તેમ તેમ સહેજે રહેશે. ને જો એકદમ જોરથી રાખવા જઈએ તો ગાંડા થઈ જવાય ને વહેવારમાં ખોટું. માટે ધીરે ધીરે ખમાય પાત્ર થવાય તેમ તેમ સારૂ માટે જે વૃત્તિ નથી રહેતી ને તેનો બળાપો થાય છે તે જ વૃત્તિ વધારે રહેવાનો માર્ગ છે. કેમકે તમને પગાર ૪૦-૪૫ મળે છે પણ રૂ। ૬૦ નો વધારાનો બળાપો તે વધારવાનો છે તે પ્રગટ લીલા તરંગ ૫૦ માં છેઃ-

બોલ્યા વહાલો કાળજે શાંતિધારી, ચાલી ભક્તિ મધ્યથી તો અગાડી; તોયે રહે છે એક પાસે ધખારો, જાણો તે છે સુખનો આપનારો.

જે કાળજે ધખારો રહે છે તે સુખનો આપનારો છે. માટે જેમ થાય તે સારૂં જ થાય છે. ને એકદમ થાય તો ગાંડા થઈ જવાય. માટે સહેજે સહેજે જે થાય તે ખરૂં. તેમાં ગાફલમાં પણ ના રહેવું. નહિ તો ગાફલમાં ચોરનો ગુજારો છે. એમ મુક્તની શિક્ષાપત્રીમાં છે. માટે બનતો પુરુષપ્રયત્ન વહેવાર કરતાં કરતાં કરવો. જે વચનામૃત પ્રથમનાં એકથી તે ચોવીસ પચીસ સુધીમાં એમ જ કહ્યું છે જે શુભ તથા અશુભમાં પણ સંભારવા. હરતાં ફરતાં સંભારવા એમ પણ છે. જે દરરોજ બે બે વાંચવાનો અભ્યાસ હોય તો યાદ આવે.

વહેવાર કેટલો કરવો તે તો નોકરીવાળાને નોકરીનું કામ કરીને સંભારવું. હરતાં ફરતાં પણ સાંભરે જેમ કોઈ દાસી રહી હોય કોઈનાં છોકરાં હીંડોળવા તે તેનું કામ કરે ને પોતાનાં છોકરામાં પણ વૃત્તિ રહે તેવી રીતે નોકરી કરતાં કરતાં પણ થાય. તેમ છતાં આખી રાત કાંઈ ઉંઘ આવે નહિ. ખેતીવાળાને ખેતીનું કામ કરતાં કરતાં થાય તેમ છતાં રાતે પણ થાય. નિષ્કુળાનંદ ને ગુણાતીતાનંદને ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારે દસ ગાઉનું છેટુ હતું ત્યારે તે પાંચ ગાઉ એ આવે ને પાંચ ગાઉ પેલા જાય એમ અડધે આવીને રાત્રે રસ્તા વચ્ચે સમાગમ કરીને સવારે સૌ સૌને ઘેર જતા એવો વેગ તો કોઈનો જ હોય. માટે આપણું કામ કરીને પછી બને તેટલું કથા, વાર્તા, કીર્તન, ધ્યાન કરવું મધ્ય. ૪૯ માં છેલ્લી બે ત્રણ લીટીમાં છે. વળી વરતાલના ૧૭માં પહેલાં જ પ્રશ્નમાં છે જે કથા કીર્તનાદિથી પોતાનું જીવિત્વ પુરૂ કરવું. માટે બને તેટલું સંભારવું. કથા, કીર્તન, વાર્તા, ધ્યાન તે પણ સાંભર્યું કહેવાય માટે આનંદમાં રહેવું. લોયાના ૭ માં લખ્યું તે રસ્તે જતાં થાય. એકદમ દેખાય અનુભવ થાય તો જેમ લખેશરીએ દાટેલું ધન તે કોઈ પાછળ વાળા ગરીબ કાઢે તો ખોદતાં ખોદતાં એકદમ રૂપીયાનો ઢગલો દેખે

તો જોઈને હરખ ચમક થઈ જાય. માટે ધીરે ધરે થાશે. માટે સમજણ થાય ને પછી તો હરકત નહિ. માટે સંભારતાં સંભારતાં સર્વે થાય.

ભગવાન દુઃખ મુકીને પણ માર્ગથી પડવા દેવા નથી તો જેને ચઢવું છે તેને કેમ છોડશે? માટે નિર્ભય રહીને આનંદ કરવો. ને મુર્તિ સંભારવી.

ઈંટો માટીના ઘરમાં ભગવાનને પધરાવવા તે કરતાં આત્મામાં પરમાત્મા પધરાવો તે સારૂં.

સ્વાર્થમાં કોઈ પ્રકારનો સ્વાર્થ માન્યો હોય તેમાં અંતરાય થાય એટલે જ્ઞાન સમજણ ઢંકાય છે. કોઈ પ્રકારે દુઃખ પડે તેમાં પણ જ્ઞાન સમજણ ઢંકાય કોઈ પ્રકારનો મમત્વ બાંધ્યો હોય તે તૂટે ત્યારે સમજણ જ્ઞાન ઢંકાઈ જાય. તમે લખ્યું જે ભગતને ભગવાનનું ધારેલુ ન રહે તે શાથી તો ભગતને લઈને ભગવાનનું ધારેલું ઉલટું થાય. આ લોકમાં છોકરાં માબાપનું ફરી જાય છે તેથી માબાપ આગળ છોકરાનું ફરી જાય તેમ સમજવું. તેમ લખ્યું જે પરલોકનું જ્ઞાન શું તે તો પ્રથમના ૨૪માં છે એ આદિક ઘણી જગ્યાએ છે. તમે લખ્યું જે પરલોકનું જ્ઞાન સમજણ ધારેલી રહેતી નથી તેનો મહાત્મ્ય વિના. છોકરૂં નાનું હોય તેને રૂપીયો હાથમાં હોય પણ તેનું મહાત્મ્ય નથી. તેને તો જાણે અજ્ઞાન છે પણ જે કમાયા વગરનાં છોકરા જે તે ઉડાવે છે તે કેવી રીતે પેદા થાય છે તે જાણતો નથી માટે ઉડાવે છે. તેમ વળી વિચાર પણ નહિ. માટે આ લોકમાં જેમ થાય છે તેમ પરલોકમાં સમજવું.

પરમાત્માની કળ એવી છે તે ફરી ભૂખ્યો થાય છે. સંસારના સુખની વાસના પુરી થતી નથી. મન વલખાં મારે છે તે તો અજ્ઞાન છે તે જેવું છે તેવું જ્ઞાન થાય તો દુઃખ ના રહે. જુઓ કીર્તન=ભજ નિશદિન ભગવાન જીવડા - તેમાં છે જે ''છુટો છુટો એક વિષય જ્યારે - પંચ ભેળા મળી એક પટા રે''- એ બે પદો સામા સામીનાં ઉત્તર પ્રશ્નનાં છે એમ જાણી સ્ત્રીથી ધરાવાય. હવે માનથી ધરાવાય એ તો માન ખાય એવું છે. કોઈ કહે આવો ભાઈ એમ કરી સભા વચ્ચે બેસાડે તે તો ખાસે જ. વહેવારમાં હરેક ક્રિયામાં જેમ કે ખવડાવ્યામાં, પીવડાવ્યામાં, દેખાડ્યામાં, ગવડાવ્યામાં વગેરે આગળ

પડતું જે થાય કહેતાં માન માગે તેને ઉપલાં દુઃખ જ છે. હવે ભક્તિ માર્ગમાં ધ્યાન થતું હોય સુખ આવતું હોય તો કથા કીર્તન વાતો કરવી પડે કોઈ ચાર જણ આવીને બેસે એટલે મોટાને છુટકો જ નહિ. ઉપર પ્રમાણે વિગત જાણે તો માનથી ધરાઈ જાય. જુઓને વર્તમાન કાળે પ્રભુ છે તે આને આમ કહે ને આમ કહી કહીને ભેગાં રાખ્યાં છે. નહિ તો ભેગું રહે તેવું નથી. માટે ધરાઈ ગયા માનથી.

હવે મધ્ય ૧૦ પ્રમાણે નિશ્ચયરૂપી ગર્ભ રહ્યો એટલે ભાદરણ આવ્યાની જરૂર નથી કેમકે છેલ્લા પ્રકરણના ૨૯ વચનામૃત પ્રમાણે કહેતાં વરસમાં બે ફેરા પ્રભુનું મોઢું જોવાય તો બહુ છે કેમકે નિશ્ચયરૂપી ગર્ભ રહ્યો એટલે છેટે રહ્યામાં લાભ છે. કેમકે બ્રહ્માંડના ભગવાન કરતા પીંડના પ્રભુ જે આત્મામાં પરમાત્મા તેનું સુખ વધી ગયું. પરભુ મળ્યા ને નિશ્ચયરૂપી ગર્ભ રહ્યો એટલે બ્રહ્માંડના ભગવાનની જરૂર નથી. હવે તો આંખ્યો મીંચીને પીંડના ભગવાન સંભારવાની જરૂર છે.

દેવું બહુ દુઃખ છે માટે દેવું કરીને કાંઈ કરવું નહિ. કેમકે દુનિયામાં દેવું કરી વિવાહ બારમાં ઘર વગેરે ખર્ચ કરે છે ને પછી દેવાવાળો હરાજ કરી ઘર ખેતર ઘરમાં પાંચમણ દાણા હોય તો તે પણ તે લઈ જાય છે ને ખાવા પણ મળે નહિ એવું દેવાનું દુઃખ છે તે જગતના જીવ દેવાનું દુઃખ વેઠે પણ ખર્ચ ગયું ને ખર્ચ કર્યું નહિ એ શબ્દ જગતથી વેઠાય નહિ ને જગતના જીવને ખાવા ન મળે ઘર ખેતર ના હોય તે દુઃખ વેઠાય નહિ તો પણ આપણે ભકતને શબ્દ ન લાગે તો પણ વહેવારમાં રહ્યા તે રૂપીયા ઘરમાં હોય તો ખર્ચ કરજો. શબ્દનું દુઃખ વેઠાશે પણ દેવાનું દુઃખ ભગતથી નહિ વેઠાય. ને જગતના જીવ દેવાનું દુઃખ વેઠે પણ લોકના શબ્દ વેઠાય નહિ માટે જગત ભગતની રીત જુદી છે.

મુર્તિ આ તરફ મોકલજો તેનો ઉત્તર જે તે તો પાસે જ છે. ના સંભારો એટલી ખોટ છે. મહારાજને સંભાર્યા એટલે નમસ્કાર થઈ ચુક્યા છે. સો વાતની એક વાત જે મુર્તિ સંભારવામાં જેટલી ખોટ એટલી ખોટ છે તે મધ્ય ૨૨ માં છેક છેલ્લી બે લીટીમાં છે જે ભગવાનના ભક્તને ભગવાનની મુર્તિરૂપી ચિંતામણીને ઝાલી રાખવી પણ તેને મુકવી જ નહિ તો એને સર્વે વાતની સિદ્ધિ થાશે.

ભળતા રહી આનંદ રાખવો જે ગમે તે કહે તેના બોલનું સહન કરવું. દેહને આત્મા જુદો માનીને પછી તે બાબતનાં શબ્દો ભગવાનની મુર્તિ ધારતાં શબ્દ યાદ આવે ગોટાતો તે સભામાં જવાથી ધ્યાનમાં દુઃખ પડે તો જવું બંધ રાખવું કારણ કે જે બાબત ધ્યાનમાં આવે તો તેનો નિકાલ કરી તે સબંધ બંધ રાખવો. સો વાતની એક વાત જે પ્રગટ પ્રમાણ મુર્તિ આપણને ભાદરણમાં પુરુષોત્તમ રૂપે છે તેના ધ્યાનમાં જે જે આડુ આવે તેનો તોડ પાડી દેવો કહેતાં જુદા રહેવું. ધ્યાનમાં દુઃખ નહિ દે તો ભેગું રહેવું.

ભક્તોને ઈન્દ્રિયો અંતઃકરણ સ્વતંત્ર આપ્યાં તેથી જેમ જ્યાં વાપરે તેમ વપરાય. નહિ તો શુભ અશુભ જે જે ક્રિયા થાય તેનું ફળ ભોગવવાનું રહેજ નહિ. ને જે જે ભોગવાય છે તે સુખ દુઃખ તે તેને લીધે છે. સ્વતંત્ર આપ્યાં છે માટે જે ભ્રમણા થાય છે તે જ ભ્રમણા કાઢવાની તો સર્વે વાતે સુખ જ પડે.

મધ્ય ૪૫નામાં છે જે મારા જે જે કહેવાણા છે તેને તલમાત્ર કસર રહેવા દેવી નથી. માટે સુધા સાવધાન રહેજો. માટે ઠીક હવે તો ભગવાનના થવાનો વિચાર કર્યો. એ તો ભગવાનના થશો એટલે એની મેળે જગતના મટી જવાશે.

ઘરમાં ધણી જાગતો હોય તે ચોર પેશી શકે જ નહિ, તેમ જે સાવધાન હોય તેને ઈન્દ્રિયો અંતઃકરણ મન આદિક કોઈ પેસી ન ફાવતી વાત તેના ઘરમાં કરે જ નહિ જેટલું થાય છે તેટલું ન ફાવતું કોઈ કરી શકતું જ નથી તે શૂરવીરનું અંગ છે. તો તેનામાં કાંઈ અણગમતું થાય જ નહિ ને વચનામૃતમમાં છે જે તેનાથી ઈન્દ્રિયો થરથર ધ્રુજતાં રહે છે માટે સાવધાન રહેવું તે બહુ સારૂ છે. પીંડમાં પરૂ થાય છે તેમાં પ્રભુ દેખાય-જેમ તારા આકાશમાં હોય જર જનાવરાદિક આકાશમાં રહે છે. પણ સૂર્ય નમે છે ત્યારે કોઈ દેખાતું નથી. સૂર્યના તેજમાં લીન થઈ જાય છે તેમ પ્રભુના તેજમાં પરૂ, પાચ, પીંડમાં લીન થઈ જાય છે ને બ્રહ્માંડમાં પીઢો પાટડા લીન થઈ જાય છે તેમ - પીંડનાને બ્રહ્માંડની એકતા કેવી રીતે તો સર્વવ્યાપક છે તે જ્યાં જુએ ત્યાં દેખાય કોઈ જગ્યા ખાલી છે જ નહિ. જેની દૃષ્ટિ પુરુષોત્તમ આકારે થઈ તેને બીજું ભાસે જ નહિ જ્યાં નજર કરે ત્યાં દેખાય. જેમ નદીનો કીનારો હોય ને નદી એક છે તે કીનારા ઉપર જ્યાં

ખોતરીએ ત્યાં પાણી દેખાય. કારણ કે પાણી નદીનું એકત્ર છે. માટે જ્યાં ખોતરીએ ત્યાં પાણી આવે. તેમ જ્યાં જુવે પીંડ કે બ્રહ્માંડમાં પણ ત્યાં પ્રભુ દેખાય. એમ પીંડ બ્રહ્માંડમાં એકતા છે જેમ લુહાર એકતા લોઢાને કરે છે તે સરખું લોઢું ઉનું થાય તેને એકાત કહે છે. તેમ જ્યાં જુએ ત્યાં સરખું દેખાય એમ એકતા છે સમજણમાં ખરૂં ને દેખાવામાં પણ ખરૂં. નિવૃત્તિમાં દેખાવામાં ને પ્રવૃત્તિમાં સમજણ ભાસે. જેમ સમજણમાં સર્વ જગ્યાએ અગ્નિ છે પણ દેખાતો નથી પણ તે જગ્યાએ ઘસીએ તો દેખાવામાં આવે– અગ્નિ મથે તેમ તેવી રીતે સમજણમાં ને દેખાવામાં બેઉ ખરૂં છે સમજણમાં જે નપુંસક, આળસુ, ઢીલો તેને તેનાથી થાય નહિ એટલે સમજણે છે.

પ્રશ્ન જે કિનારો કેટલે દૂર છે? તેનો ઉત્તર મળ્યો જે કિનારો દૂર નથી પાસે જ છે પણ પોતાની મુર્તિમાં વૃત્તિ રાખવા માટે છેટે દેખાય છે. ને જો તે દેખાય તો વૃત્તિ રાખવા રૂપ પુરુષપ્રયત્ન બંધ થઈ જાય ને એ તો છે જ એમ ઢીલો પડી જાય ને બીજે ચાળે ચઢી જવાય માટે વચનામૃતમાં છે જે ભક્તની ધીરજ જોવા ભગવાન પડદે રહીને ભક્તની ધીરજ જુવે છે તો શું આગળ રહીને ધીરજ જુવે તો શું ના જોવાય? પણ પડદે રહીને કહ્યું. તેવી જ રીતે આ કેટલું પુરુષપ્રયત્ન કરે છે ને જીવ હારતો નથી તે જેવા માટે ઢીલો પડે નહિ તે માટે કિનારો છેટે દેખાડે છે. પ્રથમના વચનામૃતમાં છે જે વૃત્તિ રાખતા રાખતા દસ વર્ષ સો વર્ષ છેવટે મૂક્યા કહેતા સો એ વર્ષ એટલે મરતા સુધી ને પછી પણ વૃત્તિ રાખવી એક જ કામ કહેતાં શેઠ રાખે ત્યાં સુધી નોકરી કરવી છે તેમ મનમાં ઠરાવ થયો છે તો મનમાં એમ નથી થતું કે ક્યારે શેઠ રજા આપશે. મનમાં એમ ઠરાવ થયો છે કે મરતા સુધી નામું કરવું છે તેટલે નામામાંથી અકળામણ આવતી નથી.

જેમ કુંભાર અકળાતો નથી, સોની અકળાતો નથી, લુહાર અકળાતો નથી, પોતાના ધંધામાંથી દરજી અકળાતો નથી, વેપારી અકળાતો નથી તો ભક્ત અકળાય છે તો તે હું ભક્ત છું એમ એને મનાયું જ નથી. ભક્તને ભક્તિ કરતાં અકળાવાય છે તો તેટલું ભક્તપણું મનાયું જ નથી. જ્યારે અકળાય નહિ ત્યારે ભગત છું એમ મનાયું મનાય. માટે વૃત્તિ જીવતાં ને મર્યા પછી પણ રાખવાની છે તો એનો ક્યારે છેડો આવે તો પછી અકળાવાય કેમ? મરીને જે કરવાનું છે તે જીવતાં કરવાનું છે ને જીવતાં કરવાનું છે તે મર્યા પછી કરવાનું છે. હવે કહો વિચારીને જે છેડો કેટલે દૂર છે? કામ થઈ રહ્યું કે? કોઈ એમ કહેતું નથી તો પછી ભગત કેમ કહી શકે કે વૃત્તિ રાખવાનો છેડો

કેટલે હશે? જેમ બૈરી હોય તો છોકરાં રાખ રાખ કરે છે ઘરડી થાય તો છોકરાના કે છોકરીનાં છોકરાં રાખે છે ને તે નાની હોય તો માનાં કે બાપનાં છોકરાં રાખે. વાંઝણી હોય તો પડોશીનાં છોકરાં રાખે પણ રાખ રાખ કરે તેમ આપણે વૃત્તિ રાખ રાખ કરવાની છે. હવે છેડો કેટલે રહ્યો? કહો બીજું ''વાલા લાગો છો વિશ્વાધાર રે, સગપણ તમ સાથે''. મેં તો સર્વે મેલ્યો છે સંસાર રે, સગપણ તમ સાથે. સંસાર મેલ્યા છે કહેતાં ખરો સાર કાંણ મૂક્યું છે તો સગપણ થયું છે જે આ કોનો ? તો કહે ભગવાનનો તો સગપણ થયું, સગાઈ થઈ. હવે વહાલા લાગવાનું તો જેમ વૃત્તિ રહે તેમ વ્હાલું થવાય. કહેતાં એક બાપના બે દિકરા તે બેયને સગપણ કહેવાય પણ વહાલો કોણ જે હેત રાખે છે તે; તેમ હેત જગ્યાએ વૃત્તિ કહેતાં સંભારે તે બીજું જીવનો ઠરાવ ઈન્દ્રિઓ ફેરવી નાંખે છે, તે જીવ નિર્બળ થયો એમ લખ્યું તે વાંચો છેલ્લાનું છઠ્ઠુ વચનામૃતનો સદાય અયોગ્ય થાય તે જીવનો વાંક કહ્યો પણ તમો તો કહો છો જે દબાવીએ તો દબાય છે તો જીવ નિર્બળ કેમ કહેવાય. એ તો ઢાળો ઢાળેલો તે વળી જાય તેથી એમ લાગે છે પણ અંતે તો ઠેકાણે આવે છે તેમ જગતમાં થોડી ઘણી વૃત્તિ રહે તો આ લોકનો વહેવાર થાય માટે ખપ જેટલો પ્રવાહ રહેલો છે. જ્યારે વાળીએ ને વળે નહિ ત્યારે દુઃખ કહેવાય પણ વાળતાં પહેલાં વળે છે તો શું દુઃખ છે? મોભારે ચઢતાં પગ ઢીલા થાય પણ ઉતરવા જતાં ઉતરાતું હોય તો શી વાર છે?

માટે વાળીએ છીએ ને વળે છે, તો કઠણ કાંઈ છે જ નહિ ને નર્યું વળેલું રહે તો નામું લખવાનું ફાવે નહિ. પર્વતભાઈની પેઠે જમેનું ઉધાર થાય, અને ઉધારનું જમે થાય. માટે જેમ છે તેમ સારૂં છે કારણ કે વાળીએ છીએ ને માને છે તે ઘણું સારું છે ને જગતમાં તો વળે નહી. એમ કહે છે જે, મન કહ્યું કરતું નથી એવી બોલી હોય છે. ને ગાયના શીંગડા ઉપર સરસવનો દાણો રાખીએ એટલી વાર મન કહ્યું ન કરે, એમ જગતમાં તો વળતું નથી ને આપણે વળે છે. એ આભને જમીનમાં ફેર તેટલો છે. માટે આનંદમાં રહી પ્રભુ ભજવા સ્પ્રીંગની પેઠે અધર થઈ જાય છે. તે તો એવી કળ ચઢાવી છે. પ્રથમના ૩૪ તથા મધ્યના ૩૬માં છે. માટે જેની વૃત્તિ તેમાં ના વહે તેની વૃત્તિ ભગવાનમાં રહે છે ત્યારે તે ભગત થયો. માટે કળ થયો. માટે કળરૂપી સ્પ્રીંગ મુકેલી છે. તે ત્યાંજ જતું રહે. તે અટકાવવાનું તેથી નવમાં લખ્યું જે દરવાજે રહે છે, અમારા મોટા સાધુ. નાનાને તો દરવાજાની ખબર જ નથી ને એ જ પુરુષપ્રયત્ન ને તે મધ્યનું બાર વાંચજો. એટલે ખુમારી આવે ને પુરુષપ્રયત્ન ઉપર જ કૃપા થાય છે. સાળંગપુર ૧૧. માં છે જે પુરુષપ્રયત્ન પહેલું જોઈએ. પૈસા કમાવા હોય તો પુરુષપ્રયત્ન જોઈએ.

પણ ભગવાનના રસ્તામાં પુરુષ પ્રયત્ન કોઈને કરવો સારો લાગતો નથી કહો હવે આગળ વાંચી જોવું.

વચ્ચે પડદો શાથી રહ્યો - એ પ્રશ્ન ઉત્તર જે, છેલ્લાના-૯ ની કસર, કહેતાં વિચાર રાખેતો પડદો તૂટે. હવે સાર વસ્તુમાં સમજણમાં ફેર સાથે તે વિચાર વિના તે સમૈયામાં દ્રષ્ટાંત દીધું હતું. જે પાટીયા ઉપર ધુળ નાખી. ભાણે પણ ઠોકર વાગે તો ભેગુ થઈ જાય. તે વિચાર વિના-સાર-વસ્તુમાં ઠેસ વાગે. ભેગુ થઈ જાય છે. માટે વિચાર.

પ્રભુ અતિ અતિ ગદ્‌ગદ્ થઈ ગયા, ને મહીમાને લીધે પ્રેમનાં આસુ પડવા લાગ્યાં. તે બોલાય પણ નહી, વાંચવા જાય પણ વંચાય નહિ. તેમ કરતાં પા (૦ ।) કલાક વહી ગયો. પછી ધીમે ધીમે મહીમાની વાત કરવા માંડી જે આવો મહીમા. વિચારે-તો-કોઈ જાતની બાકી રહે નહી. જે ઝેર, જળ, (વાલવોડ મહી નદીમાં) ટ્રામ રેલ (કાનપુર) ઈત્યાદી રહે તો મહીમા રહે તો સદાય અહો અહો રહ્યા જ કરે. એવી રીતે અનેક પ્રકારે વાતો કરી. કારણ કે સર્વ પ્રકારે સુખના સિંધુ, ભગવાનને જાણે તો શું બાકી રહે? વળી સુખ દુઃખ દેવું ભગવાનના હાથમાં છે. તો પછી બીજો કોણ દુઃખ દેવા સમર્થ છે? હરખ શોક ટળી જાય. આપણે સારૂ પ્રયત્ન કરવું અને સદાય આનંદમાં રહેવું. એવી અનેક વાત ચાલતી. વળી કરૂણાશંકર આવ્યા ત્યારે વાત થઈ જે અનેક પ્રકારે સંબંધ ખાવું, પીવું, અડવું, જોવું, બોલવું અને વઢવું દરેકના સંબંધમાં સુખ છે. સુળી ઉપર સયન કરાવે તોય સાધુને સંગે રહીએ-મન કર્મ અને વચને સંગ જુઓ પુતનાએ ઝેર દીધું ચોપડીને તો પણ મોક્ષ આપ્યો. તો આપણે સારો સંગ તેનું ફળ કેમ સારૂં નહી આવે? માટે પ્રભુનો મને, વચને, કર્મે ગમે તે પ્રકારે સહેવાસ તે સુખનો છે. એવી રીતે અનેક વાતો થઈ. માટે કોઈ પ્રકારે શોક ના કરવો. સુખ દુઃખનો જોગ થાય તો પણ આનંદમાં રહેવું એ જ મુદ્દો હતો. પુરુષોમાં માત્ર ઉત્તમ પુરુષોત્તમનો સંગ ક્યાંથી ગમે તે પ્રકારે. માટે આનંદ કરવો. બીજું ભગવાન ભગવાન કાઢી નાખવું. સાથી કે અનેક પ્રકારે શાસ્ત્રના આધારે પૂછપૂછ કરે, તો ક્યાં લમણા કુટે કરે પાર આવે. આપણે તો એમ કહેવું જે જેમ બીજાને ભાઈબંધી હોય છે, તેમ અમારે એમની જોડે ભાઈબંધી થઈ છે. તે છુટતી નથી, માટે જઈએ છીએ. એટલે ટુંકામાં પાર આવે. વળી જોગી એકલો સારો એ ઉપર વાત કરી એમ કહ્યું કે હરીજન સંગે હેત કરતાં ના આવડ્યું

ને બીજામાં કહ્યું કે મોટા મુક્ત સાથે હેત ના કરવું. માટે ઘણા ભેદ છે, પેલા પહેલાને ભગત જોડે હોય તો ભગવાન જોડે હેત કરાવે પણ જેને એક ભગવાનમાં જ હેત છે તેને ભગત જોડે હેત સારૂં નહી કેતા નવાને ભગત જોડે સારૂં અને જુનાને ભગવાન સાથે સારૂં એમ અનેક વાતો થઈ. વળી પૂંજા કરતાં સાચા સંતને સેવો એમ બોલ્યા અને પૃથ્વી સ્પર્શી તમને નમસ્કાર એ ભક્તચિંતામણીનું ચરણ બોલ્યા. (૪૧, ૪૨ નું ચરણ) દંડવત્ કરતા જાય ને વાત થતી જાય. માટે પૃથ્વી સ્પર્શી તે આમ વળી બીજી વાત જ્ઞાનીને અનેક પ્રકારે સુખના રસ્તા શોધવા મુંબઈની ફાસ્ટની ટીકીટ લીધી પછી મુંબઈ ક્યારે આવશે એવો વિચાર શું કરવો-વચ્ચે ગામ ધામ-આત્મા-મુક્તિ-ભુ-ગતી જે જે આવે તે સર્વે માયા કહેવાય જે અંતરમાં આડુ આવે તેને માયા કહેવાય. જે અંતરમાં આડુ આવે તેને માયા કહીએ. માટે પ્રભુ વિના જે જે આડુ આવે તે માયા કહેવાય માટે વિચારવું. પ્રથમ ૫૬ અનેક ખોટ્યો કહી છે. આ એક ખોટ છે. ભગવાન વિના બીજું સાંભરેને અંતરમાં આડ કરે તે શાસ્ત્રની સાખે દુઃખના શબ્દો કાઢી નાખવા. સર્વ ધર્માન્, પરીત્યજ્ય શ્રીજીના વખતમાં બ્હીતા રહ્યા. ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં ના રહેવાયું. તે કહી નાખ્યું જે સત્સંગી થાઉં કે કુસંગી થાઉ પણ પ્રાગજી મહારાજના વખતે ના ખમાયું માથે છેડો નાખવો છે. તે હાલ આ ભાદરણ પુરુષોત્તમ દ્વારે માથે છેડો નાખવા માંડ્યો. બધાં દ્વાર ડબાએલાં રહ્યાં ને બધા દ્વારે ભગવાન બ્હીતા રહ્યા. પણ આ ફેરા હદ કરી. એવી રીતે અનેક વાત થઈ.

ઉતર જે નાતમાં રહેવું હોય તો નાતના ઠરાવ પ્રમાણે રહેવું પડે. સરકારમાં, જગતમાં સરકારી કાયદા પ્રમાણે રહેવું પડે. અને ભગત મંડળમાં રહેવું હોય તો શાસ્ત્રના કાયદા પ્રમાણે રહેવું પડે. ને ના રહેવાય તો આવવું સારૂ નહીં.

સિધ્ધાંત જે મધ્યના ૮ ના વચનામૃતમાં લખ્યું જે પ્રગટ ભગવાનની પ્રાપ્તિ તે જ પરમ પદ છે. હવે ક્યાં બાકી રહ્યું? "જન્મ કર્મ ચ મે દિવ્ય" અર્થ જે શ્રીકૃષ્ણ અર્જુનને કહે, હે અર્જુન, મારાં જન્મને કર્મ જે દિવ્ય જાણે છે. તે ફરી જન્મને પામતો નથી. મને જ પામે છે. સંસારીને ને ત્યાગીને અનેક વાસનાઓ હોય છે. પણ જે મુખ્ય મોટી વાસના માની હોય ત્યાં જીવ ભુત થાય છે. તો આજ ઉઘાડુ દેખાય છે જે મા, બાપ, સગાં સાગવાં, પૈસા, નાત, જાત, માન આદિક સર્વ કરતાં પ્રગટ પ્રભુમાં વધારે હેત જણાય છે તો ભૂત થઈને ક્યાં જવાશે? પ્રભુ પાસે જ જવાશે. ઈત્યાદિક ઘણી

સાખ્યો છે. વચનામૃતમાં, ભાગવતમાં, ગીતામાં વળી વચનામૃતમાં લખ્યું જે, જે દિવસે ભગવાનનું દર્શન થયું તે દિવસથી જ મારૂ પુરણ કામ થઈ ગયું. હવે કયાં અધુરુ રહ્યું! અને હવે જે કરૂ છું તે પ્રભુની પ્રસન્નતાને અર્થે કરૂં છું એમ લખ્યું અરે ભાઈએ અજ્ઞાન કાઢી નાખો કેમકે પ્રથમના છપ્પનના વચનામૃતમાં લખ્યું જે કોઈ પ્રકારની કામના કહેતાં કોઈ પ્રકારની ઈચ્છા એ મોટી ખોટ છે. ને ખોટમાં ભક્તિરૂપી દ્રવ્ય જતું રહેશે. ને જગતના જીવ જેવા થઈ રહેશો તે ભાદરણનું નામ ભુલી જશો. કેમકે કોઈ પ્રકારની ઇચ્છા એ મોટી ખોટ છે. માટે ઇચ્છા બસ કરો. ઝાઝું શું કહીએ. તેજ ધર્મ અધર્મમય અર્થ જે, શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યુ જે ધર્મ અધર્મ બેય મુકીદે. ને મારા શરણને પામ. કહેતાં ધર્મ જે આત્માના રૂડુ થવાના સંકલ્પ એ આદિક બધા મુકી દે. માટે હે ભાઈ જ્ઞાનનો છેડો નથી. લખ્યાનો પાર આવે નહી. કેમકે પ્રથમના પહેલામાં લખ્યું, જે ભજન કરતાં આડુ આવે તે વાસના કહેવાય. શુભ કે અશુભ પણ એ તો વાસનાજ કહી. માટે તમારો વિચાર ખોટો છે. તે મુકી દેજો. અરે ભાઈ વધારે નહિ તો એક મહિનો મુકી જુઓ, જે હું તો પુરણ છું ને મારે કંઈ પામવાનું બાકી રહ્યું નથી, એમ જાણીને નવરાશ વખતે એક મને પ્રભુ સામું જોઈ રહો મરીને પામવું એ આદિક બધા સંકલ્પ મુકી દઈ નવરાશમાં જેટલી ઘડી મળે એટલી ઘડી જોઈ રહો. કોઈ જાતનો સંકલ્પ મુક્તિનો ભક્તિનો રાખશો નહિ. તો તમે લખ્યું જે પાંખો હોત તો ઉડીને ભાદરણ જાત તો એ તો બહુ હલકુ કામ છે કેમકે કલાકે સો ગાઉ જાય. માટે હે ભાઈ લૌકિક વાતો કરતાં અલૌકિક વાત બહુ આઘી છે તે સારંગપુરના બીજામાં છે તથા ભાગવતના એકાદશ સ્કંધના પંદરમાં અધ્યાયમાં છે જે ન ખપના સંકલ્પ બંધ કરી પ્રભુ સામું જોઈ રહે તો એક મીનીટના સોમા ભાગમાં બધી પૃથ્વી ફરી વળાય માટે પાંખો તો ઇચ્છવી જ નહિ એ તો ગાડુ જોડવા જેવું છે. માટે સારંગપુર બીજા તથા ભાગવતના એકાદશ સ્કંધના પંદરમાં અધ્યાય પ્રમાણે સ્થુળ સુક્ષ્મ ને કારણ ત્રણેય દેહ મન જોડે જ જાય એવો પ્રગટની કેડે ફરનારને કાયદો છે.

માટે હે ભાઈ તમામ કામના મુકી દઈ નવરાશમાં મનની વૃત્તિએ પ્રભુ સામું જોઈ રહો તો મન જોડે દેહ જશે અને અનેક પ્રકારના અનુભવ તમને મળશે. માટે લખે કયાં પાર આવે?

એક પ્રાંતીજનો વાણીયો તેણે મુંબઈ રહી ત્રીસ વરસ પરોક્ષ રૂપે ભજન કર્યું પણ કંઈ ઇચ્છાઓ પુરી થઈ નહી. પછી હરી ઇચ્છાથી ભાદરણ આવ્યો. તેણે પ્રભુને કહ્યું કે હું નાસ્તિક છું. કેમ જે અનંત ધામ, જમપુરી, આદિક બીજા અદૃશ્ય લખાય છે

તે દેખાતાં નથી તે દેખાડો તો આસ્તિક થાઉં. તે દેખાડવા તો મુઠીમાં પ્રભુએ રાખ્યાં નથી કેમકે કાયદા પ્રમાણે કરે તો થાય. તે અદશ્ય વાત જોવાનો કાયદો પહેલામાં પ્રથમનું વચનામૃતમાં પહેલું પ્રશ્ન છે. તે પ્રમાણે કરજે. આ લખ્યું છે જે પ્રગટ મૂર્તિ હોય, તેમાં અખંડ વૃત્તિ રાખે તો જે જે જોવા ઈચ્છે તે તત્કાળ દેખાય. માટે આ પાટીદારનો પસલો તે પ્રગટ મનુષ્યરૂપ મૂર્તિ છે. એમ માની વૃત્તિ જોડ. પછી તો મહા શૂરવીર હતો. તે અન્ન પાણી લીધા વગર આંખો, મોઢું લુગડે બાંધી એકદમ બેઠો. ખાધા વગર ઝાડે ફરવાનું થાય નહી ને પેશાબ તો ક્યાંથી હોય પણ આગલા દિવસનું પીધેલું તે નીકળી જવા માંડ્યું તે પાંચ રૂપિયાનાં ગોદડામાં સભા વચ્ચે જ્યાં બેઠો હતો ત્યાં ને ત્યાં પુંઠ ઉંચી કરી એમ થોડે થોડે બે દિવસે નીકળી રહ્યું. પણ બેઠો ત્યાથી હાલ્યો નથી, પછી તો મધ્યના બાવીસ પ્રમાણે શ્રીજી મહારાજ તો મોટા મુક્ત હતા તે એક કલાકની અંદરની નરનારાયણ પધરાવ્યાની ઉપાધિ મનમાંથી ખોટી કરી નાખીને ઘાટ મટ્યા. ને અલૌકીક આશ્ચર્ય દેખાયા પણ પ્રાંતીજનો વાણીયો તો પ્રભુની પેઠે મુક્ત નહોતો. બદ્ધ હતો તેથી ચાર દિવસે લૌકીક ઘાટ બંધ થયા કહેતાં રાત દિવસ મળી ૯૬ છન્નું કલાકે લોકીક ઘાટ મટ્યા ને અલૌકીક આશ્ચર્ય દેખાયા. માટે બધા ઘાટ મુકી નવરાશમાં હેતે કે કુહેતે પ્રગટ પ્રભુ સામુ જોઈ રહો તો કોઈ ખામી ના રહે.

।। શ્રી પ્રગટ પુરુષોત્તમ નારાયણાય નમો નમઃ ।।

# શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત

# ભાગ - ૬

निर्मानमोहा जितसंगदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः।

द्वंद्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्गच्छन्त्यमूढाः पदमव्ययं तत्।।

-શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય-૧૫ (શ્લોક-૫)

(પરંતુ (જેઓ ઉપર કહ્યું તેમ દઢ અનાશક્તિરૂપી શસ્ત્ર વડે સંસારરૂપી વૃક્ષને છેદીને) અભિમાન અને મોહ વિનાના આશક્તિરૂપ દોષને જીતેલા, બધી લૌકિક કામનાઓથી નિવૃત્ત થયેલા, સદા આધ્યાત્મિક ધ્યાન ચિંતનાદિમાં રહેનારા, તથા સુખ દુઃખ આદિ નામવાળાં જોડકાંથી વિમુક્ત થયેલા હોય, એવા અમૂઢ જ્ઞાનીઓજ તે અવિનાશી પરમપદમાં જઈ શકે છે.)

----

## -:શ્રી પુરુષોત્તમ મહારાજના મુખની વાતો તથા પત્રોઃ-

આગળ ચાલુ.

૧૯૩૪ના સમૈયા પહેલાં લખી મોકલ્યું જે કોઈએ આજ્ઞા લોપવી નહિ. આજ્ઞા લોપશે તેણે શાસ્ત્ર પ્રમાણે પ્રાયશ્ચિત કરવું પડશે. એ આજ્ઞા લોપ્યાનું પ્રાયશ્ચિત શું તો રામાયણમાં લખ્યું છે જે રામે લક્ષ્મણને આજ્ઞા કરી જે કોઈને દર્શને પેસવા દેશો નહિ. લક્ષ્મણે આજ્ઞા મુજબ કોઈને જવા દીધા નહિ. બધાયને પાછા કાઢ્યા. પરંતુ એટલામાં દુર્વાષા મુનિ આવ્યા તે ખાળ્યા પણ શાપ દેવાની બીકે જવા દીધા. પછી રામ કોપ્યા જે કેમ આજ્ઞા લોપી? પછી જ્યારે સભા થઈ ત્યારે બધા ઋષિ ભરાયા તે સભામાં રામે પ્રશ્ન મૂક્યું જે ' આજ્ઞા લોપે, તેનું શું પ્રાયશ્ચિત કરવું પડે?' ત્યારે ઋષિ

બોલ્યા જે અઢાર પુરાણમાં લખ્યું છે જે ફરી તેનું મોઢું જોવું નહિ. પછી રામ જીવ્યા ત્યાં સુધી લક્ષ્મણને મોઢું બતાવ્યું નહિ. માટે કોઈએ આજ્ઞા લોપવી નહિ.

પોતાનો મહિમા પોતાને માલમ ના પડે. હનુમાનજીને તથા બળદેવજીને ખબર ના પડી તે જણાવ્યું ત્યારે જણાયુ પણ અરે ભાઈ એ પણ સારૂં છે. કેમકે પોતાનો મહિમા જણાય તો માન આવે. તે માનમાંથી તો નવયોગેશ્વરમાંથી એક બુધને આઠ જણા કુવામાં લટકાવવા તૈયાર થયા. વળી રાજાનું ઋષિએ સન્માન ના કર્યું તો ગળામાં મરેલો સાપ નાંખ્યો. ને સાત દિવસમાં માનવાળાનું મરણ થયું. વળી હનુમાનજીને માન આવ્યું જે હું ના હોત તો રામ મરી ગયા હતા તે શી રીતે જીવત! હું હતો તો વિષલ કરણી લાવ્યો. તેથી રામના ભાઈ ભરતજીએ બાણ મારી ડુંગર ને હનુમાનને પાડ્યા. અને તીર ચઢાવી ફરી પાછા રામ હતા ત્યાં નાંખ્યા. વળી ગોપીઓને માન આવ્યું તે ઝાડે લટકાવી.શ્રીજીએ દાદાખાચરનું વધારે રાખ્યું ને જીવાખાચરનું ના રાખ્યું તેથી શ્રીજીને જાજરામાં મારી નાખવા એવો ઠરાવ કર્યો. માટે માનથી આવાં દુઃખ આવે છે. તેમ ગુણાતીતાનંદ સ્વામીની ઉપર બેલું નાખ્યું ને રાધારમણનો થાળ માન્યો. માનમાંથી પ્રાગજી મહારાજને ઝેર દીધું. અને તેમના સાધુને સોયા ખોસતા. માટે તેમ છે.

વચનામૃત મધ્ય ૫૧ માં લખ્યું જે શાસ્ત્રમાં મોટા પુરુષે જે જે લખ્યું છે તે સુખે પળે એવું જ હોય માટે પ્રગટની આજ્ઞા પણ સુખે પળે એવી જ હોય અને જે આજ્ઞામાં દુઃખ મનાય ત્યારે સમજવું જે આપણને આજ્ઞા કરી તેની સમજ પડી નહિ. સર્વે વાતનો સિદ્ધાંત એ છે જે તને મને ધને જેમ લાભ થાય તે સુખ વર્તે તેમ કરવું એજ આજ્ઞા છે.

તા. ૧૨-૪-૧૯૩૪

અનેક પ્રકારે ખાવું, પીવું, અડવું, બોલવું, વઢવું વગેરે સંબંધમાં સુખ જ છે. ભગવાન સાથે જે જે સંબંધ છે તે દરેકમાં સુખ જ છે. સુરજબા વઢ્યાં પણ તેમાં સુખ છે જે રૂપીયા ઉભરાયા. વઢ્યામાં ચમત્કાર થયો. સુળી ઉપર શયન કરાવે તો પણ ભગવાનનો સંબંધ ક્યાંથી? મન કર્મ વચને પુતનાએ ભગવાનને ધવડાવ્યા તો પણ

મુક્ત થઈ. માટે ગમે તે પ્રકાર સંબંધ ક્યાંથી? માટે અલમસ્ત રહેવું કોઈ પ્રકારે શોક ન કરવો. પુરુષ માત્રમાં ઉત્તમ પુરુષોત્તમ તે મળ્યા તેમનો સંબંધ ક્યાંથી? ગમે તે પ્રકારનો ધામ પાપ પુન્ય સ્વર્ગ નર્ક સુખદુઃખ બધું જવાદો. સર્વે ઉત્તમમાં ઉત્તમ પુરુષોત્તમ મળ્યા શત્રુ, મિત્ર, આનંદ પાપ-કોઈ દુઃખ દેતું નથી સર્વે પુરુષોત્તમના હાથમાં છે. દુઃખ બીજો કોઈ દેશે ક્યાંથી? 'મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય' ભગવાન ભગવાન કાઢી નાખવું.

જોગી એકલો સારો હરિજન સંગે હેત કરતાં ના આવડ્યું છેલ્લાનું ૧૬-ભક્ત જોડે હેત કરવું ને મોટા ભક્ત જોડે હેત ન કરવું. તેમાં નવાને ભગત જોડે કહ્યું અને જુનાને ભગત જોડે ના કહ્યું એવા ભેદ છે.

પૂજા વખતે સાચા સંત પૃથ્વી સ્પર્શી નમસ્કાર બોલ્યા જે જ્ઞાનીને જે તે પ્રકારે સુખના રસ્તા શોધવા. ફાસ્ટમાં બેઠા પછી મુંબઈ ક્યારે આવશે તે શું કરવા વિચાર કરવો પડે. વચ્ચે આડું જે આવે તે માયા, ધામ, મુક્તિ, ભક્તિ વગેરે અંતરમાં આવે તો તેમાં પણ પ્રથમ ૫૬ પ્રમાણે એક પ્રકારે ખોટ છે. શાસ્ત્રની શાખે દુઃખના શબ્દો કાઢી નાખવા 'સર્વ ધર્મને મૂકી મારે શરણે આવ' તે મુકીને મારે શરણે આવ્યો એટલે સર્વે પાપ મુકી દીધાં.

કરૂણાશંકરને કહ્યું જે અંતર તો અહિં આવતાં દુઃખાય પણ કાનુડા કેડે ફરવું રે કોઈથી ન ડરવું-તો રાખવું જોઈએ. જગતથી ખમાતું નથી. પ્રાગજી મહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામીને પોતાથી જ ન ખમાયું માટે ત્રીજી પેઢીએ આ ફેરે લોકોથી ન ખમાયું. ત્રણ પેઢીથી ખમ્યા તે કહી નાંખ્યું જે કુસંગી થાઉં કે સત્સંગી થાઉં તે ના ખમાયું તે કહી નાંખ્યું. સત્સંગી થવામાં ભગવાનને લાભ ન રહ્યો. કુસંગી થવામાં લાભ રહ્યો. પ્રાગજી મહારાજ સત્સંગી રહ્યા તેથી લોકોને સુખ ન થયું.

મેં જે જે ક્રીયા કરી તેમાં હિંસા ન થવી જોઈએ કોઈનું મન દુઃખાય તે-ને ભગવાનને રસ્તે મન દુઃખાય તેમાં પાપ થાય પણ અડે નહિ કારણકે ઝાઝા પૂન્યમાં અડે નહિ સતી શાપ દે નહિ અને શંખણીના લાગે નહિ. દુઃખ થાય તો ના કહેવું. ગમે

તે પ્રકારે રાજી. વચનામૃત લોયા ૪/૪ તથા ઝીણાભાઈને કહ્યું જે ભગવાન આવે તો રાજી રહેવું. જે પુરો થયો તે અહિં શું કરવા આવે એતો જતો રહે. વાસના હોય ત્યાં સુધી રહે.

જુઓને કુબેરદાએ કહ્યું જે કંઈ ભગવાનના કુલે છાપ મારી છે. તથા નાથાભાઈ વાસનાથી વરતાલની ગાદી લેવા ગયા. તેમ ઉંડી વાસના હોય છે ગોરધન કાછીએ મણ લોટ કર્યો. કંકોત્રીઓ લખી ને હવે ભાદરણ સમૈયો નહિ થાય ને મને પણ લખ્યું જે તમારે આવવું હોય તો આવજો. કાચા આમ કરે છે. વાસનાવાળા કાચા કહેવાય.

કોઈ મારે પૈસા લઈ જાય વઢે-સુખ દુઃખ સર્વે પુરુષોત્તમના હાથમાં છે માટે શોક ન કરવો.

પાંચમા પ્રકારમાં રસ્તે પડવાનું થયું. કારણ કે સર્વે મનના ઘાટ છે. ભગવાન નિમિત્ત ઉભું કરાવી બહારથી બંધ કરાવે. જેમ તાવ આવ્યો અને માર્યો તેમ ભગવાનને માથે પડે નહિ. નહિ તો ભગવાનને એમને એમ જીવ લેવો હોય તો કેમ ના લેવાય? લેવાય પણ ભગવાન પોતાને માથે લે જ નહિ.

શાસ્ત્રને અનુભવ બેય જાય. દિવ્ય ભાવમાં સર્વે જાય દિવ્ય ભાવ આવે ત્યારે મનુષ્ય ભાવ જાય.

ભક્તચિંતામણી પ્રકરણ ૧૨૦ વાંચતાં સવારમાં હર્ષનાં આંસુ આવ્યાં. મહાત્મ્ય હોય તો સદાય અહો અહો રહે. ઝેર પાયું સમુદ્ર મંથન કર્યું - સર્વે સંભારવું રામે ઝાડને પૂછ્યું. તે શું! રડ્યા તે શું! પથ્થર તાર્યા તે શું! માટે સર્વે સંભારવાનું છે.

કોડી કરતાં પૈસામાં વધુ માલ છે માટે બંધન થાય. પણ ભગવાનનું સુખ આવે ત્યારે બંધન ન થાય.

કાચા પોચાને નિશ્ચયમાં અંતઃકરણ ઈન્દ્રિયો દુઃખરૂપ છે. પાકાને સહાય કરે, જીવણલાલ મહેમદાવાનાને પહેલાં હતો ત્યારે સગાં અહીં આવતાં તોડી ખાતાં ને પાકો થયો ત્યારે સહાય કરતા જે ક્યારે ભાદરણ જવું છે.

જગતના જીવ પૂછી ને દાઢો કાઢે જે જે તારે કેટલા છોકરા છોડી છે? શું કરો છો? સાસુનું નામ શું? એમ કરીને દહાડો કાઢે છે. તેમ આપણે શાસ્ત્રના શબ્દથી દાઢો કાઢવો તેથી આપણે સારામાં સારો ઉપાય આ છે પછી જેમ થવાનું હશે તેમ થશે. અત્યારે આનંદમાં રહેવું. પરાવાણીથી આનંદ કરવો જે શાસ્ત્રમાં કરવાનું કહે છે તથા લોકમાં કરે છે તેમ આપણે કરીએ છીએ પછી જેમ થવાની હશે તેમ થશે.

લોકોને ભગવાનની લીલા વાંચીને ગાવાની જે આપણે દેખીને હૈયે લખાઈ જાય તે સાંભર્યા જ કરે. દરેક જાતના સ્વભાવ તે નીજ જનને સુખ દેવા.

દેહનો દીવો તે દેહમાં કામ આવે ને આત્માનો દીવો તે આત્માના કામમાં આવે.

આ લોકમાં સ્વતંત્ર થયો તે રહે છે જ ક્યાં? જે કામે મુંબઈ ગયા તે કામ થઈ રહ્યું ત્યાર પછી મુંબઈ શું કરવા રહે? તેમ વાસનાએ દેહ રહે છે. પ્રશ્ન જે તમે કેમ રહ્યા છો? ઉત્તર જે મુક્ત રહ્યા છે તે અમો રહ્યા છીએ. ભક્તોમાં વાસના થઈ કહે તો શાના રહે? સામા સામી પાન બીડી-કોયલામાં અગ્નિ છે-લોઢાનો ગોળાનો ઘાટ મટી જતો નથી. પણ દેવતા આવે છે. ઈયળની ભમરી થાય છે.

ધુળાભાઈની વાત જે છોકરાંને પાળે એ તો છુટે એમ નથી, એવું જોડી આપ્યું છે. કુંભારની વાત જે કોઠીઓ પલળી તે રડવા બેઠો ને ચોરાસી કરીને બે હજાર વાપર્યા પોતાની મરજીથી ખર્ચ્યા તો હરખ થયો. ને ભગવાને માવઠું કર્યું. કહેતાં ભગવાન ખરચવા બેઠા તો શોક થયો એમ મનનું કારણ છે માટે જે તે પ્રકારે આનંદમાં રહેવું.

નવીન વાર્તા કીર્તન ગાવાથી બીજા કોઈ સાંભળનારને ભગવાન સાંભરે તો તેનો દસમો ભાગ ગાનારને જાય.

કરુણાશંકરને કહે જે આવો આ લોકમાં ખાવા મળ્યું તે છેડો આવી રહ્યો ને પરલોકમાં સાચું હશે તો કાંઈ વાંધો નથી ને ખોટું હશે તો કાંઈ લેવા દેવા નથી. એમ તમોગુણ રજોગુણમાં વિચાર રાખવા આ લોકમાં ખાવા મળે એટલે થઈ રહ્યું ખોટું હશે તો ગમે તે રીતે વખત મફત જાય છે તે જશે ને સાચું હશે તો વખત કામમાં આવશે. મન મહા કાબેલ છે.તેનું કાબેલપણું સુખ માની નભે. સત્વગુણમાં કાબેલપણું નભે નહિ. બેમાં રજતમમાં સમજાવવાનું રહ્યું. દેહ પડી જવાનો છે. અર્થ આવવાનો નથી ખાવા મળે એટલે થઈ રહ્યું રાજાને રંક સરખા છે. સર્વેને ખાવા મળે એટલે થઈ રહ્યું. જેમ તેમ ગરબડ ગોટા વળી જે વખત જશે તે ખરો આમાંય વખત મફત જાયછે. પ્રીતિમાં સુખ વરતતું હોય તો તે વિચાર કરવો. પૈસામાં સર્વે સુખ છે એમ વિચાર પેઠો તેથી મરી મટતા સુધી મથ્યા કરે છે તેમ. રજોગુણમાં વિચાર બેઠો હોય તો રજતમમાં નાસ્તિકપણું ના આવે કરુણાશંકરને પુછ્યું જે તમારે કેવા ઘાટ થાય છે તે કહો તો તેના ઉપાય થાય, સર્વેને એક ઉપદેશ ના ચાલે સૌ સૌની સમજણ જુદી.

માલ મનાયો જોઈએ. છોકરામાં મનાયો છે તે મુછો તાણે છે તો પણ હેત રહે છે જે બાજરી ખવડાવશે. ધનમાં વિચાર પેઠો છે તે મથ્યા કરે છે તેમ વિચાર પેસે તો ભગવાન સાંભરે તો હરખ થાય. ને ના સાંભરે તો શોક થાય. તો શોકે કરીને ભગવાન સાંભરે, આડુ આવે તે માયા પ્રથમ ૧/૨ માટે કોઈ પ્રકારની ઇચ્છા એ જ માયા. ફાસ્ટમાં બેઠા તે મુંબઈ આવશે તેમ આપણે ભગવાન સંભારશું તો સ્ટેશન આવશે જ. ક્યારે આવશે તે વિચાર બેસાડી દેવો. નવરો થાય તો આપમેળે ભગવાન વળગે એટલે સંકલ્પ રહિત થાય ત્યારે ભગવાન વરે. શાસ્ત્રનો મત પણ એવો જ છે.

અંતરજામીપણે જાણે છે. માટે નિશ્ચયમાં ફેર પડે છે. ઉપરજામી પણે વહેવારમાં રહ્યા તો કહે ત્યારે થાય ''થયા મનોહર રે કે મોહન મનુષ્ય જેવા'' મણી સારૂ મારી નાંખ્યો રામે ક્યાં વહેવાર રાખ્યો? સ્ત્રી સારૂ રોયા જાણતા હતા પણ પૂછ્યું. મુળજી લુવાણાને માર્યો પણ શ્રીજીએ અંતરનું ક્યાં રાખ્યું?

મનની સાથે દેહ જાય તો શ્રીજીને ઘોડાનું શું કરવા કામ પડે? સિદ્ધ પુરુષ હજાર ગાઉથી નીકળે તો મણી સારૂ શા માટે મારી નાંખ્યો, લઈ લેવો હતો ને? મનુષ્યની પેઠે એ તો વર્તવાનું છપાવી રાખવાનું તાન છે. એ તો નિશ્ચય પુરતો દિવ્ય ભાવ દેખાડવો.

સર્વે ધંધા નોકરી ખેતી મુજરી વગેરે તે એક મુદ્દો જે પૈસા માટે છે તેમ કથા કીર્તન વગેરે મુર્તિ માટે. મુર્તિ સંભારવી એ જ મુદ્દો છે તેને માટે સર્વે ઉપાય શાસ્ત્રમાં છે. રજ તમમાં મુઢપણું, પ્રીતિ, સમજણ, જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ સર્વે વાતમાં મુદ્દો મુર્તિ સંભારવામાં ઉપાય છે.

દિવ્ય ભાવ છુપાવા ઉપર તાન છે એક ગોદડુ લે તો બીજાં બે વધે. દ્રૌપદીની પેઠે શું કરવા ગોદડાનું દુઃખ વેઠે માટે એ તો દિવ્ય ભાવ છુપાવા ઉપર તાન છે.

કથા કીર્તન કરીએ તો અંતરવૃત્તિમાં સુખ આવે તે પગાર મળ્યો.

ગુણ ઓળખતાં ન આવડે તો સુખ પડે તેમ કરવું. નહિ તો મન ફરદું થઈ જાય. માટે શરત રાખવી. સ્થિર રાખવું શરત રાખવી. મન ફરંદુ ન થવા દેવું.

સંવત ૧૯૯૦ અષાઢ સુદ ૧૧.

જેવું સુષુપ્તિના સુખમાં લીન તેમ બ્રહ્મના સુખમાં લીન. આગળ વધે કે ના વધે? ઉત્તર જે આગળ ભણવું હોય તો વધાય જેમ આ લોકમાં વધવું હોય તો આગળ ભણે છે એમ જે જેને મતે એમ છે જે બ્રહ્મ આગળ કાંઈ નથી એમ સમજણમાં હોય તેને વધાય નહિ. એ તો બ્રહ્મ સુષુપ્તિમાં જ લીન થાય. એ તો બ્રહ્મ તેજમાં ખોળતો જ રહે તે આગળ વધે. પ્રશ્ન જે ક્યારે આગળ વધે? ઉત્તર જે જ્યારે થાવ ત્યારે. પ્રશ્ન જે દેહ તો ચાલ્યું? ઉત્તર જે એક ગાડીમાંથી ઉતર્યા ને આગળ જવું હોય તો બીજી ગાડી બદલવો પડે. ને ના બદલો તો ત્યાં ના ત્યાં રહો. તેમ દેહ બદલવો પડે પ્રશ્નજે કેટલાંક દેહ બદલવાં પડે? ઉત્તર જે આ એક બ્રહ્મા છે તેના બ્રહ્માંડમાં આઠ દિશાના દેવને બે

આકાશ પાતાળ એમ દસ દિગપાળ બ્રહ્માંડ ઝાલી રાખે છે. તે ક્યાં સુધી તો બેતાલીસ લાખ વરસ થાય ત્યારે એક ચોકડી થાય ને એવી ઈકોતેર ચોકડી સુધી એક ઈન્દ્ર રાજ્ય કરે એવા ચૌદ ઈન્દ્ર પડે ત્યારે દિવસ થાય ત્યાં સુધી તો પેલા દસ દિગપાળ બ્રહ્માંડ ઝાલી રાખે ખાધાપીધા વગર એવી તો એ આજ્ઞા પાળે છે. તો એના આગળ આપણે શું કલ્યાણ માટે કરીએ છીએ?

ઉતાવળથી થાય તેમ નથી નહિ તો સત્તર અઢાર જેમ ભગવાન થયા તેવી રીતે થાય માટે વહેવાર કરવો ને ભજન કરવું એમ ધીમે ધીમે થાય તો ઘાંચ ના આવે એ તો જ્યારે ભજન કરવું હોય ત્યારે ભજન થાય ને વહેવાર કરવો હોય ત્યારે વહેવાર એવું એકબીજામાં આડરૂપ થાય નહિ. ત્યારે સુખ સ્વતંત્ર આવ્યું કહેવાય. નહિ તો ભજન કરે તો વહેવાર ના થાય ત્યારે એ પરતંત્ર કહેવાય માટે એ પણ ઘાંચ છે.

卐

મોતીકાકાને શીખામણ જે સત્તર અઢાર ભગવાન થઈ ગયા એમ થઈ જાશે. મારૂં ખોટું ના દેખાડશો. ઠેઠ આમ આવરણ પાર ચીદાકાશમાં પહોંચાય ત્યારે પછી વાંધો નહિ આ બધા પડ્યા માટે તમે સાચવજો હવે પડ્યા તેને ફરી ઘાંચ ના આવે ધક્કો લાગ્યો એટલે ચેતે. સત્તા સ્વતંત્ર નહિ ભક્તિ હોય ત્યાં સુધી તેનું ચાલે જેમ પૈસાવાળો કહે આને બે મણ બાજરી આપજે તો આપે ને બાબર દેવા બહારવટીયાઓ માગે તો મારની બીકે બાજરી આપે તેવી રીતે સ્વતંત્ર સત્તા. ફોજદાર થાય તેની સત્તા નહિ. પોલીસની નહિ. ને બાબરીઓ પોતાની સત્તા. માટે ધક્કા લાગે ઠોકર વાગે ત્યારે જ ઠીક થાય. જેટલું શીખો એટલું કાંઈ જતું નથી.

આ દુનિયામાં જેમ માલ મિલ્કત સાચવે છે તેમ મન ઈન્દ્રિયોને સાચવે તો રહે માટે મન ઈન્દ્રિયોને સાચવો તો ઠીક રહે જે પડેલો કહેતાં ઘાંચ આવી તે ફરીથી ચઢશે કહેતાં મારગ હાથ આવેલો તે ફરી આદર કરે તો તે ફરી પડવાનો નહિ મોતીકાકાને કહ્યું તમે બોલ સાંભળતા નથી. ઢીંચણનો ને દોરા દોવાનો બોલ સાંભળ્યો નહિ ને દોરા ગુંચાવા માંડ્યા કહેતાં શું કહે છે તે સાંભળ્યું નહિ તેવી આ બધાની ઘાંચો તમને કહું છું પણ દોરાની પેઠે ભૂલી જાશો તો પડવાના કહેતાં ઘાંચ આવશે દૃષ્ટાંત જગતનું સિદ્ધાંત ભક્તિમાં લીધું માટે વિચાર જોઈએ. શેઠને માથે નાખી દઈએ તો કોઈ પ્રકારના વિચાર થાય નહિ ગુમાસ્તામાં મઝા છે. શેઠમાં મઝા નથી. કારણ કે "જે તન મન ધન હરિ ચરણે ધરે, તેની સુંદર શ્યામ સાય કરે- મુક્તાનંદ તારે ને તરે" ભાદરણ આવતાં જેમ આ લોક આડું આવતું નથી તેમ

અલૌકીક પ્રભુ સમીપ જતાં આડું ક્યાંથી આવશે?

અનેક પ્રકારે અંતકાળે ઉપશમે કરીને, આશરાના પ્રતાપે એવી રીતે અનેક પ્રકારે કરીને પ્રભુ સહાય કરે ભગવાન વિના બીજું છે જ નહિ, તો આડું શું આવશે? બીજું હજારો પદાર્થ આ લોકમાં છે તે આપણે જોઈએ છીએ પણ જે જેની જરૂર હોય છે ત્યાં જ જઈને ઉભું રહેવાય છે. તેમ પરલોકમાં પણ જેની જરૂર હશે ત્યાં જ જઈને ઉભું રહેવાશે.

નાથાભાઈ કરાલીના કહે હું છઠ્ઠો નિશ્ચય પુરો કરાવીશ. હું પુરુષોત્તમ અને તમે શ્રી કૃષ્ણ. હું વરતાલની ગાદી લેવા જાઉં છું. તે સો કંઠીઓ લઈને વરતાલ ગયા પણ પેસવા દીધા નહિ.

રાવસાહેબને સાળંગપુરનું ૧૭ વંચાવી વાત કરીને ઉપાસનામાં જ વધવાની વાત છે. જેમ જેમ ઉપાસના કહેતાં મુર્તિમાં વૃત્તિ રહેશે તેમ તેમ આગળ વધાશે.

ધુળાભાઈ કહે જે ભગવાન બધું પ્રેરે છે. ઉત્તર જે ખાધાથી વધારે આપ્યું હોય તો લેતા જાઓ. પેસવા દેશું નહિ. કારણ કે પાપ પુન્ય બધુ ભગવાનને માથે પડ્યું. પક્ષ પાત થયો ભગવાન પાપ પુન્ય કરાવે છે. દંડ દે છે એ ખરૂં છે પણ ખાધા પહેલાં પતરાળું લઈ લે તો ખોટું છે માટે કાઢો છેલ્લાનું ૯. અમારાને તમારા જુદા મોટા મોટા તો નાના રહ્યા સ્થિતિ કહેતાં કાયમ અનુભવ થયો. પરહંસ કહેતાં પરલોકના સુખમાં રહે તે પરમહંસ. હંસ કહેતાં વિષયના જોગમાં ના રહે એ હંસ. મુનિ કહેતાં ખપ વિનાનું બોલે જ નહિ. ના ચાલે એટલું જ બોલે. માટે એવા ઘણા ભેદ છે તે સમજી રાખવા. નારદને પરણવાનું મન થયું તે મનમાંથી ઉપડ્યું. ઉંઘી ઉઠીને જે કામ કરીએ છીએ તે અંતઃકરણમાંથી ઉપડ્યું. માટે સાક્ષીમાંથી ઉપડે તે સાચું પડે. નહિ તો નારદજીએ દક્ષના સો છોકરાને સાધુ કર્યા. તે સાક્ષીમાંથી ઉપડ્યું હતું. ને પરણવાનું મનમાંથી ઉપડ્યું હતું તે વિચાર કર્યો નહિ. ઠેઠ ગયા પાછા વળ્યા નહિ. તે માંકડાનું મોઢું થયું ત્યાં સુધી પાછા વળ્યા નહિ. માટે ક્યાંથી વિચાર ઉપડ્યો તે શરત રાખવી. જુઓને નાથાભાઈએ ચાલીસ વરસ ધ્યાન કર્યું પણ ઉપડ્યું નહિ. ને ચાલીસ વર્ષે પસલો મને નવરાવે એમ ઉપડ્યું. માટે એમ થાય. માટે ઉપડ્યાનું શરત રાખવી.

હજુ માન-અપમાન, હરખ-શોક, ભુખ-તરસ વગેરે પીડે છે ત્યાં સુધી દેહભિમાન છે. કારણ કે માન અપમાનથી મનમાં ચચરાટ થાય તો દેહમાં જ છીએ. આત્મભાવ ક્યં આવ્યો છે? રીતસર સરકારમાં અરજી આપી કામ ચલાવવું. વહેવાર કરવો પણ ચરચર થાય છે તેટલું દેહાભિમાન ભેગું સાંગરૂ છે માટે જેમ જેમ મુર્તિમાં સ્મૃતિ રહેશે તેમ તેમ સૂક્ષ્મવૃત્તિ થાતી જશે. તેમ તેમ બ્રહ્મની સત્તા આવે ત્યારે પણ સૂક્ષ્મવૃત્તિ થાતી જાય. જીવ દેહમાં બદ્ધ છે તે જેમ જેમ જીવ બ્રહ્મરૂપ થાય તેમ તેમ સ્થિતિમાં ફેર પડે. સામર્થી સત્તા વગેરે વધે તેમ સર્વે વધે.

સંવત ૧૯૯૦ ભાદરવા સુદ ૭

દેહાભિમાન છે તે સારૂં છે કારણ કે અભિમાનને લીધે વહેવાર ચાલે, નહિ તો જંગલમાં જતું રહેવાય. ને ત્યાં જનાવર ખાઈ જાય તો દુઃખ આવે. પ્રશ્ન જે સુખ આવે તો શું દુઃખ? ઉત્તર જે દેહને તો દુઃખ આવે કારણ કે ઉંઘતા સુખમાં માંકડ કરડે તેનું દુઃખ જણાતું નથી. પણ જાગ્યા પછી ચેર આવે. ગુમડું ઢીંમણું થાય તેમ સુખ ના પડે. પણ શરીરને દુઃખ આવે જે જર જનાવર ખાઈ જાય.

બીજું શું કરવાનું છે? જેટલું દેખીએ છીએ એટલું જ ખોટું માનવાનું છે. જુઓ ટાઢ વાય ત્યારે ગોદડી, ભૂખમાં અન્ન, તાપમાં છાંયડો. પછી તો સર્વે ઠીક ન લાગે. તેમ જેની જરૂર પડે તેનું તે ઓસડ છે. માટે જે ખોટું સુખ છે તે જાણીએ છીએ જે મુકવાનું છે. માટે વિચારમાં જોઈએ અરે વિચારમાં શું ? તમે ધૂળાભાઇ, ઝવેરભાઇ, મોતીભાઇ તે વિચારમાં બેઠેલું છે તે કાંઈ સંભારી કાઢવું પડે છે? એ તો જોઈએ કે તરત ધુળાભાઈ ઝવેરભાઈ, મોતીભાઈ જણાઈ જાય. તેમ જેટલું ખોટું છે તે જાણ્યું પછી ગોખ ગોખ ન કરવું પડે. માટે સ્વભાવ મુકવો. જે મરણ વખતે એમ જ થાય, જે સર્વે ખોટું છે. એમ જાણી સાચું હોય તો અંત વખતે આડ ન કરે તો પછી વાસના ગઈ, તો શેમાં મન રહેવાનું છે? જે ખરૂ માન્યું છે તેમાં જ રહેશે તો પછી જન્મ મરણ કંઇ છે? માટે સ્વભાવ બદલવો. મરણ વખતે મર્યા પછી આ કંઈ કામમાં આવવાનું નથી એમ જાણ્યું હોય તો તે વખતે બંધન ન થાય આ લોકમાંથી એકદમ વૃત્તિ ટુંકી થઈ જાય તે સ્વભાવ કેમ બદલવો તો જેમ અહિંનો છોકરો સીસવે પરણ્યો છે તે છોડીને અહિંનો છોકરો તે બંનેનો સીમાડો એક છે તે બંન્નેનું ખેતર વચ્ચે વાડો તો તે છોડી ચાર લેવા આવે, અહિંનો છોકરો શાક લેવા ગયો હોય તે ત્યાં ભેગાં થાય તો પરણેલો છોકરો

પેલી પરણેલી સ્ત્રીને ચારનો ભારો ચઢાવે. ને તેની તે છોડી જ્યારે વાડ મુકી ભાદરણ ભણી આવે તો લાજ કાઢે. તે ઘરમાંથી બાહાર પણ નીકળે નહિ. તે જુઓ એકદમ પાંચ મીનિટમાં છોડીએ પોતાનો સ્વભાવ દુર કરી સાસરીનો સ્વભાવ બદલી નાંખ્યો. વાર ના લાગી. તેમ આ દુનિયામાં જ્યાં સુધી રહીએ ત્યાં સુધી વહેવાર ચોખ્ખો કરવો ને અંતસમે મરણ વખતે કંઈપણ કામનું નથી. સર્વે ખોટું છે, એમ થઈ જાય એટલે વાસના કંઈ રહે નહિ તો બંધન થાય નહિ. માટે એમ સ્વભાવ બદલવા શીખવું. ને દેહાભિમાન જ્યાં સુધી હશે ત્યાં સુધી વહેવારમાં સારૂં રહેશે. નહિ તો કંઈનું કંઈ થઈ જાય. એને તો સુખ જ્યાં જાય ત્યાં છે પણ પાછલાંને દુઃખ થાય. ને પોતાના શરીરનું દુઃખ થાય માટે દેહાભિમાન છે તે સારૂં જ છે. નહિ તો કોઈ કંઈ લઈ જાય ખાઈ જાય, લુંટી જાય વગેરે દુઃખ આવે માટે દેહાભિમાન જ્યાં સુધી આ લોકમાં છીએ ત્યાં સુધી સારૂં છે.

સંવત ૧૯૯૦ ભાદરવા સુદ ૧૦.

વાતમાં વાત નીકળી જે કોઈને કોઈ દુઃખ દેતું નથી. સર્વે પ્રભુ કરે છે. કારણ ભાગવતમાં છે જે જીવનાં ભૂંડાં કર્મ તેનું ફળ આસુરી જીવ પાસે અપાવે છે ને રૂડાં કર્મનું ફળ દૈવી જીવ પાસે અપાવે છે. આ તો વચ્ચે જીવ જાણે જે મેં કર્યું એટલે જીવને માથે કર્મ તે લાગુ પડે છે પણ ભગવાન કરે છે. કોઈના હાથમાં નથી પોતે મેં કર્યું એમ માની લે છે. એટલે તેને ચોંટે છે. પણ કર્યું ભગવાનનું થાય છે. વચ્ચે માની લે છે જે મેં કર્યું માટે ભગવવાનું આવે છે.

સંવત ૧૯૯૦ ભાદરવા સુદ ૧૧

જેટલું ખોટું છે એટલું જ માનવાનું છે તો પછી ક્યાં રહ્યું? જેટલું ખોટું છે તે માન્યામાં ફેર છે. કારણ કે સર્વે ખોટું માન્યું એટલે ભગવાન જ એક રહ્યા એટલે ક્યાં જન્મશે? જેમ ધુળાભાઈએ જાણ્યું જે આ આસામી રૂપીયા ઘાલી જશે તો પછી એને ફરી આપશે કેમ! નહિ જ અપાય. ને જેટલી દયાએ કે લોભે આ ફેરે આપશે આપેલું જશે માટે જેમ આપશે તેમ જાણીને આપે છે. માટે ખોટો છે પાછા નહિ આવે તેમ જાણ્યું તો આપશે કેવી રીતે? માટેખોટું જ માનવાનું છે એટલે જન્મ નહિ. ફરીને જેટલું ખોટું જાણ્યામાં ફેર છે એટલું જન્મ છે. હવે વહેવાર થાય છે તે તો દેહનો વહોર છે માટે થાય છે જેમ બે ભાગીયા થઈને દુકાન કરી હોય અને એકના પૈસા વધારે હોય પણ બીજો ભાગીયો જાણે છે જ મારા પૈસા તો આટલા જ છે વધારે નથી તો તે બીજો ભાગીયો વધારે લઈ જાય તો પણ ધોખો ન થાય. એમ જાણે જે એ તો એના જ

છે. કારણકે એનો ભાગ વધારે છે તેમ દેહનો ભાગ ને જીવનો ભાગ એ ભાગીયા છે તે પોતે પોતાનું લે છે. માટે શું બીજો ભાગીયો માંદો પડે કે પરગામ જાય તો સહિયારી દુકાન છે તે સહિયારૂં કામ ના કરે? એ તો કરવું જ પડે એ તો ભાગ જ્યારે વહેંચાય ત્યારે પોતપોતાનું લે તેમ જીવને દેહનો ભાગ જુદા જુદા છે. તે જ્યારે વહેંચાશે ત્યારે સૌ સૌ ના લીને જુદા પડશે. માટે વહેવાર ભેગો જાણી જન્મ છે એમ માનવું. તો વળી કદી જન્મ આવશે તો સંતના મધ્યમાં છે તો શી ફીકર છે? જેમ મહી નદીનો પુલ તૂટ્યો તો વડોદરેથી સાત આનામાં ગોધરે ફેરવીને ગાડી આણંદ આણી. આખો દિવસ ગાડી ચલાવી ખોટ ખાઈને પણ સાત આનામાં આણંદ આણ્યા તેમ જન્મ લેવાશે. તો હરકત શી છે? મધ્યમાં છે તે જેમ આખ દિવસ ગાડી ચલાવી તેમ જન્મ લઈને પણ ભેગા છે, એ ધણીને ખોટ છે. આપણે શું? માટે કોઈ વાતે દુઃખી ના થાવું. ગમે તે રીતે આનંદમાં રહેવું.

મધ્ય ૪૮-ઉત્તર જે તે દિવસે કોણ હશે, કોને ઉત્તર દીધો હશે એની અત્યારે શી જરૂર છે? કારણ કે તે વખતે એવા બેઠા હશે, તેવો ઉત્તર દીધો. સંતનું મહાત્મ્ય લીધું હશે. તૃણગુચ્છના જેવું તેથી ભગવાન ભેગું શું ખોટું? તે તૃણમાં જાવું. માટે એ તો મહાત્માનું કહેલ તે વખતે શું પૂછ્યું હશે, કેવો પુછનાર હશે તે વિચારવું. જેમ મોટો માણસ હોય તો કાળમાં કોદરા ખાઈને જીવે મધ્ય ૩. તે આજ્ઞા આજ ક્યાંથી? તેય આજે ઢેડાં પણ ઘઉં ખાય. માટે તે વખતે દેશ જુદો. વળી કહ્યું કે અનાજ વેચવું નહિ. એ આજ ક્યાં મળે? તે દિવસે પોઠે આવતું તેની વાત છે.આજ નવું લવાય. વચનામૃતમાં લખ્યું હોય જે ઉઠો દીવા કરો-વાંચતાં આવ્યું માટે દીવા કરવા જાવું? એતો એમ જાણવું.જે તે કહેતી વખતે સાંજ પડી હશે. કે ઓરડામાં અંધારે હોય કે શું હશે માટે તે વાંચી આજ્ઞા પાળવા જાય જે દીવો કરવા જાય તે ખોટું. તે વખતે દેશ કેવો હોય તે પ્રમાણે કહ્યું હોય સંતના મધ્યમાં તે વખતે પુછનાર અને સાંભળનાર કેવા હશે.

સંવત ૧૯૯૦ ભાદરવા સુદ ૧૪

જેને જેટલી શાંતિ તેટલી ખટ ઉર્મિ વ્યાપે નહિ. હરિગાંડીને સદાય શાંતિને ખટઉર્મિ સદાય વ્યાપે નહિ. પ્રગટવાળાને શાસ્ત્ર નહિ? ઉત્તર જે પ્રગટવાળાને શાસ્ત્ર ખરાં બોલે તે શાસ્ત્ર. પ્રશ્ન જે બોલેલું ના માને તો? ઉત્તર જે શાસ્ત્રના આધારે ચાલવાનું.

જુઓ સમુદ્રમંથન કર્યું તેમાં મોહનીસ્વરૂપ નોતું જોવાનું પણ હઠ કરી જોયું તો વિઘ્ન આવ્યું શીવજીને પ્રગટે જ કહ્યું હતું જે જોગીને સ્ત્રીનું રૂપ જોવું સારૂં નથી તો પણ હઠ કરીને જોવાનું માગ્યું તો પ્રગટ બોલે તે શાસ્ત્ર ક્યાં માન્યું છે? શાસ્ત્રને આધારે કહ્યું હોય તો મનાત માટે જુઓ વચનામૃત પ્રથમ ૩૮ પ્રગટ જે કહે છે જે દસ-પંદર વરસની લીલા સંભારવી. જ્યારથી સત્સંગ થયો હોય ત્યારથી દસ પંદરની પણ લીલા સંભારવી. તે પ્રગટની જ છે.માટે પ્રગટનું શાસ્ત્ર હોય છે. રામ અવતારમાં રામાયણ, કૃષ્ણાવતારમાં ભાગવત. સ્વામિનારાયણમાં વચનામૃત ક્યાં થયાં નથી માટે જે બોલે તે જ શાસ્ત્ર કહો ને? જેને શંકા પડે નહિ તેને જુઓ ભરૂચનાં જસોદાને કહ્યું જે મંદિરમાં જવું ના ગમે ત્યાં ના જવું. તો કહે જવું પડે-મોટેરાં થયાં તેથી તો પછી પ્રગટનું ના માન્યું તો પગ ઢીલા થઈ ગયા ત્યારે મંદિરમાં જવું મૂક્યું. મંદિર તરફ પગ ભાગે ને ઘર તરફ હિંમત આવે માટે એ તો વીતે ત્યારે જ માને તેમ છે.માટે પ્રગટવાળાને શાસ્ત્ર સારૂં છે. તેમાં પહેલાંની વાત જે જબો બારોટથી ઘર તરફ ના જવાય ને ભાદરણ હડીઓ મુકાય. એવી પહેલાં વાનગી મળેલી છે.

પતિવ્રતાનું વચનામૃત વાંચવા માંડ્યું તો ઉત્તર જે એ તો વાડા વાળાનું છે, એક જ પુરુષ છે પછી કોની જોડે વ્યભિચાર કરે છે. એ તો જેને મત વધારવો હોય તેની વાત જે બીજો બાપ ના થાય. પણ બાપ એક જ છે તો પછી શું? આપણે તો સુખે ભેગા થયા છીએ. સાળંગપુર ૭ પ્રમાણે જ્યાં કુંઠીત થાય ત્યાં જ રહેવું. જવું પછી ક્યાં રહ્યું? મુદ્દે ભગવાન માનીને જે જાય આવે. માંને તે ભગવાન માનીને એક જ છે.એ તો જેને દ્રોહી થાવુ હોય તેની વાત છે જે જતો રહેશે તો આવક મટીજશે. એ તો એની બોલીમાં જ આવે સોય કેડે દોરાની માફક સ્વાર્થના શબ્દો આવે જ. મન છે તે સુખ ખોળે છે તે ત્યાં જશે. ખોટા સુખમાથી પાછું પડીને ખરૂં સુખ ખોળશે. ભેંસને પણ જ્ઞાન છે જે સારૂં દેખીને ત્યાંજ જાય ને જે જાય છે તે ભોગવટો છે. કોળીને ઘેરથી શાહુકારને ત્યાં વેચે છે. પણ બે ચાર દિવસ કોળીને ત્યાં બુધાં સુકુ ઘાસ ખાવા જાય છે પછી ભોગવટો છુટે તો જતું નથી. જાણે છે જે અહિં કોળીના કરતાં ગૃહસ્થને ત્યાં સારૂં ખાવાનું છે. પણ ત્યાં દોડે છે. માટે ભોગવટે જાય છે. પણ વિચાર થાય એટલે જતું નથી. તેમ આપણે આ ખોટું માન્યું છે તો પછી ક્યાં જશે? એક જ મુર્તિમાં જ વળગશે. કદી ભોગવટાની પેઠે જતું રહેશે તો બુધાં ખાઈને પાછું વળશે. પછી નહિ જાય પણ ખોટું ઈદંગ દેખીએ છીએ તે ખોટું દીઠાનું મનન થઈ સાક્ષાત્કાર નથી થયો એટલે એમ

થાય છે. નહિ તો કાંતો દેહનો વહેવાર ને કાંતો આત્માનો વહેવાર વગર બીજો સંકલ્પ થાય જ નહિ. ખોટામાં જાય જ નહિ એટલે એની મેળે નવરું થયું તે ક્યાં જશે ? માટે ખોટું દેખીએ છીએ. ખોટું માનવાનું ને વહેવાર તો દેહને કેડે રહ્યો તે એ જ યોગ્ય થાય. પેહલાં તો નકામા સંકલ્પ કર્યા કરે તો ખોટા છે ને નકામો વખત જાય છે.

સંવત ૧૯૯૦ ભાદરવા સુદ ૧૫.

ભમરીનું દૃષ્ટાંત દિવ્ય દૃષ્ટિવાળાને બેસે ને ભગતમાં ભગવાનને ચર્મ દૃષ્ટિવાળાને માટે મહેતો હોય તે સુથાર કે લુહાર હોય તોપણ મહેતો કહેવાય. તે જ્ઞાને સમજવાનું ભમરી ઈયળ તે દિવ્ય દૃષ્ટિ, તે સોળ વરસના દેખાય. દિવ્ય દૃષ્ટિમાં તો ભીંત પણ દેખાતી નથી. તો પછી બારણું ખોળવું પડે નહિ. માટે એ તો વહેવાર જુદો છે. ભમરી તે દિવ્ય દૃષ્ટિએ. ચર્મ દૃષ્ટિએ તો પાટીદારના છોકરામાં ભગવાન આવ્યા. તે જ્ઞાને સમજવાનું ઈઝડાને જોતાં લુગડાં ઉપરથી બૈરી ને મોંઢા ઉપરથી ભાયડો દેખાય માટે બે વહેવાર જુદો ને એક છે આ તો જેને જ્ઞાનના ગોટા વળ્યા હોય તેને શાસ્ત્રની જરૂર. ગોટા વળ્યા હોય તે કાઢવા માટે શાસ્ત્ર છે. નહિ તો બૈરાં છોકરાં કોળીને ક્યાં શાસ્ત્ર છે? એ તો અનુભવે વળગ્યાં સુખે સુખી થયાં. ધુળાભાઈએ કહ્યું જે અનુભવવાળા તો આવતા જ નથી. ઉત્તર જે એ તો ઘાંચ પડે છે. શાસ્ત્રવાળાને પઈડ ઝાલી રાખે છે, ને શાસ્ત્ર વગરનાને અનુભવ થયો એટલે થઈ રહ્યું હવે શાસ્ત્રવાળાને આગળ ખબર નથી એટલે સુખ મળે કહેતાં એનું કામ થઈ રહ્યું એટલે આવતો બંધ થઈ ગયો.

મોતીકાકાને કહે જે અહિં આવવું તો કોઈની સામું ના થવું. બાકરી ના બાંધવી. કારણ કે કચાપચ બહુ થાય છે. નહિ તો આવવું નહિ એ સારૂં.

સંવત ૧૯૯૦ આસો વદ ૧૦. તા. ૧-૧૧-૧૯૩૪

આ જગતમાં જેટલું થયું છે તે ધુળપાણીનું છે. માટે બધું ધુળ જ છે. એટલું સમજેથી આ લોકના ઘાટ માત્ર ગયા. કશો સંકલ્પ થાય જ નહિ. હવે પરલોક સબંધી વાતમાં તો જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ એ પાંચ ભેદ છે તેમાં જીવ, ઇશ્વરને અક્ષરનું તેજ છે. તે એક થયું હવે પાંચના ત્રણ ભેદ થયા. તેમાં માયા તે જેમ સૂર્ય આગળ ચાંદણીઓ લીન થાય છે તેમ ભગવાન આગળ માયા લીન થઈ જાય છે. માટે

બે રહ્યા તેમાં તેજ જે છે તે અક્ષર આપણે અક્ષરરૂપે થવાનું તે આપણે માટે. ભગવાન ને તેજ રહ્યું. તે તેજ ભગવાનનું ધામ તેથી ભગવાન એકલા રહ્યા. એટલે ભગવાન વિના કંઈ થયું નહિ. માટે ભગવાનમાંજ વૃત્તિ રહે. બીજું છે જ નહિ. બીજું છે નહિ એટલે વૃત્તિ સામાં જશે? કહો જેટલું દેખાય છે તેટલું જ માનવું છે તો સર્વે થઈ ગયું માટે રજ તમમાં સત્વગુણમાં કથા કીર્તન ને જો આવી રીતે માન્યું હોય તો તો જ્યારે નવરાશમાં હોય ત્યારે એક વૃત્તિ ભગવાનમાં જ રહે જ્યારે સંભારીએ ત્યારે સાંભરે આડ ના કરે. ત્યારે સર્વ આવી ગયું. રજ તમ સત્વમાં કંઈ વિઘ્ન ન કરે ને સાંભરી આવે તો સ્વતંત્ર થયો ને ત્યારે જ તે ઉત્તમ થયો. ત્રીસ, ચોસઠ, બાસઠ સર્વે લક્ષણ આવી ગયાં. કશું લક્ષણ ખોળવાનું ના રહ્યું.

ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ ભકત મધ્ય ૭૦. ઉત્તમ વડતાલ ૧૯ ત્રણમાંથી એકમાં ખોટ શાસ્ત્ર ભગવાન, ભકતમાં પંદર સત્તર ભગવાન પોતાનામાં ખોટ જ જણાય છે ઉપરજામી, અંતરજામી ભગવાન-પ્રાગજી સાધીવાળાની વાત-અંતરજામીનું માન્યું ઉપરજામીનું માન્યું નહિ. થોડા રૂપીયા વધેલા તે પુરુ કરવા વિચાર થયો ત્યારે તેમની જોડ કહે મહારાજને પુછી આવો તે પૂછવા અક્ષરધામમાં આવ્યા, મહારાજને કહે જે મહારાજ મારે બે હજાર રૂપીયા છે તે પરૂ ખેડવા જવું છે બે ચાર વરસ ખેતી કરીને ૨૨-૨૪ હજાર રૂપીયા થાય એટલે બેઠાં બેઠાં ખાઈને ભજન થાય. ત્યારે મહારાજ કહે અહિંયાં સાધીમાં જે થાય તે ખેતી કરો. બે જણને કેટલું ખાવા જોઈએ છીએ? તે પાછા સાધી ગયા. ને જોડને મહારાજે કહ્યું હતું તે જવાબ કહ્યો. તે જોડ કહે આપણે નથી જવું. થોડા દહાડા થયા એટલે ફરીથી ઉપડ્યું કે પરૂ કરવા જવું ત્યારે જોડ કહે મહારાજે ના કહ્યું છે જાવ ફરીથી પૂછી આવો ત્યારે કહે અંતરજામી કહે છે પછી તેમ કરીને ગયા.

અંતરજામીનું માન્યું તો ત્રણ ચાર હજાર ગયા. પણ તે ખટકે નહિ-અંતરજામીએ કહ્યું તેથી.

મથુર માસ્તરે મહારાજશ્રીને પુછ્યું જે નોકરીનું રાજીનામું આપું? ત્યારે મહારાજે કહ્યું જે ના આપશો ત્યારે મથુર માસ્તરે વિચાર્યું જે આપણે આજ્ઞા પાળવી. રાજીનામું આપવું નહિ પણ હાજર ના થવું એટલે સરકાર રજા આપશે. નોકરીમાંથી

બાતલ કરશે. માટે મહારાજશ્રી કહે કે કટેલા દાખલા જોઈ હું તો કહેવાનું થાકી ગયો છું. ભગવાન સરખા ધણી છે તે રક્ષા કરી તો હવે નહિ કરે? કાનપુરમાં જીવણલાલે મહારાજશ્રીને તેડાવેલા તે ઘોડા ગાડીમાં મહારાજશ્રી જીવણલાલને ઘેર સ્ટેશનથી જતા હતા. તેમાં રસ્તામાં જતાં એકબાજુથી ટ્રામ આવી અને બીજી બાજુથી મોટર આવી અને વચ્ચે ગાડી હતી તે વચ્ચે ઘોડાગાડીનો ભુક્કો થઇ જાત પણ એકદમ તેજ થઇ ગયું તે ઘોડાગાડી બચી ગઈ. એ પ્રમાણે કાનપુરમાં થયું. તેમ પાંચસો રૂપીયા ધર્મજના ને આપવાના કરી સમૈયામાં સોમલ નાંખી પેંડાનો પ્રસાદ વહેંચ્યો તે ત્રણસો માણસોએ ખાધો પણ કોઈને કશુંય થયું નહિ. માટે કોઈ પ્રકારનું દુઃખ નથી. સુળીનું દુઃખ કાંટે મટે. મધ્યમાં ગયું જેટલી શાસ્ત્રના અભ્યાસમાં કસર છે તેટલું પુછવાનું થાય છે. નહિ તો એક નજરે જોઈ રહેવાનું છે-ભગવાન સામું અથવા ભગવાનની મુર્તિ સામે એક નજરે જોઈ રહેવાનું છે.

કરુણાશંકર કીર્તન બોલ્યા ત્યારે કહે જે જેમ દાળ ભાત જુદુ ખાઈએ તેમ વારાફરતી બોલવું તે ભેગી અરજી થાય. સકામમાં ના ભળે.

બ્રહ્માનંદની વાત. વાઘરીની કહે છે તો ચોર ઠરે છે. છાની વાત તેથી કીર્તન કર્યું "વાલા પુછું એક વાતલડી, કોણ હતી તેની જાતલડી." મોઢે વાત ના કહેવાઈ ત્યારે કીર્તન કર્યું. તેમ અરજી આવે. સકામપણું આવે નહિ. અરજી વગર સરકાર પણ સાંભળતો નથી. અરજીમાં કીર્તન બોલવું. કલ્પતરૂ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઈ પ્રીત શું સેવે જ્યારે" નીત્ય લાડવા જ ખાઈએ. રોટલા ખીચડી ના ખાઈએ તો કાયર થઈ જવાય. તેમ દરરોજ થોડાં થોડાં કીર્તન બોલવા તે અરજી આવે ને કાયર થવાય નહિ.

કરુણાશંકર કીર્તન બોલ્યા. ત્યારે અમથા બેસી રહ્યા હોઈએ તો એવો પ્રેમ ના થાય તે કથા કીર્તનમાં પ્રેમ થાય છે. વિવાહ બારમામાં સગાંનો સંબંધ થાય તેમ કીર્તનમાં ભગવાનનો સંબંધ થાય. અમથા બેસી રહીએ તો ન થાય.

સહેજે સહેજે જે થાય તે કરવું. અંતરમાં રંચ માત્ર ઘાટ ના થાય તે અમને ગમે ભગવાન સિવાય ઘાટ ન થાય એટલા માટે નારદ સનકાદિક ધ્યાનમાંથી નીકળીને કથા, કીર્તન કરે છે તે નવો નવો પ્રેમ આવે. શાસ્ત્રમાં કહ્યું હોય તે સુખનું હોય.

'મુને વહાલો લાગે કુંવર નંદનો રે,' તે દેવ, બ્રાહ્મણી જોગટાં કોઈનો મહિમા રહ્યો નહિ. વહાલા ભગવાન થયા. કોઈમાં હેત રહ્યું નહિ તે સાથી તો ભગવાન વહાલા થયા ભુલાભાઈ કહે છે જે મારા છોકરા પરણતા નથી. પરણીને કરે શું? વધારે સુખ આવ્યું. તેથી ના કહ્યું. ઘરમાં બહારવટીયો પેઠો, તેથી જબરો આવ્યો તો નીકળ્યો.

સંવત ૧૯૯૧ વૈશાખ સુદ ૧૪. તા. ૧૭-૫-૧૯૩૫ સવારે ૮-૩૦

મહારાજ સેવા કરતાં બોલ્યા જે-આરતી આજ અનુપ ઉતારૂ-પોતે બોલે તે બીજાને બોલાવે-આવી છબી અખંડ રહો દ્રગ આગે-તે ઉભા થઈને બે હાથ ઉંચા કરીને મુર્તિ બતાવતા. પછી જ્ઞાનવાર્તા ચાલી જે **કક્કા કર સદ્ગુરુનો સંગ, રૂદે કમળમાં લાગે રંગ.** હવે ગુરુને સદ્ગુરુ બે પ્રકારના ગુરૂ, તે સદ્ગુરુનો સંગ કરે તો રૂદિયામાં રંગ લાગે. પછી શું થાય તો અંતરમાં અજવાળું થાય માયા મનથી દૂર પળાય. હવે અજવાળું બે પ્રકારનું એક પ્રથમ ૨૩, મન સ્થિર થયાનું. બીજો પ્રકાર પ્રથમ ૨૪, જ્ઞાન થવું તે હવે જ્ઞાન થયું તે શું? તો સર્વે સારૂં ખોટું સમજાય કહેતાં જેમ લખેલો કાગળ ભણેલાને વંચાય ને ના ભણેલો હોય તેને લીટા દેખાય. તેમ જ્ઞાને સ્થિતિ કહેતાં અજવાળું વંચાય કહેતાં આ ભગવાન છે. અને આ વિષય છે હવે અજવાળું બે સ્થિતિ તે મન આ મુર્તિમાં સ્થિર થાય એટલે આંખ્યો મીંચે તો અજવાળું જણાય એમ બે રીતે અંતરનું અજવાળું થાય. હવે માયા મનથી દૂર પળાય. કહેતાં પળાયનો અર્થ શો તો આ મુર્તિ સંભારતાં આવરણ કરે તે માયા પ્રથમ ૧ પ્રમાણે. તે માયા આ મુર્તિ સંભારતાં દૂર પળાય. જેમ ખેતરમાં બળદીયું પળાવે છે, તેમ તે કરસણ ના ખાઈ જાય, તેમ તે માયા આ મુર્તિ સંભારતાં દુર પળાય. મન થઈને મુર્તિ ભુલે તો માયા આવે તે માયાદૂર પળાય. **ખખ્ખા ખરેખરી છે વાત શ્રીમુખે તે કહી સાક્ષાત.** આતો સદાવ્રતની દુકાન કહેવાય. તે વખત આવે એટલે તે હાજર હોય તેને મળવાનું સાળંગપુર ૧૯. તે નરનારાયણનું તપ આ દુકાનમાં મળે ત્યારે વાઘજી કહે શું મળે? તો કહે જે ઇચ્છા હોય તે મળે. કાંઈ ઇચ્છા ભગવાન વગર ના હોય તો ચાર દિવસની વાત છે. તે તીવ્ર શ્રદ્ધાવાળો આ જન્મે, મધ્યમ દસ જન્મે ને કનિષ્ટ અનંત જન્મે. મધ્ય ૨૨ પ્રમાણે કાળ કર્મ માયાનો હુકમ નહિ. ભક્ત થાય તો વડતાલ ૧૯. પ્રમાણે જે સંકલ્પ કરે તે સત્ય થાય. એટલે કાળકર્મ માયાનું ના ચાલે. ગુરુની સેવા કરો તે બે પ્રકારની તેમાં ગુરુના હાથ પગ ચાંપવા પૈસા વગેરે-ને સદ્ગુરુની સેવા તો મુર્તિ સામું જોઈ રહેવું તે ઉત્તમ. ને કથા કીર્તન કરવું તે મધ્યમ. ભગત થયો તેને કાળકર્મ દુઃખ દે

નહિ. તેને તો પુરુષોત્તમના હાથમાં સુખ દુઃખ પડેલું અન્નવસ્ત્રે દુઃખ નહિ. પ્રથમ ૭૦ જે જીવને જેવાં કર્મ તેવો જોગ. સંસ્કારે સંબંધી સર્વે મળ્યાં તે કર્મ પ્રમાણે તેવી જગાએ મુકે. સ્ત્રી આદિક પદાર્થ પર મન પર નિંદા પર હરો. ચચ્ચા ચિત્તમાં ચેત્તી લે. તે અચ્છેર અન્નનું કામ છે. બાકી વિવાહ બારમાં વગેરેમાં જાય. કીયા ઉપર તાકે કાળ. તે ગર્ભમાં બે વરસનો, પાંચ, દસ, પંદર, વીસ, પચીસ, પચાસ વરસનાને લઈ લે છે તે કીયા ઉપર તાકે તેમાં હરિ રાખે તો રહે. જુઓને ઝેર ત્રણસોને ખવડાવ્યું જીભ તુટી પડી ને નાડીઓ તુટીઓ રે. થયું દેહ તજ્યાનું તત્કાળ. એમ ભગવાન બચાવે છે મહી નદીમાં હોડી સાથે ડુબી ગયા. તેમાં પણ ભગવાને રક્ષા કરી છે. નન્ના નિર્મળ તેની દશા તે દશા તો બે જાતની જેમ પાણી બે જાતનાં ચોખ્ખું ને મેલું, તે ચોખ્ખું મન તે નિર્મળ દશા. તે રૂદિયામાં હરિ વસ્યા. લિંગ વાસના હોય જ ભંગ કહેતાં ભંગ થયો તે શીવજીએ માયામાં જોયું તો ભગવાન ભૂલ્યા. ને વિઘ્ન આવ્યું. તેમ આ મુર્તિ સંભાર્યાથી લિંગ વાસનાનો ભંગ થાય. કહેતાં વિષય ભોગવવાનું મન ના થાય. ગુરુને ત્યાં શાસ્ત્રનું ભણાવ ભણાવ કરે. ને સદ્‌ગુરુને તો તે શાસ્ત્રમાં લખેલાનો શાસ્ત્રમાં અનુભવ કરાવવાનો. જમીનમાં દીવેલાનો ડાંડો ને શેરડીનો ડાંડો તે શેરડીમાં ગળપણ મુક્યું. ને દીવેલામાં ના મુક્યું. તેમ તમારામાં ના મુક્યું ને મારામાં મુક્યું જેમ આ દુનિયામાં ઈજારો રાખે છે તેમ આ ઈજારો છે. ગુરુનું વચન છે જે આ પુરુષોત્તમ કરે તેમ કોઈએ કરવું નહિ. ને બીજા કરે તો માનશો નહિ. એમ મને ઈજારો આપેલો છે. વળી શિક્ષાપત્રીમાં લખ્યું છે જે અમારા હોય તેણે તો જડભરતની પેઠે વર્તવું. તેમાં અમારા જુદા પાડ્યા. તે જુદુ જુદુ તે જુદા અર્થ પાડતાં ના આવડે. તે તો સત્પુરુષ જ જુદા પાડે માટે લખ્યું જે સત્શાસ્ત્ર સત્પુરુષના મુખ થકી જ સાંભળવું તો આવા અર્થ જુદા સમજાય. જે મુર્તિઓના જુદા ને અમારા જુદા તેમ જુદુ સમજાવે છે. ભગવાનના ચિંતવનમાં નવરો જ નથી તો શી રીતે કોઈની નિંદા કરે. વૃત્તિમાંથી જ નવરો નથી પડતો તો શી રીતે દુરીજનનું ભુંડું કરે છે તો બીજાનું શી રીતે થાય?

પ્રગટનું-કૃષ્ણ નહોતા ને રામ હતા ત્યાં સુધી રામ પ્રગટ. ને સ્વામિનારાયણ નહોતા ત્યાં સુધી કૃષ્ણ પ્રગટ. ને બીજો અવતાર નથી ત્યાં સુધી સ્વામિનારાયણ પ્રગટ. તેમાં મુર્તિઓના ને સંતના એમ બે ભેદ છે.

સો બસો થાય ત્યારે હોલા ઉપાડ થશે. આ તો વાનગી થાય. જેવા જાણે તેવો થાય. તે ક્યારે મધ્ય ૬૬-૬૭ તે ઐશ્વર્ય સત્તા આવે, તે આમાં તો પોતે જ આવે છે, જેટલું દેહાભિમાન તેટલું બોલાય છે.

સંવત ૧૯૯૧ શ્રાવણ સમૈયામાં તા. ૧૩-૮-૧૯૩૫

બધેથી વૃત્તિ તુટી એટલે અહિં પ્રભુમાં રહી તેથી પ્રભુમાંજ વાપરવાનું મન થાય. મધ્ય ૪૫ જે મારા કહેવાણા છે તેમાં કસર રહેવા દેવી નથી, જેમ સાબુનો લુગડાંને સંબંધ થાય તો તેલ, ઘી, મરચા, મીઠા, હળદરનો ડાઘ જતો રહે છે. તેમ મારા કહેવાણા છે તેને કસર રહેવા દેવી નથી. તમામ સંકલ્પ મુકી દઈ ભગવાન વરવા.

પીયા પાયા તો ફીર ક્યા રોવના. મળ્યા પછી રોવાનું રહ્યું નહિ ભગવાન મળ્યા ને તેને સંગે આનંદ થયો પછી એને ફેર રડવાનું રહ્યું નહિ. એકાદશનો અધ્યાય ૧૫-૩૧ મો અનેક પ્રકારનું સુખ જ્યાં ભગવાન હોય ત્યાં અનેક પ્રકારનું સુખ આનંદની સિદ્ધિઓ પ્રગટે હવે બખ્તર પહેરી રણમાં નીકળે-તે રણમાં નીકળ્યો તેને કોઈ બંદુકની ગોળી અડે નહિ તેમ સદ્‌ગુરુ મળ્યા. સદ્‌ગુરુ બખ્તર પહેર શરીર વાચ કાછ શબ્દ તણા પાડે ભેદ. **ધર્દ્ધા ધારણ ધરજે ધીર** કહેતાં ગુરુને સંભારીએ જે વીરપુર ગયાને હજારો લાકડીઓ ધુમ ધુમ પડી, તે જાણે પાણીમાં લાકડીઓ પડે છે. પણ વાગે નહિ માટે સદ્‌ગુરુ બખ્તર પહેર શરીર. તે સદ્‌ગુરુ સંભારે તો કોઇ દુ:ખ આવે નહિ. માર વાગે નહિ અગ્નિ બાળે નહિ. ઝેર ચડે નહિ. એ બધા દાખલા અનુભવેલા છે.

દુ:ખમાં સુખ મનાય તે મોહ બ્રહ્માએ માટીનાં બનાવ્યાં એમાં લેવાનું નથી. ફક્ત વખત ગાળવાનું છે. તેમાં સુખ મુકીને દુ:ખ લેવાનું છે. ''વિષયની વાટેથી મન વારીએ શ્રીરામ રામ'' સત્પુરુષમાં સુખ લેવાનું છે. વિષયમાં મુકવાનું છે. સત્યપુરુષમાં સુખ લેવાનું છે. વિષયમાં મુકવાનું છે. સત્યપુરુષ અવળુ સમજાવે તેવી બુદ્ધિ ફેરવે તે મહત્પુરુષનું કામ છે. આ બધી વાતો તે જગતને અર્થે નથી. સ્ત્રીમાં માન મોટપ માન્યું છે તે ક્યારે મુકાય તો તેનો બદલો મળે તો મુકાય. ને બદલો તે શું તો જેમ દૃષ્ટાંત કોડીથી રૂપિયામાં વધુ માલ છે. તેથી સોના મહોરમાં વધુ માલ છે. તેમ પ્રભુમાં વધુ માલ છે તે મનાય તે અનુભવ થાય કે તત્કાળ પેલું મુકાઇ જાય. ભક્તચિંતામણી પ્રકરણ ૧૦૬. જે ''એક આશ્ચર્ય વાત છે એહ, દુ:ખમાં સુખ મનાણું તેહ'' દુ:ખમાં સુખ મનાય તે જ ચમત્કાર છે.

મહત્પુરુષના શબ્દ જે પૈસા આલે પૂણ્ય નથી. પૈસાનું ખાઇને સત્સંગ કરવો. મહત્પુરુષને ઘી, ખાંડ આપવું તે પાપ છે. વળી ઘીની પીચકારીઓ વાગે તેવું આપવું તેવું પણ છે. તે બેનો અર્થ શો છે જે શિવજીએ શીશુ પીધું ને દારૂ પી ગયા. બ્રહ્મસુખે

સુખીયા હોય તેને તેવું ખવરાવવું. આબરૂ અર્થે નાતમાં રહેવું તે નાતથી બહાર બોલવું તે આબરૂ ગઇ. ભગતમાં રહેવું ને વિરૂદ્ધ બોલે તો આબરૂ ગઇ તેમ કાયદા લોપવા નહિ. ને લોપે તો આબરૂ ગઇ. સત્પુરુષ કોણ વચનામૃત મધ્ય ૪૭ માં શિશ્ન ને ઉદર તે બેમાં આશક્તિ નહિ. સ્ત્રીને ખાધામાં મન તે અસત્પુરુષપણું તે જણાય. શી રીતે તો તેના અંગે આપણને મટી જાય. આશક્તિ શું જે તે સારૂ હાય હાય થાય.

નારદજી કેવા હતા પણ શ્રીકૃષ્ણને જોગ બ્રહ્મસુખે સુખીયા થઇ ગયા લખાઇ ગયા. ત્રિકાળજ્ઞાની તે શી રીતે કહેવાયા જે પોતાને દેહ ઇન્દ્રિયો અંતઃકરણ તેમાં બધે સંતોષ થઇ ગયો કશો વિચાર નહિ તે સ્થિર બેઠા. તેમ સત્પુરુષના સંગે બધી ભુખો મટી જાય. સત્પુરુષનું વાક્ય ના ચાલે. તે ઉપર વાત જે જરાસંધે વીસ હજારને કેદમાં નાંખ્યા.

રાજાની છોડીનો હાથ જોઇને નારદજીને પરણવાનું મન થયું. તે તપાસ્યું નહિ કે ક્યાંથી ઉપડ્યું તે કેવાનું શું જે દક્ષના સો દીકરાને જ્ઞાન કર્યું તે ત્યાગી કર્યા તો મન તો નહોતું પણ વિચાર્યું નહિ. ''વિચારે રે વિચારે, વિચારીને બોલે હરિ કેમ ભૂલે રે વીર વિચારે.'' ''સાચાનો થા સંગી મન બહુ રંગી રે વીર વિચારે'' તે બધા શાસ્ત્રના શબ્દ સાંભળ્યા પણ વિચાર ના કર્યો તે શિક્ષાપત્રીમાં લખ્યું જે વ્યવહારિક કામ વિચારીને, ને ધર્મનું તત્કાળ કરવું તે વિચાર્યું નહિ મુક્તના ધર્મ–દેહ હાલે નહિ તે ધર્મ. એવા મુક્તના જીવના જુદા જુદા જેવો જીવ તેવા ધર્મ. સ્થિર થઇએ વૃત્તિ વધે છે. ૨૪ કલાક પાપ થઇ જાય ઘડી અડધી ઘડી સ્થિર થાય તો બધા પાપ બળી જાય. શાસ્ત્ર સાચવો એટલે શાસ્ત્ર પ્રમાણે વરતો.

જુબાનીયો જોઇએ તો પણ દુઃખને પેસવાનો માર્ગ નથી તે ખાવા ન મળે ને ના પચે તે બે દુઃખ બીજાં બધાં ફેલ છે. વિવાહ બારમાં અનેક પ્રકારનાં બીજાં દુઃખ છે. ને આજ તો ખાવા ન મળે તોય દુઃખ નહિ ને રોગ થાય તોય દુઃખ નહિ કે થાય ખરૂં પણ મન માને તનમાં નહિ. મોઢું હસતું રહે. રાજા કરતાં વધારે આનંદ હોય.

ઉંડુ નારદે જોયું નહિ ને વહેવારનું વિચાર્યું નહિ. તે શ્રીકૃષ્ણ પાસે ગયા અને કહ્યું જે મને રૂપ આપો. તે સામાનું મોઢું માંકડાનું થાય તેમ બેએ માગ્યું તે બેયના મોઢાં માંકડાના થયાં તે જ્યારે કન્યા હાર પહેરાવવા નીકળી ત્યારે ડોકું આગળ ધરે પણ તે કન્યાને તો માંકડાનું મોઢું દેખાય તેથી તેણે દર્પણ લાવી મોં આગળ ધર્યું તે શરમાઇને

જતા રહ્યા માટે તેવો વિચાર રાખવો.

"કલ્પતરૂ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઇ પ્રિત શું સેવે જ્યારે" તે પ્રભુનું મોઢું જોયું તે કશામાં હેત રહે જ નહિ. ભગવાન વિના કાંઇ રહે જ નહિ. વચનામૃત મધ્યનું ૬૨ ભગવાનમાં વૃત્તિ રહે તો કંઇ બાકી નથી. વૃત્તિથી બળી જાય. વચનામૃત જોતાં આજના જેવું આગળ નહોતું થતું. જેવા જાણે તેવો થાય તે ક્યારે મધ્ય ૬૬-૬૭. તે ઐશ્વર્ય આવે. જેટલું દેહાભિમાન તેટલું બોલાય છે. આ જે ભગવાન થાય છે તે તો વાનગી થાય છે પણ સાચા થશે ત્યારે પ્રાગજી મહારાજના બોલ સાચા થશે એકડા ઉપર જેમ મીડાં વધે તેમ કિંમત વધે. જેમ વધારે છેટે તેમ પૈસા વધારે ખર્ચીને આવે તેમ તેનું મહાત્મ્ય ઘણું આવે.

શાસ્ત્ર વાંચ્યું તે પેઠું. સાકાર, નિરાકાર, ખોટું, ખરૂં, પુણ્ય, પાપ, ધામ, ગામ જે સાંભળ્યું તે પેઠું તે છેવટે નાસ્તિક ભાવ આવે તે પછી જેટલું દશ્ય થાય-અનુભવ થાય-તેટલું સાચું મનાય.

ધુળાભાઇ મોતીકાકાને કહે જે બ્રહ્મરૂપ થાવું છે ? ત્યારે મહારાજ કહે જે મોતીકાકાને તો કાંઇ નથી, તમારે સંકલ્પ છે. તે આ લોકમાં રહેવું છે ને બ્રહ્મ થાવું છે. જે થવા બેઠા તે બેઠા હેઠળ. કોઇ કહે છે જે કોદરી અહીં આવી કોઇ કહે છે તે ત્યાં કૃષ્ણ છે અને છક્કો હું પુરો કરાવીશ. એમ થાય છે. સત્તા જીરવવી ઘણી કઠણ છે. ત્યારે ધુળાભાઇ કહે જે જનક થયા. ઉત્તર જે બ્રહ્મ થયા તો રાજ્ય શી રીતે કર્યું ? બ્રહ્મને બધુંય સરખું છે. બધાં છોકરાં તેને તો સરખાં ત્યારે એકને શી રીતે ફાંસીએ દીધો. ને બીજાને ના દીધો આ લોકમાં તો આ લોકની રીતે વર્તવું ઘણું કઠણ છે બ્રહ્મ થાય તેને મારૂ તારૂં રહે નહિ.

## સંવત ૧૯૯૨ કારતક વદ બીજથી દોઢમાસનો સમૈયો કરેલો તેની જ્ઞાન વાર્તા.

આ સમયમાં દરરોજ મળસ્કે ચાર વાગે ઉઠતા, ઉઠીને રસોઇ માટે તૈયારી કરાવતા, સવારમાં ચ્હા પાઇને બપોરના જમવાનું રાખતા, સાંજે સભા ભરી જ્ઞાન વાર્તા કરતા. પ્રભુ ઘરડા થયા તે કોઇ પાત્ર નહિ મળે તો આ દેહે જવાની આવશે. ધોળા વાળ કાળા થશે. દાંત બીજા ઉગશે. ડાચાં ચઢેલાં ફુલશે વગેરે વાતો નવી ચાલે છે. વટવા આવતા સુધી નારાયણપુજન ગંગાપુજન કરે છે તેમ કરવું છે. વળી વાત કરી જે

સ્વામિનારાયણે ઓગણપચાસ વર્ષે દેહ મુક્યો, ગુણાતીતાનંદ સ્વામી ૫૦ વર્ષે ગયા, પ્રાગજી મહારાજ સાઠ વર્ષે ગયા. અત્યારે મને પંચોતેર થયાં છે માટે એક બે વર્ષમાં પાત્ર હશે તો પ્રભુ જરૂર જશે.

બીજે દિવસે કારવણના મણીશંકર બોલ્યા જે હે પ્રભુ તમે ગઇ કાલે દ્વાર બદલવાની વાત કરી પણ મારી એક વિનંતી સાંભળો જે દ્વાર બદલો તો સ્થળ બદલશો નહિ. ને આ દ્વારે રહો તો ઘણું સારૂં.

સોમાભાઇને ભરૂચ લખ્યું જે પોતપોતાને ઘેર અન્ન વસ્ત્ર પુરૂ કરે છે તેના તે પ્રભુ દશ્ય છે તે અદશ્ય પુરૂ કરે છે તો દશ્ય કરે તેમાં શી નવાઇ ? માટે તાલેવનનું ને ગરીબનું વીશી ખર્ચ આવે તોય લેવાનું નથી. વહેવારમાં કોઇ અડચણ ના હોય તો આવવા જેવું જ છે કેમકે ઘડપણ આવ્યું ને સીત્તેર ઉપર ગયું માટે ભલા મરીને જેની પાસે જવાનું છે ને રહેવાનું છે તો જીવતાં વરસ કે બે વરસ કે પાંચ વરસ જેટલું બને તેટલું રહ્યા હોઇએ તો ઠીક હવે વહેવારમાં દાવાની મુદત વીતી જતી હોય, કે ખેતીવાળાને વાવવાનું, વાઢવાનું ચાલતું હોય કે નોકરીવાળાને રજા ના મળતી હોય તો પોત્ પોતાને ઘેર જાય. ઘર કહેતાં બે પ્રકારનું. એક તો જન્મભુમિ કુળ કુટુંબ વખતનું ઘર અને બીજું ઘર પરદેશ-કમાઇ ખાવા ભાડે રાખેલું તે અડી પડે ને અવશ્યનું કામ હોય તો જ ઘેર જવું.

હવે જીવચર્યા તથા ગંગાપુજન કરે છે તેમ મારે કરવું છે. કોઇનો ખાધાખોરાકીનો પૈસો લેવો નથી. ફક્ત ખવરાવવું છે. અને ભેગા થઇ ભજન આનંદ કરાવવો છે. એવો વિચાર નવ્વાણું વસા કર્યો છે. એક વસો બાકી રહ્યો તે આઠ પ્રકારના રૂડાં અને આઠ પ્રકારના ભુંડા દેશ કાળ માટે એક વસો હરિઇચ્છા જે બને તે ખરૂં.

બીજું મહારાજ પાસે આવવાનું મન ઉપડે છે તેનો ઉત્તર જે આ દેહ પંચભુતનો છે. આપણો દેહ પૃથ્વી, તેજ, જળ, વાયુ, આકાશ એ પંચભુતનો છે. તે અન્નજળના ભાગ સાટે આપણે રાખ્યો છે, માટે અન્નજળ સારૂં કાંતો નોકરી કાંતો ખેતી કાંતો વેપાર એ ત્રણ પ્રકારે અન્નજળ પેદા થાય છે. તે ખેતીવાળાને ખેતી સાચવીને ભજન કરવું નોકરીવાળાને નોકરી જાય નહિ તેવી રજા મળે તો ભજન કરવું. ને વેપારવાળાને મુદત સાચવીને ભજન કરવું. તેમાં લખે છે કે પહેલું પેટનું, બીજું શેઠનું, ત્રીજું ઠેઠનું, પેટનું કહેતાં અન્નજળ પેદા કરવું ને દેહને આપે તો દેહ રહે. ને દેહ

રહે તો ભજન થાય. હવે બીજું શેઠનું દેવાદાર હોય તે વ્યાજ આપે તો શેઠ ઘર ખેતર કબ્જે કરે નહિ ને ઘર ખેતર રહે તો ભજન થાય માટે પહેલું શેઠનું પછી ભજન હવે ઠેઠનું, તે તો જેને વગર ઉદ્યમે રોટલા ખાવા મળે તેને તો ભાદરણ રહેવા જેવું છે. કેમકે હવે અવસ્થા થઇ તેથી ભલા મરીને ભેગું જવાનું તે કરતાં બને તેટલું જીવતાં ભેગું રહેવાય તો ઠીક. તે નવ્વાણું વસા વિચાર કર્યો છે એક વસો બાકી રહ્યો તે તો કાંતો પ્રભુ દેહ બદલે તો વિચાર ખોટો પડે, કાંતો કોઇ દેશકાળ ભુંડો કે રૂડો થાય તો વિચાર બંધ થાય. ભુંડા દેશકાળની વાત જે નદીમાં હોડી ડુબી ત્યારે અને સમૈયામાં ઝેર આપ્યું ત્યારે મરી ગયાં હોત તો પ્રભુને સંતને સામસામી મોઢું જોવાનું રહેત નહિ. એવા આઠ પ્રકાર ભુંડા દેશકાળ છે. હવે આઠ પ્રકારના રૂડા દેશકાળની વાત જે પ્રાગજી મહારાજે રાવસાહેબ આદિક મંડળને કહ્યું હતું જે સો બસો બ્રહ્મરૂપ કરી મુકીશ ને હોલા ઉપાડ થશે તો શી રીતે દબાશે. એકને દાબે પણ સો બસો થશે તે શી રીતે દબાશે? માટે તે રૂડા દેશકાળ આઠ છે તો ઠરાવ રહે નહિ. માટે જે સમે જે બને તે ખરૂં જે ઉપડ્યું તે લખ્યું છે. આવવાનું લખ્યું તે તો પેટનું, શેઠનું, ઠેઠનું સાચવીને આવવું. વચનામૃતમાં લખ્યું છે જે મારો ભગત હેતવાળો ગમે તેટલો છેટો હોય પણ પાસે છે. તો તમારે અહિં મન છે. માટે તે પાસે જ છે.

વચનામૃત મધ્ય ૮ પ્રમાણે અનેક જન્મના શુભ સંસ્કાર ભેગા થાય તેને પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ થાય. તે પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ તે જ પરમપદ છે.

અરે ભાઇ તમે તમારૂં મહાત્મ્ય સમજો. જે અનેક જન્મનાં પુણ્ય ઉદય થાય ત્યારે પ્રત્યક્ષ ભગવાનની ઓળખાણ થાય. ઓળખાણની રીતે જે મહેતા, ફોજદાર સુબા, દીવાન બધાય દેખાવમાં સરખા છે પણ સૌ સૌનાં કામરૂપ લક્ષણ જોઇ નામ પાડે છે તે ઉપરથી ઓળખાય. હવે બીજી ઓળખવાની રીત તો લોયાના ૧૫ માં લખી જે જીવનું તેજ, ઇશ્વરનું તેજ ને અમરનું તેજ, ને પુરુષોત્તમનું તેજ જુદુ પાડવા કોઇ સમર્થ નથી. એ તો માયિક દેહ બદલાય ને દિવ્ય દેહ પ્રભુ પાસે રહે ત્યારે જુદુ પડે. માટે આજ તો આ લોકમાં રહેવા પુરતું ઓળખાણ થયું છે. જેમ ફોજદાર, મહાલકારી, મહેતો તે દેખાવમાં સરખા છે પણ તેમના કામ ઉપરથી દઢ નિશ્ચય થાય છે તેમ પ્રભુના કામ જોતાં પ્રભુનો નિશ્ચય થાય.

નિશ્ચયની રીત લોયાના ૧૨ માં લખી છે જે પ્રભુ કોઇ પણ ક્રિયા કરે તો નિશ્ચય જાય નહિ તે ચોથા પ્રકારનો નિશ્ચય ભગવાન છે તેવા જ ઓળખ્યા કહેવાય તે

મધ્ય ૮ માં લખ્યું છે જે ભગવાનના મનુષ્યચરિત્રમાં અવગુણ ના આવે એવી જે ભક્તિ તે તો મહા દુર્લભ છે. ને એવી જે ભક્તિ તે જ પરમપદ છે. વળી ગીતામાં સાંખ્ય છે જે અનેક જન્મના શુભ સંસ્કાર ભેગા થાય ત્યારે પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ થાય અને પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ તે જ પરમગતિ કહેતાં પરમપદ છે.

પૂર્વે રામાવતાર વગેરેમાં આજના જેવું સુખ કોઇ મળ્યું નહોતું. કારણ કે તે અવતારમાં ખાવાનું, પીવાનું, બેસવાનું, ઉઠવાનું કોઇ સાધન નહોતું અને હાલતો દરેક વાતનું સાનુંકુળ છે. સ્વામિનારાયણ વખતે તો ઓઢવા પહેરવાનું નહિ ત્યારે ભોંયમાં ખાડા ખોદી એક ખભો ઘાલીને ઉભો થાય ત્યારે બીજો ઘાલે એવાં દુઃખ પડ્યાં છે. વળી પ્રભુને રહ્યાનું ઠેકાણું નહિ તે આજ આ ગામ પેલું ગામ કરતા એ આદિક દુઃખ પડ્યાં. આજ તો અતિ મોટાં ભાગ્ય છે તે સર્વે વાતે સાનુકૂળ છે.

રાજા છે તેને રૈયત હોય તો તેને દહાડા હરખમાં જાય સંસારીને છોકરાં હોય તો આનંદથી દહાડો જાય. ને બે ધણીધણીયાણી હોય તો મુંઝાઇ જાય. ગુરુને ચેલા હોય તો આનંદ થાય. રાજા, ગુરુ ને સંસારી ત્રણેને પારકા વડે શોભા. સદ્‌ગુરુને પારકા વડે સુખ નહિ. સદ્‌ગુરુ મનુષ્ય દેહ ધરે છે ત્યારે અનંત દિવ્ય સામર્થીને અનંત પાર્ષદને અક્ષરધામ લઇને આવે છે. સામાની પ્રભા રાખતા નથી સામાને આધારે જીવતા નથી. ભગવાન છે તે પોતાના ભગતને સહેવાસ થાય તે માટે બમણા તમણા દોષ બતાવે છે. ત્યાંથી દિવ્ય ભાવ આવ્યો, આવે ક્યાંથી ? માટે દિવ્ય ભાવ દેખાડે છે.

કુબેરદાસે કહ્યું જે ભૂલ હોય તો માફ કરજ્યો તો મહારાજ કહે ભૂલ હોય તો જ જન્મ લેવો પડે માટે ભૂલ તો છે જ. ઝાઝીવાર બ્રહ્મસુખ આવે ત્યારે દોષ દબાઇ જાય પ્રગટવાળાને દાખડો કરવો પડે નહિ. વાસના વગર સ્વાર્થનું દુઃખ દે છે. બદ્રીકાશ્રમમાં દુર્વાસાએ કહ્યું જે ભરતખંડમાં દુઃખ પામો માટે જગ્યા જ દુઃખની છે. 'જાવ દુઃખમાં પડો' એમ દુર્વાસાએ કહ્યું. ઘઉં સર્યો, વાણીઓ ડર્યો, ને સંત ગળ્યો તે ઉપરથી કંઇ દેખાય નહિ માટે મુક્ત જ છીએ. ઘઉં સળ્યો એટલે ઉપરથી સારો દેખાય ને અંદરથી પોલો વાણીઓ ડર્યો કે દેવાળું કાઢે પણ ઉપરથી જણાવા દે નહિ ને ચાર પાંચ હજાર જમીનમાં દાટી રાખે ને સંત ગળ્યો કે તેને આ સંસારમાં મારૂં, તારૂં, બૈરી,

છોકરાં અને બીજા જે દોષ તે મટી ગયા તે એટલે જ ગળ્યો.

ગોવિંદભાઇ માસ્તરે પૂછ્યું જે માયા ભગવાનના ભગતને કેમ દુઃખ દે છે ! ત્યારે મહારાજે ભગવાન ને લક્ષ્મીજીનું દૃષ્ટાંત આપ્યું જે લક્ષ્મીજીએ એક વખત ભગવાનને કહ્યું જે તમારૂં મારા વડે ચાલે છે. ને ભગવાને કહ્યું જે તારૂં મારા વડે ચાલે છે. ત્યારે લક્ષ્મીજી એ માન્યું નહિ ત્યારે ભગવાને કહ્યું કે તું તારૂં જોર ચલાવને હું મારૂં જોર ચલાવું. પછી લક્ષ્મીજીએ વાઘરણનું રૂપ લઇને કીંમતી કટોરા સોનાના ટોપલામાં લઇ એક ગામમાં ઝાડ નીચે બેઠાં ને બચકાં માગવા લાગ્યાં. કટોરીમાં જે તે ખાવા આપે. તે ખાઇને કટોરો ફેંકી દે ને તે લઇ જાય. એવી લાલચે તેને ઘણા લોકો ખાવાનું આપવા માંડ્યા. ભગવાને સાધુ બ્રહ્મચારીનું રૂપ લઇને તે જ ગામમાં જ્ઞાન કરતા હતા. લોકો શાંતિથી તેમનું મોં જોઇ રહ્યા. પછી એક જણ લક્ષ્મીજીને ખાવા આપવા ગયો. ત્યારે લક્ષ્મીજી કહે પેલા જોગટાને બાંધી ગધેડા ઉપર બેસાડી મારી કને લાવીને કાઢી મુકો. એવું સાંભળીને લોકો દ્રવ્યની લાલચથી ભક્તિનું ભાન રહ્યું નહિ તે જોગટાને પકડવા લાગ્યા ત્યાં તો જોગટાને વાઘરણરૂપ દીઠા ને વાઘરણને જોગટારૂપ દીઠી. તેથી પેલી વાઘરણને બાંધી ગધેડા ઉપર બેસાડી ત્યારે કહે હું વાઘરણ છું પણ કોઇએ માન્યું નહિ. ને ગધેડા ઉપર બેસાડી કાઢી મુકી. પછી ભગવાન તથા લક્ષ્મીજી બે ભેગાં થયા. ત્યારે ભગવાન કહે કોનું જોર ચાલ્યું ? ત્યારે લક્ષ્મીજી કહે તમારૂં ત્યારથી જ લક્ષ્મીજી – માયા ભગવાનને ભગવાનના ભક્ત ઉપર ચીડાય છે. તેથી ભક્તને દુઃખ દે છે પણ પ્રગટ ભગવાનના ભક્ત આગળ ચાલતું નથી. જેવા તેવા ભક્તને દુઃખ દે છે. પણ ઉત્તમ ભક્તને તો ઉલટી સહાયરૂપ કહેતાં સુખ-રૂપ માયા છે.

વળી બોલ્યા જે શિક્ષાપત્રીમાં લખ્યું છે જે અમારા હોય તેણે જડભરતની પેઠે વર્તવું. એવા કોઇ થયા નથી પણ જુઓને આ ધુળાભાઇ એક વખત મને કહે છે જે મહારાજ આ ઘર બાર, વાસણ કુસણ પૈસા ટકા સાચવીને શું કરવું ? બારણાં વાસીને શું કરવાં છે ? જેને જે જોઇએ તે છો લઇ જાય બધાય આપણા જ છે ને ? ત્યારે મહારાજ કહે અલ્યા આ સ્થિતિ નહિ રહે.

આ મુનિ કહે કુછ નહિ ચાહીએ. જંગલ મેં જાતા હય. તે વખતે વીણાની ગંગાબાએ વાર્યા પણ રહ્યા નહિ. જંગલમાં વાઘ, વરૂ, માંકડ, ચાંચડ, ટાઢ, તડકો લાગશે, ઉધઇ કરડશે તેનો વિચાર પણ ના રહ્યો. એવું થાય ત્યારે વિચાર રાખવો જોઇએ. પણ વિચાર રહેતો જ ન હોય તે શું કરે ?

સામાનું મન દુઃખાય તે પાપ પેલા આત્મામાં પરમાત્મા રહ્યા છે તે આત્માની સાથે પરમાત્માનો સંબંધ રહ્યો તે ગોદો વાગે તે જીવ દુઃખાય માટે કોઇ જીવને દુભવવો નહિ.

ભગવાનની સિદ્ધિઓ જુદી આનંદની જુદી. અને બ્રહ્મની જુદી. સંત મળે તો બધું ટળી જાય. કોળીનો છોકરો શેઠને ત્યાં રહે તો દાળભાત દેખી રોટલો ભુલી જાય તેમ પ્રભુનું સુખ દેખી બીજું બધું ભુલી જાય.

કીડી વીયાય તો તો કીડી જેવું બચ્ચું આવે ને હાથી વીયાય તો ભેંસ જેવું બચ્ચું આવે તેમ ગુરુ મોટો હોય તો જ મોટા સંત કરે. બીજું સદ્‌ગુરુ છે તે જ્ઞાની છે ને જ્ઞાન છે તે હથોડી છે તે ટીચ ટીચ કરે છે તે પદનો અર્થ સમજાવે છે. તે હથોડીથી કામ, ક્રોધ, લોભ મારી નાખ્યાં.

વહેવાર ભક્ત સાથે કરવો તે ગયા ખાતે કરવો. ગમે તેટલી મિલ્કત હોય અથવા શાખ હોય તો પણ સાફ થઇ જાય.

ઉપરજામી ભગવાન ઉપરનાં કર્મે આપે. ને અંતરજામી ભગવાન અદૃશ્ય કર્મે આપે. મોં જોવામાં જેટલો લાભ મળ્યો તેટલો ખરો. દુકાનવાળો જેમાં લાભ પડે તે વધારે વેચે તેમ વઢો કુટો કે ભેગા રહો કે મોં જુઓ પણ જેટલો આનંદ થયો તેટલો લાભ.

કાયદા પ્રમાણે આપવું પડે છે. માટે સુળીનું દુઃખ કાંટે મટે છે-સત્સંગ કરે તેને હારમાંય હોય તેને રોટલા મળે. રામાનંદ પાસેથી શ્રીજીને વર મળેલો. કુવો હતો છતાં વાપર્યું નહી.

વચનામૃતમાં છે કે અનંતકોટિ બ્રહ્માંડમાં જે અનંતકોટિ જીવનો સંબંધ થાય છે તે પુરુષોત્તમના હાથમાં છે. માટે એક જગ્યાએથી લેશે તો બીજી જગ્યાએ નહિ આપે. છેલ્લાના ૩૭ પ્રમાણે જેવા પ્રત્યક્ષ પ્રમાણે છે તેવા અણુ અણુ પ્રત્યે રહ્યા છે-સર્વત્ર વ્યાપક છે. પ્રભુની વાત કહેવા જેવી જ નથી. કોઇ બોલે જ નહિ. પ્રભુને લેવા જવાનું જ નથી. કરે તેમ થાય પગે લાગે જ પાર આવે એમ છે. માણસ જેવા થયા તેથી જ સહવાસ કરી શકાય છે. નહિ તો અહિં બેસાય જ નહી. રાવસાહેબના બાપની પેઠે મનુષ્યથી બમણું તમણું દેખાડે તેથી જ સહેવાસ થાય. માણસ જેવા માનેલા તેથી

ભૂલે છે. પણ જીવ નિશ્ચયવાળા નહિ. મનુષ્યભાવ રહેલો. અનેક અવતાર થાય તે કંઇક અંશ હશે ત્યારે જ ઓળખાયા હશે. અનંતકોટિ બ્રહ્માંડમાં નથી ભૂલતા તો અહિં કેમ ભૂલે ? હીરાનું-બકરી કોટે બાંધે તેનું દૃષ્ટાંત-જીવ એના એ પણ પાત્ર હોય તે પ્રમાણે સ્વાદ આવે. જેમ જેમ પાત્ર થતો જાય તેમ તેમ મહિમા વધે. દિવસે દિવસે અહો અહો થતું જવાનું. અવસ્થા વધે તેમ સ્વાદ વધે. જેમ જેમ શુદ્ધ થઇને વૃત્તિ જોડાય તેમ મહિમા વધે. જીવને ભગવાન એના એ જ છે. પ્રભુ જેવો જીવ એવું દેખાડે. ખમાય તેમ દેખાડે. જો હલકા થાય તો ભાર ના પડે ''થયા મનોહર રે કે મનુષ્ય જેવા'' ભેગા થયા ત્યારથી ચોથા નિશ્ચયમાં છે તેથી એક રહેણી છે. શંકા થાતી નથી. ભગવાનના મનુષ્ય ચરિત્રમાં ભૂલ પડતી નથી. ત્રણ પ્રકારમાં પાસ થએલાનો જ પગ પડે છે. તક આવે ત્યારે આવે છે. જગતમાં માંદાના શબ્દ 'ઓ બાપ રે મરી ગયો' એવા હોય ને ભગતના શબ્દ 'મને દુઃખ નથી' એવા નીકળે. ભગવાનના જોગે બ્રહ્મ સુખે સુખી હોય. હનુમાનજીની પેઠે જીવતો બળીયો છે પણ પોતે પોતાની સામર્થીજાણી શકતા નથી. ભક્ત ધ્યાન કરતો હોય તો ભગવાનરૂપ જ છે. પોતાનું મહાત્મ્ય સત્ શાસ્ત્ર ને સત્સંગ વડે જ સમજાય છે. ''જન્મ કર્મ ચ મે દિવ્ય'' જે મારાં ચરિત્રને દિવ્ય જાણે છે તે મને જ પામે છે-એમ ગીતામાં કહ્યું છે. સરકાર બોલેલું પાળે છે તો ભગવાન કેમ નહિ પાળે. માટે આપણે માથે કાયદા પ્રમાણે જન્મ મરણ છે જ નહિ.

સંવત ૧૯૩૬માં ગુરુ મળ્યા ને આત્મામાં પરમાત્મા દેખાડ્યા. આ લોકમાં રહેવાની ઇચ્છા નથી પણ શું કરીએ ? અમારે લીધે ઘણા ભજન કરે છે.

જગતમાં તો દુઃખ જ છે. માટે જીવના કલ્યાણ સારૂ આવવું. મુક્તને પ્રારબ્ધનું દુઃખ ભોગવ્યા વગર ચાલે જ નહિ.

ભગવાન જેવું બીજો કોઇ કરવા જાય તો તેને દુઃખ દુઃખ ને દુઃખ જ છે. હજારો સંતમાં જેમાં ભગવાન પ્રવેશ કર્યો તે તે રૂપ થઇ ગયા. હતો તો કોયલો પણ દેવતા પડ્યો તે બધો દેવતા કહેવાય. એક રાજાને ઘણા છોકરા હોય તો જેને ઠરાવ્યો તે રાજા અને બીજા રૈયત. ઠરાવ્યો તે જ રાજા. પણ બીજો સંત હાથમાં હાથ ને પગમાં પગ કરે તો ઘાણ પડે. તેમ કરીને ૧૭ ભગવાન થઇ પડ્યા. એકને કાગળ લખ્યો જે ભગવાન જેમ ક્રિયા કરવી નહિ પ્રથમ ૧૮ મુજબ. ત્યારે જવાબ મળ્યો જે કંઇ કુલે

છાપ મારી છે. તે ઘાણ પડ્યા. પણ પ્રભુએ કહ્યું કે તને મરવા નહિ દઉં. મટી જશે. તે ચાર દિવસમાં મટી ગયું. બીજો કહે મારે ત્યાં આવ્યું છે. ને બે વરસ રહેવાના છે. કોદરી મારે ત્યાં ને છોડાં ભાદરણ રહ્યાં છે તે ભગવાન ના ખમ્યા, તે પણ મરી ગયો.

ત્રીજો કહે તું કૃષ્ણ ને હું પુરુષોત્તમ. તે મફત ગાડીએ બેઠા. રસ્તામાં પડતું નાંખ્યું તે મરી ગયો. તેને નવો જીવ ભગવાન પ્રેર્યો. ને ભગવાન આવું કેમ કરી ખમે ? તે જીવ પણ મરી ગયો. ચોથા રીબાઇને મરી ગયા. પાંચમો ભણેલો તે કહે વિલાયત સુધી ફેલાવું, સોનાનાં સિંહાસન કરૂં એવા પંદર સત્તર થઇ ગયા. ઝાડના રસને લઇને ગાંડો થાય છે તો આ તો બ્રહ્મરસ તે ના ખમાય. તેમાં જીવ શું કરે? પણ ભગવાન છે તે તો પાત્ર હોય તેમાં જ રહે.

આ વારે વારે કહીએ છીએ જે ભગવાનને સંતના ચરિત્ર ગાઇએ છીએ એમ કહીને આપણો જન્મારો કાઢવો એમ વ્યાસજીએ કહ્યું છે તે મધ્ય ૪૯ માં આશા થઇ છે કે અમે કરીએ છીએ તેમ તમે કરજો કથા ને કીર્તન.

કથા શું વારે વારે કહે કહે કરવું.
કીર્તન શું કીર્તિ ભગવાનની ને સંતની વાતોની કીર્તી.
ધ્યાન સ્થિર વૃત્તિ હોય તે.
વૈરાગ્ય-રાગની સાથે વૈર બાંધવું તે વૈરાગ્ય.

ભગવાન ઘરડા ના થાય પણ દેહ ઘરડું થા. કોઇના રહ્યાં છે. ભગવાનનો વંશ કેમ જશે ? એમ પ્રાગજી મહારાજે કહ્યું હતું. વળી જરૂર વિચરતા હોય એવા શબ્દો વચનામૃતમાં છે. એક ભૂવો બીજો ભૂવો કર્યા વગર ના જાય. શું થશે શું વળી ? પ્રાગજી મહારાજે રાવસાહેબને કહ્યું હતુ કે હું ગુજરાતમાં આવીશ. પણ પૃથ્વી ઉપર કોઇ રહ્યો નથી. પણ જે કાળે જે બને તે ખરૂં.

વચનામૃત સારંગપુર ૭ જે ઇન્દ્રિયોની ધારા કુંઠીત થાય તો ધર્મ રહે. કેમકે પ્રભુ સદ્ધર છે તો એવો સંકલ્પ રહે નહિ.

અરે ભગવાન હોય પણ દેહ મેલતાં પહેલાં પણ જ્યાં સુધી ચાર્જ આપે ત્યાં

સુધી માન રાખવું પડે. ગુણાતીતાનંદને કોઇ માનતા નહોતા એવા બધા હતા. બાઝી ના રહેવાયું તો કંઇ તેમનું સુકૃત ગયું ? માટે બે ત્રણ જન્મે પણ ભેગા થયા. પ્રભુ કરે તેમાં શંકા કરવા જેવું નથી. તે ઠેઠથી ભગવાન ઢાંક્યા રહ્યા નથી તે જુઓને દરવાજે આવીને ઉભો રહ્યો. તે કંઇ જાહેર થયા વગર રહે ? માટે કશો તર્ક કરવા જેવો નથી. જેમ થતું હશે તેમ કરશે. "સુખ દુઃખ લખ્યું જેહ ભાલ રે" તેમ હજુ આગળ સમજાશે. તે જેને જેમ લખ્યું તેને અનુભવ થયો હશે. વળી પ્રાગજી મહારાજ, રામકૃષ્ણ, સ્વામિનારાયણ કોઇના દેહ રહ્યા છે તો આ રહેવાનો છે ? એ પણ બાળવાનો છે. માટે જે મળ્યા છે તે આનંદ માનવો. જેમ થાય તેમ ખરૂં.

રાંક હોય તે રાજા થાય. શાસ્ત્રની આંટીઓ બહુ છે અહિંથી નીકળે તે ટોપલો ભર ભર કરવો. એકને મતે આપડી તો સામે મતે તાપડી. તે સાપ બળ્યો ને સસલું નાઠું. માટે સાંભળવા જેવું છે. કંઇ તર્ક કરવા જેવું નથી. ચોકઠાં કરેલાં તે તૈયાર છે. જ્યાં બેસવાનું હશે ત્યાં ચોકઠાં બેસાડશે.

કોઇ ધ્યાનમાં હોય અથવા સ્થિર વૃત્તિમાં હોય અથવા ઊંઘમાં હોય ત્યારે કોઇને અડવું નહિ પેલા અવતારના પુણ્યે તમારે ઘેર ગમે તેમ થાય. જેટલી અખંડ વૃત્તિ રાખે તો ધાર્યું થાય. સંચિત, પ્રારબ્ધ અને ક્રિયામણ. સંચિત તે રાખી મુકવાનું ને ચોરાસી લાખમાં એક દેહ ગયો. તે પેલા સંચિતમાંથી આપવાનું તે ઓછું હોય તો ઓછું આપવાનું માટે વહેંચાતું આપવાનું જેને પ્રગટ મળે છે તે ક્રિયામણે કરીને જાય તે દુઃખની ને સુખની બેય હોય. માટે માંડી વાળવાનું. હાથ આવે તો લ્યો. સદ્‌ગુરુ મળે તો માંડી વાળવાનું. સદ્‌ગુરુ મળ્યા તે અજ્ઞાને ગયું. તો પ્રારબ્ધ રહ્યું. તે કેટલું ઓછું મટે સુળીનું કાંટે સરે. પણ સમુળગુ ના જાય. સત્સંગ સત્‌પ્રભુ સંગ – આ બધો સંગ તે મહીં આવ્યા તે સત્સંગ છે. સુળીનું કાંટે મટાડે અહિં આવે તેથી ફાડી નાંખે ને નિશ્ચયની વાત નથી. એને ભજન હો યા ન હો. માંહી આવ્યાની વાત છે, જેમ નાતમાં ઢેડ વાઘરીને લાડવાને નોતરાવાળાને પણ લાડવા પીરસે છે તેમ છે. પણ જે કાંટા જેટલું રહ્યું તે જો મુરતિ સંભારે તો કાંટા જેટલું પણ ના રહે. વડતાલ ૧૯. સદ્‌ગુરુનું ઓળખાણ થાય તો ધારે તે સત્ય થાય. સત્શાસ્ત્ર છે તે સત્પુરુષ થકીજ સમજાય. શિક્ષાપત્રી, વચનામૃત, ભક્તચિંતામણી એ વાંચવા જેવાં છે. બાઇ માણસને જીવન પર્યંત પોતે

તેનાથી વધારે હોય તો જ વાપરવું ગુરૂ હોય તે વાંચીને બોલ કહે પણ શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે કરી બતાવે તે સદ્ગુરુ. સદ્ગુરુને લક્ષ્મી વરેલી છે. ગુરુ તો માગી તાગીને પારકા ઉપર આધાર રાખે ને સદ્ગુરુને તો એવી ઇચ્છા નથી. ભગવાન તો ઓળખાતા નથી પણ કામ ઉપરથી ઓળખાય છે માટે સદ્ગુરુ હોય તે માન મોટપ, મારૂં, તારૂં. વઢે, ઝઘડે તે હેત કરવા સારૂં તે સ્વભાવ કરે.

સાંખ્ય શાસ્ત્ર કૃષ્ણાવતારથી પહેલાં પણ પ્રચલિત છે. સ્વામિનારાયણે પણ દસમ સ્કંધને ભક્તિશાસ્ત્ર કહ્યું. ધર્મ અને ભક્તિ માતા તે એકાદશીને દિવસે આખી રાત ભજન કરતાં ચાર વાગે બ્રહ્મ મુહૂર્ત બેસે તે ઘડીએ કામ બામ બધું બેસી જાય તે બ્રહ્મ તેજ દેખાયું. ને તે તેજની મહી તેમની પટરાણીઓ શ્રીકૃષ્ણનાં દર્શન થયાં તે બ્રહ્મતેજની મહિં બધું દબાઇ ગયું ને પ્રભુ એકલા દેખાયા.

આ લોકમાં આવી ફસ્યા ભાઇ, આવી ફસ્યા જેમ કાંણે જાય છે તે જોડે કુટવું પડે તે મુક્ત આવ્યા તે ભગવાનને સાથે જવું પડે અગ્નિ બાળે નહિ. જળ બુડાડે નહિ. તે ભક્તને વ્યાપે નહિ પણ જગતમાં રહ્યાં તે વ્યાપે, તે મુક્તની મંડળી તે આવવું પડે. ચાર-ગુરુ-દીવા, મશાલ, વિજળી ને વડવાનળને-દીવા મશાલ જેવા જીવે ત્યાં સુધી આનંદ કરે. ને વિજળી જેવા છે તે મરીને મુક્ત જેવા થવાના વિદેહી મુક્ત થવાના ને મોટા વડવાનળ જેવા તે જીવન મુક્ત જીવતાં મુકાએલા.

દેખનાર રડે છે પણ માંદાને દુઃખ નથી. એને લીધે રડવું જોઇએ તે અજ્ઞાનનું દુઃખ છે. ગુરુ દેહ મુકી ગયા ત્યારે ઐશ્વર્ય વાપર્યુ તે માર વાગ્યો નહિ. તે અત્યારે દુઃખ નથી થતું તો પહેલાં ક્યાંથી દુઃખ પડતું હશે. બીજાની વાત નથી. સદ્ગુરુ પાછળ ફરનારની વાત છે. તે કોઇ પ્રકારનું દુઃખ લગાડવું નહિ. પ્રાગજી મહારાજ કહેતા જે મારી કેડે ફરશો તો મારીશ. તોય નહિ જાવ. ને હું ગુજરાતમાં આવીશ તે પ્રાગજી મહારાજે દૃષ્ટાંત આપ્યું જે એક ગઢ હતો તે ઉંચો તે ટેકરે જઇને સદાવ્રત આપવા માંડ્યું. તે હડસેલો મારે તે બધા હેઠે પડે. એવી વાતો કરતા તે તમને સારા ઇંટાળા ને ધક્કા મારીશું ત્યારે તમે ઘેર જવાના જ્યાં સુધી ઓછું છે ત્યાં સુધી જવાશે. ને વૃદ્ધિ પામશે તો નહિ રહેવાય.

ગુરુ કહેતા જે આ ગુજરાતમાં જ રહીશ. વિલાયત જાવ, પરદેશ જાવ પણ

અહિં વગર શાંતિ થશે નહિ. મનનો રોગ કાઢનાર અહિં વગર મળે નહિ. ને જે પાત્ર ના મળે તો અહિં ના અહિંજ રહેશે. અડધું એટલે બ્રહ્મરૂપ થાય ને પડધુ એટલે ગડવા નહિ રહે ઇશ્વરરૂપ પૂર્વના પુણ્યથી જેને વરગણ નહિ રહે તે અડધા થવાના તે બીજા પા થવાના. તે કહેતા કે સો બસો બ્રહ્મરૂપ કરી મુકીશ. તે હોલા ઉપાડ કરીશ. તે પંદર સત્તર ભગવાન થઇ પડ્યા. તે મનને બળ આવ્યું પણ આત્માનું બળ આવ્યું નહિ તે હોલા ઉપાડ કરીશ જાળ નાંખી તે જાળ તુટી ગઇ. ને જગત તુટી જશે એમ કહેતા.

ભગવાન બોલ્યા કે ભગત બોલ્યા તે ભગવાન બોલેલા તે ક્યારે થવાનું. એ તો એને જ્યાં ચોપડીમાં મેળવ્યું હશે તેમ થશે. તે બોલ્યા છે ક્યારેય - તે ભગવાન બોલેલા તે જ્યારે ત્યારે થશે. તે દેહ પડે વાત સમજાય ને ક્યારે કરશે તે સમજાય નહિ. અહિંનું ઇંટાળા પડશે. તો આ દ્વારે જવાના. રાવસાહેબનો દાખલો આપી કહ્યું જે મરણીયા થશે તે તો અહિં જ થવાનું. તે ઘર કરતાં અહિં વધારે સુખ વધશે. ઇઝડાની વંશ જતી નથી તો એકાંતિકની કેમ જશે ? જે વાત કરી તેમાં શંકા કરવા જેવું નથી.

બીજું બહુ સહેવાસ અનાદરો છેલ્લાનું ૨૯ વૈરાગ્યવાન પુરુષને એક પ્રજા થાય તે મંદ તીવ્રવાળો ત્યાગી થઇ જાય. પ્રાગજી મહારાજ મને કહેતા જે પ્રભુનામાં અખંડ સ્વાદ આવે તે હૃદયરૂપી વનને ત્યાં જવાનું તે વનમાં જતા રહીએ. ભગવું પહેરવાની વાત નથી. હૃદયરૂપી જે વન તે આત્મામાં પરમાત્મા રહ્યા છે.

વળી કોઇ કહે મહારાજ કંઇ બોલો, તો કહે બોલવાનું શું ? એક નજરે જોઇ રહેવાનું છે.

શાસ્ત્રમાં ઉત્તમ સેવા એક નજરે જોઇ રહેવાની લખી છે. વધારે ભેગું રહેવાનું હોય તો તો જાણે આ નહિ તો આ એમ નવીન નવીન કાર્ય કરી દિવસ કાઢવાના. રસોઇમાં ૨૦ રૂપિયે મણના લાડવા પીરસ્યા હોય તો રૂપિયે મણના શાકને કોણ અડે? એ તો લાડવા ના ભાવે ત્યારે શાક ખવાય. માટે ઉત્તમ સેવા એક નજરે જોઇ રહેવાની છે. તો એક જણ કહે મનની સ્થિરતા રહેતી નથી તો શાથી રહે ? ઉત્તર જે કુતરું ભસભસ કરે છે તે કોણ જાણે. કાગળમાં લખેલું હોય તે ના ભણેલો લીટા કહે છે તેમ જે નિશાળે જઇને શીખ્યો હોય તેને આવડે તેમ સત્સંગમાં આવે તો લીટા ઓળખાય.

પછી બોલ્યા જે મેઘ વરસે છે જેની આજ્ઞાએ ચન્દ્ર, સૂર્ય ઉગે છે, પાર વિનાનો સમુદ્ર જેની આજ્ઞામાં વરતે છે એવાં વચનામૃતમાં લખ્યું છે જે અનંત આશ્ચર્ય છે. તે પૃથ્વી પર અવતાર ધારણ કરી ગમે તે પ્રકારે નામ કર્યું. રામ અવતારે રામ ખરા તેમ કૃષ્ણ વખતે લઢ્યા કર્યું. ગમે તે પ્રકારે સ્મરણ કરાવ્યું.

કોઇ એક બે કલાક કોઇ થોડી મુદતે ભજન કરતો હોય તો તેને નેક રહે નહિ તેથી અનેક જન્મે કલ્યાણ લખ્યું. લાંબી મુદતવાળાને મોડા મળે. ને એવાં પુણ્ય ઉદય થાય ત્યારે પ્રગટ પ્રભુ મળે. જે મન, કર્મ, વચને પ્રભુને સાંભરે તે મને જ પામે છે એમ લખ્યું. પ્રભુ ભજન કરતો હોય તો બીજો કંઇ સ્વાદ રહે નહિ. પ્રથમ ૭૦ ખાવા ન પચે અને ખાવા ન મળે તે બે દુઃખ. બીજું માનીનતાનું દુઃખ છે.

વચનામૃતમાં લખ્યું છે જે શેરડીને બોરડી એક જગાએ વાવ્યાં હોય તે શેરડીને લીમડાનું ખાતર નાંખે પણ બોરડીને કાંટા થાય ને શેરડી ગળી થાય. તેમ પ્રભુને માર્ગે ચઢ્યો તે એક બે જન્મે મોક્ષને પામે.

ભગવાનમાં સુખ લેવાનું છે અને માયામાં તો મેલવાનું છે. સદ્‌ગુરૂ મળે તો સમજણ પડે. ગુરૂ મળ્યા ને કમીકમીઓ આવે. સંસાર તુચ્છ થઇ જાય. પ્રથમ ૩૪ લોયા ૧૫. બ્રહ્મા જેવો હોય તે ભગવાન ના સંભારે તો માયામાં બદ્ધ થઇ જાય. માયામાં ફરતો જીવન જો સંતોલ કરે તો તે મુક્ત થઇ જાય. પ્રથમ ૪૪ આ દેહરૂપી ડગલો તે આ દેહ ડગલો થયો તે દરેકને દુઃખ પડે પણ જીવને ના પડે. પ્રભુ બધા અપરાધ માફ કરે છે પણ ભક્તનો અપરાધ થઇ જાય તો તે માફ કરતા નથી. પ્રભુ કહે છે કે મારો હાથ અપરાધ કરે તો હાથ કાપી નાખું. વચન ના પાળ્યું તો રામે લક્ષ્મણને ફરી મોઢું ના જોવું એમ કહ્યું. તે દુર્વાસાને વગર આજ્ઞાએ જવા દીધા. તે વચન લોપ્યાની એવી શિક્ષા થઇ.

''પ્રથમ હરિને રે ચરણે શીશ નમાવું'' એ કીર્તન બોલે છે જે દુઃખમાં સુખ મનાયું તે અપવિત્ર કહેવાય. પાવન બુદ્ધિ બે પ્રકારની દુઃખ ને સુખ. પવિત્રને અપવિત્ર. સુખમાં સુખ મનાય એ પવિત્ર બુદ્ધિ. અપવિત્ર બુદ્ધિ જન્મ લેવરાવે, ને પવિત્ર ના લેવરાવે. તે અજ્ઞાનરૂપી દેવું મટી ગયું. તેને સદ્‌ગુરૂ વગર ચાલે. તે મુક્ત થઇ ગયો. દુઃખમાં સુખ તે અપવિત્ર. દુઃખમાં સુખ ઇન્દ્રે માન્યું. બીજું નારદજીએ દુઃખમાં

સુખ માન્યું. જનક પવિત્ર કહેવાય તે મન લોભાયું નહિ. સ્વાદ જાણીને વધારે ખાય એ અપવિત્ર બુદ્ધિ. જેમ તેમ કરીને ખાય તે પવિત્ર બુદ્ધિ. પારબ્ધનું દુઃખ સુળીનુ કાંટે જાય-સદ્‌ગુરૂ પાછળ ફરનારે, ગુરૂવાળાને સુળીનું કાંટે ના મટે. વાડમાં પડતું નાંખે તે કાંટો વાગે તે ક્રિયામણનું દુઃખ. અમારે વાતેચિતે સેવા કરવાની અને તમારે સેવા ચાકરી કરીને સેવા કરવાની. સુળીનું કાંટે સરે તેમાં પણ પ્રભુને પહાડ નથી,

સ્વામીની વાતોમાં છે જે આ બધા નવરા બેઠા છે તે નવરા નથી બેઠા હજારો કામ કરે છે. ધર્મે સહીત કિંચિત ભગવાનને સંબંધે તે પૈસેટકે સુખી છે. બાઇભાઇ જેમ બહુ બેસે છે તેમ બહુ જ કમાઇ કરે છે. શાસ્ત્ર જોઇએ તો દેખાય નહિ, પણ પ્રથમ ૭૦ માં લખ્યું તે સુળીનું કાંટે સરે. આ તો કરોડો કામ થાય છે-શાસ્ત્ર જોતાં - તેથી આપણને અનુભવથી મનાય, બીજો મનાય નહિ. માટે ખોટી થઇએ છીએ એમ ના સમજશો.

ભગવાનનું સુખ અખંડ છે. ને વિષયનું ખંડન છે. ભગવાનમાં તો સુખ જ વર્ત્યા કરે. ગુરૂને મુર્તિઓ કેડે વાળાની વાર્તા નથી. સદ્‌ગુરૂ પાછળ ફરે તેની વાતો છે. પુરુષ અને સ્ત્રી સરખું મનાય ત્યારે જીવનમુક્તની પંક્તિમાં ભળ્યા કહેવાય. સુખમાં સુખ રહે તો ના ફરે પણ ના રહે તો ફરે. ભક્તચિંતામણીમાં છે જે તે લુંટ્યાને કહે- "હશે ભક્તિ આપણીમાં ભૂલ" એમ કર્યું - સર્વે દેવને જ્યારે ભીડ પડી- તે ચિંતવન કર્યું તે અદૃશ્ય ધર્યું દેહ પ્રભુજીએ - તે ચોર પકડાયા તે કહે ભૂખે મર્યા તે ચોરી કરી. માટે દુઃખમાં સુખ મનાયું હોય તો તેને ભૂખ ના ભાગે. માટે આપણને કોઇ પ્રકારનું સુખ આવે તો તેમાં ગરકાવ રહેવું તો સદા સુખીયો રહે. ભગવાન સંભાળ્યા એટલે રહસ્ય આવી ગયું બધા શાસ્ત્રનું - જગત મિથ્યા, ધુળને પાણીમાંથી થાય તે અનુભવ જ્ઞાન. અજ્ઞાની ને જ્ઞાની વિષય ખોટા ભૂખ લાગી એટલે સુખ થઇ રહ્યું. ભગવાન સત્ય તે જેટલું સંભારે તેટલું સુખ માણીને ઇંટાળો મારે તો ખાલી જાય ? તેમ ભગવાનનું ઠાલું ના જાય. પ્રભુ ભજે તે નકામું જાય જ નહિ. માટે ભક્તચિંતામણી, વચનામૃત, લીલામૃત, જ્ઞાનગીતા વગેરે વાંચવા જેવા છે.

જેને પુણ્ય હોય તેને છોકરાં ના થાય-તેમાં સમજણનું સુખ છે. આંખો મીંચીને બેસવાનું તેમાં છોકરાં હોય તો તેની પ્રવૃત્તિ કરવી પડે. ને છોકરો હોય તો હવેલી કરવાનું મન થાય. છોકરાંવાળાને મન પાછું ના પડે. ના હોય તો વૃત્તિઓ દોડે નહિ-સમજણ હોય તો.

જ્ઞાન હું અક્ષર છું-એ જ જ્ઞાન. જ્ઞાન હેતે સહીત ભગવાનમાં વળગી રહેવું

એ જ ભક્તિ, પંચરાત્રમાં ભગવાન સાકાર-જેવા મનુષ્યમાં છે તેવા સાકાર છે. વેદાંત અહિંસા એ જ પાપ. બીજું પાપ જ નથી.

મધ્ય-૧૦માં આ લોક છે તે નકલ રૂપ છે. ને પ્રભુ અસલરૂપ છે. તેમ ભગવાનની જુદી જુદી ક્રિયાને અનેક પ્રકારનું ચરિત્ર જે જાણે છે તેને અનેક પ્રકારનું સુખ આપે છે, આ તો બધા કહે છે તેથી અનુભવવાળા બોલે છે. જગતની તો નકલ પણ આ તો અસલ.

છપ્પન ભોગ-તેમાં જુદો જુદો સ્વાદ આવે છે જેને સ્વાદ આવે નહિ, તે શાનો ચાખવા જાય ?

''ભોગે રોગ ભયમ્, મારગે ચોર ભયમ્'' તેમ ઉત્તમ જ્ઞાની તે હડક લઇને ભય ભરે તે સ્વાદ નહિ તે ભૂખ ગઇ. સ્વાદમાં સ્થિર ના થવાય. સ્વાદને ગુણે પ્રભુનું સુખ ઓછું સાંભળે. પ્રથમ ૩૮ માં થોડુંક સમજતો હોય તો સ્થિર થઇ રહે તો તે સારૂં છે. પણ ઝાઝું ના સમજે તેને પ્રભુના ગુણ સંભારવા. ભગવાનની મુર્તિમાં સ્વાદ રહેલો છે તે ગુણને લઇને સંભારે તેમાં સુખ છે. ભગાવનનો જોગ ગમે તે કળાએ કરીને રાખે. રામાનંદનું દર્શન કરવા જતા હતા તે શ્રીજીમહારાજ ગબડી પડ્યા ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે ક્યારે આમ પહોંચાશે. જોગ કળા લો તે જોગ કળા લીધી જે ભૂજ પહોંચી ગયા. અનેક પ્રકારની કળા તે અનેક પ્રકારની ક્રિયામાં સંભારે તે સુખ છે. બીજુ શું ? ભગાવનની બધી ક્રિયામાં લખી છે તે જુદી જુદી લીલાને સંભારવી તે પેલા ગુણના જોગે કરીને સાંભરે છેલ્લાનું ૯ જાણપણાને દરવાજે રહે. વાણીયો સરવાળો કરે તો ખબર પડે તેમ એ જ કામમાં રચ્યો પચ્યો રહે તેમ તેને ખાવા મળતું હોય તેને અહિં રહે તો સુખ શાન્તિ રહે.

ભગવાનના ધામમાં કેમ કરી જવાય ? કાશીએ જતો હોય તો તે ઝટ ચાલે તો વહેલો પહોંચે તો પ્રવૃત્તિઓ ઓછી રાખે ને પ્રભુ સાંભરે ત્યારે વહેલું જવાય. ઘેર હોય ત્યારે આઠ દસ દહાડે સરવાળો કરે ને અહિં તો પરમાત્મા પ્રેરે તેટલું સાંભરે તે નકામું તો સાંભરે નહિ અને તે નૈમીષારણ્ય ક્ષેત્ર કહેવાય. તે કલ્યાણ જ છે. જ્યાં મન ઠરે ત્યાં જ કલ્યાણ. મન દૃઢ કરીને રહેવું એમ લખ્યું. અને ભક્તિમાં કેટલું વધ્યા તેનો નિત્ય સરવાળો કરવો. ઘેર હોઇએ ત્યારે મહીને કરવો. સંતસમાગમમાં તો નિત્ય પ્રત્યે લખ્યું તે ભેદ છે. બહુ વહેવારવાળાને વરસે જડે ને થોડા વહેવારવાળાને મહીને જડે. ને સત્સંગમાં તો વગર સંભાળે નિત્ય સાંભરે. પ્રથમ ૩૮મા પ્રમાણે સરવાળો કરવો.

કેમ કરવો તો સુખ શાન્તિ વધતી જાય ને અજ્ઞાન ટળતું જાય ને લાભ થાય તે પ્રમાણે કરવો. આપણે તો લાભના સગા તથા સ્વાર્થના સગા છીએ. વહેપારની માફક પ્રભુનું જ ગોટાળવું. વળી લાંબા વિચાર કરતા હોય તો જ્ઞાન વાપરવું, તે જનકનો દાખલો નવ યોગેશ્વર મળવા ગયા. તે બધાને બાથ ભરી તે માંહોમાંહી કહે છે કે આપણા જેટલી અક્કલ નથી તે મનમાં અકળાઇ રહ્યા. તે એકે એક ને મળ્યા તે કોઇ તર્ક થઇ ગયો તે તમે ગાંડુ કેમ કાઢ્યું તે કહે કે નવે નવને મળ્યો તે ક્ષણમાં મરી ગયો તો કોઇ રહી જાય. તે સાંભળતા નવનું અભિમાન ટળી ગયું તે જનક રાજા જ્ઞાની કહેવાયા. તે આપણે જાણવું કે વહેવાર કરવો તે સો વર્ષ જીવવું છે એમ જાણી કરવો અને ભક્તિ કરવી ત્યારે ક્ષણવારમાં દેહ પડશે એમ જાણી કરવી. એમ સ્વામીની વાતોમાં છે. અહીં રાતે સરવાળો કાઢવો. જો સરવાળો રાખે તો ઉમંગ વધે. વહેવારમાં જીવતાસુધી ખાવા મળતું હોય તેને મુદત જવા દેવી નહિ. ખેડુતને વાવણી ને ચાસણી જવા દેવી નહી. નોકરીવાળાને નોકરી ના જવા દેવી. ઓછું મળશે તો ઓછું વાપરશે. સૌ પેટના ચાકર છે. વેપારવાળાને મુદત ના જાય. ઓછી કમાઇ થશે તો સ્વામીની વાતોમાં છે. જે ગઢડે તીરથ કરતા તે ચાલતા જાય– સુરતના ભગત– તે મહીનાની કમાણી પંદર દહાડામાં થાય. આ તો સાચા સત્સંગની વાત છે. તમે જાણો કે આપણા પંદર દહાડા ગયા પણ નહિ જવા દઉં. તે એક ના આવ્યો તે મહીનાવાળાને સીત્તેર રૂપીયા મળ્યા તે પંદર દિવસવાળા સત્સંગીને રૂા. ૧૦૦ મળ્યા તે સંતનો સંગ કહેવાય જે પંચાળા ૧ તે સંતને સંગે કિંચિત સંગે તે ગુણ વર્તે માટે તેમાં મન રમાડવું તે સુખની વાતો છે. તે પ્રથમ ૪૯માં છે જે તે ભગવાનની કથા કીર્તન ને ધ્યાન તે અમે કરી છીએ તેમ તમે કરજો તે સાંગળુ કર્યું તે વિક્તિ ના કરી. સત્વમાં સ્થિર થઇને રહેવું. રજ તમમાં ના કરવું તે પ્રથમ ૧૯માં લખ્યું છે જે નિર્ગુણમાં ભેદ નથી. નિર્ગુણ ભાવ તે સદ્ગુરૂની જોડે બેસનાર છે તેને પ્રથમ ૧૯મા છે જે સંકલ્પરૂપી હથોડો ને તે ગુણને જોગે કરીને ટળે ને હજાર કામ હોય ને સ્થિર જ થઇ જવાય તે નિર્ગુણ ભાવ છે. સત્વમાં ત્રણ ભેદ શુદ્ધ, મલીન ને નયણો. તે તોડ ના આવે છેલ્લાનું ૧૭. અમારા હોય તેણે જડ ભરતની માફક વર્તવું. જડનું અપમાન તે મમરો મુક્યો કે છેલ્લાનું ૧૭. જે પ્રકારે ભગવાનમાં વૃત્તિ રહે તેમ કરવું. તે ફોડ પાડે ફાવે નહિ. તે જેણે કરીને ભગવાન સાંભરે તેમાં મેલવું તે બહુ વિચારવાળો હોય તેને સમજણ પડે. વહેવારવાળાને તો જેમ તેમ કરીને સંભારવા એ ટુંકો રસ્તો. બહુ નવરાશવાળાને તો ફોડ પાડવા.

મેં તો ઘણા ગુરુ કર્યા. વળી રમતમાં મારો નંબર પહેલો. વળી નિશાળમાં

પણ પહેલો નંબર રાખું. તે ભૂલ ના પડવા દઉં. તે એક વખત બીજો નંબર ગયો તે નંબર પુરાવા માંડ્યા ત્યારે દસમા નંબરે બેઠો જાણે હું મીડું ભુસી નાંખીશ. તે માસ્તર ખાવા ગયા ત્યાં સુધી મીડું ભુસી નાંખ્યું. ગુરુ મળ્યા તે મેં કહ્યું જે કેમ કરી આગળ વધાય તે મેં તો ઘાંચી જેવો વેશ ધારણ કર્યો. તે મને પ્રાગજી મહારાજ ગાંડીઓ કહેતા. તેમ જ્ઞાનીને સમજણ રાખીને વિચાર કરવો કે કેમ આગળ નથી વધાતું તે ભક્તચિંતામણી બીજામાં લખ્યું-સદાગ્રહમાં રહેવું આનંદ-વળી ''અહો જે હું રે કોણ ને ક્યાં જઇશ રે'' માટે શાસ્ત્ર કહે પાર આવે નહિ. હું ખેતરમાં દીવો લઇને જઉં ને ત્યાં શાસ્ત્ર વાંચુ. ''હું બલીહારી રે વૈરાગ્યને''-

આપણને પ્રભુ મળ્યા ત્યારે તન મન અર્પણ કર્યું તે સુખ દુઃખ આવે તેમાં શાન્તિ માનવી તે દુઃખય થાયને સુખય થાય. છેલ્લાનું ૩૩. તે કો ફરે તે ઓળખાણ થઇ જાય. તે જેમ મહેતો, મહાલકારી તે કચેરીમાં જાય અને પરિચયમાં આવે તો ઓળખાય તેમ સંતસમાગમમાં આવતો હોય તે પોતાની બુદ્ધિથી ઓળખાય. તે નિષ્કામવાળાની વાત છે. વરતાલ-૧૯-ઓળખાણ થઇ તે ભગત થયો. તે ગમે તે કરે તોય ઓળખાણે ભગત થયો. ને મનોરથ પુરા થાય સકામવાળાને મનોરથ કરે તે સુખ થાય ને દુઃખેય થાય. પેલાને તો જે નજર નાંખે તે સુખ જ થાય. ભગવાનનું સુખ તે સત્સંગ કહે છે. કારિયાણી ૩. તેના કામ ક્રોધ બળી જાય છે.

છેલ્લાનું ૧૩. કૃપા થાય તો બધું થાય. ''સંત કૃપાએ સુખ ઉપજે-સંત કૃપાએ સદમતિ જાગે.'' કૃપા કરે પણ નિષ્કામવાળાને શુભ કરે પણ સંકલ્પવાળાને ના કરે. પણ સંકલ્પ સત્ય થવાના તો ખરા. બેયના થવાના. ચોરો હોય ને મેતો મરી જાય તો પણ ના જાય તેમ સાધુ જુદો ને સાધુતા જુદુ તે પણ જુદુ છે.

''સંત કૃપા વિના સાધુતા''- હવે સેવ્યાનો શો અર્થ ? મધ્ય ૧૯. ભગવાનના સંત છે તે ભગવાનને અખંડ જોઇ રહ્યા છે એ સેવા છે. ગુણ વર્તે તો ગાતા જાય ને ડોલતા જાય છે તે બે સેવ્યાનો અર્થ છે. ''સંત સેવ્યા તેને સર્વ સેવ્યા.'' હવે ભગવાનની તુલ્ય તે ભગવાનનો વાસો હોય તે સંત કહ્યા. સંત તે જ હરિ તે કહ્યે પાર ના આવે તે વાંચી લેવું. જે પગ દાબે તે નહિ પણ એક નજરે જોઇ રહેવું તેને સેવ્યા કહેવાય. આ લોકમાં જે સહેવાસ કરે તે આ લોકના પદાર્થે રાજી ના થાય તે ગુરુ રાજી થાય ને સદ્‌ગુરુ ના થાય. ''સંત સમાન એકે નહિ'' હવે પારસમણી તે લોકનું છે ને આતો આ લોકને પરલોકનું છે ''એવા સંત શિરોમણી નથી ત્રિલોકમાં'' ભગવાન બેયનું કામ કરે છે. પેલાં છે તે ખરાં છે પણ દુધ પાણીમાંથી બન્યું છે તેમાં ખરૂ માને

તેથી જે સંતની સેવા સહેવાસ તે અહો અહો થાય. "અખંડ આનંદ આપી જીવને રે" એટલે આમાં સુખ છે કે આમાં તે બધું કાપી નાંખ્યું ભગવાનને કહે છે. "ધન્ય ધન્ય આ અવતારને રે" પોતાની વાત જુદી રહી. પેલો ભગત કહે છે – સ્વામિનારાયણ તો જેવી જોડ કોઇ નથી. જેને જેવા મલ્યા તે જોવા જેવી જોડ ના રાખી. હવે પોતાને કહે છે ભલા આ મનુષ્ય દેહ આવ્યો તે ભગવાન મલ્યા તે ધન્ય છે તે ફોડ વ્યાકરણ વાળો જાણે. બહુ વિચારવાળાની વાત છે. "એવા સંત જોયા નથી" ચાર પ્રકારના પુરુષ તેને સ્વાર્થ છે. વડવાનળ જેવા ચહાય તે કરે. એને કાંઇ બીક નથી. મહંત પુરુષનો શોધ્યો શત્રુ ના જડે તે કામ ક્રોધ લોભ જીતેલા તે કાઢી મુકેલા નહિ.

મહુધાથી ચીમનલાલને પ્રેર્યું કે નડીયાદથી તે ઉપર વાત જે બ્રહ્મચારી પ્રભુ પ્રેરે છે તે કંઇ ખોટ નથી તે જ પ્રેરનારને ખબર પડે કે આ તો હું કરું છું એમ થઇ જાય છે. સચ્ચિદાનંદ મનમાં રહ્યા છે તેમણે પ્રેર્યું તે સમજાયું નહી કે સાક્ષીમાંથી કે મનમાંથી ઉપડ્યું કે ઇન્દ્રિયોમાંથી ઉપડ્યું. નારદજીને મનમાંથી ઉપડ્યું તે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર તે દસેય જોઇ રહ્યા છે પણ કહેતા નથી. તે જ નારદજીએ જોયું તો પરણ્યાનું મન ઉપડ્યું તે વિચાર ના કર્યો કે ક્યાંથી ઉપડ્યું, તેમણે દક્ષના દીકરા સો ત્યાગી કર્યા તે દક્ષે શાપ દીધો કે ગાય દોહવે ત્યાં સુધી એક જગાએ રહી શકાશે નહિ. માટે કહેવાનું શું જે સાક્ષીમાંથી ઉપડે છે કે જીવમાંથી તેનો વિચાર કરવાનો. કરાલીના પાટીદાર તેણે એકાંતે બેસી ૪૦ વર્ષ ધ્યાન કર્યું તે જ જીવમાં એવું રહી ગયું કે હું વરતાલની ગાદી લઉં તે બળ આવ્યું ને હિંમત પહોંચી તે જીવમાંથી ઉપડ્યું. ચતુરલાલને સાક્ષીમાંથી ઉપડ્યું ને નારદજીને મનમાંથી ઉપડ્યું. એક બાવો પ્રાગજી ભગતનો ચેલો તેને કાઢી મુક્યો તે દર્શન કરે. ને ત્રણ અહિં આવ્યા. બાવો કહે છે જે ચતુરબાપા વાણીયા વાડમાંથી નીકળે છે તે બધું દેખાયું–તરત આવ્યા– તે વિધિ કહી– તે સાક્ષીમાંથી ઉપડે તે વિચારીએ તો સમજણ પડે. તે મથુર માસ્તરને ઉપડેલું તે સટ્ટો મારવાનું કહ્યું. ને શેઠે તેમ કર્યું તે બે લાખ મળ્યા તોય એવો કૃતઘ્ની તે શેઠે પાઇ ન આપી. તે કંઇથી ઉપડ્યું તે તેને ખબર ના પડી. માટે બહુ ઝીણી બુદ્ધિ હોય તો જ સમજણ પડે.

નૈમીષારણ્ય ક્ષેત્રે છે ત્યાં ભૂખ લાગે નહિ હરિભગત પોતાના અનુભવ મેળવે તો ખબર પડે. ભગવાનની બધી સત્તા છે તે બધી સમજણ પડી. તે "મુખલડું જોતાં મારી ભુખલડી ભાગી."

એક ભગત એવો તે જન્મ્યો એવો નાઠો તે કથા યુગની વાતે તે વિચારવું. સવાસો વર્ષ સુધી ડચકાં ખાધાં. તે પરાણે જીવ ગયો. બીજું ભરતજી હતા તે ભગતજી હતા તે વાસના રહી ગઇ. તે મૃગલું થયા. તે બચ્ચું પાળ્યું તે વિચાર થયો તે કશું ખાધું પીધું નહિ અને દેહ પડી ગયો. તે મુક્ત થઇ ગયા. તે સત્‌યુગની વાત. બ્રાહ્મણ હતા તે મૃગલીમાં હેત રહ્યું. તે બ્રાહ્મણને જ્ઞાન થયું તે ઓર લઇને નાઠો. અરે આ કાંઇ આવ્યો તે વનમાં જતો રહ્યો. તે સત્વમાં જાય તો વનમાં જવાય. ભગવાનમાં વૃત્તિ રાખવી બહુ કઠણ છે.

સદ્‌ગુરૂ હોય તો અનુભવની વાત છે. શાસ્ત્રવાળે ફોડ ના પડ્યો જે આત્મા જોવા ના ઇચ્છે તે અજ્ઞાનીમાં અજ્ઞાની નીચમાં નીચ ને તે જોવાને ઇચ્છે તો સકામ થાય. એમ જુદો ફોડ ના પાડ્યો. તે વાદીના બોલ કે પ્રતિવાદીના તે મુક્ત હોય તે પરભુ દેખાયા. તે જ તેજં આત્માનો પ્રકાશ માટે તે સકામ ભક્ત છે. તે પામરને વિષયી ભગત એમ નથી જાણતો જે આમાં મેલવાનું છે ને આમાં લેવાનું છે. સદ્‌ગુરૂની પાછળ ફરનારને તો જગત તણખલા શું જાણું ? તે પેલો ભગત ચોરમાંથી નાઠો તે સમજાયું નહિ. તે મોટામાંથી મોટું સુખ તે તો ક્યાં છે તેનો ફોડ ના પાડ્યો. આંખો મીંચીને અંધારામાં દેખાયું તે જ આત્મા દેખાયો. **''જજ્જા ઝાંખી જોને દેહ''** તે મન સ્થિર હોય તો કંપારા વછુટે. તે તેજ દેખાય તો એમ કરે ઝાંખી થાય પણ એમ ચોખ્ખું ના કહે કે દર્શન થાય છે. એવી જુદી બોલી છે. ''અષાઢી મેઘ આવી મળ્યા'' તે જગતનાં માન મોટપ સુખ તે ઝાકળ જેવાં થઇ જાય. તે બધું મટી જઇ સદ્‌ગુરૂ પાછળ આનંદની સેર્યો છુટે. ભમરાના પેટમાં નથી પણ ગણગણ થાય. હનુમાનજીને કહ્યું કે ક્યાં રામ છે ? તો ચીરીને બતાવ્યું. તે બધાં રૂવાડાં રામ રામ કરે. તે ગુંજાર કર્યા કરે. તે શી ખબર પડે તો રૂવાડાં ઉંચાં થઇને ટેકરીઓ થાય. જ્યારે નામ લે ત્યારે અજવાળું પ્રકાશ તે આંખો મીંચીને દેખાય ને આત્મામાં પરમાત્મા છે. તે મૃગના માથામાં કસ્તુરી પણ ખબર ના પડે.

**''દદ્દા દેહ દેવળમાં દેવ''** પેટમાં ભગવાન દેખાય તે શું કે બહાર શું કરવાનું કે જોઇ રહેવાનું ને ગાતા જવાનું ને ડોલવાનું. જ્ઞાનનું અજવાળું જુદુ ને સૂર્યનું જુદુ તે ભણેલા અંગ્રેજી ઉકેલે અને અભણને તો લીટા દેખાય. રાત્રે આ દેવ મેલ્યાને દહાડે સૂર્ય અજવાળું મુક્યું તે જ્ઞાનનું અજવાળું. માટે સદ્‌ગુરૂ કેડે ફરે તેને માતામહાદેવમાં

હેત ન થાય. પ્રથમ ૧. દેહમાં જીવ દેખાતો નથી પણ રહ્યો છે. જીવમાં પ્રભુ રહ્યા છે તે દેખાતા નથી પણ રહ્યા છે. તે સદ્‌ગુરૂથી ઓળખાય. ગુરૂ કોણ તો શાસ્ત્ર વાંચીને જ્ઞાન કરે તે અને સદ્‌ગુરૂ તો કહેલું દેખાડી દે. તે આતો હૃદયમાં રંગ લાગે જ્ઞાનનું અજવાળું બે પ્રકારનું તે આંખ્યો મીંચીએ ને પ્રેમનું અજવાળું ને ઘટનું અજવાળું તે જગતને પુરુષ દેખે. ને પ્રભુને પુરુષોત્તમ દેખે-જ્ઞાન થયું હોય તે અને અજ્ઞાનવાળો તો એમ દેખે કે આ તો બૈરાં છોકરાં વાળો છે.

''અહો ભાગ્ય'' જેણે ભગવાન સાથે સબંધ કર્યો તેનાં મોટાં ભાગ્ય છે તે ભાઇબંધ કહેવાય.

બ્રહ્મનું સુખ મળ્યું માટે અવાય ના અવાય તો ફીકર નહિ. શાસ્ત્રમાં લખ્યું છે જે મેં તેરી જકડમાં તો તું મારી ફકરમાં તે ભક્તિનું બળ જોઇએ તો દ્રોપદી કહેવા નહોતાં ગયાં કે મારી લાજ રાખજો પણ નવસો નવ્વાણું ચીર પુર્યાં. કંઇ સુદામાં કહેવા નહોતા ગયા. પણ બધાની રક્ષા થઇ. રામાયણમાં શાખ છે જે ''રામ ઝરૂખે બેઠ કર'' પુરુષપ્રયત્ન સારૂ કરવું તે ભુડું ફળ આવે જ નહિ.

અહિં આવતાં પહેલાં તો નાકાદાર ખાળે. કહેતાં દેહરૂપી નગરમાં મનરૂપી સુબો છે તે ઠરાવ કરી રાખેલો તે નાકાદાર એટલે મોંઢામાં વધારે પેસવા ના દે તે પેસી જાય તો નડે જ નહિ. સદ્‌ગુરૂ પાછળ ફરનારને અનેક જાતના પરચા મળે જરાય અતડુ લાગેજ નહિ. સુખ સુખને સુખ. ગુરુ ને સદ્‌ગુરુનાં લક્ષણ છુપાં રહેજ નહિ. ગુરૂ આવે તે સામાની પીડા જાણે નહિ. સદ્‌ગુરૂ સામાની પીડા જાણે. દત્તાત્રેયે ચોવીસ ગુરુ કર્યા. તેમાં મહત્ પુરુષને ગુરૂ કર્યાં તે લખ્યું જે મહત્ પુરુષ સામાની પીડાને જાણે ઉંઘના સુખમાં બધું ભુલી જવાય છે તો બ્રહ્માના સુખમાં તો કશી સુરતા રહે જ નહિ.

શિક્ષાપત્રી સ્વામિનારાયણે કરી તે ૧૨૦ શ્લોકમાં આચાર વ્યવહાર વગેરે જણાવેલ છે તે આચાર, વ્યવહાર, પ્રાયશ્ચિત તે દરેકને માથે પાળવાના છે. તે છોમાં દેશ, કામ, અવસ્થા, જાતિ, સામર્થ્ય, દ્રવ્ય એ જોઇને વર્તવાનું છે. દેહ રહે ત્યાં સુધી વ્યવહાર રાખવો જ્ઞાનીને અજ્ઞાની થવું ને અજ્ઞાનીને જ્ઞાની થવું તે શું તો ધુળાભાઇ

માફક ઉન્મત્ત થઇને ભેળાવવાનો વિચાર ના કરવો. અજ્ઞાની કહેતાં જગત ડરે છે તેમ કરવું. એંસી વરસની ડોસી મરે ત્યારે ગીત ના ગવાય એ તો કુકવો કરે ત્યારે રડવું જ પડે તેમ અજ્ઞાનીને જ્ઞાની થવું તે શું તો જગતમાં હાણ વૃદ્ધિ થાય તો શોક ના કરવો માટે ભાઇ ઉન્મત્ત ના થાવું. અથવા છકી ન જાવું બધુ મનમાં ખોટું છે. પણ વ્યવહાર તો અજ્ઞાનીની પેઠે જ કરવો.

સૌથી ઉત્તમ પુરુષોત્તમ તે વધારે સુખ મનાયું. મને માન્યું તે ઉત્તમ ઉત્તમ સુખ મલ્યું ને જન્મ મરણ આવે જ નહિ. ભરતજીનો રડતાં જીવ પડ્યો તે મૃગલું થયા તે દયા ડાકણને ખાય. માટે જ્ઞાની મારો આત્મા દુઃખ અજ્ઞાનનું છે. આ દેહનો કોઇ સગો નથી તેને ક્યાંથી જન્મ મરણ આવે? સદ્ગુરૂ મળે તો જ મુક્તિ મળે ઘર ધણી વગર કોઇ લઇ જાય. માટે ભગવાનના ઘરને તાળું મારેલું તે કુંચી કોને હાથ તે જે ભગવાનને પહોંચેલો તેને હાથ કુંચી તે જો ભગાવનનો નિશ્ચય હોય તો કેડે ફરે તેને હાથ કુંચી. આપણે મોં જોઇને કુંચી હાથમાં આવીને એમને જ્ઞાને કરીને એમ જાણે કે ભગવાન પાસે જાવું છે પણ કુંચી નહિ હાથમાં એ કોઇક જન્મે ફળે ને ભગવાનનો મેળાપ થાય.

વચનામૃત પ્રથમ ૬૮ માં અષ્ટ પ્રકારની મુર્તિ તેમાં નવમી સંતરૂપ મુર્તિ કહી તે તેનો નિશ્ચય હોય ને પગે લાગે તો ચાર પ્રકાર પુરો થઇ પાંચમો બેઠો પાંચમામાં તૃષા લાગે નહિ. તે આ ઈર્ષા કેમ ના આવી તો કહે કે સુખે કરીને મનુષ્ય રૂપી મુર્ખ છે તે ઈર્ષા દબાઇ ગઇ. ખાવા પીવા મન સંકલ્પ કરે નહિ તે ચોવીસ કલાક થાય ત્યારે તેને સોળ આની નિશ્ચય થયો. તે સભામાં બેસે તેટલો તેને નિશ્ચય છે. તે ચોવીસ કલાકની હદ બાંધી તે સોળઆની એટલે સોળ દોઢુ ચોવીસ ને દોઢ કલાક જો ખાવા પીવાનું ના થાય તો એક આની નિશ્ચય થયો તેમ જો ચોવીસ કલાક બેસીએ ને ખાવા પીવાનું મન ના થાય. લોયા ૧૨ તથા ભાગવત એકાદશ ૧૫ મા અધ્યાયમાં કે ક્ષુધા તૃષા લાગે નહિ. તે સિદ્ધિઓથી વ્યવહાર ચાલે પણ જગતમાં ના ચાલે. ઉન્મત્ત થઇ ગયો કહેવાય. તે પ્રથમ ૨૪ જો ભગવાન કૃપા કરે અને વ્યવહાર ઉલટો વર્તે તો છકી ગયો કહેવાય. માટે તેને છકી જવુ નહી. વ્યવહાર સિદ્ધિઓ વડે ચાલવાનો. છકી ના જવું. તે પાંચમામાં એવું સુખ આવે તે થોડું ખાવું પણ ઉન્મત્ત ના થવું. શિક્ષાપત્રીમાં લખ્યું છે કે છકી જાય

તેને દેવતામાં નાંખી દો તે બળી જાય. અજ્ઞાની કોઇ તો જે દુઃખમાં સુખ માને ને દુઃખમાં દુઃખ માની જ્ઞાની થવું. હવે જ્ઞાનીને શું ? કે કશુ થાય નહિ તે ભગવાનના સુખે કંઇ ના થાય ને જો પોતાના ઉમંગથી વર્તે તો તે છકી ગયો. ભગવાન હતા તે ત્રણ દહાડા ખાવા ના મળ્યું તે મુર્છા આવી વળી બીજું રામાનંદનું જે મુક્તાનંદ તથા મહારાજ પરાણે ગબડી પડ્યાં કેમકે લોક વ્યવહાર રાખ્યો નહિ. વળી જમાડે તે જમતા હશે તેમ થયું ખરૂ. માટે આપણા બાપ દાદાને ખાતા દીઠા છે માટે ખાવા ના જોઇએ પણ લોક વ્યવહારે મારૂ તારૂં કર્યું તે પંચાળા ૪ કે ભગવાનના દિવ્ય ચરિત્રને મનુષ્ય ચરિત્ર તેવા સત્તાવીશ લક્ષણ એ આદિક લક્ષણ કહ્યાં છે. દુનિયામાં અજ્ઞાનીની પેઠે વર્તવું. જો ના વર્તે તો ઉન્મત્ત થાય. આપણે સભામાં ચોવીસ કલાક બેસીએ તો પાંચ પ્રકારના નિશ્ચયમાં ના ઉંઘાય માટે સુવાય નહિ તો કેમ સુઇ જવાય છે, તો કહે હજુ એવા થયા નથી તે ક્યારે થવાય ? તે શાસ્ત્રમાં છે જે છ ચોપડીઓ છે તે લોયાના- ૧ ૨ માં છે તે ચોપડીઓ વાળે પ્રકાર કહ્યો તો જે પ્રભુ ગમે તેમ ક્રિયા કરે તો પણ નિશ્ચય રહે તો ચોથો નિશ્ચય થયો. હવે પાંચમો બેઠો તે જેટલા દોઢ કલાક બેસીએ તેટલો થયો તે એક સમૈયામાં વાનગી દેખાડી. તે ચાર વાગે ઉઠ્યા રાત્રે, તે મહારાજ આખો દહાડો હિંચકે બેસી રહ્યા તે દિવસ આથમી રાતના આઠ વાગ્યા તે કોઇએ કંઇ માગ્યું નહિ, તે મહારાજ બોલ્યા જે કંઇ ખાવા પીવા તો માગો. તો કહે હજુ સવાર તો થવા ઘો. ત્યારે મહારાજ બોલ્યા જે આ તો બીજો દહાડો થઇને બીજી રાત થઇ તે બહાર ગામમાં જઇને પૂછ્યું તો કહે કેટલી રાત છે ? તો જવાબ મળ્યો કે ગાંડો થઇ ગયો. એ તો વાળુ કરીને બેઠેલાં. કહેવાનું શું જે નકલ દેખાડી. માટે ખાવા પીવા કશું જોઇએ નહિ તે તો કૃપાથી દેખાડ્યું. જળ બુડાડે નહિ, ઝેર ચઢે નહિ, અગ્નિ બાળે નહિ તે નકલો દેખાડી. તે મહી નદીમાં બુડાડ્યા તે ઘેર જઇ શું મોઢું દેખાડીશું. પરંતુ એ તો ટપોટપ બધાં નીકળી બહાર આવ્યાં. વળી એક પાઘડી પલળી નહિ તેમ છોડીઓ કહે પાણીમાં પ્રભુ મને દોરતા હતા. વળી ઝેર ખવરાવ્યું તે બધાંને મરવાની તૈયારીઓ થઇ. ''જીભ ટુંકી પડીને તૂટી નાડીઓ રે'' પણ સવારે પાંચ વાગે ગાડીનો વખત થયો તે બધાં જતાં રહ્યાં. ગુરુ તો વાંચી બતાવે તે સંભળાય. પણ સદ્‌ગુરુથી તો સમજાય ને તે ખરી વાત છે જે કહ્યા પ્રમાણે કરી બતાવે. માટે આ તો પાંચ પ્રકારનો નિશ્ચય માટે તે સિદ્ધિઓએ ચાલે. સત્ત્વની જુદીને શાંતિની જુદી એવી અનેક પ્રકારની સિદ્ધિઓ વડે ચાલે. તે સિદ્ધિઓ ગ્રહણ કરવી નહિ. જો કાચો ભક્ત હોય તો તે લોભાઇ જાય. માટે સૌ સૌનું જેમ ચાલતું હોય તેમ ચાલવા દેવું. તે દેહનો જુદો વહેવાર ને આત્માનો વહેવાર તે તો

અલગ રાખવા. જેને ભગવાનનો નિશ્ચય થાય છે તે ભગત થાય છે. તે શિક્ષાપત્રીમાં લખ્યું જે મુર્તિવાળાને બધું વર્તવું ને અમારા હોય તેણે તો જડભરતની માફક વર્તવું. જે પ્રકારે ભગવાનમાં વૃત્તિ રહે તેમ કરવું. તે તો તરજુમો લખ્યો કે જે પ્રકારે જેમ વૃત્તિ રહે તેમ રહેતા હતા. માટે જેમાં વિઘ્ન ઓછું થાય તેમ વર્તવું. પણ જેને મોઢું જોવું હોય તેને તો પાપ બળી જાય. નવ પ્રકારનો તે ભગત થઇ ગયો તે મનોરથ કરે તે સત્ય થાય. વળી સંકલ્પ સત્ય થાય પણ વ્યવહારમાં જેમ ઘટે તેમ કરવું. પણ સિદ્ધિઓ ગ્રહણ ન કરવી. મધ્ય ૬૦ જો સિદ્ધિઓમાં હેત છે તો ભક્તિમાંથી પડ્યો તે તો છકી ગયો, તે વળી સુવાનું આપણે લખ્યું નથી. તે જેટલો નિશ્ચય થયો છે તેટલું સુખ વૃદ્ધિને પામે. સામર્થીવૃદ્ધિને પામે. પછી દીવા જેવો થાય. મસાલ જેવો થાય. પછી તેજ જેવો થાય. પછી જે બ્રહ્મરૂપ નથી થયો ત્યાં સુધી અધિકારી નથી થયો. તે ચોવીસ કલાકમાં થોડું સુખ આવે તે ઉમેદવાર છે તે જેમ અધિકારી થશો તેમ બધું ઓછું થશે. વળી થોડા અધિકારી થયા છો. બ્રહ્મ મુહૂર્તમાં વૃત્તિ સ્થિર થાય માટે કહેવાનું શું જે ચાર વાગ્યા પછી સુવાય જ નહિ. રામાનંદસ્વામીને સ્નાન કરતા તે પહોર રાતે ઉઠવું. તે ભક્તચિંતામણીમાં આવે છે તે બેસતા કેમ નથી ? માટે અધિકારી થયા છો પણ કેમ બેસતા નથી ? ઉંઘવું હોય તે ઉંઘે અને બેસવું હોય તે બેસે. પણ લોક વહેવાર રાખવો. નહિ તો છકી જવાય પ્રથમ ૨૪ કરાલીના નાથાભાઇ તે અહિં આવ્યા છે તે કોઇને પૂછ્યું નથી કે કયુ ગામ. ફક્ત મુરતિ જોઇ રહે તેમ કરતાં ભજનનું સુખ વધ્યું તે છક ચઢ્યો જીવ બળને પામ્યો. પણ વાસના રહી તે જીવમાંથી વાસના નીકળી. તે મહારાજને કહે જે મારે વરતાલની ગાદીએ બેસવું છે મુહૂર્ત છે તે મને નવરાવો. તમે શ્રીકૃષ્ણને હું પુરુષોત્તમ, તે મહારાજે નવરાવ્યા. પણ કહ્યું કે વરતાલ ના જશો. પણ ગયા તે કાઢી મૂક્યા.

પંચાળાના ૧ પ્રમાણે કિંચિત સબંધે કરીને સુખીયા છે ને વડતાલ ૧૯ માં જે જે મનોરથ કરે તે સત્ય થાય તે માટે આપણે તો દુઃખ જ નથી. છેલ્લાના ૧૩ પ્રમાણે નિષ્કામ ભક્તિ કરવી. તે ભગવાનની ઇચ્છાએ કરીને જે સુખ દુઃખ આવે તે સહન કરવું માટે નયણું સુખ આવે તો સહેવું. શું કે કિંચિત સંબંધે તે નર્યુ સુખ આવે. વળી વડતાલ ૧૯ મા પ્રમાણે જે સંકલ્પ કરે તે સત્ય થાય. તે દુઃખ પણ થાય ને સુખ પણ થાય. બેય થાય. વળી સુળીનું કાંટે સરે માટે આપણે દુઃખ ક્યાંથી આવશે ? એ તો કોઠીમાં ઘઉં ભર્યા છે તો કોદરા ક્યાંથી નીકળવાના છે ? માટે નિષ્કામ ભક્તિ કરવી તે

નિષ્કામ ભક્તિ અમોને વહાલી છે ! મારી ભક્તિ કરે તેને દુઃખ ના આવે માટે નિષ્કામ ભક્તિ કરવી. વહેવાર મુકવો નહિ અને અજ્ઞાનીની પેઠે વર્તવું. માટે આ લોકમાં તો જેમ ચાલતું હોય તેમ જ ચાલવું. તે જયાં કુટવા જાય ત્યાં ગીત ના ગવાય માટે આ તો ભક્તિએ કરીને થવાનું છે. માટે દુઃખ વેઠી તપરૂપી દ્રવ્ય થયું ને આ તો બ્રહ્મરૂપી દ્રવ્ય તે છકી ના જવું. આપણા બાપ દાદાની રીત છે. પ્રાગજી મહારાજ હતા તે વહેલા સીવવા જાય તે બે આનામાં આખો દિવસ સીવે. માટે કોઇએ કોઇની ઇચ્છા રાખવી નહિ. આ તો સિદ્ધિઓએ કામ ચાલવાનું માટે લોભાશો નહિ. તે એક મથુર માસ્તર શિનોરના હતા. તેમણે આજ્ઞા વિરુદ્ધ નોકરી છોડી દઇ શેઠને ત્યાં રહ્યાં. તે શેઠને મથુર માસ્તરની સલાહથી સટ્ટામાં બે લાખ મળ્યા, તેથી મથુર માસ્તરને વિચાર થયો જે હું સટ્ટો કરૂં તે મામાને ત્યાં જઇ સટ્ટો માર્યો તે ૬૦ હજાર ગયા તે ૩૦ હજારની મિલ્કત તે મામાની ગઇ તે જેમ તેમ પુરુ કર્યું. માટે કહેવાનું શું જે વહેવાર મુકી સિદ્ધિઓ ગ્રહણ કરશો તો આવાં દુઃખ આવી પડશે તે તો પાકાને સિદ્ધિઓ આવે માટે નિષ્કામ ભક્તિ કરવી. નવી વાત નથી.

ન્હાવું ધોવું તે તો દેહનો ધર્મ કહ્યો અને આત્માનો તો જડભરતની માફક વર્તવું. એક વાણીયો તે ચાર દિવસ રહ્યો તે અહિં પ્રથમ આવ્યો અને કહ્યું જે હે મહારાજ આ અદૃશ્ય વસ્તુ છે તે મારે દૃશ્ય જોવી છે. આ પછી વચનામૃત કાઢીને બતાવ્યું જે જે અદૃશ્ય છે તે બધું દૃશ્ય દેખાય તે મોઢે કહેલું પણ સમજાયેલું નહિ. તે આ ભગવાન તો ચિંતામણી છે. અષ્ટ પ્રકારની મુર્તિ આમાં તો અનેક જન્મે મળે ને નવમી સંતરૂપી મુર્તિ તે તત્કાળ ફળ મળે. તે વાણીયો મોં બાંધી બેઠો. તે ત્યાં ને ત્યાં બેઠો. જડભરતની માફક. તે હાલવું નહિ, ચાલવું નહિ, ખાવું નહિ, પીવું નહિ. બધું જ બંધ-જડભરતની માફક અમારા હોય તેણે તે પ્રમાણે વર્તવું-તે છેલ્લાના ૧૭. જે પ્રકારે ભગવાનમાંથી વૃત્તિ તુટે નહિ તે પ્રમાણે વર્તવું. તે વાણીયો તો ચાર દહાડા બેઠો. તે મધ્ય ૨૨ પ્રમાણે મહારાજની નજરમાં હજારો માણસ જોયાં મેળામાં-તે અમદાવાદમાં નરનારાયણ પધરાવ્યા નથી અને માણસ પણ ના દેખાયાં-એમ વિસ્મૃતિ કરી નાંખી. એક મુસલમાન દોરડું લઇ જતો હતો તે દોરડું પડી ગયું તે કહે "પાયા સો નહોતા પાયા" એ સ્વામીની વાતોમાં છે તે લૌકિક ઘાટ ટાળી કાઢ્યા. તે ટાળવાનું શું પણ આવી રીતે ટાળવું તે મહારાજે કહ્યું કે અમે કરીએ છીએ અને તમે પણ તેમ કરજો. લૌકિક ઘાટ મટ્યા તે અલૌકિક વસ્તુ દેખાય. તે વાણીયાને દેખાયું.

દેવલોક ગોલોક બધું દેખાયું તે ઈદંગ બોલવા માંડ્યું. ધ્યાન કરે તો દેખાય તે મુર્તિનું ધ્યાન કરે તો બધું આવે. તે પેલાને બધું દેખાયું. અને જો હાલ્યો ચાલ્યો હોત તો ના દેખાત માટે લખ્યું જે અમારા હોય તેણે જડભરત માફક વર્તવું.

પ્રાગજી ભગત હતા તે વહેલા ઉઠી સીવવા જાય પંચાળા ૪ ભગવાનના મનુષ્ય ચરિત્રમાં કામ, ક્રોધ, મારૂં, તારું બધું આવે છે કેમ કે જીવનમાં સવાણ થાય. તે સજાતિ સજાતિમાં હેત થાય. "થયા મનોહર રે કે મોહન મનુષ્ય જેવા" દિવ્યભાવ છુપાવી રાખવો તે રીત છે.

કળીયુગમાં આવરદા થોડી ને ભક્તિ કેમ કરી ભેગી થાય તે અનેક જન્મ સુધી ભક્તિ કરે તો ભગવાનનો જોગ થાય. ને બ્રહ્મવિદ્યા લાંબીને આવરદા થોડી.

પાંચમાં પ્રકારમાં સિદ્ધિઓ પાડે અને છઠ્ઠામાં તેજ તેજ દેખાય. ભગવાનને નિરાકાર સમજે તો તેમાં પણ વિઘ્ન આવે ભગવાન સાકાર છે એમ સમજવું જોઈએ. આધાર ના મુકવો જોઈએ. આધાર મુકી દીધો એ જ નિરાકાર. આત્માનંદે શાસ્ત્રનો આધાર મુકી દીધો. ને કહે નિરાકાર ભગવાન તે સૂર્યનું તેજ તે ચાંદરણી ના દેખાય. તે ને ચંદ્રના તેજમાં ચાંદરણી દેખાય છે ગાઉ ગાઉ જઈએ તોય સૂર્યમાં દેખાતી નથી. તે ચરાચર તેજ આત્માનંદને દેખાયું તે લાખો ઘણું તેજ ભગવાનનું જબરૂં છે એમ સમજાયું નહિ ને આધાર મુકી દીધો તે બ્રહ્મ તેજ કરતાં ભગવાનનું તેજ વધારે છે તે ગેડ નહિ બેઠેલી. આતો ઉદ્ધવ અવતારને બધું દેખાડેલું કે હું વૃન્દાવનને ગોકુળમાં રહ્યો છું તે સાકારની ગેડ બેઠેલી સુખે કરીને એમ થયું જે એવી નહિ મળે વરણી પુરુષ તે વરણી ને ભગવાન વર-વર કન્યાને વરવા તૈયાર થયા તેમ સારંગપુર-૨ અખંડ વૃત્તિ રાખી રાધા જેવો ભગત થઈશ. ને લાખુ ગાઉ વાત કરે તો સાંભળવા તત્પર થાય. માટે જે ઈચ્છે તે થાય તે રામાનંદને વરણી કહ્યા ને સ્વામિનારાયણને વરણી કહ્યા તે પૂર્વે ભેગા રહેલા તે મુર્છા આવી ગઈ. રામાનંદસ્વામીને બ્રહ્મ મુહૂર્તમાં તેજ ને ભગવાન દેખાયા તે બધા સત્વને દાબી નાંખે પોતાનો પ્રકાશ જણાવે. બ્રહ્મ મુહૂર્ત તે ચાર વાગ્યાથી તે બ્રહ્મમાં ગુણ દબાઈ જાય ને સ્વાદ આવે.

સદ્‌ગુરૂ છે તે વિજળી વડવાનળ જેવા છે તે પૈસે રાજી ના થાય કેમ જે પૃથ્વી છે તે વાવે નહિ તોય ઉગે જાય છે. વઢે, ચરામાં, પડતરમાં બધે જ ઉગે છે તેમ વડવાનળ તે વિજળી જેવા તે ભરેલા છે. સેવા બે પ્રકારની તે દીવા મશાલ જેવા તે છેતરીને પગ ચંપાવે તે દૈહિક સેવા ને વિજળી વડવાનળ જેવાની સેવા તો મધ્ય ૧૯માં કે અક્ષરધામમાં ગયા તો કેટલાક ભગવાનની સેવામાં રહ્યા છે ને એક નજરે જોઇ રહ્યા છે ને મધ્યમ તો ગાતા જાય ને ડોલતા જાય છે તેથી સુખની સેર્યો છુટે છે. એ બેની સેવા તો તેમના સામું જોઇ રહેવું એ તો શુદ્ધ સત્વ ગુણની વાત ને અશુદ્ધ થાય તો ગાવું, ડોલવું ભગવાન સાંભરે ને શુભ ને બીજા ખરાબ થાય તે અશુભ. રજોગુણમાં કીર્તન ગાઇએ તો મુર્તિના ઘાટ બંધાય, કીર્તન ગાઇએ તેણે કરીને સુખના ફુવારા છુટે દીવા અને મશાલ જેવા તેમની માયિક સેવા છે તે વિષયને સુખે સુખી ને પેલા બ્રહ્મ સુખે સુખી છે. માટે સેવા કરવી. પૃથ્વીમાં પડે તે વાવતાં નથી પણ ઉગે છે તે હજારગણું લેવા વાવે છે તે એવો ગુણ તે હજારગણું આપે એવો ગુણ છે તેમ સદ્‌ગુરૂને હજારગણું આપવાનો સ્વભાવ છે. તે જેને હાથમાં હાથ, નાકમાં નાક તે સ્મૃતિ છે તે સંત એ જ હરિ છે. જુદા જાણવા નહિ. પ્રથમ ૨૭ ભગવાનની મુર્તિ તે હાથમાં હાથ ને પગમાં પગ તે સંતમાં ભગવાન રહ્યા છે. તે સ્મરીને ધર્મ જાણવો તે બે પ્રકારનો એકાંતિક ને દૈહિક. દેહ હાલે નહિ. હું આત્મા છું ને વેર બાંધવું રાગ સાથે તે ભક્તિ છે ને તેથી ભગવાન પમાય છે. ભક્તિમાતા એ કહ્યુ કે આવી ભક્તિ એ પ્રભુને પોકાય છે માટે આત્માના જુદા અને દેહના ધર્મ જુદા હિંસા એ જ પાપ. પ્રથમ ૩૪ માં કે કલેશ થાય છે. તે જ પાપ. હૈયું બળે તે જ પાપ. પરમાત્માથી નથી ડર્યો માટે ચોરી કે હિંસા થાય છે.

રજ, તમ, સત્વ, નિર્ગુણ ભાવ એ ચાર ને કથા, કીર્તન, ધ્યાન ને ભજન તે સૌ સૌના પ્રમાણે વર્તવું. નિર્ગુણમાં ધ્યાન, રજમાં કીર્તન અને તમમાં વાતો તે કહ્યું. મધ્ય ૪૯ જે અમે એમ કરીએ છીએ ને તમે પણ એમ જ કરજો.

આ લોકમાં ને પરલોકમાં જેમ થાય તેમ ખરૂં. ભેંત થા કે ભમરો થા. રામનો વાંદરાને ક્યાં નિશ્ચય હતો ? તે તો સ્વર્ગ શું ને નર્ક શું ? એ બધા તર્ક શું ? ગામ ધામ કશું નથી. આપણે બેજ છીએ. તને અને મને સુખ આપે તે મને માન્યું તે પુરુષ માત્રમાં

જે ઉત્તમ તે પુરુષોત્તમ તે એક જ હોય. રાજાને ચાર દીકરા તે એક જ ગાદીએ બેસે તે આવો કોઇ દીઠો નહિ. અંતર શાંતિ પડે તે પૂન્ય ને ધખે તે પાપ. માટે એ કચાબચનું કામ નથી. અમારે તો માર બુધુ ને કર સીધું. તર્ક ના કરવા. આપણે તો સુખના બેલી આત્માને શાંતિ થાય તે ખરૂ. હીરો તો લાખ ને બે લાખ અને કરોડનો હોય. સૌ સૌની જુદી જુદી સમજણો. પેલા રબારીની મતી જાડી તે રૂપિયાની બેઠી. તે શેઠના છોકરાને વધારે બેઠી. માટે આ તો સુખનો આધાર માટે પ્રગટમાં કચાબચ કરે પાર આવે નહિ. એક પુરુષોત્તમ જ છે. આ બધું ધુળ અને પાણીનું છું. આત્મા છે તે દેખાતો નથી ને દેખાય તો હું ને પરમાત્મા બે જ છીએ એ ઇદંગ દેખાય છે તે બધા દેખે છે. પ્રગટવાળાને જેટલું દીઠું તેટલો નિશ્ચય થવાનો માટે સાકાર છે. ના માને તો અટક્યો બ્રહ્મમાં લીન થાય. કૃષ્ણ મળ્યા તે લીન થાય. મધ્ય ૩૧ માં બ્રહ્મ માન્યો તે તો પરબ્રહ્મ થાય.

પરોક્ષની રીત જુદી અને પ્રત્યક્ષની જુદી તે ભેદ છે. તે ઉછેદીયા ઉપર બેઠા તે પામર વિષયનું ટોળું હોય તેની નાત જુદી જેમ રામાનંદ પ્રગટ કહેવાય પણ સમજણો જુદી. સ્વામિનારાયણ ગાદી ઉપર બેઠા તેની રીત જુદી. ગુણાતીતાનંદની રીત જુદી. વળી પ્રાગજી ગયા તેમની રીત જુદી -બંધનમાં રહ્યા હવે પ્રાગજી ભગત તે અવતાર પણ ઘરચીયું કરે. માટે પ્રગટને પ્રગટમાં બહુ પ્રકારના ભેદ ઉત્તમની વાત ગાદીમાં નહિ. પ્રાગજી મહારાજ બોલ્યા જે હવે કબજામાં નથી રહેવાનું અને ભક્તચિંતામણીમાં છે જે સત્સંગમાં ફેલાઇ ના જવું તે વાત અમને નથી મનાતી માટે વઢ્યા હશે, તે માટે તકરાર થઇ હશે તે બંધનમાં રહ્યા પણ હેતે સહિત રહેવાયું નહિ. બધા બંધનમાં રહ્યા. હવે બંધનમાં કેમ રહ્યા કે પ્રાગજી ભગતથી જવાય નહિ તે વરતાલના સાધુએ અરજી કરી જે નડીયાદના ધર્માદા આપતા નથી. જેથી વિહારીલાલજીએ પ્રાગજીભગતને ઉઘરાવવા મોકલ્યા. તે બધાએ ટપોટપ આપી દીધું. અને બધા ભગત થઇ ગયા. અને વરતાલ કાગળ લખ્યો જે ફરી મોકલશો તો આખો ભગવાન થઇ જઇશ. તે શું તો અડધો ભગવાન તે અડધા હશે ? ના પણ બંધનમાં હતા તેથી એમ કહ્યું. પ્રાગજી ભગત કહેતા જે બહુ બંધનમાં રહ્યા તે હવે માથે છેડો નાંખવો છે.

તેમ આત્માની રીત જુદી ને આત્માને પરમાત્મા એ જ છે. મધ્ય ૮ મરીને જવાનું તે જીવતાં જ મળ્યું છે. છતા દેહે ભગવાન ધામમાં જ છે. પ્રથમ ૧ ભગવાનની મુર્તિ તે જેટલી વૃત્તિ રાખે તેટલી બધી દશ્ય દેખાય. તે શ્રીજીમહારાજ કહેતા કે રામાનંદને હું દેખું છું તે તો પ્રગટના જેવો બદલો વળતો નથી કેમકે જીવ, ઇશ્વર, માયા, બ્રહ્મ ને પરબ્રહ્મ તે મુદ્દે એક જ છે પણ છકું નથી.

ભગવાન વગર બીજો ઘાટ થાય તે કનિષ્ટની વાતો લખી. પ્રથમ ૪૪ સંકલ્પ થાય તો બળ બળતો ડાંમ દે એવો વસમો લાગે એ તો કનિષ્ટની વાત તે પુરુષોત્તમ વિના છે જ નહિ. તે તો ''ખખ્ખા ખાંડનાં બીબાં ભરે'' તે આ બધું દેખાય છે તે ધુળ ને પાણી બે જ છે. ગધેડામાંથી ગધેડું થાય તે બીજું હતું તેવું બિંબુ નીકળ્યું તે ઉત્તમની વાતો હવે ખાંડના બિંબા તે બ્રહ્માએ ભર્યા છે. પાણીને ખાંડ બેજ તે એક જ ભાવ. તે બીબાં જુદાં જે રમકડું લ્યો તો એક જ. ધુળને પાણી તે ધુળમાંથી થયું તે ધુળ જ ઉત્તમને તો ભગવાન વિના કશું દેખાતું જ નથી તે બધું લીન થઇ ગયું છે. એ તો ઉત્તમને પુરુષોત્તમ જ દેખાય. માટે એને માથે કંઇ ઘાટ સંકલ્પ દેખાય જ નહિ. તે ખાંડને પાણી બેજ દેખાય એક પુરુષોત્તમને જ દેખે. હવે મધ્યમની વાત તે જીવ ઇશ્વર માયા એવા પાંચ ભેદ છે. તે ભગવાન વિના બીજો ઘાટ થાય તે તો કનિષ્ટના ભાગમાં પડી ગયો તે જાણેને ભેદ જાણે તે મધ્યમ. એક જાણે તે ઉત્તમ છે. પ્રગટ પ્રગટમાં ભેદ છે. પણ દબાણમાં રહ્યું જેથી શિક્ષાપત્રીમાં લખ્યું કે રાધિકા સહિત ધ્યાન કરવું. ઉત્તમવાળાનો એક જન્મે, મધ્યમવાળો બે ચાર જન્મે અને કનિષ્ટવાળો અનેક જન્મે થાય. તે અવગુણ ના આવે તો તે મને જ પામે છે. બીજે ગતિ થતી નથી. ''માથા સાટે મળ્યા વનમાળી'' આવી આંટી પાડી હોય તો ઘાટ સંકલ્પ થાય નહિ એવી રીતે વર્તે ત્યારે એકતાર વૃત્તિ થઇ છતી દેહે ભગવાનના ધામમાં જાય છે. જેમ સુરો રણમાં કોઇને દેખે જ નહિ તેમ ઇન્દ્રિયોમાં એવું બેસારે કે માટી ને પાણી વગર છે જ નહિ. તો જ્યાં જુઓ ત્યાં પુરુષોત્તમ જ છે. બાકીનું બધું મધ્યમ ને કનિષ્ટની વાતો છે. જેને મનમાં આવે તે ખરૂં. સંભાર, સંભાર કરવું. આ મોઢું મુકીને બીજે જવાનું મન જાય જ નહિ. ઉત્તમને કશો ઘાટ થાય જ નહિ. તે ઘાટ જ ના મળે તો તે કુંવારો કહેવાય. અને કુંવારી વૃત્તિ થાય. પ્રથમ ૪૪. ડામ દે એવું વસમું લાગે. માટે ઘાટ રહે જ નહિ.

પ્રગટમાં ગમે તે પ્રકારે ભજે સ્નેહભાવે, વૈરભાવે તો પણ પરમપદને પામે છે.

નૈમીષારણ્ય ક્ષેત્રમાં મન તથા ઇન્દ્રિયો સ્થિર રહે છે. તે વખતે જે જે આજ્ઞા કરે તે પાળવી. કારણ કે મધ્ય ૫ર પ્રમાણે જે જે આજ્ઞા કરે તે સુખની જ હોય છે. દુઃખ આવે તો સમજાયું નહિ. સુખ મળે એવી હોય ને ના પામે તો અધિકારમાં ફેર પડે. માટે આ તો મુખે બોલે તે ફેર ના પડે. વળી આપણા બાપદાદામાં ગુણાતીતાનંદ છે તે ચાર વાગે ન્હાય તે ન્હાવાનું ના કહ્યું તે ન્હાય નહિ તે સનાતનીયા ઠરાવેલા તે કોઇ ન્હાય જ નહિ. માટે પ્રગટમાં ભેદ છે. પેલા પરોક્ષના રહેલા તે ચાર વાગે ન્હાય માટે આજ્ઞામાં રહે જ સુખ થાય.

એ પ્રમાણે દોઢ માસના સમૈયામાં જ્ઞાન કરી સમૈયો પુરો કર્યો અને તા.૨૨-૧૨-૧૯૩૫ સંવત ૧૯૯૨ના માગશર વદ ૧૨ ને રવિવારે મહારાજશ્રી વટવા પધાર્યા તે અમદાવાદ તરફના હરિભક્તો તેમની સાથે આવ્યા. અને ભરૂચ તરફના બીજે અઠવાડીએ ભરૂચ જતા સુધી ભાદરણમાં રહ્યા એમ કરી પ્રભુ પૂજન નિમિત્તે દોઢમાસનો સમૈયો કરી અપૂર્વ જ્ઞાન આપી હરિભક્તોને પુષ્કળ આનંદ કરાવ્યો.

તા. ૨૩-૧૨-૧૯૩૫ સોમવાર.

સવારે ભક્તચિંતામણી વાંચી ત્રીસ ચોસઠ પચીસ લક્ષણ સંતના આઠ ખુણાવાળા ગોટકામાંથી વાંચ્યાં. પછી ધુળાભાઇએ પ્રશ્ન પૂછ્યું જે રાત્રે સ્વપ્ન આવ્યું તે હુ તો બપોરે બાર વાગે ઉઠ્યો કારણ કે મન ઉઠવાનું થતું નહોતું. સ્વપ્નની વાત જે તમારી જોડે એક ગોરો જાડો છોકરો તે બેઠો હતો. પછી ટાંકીઓને લાડવા દીઠા તે શું ખરૂં કે ખોટું ? ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે ભગવાન દીઠા તે ખરૂં. કારણ કે રથને ઘોડા નિર્ગુણ થયા પછી ડૉક્ટરે પૂછ્યું કે ધુળાભાઇ એ છોકરો તે કોણ હતો ? ત્યારે ધુળાભાઇએ કહ્યું કે એ સ્વરૂપ તો મુનિ મહારાજના જેવું હતું.

મન કહે તેમ ના વર્તવું. મનની ભૂખે ના ખાવું નારદજી તપસ્વી હતા પણ

હાથ જોઇને કહેજે આ કન્યાને તો હું જ પરણું એવો છું. સૌભરી ઋષીને પરણવાનું મન થયું. માટે મનના કહ્યા પ્રમાણે ના વર્તવું. માગે એને ત્યાગે અને ત્યાગે એને આગે.

ઇન્દ્રિયો અંગ્રેજ જેવી છે તે પરવશ થઇ જવાય. પછી જેમ તેમ ખરૂં. માટે એમાં મેલવાનું છે તે જગતનો પાસ રહેલો. જનકને જ્ઞાન રહ્યું તે આ સરખું અને તે પણ સરખું. બ્રહ્માએ બધા પુતળાં સરખાં બનાવ્યાં છે. તે જનકના જેવી ગેડ બેઠેલી નહિ. નારદ, બ્રહ્મા એ એવા નથી તે એમ જાણે કે આ ધુળને પાણીનું છે. તો પછી ભગવાન વિના બીજું શું છે ? પણ વહેવાર છે તે સંભાળવું પડે. સાચી ગેડ બેઠી હોય તો મનમાં ને. જનકને બેઠી તે સુરભા જોઇને લોભાયા નહિ. પણ શિવજીને ગેડ બેઠેલી નહિ તે મોહિની સ્વરૂપ જોઇ પાછળ દોડ્યા. માટે સમજણ સાચી જોઇએ.

આપણે તો બધું જોઇએ સુખનું જોઇએ. દુઃખનું ના જોઇએ. ભાગવત્‌માં વાત છે જે કુંભારને કુંભારણ વઢ્યાં ને અગીયારસ કરીને સાંજે ભગવાન સોળ વરસના થઇને આવ્યા. તે પ્રભુને કહે જે ‘‘હે મહારાજ તમારા જેવો છોકરો થાય. બીજું કશું ના જોઇએ.’’ તે ભગવાન તો થયા પણ ખાવા મળ્યું નહિ. કેમકે માગેલું જે બીજું કશું ના જોઇએ. માટે આપણે તો બધું જ જોઇએ.

તા. ૫-૧-૧૯૩૬ રવિવાર.

અમદાવાદથી ખોળીયાં લઇ જીવણલાલ આવેલા તે મહારાજશ્રીએ વાત કરી જે ‘આંખ્યો મીંચીને ધ્યાન ધરે બહુ નામી. પોતાની ક્રિયા સામાને શીખવા માટે છે. એમને શાની મીંચવાની હોય ? બીજાને ગુણ આવે તે માટે વચનામૃતમાં લખ્યું જે પોતાનો નિત્ય કર્મ કર્યો તે બીજાને શીખવા માટે મહાપુરુષની ક્રિયા સર્વે જ્ઞાનરૂપ - બોલવું, ચાલવું, જોવું, વહેવાર કરવો તે સર્વે જ્ઞાનરૂપ છે. મોટા પુરુષ આંખ્યો મીંચે તે સામાને ઘાટ સંકલ્પ છે. માટે તે મીંચે. એમને મીંચવાની શી ? કંદોઇની પેઠે બધા જુદા ઘાટ પણ અંતે ખાંડના ખાંડ બીબાં જુદા પાડ્યાં. પણ ભાવ એક ખાંડની ખાંડ. તેમ મોટા પુરુષને બધુ ધુળ પાણીનું છે તે શું મીંચે ઉઘાડે પણ સામા માટે છે. એક જણે હવેલી કરાવેલી તે સ્વામીને જોવા તેડી ગયો તે ઘણી બતાવે જે આ તાકુ, આ જાળી, આ કબાટ પણ ગુણાતીતાનંદ સ્વામી તો ઉંચે જુવે જ નહિ. પછી બીજાએ કહ્યું જે

આટલા બધા પૈસા ખર્ચ્યા ને તમે તો જોતા જ નહોતા ત્યારે સ્વામીએ જવાબ દીધો જે બે હુંડલા વધારે ધુળનો ઢગલો કર્યો હશે તેમ મોટા પુરુષનું બોલવું, ચાલવું તેમાં જ્ઞાન જ હોય તેમણે બધું ધુળનું માનેલું તે શું આંખ્યો મીંચે પણ સામા સારૂં. મોટા પુરુષના સંગમાં સ્વાર્થ નથી. કામ ક્રોધાદિ જે દેખાય છે તે જીવને માટે સહેવાસ થાય. તેના માટે છે તે જેવો થાય ત્યારે સુવાણ થાય નહિ તો ઐશ્વર્ય છુપાવ્યાનું તાન છે. જીવના રૂડા માટે દોષ દેખાય છે બીજો ઘાટ થાય તો વસમું લાગે તે ઉતરતાની વાતો છે. ચઢતાની તો ધુળ વિના બીજું છે જ નહિ. તો ઘાટ શું ઘડે ? એને તો ચોખ્ખું ચટ છે. ઘાટ થાય જ શાનો ? જેમ ઇઝડો હોય તે બધો બાયડીનો વેશ બોલી ચાલી રાખે પણ સહેવાસથી ઓળખાઇ જાય તેમ ભગવાન સહેવાસથી ઓળખાય. પ્રભુનો તો સૌને ખપ છે પણ અનેક જન્મનાં સુકૃત હોય ત્યારે ધીરે ને જેમ નાણાવટી બેઠો છે બધાને આપવા પણ જોઇને ધીરે છે તેમ સુકૃત પ્રમાણે કોઇને હું મનાવી દઉં તેમ નથી, એ તો જે જીવ મારો સંગ કરે તેને કહેવાનું છે., જે જોવા જેવું છે પછી સહેવાસ જ કરે ને ધીરે તો ધીરે સુકૃત જોઇને, તેમાં પણ સંગ જુદા કોઇ પૈસા લેવા સંગ કરતો હોય, કોઇ છોડી લેવા સંગ કરતો હોય, ઠગવા, લુગડાં લેવા સંગ કરતો હોય. માટે કલ્યાણના ખપવાળાના સંગનો ભેદ જુદો તેને જોવા જેવું છે એમ ઉપદેશ કરવો. સ્વામિનારાયણવાળાને વચનામૃત ગળે ઉતરે, શ્રીકૃષ્ણવાળાને ગીતા ભાગવતની વાત ઉતરે. રામાનંદીવાળાને રામાયણ ઉતરે ત્યારે તેને ફાવે ને તે પ્રમાણે વાત થાય. છુટા છેડા મુકવા મનાય ના મનાય હરખ શોક ના થાય. જેને તેને કહેવાનું ક્યાં કહ્યું છે? ભક્તિથી ફરતો હોય તેને જોવા જેવું છે. લોકો તો સુખના ખોળનારા છે.'

ઝાઝા રહેવામાં એમ થાય. ભાર તુટે સહેવાસ થાય એટલે દાબ ઓછો થાય માટે વિચાર રહે તો જ સીધું ચાલે. જુઓ સીતારામને તેમાં સીતાજીએ કહ્યું જે ઋષીને સેવવા જવું છે. શ્રીકૃષ્ણને પટરાણીઓ તે તકરાર થઇ તેથી કહ્યું જે ''છોએલા ચોક બગડેશે ભગવાન'' વળી સ્વામિનારાયણના વખતમાં લાડુબા વગેરે હતાં પણ દાદાખાચરની નવીની પાસે વેઢમી કરાવી તેમાં ભગવાનની મશ્કરી કરી જે હમારા હાથનું ના ફાવ્યું ને નવીનો સ્વાદ સારો આવ્યો હશે તે મુક્તાનંદ સ્વામીએ મર્મમાં કીર્તન બનાવ્યું જે ''મોહન વરને માન સંગાથે વેર જો'' ''મુક્તાનંદ કહે મર્મ ઘણો છે વાતમાં'' કહી કહીને છેવટે એટલું કહ્યું. આગળ તો ઘણું કહ્યું. પણ છેવટે મર્મ કહ્યો. વાત કહેવાની હતી તે બંધ રાખી શું કરે ? કહે તો રહેવા ના દે. તે લખ્યું જે વિષયનું

ખંડન કરે તો મુક્તાનંદ સ્વામીનું શસ્ત્ર કરીને માથું ઉડાવે.

એક ગાડું હોય તેમાં પાંચ જણ બેઠા હોય તેમાં પેલો હાંકનારો ઉંઘતો હોય તો બીજો બેઠેલો તે આડુ જતું હોય તો સીધું કરે. વળી તે ઉંઘતો હોય તો ત્રીજો સીધું કરે વળી તેને ખબર ના હોય તો ચોથો કરે પણ બીજે ચીલે જાય તો જરા ફેર ખાય તેમ જીવ કંઇક મન ધાર્યું કરે તો જરા ફેર ખાઇને પછી બીજે ચીલે થઇને પાધરે આવે. પણ કર્યું તો ભગવાનનું થાય. જેટલું અજ્ઞાન તેટલો મનમાં ધખારો થાય. મનમાં ધખારો થવા દેવો નહિ. ભગવાન મનુષ્ય દેહમાં આવ્યા તે મનુષ્ય પેઠે વરતે. રામ રડ્યા, કૃષ્ણે ભાલોડું ખાધું. સ્વામિનારાયણ માંદા રહ્યા, ભૂખે ગબડી પડ્યા. જરાસંઘથી હારીને શ્રીકૃષ્ણ દ્વારીકામાં જઇ રહ્યા માટે કોઇ વાતે હરખ શોક થવા દેવો નહિ. ભલે બધું લઇલે ને રાજ્યમાંથી કાઢી મૂકે તોય શું ? કર્યું ભગવાનનું થાય છે. ભગવાનની ઇચ્છા વિના કંઇ થાય જ નહિ. જેમ થશે તેમ સારૂં થશે ખોટું થાય જ નહિ માતા જેમ બાળકની રક્ષા કરે છે તેમ પ્રભુ ભક્તોની રક્ષા કરે છે. વચનામૃતમાં લખ્યું જે કર્તા હર્તા એ જ છે માટે ન્યાતમાં રહેવું તે ન્યાતના કાયદા પ્રમાણે ચાલવું પડે. વહેવારમાં રહેવું હોય તો વહેવારના કાયદા પ્રમાણે વર્તવું પડે. જેવો દેશ તેવો વેશ. માટે એક જ કલ્યાણનો માર્ગ લખ્યો અને સેવા તો એક નજરે જોઇ રહેવું તે જ છે.

તા. ૨-૨-૧૯૩૬

છાની ભક્તિમાં સુખ આવે જુઓને માળા ફેરવે છે તેમાં કાંઇ નિંદા છે તોય પણ ગોમુખીમાં રાખીને ફેરવે છે ને પોતાની આંખોથી પણ-તો પછી બીજું ઉઘાડું કેમ થાય ! ને ઉઘાડાથી સુખ ઓછું આવે. આ તે રજોગુણનો ભાગ હોય તેને ઉઘાડું થાય. હવે એકલાંને સુખ આવે તેવું સમુહમાં ના આવે. અજ્ઞાન રાત દિવસનું છે. રાત માની છે. રાતનો દિવસ અને દિવસની રાત માનવી. નોકર લોકો ક્યાં રાત્રી જુએ છે ? રાત્રે પણ ગાડીમાં કામ કરે છે. આપણે રાતદહાડાની માનીનતા કાઢી નાખવી. યોગીને નિંદ્રા હોય નહિ. વચનામૃત વરતાલ ૮ મુજબ. ભગવાનની સ્મૃતિ નહિ ને જુઓને ભોગીને જોગી કયો તો જે ઘડીએ ઉઠવું હોય તે વખતે ઉઠાય તેવું ભાન રહે. ને ભગવાનમાં રહે. ભજનવાળાને તરત ઉઠાય. સદાય જાગ્રત અવસ્થા રહે. ઉંઘવાળાનું મોઢું ઉંઘીને ઉઠતાં ઝાંખુ પડે અને ભજનવાળાનું તેજવાળુ હોય. ગુપ્તદાન જેવી

ભક્તિ છે. જેમ ગુપ્તદાનમાં કોઇનો ભાગ નહિ તેમ ગુપ્ત ભક્તિથી કોઇનો ભાગ નહિ. સમુહમાં પ્રવૃત્તિ વધે.

મહારાજશ્રી કરુણાશંકરને કહે જે કારિયાણી ૧૧ માં કહ્યું છે જે ઉત્તમ ભક્ત હોય તે તો છેટે રહેવાનું કહે તો છેટે રહે.અરે ભાઇ જેમ કહે તેમ કરે તે જ ઉત્તમ ભક્ત છે. આપણને શું દુઃખ છે. મહત્ પુરુષ તો હજારો વિચાર કરીને જ ઠરાવ કરી સામાને કહે પછી તેમાં શંકા કરે તે શા કામની ?

તા.૧૬-૨-૧૯૩૬

રવિવારે રાત્રે ભક્તચિંતામણી મોટો દીવો કરી વાંચતાં વાત કરીને જેમ નવચંડો પાડો હોય તેથી નવચાંડી પાડી આવે તેમ ભમરી ઇયળને ટચકો મારે તે ઇયળ ખમે તો ભમરી થાય ના ખમે તો બીજી ત્રીજી લાવીને ધ્યાન કરાવે છે તેમ પાત્ર ના થાય તો બીજું પાત્ર બનાવે છે. ભમરી ટચકો મારે તે ભમરીરૂપ થઇ જાય છે તેમ સદ્ગુરુ શબ્દરૂપી ટચકો મારે તેથી તે રૂપ થવાય માટે જે જે ક્રિયા તે સુખરૂપ હોય. સદ્ગુરૂ ટચકો મારી ધ્યાન કરાવે. માટે નાતના, સરકારના, ભગતના, કાયદા જુદા જુદા હોય માટે અકળાયે પાર આવે નહિ. બીજું રામાનંદ પાત્ર નહોતા ત્યાં સુધી રામાનુજ અંતર ધ્યાન થઇ રહ્યા. જેમ સાપ કાંચળી એક ઉતારે ને બીજી તૈયાર થાય. બીજી તૈયાર થઇ ના હોય તો પણ ઉપર ઘરડી કાંચળી કાઢી નાંખે ને એકલી રહે તેમ બીજો તૈયાર થાય ત્યારે જાય નહિ તો દેહ ઘરડું થાય ત્યારે કાઢી નાંખે તે રામાનુજ જેમ અંતર્ધ્યાન કહેતા અંતરજામી પણે રહ્યા ને પછી રામાનંદ મળ્યા ત્યારે તેમને ભગવાન વર્યા ત્યાં સુધી અંતરજામી પણે રહ્યા. તે વાત ભક્તચિંતામણીમાં છે. માટે પ્રભુ જાય નહિ ને નહિ તો અંજરજામી પણે રહે પણ ભગવાન કે સંત જરૂર વિચરતા લખ્યા.

હવે સદ્ગુરૂ ભમરી ઇયળને ધ્યાન કરાવે છે તેથી પોતાના જેવો કરે. જેમ કાચી પોચી ઇયળ મરી જાય છે તેમ આમાં પણ થવાનું તેમ આજ્ઞા પાળે તે પાત્ર થાય ને બીજાને ઇયળની પેઠે કાઢી નાંખે. જેમ માબાપાને છોકરો હોય તો તે સામો થાય તો પણ માબાપને અવગુણ આવતો નથી તેમ પ્રભુને જુઓને સામા થાય છે અને કહે છે જે ભગવાનને કુલે કંઇ છાપ મારી છે. વળી કોઇ કે છે જે કોદરી અહિં આવી અને છોડાં

ભાદરણ રહ્યાં.

મનુષ્યભાવે વર્તે ત્યારે ભિખારીપણું, કાયરપણું, શૂરવીરપણું જણાવે. જુઓને ઝેર આપ્યું તથા નદીમાંથી ડુબેલાં જીવતા નીકળ્યાં તેમ ટ્રામમાંથી સહીસલામત બચી ગયાં વગેરે દિવ્ય ભાવ છે જે સંભારી રાખવાથી બીજો વિચાર પેસે જ નહિ.

બીજું ધામની વાત નીકળીને લોકો કહે છે જે ધામમાં જવું છે. તે શું ધામમાં તો તેજ છે તેથી ભગવાન તો આ ભેગા રહ્યા છે. ત્યાં દિવ્ય દેહે દેખાય. તે તેજ વાળાને દેખાય તેટલું છે. અહિં પણ સ્થિર વૃત્તિથી ક્યાં તેજ વાળા નથી દેખાતા તે આ ધામ જ છે ક્યાં વેગળું છે. તે ત્યાંની લાલચ રાખે એ તો એની સ્થિર વૃત્તિમાં છે તો અહિં જ પીઢો પાટડા નથી દેખાતા જેને અહિં નથી દેખાતું તે ત્યાંની વાત કરે છે. જે ધામ ધામ તે શું તેજ હોય તોજ ધામ કહેવાય ? તેજ ભગવાન વિના હોય જ નહિ.

તા. ૨૧-૨-૧૯૩૬

એક મોટા ભક્ત મહારાજશ્રી પાછળ ફરતા હતા, તેમને મહારાજશ્રી કહે, "શ્રદ્ધા છે ! તો લ્યો ઇંટો ઓરડામાં પુજો વાળો. અરે ચાલો ઉઠો" એમ કરી વાત કરી જે બે વૃત્તિ રાખ્યામાં માલ છે. નહિ તો ગોટા વળે. એક વૃત્તિ ભજનમાં અને બીજુ વૃત્તિ વહેવારમાં. કેવી રીતે તો જેમ કોસવાળા દેહે કરીને કામ કરે છે અને મન તો કંઇના કંઇ ઠરાવ કરતું હોય છે. તે ઠરાવની જગ્યાએ ભજનમાં વૃત્તિ રાખવી. તે બે વૃત્તિ કહેવાય. ને ખાતાં, પીતાં, ન્હાતાં, ધોતાં સંભારવા તે બે વૃત્તિ. એક તો દેહનો વહેવાર દેહે કરીને કરે અને મને કરીને પ્રભુમાં વૃત્તિ રાખે તે બે વૃત્તિ થઇ કહેવાય. તે ઉપર બે વૃત્તિનું વચનામૃત છે. એમ વાતો કરતા જાય ને રેતી લાવતા જાય. પછી વાત નીકળી જે મજુરને દેહ આપ્યો છે ને આપણને દેહ આપ્યો છે તે મજુરી કરે છે ને આપણે કેમ ના થાય ! આ તો ભોગવટો થાયો તે મટાડવો ને આ સેવા મોટી છે. લોકો માળા ફેરવે છે તેમાં ભક્તિ માની તો આપણે તો આ ખપમાં આવશે ને ભેગા ભગવાન સંભારશું ને છે તેથી બમણો લાભ થાય. વળી કહે મારી આગળ ચાલવું નહિ. મારી પાછળ ચાલવું જેથી મુર્તિનાં દર્શન થાય ને ભક્તિ થાય ને વચનામૃતમાં છે, જે સેવા મોટા પુન્યવાળાને મળે છે વળી વરતાલના ૧૭માં બીજા પ્રશ્નમાં છે જે ભગવાનને

ભગવાનના ભક્ત સબંધી જે પ્રવૃત્તિ તે જ નિવૃત્તિ છે માટે સાવધાન થઇને જોડાવું એમ વાત કરતા જાય ને રેતી લાવતા જાય. માટે દેહ ને આત્મા જુદો માનવો તો થાય. મજુરને દેહ આપ્યો છે ને આપણને આપ્યો છે તો કેમ ના થાય ! માટે દેહને આત્મા જુદો માનવો. ત્યારે સોમાભાઇ કહે હા મહારાજ દેહને આત્મા જુદો પડે ત્યારે વાત થાય. ત્યારે મહારાજશ્રી કહે જુદો માનવો. માનવાની વાત છે. પડવાની વાત નથી. જુદો પડે ત્યારે તો દેહ બગડી જાય. તે દેહ બાળવો પડે. આત્મા જુદો પડે કહેતાં નીકળે ત્યારે તો દેહ રહેજ નહિ. વચનામૃત મધ્ય ૧૨. તે તમે જ વાંચો. હું વળી ખોટું વાંચું તો કોઇનો વિશ્વાસ નહિ મન એવું છે જે ખોટું મનાવે મન કુસંગી છે. મન સત્સંગી નથી. જુઓને ચ્યવન ઋષીને તપ કરતાં રાફડા ચઢ્યા તો પણ મન કુસંગી હતું તો બોલ્યો જે મારી આંખ્યો ફોડી તે છોકરીને મને પરણાવો. હજારોનાં ઝાડો પેશાબ તેમણે બંધ કર્યા પણ પોતાનાં બંધ થયા નહિ. એકલશૃંગી સમજણ આવતાં જ નાઠા હતા. સ્ત્રી પુરુષનું ભાન તો નહોતું તો પણ મન કુસંગી તે લલચાયું તે વેશ્યાએ મન પાડ્યું માટે મનનો વિશ્વાસ નહિ સારો, તેથી વચનામૃત વાંચ્યુ ને ઉઠ્યા પછી કામે વળગ્યા. વળી ચાલતાં ચાલતાં વાત થઇ જે કામ કરી નાંખવું એમ મનમાં રાખવું નહિ. નહિ તો કામનું ભજન થાય. ને ભજનમાં ભૂલ પડે. વેઠની પેઠે કરીએ તો જ ભજન થાય માટે ઉતાવળા ચાલશો નહિ. મારી પાછળ ચાલો. પ્રથમ ૧૮ માં જે રંચ જેટલો ઘાટ ના હોય તો અમારે ખરખરો નથી તે મનમાં ઠસાવી દેવું જેથી બીજા નકામા ગોટા વળે નહિ. મનેથી ભજન ને દેહેથી વહેવાર.

વળી પ્રગટેલાને જન્મેલાનો અર્થ કર્યો જે જેમ દીવાસળી ઘસીને દેવતા કાઢતા હતા તેમ સાધને પ્રગટાવે તે પ્રગટ્યા ને મુળ તે જન્મેલા.

વળી વાત કરી જે ભગવાનને ભગવાનના ભક્તની સેવા તે જ કલ્યાણનું સાધન એજ મોટું છે. દેહને આત્મા જુદા માનવા માટે ગરીબને દેહ આપ્યો ને આપણને આપ્યો તે ભોગવટાથી કામ થાય નહિ તે સ્વભાવ કાઢી નાંખવો. પ્રભુ તો વહેવાર કરે તે મનુષ્યભાવે કરે. ખાવા ના મળતુ હોય તેને ગોટા વળે માટે વહેવાર કરવો તે બીજા ગોટા વળે નહિ. ના મળતું હોય તેને કર્યા વગર છુટકો નહિ. માટે વૃત્તિમાં લાભ છે. એકાગ્ર વૃત્તિ રહેતી હોય ને ખાવા મળતું હોય તેણે વહેવાર પડ્યો મુકવો. ના મળતું હોય તેને છુટકો નથી. નકામો વહેવાર કરે તો વહેવારનો ફેર ચઢી જાય તેથી તે વિના ચાલે નહિ. માટે ખપ જેટલો કરવો. ખાવા મળે તેને દેહને આત્મા જુદો માને તેમાં જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ બધું આવી ગયું. જેમ રૂપીયા લીધા એટલે મીઠું,

મરચું, ઘી, લાકડાં, ખાંડ, લોટ, લુગડાં સર્વે એની મહીં આવી જાય. તેમ દેહને આત્મા જુદો માને. તેમાં સર્વે આવી જાય. કલ્યાણનું સાધન આવી જાય. શાસ્ત્ર તો સદ્દગુરુ થકી જ સમજાય. દુકાનમાં જેમ બે ભાગીદાર હોય તે કાંઇ પૈસા માલ જુદુ પાડતા નથી, વેપાર ભેગો ચલાવે છે પણ મનમાંથી જુદુ જાણે છે તેમ દેહનો વહેવાર જુદો ને આત્માનો વહેવાર જુદો માને છે. તે બે ભાગીયા પોતપોતાનું કામ કરે છે તે ભેગી દુકાન રાખીને ધંધો કરે છે ને જુદો ધંધો કરે તો ને જુદી દુકાન કરે તો બે ભાગીઆ શી રીતે કહેવાય ! માટે બે ભાગીદારની પેઠે સંપીને વહેવાર સૌ સૌનો ચલાવવો. તે દેહે કરે તે પેટનું પોષણ થાય ને મનથી ભજન કરવું તે જીવનું પોષણ થાય. ન ખાવા મળે તેને ગોટા વળે. માટે વહેવાર કરવો ને ભજન મનથી કરવું. વળી કહે છે જે હળવા હળવા ચાલો. ઉતાવળ કરીને ક્યાં જવું છે ! કામમાં વૃત્તિ રહે માટે ધીમા ધીમા ચાલો. એમ કહેતા જાય ને ધીમા ધીમા ચાલે વળી ઉભા રહે. વળી વાત કરી જે પાસે પાસે ચાલવું. વચનામૃતમાં છે જે જેવો થડમાં દીવાનો પ્રકાશ છે તેવો છેટે નથી. તેમ ભગવાન પાસે ચાલો તેવું છેટે સુખ હોય નહિ.

વળી બોલ્યા જે ભગવાનથી જેટલું છેટું થશે તેટલું મને દુઃખ થાશે. ભગવાનના સમીપમાં જેવું સુખ છે તેવું છેટે નથી. માટે ભાઇ પાછળ ચાલવું.

મહાત્મ્યનો સાક્ષાત્કાર થયો નથી જેથી ઐશ્વર્ય પરચા ભુલી જવાય છે. જેમ જશોદાને જમતાં જ દર્શન થયાં પણ ભુલી ગયાં જે મારે ઘેર ભગવાન જન્મ્યા છે. તે પહેલાં દીઠું પણ સાક્ષાત્કાર વિના વીસરી ગયાં. ને જન્માક્ષર કરાવવાના કહે. ભગવાનને જન્માક્ષર શા કામના છે ? પણ એ તો ભુલી જવાય. દોરડે બાંધવા માંડ્યા. માટે એ તો રહે નહિ. એ બધું સાક્ષાત્કાર વિના થાય છે.

દરેકને મરવાનું હાથમાં આવે પણ નિરવિકલ્પ નિશ્ચયવાળો હોય તે એમ જાણે જે ભગવાન રાખે તેમ રહેવું એમ સમજીને જગતમાં રહે. ભગવાન જે કરતા હશે તે સારું જ કરતા હશે એમ સમજે. ને સવિકલ્પવાળો હોય તે મરવાનું હાથ આવ્યું એટલે દેહ છોડીને ચાલ્યો જાય તે જતો રહે ત્યારે જન્મ લેવો પડે. ભગત થયો એટલે જે જે મનોરથ કરે તે સત્ય થાય. એટલે સ્વાર્થ મટી જાય. એટલે શી રીતે રહેવાનું મન થાય ?

ભાગવતમાં લખ્યું છે જે પ્રભુ સાથે અખંડ રહેતા તે સુખ આવતું. પણ જ્યારે ગોપ ગોપી સાથે સંતમંડળનો ભેગો સમુહ મળ્યો ત્યારે વધારે સુખ વધ્યું એ દાખલો વચનામૃતમાં છે. ઉદ્ધવજીએ શ્રીકૃષ્ણને કહ્યું જે હે શ્રીકૃષ્ણ તમારા સંતને વિષે રહીને તમારા ચરણાર્વિંદને સેવું એવું મારું મોટું ભાગ્યા થાઓ. એમ ઉદ્ધવજીએ શ્રીકૃષ્ણ પાસે માગણી કરી. વળી શાસ્ત્રમાં લખ્યું જે "રાજ મળે સબહી મળે પણ સંત સમાગમ દુર્લભ ભાઇ" વળી લખ્યું જે "સ્વામી મળવા સોયલા, દુર્લભ મળવા દાસ, જો મળે દાસ તો બેસારે હરિ પાસ." હવે આ તો બ્રહ્માંડના ભગવાન પાસે દાસના સહેવાસથી જ્ઞાન કરી બ્રહ્માંડના ભગવાનનો મેળાપ કરાવે. પણ પીંડના ભગવાન સાથે પણ સંતના સહેવાસથી મેળાપ થાય. કેમકે સત્વગુણ વર્તે ત્યારે તો જોગી એકલો સારો, તે વચનામૃતમાં લખ્યું છે તે મોટા મુક્ત સાથે પણ હેત રાખવું નહિ. માટે સત્વગુણમાં તો જોગી એકલો સારો. માટે સત્યગુણની વાત છે જે મોટા મુક્ત જોડે પણ હેત કરવું નહિ. કેમકે સત્વગુણમાં શાન્તિ વર્તે. તેથી મનઆદિક સર્વે વૃત્તિઓ પીંડના ભગવાન સાથે હૃદયમાં ચોંટી રહે ને મોટા મુક્ત હોય ને તે વખતે સારી જ્ઞાનની વાત કરે તેથી વૃત્તિ હૈયામાંથી તુટી બારણે આવે ને સુખશાન્તિ ઘટી જાય તે વખતની વાત છે, જે મોટા મુક્ત જોડે હેત કરવું નહિ. પણ રજોગુણ તમોગુણમાં સંતસમાગમ હોય તો જ ઈન્દ્રિઓ અંતઃકરણ વશ રહે. માટે રજોગુણ તમોગુણમાં લખેલું જે સંતસમાગમ દુર્લભ છે. પણ જોગી રજોગુણ તમોગુણમાં હોય તે વખતે સંતસમાગમ દુર્લભ ભઇ પણ સત્વગુણમાં તો મોટા મુક્ત જોડે હેત કરવું નહિ.

તા. ૨૯-૩-૧૯૩૪

રાવસાહેબ ભાદરણ મહારાજશ્રી પાસે સમાગમ કરવા આવેલા ત્યારે રાવસાહેબ મહારાજશ્રીને કહે જે હવે તો ચિંતા રહે છે જે આ દેહ પડવાનું થયું ને ભજન કરવા જેવા સ્વતંત્ર થયા નહિ. ત્યારે મહારાજ કહે ફરી નવે દેહે ક્યાં ખોટ છે ? ત્યારે રાવસાહેબ કહે જે નાનપણ અણસમજણમાં જાય. મોટપણ ભણવામાં જાય. જવાની પૈસા તથા ભોગવિલાસમાં જાય. ત્યારે વળી ચાલીસ પચાસ વર્ષની ઉંમર થાય ત્યારે સારુ સુઝે ને ત્યારે વળી જોગ સારો હોય કે ના હોય. ત્યારે મહારાજશ્રી બોલ્યા જે જેમ જાત્રાએ જવું હોય તેમાં સીધુ, સામાન, લાકડાં, હળદર વગેરે સંભારવું પડે પણ જો બે રૂપીયા નાંખી લીધા હોય તો તેમાંથી બધું આવે તેમ બધું કરવા જઇએ પણ પ્રભુ-ભગવાન સંભારવાનું રાખ્યું હોય તો તમામ તેની અંદર આવે. માટે સર્વે વાસના

છોડીને એક ભગવાનને સંભાર સંભાર કરવાના રાખે તો તમામ તેની અંદર આવે માટે સંભારવા.

વળી રવિવારે વાત કરી જે ખોટ્યો બહુ રહે છે જે પ્રથમ ૫૬માં છે ખોટો કરીને એનું અંગ વધતું નથી એમ પાંચ-છ ખોટ્યો બતાવી છે વગેરે ઘણી વાત કરી તે વચનામૃત પ્રથમ ૫૬ વાંચતા સમજાશે.

પાંચ પાંચ ખાસડાં મારે પણ સંતનો સમાગમ છોડે નહિ. આવું સમજે તો અવગુણ શાનો આવે ? પણ એવો વિચાર રહેતો નથી. જો એમ વિચાર રહે જે આપણે મોટા થયા તો કોનાથી થયા ? એમ અખંડ વિચાર રાખે તો ખોટ ભાગી જાય.

પત્રમાં આવ્યું જે ભુલચુક માફ કરજો તેના જવાબમાં લખ્યું જે ભગવાન ભૂલાય તે ભૂલ ને સંભારવા ચુકી જવાય તે ચૂક. નકામાં ગપોટાં મારવા કરતાં દરેક કામમાં પ્રભુનું નામ લેવાય એ જ ભજન કારણ કે પેટ ને પેટની પછવાડે વળગ્યાં તેનું પોષણ કરતાં ભજન થાય ને આખો દિવસ એવું સ્મરણ થયું તેના અભ્યાસથી રાત્રે સુઇ જઈએ તો પણ વગર કર્યું ધ્યાન થાય તેથી આખો દિવસ આનંદમાં જાય. બીજી લપઝુડ કરવી નહિ તેમાં કાંઇ ફાયદો નહિ. તેથી રજોગુણ હોય તો કથા કીર્તન કરવાં.

તા. ૨૦-૬-૧૯૩૪

મહારાજશ્રી ભાદરણના મોતીકાકાને કહે જે ઇચ્છા વાસના ના રાખવી ને ભગવાન ભજવા. પેટ ઘડ્યું તે પોષણ કરશે માટે ઇચ્છા રાખ્યા વગર ભજન કરો નહિ તો ભજનરૂપી કમાણી ઇચ્છામાં ખપી જશે ને કલ્યાણનો માર્ગ પડ્યો રહેશે.

।। શ્રી પ્રગટ પુરુષોત્તમ નારાયણાય નમો નમઃ ।।

# શ્રી પુરુષોત્તમ જ્ઞાનામૃત

# પ્રકિર્ણ

શ્લોક

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।

श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ।।२।।

શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૧૨ (શ્લોક-૨)

(જેઓ પરમ શ્રદ્ધાવાળા થઇ મારા સગુણ રૂપમાં મન પરોવી નિત્ય ધ્યાનચિંતનમાં રહેતા થકા મને ઉપાસે છે તેઓને મેં અતિ ઉત્તમ યોગી માન્યા છે.)

## : શ્રી પુરુષોત્તમ મહારાજના મુખની વાતો તથા પત્રો :

કોઇ એક હરિભકતનો પત્ર આવ્યો જે અજ્ઞાને કરી લખું છું, તેના જવાબમાં લખ્યું જે અજ્ઞાન તો કોઇને છે જ નહિ. ઢોર પણ લીલું દેખીને સુકુ પડ્યું મૂકે છે. ના મળે ત્યારે સુકુ ખાય પણ સાર દરેકને છે. જનાવર પણ તડકે નથી બેસતું, છાંયડો જોઇને બેસે છે. માટે અજ્ઞાન તો કોઇને છે જ નહિ, તમે તો મનુષ્ય જાતિમાં છો ને વળી ભક્તિ માર્ગે દોરાયા છો. વળી પ્રગટને સેવો છો તો એકાંતિક છો. વરતાલના ૧૬ માં છે જે અમારે તો જેવું નેત્ર મીંચીને ભગવાનની મુર્તિનું ચિંતવન કરીએ તેવું ત્રિલોકીના રાજ્યને વિષે પણ સુખ નથી આવતું.

સર્વ જાણે તેને લખવું નકામું છે તેના જવાબમાં જણાવ્યું જે શાસ્ત્રમાં પ્રાર્થના, વિનંતી, માગણી વગેરે જે છે તે સર્વે નકામું થાય કારણ કે જાણે છે તેને પ્રાર્થના, વિનંતી, માગણી હોય નહિ ને જો એવું પાકું બેઠું હોય તો તેને કંઇ વિનંતી

માગણી કરવાની રહેતી નથી. તમારી સમજણ ઉત્તમ છે જાણે તેને કહેવું શું ? તો પછી કંઇ પણ ભુંડા રૂડા દુઃખ સુખમાં સંકલ્પ પણ રહે જ નહિ આ દુઃખ થયું ને થાશે ને મટે તો સારૂં. હે ભગવાન એવો ઉચ્ચાર પણ નીકળે નહિ. તો પ્રાર્થના તો હોય જ શાની ? ને એક તાર વૃત્તિ લાગી રહે તેને લીલા ને બીલા કાંઇ જોઇએ જ નહિ. આ તો મુર્તિની સ્મૃતિ ના રહેતી હોય તેને બધું છે. તે વચનામૃત પ્રથમ ૩ માં છે જે અમે મોટા મોટા વિષ્ણુયાગ સમૈયા કરીએ છીએ તે શા સારૂં તો તેને જોગ કરીને મુર્તિની સ્મૃતિ થઇ આવે તો તેનું રૂડું થાય માટે આ તો મુર્તિની યાદગીરી માટે કાગળરૂપે સહેવાસ થાય છે તે તેના જોગે મુર્તિમાં વૃત્તિ રહે. માટે વહેવારમાં રહ્યા તે પેટને પેટની પછવાડે રહ્યા તેનું પોષણ કરવું ને સ્મૃતિ રાખવી તે ઉત્તમ છે.

તા. ૫-૨-૧૯૩૫

આ અરસામાં મોતીકાકા ભાદરણમાં મહારાજશ્રીને ત્યાં રાત્રે જાગતા રહેતા અને સાચવતા તેમને આવતા જોઇ મહારાજશ્રી કહે, આજે આ મોતીકાકા ક્યાંથી આવ્યા ? ઉંઘનો આહાર થઇ રહ્યો ? તો કહે હા. ઓછો છે. ઉંઘ નહિ જેવી આવે છે. મહારાજશ્રી કહે એ તો અજ્ઞાન છે. દહાડાની રાત કરવી ને રાતનો દહાડો કરવો. પેલું સૂર્ય દેવનું અજવાળુ ને પેલું ચન્દ્રમાનું અજવાળું. માટે રેલ્વેની પેઠે નોકરો જેમ રાતનો દિવસ કરે છે તેમ આપણે પણ અભ્યાસ પાડવો. અજ્ઞાની સ્વભાવ ફેરવે છે તો આપણાથી કેમ ના થાય ? માટે દિવસે સુવું ને રાત્રે જાગવું તમારે ક્યાં કમાવા જવું પડે છે ? ખીચડી મળે છે તે કાંઇ આખો દિવસ ઉંઘ આવે છે ? માટે રાતદિવસની માનીનતા કાઢી નાંખવી. યોગીને નિંદ્રા હોય નહિ વરતાલના આઠમામાં છેક છેલ્લી લીટીમાં છે. હે ભાઇ સુષુપ્તિમાં ભગવાનની સ્મૃતિ નહિ ને જડ જેવો થઇ જાય તે ભોગી. યોગી ક્યો તો જે ઘડીએ ઉઠવું હોય તે વખતે ઉઠાય તેવું ભાન રહે તે ભગવાનમાં રહે. ભજનવાળાને તરત ઉઠાય-સદાય જાગ્રત અવસ્થા. ઉંઘવાળાનું મોઢું ઝાંખું પડે-ઉદાસ જેવું લાગે. ભજનવાળાનું મોઢું તેજવાળું દેખાય. જાગતો ઉભો થાય તેવું જાગેલાના જેવું જણાય.

સરકારના, ભગતના, નાતના, કાયદા જુદા જુદા છે. એ ત્રણેયને મેળ ખાય નહિ. રીતભાત સર્વે જુદી છે.

સમુહમાં સુખ નહિ આવે જે ઘેર જશો ત્યારે સમજશો જે એકલાને સુખ આવશે. જેમ ગુપ્તદાનમાં કોઇ જાણે નહિ તેમ, કારણ કે કોઇનો ભાગ પડે નહિ.

ઉઘાડા દાનમાં કોઇ માન આપે ઇત્યાદિકમાં ભાગ પડે નહિ.ગુપ્તદાનની પેઠે-જેમ જગતમાં ટોળાં બેસે છે તે શું કરવા બેઠા છે તે જણાતું નથી તેમ સર્વે બેસે તે જણાય નહિ. એમ જણાય જે આ તો અમથાં બેઠાં છે માટે માળા પેઠે ગુપ્તદાન તેવી ભક્તિ કરવી, જેથી કોઇનો ભાગ પડે નહિ.

વળી સમુહ તો જેને નિશ્ચયમાં કસર હોય તેવાને વાતેચીતે કરીને સમાસ થાય તેને માટે છે.

શ્રીજીએ એક ડોસીને પૂછ્યું જે હે ડોસીમા તારા છોકરાને આખા ગામનું રાજ્ય આવે તો કેટલો આનંદ થાય ? વળી શ્રીજી પૂછે છે જે પાંચ ગામ આવે તો? તો કહે બહુ રાજી થઉં. વળી કહે છે જે ગાયકવાડની ગાદી આવે તો ? તો ડોશી કહે ખૂબ આનંદ થાય. ''વળી કહે છે જે આખી પૃથ્વીનું રાજ્ય આવે તો ? તો કહે ખુબ નાચું.'' વળી પૂછ્યું. જે ભગવાનનું ધામ આવે તો ? ત્યારે કહે એવાં કયાં મોટા ભાગ્ય. ત્યારે શ્રીજી કહે તારા છોકરાને ધામ મળ્યું. લ્યે એમ કહી દેહ છોડેલો છોકરો બતાવ્યો તેથી ડોસી રાજી રાજી થઇ ગઇ. માટે આ તો એવું છે.

ભરતજીને હેતથી મૃગ મૃગ થયું તે મૃગલાનો દેહ બંધાયો. પછી પાછલા જન્મનું યાદ આવ્યું તેથી વાસના તૂટી ને દેહ છોડ્યો ને મનુષ્ય દેહથી મુક્તિ થઇ.

પ્રભુ સંભારતાં જેવો જોગ બને તેણે રાજી રહેવું. શોક તો ક્યારેય કરવો નહિ કેમકે શ્રીકૃષ્ણ ભગવાન હતા તેમના માબાપ બાર વર્ષ કેદમાં રહ્યાં. સ્વામિનારાયણનાં માબાપને ચાર દિવસે એક વખત ભાજી મુળા ખાવ મળે તે વાત ભક્તચિંતામણીમાં છે. માટે જ્ઞાનીને ગમે તેવું સુખ દુઃખ આવે તે સહન કરી બને તેટલા પ્રભુ સંભારવા, ના સાંભરે તો અનાદિ નામ પરમાત્માનું પુરુષોત્તમ છે તે પુરુષોત્તમ પુરુષોત્તમ મોંઢે કહેવું તેમાંથી જેમ થાય તેમ ખરૂં.

૧૯૩૫-૩૬ના અરસામાં થોડો સમય સમૈયા બંધ કરેલા. શાથી કે મહારાજશ્રી કહેતા જે વચનામૃત મધ્યના ૧૦મા મુજબ નિશ્ચયરૂપી ગર્ભ રહે તો પછી પ્રભુનો ખપ પડે નહિ. પ્રભુ બે પ્રકારના છે. બ્રહ્માંડના અને પીંડના એમ બે પ્રકારના

છે. પીંડના આત્મામાં છે. અને બ્રહ્માંડના ભાદરણમાં છે તેની સોબતથી પીંડમાં જે પ્રભુ રહ્યા છે તે આત્મારૂપી પરમાત્મા તેમણે કબુલ કર્યું. જે આ ભાદરણમાં બ્રહ્માંડના ભગવાન છે તે ખરા છે એમ નિશ્ચય થયો તે નિશ્ચયરૂપી ગર્ભ રહ્યો. પછી દેહની અવધ આવી રહે ત્યારે ભગવાનના અક્ષરધામ રૂપી ફળની પ્રાપ્તિ થાય છે-એમ મધ્યના દસમા વચનામૃતમાં છે. માટે છેટે સારૂં જેથી હાલ તુરત માટે સમૈયા બંધ કર્યા જે બ્રહ્માંડના ભગવાનથી છેટે સારૂં તે છેટો રહેવાનો દાખલો છેલ્લા પ્રકરણના ઓગણત્રીસના વચનામૃતમાં છે તે પ્રભુનું છ મહિને મોઢું જોવાય તો સમાસ રહે એમ લખ્યું છે. માટે હવે પીંડના ભગવાનમાં વૃત્તિ રાખવાની રહી.

તા. ૨૪-૬-૧૯૩૬

અચળમુકામે હાલ આનંદમાં દિવસ જાય છે. મહારાજશ્રી સવારમાં પોશાક પહેરીને હિંચકે બેસે છે. વચનામૃત વંચાય છે ને સમજણ પાડે છે. જેમકે આ શબ્દ ત્યાગીનો છે. આ ગૃહસ્થનો છે. આમ મુમુક્ષુનો છે. આ વાક્ય મુર્તિવાળા માટે છે ને આ પ્રત્યક્ષ માટે છે. આ વાક્ય સર્વદેશી માટે છે. માટે પોતાના અંગનું હોય તે લેવું. આ સમે તો કોઇને કંઇ કરવાનું રહ્યું છે જ નહિ. જુઓ મધ્ય ૧૩ નું વચનામૃત. આટલું સમજવાનું તે આપણે થઇ ગયું. જુઓ આ વાક્ય તે વખતનું-નિશ્ચય નહોતો ને આજ તો સર્વે ને નિશ્ચય જ છે. કાંઇ પોલ જ નથી. એવી રીતે સવારમાં ને સાંજમાં ને બપોરે વાતો ચાલે છે.

કોઇએ પૂછ્યું છે કે મહારાજ તમે દેહ બદલશો તો ક્યાં જશો ? જવાબમાં કહ્યું જે જ્યાં જાય ત્યારે ખરા. ત્યારે કહ્યું જે દ્વાર તો કહો. મહારાજશ્રી કહે જે જગતના જીવ સ્ત્રીમાં છોકરાં મૂકે ને ભગવાન તો ભગવાન મૂકે. એમ માર્મિક શબ્દમાં કહ્યું.

વચનામૃત વાંચતાં સારંગપુર ૧૪ ની મુગ્ધા, મધ્યા પ્રૌઢાની વાત નીકળી જે શ્રીકૃષ્ણ જોડે ગોપીઓ જોડાઇ હતી તો તરી ગઇ. જેમ રથ ઘોડા બ્રાહ્મણના છોકરાને લેવા જતાં નિર્ગુણ થઇ ગયા. તેમ ભગવાનના સંબંધે ગોપીઓ નિર્ગુણ થઇ ગઇ તો આજે તો ભગવાનભાવે જોડાય તો કેમ નિર્ગુણ ન થાય ? હાલ તો બધા ઉત્તમ જ છે.

સારંગપુરનું ૧૬મું વંચાતું હતું તેમાં તપની વાત આવી તેમાં પોતાને ભાગ મળે છે પણ પોતે તપ કરવું તો બમણો ભાગ મળે તે આપણે તપ કેવું કરવું તો બેસી રહેવાનું હોય ત્યારે એક બે કોળીયા ઓછું ખાવું તો આપણું તપ. તેથી સુખેથી ભજન થાય ને વધારે ખાય તો તરફડાવાય તો ભગવાન ઓછા સાંભરે. ને કામ ધંધો કરવાનો હોય ત્યારે પેટ ભરીને ખાય તો જ ચાલે. નહિ તો વહેલું પચી જાય.

છપ્પન ભોગ કરે છે તે ઝાઝું જમણ કરે છે તેને જે ખાવું હોય તે ખાય કહેતાં થોડું થોડું ખાય તોય પેટ ભરાઇ જાય. એક ચીજ ખાય તો ભભડાટ રહે ને ઝાઝાં વાનાં ખાય તો પેટ ભરાઇ જાય ને ભભડાટ ના થાય. જેમ જગતમાં છપ્પન ભોગ છે તેમ ભગતમાં નવ ભોગ છે. તે નવધા ભક્તિ, શ્રવણ, કીર્તન આદી–માટે વારાફરતી જુદું જુદું કરવું.

જેને મન ઉપડે તેણે ભાદરણ આવવું. કારણ કે જગતના જીવ દેહને રોગ થાય છે તે રોગ મટાડવા મુંબઇ સુધી જાય છે તો આ તો મનના ને દેહના રોગ ટાળનારા વૈદ્ય છે.

''વૈદ્ય મળ્યા વ્રજરાજ વિહારી, નાડી દેખન આવ્યા, જ્ઞાન ધ્યાન કી ગોળી દીધી, રંચ ન રોગ રહાયા.'' એ સાખી મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં લખી છે. મનનો રોગ થાય તે દેહના રોગ ટાળનારા વૈદ્ય ડોક્ટર કહેવાય છે પણ મનના રોગ ટાળનારા વૈદ્ય તો એક પ્રભુ છે. તે મુક્તાનંદ સ્વામીએ લખ્યું જે વૈદ્ય મળ્યા વ્રજરાજ વિહારી કહેતાં મનના વૈદ્ય વ્રજરાજ વિહારી કહેતાં વ્રજ કહેતાં વન ને વિહારી ગોપીઓ જોડે રમનારા એ વ્રજવિહારીનો અર્થ. હવે નાડી દેખન આવ્યાનો અર્થ જે મનનો રોગ થાય ત્યારે પ્રભુ ભણી મન તણાય ને મનનો રોગ ભેગો દેહનો રોગ પણ જાય તે લખ્યું જે નાડી દેખન આયા. કહેતાં મનનો રોગ થાય ત્યારે પ્રભુ ભણી મન તણાય ને જ્ઞાન ધ્યાન કી ગોળી દીધી. જ્ઞાન કહેતાં આ પ્રભુ છે ને ધ્યાન કહેતાં મુર્તિ સાંભરે એ જ્ઞાન ધ્યાનકી ગોળી દીધી કહેવાય. તે રંચ ન રોગ રહાયા તેનો અર્થ જે મનનો ને દેહનો રંચ રોગ રહે નહિ. એમ મુક્તાનંદ સ્વામીએ લખ્યું છે.

તા. ૨૭–૬–૧૯૩૬

અમદાવાદ મુનિ મહારાજ આવેલા તે શ્રાવણનો સમૈયો કરવાનો વિચાર થયેલો હોવાથી મહારાજશ્રીએ અમદાવાદથી તેમને ભાદરણ આવવા પત્ર લખેલો

પણ પાછળ વિચાર માંડી વાળતાં મહારાજશ્રીએ અમદાવાદ મુનિમહારાજને લખ્યું જે હાલ થોડા દિવસ હજુ અમદાવાદ રોકાજો કારણ કે સંતના દર્શનથી પ્રભુનાં દર્શન થાય છે. માટે શાન્તિ રહે માટે હાલ અમદાવાદ રહેજો શ્રાવણ વદ બીજ સુધી. કેમકે નિષ્કુળાનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું છે જે "સંત ભમે તે ભેળો હું ભમું રે, સંત જમે તે ભેગો હું જમું રે ।। સંત બોલે તે ભેળો હું બોલું રે સંત સુતા પછી હું સુઉ રે ।।" ઇત્યાદિ કીર્તન મોટું છે પણ લખે પાર આવે નહિ માટે કહેવાનું શું છે જે મુનિ મહારાજ બાપઇબાના તેડાવાથી નડીઆદ ગયા હતા. તે ભગવાન કડીયાની છોડીમાં પ્રવેશ કરી બોલ્યા જે હું પસલો નડીઆદ આવ્યો છું ત્યારે બાપઇ બોલ્યાં જે પસલાને તેડ્યો નથી. મુનિ મહારાજને તેડ્યા છે. ત્યારે પ્રભુ સમાધિમાં કડીયાની છોડીમાં ખુંખારો કરી બોલ્યા. તે ખુંખારો એવો કર્યો જે પાંચ પચાસ માણસ ભરાઇ ગયાં ને સમાધિમાં છોડી બોલી કે "મારો છોકરો જાય છે ત્યાં જાઉં છું માટે આવવું પડે." એમ બાપઇબાને વિવાદ થયો. તે વખતે મુનિ મહારાજ પણ હાજર હતા. માટે કહેવાનું શું છે જે "સંત ભમે તે ભેગો હું ભમું" માટે મુનિ મહારાજને આવતા શ્રાવણ વદ બીજ અમદાવાદ રહેવું. મુનિ મહારાજના દર્શન ને સ્પર્શથી પ્રભુના જેટલો લાભ થાય. મુનિ મહારાજ અમદાવાદ રહે તો પ્રભુના જેટલી શાન્તિ થાય.

એ પ્રમાણે મહારાજશ્રીએ અમદાવાદ મુનિ મહારાજને પત્ર લખી મોકલ્યો.

એક વખત વળી મુનિ મહારાજ તથા દીવાળીબાને બંનેને સાથે અમદાવાદ મોકલ્યાં અને અમદાવાદ હરિભક્તોને પત્ર લખ્યો જે પ્રભુના સાધુ સંતોને શાંતિ પમાડે માટે પ્રભુનો એક સાધુ મુનિ મહારાજ ને બીજી સાધુડી જે દીવાળીબા એ બે સાધુ સાધુડી છે તે પ્રભુને વળગ્યાં હશે તેમને શાંતિ પમાડશે. માટે મોકલ્યાં છે.

તા. ૨૮-૯-૧૯૩૬

પુના સીટીથી ભગવાનદાસનો પત્ર આવ્યો જે તેમણે આખડી લીધી છે તે દર્શન થયે ઉઠશે તો તરત જ આવો અનાજ પાણી બંધ-આથી મહારાજશ્રી તથા મુનિ મહારાજ બંને પુના ગયા. ત્યાં જઇ દર્શન દઇ આખડી છોડાવી. ભગવાનદાસે પૂછ્યું જે તપ ચાલુ રાખું કે બંધ કરૂં. મધ્યના આઠમાં છે દર્શન માટે-ઉત્તર જે મુક્તાનંદે પૂછ્યું તે કાં તો આંખે મટકુ ન ભરીએ. આસનવાળીએ ટાઢમાં ઉઘાડે અંગ બેસીએ તમો કહો તેમ કરીએ. ત્યારે શ્રીજીમહારાજે મુક્તાનંદને જવાબ આપ્યો જે જ્યારે પ્રગટને

પામીએ ત્યારે સર્વે સાધન સંપૂર્ણ થયાં હવે જે કરવાનું તે કહું છું જે ગુરૂ કહો, સંત કહો, ભગવાન કહો, તેને સંભારવાના રહ્યા. માટે પ્રવૃત્તિમાં રહીને ભગવાન સંભારવા તે ઉત્તમ છે. ભરતજીએ પ્રવૃત્તિ મુકીને સંભાર્યા તો મૃગલુ થયા. માટે પ્રવૃત્તિ રૂપી એક બાજુએ ગોદ હોય તો ભજન થાય. નહિ તો તેમાં વિઘ્ન લાગ્યા વિના રહે નહિ. અક્ષરરૂપને ના લાગે ને આ લોકમાં અક્ષરરૂપ થવાય જ નહિ ને જો થાય તો રહેવાય જ નહિ કારણ કે શી આશાએ કહેતાં શી વાસનાએ આ લોકમાં રહે ! એ તો ચાલ્યો જ જાય ને જે દ્વારે પ્રભુને કામ કરવું હોય તે રહે. માટે અમારો તો મુદ્દો એવો છે કે પ્રવૃત્તિમાં રહીને ભગવાન સંભારવા એ સરળ માર્ગ છે. નિવૃત્તિમાં જો સંભારાતા હોય તો હજારો સાધુ તે કાંઇ કરતા નથી. એમને કોઇ પ્રકારની ઉપાધિ નથી પણ સંભારાય નહિ. જુઓને કોઇ સાધુએ પૂછ્યું કે અખંડ શી રીતે સંભારાય ? પણ ગૃહસ્થે પૂછ્યું જે ત્યાગીની પેઠે શી રીતે સંભારાય ? વચનામૃત કારિયાણી ૭ મા છે, માટે પ્રવૃત્તિમાં રહીને સંભારો.

આત્મામાં પરમાત્મા છે તે સારંગપુરના પહેલા વચનામૃતમાં લખ્યું જે ભગવાનના રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ અનંત કોટિ બ્રહ્માંડના વિષયસુખ ભેળાં કરીએ તો પણ તેની બરાબર થાય નહિ. તે આત્મામાં પરમાત્મા રહ્યાં છે તે નવરાશમાં બેઠા એટલે દેહથી પર કહેવાય ને આંખો મીંચી એટલે ઇન્દ્રિયોથી પર કહેવાય ને ન ખપના સંકલ્પ ન કરવા તે અંતઃકરણથી પર વૃત્તિ કહેવાય ને આત્માને ઢુંકડી કહેવાય માટે આત્મામાં પરમાત્માનું સુખ વધારે તે જે જે અનુભવ પોતાને સુખના થયા હોય પ્રભુની સોબતથી તે સંભારવાથી પ્રભુનો મહિમા વધે ને મહિમા વધે એટલે વૃત્તિ વિચારમાં પડી ઉંડી જાય તે વચનામૃતમાં લખ્યું છે જે દીવાનો પ્રકાશ જેવો થડમાં છે તેવો છેટે નથી તેમ આત્મામાં છે તે દરેક ઇન્દ્રિયો અંતઃકરણથી વૃત્તિ ઉંડી જાય તેમ સુખ વધે.

મધ્યના ૨૦મામાં છે જે લૌકિક ઘાટ મટે તો અલૌકિક આશ્ચર્ય દેખાય ને અલૌકિક આશ્ચર્ય દેખાય એટલે પીંડ બ્રહ્માંડમાંથી હેત કહેતાં વૃત્તિ જ્ઞાનથી મોળી પડી જાય કેમકે મધ્યના બાવીસમાં છે જે લૌકિક ઘાટ મટે તો અનંત પ્રકારનાં વિમાન ને અનંત પ્રકારની અપ્સરાઓ ને અનંત પ્રકારના વસ્ત્ર, ઘરેણાં દેખાય તેથી આ પૃથ્વીમાંથી અનેક પદાર્થ થયેલું તે પૃથ્વીમાં સમાઇ જાય છે એવું અનુભવી જ્ઞાન

અજ્ઞાની દેખે છે તેની ઉપરથી મન ઉતરી જાય. કેમકે અલૌકિક પદાર્થ દેખાય એટલે લૌકિક ઘાટ મટી જાય. મધ્યના ૨૨ પ્રમાણે માટે આત્મામાં પરમાત્મા રહ્યા છે તે સામું હવે તો જોવાનું રહ્યું.

લોયાના ૧૨ મા વચનામૃત પ્રમાણે ગમે તેવું ચરિત્ર કરે તો પણ સંશય થાય નહિ તે ચાર પ્રકારનો નિશ્ચય પુરો થઇ રહ્યો. હવે પાંચ પ્રકારનો બેઠો તે જેમ બને તેમ દેહ ઇન્દ્રિયો અંતઃકરણ સ્થિર રાખવાથી મધ્યના બાવીસ પ્રમાણે અલૌકિક આશ્ચર્ય દેખાય એટલે મનની વૃત્તિ સહેજ નવું નવું જોવા ઊભી રહે ને ઉભી રહેતાં ઝાઝો વખત થાય એટલે સ્થિર થઇ જાય ને સ્થિર થઇ એટલે પ્રથમ પ્રકરણના સત્તાવીસમા વચનામૃત પ્રમાણે આત્મામાં પરમાત્મા દેખાય.

વળી એક હરિભક્તનો કાગળ આવ્યો જે દેહ સાધારણ નરમ રહે છે તેમને જવાબ લખ્યો જે દેહ નરમ રહે છે તેમાં ભગવાન રાજી છે કેમકે દેહ નરમ હોય તો થોડું ખવાય ને આંખો મીંચીને પડ્યું રહેવાય ને ભજનનું સુખ આવે તેથી દેહનું દુઃખ મનમાં જણાય નહિ. કેમકે આત્મા બ્રહ્મસુખે સુખી છે. માટે દેહનું દુઃખ જીવને જણાય નહિ. જુઓને બ્રહ્માએ રાત કરી તેથી દુનિયા બધી સૌ સૌના ઘરમાં પેશી જાય છે ને પરવશ થઇ સુઇ રહે છે. તેથી દેહ પણ પડ્યું રહે છે એટલે પરવશ થઇ સંકલ્પ બંધ થવાથી ભગતને બ્રહ્મનું સુખ આવે ને જગતને ઉંઘનું સુખ આવે તે ઉંઘના સુખથી જગતને માંકડ, મચ્છર, ચાંચડ કરડે તેનું દુઃખ ઉંઘનું સુખ ઠેલી રાખે છે તેમ ભગતને ભજનના સુખથી દેહ નરમ હોય કે તાવ હોય કે ખવાય નહિ તો પણ તે દુઃખ આત્માને જણાય નહિ. જેમ ઉંઘના સુખથી જગતને માંકડ, ચાંચડનું દુઃખ જણાતું નથી તેમ ભગતને પ્રભુના સુખથી દેહનું તાવ, ભુખ આદિકનું દુઃખ જણાય નહિ હવે ભગત કોને કહેવાય તે વચનામૃતમાં સ્વામિનારાયણે લખ્યું છે. વચનામૃત ૧૯ ભાગવત્‌ના પંચમ સ્કંધના ભાગની શાખે તે ભાગવત્‌માં લખ્યું જે ભરતખંડમાં મનુષ્ય દેહ આવે ત્યારે પ્રભુને પહોંચેલા સંત જરૂર વિચરતા હોય તે ઓળખાય તે ભગત કહેવાય. તે પ્રભુને મળેલા તેની જોડે ભાઇબંધી માટે ભજનનું સુખ આવે તેથી દેહનું દુઃખ મનમાં જણાય નહિ માટે દેહ નરમ છે તેથી પ્રભુ રાજી કેમકે આત્માનું દેહ નરમ છે તેનું દુઃખ જણાય નહિ ને ભજનનું સુખ આવે તે જણાય.

કથા કીર્તનમાં વખત વીતે છે. મધ્ય ૬૬/૭ માં છે જે વીતાડવી પડતી નથી.

મધ્ય ૩૨માં છે પ્રગટનાં કથા કીર્તન વાર્તાને એણે જ માયા જીતાય છે ને તરાય છે તે બ્રહ્મરૂપ થવાય છે તે આપણે કર્યું. મધ્ય ૩૨ ને ૩૬ વાંચતાં સમજ પડશે.

પ્રભુના મુખની વાણી સાંભળી તેમાં જ્ઞાન, ધર્મ, વૈરાગ્ય ને ભક્તિ થઇ સર્વે આવી જાય તેમાં સમજણ પણ આવે તે સામું જોઇને સાંભળવું તેથી ધ્યાન પણ થાય. નહિ તો સારંગપુર બીજામાં મીનડીયો ભક્ત કહેવાય. એક ભકતનાં દર્શન કરો છો કે બીજાના કરો છો. અહિ કે'દિ એવી ઉપદેશ દેવાની આજ્ઞા આપી છે એવી રીતના શબ્દો શ્રીજીએ માર્યા, માટે નાનું મોટું વચન પાળે તે જ ભક્ત કહેવાય. મધ્ય ૫૧ માં લખ્યું જે આજ્ઞા હંમેશા સુખેથી પળાય એવી હોય.

વિષય સુખે સુખીયો હોય તે ભક્ત ન કહેવાય. ગુરૂ કહો સંત કહો ભગવાન કહો સર્વે એક જ છે. કારણ કે ગતિ કરે તે જ ગુરૂ. એમ દસમ સ્કંધમાં છે. વળી સંત તે પુરેપુરી શાંતિ ભગવાન જ છે કારણ કે જે સંત ભગવાન પાસે શાંતિ લેવા આવે છે તો એને અધુરી છે માટે આવે છે માટે પુરા સંત તો ભગવાન જ છે.

માટે સર્વે વાતમાં ભગવાન મુખ્ય છે. જેમ રાજાનું કામ તલાટીથી ન થાય તે તલાટીનું કામ રાજાથી થાય. માટે સર્વે વાતે સંપૂર્ણ શાંતિ ભગવાન પાસે છે તે મધ્ય ૪૮માં લખ્યું જે પંચ વિષય ભગવાન સંબંધી જ ઇચ્છે. સ્પર્શ ભગવાનનો ઇચ્છે ને દર્શન ભગવાનનાં ને સંતનાં તે સંતનો સ્પર્શ પણ ના પાડી. સ્પર્શમાં ભગવાનનો કહ્યો તે દર્શનમાં ભગવાન ને સંત બે લખ્યાં માટે ઉત્તમ જ લેવું. સર્વે સુખ ભગવાન થકી જ ઇચ્છે. માટે દર્શન કરવાં ત્યારે મને સહિત વર્તમાન સહિત કરવાં.

જગતના વિષય કરતાં ભગવાનના વિષય ઉત્તમ છે. પ્રથમ ૩૨ માં તે ભગવાનના વિષયી થયા છો કે જગતના થયા છો ? પણ એક નજરે જોઇ રહેવું તે કરતાં એ ઉત્તમ નથી.

પ્રત્યક્ષ ભગવાન મળ્યા તેને તો ભગવાનમાં જ સર્વ સુખ પ્રાપ્ત થાય છે કારણ કે સંત ગુરૂ કે ભગત કયે રસ્તે લઇ જાય તે શી ખબર ! એ તો પોતાના ઇશક ઉપર જ્ઞાન વાર્તા સમજ કીર્તન કથા તેના ઉપર પોતાની ઇચ્છાનું જે તાન હોય તે ઉપર તે તે બાબત કાઢે ને સમજાવે માટે ભક્તચિંતામણીમાં છે જે "ગુરુ સંતને ભજવા શ્રી હરિ જે સાક્ષાત્" એમ ૬૮ મા પ્રકરણમાં છે. માટે ભગવાન થકી જ સર્વે રાખીએ તો કોઇ વિઘ્ન આવે નહિ. કારણ કે આડુંઅવળું કરાવે તે ભગવાન કરાવે તેનું ફળ તેને આપવું છે ને ? એકને કહે તું તગાવી આપ અને બીજાને કહે તું ભેગા કર. એમ બેયને

પૈસા મળે તેમ ભગવાન કહે તેમ કરવું એમાં જ સુખ સુખને સુખ જ હોય. જે પૂર્વે ભગવાન ભેગો રહેતો હોય તેને ભગવાનનાં વચન મનાય ને જેને આ જન્મે નવો આદર હોય તેને પ્રભુના વચન મનાવવાં ઘણાં દુર્લભ છે.

જેવો જીવ બળીયો તેવું વચન પળાય માટે ખબડદાર થઈને વચનમાં રહેવું. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે જે "વચન લોપીને જાણે સુખ લેશું રે, તે તો કેશું કેવાને જો રેશું રે-વચન લોપીને પણ સુખ લેશું રે-" માટે વચન પાળવું તે શુરવીરથી જ પળે ને જેને ભગવાનનો મહિમા હોય તેનાથી જ વચન પળે.

તા.૧૩-૩-૧૯૩૭

એક ઘરડા ભક્તનો પત્ર આવ્યો જે પ્રભુ આંધળાને આંખો આપે છે, પાંગળાનો પગ આપે છે તો મારાથી દર્શન છેટેથી થતાં નથી તેનાં જવાબમાં લખી જણાવ્યું જે જુવાનીમાં તેજ ઓછું થાત તો તેનો ઉપાય ચાલે પણ પચાસ વર્ષ ઉપર થાય એટલે ધોળા વાળ, હાડકાં ને ચામડી કરચલી વળે, પગ દુઃખે, ખાધેલું પચે નહિ એવા અનેક લક્ષણ ઘડપણના રોગનાં છે. માટે જેમ ભગવાન કરે તેમ ખરૂં. હવે પ્રભુ તે પાંગળાને પગ આપે, આંધળાને આંખો આપે એ વાત ખરી છે તેનો ઉત્તર જે આંખો મીંચેલી તે આંધળો કહેવાય, પણ પ્રગટના ભાઈબંધને આંખો મીંચેલીએ પ્રભુના દર્શન થાય છે એનું નામ આંધળાને આંખો આપી કહેવાય. હવે પાંગળાને પગ આપે તેનો ઉત્તર જે પાંગળો કહેતાં પૃથ્વીને ઉંચે જવાતું નથી તો તેને પ્રગટના ભાઈબંધને અનંત કોટિ બ્રહ્માંડની પાર અક્ષરધામ છે કહેતાં બ્રહ્મ તેજ છે તે જઈને જોઈ આવે છે. એમ પાંગળાને પગ આપે પણ કાંઈ દેહ આંધળો હોય તેને આંખો ન આવે ને પચાસ વર્ષ ઉપર દેહની અવસ્થા થઈ એટલે ઘડપણ આવે તેનાં રોગ, માથાં ધોળાં થાય તે કાળા વાળ થાય નહિ. આંખે કાને ઓછું દેખાય સંભળાય તે થાય નહિ. આંધળાને આંખ આપે તેનો ઉત્તર જે વસોનો કાછીઓ ગોરધન તે કહેતો જે હજારો ગાઉ પૃથ્વીના છેડા સુધી દેખાય છે કહેતાં મનુષ્ય દેહને તો ભીંત આડી આવી એટલે આંખે સુઝે નહિ ને તેને તો પૃથ્વીના છેડા સુધી દેખાતું તે આંધળાને આંખ આપી કહેવાય એમ પ્રભુ અલૌકિક રીતે દેખાડે પણ કાંઈ દેહે દેખાય નહિ.

હવે પ્રહ્લાદજીને થાંભલામાં ભગવાન નહોતા પણ તેમના પ્રેમથી નીકળ્યા તેમ તમારો પ્રેમ હશે તો પચાસ વર્ષ ઘડપણને લીધે આંખે ન સુઝે તો પણ દેખાય એ કંઈ પ્રભુ આપતા નથી. એ તો પોતાના પ્રેમની વાત છે. માટે હાલ પ્રગટ મનુષ્ય રૂપ મુર્તિને સંભારતા જે જે સંકલ્પ કરો તે સત્ય થાય એમ પ્રથમ વચનામૃત પહેલામાં તથા

વરતાલના ૧૯માં લખ્યું છે માટે એ તો પોતાની પ્રેમની વાત છે.

લોયાના બારમા પ્રમાણે ચાર પ્રકારનો નિશ્ચય પુરો થઇ રહ્યો હવે પાંચ પ્રકારના નિશ્ચયની વાત જે ભૂખ તરસની ખબર પડે નહિ. જેને જેટલો પ્રેમ હોય તેટલી ખબર પડે નહિ. તેને આંખો મીંચીને નવરાશમાં બેસે તો આનંદ રહે, એને પાંચ પ્રકાનો નિશ્ચય બેઠો કહેવાય. હવે બ્રહ્માંડના ભગવાનનો નિશ્ચય થઇ રહ્યો. પીંડનાનો રહ્યો, તે જેમ જેમ આંખો મીંચીને આનંદ થાય તેમ તેમ નિશ્ચય વધે ને નિશ્ચય પુરો થયો ક્યારે કહેવાય તો આંખો મીંચીને આત્મામાં પરમાત્મા સ્થિર મનમાં દર્શન દે તે વચનામૃતમાં મધ્ય પ્રકરણના આઠમામાં લખ્યું છે. માટે હવે તો આંખો મીંચે જ સ્વાદ આવે.

અમદાવાદથી મુનિ મહારાજને તેડાવવા પત્ર આવેલો તેના જવાબમાં લખ્યું જે મુનિ મહારાજ તો પ્રભુના દિકરા કહેવાય તે પ્રભુનું અંગ કહેવાય તે પ્રભુનું અંગ આવે ત્યારે પ્રભુ તુલ્ય દર્શનનું ફળ કહેતાં શાન્તિ થાય.

વડોદરા જતાં વાત નીકળી જે પ્રાગજી મહારાજ હતા તે કોકનો વાંક હોય તો ભત્રીજાને મારે. તે બોલે જે વારાફરતી મારજો. બીજા કરતાં તો આ નારાયણ (મુનિ મહારાજ) હજાર ઘણા સારા છે. કરોડ ઘણા સારા છે. હવે તો શરીર ઘરડું થયું તે વર્ષ, બે વર્ષ, પાંચ વર્ષ પછી ભગવાન ક્યાં સુધી રહે ? માટે હવે જવાનના દેહમાં ભગવાન જશે. આવો ભાદરણ જેવો સવડ કોઇ જગ્યાએ નથી ને કોઇ ફેરે થયો પણ નથી. ન્હાવાનું, ધોવાનુ પાણી, વાસણ, ગોદડાં હવા છુટ કોઇની ગોદ નહિ. દબાણ નહિ. એવો જોગ અહિં ભગવાને કર્યો છે. જાજરે જવા પણ બહાર રાખ્યું નથી. ઝાઝો સહેવાસ તેમ ઘણું સારૂં જેમ માટી ઓઝા વધારે કસાણે તેમ સારૂં વાસણ થાય. છેટે રહે કાંઇ નથી. એવા માર્મિક શબ્દોમાં ઘણી વાત કહી.

તા. ૩૦-૧૨-૧૯૩૭

ભગવાનદાસે પૂછ્યું જે વડવાનળ એક કે અનેક ? ઉત્તર જે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે એક. ને તેમાં ભગવાન વાસો કરે. વિજળી, દીવા, મશાલ જેવા અનેક. વળી બોલ્યા જે ભગવાનમાં દોષ ભાસે છે તે સારૂં છે કારણ કે જેવો જાણે તેવો થાય, તો ભગવાનને નિર્દોષ સમજીએ તો નિર્દોષ થવાય. તો આ લોકના વહેવાર પ્રમાણે ચલાય

નહિ તે ઉપર ભાદરણના હરિ આત્માની વાત જે તે દોષે રહિત થયાં તો અમે વેલમ ધરમપુરે ગયા ત્યારે અમે બધા થાળામાં ન્હાયા ને તેનું પાણી એરા હવાડામાં કુંડીમાં પડ્યું તેમાં નાની છોડીની માફક કપડાં કાઢીને નાહીને પાછું ધીમે ધીમે બધું પહેરી લીધું. એવાં જો બધાં હોય તો શી રીતે લોક ખમે ? બુધાં મારે એ તો ઝાઝામાં એક હતાં તે નભી ગયું માટે દોષ છે તે પણ સારા છે.

છોટાલાલ શેઠ હતા તે બધું સરખું થયું તો ભેંસનું મુતર ને પાણી સરખું જણાયું તે તેમને ગાંડા ઠરાવ્યા માટે દોષ છે તે સારા છે.

દીવા, મશાલ, વિજળી જેવા અનેક છે પણ આ ભરતખંડના વડવાનળ એક ને ભગવાન તેમાં વાસો કરે તેથી તે નવ પ્રકારની મુર્તિ છે તેમાં અષ્ટ પ્રકારની પાષાણાદિ મુર્તિને નવમી મનુષ્યરૂપ મુર્તિ એક જ હોય, "સોનું જોઇએ કસીને માણસ જોઇએ વસીને." માટે સહવાસથી ખબર પડે, તેના ગુણ તથા લક્ષણ આપવામાં આવે. કાર્ય ઉપરથી ખબર પડે, મહેતાના કાર્યથી મહેતાની ઓળખાણ પડે ને સુબાના કામથી સુબો ઓળખાય ને દીવાનના કામથી દીવાન ઓળખાય તે ભગવાનના કાર્યથી ભગવાન ઓળખાય. મરીને જ્યાં જવાનું છે તે બતાવી દે. ને ભગવાનને પહોંચેલો ભગવાનને પહોંચાડે માટે સહેવાસથી ખબર પડે,

દોષ છે તો સારા છે કારણ કે મારૂં તારૂં ધુળાભાઇને મટી ગયું તો કહ્યું કે જેને જે ફાવે તે ભલે ઘરમાંથી લઇ જાય. દોષ છે તો વહેવારમાં રહેવાય છે.

લગ્ન પ્રસંગે વગેરેમાં બહુ ખર્ચ કરવું નહિ, સગાં સ્વાર્થી છે, ગરજ સરી રહે ત્યારે કોઇ કોઇનું નહિ.

વહેવારમાં કોઇ કોઇ સગું નથી કારણ કે વધારે પ્રભુનું સુખ આવે ત્યારે ઘેર રહેવાય નહિ માટે પૈસા બચાવીને બેંકમાં મુકવા કારણ કે જીવ પ્રથમ રમતમાં વળગે, પછી માબાપમાં, પછી સ્ત્રીમાં ને સ્ત્રીમાં જયારે સમજણ આવે ને તેમાં સુખ નથી ત્યારે ભગવાનમાં વળગે ને જ્યારે વધારે સુખ આવે ત્યારે ઘેર નહિ રહેવા. ધક્કે મરીશું તોય પણ અહીં આવીને પડશો, માટે જ પૈસા બચાવીને બેંકમાં મુકવા. એ જ મુદ્દો છે ને ધર્મમાં પણ ખાધા ખર્ચ જેટલું આપીને તેમાંથી બચાવીને તે બેંકમાં મુકવું.

તા. ૯-૩-૧૯૩૮

નિષ્કામ ભક્તિ કહેતાં કોઇ પ્રકારની ઇચ્છા ન રાખે તે. કોઇ જાતનો ઘાટ

સંકલ્પ ન હોય ને સ્થિર મન હોય ને ઘાટ સંકલ્પ કરવાનું મન પણ ન હોય ને ઘાટ સંકલ્પ થાય તો દુઃખ થાય. કેવળ ભગવાનના સ્મરણે જ આનંદ મનાય. તે વખતે ઇન્દ્રિયો અંતઃકરણ બેસી રહ્યાં, તે વખતે જે ઘાટ ઉપડે તે સાક્ષી કહેતાં આત્મામાં પરમાત્મા જ રહેલા તે ઉપાડે તે વચનામૃતમાં લખ્યું છે જે, જે જે મનોરથ કરે પ્રગટને મળેલા તે મનોરથ સિદ્ધ થાય. હવે જે સંકલ્પ થાય છે ને તે સિદ્ધ થતા નથી તેનું કારણ જે આપણે જુવાનીમાં વાટે જતા હોઇએ જે મનગમતા વિષય મળી જાય તે ભોગવવાનું મન થઇ જાય એ ઇન્દ્રિયોમાંથી સંકલ્પ ઊપડ્યો તે સત્ય થયો નહિ. હવે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર તેનો ઉપરી મન છે, તે સંકલ્પ કરે તે પણ બાતલ જાય, કેમ કે નારદજીએ રાજાની છોડીનો હાથ જોયો તે છોડીને પરણવાનું મન થયું. એ મનમાંથી ઉપડ્યો કહેવાય તે ભાગવત્ આદિક શાસ્ત્રમાં લખ્યું કે નારદજીને પરણ્યાનું મન થયું તે સંકલ્પ બાતલ ગયો. હવે નારદજી ત્રિકાળ જ્ઞાની હતા પણ એકદમ ઇન્દ્રિયે (કહેતાં આંખે) હાથ જોયો ને અંતઃકરણે ઠરાવ કરી નાંખ્યો જે પરણવું છે પણ બુદ્ધિનો વિચાર પડ્યો રહ્યો માટે સત્ય ન થયો. હવે ઇન્દ્રિયો અંતઃકરણનો ઘાટ ન થાય ને કોઇક જાતની ઇચ્છા હોય તે સ્થિર મન હોય તે ઘડીએ જીવની વાસનાનો સંકલ્પ ઉપડે તે પણ બાતલ જાય. હવે ઇચ્છા કાંઇ હોય નહિ ને સ્થિર મન હોય ને જે સંકલ્પ ઉપડે તે આત્મામાં રહ્યા જે પરમાત્મા સાક્ષીને ઉપાડે-સાક્ષી જે પરમેશ્વર તેણે પ્રેર્યું તે સત્ય થાય. માટે સંકલ્પ થાય તે ક્યાંથી ઉપડ્યો તે બુદ્ધિવાળો હોય તે જાણે, ચાર પ્રકારે સંકલ્પ ઉપડે છે. ઇન્દ્રિયોમાંથી, બીજો અંતઃકરણમાંથી ને ત્રીજો જીવમાંથી-વાસનાનો-વાસના કહેતાં ઇચ્છા. એ ત્રણ પ્રકારે સંકલ્પ ઉપડે ને તેમ કરતાં કોઇ સત્ય થાય ને કોઇ અસત્ય થાય-કહેતાં કેટલાંક બાતલ જાય. ને કેટલાક સત્ય થાય. હવે ચોથો પ્રકાર જે સાક્ષીમાંથી ઉપડે તે તો બાતલ જાય જ નહિ. માટે બહુ ઝીણી વાત છે. માટે જ્યાં રહ્યા હોઇએ ત્યાં દેશ, ગામ, ઘર, સગાંવહાલાં, નાત જાત સૌ કોઇ કરતું હોય તેમ કરવું ને સુખ થાવું કે દુઃખ થાવું તે તો પરમાત્માને હાથ છે, જેવાં જેવાં પૂર્વે કહેતાં આજથી આગલાં ને આ જન્મથી આગલા જન્મનાં એ પૂર્વ કહેવાય. પૂર્વે કહેલાં આગલાં કહેતાં આ જન્મનાં પણ આગલાં કહેવાય. તે પ્રમાણે સુખ દુઃખ ભોગવવાનું છે. માટે જે સમે જેમ બને તેમ આનંદમાં રહેવું. પ્રભુનો આનંદ મળ્યો તો બધા આનંદ મોળા પડી જાય. માટે હરખ શોક કરે પાર જ આવે નહિ.

ધુળાભાઇએ તેમના બીજા ભત્રીજાનું લગ્ન કર્યું તે સંબંધમાં આવેલા ત્યારે મહારાજશ્રી કહે જે અમારો મત તો પરણાવવાનો નહિ. જુઓને એકને પરણાવીને

તમો સુખ ભોગવો છો ને બીજાની વાત કરો છો ભાઇ અમારા તમારા મત જુદા.

તા. ૧૯-૪-૧૯૩૮

મહારાજશ્રીએ વાત કરી જે ચાર પ્રકારનો નિશ્ચય પૂરો થયો ને પાંચમામાં તો ખાધા પીધાનું મન દોડે નહિ વગેરે લક્ષણ આવે. શુક્રાચાર્ય ને સર્વ વ્યાપક શક્તિ ખરી પણ બ્રહ્મરૂપ થયેલા નહિ તે વ્યાપવાની શક્તિ ખરી. પણ સર્વત્ર વ્યાપી રહેલા નહિ. નહિ તો કાણાં થાય નહિ. ને વ્યાસજી વ્યાપી રહેલા નહિ. વ્યાપીને શુક્રાચાર્યએ સાદ કર્યો. પણ સર્વત્ર રહેલા નહિ. તે ઉપર અનેક વાતો થઇ. પછી રાવસાહેબ કહે જે જેને જે દુઃખ પડે તે દુઃખ ટાળવાની સત્તા હોય તેને તે દુઃખ પડે ત્યારે ઉપાય થાય. માટે કલ્યાણની અમારે ચિંતા છે તેમ તમારે હોય ત્યારે તેના ઉપાય થાય. પછી કહે ભગવાન કરે તેમાં કલ્યાણ. પરશુરામે લોહીમાં નવડાવીને કલ્યાણ કર્યું. મુસલમાનને વળી તેમાં કલ્યાણ, જૈન ને ન્હાવું નહિ તેમાં કલ્યાણ. માટે પ્રગટ કહે તેમ કરવું.

ગુરુ વાતો કરીને ચેલાને સમજાવી સમજાવીને ઝાલી રાખે ને સદ્ગુરુ અનુભવ કરાવીને કેડે ફરેવે ને પેલો પરાણે વાતોથી ઝાલી રાખે. ઉપનિષદનો રે સાર-ભગવાનમાં-એ વાતને જગતમાં તો ફેર ચઢાવી મૂક્યો છે તે પ્રથમ ૩૪ નું વંચાવી વાત કરી તેમાં ભગતની વાત નીકળી જે તે પ્રવાહમાં જે ના વહે તે ભગત થયો. તે ઉપર વરતાલ ૧૯ વંચાવ્યું જે, જે જે મનોરથ કરે તે સત્ય થાય ને સત્ય ના થાય તો મારો ધિક્કાર છે પણ તેમાં ભેદ જે નાનું છોકરું હોય તેની મા છોકારાને રમવા દે, છુટું મુકે તેની મરજી પ્રમાણે રમે પણ રમતાં દેવતા કે છરી ઝાલે કહેતાં છોકરાને દુઃખ થાય તેવું હોય તો ઝાલવા દે નહિ કહેતાં છોકરું રડે પણ તેની મા ઝાલવા દે નહિ તેમ દુઃખ પડે તેવું હોય તો સંકલ્પ ''સિદ્ધ'' થવા દે નહિ. ઓઝા ઓઝીએ રીસાંઇને ખાધુ નહિ ને કહ્યું જે તમારા જેવો છોકરો, બીજું કાંઇ ન જોઇએ. વધીકું માગ્યું તો ખાવા મળ્યું નહિ. કલોલના ભક્તે કાગળ લખ્યો જે સેવા જોઇએ, બીજું કાંઇ ન જોઇએ. તે વધીકું માગ્યું તે બાબતના કાગળો ગયા આવ્યા ને ગયા, તે સઘળા કાગળો સભામાં વંચાવ્યા. ભગવાન જે આપે તે બધું જોઇએ. કાંઇ ન જોઇએ એવું વધીકું શા માટે માગવું વગેરે વાતો થઇ.

કલ્પતરૂ સર્વના સંકલ્પ સત્ય કરે, તે જવાસો પણ ઝાડ છે તેમ આસુરી જીવ હોય તે બળે.

સોનીનો છોકરો સોની થાય તેમ ભગવાન તો ભગવાન મુકે. ગમે તેવું દુઃખ પડે પણ આ મુર્તિ સંભારે તો મટી જાય. આભ તુટે તો પણ રક્ષા થાય.

ઉંઘમાં માંકડનું દુઃખ નથી લાગતું તો આ તો ભગવાનનું સુખ છે. મોટા પુરુષને આશરે પૂર્વ જન્મના પાપ બળે. તે એવા થયા હોય તો શાંતિ પમાડે. ભગવાનને વશ કર્યા હોય તે બધી પીડા ટાળે. સાચા સંત પોતે બ્રહ્મરૂપ થઇ પોતાને શાંતિ હોય તો જ પમાડે જે બાપનું દેવું છોકરો વાળે તો ભાઇબંધનું દેવું કેમ વળાય નહિ ? માટે ગમે તેવું દુઃખ પડે તો પણ ટાળે.

મનમાં જે જે ઇચ્છા હોય તે પુરી કરે. જે પૂર્ણ થયો હોય તે પુરા કરે, અપૂર્ણ શું કરે ? ગોપીયોને કૃષ્ણ કૃષ્ણ થાતું તે કૃષ્ણરૂપ થઇ ગઇ. ઉદ્ધવને ઉપદેશ કરવા મોકલ્યા પણ તે કોણ સાંભળે ? કારણ કે એક વૃત્તિ થઇ ગઇ તેથી જ્ઞાન ઉતરે નહિ. એકાકાર થયું પછી શું બાકી રહ્યું ?

વિષય જીત્યામાં પ્રયાસ પડે નહિ. તે મધ્ય ૧૩મું વંચાવ્યું વચનામૃત ૧૯મું વંચાવ્યું. પછી સેવાની વાત-ગુરૂને પૈસા ને જણસો વગેરે આપો તો સેવા નહિ એમ કહી કહ્યું જે સ્થિર સરખા જણાણા એ જ સેવા. વળી ભક્ત થયો તેને કાળ કર્મ અડતાં નથી. જેટલી સંભાર્યામાં ખોટ એટલું ભક્તને દુઃખ પડે. બૈરી પરણે છે તે તેનો ધણી રક્ષા કરે છે તો ભગવાન ધણી કર્યા તો કેમ રક્ષા નહિ કરે ? માટે નિશ્ચિંત રહેવું તે ઉપર છેલ્લાનું ૨૮ તથા ૧૩મું વંચાવી વાત કરી જે માથું દાબવું પડે, ખાવા આપી આવવું પડે, ના માને તો મારમારી પાંસરો કરવો પડે.

મધ્ય ૧૩ જે કેટલાંક મંડળ ભરાઇ ને વાતો કરતા ને કેટલાક સામું જોઇ રહ્યા છે. વળી સત્સંગ કરે તેને સુળીનું દુઃખ કાંટે મટે પ્રથમ ૭૦ તમને દુઃખ પડે તે પ્રભુને માથે છે. માટે શા ભાર છે ?

ગતજીવનનું સંચિત પુણ્ય હોય તે જ ઓળખી શકે. પ્રગટ વિના જીવનો મોક્ષ મળવાનો નહિ. ભરતજીની વાસના મૃગલામાં રહેલી તેથી મૃગલું થયા પછી દેહ ઘાસ નહિ ખાવાથી છોડ્યો. એટલે તેમની સહેજ વાસના બાકી હતી તે પૂર્ણ થવાથી બ્રાહ્મણ યોનીમાં જન્મી મોક્ષ પામ્યા.

વસુદેવ અને દેવકીને છોકરાની વાસના બાકી રહેલી એટલે તે વાસના પુરી

કરવા માટે ફક્ત તેમની આગળ આવ્યા ને છોકરા તરીકે જન્મ્યા. પછીથી વસુદેવ દેવકીની વાસના પુરી થવાથી તે લોકો મોક્ષમાં ગયાં.

એક પત્ર અવિધાથી આવ્યો જે મારે પરીક્ષા આપવા લંડન જવાનું છે તો ત્યાં સફળતા મળે એવી તમે કૃપા કરો. પછી મહારાજશ્રીએ જવાબ લખ્યો જે પ્રભુ સંભારતા જેમ થાય તેમ. આનંદ માનવો. જે રીતે જેમ સુખ થાય એમ જ પ્રભુ સંભાર્યાનું ફળ મળશે. માટે હે મગનલાલ હરખ શોક કરે પાર આવે નહિ. જેમ થાય તેમ ખરૂં. કોઇ પ્રકારની આશા તીવ્ર રાખીએ ને તે પુરી થાય તો હરખ ચમક થઇ ગાંડો થઇ જાય, તે પુરી ન થાય તો શોક થઇ ગાંડો જાય, માટે તીવ્ર આશા રાખવી એ દુ:ખરૂપ છે. હવે મગનલાલ કહેશે જે મારે કેમ કરવું તો તેનો ઉત્તર જે તીવ્ર વેગથી ભગવાનનું સ્મરણ કરવું તો સર્વે વાનાં સારાં જ થશે. કેમકે રૂડાં કર્મનું ફળ ભુંડું આવે નહિ. માટે કોઇ કોઇ પ્રકારનો વેગ રાખી બેસવું નહિ. કેમ કે આપણને ત્રણ કાળનું સુઝે નહિ એટલે કામ સુખરૂપ માન્યું હોય તે આગળનું દુ:ખરૂપ થઇ પડે એવું હોય તો જ પ્રભુ ખાળે. માટે ભલા મનુષ્ય દેહમાં આવ્યા તે ઉત્તમ વિચાર કરવો સારો છે. આપણે તો નવ્વાણું વસા રાખવું ને સોમો વસો ભગવાનને આપવો માટે આપણું રૂડું થાય તેમજ પ્રભુ થવા દે. માટે આપણે પ્રભુને સ્મરણે બેઠા તે સારૂં ને સારૂં જ થાય.

પ્રગટ મળ્યા ને ઓળખ્યા તેને ફરી જન્મવાની જરૂર નથી. તેનું કલ્યાણ થઇ જ ગયું. અક્ષરધામમાં જ જવાનો.

પણ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે ન વર્તે તો પ્રથમના ૧૮મા વચનામૃત પ્રમાણે ભૂત કે બ્રહ્મરાક્ષસ થાય. વાસના હોય તે પ્રમાણે થાય વાસના ટાળવી બહુ અઘરી છે. પણ ગમે તેમ કોઇ પ્રકારની વાસના રહે જ. ભગવાન થવાની ઇચ્છા એ પણ એક વાસના છે. વાસના એટલે અલ્યા કહે ભગવાનમાં વાસ તો કહે ''ના'' એ જ વાસના હોય ત્યારે જ ધ્યાનમાંથી પાછા અવાય.

બાપઇબા મુનિ મહારાજશ્રીને કહે ભાઇ મને હાથ ફેરવો. રોટલો ઘડી ખાઇ બેસું એમ રાખજો. એમ કરી તેમને પગે લાગવા આવ્યાં ને કહે જે મારી ઉપર રાજી રહેજો. તે ઉપર બાપઇબાએ વાત કરી જે પ્રાગજી મહારાજે મને દર્શન દઇ કહ્યું જે હે

બાપઇબા ભગવાન ઘેર આવ્યા. મુનિ તો ભગવાનનું દ્વાર છે. ત્યારે બાપઇબા કહે ઘણું સારૂં કર્યુ. અમારે ચિંતા મટી ગઇ.

અહિંનું ખાઇ ને જાય તો જીવનું રૂડું ના થાય. કારણકે પાપનો પૈસો રહ્યો. તેથી ભજન કરે તો ઉગરે.

પ્રભુ સાથે બનવું એ મોટી વાત છે. કારણ કે કોઇ મોટા મુક્ત સાથે બન્યું નથી. અક્ષર સાથે બન્યું નથી તે વચનામૃતમાં છે. જે અક્ષરધામ મુકીને ''વિરાટ'' થકો રહું એવી રીત ભગવાનની છે તે આ તો મનુષ્યદેહની વાત છે. તે જુઓ શ્રીજીના વખતમાં પણ એમ જ થતું. તે જુઓ વાતોમાં છે જે દાદાખાચરથી રીસાઇને નાઠા ને એક વર્ષમાં બાર વખત ઘર બદલાયું તો પણ દાદાખાચર જોડે ના બન્યું તે અલ્યા ગાડું હાંક–એવી વાત છે. વળી બ્રહ્માનંદ કાવ્યમાં છે જે કંઇ બોલે ને કંઇ ચાલે !

પ્રાગજી મહારાજે મનુષ્ય ભાવ બતાવ્યો. પેટલાદમાં સુબાને ત્યાં. સુબાએ સભા ભરી ગુરૂ મહારાજને કહે જે વાત કરો ત્યારે પ્રાગજી મહારાજે કહ્યું જે ચીંથરા ફાડ છું એમ કહી સુબાનું તથા કારકુનનું અપમાન સાથે થયું. વળી એક ભક્ત કહે મને કરી દેખાડો ત્યારે કહે લાવ છરી મને કાપ એમ કરી ક્રોધ કર્યો. વળી મહુવામાં ક્રોધ કરી સમુદ્રમાં પડવા નાઠા તે દોડતાં દોડતાં સુળ પગ સોસરી નીકળી એટલે ક્રોધ ઉતરી ગયો, વળી રામે લક્ષ્મણને જરાક વાંકે મોઢું જોવું નહિ એમ આજ્ઞા કરી. માટે વિચારી રાખવું.

પ્રભુનું ભજન કરતાં કરતાં સ્થિર થવાગ. કાં તો ઉંઘ આવે કાં તો બોત જેવું રહેવાય. એ બધી વાતો સારી જ માનવી કેમકે મુહૂર્તમાં ભગવાન સંભારતાં વખત હીંડ્યો તે વખતમાં પોતાનું મન દેહ, હરિ ઇચ્છાથી જાગ્રત સ્વપ્ન કે સુષુપ્તિમાં ગમે ત્યાં જાય ત્યાં સારૂં જણાય. કેમકે પ્રભુ છે તે પૃથ્વી ઉપર આવે છે તે જીવના મનોરથ પુરા કરવા આવે છે માટે કશી ફીકર રાખવી નહિ. હરિ ઇચ્છાથી જેમ થાય તેમજ આનંદ માનવો, કેમકે ભગવાનના ભક્તને માથે કાળ કર્મ માયાનો હુકમ જ નથી. વચનામૃત પ્રથમ ૩૭.

મધ્યના ત્રીજામાં છે જે મોટી પદવી પામ્યાના બે ઉપાય છે ને પડ્યાના પણ બે ઉપાય છે તેમ પડ્યાનો ઉપાય લખ્યો જે ભગવાનની મંડળીમાં જે હોય તે

રાધાલક્ષ્મી જેવી કહેવાય તેમાં બુદ્ધિ ફેર થાય તો એ કલ્યાણના માર્ગ થકી પડ્યો.

વળી છેલ્લાના સોળમા વચનામૃતમાં મુક્તની વાત લખેલી છે જે ઉત્તમ ભક્ત હોય તેને મોટા મોટા મુક્ત હોય તે સંગાથે પણ પ્રીતિ કરવી નહિ. વળી લખ્યું જે બીજા અવતાર હોય તો પણ જે અવતારની મુર્તિ મનુષ્યરૂપ મળી હોય તેને વિશે જ પતિવ્રતાપણું રાખવું ને બીજા મોટા મોટા મુક્ત હોય તો પણ હેત પ્રીતિ રાખવી નહિ. વળી મધ્યના ૧૯ માં લખ્યું જે સેવાનો અર્થ જે કેટલાક મુક્ત તો ભગવાનની સેવામાં રહ્યા છે તે એક નજરે જોઇ રહ્યા છે તે ઉત્તમ ભક્તની સેવા. હવે જે મધ્યમ ભક્તની સેવા લખી જે કેટલાક તો ગાતા જાય અને ડોલતા જાય એ સેવા લખી એ સેવા સિવાય મુક્તની સેવા બીજા નથી લખી. બીજે તો પામર વિષયીની લખી છે.

પામર વિષયીની સેવા પ્રથમ પ્રકરણ ૪૭ ના વચનામૃતમાં લખી છે જે દેવમંદિર કરવાં, ભગવાનને અર્થે બાગબગીચા કરવા એ વિષયી જીવની સેવા લખી છે. વિષયી જીવની સેવા આપણા કામની નહિ. એ સેવા તો ખરી. આપણી મંડળીમાં તો મુક્ત જીવ ઉડીને આવ્યા છે તે ઉડ્યાનો અર્થ જે રામાનંદી ધર્મવાળા, સ્વામિનારાયણના ધર્મવાળા, ગોંસાઇજીના ધર્મવાળા, શ્રાવકના ધર્મવાળા, કબીર પંથીયા, મુસલમાન આદિક મતપંથના ધર્મવાળા તે વાડો બાંધી ગળે કંઠી કહેતાં ગાળીયું ઘાલી બીજાને પોતાના વાડામાંથી જવા દે નહિ, તે જ્યારે મુક્ત જીવ હોય તે મુક્ત જીવને રોકી રાખેલા તે મુક્ત જીવ ઉડીને અહિં ભેગા થયા. હવે તે ભેગા દેખાદેખે અભિમાની જીવ વિષયી પામર હોય તે ઠગ વિદ્યાર્થી મંડળીમાં ભરાયા. તે કેમ ઓળખાય તો તેવા હોય તે દેહની સેવાની વાત કરે. જે મુમુક્ષુ હોય તે જ્ઞાન કરવામાં શૂરો હોય. હવે મુક્ત જીવ કેમ ઓળખાય ? તો કેવળ આંખો મીંચીને એકલા બેસી રહેવા જેવો કશામાં આનંદ વર્તે નહિ. કથા કીર્તન સંત સમાગમમાં પણ તેવો આનંદ વર્તે નહિ. તેવા કારણે ઓળખાય.

છેલ્લાના ૧૬ માં છે જે મોટા મુક્ત સાથે પણ હેત ન કરવું તથા સ્વામીની વાતોમાં પણ છે જે ભગતને પોતે ને ભગવાન ત્રણની સમસ્ત રહે તો કનિષ્ટ, ભગત. પોતે ને ભગવાનની સમસ્ત રહે તો મધ્યમ અને ભગતને પોતે ભગવાનની મુર્તિમાં લીન થઇ જાય તો ઉત્તમ ભગતમાં ગણાય. વળી ભગતની જરૂર ક્યારે તો ભગવાનમાં અભાવ અવગુણ ભગવાનની ક્રિયામાં આવે તો ભગત સમજણ પાડે. માટે ભગતની જરૂર પડે પણ જેને ભગવાનમાં અવગુણ અભાવ આવતો હોય નહિ તેને બીજાની શી જરૂર પડે ?

મધ્યના ૧૩માં છે જે સત્પુરુષ થકી જ કહેતાં સત્પુરુષના મુખ થકી જ શાસ્ત્ર સમજાય છે કહેતાં સત્પુરુષ તે જ ભગવાન છે. બીજા બધા અસત્યપુરુષ છે. કારણ કે માયામાં તણાઇ જાય છે. માયા કહેતાં ભગવાન વિના બીજું જેટલું -તે બધી માયા જ છે. ભગવાન વિના બીજા બધા માયામાં તણાય છે. તે છેલ્લાના ૩૩ માં છે. વળી ગોપાળાનંદ સ્વામીને પણ માયાના રંગમાં ઉતરતા રહે કે ના રહે તેમ લખ્યું છે. માટે ભગવાન વિના બીજા બધા માયામાં તણાય છે. વળી મધ્ય ૫૬ માં સાચી પ્રીત ખોટી પ્રીત જે બીજે ભગવાન વિના પ્રીતી રહે તે ખોટી પ્રીત છે. ભગવાનમાં જ પ્રીતિ તે સાચી પ્રીતિ છે. માટે સો વાતની વાત જે ભગવાન વિના બીજે પ્રીત સારી જ નહિ.

ભગવાનનાં માયિક તેમજ દિવ્ય ચરિત્ર હોય તે જોઇને હરખ શોક કરવો નહિ. શ્રીકૃષ્ણ હતા તો તેમણે અર્જુનને યુદ્ધ કરવાનું કહ્યું તેમ જરાસંઘથી હારીને નાસી ગયા, વગેરે પ્રભુના ચરિત્ર છે. તેમ રામ હતા તે વનમાં ગયા ત્યારે સીતાજીનું હરણ થયું. તે સઘળી લીલા સાંભળી અત્યારે આનંદ કરે છે તેમ આપણે ભગવાનનાં લીલા ચરિત્ર સંભારી આનંદ કરવો. પણ કાંઇ ભગવાનને મનુષ્ય જાણી સુખ દુઃખ માનવું એવો શાસ્ત્રનો મત નથી તેમ નિષ્કુળાનંદસ્વામીએ ભક્તચિંતામણીમાં લખ્યું છે જે સ્વામિનારાયણ જ્યારે રામાનંદસ્વામી પાસે આવ્યા ત્યારે તપને લીધે હાડકાં, ચામડી રહી હતી ને ચાલે ત્યારે ગબડી પડતા. તે જ્યારે રામાનંદસ્વામીનાં દર્શન કરવા મુક્તાનંદસ્વામી તથા મંડળ સાથે નીકળ્યા તે કલાકે પા ગાઉ ચલાય તે શી રીતે પહોંચાય ? જેથી મુક્તાનંદસ્વામી તથા મંડળ અકળાયું જેથી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે તમે યોગ ધારણ કરો તો સ્વામીનાં દર્શન માટે પહોંચાશે. નહિ તો બે મહીનેય પહોંચાશે નહિ. પછી સ્વામિનારાયણે મુક્તાનંદસ્વામીનું વચન સાંભળી યોગ ધારણ કરી યોગ કહેતાં દેહ ઉપર વૃત્તિ રાખ્યા વગર નયણી ભગવાન ઉપર વૃત્તિ રાખી એટલે તો સ્વામિનારાયણ સૌ કરતાં ઉતાવળા ચાલ્યા ને બીજા સર્વે કેડે પડી ગયા. ને યોગધારણને લીધે નદી તળાવ પણ આડું આવ્યું નહિ. તેમ આ સર્વે લીલા ચરિત્ર ભક્તને સંભારવા કરે.

વળી સ્વામિનારાયણ ગઢડામાં બેઠા હતા તે કોઇએ હાર ચઢાવ્યો તે ક્રોધ કર્યો તે પૃથ્વી ધ્રુજી ગઇ ને સૂર્ય પણ ધ્રુજી ગયો. એટલો ક્રોધ ભગતે હાર ચઢાવ્યો તેમાં પ્રભુએ કર્યો તેની સાખ પ્રેમાનંદ સ્વામીએ ''પ્રથમ હરિને રે ચરણે શીશ નમાવું'' એ કીર્તનમાં લખી છે, તેમાં છે જે ''દેશ દેશના જે હરિભક્ત આવે, પુજા કરવા રે પુજા

બહુ વિધિ લાવે; તેના ઉપર રે બહુ ખીજી રીસાવે'' વાત તે શાખ ભક્તચિંતામણીમાં છે જે એવો ક્રોધ સ્વામિનારાયણે કર્યો તે કોઇથી પાસે ન જવાય. જાણે મારી નાંખશે.

વળી પ્રાગજી મહારાજ હતા તેમના દેહમાં પ્રભુએ ક્રોધ કર્યો ને એક સમે ગુજરાતથી સો દોઢસો માણસ પ્રાગજી મહારાજને દર્શને તેમના વતનમાં મહુવામાં ગયું. તેટલું બધું માણસ ક્યાં બેસે ? જેથી મહુવાથી સમુદ્ર ઉપર ગરીબને માટે ધર્મશાળા શેઠે કરાવેલી ત્યાં બધા ગયા. પછી તે સમે કોઇ બોલ્યો જે હે પ્રાગજી મહારાજ તમો પ્રભુ છો તે એવો ક્રોધ કર્યો જે આ ધર્મશાળાની બારીમાંથી નાસી જઇ સમુદ્રમાં પડી મરી જાઉં. તે નાઠા પાછળ ઘણા ઝાલવા જાય પણ ઝાલવા આવે તેને ધોકા લાતો ને મુકીઓ મારે પણ પ્રાગજી મહારાજ તો સમુદ્રમાં પડવા તૈયાર થયા. તે ખાળ્યા ખળે નહિ. પણ હરિભક્તનાં માણસ વધારે તે એક બારીએથી ઝાલે ત્યારે બીજી બારીએ નાસે. એવો ક્રોધ કર્યો. એટલામાં જ તેમની પાછળ નાસતાં નડીયાદના એક વૃદ્ધ શ્રીમંત ભક્તને સુળ વાગી તે ભક્ત રડી પડ્યો. એટલે પ્રાગજી મહારાજનો ક્રોધ ઉતરી ગયો. અને બોલ્યા જે મારે મોતનું દુઃખ હતું તે આ સુળે લીધું. એવી લીલા થઇ માટે પ્રભુના ચરિત્ર સાજા માંદા, બાળક પેઠે રડે વઢે રીસાય અનેક ચરિત્ર દેખાડે તે પંચાળાના ચોથામાં છે જે અનેક ગુણદોષ ગાવા માટે દેથાડે. માટે લીલા ચરિત્ર ગાઇને રાજી થાવું પણ હરખ શોક કરે પાર આવે એમ નથી.

જેમ ભણતરમાં ગુજરાતી ભણતરની ચોપડીઓ સાત તથા અંગ્રેજીની વાત વળી આગળ તથા વિલાયત જુદુ તેમ શાસ્ત્રમાં ભગતને બ્રહ્મવિદ્યામાં ભણવાની છ ચોપડીઓ છે. તે વચનામૃત લોયાના બારમામાં છે જે ત્રણ પ્રકારનો નિર્વિકલ્પ નિશ્ચય ઉત્તમ મધ્યમ ને કનિષ્ઠ તથા તેવો સવિકલ્પનો એમ છ પ્રકારનો નિશ્ચય કહેતાં છ ચોપડીયો બ્રહ્મવિદ્યાની તેમાં પ્રથમ ચાર ચોપડીઓ કહેતાં ચાર પ્રકારનો નિશ્ચય-પ્રભુ બે પ્રકારના બ્રહ્માંડના ને પીંડના એ બે પ્રકારના. તેમાં ચાર પ્રકારનો નિશ્ચય બ્રહ્માંડના ભગવાન મનુષ્ય જેવા હોય ને કામ, ક્રોધ, લોભ ગમે તેમ ભુંડી ક્રિયા કરી અનેક પ્રકારે પ્રભુ રાગ રંગ કરી જીવને અખંડ સાંભરે ને ભુલાય નહિ તેવી સારી નરસી ક્રિયા કરી જીવને પ્રભુનું સ્મરણ કરાવી શાન્તિ એવી આપી કે સારી નરસી ક્રિયાથી પ્રભુ મનાયા. આવી ક્રિયા માણસ કરે તો માથું કપાઇ જાય. ને જે મનુષ્યમાં પ્રભુનો વાસો હોય ને તે મનુષ્ય જગત, ભગત, રાજા, શત્રુ, મિત્ર ગમે તે જુએ તે દેખતાં ક્રિયા કરે તે સંવત ૧૯૪૯ ના ફાગણ સુદી પડવે પ્રભુ પ્રગટ્યા તે દિવસથી થોડે થોડે શાન્તિ વધતાં

વધતાં પુરી શાન્તિ થઇ તે સંવત ૧૯૯૦ માં પૂરી થઇ રહી એટલે ચાર પ્રકારનો નિશ્ચય પુરો થયો એમ પરિક્ષા થઇ.

હવે પ્રથમ ભક્તનો ઉદ્ધાર કરવાને શાન્તિ પમાડવા સંવત ૧૯૫૩ના મહા મહીનાથી મહીને મહીને સમૈયા કહેતાં ચારસો પાંચસો માણસ ભેગું થતું ને મફત ખવરાવતા ને કોઇનો પૈસો માગતા નહોતા. ને કોઇ આવતું પણ નહોતું. તેની શાખ મણીભાઇ દેવશંકર તથા નડીઆદના રાવસાહેબ મણીલાલ છે. તે એવું સમૈયામાં જમાડતા તો અચ્છેર ચુરમું ને શેર ઘી રેડતા ને ઘી ની શૌકારી કહેતાં દરેકને થાળીઓ છાલાં મેલતા ને થાળીની કુખે ચુરમું રોકી રાખી ઘી નીતારી આપતા એમ ઘી ની શૌકારી લેતા. દસ વરસ એમ કરતાં જીવ પ્રભુ ભેળા સંત જગત, ભગત, શત્રુ, મિત્ર, સરાકારી નોકર અમલદારે સહિત જોતાં જીવને ભગવાનની મુર્તિમાં જોડ્યા તે શાન્તિ અડધી થઇ. પછી મહીને મહીને સમૈયા બંધ કર્યા. અને એક વર્ષમાં ચાર ફેરી ત્રણ ત્રણ મહિને ચાર સમૈયા ભાદરણ કર્યા પછી બાર આની શાન્તિ થઇ. પછી સોળ આની શાન્તિ સંવત ૧૯૯૦ની સાલમાં થઇ. પછી બ્રહ્માંડના ભગવાનની શાન્તિ ચાર પ્રકારની પુરી થઇ. એટલે વર્ષમાં ચાર સમૈયા બંધ કરી એક વર્ષમાં બે સમૈયા કર્યા–કારતક સુદી પાંચમથી પાંચ દિવસ ને બીજો વૈશાખ વદી પાંચમથી પાંચ દિવસ એવી રીતે સંવત ૧૯૯૦ થી બે સમૈયા કર્યા, તે સ્વામિનારાયણે વચનામૃત છેલ્લા પ્રકરણના ઓગણત્રીસનામાં લખ્યું છે જે ગૃહસ્થને છ મહીને સંતના દર્શન થાય કહેતાં ભગવાનના દર્શન થાય તો સમાસ રહે સમાસ કહેતાં જીવને સુખ શાન્તિ રહે. પ્રભુ બે પ્રકારના બ્રહ્માંડના ને પીંડના તેમાં બ્રહ્માંડના ભગવાનની વાત કહી. હવે સંવત ૧૯૯૦ ની સાલથી બ્રહ્માંડના ભગવાનની શાંતિ સોળ આની થઇ એટલે વર્ષમાં બે ફેરા ભગવાનનું મોઢું જોવા બે સમૈયા કર્યા એટલે ચાર પ્રકારનો નિશ્ચય સોળ આની થયો.

હવે ૧૯૯૦ ની સાલથી પાંચ પ્રકારનો નિશ્ચય બેઠો. તેમાં ચાર આની પીંડના ભગવાનનો નિશ્ચય થયો છે. આઠ આની થયો નથી. ચાર આની થયો ને પીંડના ભગવાનનો નિશ્ચય તેની પરિક્ષા જે લોયાના બારમા વચનામૃતમાં લખ્યું છે જે પાંચ પ્રકારનો નિશ્ચય બેસે ત્યારથી ખાવા પીવાનું તથા રાગ, રંગ, માતા, મહાદેવ, સંત, સાધુ, કાશી, ગોદાવરી, તીર્થ દ્વારકાં આદિ કોઇ તીર્થમાં જવાનું મન થાય નહિ. ને નાટક ચેટક વિવાહ વાજનમાં કોઇમાં રસ પડે નહિ. ફક્ત ઘડી કે બે ઘડી આંખો મીંચીને બેસે તો આનંદ થાય. તે આનંદની રીત જે બાર કલાક રાતના ને બાર કલાક

દિવસના એમ મળી ચોવીસ કલાક થયા.

તે એક રૂપીયાની સોળ આની તે સોળ દોઢું ચોવીસ તે એક આનીએ દોઢ કલાક થયો. તે દોઢ કલાક આંખો મીંચે આનંદ થાય ત્યારે એક આની પાંચ પ્રકારનો નિશ્ચય થયો. માટે હાલ ચાર આની પાંચ પ્રકારનો નિશ્ચય થયો એમ જુબાનીઓ મંડળીની સંભળાય છે. લોયાના બારમામાં લખ્યું છે જે ખાવા પીવાનું મન ઓછું થતું જાય એમ સાક્ષી મળે ત્યારે પાંચ પ્રકારનો નિશ્ચય બેઠો કહેવાય. એમ કરતાં કરતાં અન્ન જળ જોઇએ નહિ ને મોંઢામાં પણ અન્ન જળ પેસે નહિને દેહ અન્ન જળ વગર તાજુ થાય કહેતાં જાડુ થાય ને બળ જુવાની કરતાં વગર ખાધે ઉતરતી અવસ્થામાં વધે, એમ પાંચ પ્રકારનો નિશ્ચય પૂરો થાય.

હવે છ પ્રકારના નિશ્ચયમાં તો આત્મા બ્રહ્મરૂપ છે. બ્રહ્મ કહેતાં નિરાકાર છે. જેમ દીવો હોય કે મશાલ હોય તે ઘડામાં મેલે તો એટલું અજવાળુ થાય ને ઘરમાં મેલે તો મોટું અજવાળું થાય; જેમ દીવાને ઘડાનું બંધન છે ને ઘરમાં મૂકે તો ભીંતનું બંધન છે તેમ જીવને દેહનું બંધન છે તે દેહમાં વ્યાપ્યો છે તે બંધન તુટી દેહનથી બહાર વ્યાપે, જેમ કાચમાં દીવો હોય તે કાચના તકતાથી બારણે પ્રકાશ પડે છે, તો જીવનો પ્રકાશ કાચની પેઠે દેહથી બહાર પડે ત્યારે છો પ્રકારનો નિશ્ચય બેઠો કહેવાય. તે વધતાં વધતાં અનંત કોટિ બ્રહ્માંડમાં પોતાનો આત્મા વ્યાપે ત્યારે છ પ્રકારનો નિશ્ચય પુરો થાય. પછી પુરો થયા પછી જીવનું તેજ, ઇશ્વરનું તેજ, અક્ષરનું તેજ, ને પુરુષોત્તમનું તેજ એ ચારે તેજ ભેગાં છે તે પ્રભુ શોધવાના રહ્યા તે તેજમાં જોતાં જોતાં એક જ પુરુષ જેને પુરુષોત્તમ કહે છે તે દેખાય ત્યારે છ પ્રકારની ચોપડીઓ કહેતાં સવિકલ્પ નિશ્ચય ત્રણ પ્રકારનો ને નિર્વિકલ્પ નિશ્ચય ત્રણ પ્રકારનો થાય ત્યારે પુરૂ ભણ્યો. ને પરીક્ષા આપી કહેવાય.

હવે નોકરીની વાત જે શાસ્ત્રમાં લખ્યું છે જે 'રટે બ્રહ્મ થઇ પરબ્રહ્મને' તે પ્રકાશમાં જોતાં જોતાં પુરુષ માત્રમાં ઉત્તમ પુરુષોત્તમ દેખાય ત્યારે નોકરી મળી કહેવાય.

હવે આ બધી વાત શા ઉપર તો લખ્યું જે અંગની વાત કહેજો તો ઉત્તર જે ચાર પ્રકારનો નિશ્ચય બ્રહ્માંડના ભગવાન કરાવે. પાંચ પ્રકારના નિશ્ચયથી એ કામ પીંડના ભગવાનને સોંપવાનું, જેથી મહેતાનું કામ મહેતો કરે, ને ફોજદારનું કામ ફોજદાર કરે તેમ હવે પીંડના ભગવાનનું કામ સામાના મનનું ગમતું કરવાનું છે. માટે નવરાશમાં આંખો મીંચીને બેસતાં કે મનની વૃત્તિ અંતરમાં જોતાં બધા ખુલાસા મળશે.

પીંડના ભગવાનનું કામ પાંચ પ્રકારના નિશ્ચયથી બેઠું છે ને બ્રહ્માંડના ભગવાનનું કામ ચાર પ્રકારના નિશ્ચયમાં હતું તે કરી રહ્યા. હવે પાંચ પ્રકારનું કામ આત્મામાં પરમાત્મા તે કરશે ને છ પ્રકારના નિશ્ચયનું કામ આત્માની દૃષ્ટિએ આંખ્યો વગર દેખાઇને થશે. માટે એ જ ઉત્તર છે આત્મામાં પરમાત્મા રહેલા તે મનની વૃત્તિએ જોતાં ઉત્તર આપશે.

હવે પાંચ પ્રકારના નિશ્ચયમાં તો જેને સચ્ચિદાનંદ કહે છે જેને નિરાકાર ભગવાન કહે છે જેને વાસુદેવ કહે છે, જેને સર્વત્ર વ્યાપક કહે છે એવા ભગવાનની ઉપાસના કરવાની લોયાના બારમા વચનામૃતમાં છે જે પાંચ પ્રકારના નિશ્ચયમાં વાસુદેવની ઉપાસના કરવાની. વાસુદેવ કહેતા નિરાકાર સચ્ચિદાનંદ કાં સર્વત્ર વ્યાપક માટે વાસુદેવની ઉપાસના મળી છે તે વાસુદેવનો એ અર્થ છે જે મને જે પ્રગટ ભગવાન હાલ મળ્યા છે તે બ્રહ્માંડના ભગવાન, ઝાડ, પહાડ, આકાશ, પાતાળ આદિક સર્વત્ર વ્યાપક છે. ક્યાંય મારા પ્રભુ વગર સોયના અણુ જેટલું ખાલી નથી એ વાસુદેવની ઉપાસના કરવાથી કોઇ જીવનો ગુણ કે અવગુણ આવે નહિ ને એક તાર વૃત્તિ રહે. જેમ તડકો છે તેમાં વૃત્તિ જોડવી પડતી નથી એક તાર રહે છે કેમ કે તડકો સર્વત્ર વ્યાપક છે ને નિરાકાર છે ને સૂર્ય છે તે સાકાર છે. સૂર્યને ઠેકાણે બ્રહ્માંડના ભગવાન છે ને તડકાને ઠેકાણે સચ્ચિદાનંદ વાસુદેવ કાં નિરાકાર કાં સર્વત્ર વ્યાપક આત્માનું ઇશ્વરનું અક્ષરનું ને પુરુષોત્તમનું તેજ છે. તડકાની જગ્યાએ ને સૂર્યની જગ્યાએ પ્રભુ છે એવો નિશ્ચય થવાથી જેમ તડકામાં હરતા ફરતાં કામકાજ કરતાં અખંડવૃત્તિ છે જે સર્વત્ર તડકો છે તેમ પુરુષોત્તમ ભગવાનનું અંતર્યામીરૂપે તેજ તે સર્વત્ર છે એમ નિશ્ચય થાય, એટલે અખંડ વૃત્તિ કહેવાય. ને અખડં વૃત્તિ રહેવાથી સુખ શાંતિ વધે તે એવી સુખ શાંતિ વધે કે માયિક દેહ મનુષ્યનો પાણીમાં બેસી રહે માથાથી ઉંડો તો પણ મરાય નહિ ને અગ્નિમાં બાળે તો બળે નહિ ને સોમલ કે અફીણ કે કાળો નાગ કહેતાં સાપ આદિક કોઇ ઝેર ચઢે નહિ ને ધારીયું કે બંદૂક કે ગોળી આદિક કોઇ માર વાગે નહિ એવી શક્તિ થઇ જાય. જેમ પાણીમાં ડાંગો મારે કે લીટા દોરે તો ભેગું થઇ જાય પણ નિશાન રહે નહિ તેથી માયિક દેહમાં કોઇ પ્રકારનું દુઃખ થાય નહિ ત્યારે પુરો નિશ્ચય થયો જાણવો પાંચ પ્રકારનો.

આ વાત મોંઢાની નથી. શ્રીમદ્ ભાગવત્‌ના બાર ભાગ છે તેમાં અગીઆરમા ભાગમાં પંદરમા અધ્યાયમાં આ વાત લખી છે, જે સાચો ભગત હોય તે શાસ્ત્રની શાખ વિના બોલે જ નહિ, જેમ સાચો વકીલ કાયદાથી બહાર બોલે નહિ કેમ જે મોટા પુરુષ કહેવાય તે શાસ્ત્રથી બહાર બોલે નહિ. માટે જ્ઞાનનો પાર આવે નહિ.

એક ભક્તે લખ્યું જે પ્રગટ ભગવાન મળે ત્યાર પછી ફરી જન્મ લેવાનો કે નહિ ? ઉત્તર લખ્યો જે છેલ્લો જન્મ. જ્યારે પ્રગટ ભગવાન મળે ત્યારે પછી ફરી જન્મ લેવાનો નહિ કેમ કે ગીતા, ભાગવત્, વચનામૃત ઘણી શાખો છે તે લખે પાર આવે નહિ. માટે એક બે શાખો લીએ છીએ જે મધ્યના દસમા વચનામૃતમાં સ્વામિનારાયણ બોલેલા તે ભાગવતના ભાગમાં ગીતાને આધારે શ્લોક સહિત લખ્યું છે તે શ્લોક-જન્મ કર્મ ચ મે દિવ્ય મેવ વેત્તિ તત્વતઃ ।। ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુનઃ ।। એ શ્લોકનો અર્થ જે હે અર્જુન મારા જન્મ કર્મને દિવ્ય જાણે છે તે દેહને મુકીને ફરી જન્મ નથી પામતો પણ મને જ પામે છે. માટે હે ભાઇ, ફરી જન્મ આવવાનો હોય તેને મનુષ્યમાં ભગવાન મનાય નહિ. ભાગવત્, ગીતા આદિક સર્વ શાસ્ત્રની સાખે લખ્યું છે. હવે કહેશો જે અખંડ સ્મરણમાં વિઘ્ન છે તો તેની ફીકર નહિ કેમકે પ્રભુએ લખ્યું કે ફરી જન્મ નથી પામતો એટલે કાયદામાં આવ્યું. માટે ભલા દેહના સ્વભાવ છે તે અખંડ વૃત્તિ ન રહે પણ ફરી જન્મ તો આવે જ નહિ તે વચનામૃતમાં લખ્યું છે ને જીવ તો અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, છે ને કોઇ પ્રકારનો દોષ છે જ નહિ. એ તો દેહ પ્રભુએ આપ્યો તે દેહ ભેગા અનંત દોષ મુક્યા તે દેહ પડશે ત્યારે જશે. માટે હે ભાઇ, મનુષ્યમાં ભગવાન મનાય એટલે એને કંઇ કરવાનું જ રહે નહિ. જેમ ત્રીસ વર્ષ નોકરી કરે કે મહીને મહીને પગાર મળે છે તે મહીનો થયા પછી એને કાંઇ કરવાનું જ નથી. એ તો નોકરીનું ફળ પગાર આવે. એમાં કાંઇ વિઘ્ન આવે નહિ કેમકે મહિનો નોકરી તે એકત્રીસમે દહાડે પગાર લેવામાં વિઘ્ન આવે નહિ તેમ અનેક શાસ્ત્રની શાખે લખીએ છીએ, જે મનુષ્યને ભગવાન મનાયા તે ફરી જન્મ લેવો પડે જ નહિ. તેમાં પુરુષપ્રયત્ન કરવો પડે નહિ.

વળી લખ્યું જે વહેવારની અનેક વિટંબણાઓથી ભગવાનનું અખંડ સ્મરણ થતું નથી તેનો ઉત્તર જે મનુષ્યમાં ભગવાન મનાયા ત્યાર પછી અખડં ચિંતવનની જરૂર નથી. કેમકે અનેક શાસ્ત્રની શાખે લખીએ છીએ. વળી વચનામૃતમાં લખ્યું છે કે મનુષ્યમાં ભગવાન ઓળખાય તેને પ્રારબ્ધ, સંચિત, ક્રિયામણ આદિક આ જન્મનાં કર્મ તથા અનેક જન્મનાં કર્મ તેથી સુખ દુઃખ થાય નહિ. એ તો આ જન્મના ભુડાં કર્મ ને અનેક જન્મના ભુડાં રૂડાં કર્મ તે સર્વે માંડી વાળ્યાં. જેથી જીવને ફરી જન્મ લેવો ન પડે. સ્ત્રી, છોકરાં, રોગ, ભોગ, સગાં, સાગવાં, ગામ, ઘર, સંપત, વિપત્ત, આવરદા, મરવું, જીવવું, આંધળા, મુંગા, બહેરાં આદિક આ લોકનો સુખ દુઃખનો જોગ તે સર્વ માટે એને જન્મ લેવો પડે નહિ એવો જોગ મેળવે. એ તો જુઓને જનક રાજાને રાજ્ય

નહિ નડે એવું હોય તો રાજય આપ્યું. પાંચ પાંડવોને આખું લુગડું પહેરવા આપે તો બંધાઇ જાય તે અડધું લુગડું પહેરવા આપ્યું. ને શ્રીકૃષ્ણના માબાપને બાર વર્ષ કેદમાં રાખે જન્મ ના લેવો પડે એમ હશે તો કેદમાં રાખ્યાં. ને સુદામાને અન્ન વસ્ત્ર આપે ફરી જન્મ લેવો પડે એમ હશે તો સુદામાને અન્નજળ આપ્યું નહિ ને વિદુરજીને ઘર, ગામ, ખાવા, પીવા કશું નહિ. માટે વિદુરજીને જેવી સ્થિતિમાં ફરી જન્મ લેવો પડે નહિ એવો જોગ મેળવે. ઉપર લખેલા સર્વ પ્રગટની ઓળખાણવાળા હતા તેમને ફરી જન્મ લેવો ન પડે તેવો સુખ દુઃખનો સંબંધ મૂકે. જેવો જોગ જે સમે બને તે પ્રભુ જ મેળવે. એ જીવને ફરી જન્મ ના આવે એવો જોગ મેળવે. એ તો પેલા જન્મનાં તથા આ જન્મનાં સુકૃત દુષ્કૃત માંડી વાળ્યાં ને પ્રભુનું જ જીવ ઉપર ચલણ રહ્યું.

એ તો જન્મ લેવાની ઇચ્છા હોય તો જન્મ આવે પણ કાયદા પ્રમાણે તો જન્મ આવે જ નહિ. ને જીવમાં તો કોઇ જાતનો દોષ નથી. તે વચનામૃતમાં લખ્યું છે જે જેવો જીવ છે તેમાં કોઇ જાતનો દોષ નથી. ભગવાન જેવો જ નિર્મળ જીવ છે. અને તે આત્મામાં ફક્ત પરમાત્મા એકલા જ રહેલા છે. માટે ફરી જન્મ આવે જ નહિ. કેમકે જે દોષ છે તે દેહને જોગે વળગ્યા છે ને દેહ જુદો પડ્યો એટલે આત્મામાં પરમાત્મા રહેલા છે તે બીજી વાસના તથા ઇચ્છા બીજું હોયા વગર શાની રહે ? તે જન્મ લેવો પડે ?

❖ પહેલી ચોપડી ગઢડે ભણાવી.
❖ બીજી જુનાગઢ ભણાવી.
❖ ત્રીજી મહુવે ભણાવી.
❖ ચોથી ચોપડી ભાદરણ ભણાવી.
❖ હવે પાંચમી ચાલી છે.
❖ છઠ્ઠી ભણાવીશું.

સવિકલ્પમાં ભૂખથી શરીર સુકાય. ને નિર્વિકલ્પમાં શરીર જાડું થાય-ઓછું ખાય તોય.

તા. ૭-૯-૧૯૩૮

આફ્રીકાથી સત્સંગ મંડળના આગેવાન ગૃહસ્થ આવ્યા હતા. તેમણે મહારાજશ્રીને પૂછ્યું જે ઉપાસના કેવી સમજવી ? ઉત્તર જે અમારો મત તો એવો છે જે મુક્તમાં ત્રણ ભેદ તેમાં કનિષ્ઠ ને જીવ, ઇશ્વર, માયા, બ્રહ્મ ને પરબ્રહ્મ તેમાં જીવ,

ઇશ્વર, બ્રહ્મ નિરાકાર તેજ ભેગું તેજ ભળી ગયું. તેનો ભેદ કોઇ પાડવા સમર્થ નથી. ભગવાન પાડે તો પડે. મધ્યમને તો બ્રહ્મ ને પરબ્રહ્મ. ઉત્તમ ને એક પુરુષોત્તમ. હવે માયા ને બ્રહ્મ બે સાકાર. તેમાં જેમ તારા સૂર્ય આગળ લીન થાય છે તેમ માયા ભગવાનના પ્રકાશમાં લીન થાય છે માટે એકલા પુરુષોત્તમ જ રહ્યા.

વળી તેમણે પૂછ્યું જે પેલા દેશના ગોપાળાનંદસ્વામી ને મોટા કહે છે અને આ દેશના ગુણાતીતાનંદ સ્વામીને મોટા કહે છે તે કેમ સમજવું ? ઉત્તર જે આપણે એકેય ને જોયા નથી. પરિચય પડ્યો નથી. તમે ચાર ભાઇ હો તેમાં કોણ મોટો તે જોયા વગર શી રીતે કહેવાય પણ અનુમાને એમ છે જે તમે બે વઢ્યા તે ત્રીજા પાસે ન્યાય કરાવવા ગયા તે શી રીતે કરે તો સાક્ષી ઉપરથી થાય. તેમ આપણે સાક્ષી લ્યો જે બસો ને બાસઠ વચનામૃત છે તેમાં ગુણાતીતાનંદે પૂછ્યું નથી ને ગોપાળાનંદે પૂછ્યું છે તો જેને શંકા પડે તે પૂછે. ગુણાતીતાનંદ પૂર્ણ હતા તે શાનું પૂછે ? માટે તે સોળ આની ને ગોપાળાનંદ આદિ પંદર, ચૌદ, બાર આઠ આનીના બીજા મુક્ત હતા.

પતિવ્રતાની ભક્તિ તે શું ? ઉત્તર જે એક પચાસ બૈરી હોય અને એક પુરુષ હોય તો કોની સાથે વ્યભિચાર કરે ? તેમ જગતમાં એક જ પુરુષ છે અને તે ભગવાન જ છે બાકી બધી સ્ત્રીઓ છે તો વ્યભિચારનું ક્યાં રહ્યું ? પછી પતિવ્રતાપણું કેવી રીતે જાય ? માટે એ તો વાડાવાળાની વાત છે બધી વાત વચનામૃતમાં સાંગરી લખી છે. ફોડ પાડ્યો નથી જેમ સમગ્ર જમવા બોલાવે તે ભેગા કોળી, વાણીયા, પાટીદાર, બ્રાહ્મણ બધા જ આવે તેમ વચનામૃતમાં લખ્યું ખરૂં પણ કોને માટે છે તે ફોડ પાડ્યો નહિ.

હવે આ અવતાર સર્વોપરી ગણાય છે તેનું શું ? ઉત્તર જે સર્વે અવતાર પુરુષોત્તમમાંથી થાય છે ને પુરુષોત્તમમાં લીન થઇ જાય છે. એક પુરુષોત્તમ એક જ રહે છે. પછી બીજી વાત ક્યાં રહી ? એ તો સર્વોપરી વગેરે મધ્યમ ભક્તના શબ્દ છે. ઉત્તમને તો એક પુરુષોત્તમ જ રહે છે.

મૂળ અક્ષર સ્વામી ખરા કે નહિ ? ઉત્તર જે મૂળ અક્ષર ને એ બધી વાત કનિષ્ઠ મધ્યમની છે. ઉત્તમની તો એક પુરુષોત્તમ જ રહે છે. પછી બીજી વાત ક્યાં છે. ? વિરાટ થકા અક્ષરને મૂકીને નાંખો રહું. માટે એ બધી કનિષ્ઠ મધ્યમ ભગતની વાત છે. બીજું કાંઇ રહેતું નથી. જ્યાં ભગવાનની મુર્તિ ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે. મધ્ય ૪૨. તમે ભાદરણ હોય તો પણ સૂર્ય માથે ને મુંબઇવાળો કહે કે મારે માથે સૂર્ય છે. આવ્યા ગયા એ તો નટ નાટકનું દૃષ્ટાંત છે. તે મધ્યના ૧૩ માં છે જે આવ્યા ગયા

નથી. ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ. ને તમે ત્યાં જ બેઠા છો. આ ગઢડું ને ઓસરી કંઇ ભાસતું નથી. પોતાના તખત ઉપર જ છીએ. આવવાનું ને જવાનું છે જ નહિ. વળી પૂછયું જે અમે આવ્યા નથી ને આવશું પણ નહિ ઉત્તર જે એ મધ્યમની વાત છે. ભગવાન જન્મતા, મરતા, અવતરતા જ નથી. અજન્મા છે. ગરૂડ ઉપર બેસીને જાય છે. ને ભગવાન આવે છે. પાર્ષદે સહિત પધારે છે. આ ફેરે જ આવ્યા છે એ બધા જે જે શબ્દો છે તે કનિષ્ઠ ને મધ્યમના છે ઉત્તમના તો બીજું આત્યંતિક રહેતું જ નથી એક પુરુષોત્તમ જ રહે છે.

પછી તે આફ્રીકાથી આવેલ ગૃહસ્થે કહ્યું કે તસ્દી માફ કરજો. ઉત્તર જે વાણીયો તેને જોખ જોખ કરવાનો ધંધો, મોચીને સીવવાનો ધંધો, ખેડૂતને ખેડવાનો ધંધો, નાણાવટીને આપે લે કરવાનો ધંધો તેમ મારે કોઇ પૂછવા આવે તેને કહેવાનો ધંધો એ જ મારી નોકરી.

પછી એક વહેલી સવારના સભા ભરી હીંચકે બેઠા પછી પોતાની વાત કાઢી જે હવે સાંભળો-પ્રથમ હરિને રે ચરણે શીશ નમાવું, નૌતમ લીલા રે નારાયણની ગાઉં ગઢડે બ્રાહ્મણના દેહમાં ભગવાને એક ચોપડી ભણાવી. ઢાલની પેઠે બ્રાહ્મણનો દેહ ધર્યો તે પામર વિષયી ભેગા થયેલા. રામાનંદસ્વામીની ગાદી ઉપર બેઠેલા તે જમવા, રમવાનું, ગાવું, કાંસું પછાડવાનું, ઘંટડીઓ વગાડી વગેરે કર્યું. પછી મુમુક્ષુ હતા તે જુનાગઢ બીજી ચોપડી ભણાવીને જ્ઞાન કર્યુ-સાધુનો દેહ હતો. પછી પ્રાગજી મહારાજ મારફતે મહુવામાં ત્રીજી ચોપડી ભણાવી. પ્રાગજી મહારાજ તો એકલા હતા. પત્ની છોડી ગુજરી ગયા પછી ફરી પરણ્યા નહોતા. દરજીની નાતમાં પરણતાં ચાર હજાર રૂપીયા બેસે તે ફરી પરણ્યા નહિ. તેમને બે ભત્રીજા હતા. તે મોટાએ ઘરમાં પેસવા દીધા નહિ. પણ નાના ભત્રીજાની ભેગા રહેતા. તે પણ ઓટલે સુઇ રહેતા. તે ઉઠે સવારમાં એવા નારાયણ નારાયણ એમ સો ફેરા ઉપરા ઉપરી બોલાય બોલાય કરે તે બીચારો આંખો ચોળતો ખાટલામાંથી બહાર આવે. પોતીયું પહેરતો પહેરતો એકદમ શી રીતે આવે ? તે કેમ આવ્યો નહિ એમ કરી પ્રાગજી મહારાજ તેના બઇડામાં મુચીઓ માર માર કરે. તે કહે ફરતા ફરતી મારો ચામડી ના બગડે. પછી મળસ્કે નાવા જાય ને હું તો વાટમાં બેસું, નદી હતી ત્યાં નાહીને ધોતીયું નિચોવી નાખે. ત્યાં સાધારણ સવારમાં અંધારૂ હોય તે મને જોઇને પૂછે ? કોણ એ ? ત્યારે હું કહું જે હું પસલો. ત્યારે કહે જે તેં ભગવાન અર્થે બહુ કર્યું. એમ કહી પોતે રડી પડ્યા. અને પછી

પોતાની સઘળી વાત કરી અને ગુરૂ કેવી રીતે પ્રસન્ન કર્યા તેમ કેટલાં કષ્ટ પડ્યાં તે વાત વિસ્તારીને કહી. પોતે મહુવામાં શેઠને ઘેર નોકર તરીકે દર્શન માટે રહેલા તે વાત કરી. વળી ગઢડામાં યજ્ઞ થયેલો તેની વાત કહી જે ત્યાં આખો સત્સંગ ભરાએલો તેમાં પુરુષોત્તમ સાથે પુરણ સગપણ થયું. યજ્ઞમાંથી વિદાય લેતી વખતે પ્રાગજી મહારાજે નડીયાદ તથા મહુધાના તથા અમોને કહ્યું જે જુઓ વસો તથા નડીયાદ, મહુધાના પાંચ જણને કહે તમો આ પાંચ પાંડવ અને છેલ્લા આ ભાદરણના પુરુષોત્તમ છે તે છઠ્ઠા નારાયણ એમ કહી કહ્યું જે ગુજરાતનાં મોટા ભાગ્ય છે. ગુજરાતમાં ભારે સંસ્કારી જીવ છે. આ ડોસો થયો હવે ઘરડો થયો. તમારે હવે દુઃખ નહિ પડે. ટકાનો અઢીશેર વેચાઇશ. ઘેર ઘેર ભટકીશ. એમ ગુરુનાં વચન મહારાજશ્રીએ કહ્યાં.

તા. ૨૦-૯-૧૯૩૮

કુબેરદાસ પલાણાથી આવેલા તે તેમને વાત કરી જે પારકી સ્ત્રી સામી નજર કરવી નહિ. ઘઉં, ગોળ, ઘીનો લાડવો વાળ્યો. તેમાં થોડો મઠારીને લાડવો કર્યો. થોડા લોચા વાળીને મૂક્યા ને થોડું છુટ્ટુ મુક્યું. માટે માલમાં કાંઇ ફેર પડ્યો નથી. તેમ રૂપાળી, નાની, મોટી, ઘરડી વગેરેમાં માલ સરખો મુક્યો છે તે ખોળવા જાય છે જે આમાં સુખ હશે. અને જે ખોળે છે જે આમાં સુખ છે તેને સમજણ જ્ઞાન છે જ નહિ. માટે ગેડ બેસાડવી જે સુખ મુકવાનું છે. લેવાનું નથી. વિષય સુખ કેવળ દુઃખ રૂપ છે સારંગપુરના ૧લા વચનામૃત પ્રમાણે. ને જે જે લેવા જાય છે તેને કેવળ દુઃખ જ થાય છે. પછી ચિત્રકેતુ રાજાનું દૃષ્ટાંત આપી વાત કરી. માટે તે તો દુઃખરૂપ જ છે. બધાં જ ખાંડના બીબાં-બીબાં તેવી ભાત-તેવી ગેડ બેઠી હોય તો સુખ ખોળવા જાય જ નહિ.

પછી ભક્તચિંતામણી મંગાવીને વાંચવા માંડી તેમાં પ્રકરણ ૪૨ આણી ઉદાસી અંતરે ઉદાસી છે તો નહિ પણ આણી કહેતાં લાવી. મુક્તાનંદે કહ્યું જે લોહી માંસ ગયું છે સુકાઇ સવિકલ્પમાં શરીર સુકાય. નિરવિકલ્પમાં સુકાઇ જાય નહિ.

વળી કુબેરદાને કહ્યું જે મન છે તે બાળક જેવું છે તે મન માગે તો જ આનંદ મનને રહે માટે જાઓ જે ખાવું હોય તે કરાવો. નહિ તો મન ઉદાસ થાય. એ તો જ્યારે સદાય ગુણ દબાય ત્યારે જે હોય તે ખાધેથી મન આનંદમાં રહે જે જેણે તેણે ખાડો પુરવો છે. ભૂખનું દુઃખ મટાડવું છે એમ સમજણની ગેડ બેસે ત્યારે મન વલખું મારે

નહિ. જેમ બાળક હોય તે કંદોઈને ત્યાંથી બાપા મને ડેરૂ, હારડો, પતાસું વગેરે જુદુ જુદુ લઇ આપો અને તે જોઇ બાળક આનંદ પામે છે પણ કંદોઇ સમજે છે જે બધું ખાંડનું છે તેને મન આનંદ નથી પણ બાળકને ના આપે તો રડે. માટે મનમાં જ્યારે એમ ગેડ બેસે જે બધું જે ખાઇએ તેણે ખાડો પુરવાનો છે તો મનને દુઃખ થાય નહિ. માટે જાઓ મન ફાવે તેમ રસોઇ કરાવો.

વળી તા. ૨-૧૧-૧૯૩૮ ને રોજ દોઢ વાગે એક મોટો પરચો બનેલો તેની વાત સાંભળો જે એક વાગે મજુર છુટ્યા એટલે મુનિ મહારાજ જમવા માટે આવ્યા. ત્યારે બધા સમૈયા પછી ચાલીસ પચાસ માણસો રહેલા તે પણ જમવા માટે બેઠેલા હતા તેમના ભેગા પંગતમાં આવીને મુનિ મહારાજ જમવા બેઠા. તે એક એક કોળિયો શીરો બધાને પહેલો પ્રસાદ જેટલું પીરસેલું ને શાક પીરસેલું તે થોડો શીરોને શાક ખાઇને તરત જ ખીચડી ખાધા વગર મુનિ મહારાજ એકદમ હાથ ધોઇને દોડ્યા.

હવે પેલી તરફની વાત સાંભળો. મજુરો એક વાગે છુટેલા તે રોટલા કઢી ખાઈને પાંચ સાત મજુરો જ્યાં મોટો ત્રાંસો એકાવન ગજ ઓટલો છે. તેના મુખમાં થોડું ખોદેલું તે ખુણા આગળ ખોદેલું ત્યાં નિરાંતે સુતેલા તે મુનિ મહારાજ એકદમ તે મજુરો પાસે ગયા ને કહે કે ભાઇ ઉઠો તો પણ કોઇએ માન્યું નહિ ને ઉઠ્યા નહિ પછી મુનિ મહારાજ મોટેથી બોલીને કહે કે ઉઠો ઉઠો ઝટ ! એટલે પેલા મજુરો તો એકદમ ઉઠ્યા. તે લોકો ઉઠ્યા એટલે મુનિ મહારાજ કહે પેલા કોદાળા પાવડા ઓટલાના મુળ પાસેથી લઇ આવો તે લેવા જતા હતા એટલામાં જ ઓટલાનો ખુણો દસેક ગજ તુટી પડ્યો ને હજારો મણ માટીનો મોટો ઢગલો પહેલાં જ્યાં મજુરો સુતા હતા તે જ જગ્યાએ થઇ ગયો. ને કોદાળા, પાવડા દટાઇ ગયા પણ કોઇ માણસને ઇજા થઇ નહિ મજુરો ઉઠ્યા ને એક બે સેકન્ડ પછી તરત જ ખુણો તુટી પડ્યો. આ જોઇ મજુરોને ખૂબ જ આશ્ચર્ય થયું અને કહેવા લાગ્યા કે મુનિ મહારાજ તમને મજુરોને ઉઠાડો એમ કોણે કહ્યું ? ત્યારે મુનિ કહે કે મને તો મહારાજે ખીચડી પણ ખાવા દીધી નહિ અને કહે કે જા મજુરો પેલા સુતા છે તેમને તરત જ ઉઠાડ, નહી તો પેલા મજુરો ખુણો પડવાથી દટાઇ જશે એવી મુનિ મહારાજની વાણી સાંભળી મજુરો માંહોમાંહી વાતો કરવા લાગ્યા કે ભગવાન તો ખરા. જો ભગવાને આપણને ન ઉઠાડ્યા હોત તો જરૂર પાંચ સાત જાગ મરી જાત માટે ભગવાન તો ખરા.

કરમસદના રણછોડભાઇનો મનીઓર્ડર આવેલો તેના ઉત્તરમાં લખાવ્યું કે પાંચમા પ્રકારમાં સિદ્ધિઓ આવે તેનું મુહૂર્ત ભગવાને સંવત ૧૯૯૫ના કારતક સુદી નોમને દહાડે છેલ્લે દહાડે ઢેબરાં કરતી વખતે કર્યું. તે શું તો કલાકે ચાર ગાઉ જાય એવી ઝડપથી પ્રભુ ચાલ્યા ને સમાધીવાળા ભેગા નાચ્યા ને આઠમને દહાડે તો પ્રભુને ચાર જણ ઝાલીને ઉભા કરતા ને નોમને દહાડે ઢેબરાં કરતાં તો પ્રભુ સોળે શણગાર પહેરી સોળ વર્ષના સિદ્ધિ બળથી બધાંને જણાયા ને એવી લીલા છ કલાક સુધી કરી ને પછી હતા તેવા ઘરડા બધાને જણાય. ને સિદ્ધિયોનું મુહૂર્ત પ્રભુએ કર્યું. તે જગતમાં પ્રભુના ભાઇબંધને પણ સિદ્ધિયો આવવાની. તેની જુબાનીઓ સંવત ૧૯૯૫ના વૈશાખ વદી પાંચમને આવતે સમૈયે બાઇભાઇની થશે.

પછી મજુરને કહે છે કે અલ્યા હવે કાંઇ ખોદ પુર કરવી નથી કારણ કે શરીર ઘરડું થયું તે કદાચ પડી જાય તો શું કરીએ ? તમારે મુનિને જેવું પછી જોઇએ તેવું કરાવી લેજો. પોતાનું બળ જોઇએ. બધા ભેગા થાય ત્યારે જોઇએ એવું કરાવી લેવું. અલ્યા વાતો આવે છે જે આ સોમાભાઇ ભરૂચથી આવ્યા છે તે કહે છે કે એક હરખા કરીને સુરત ગઇ હશે તે મંદિરમાં ગઇ. તેથી મન બળી ઉઠ્યું. પછી મુર્તિ સામું જોયું તો જ્યાં મુર્તિ જુવે ત્યાં મુનિ મહારાજની મુર્તિ દેખાય જ્યાં મુર્તિ સામું જુએ ત્યાં મુની મહારાજ દેખાય એટલે શાન્તિ થઇ એવી વધામણીઓ આવે છે માટે એમને (મુનિને) જેવું જોઇએ તેવું કરાવી લેશે.

જે વ્હેલી સુખ શાન્તિ થાય ને આત્મામાં પરમાત્મા દેખાય તેવો ઉપાય ઉત્તર જે સારંગપુર ૧૧ માં છે સાધન કરે તેની ઉપર કૃપા કરે. પ્રથમ ૨૯ સાધન સૌથી શ્રેષ્ઠ છે પુરુષપ્રયત્ન કરે તેની ઉપર કૃપા થાય. મજુર મજુરી કરે તો તેની ઉપર શેઠનો રાજીપો થાય. વહેલી સાધનની સમાપ્તી તો જે વહેલો વધારે અભ્યાસ નિશાળિયો કરે છે તો વહેલો પાસ થાય છે માટે નોકરી કરતાં વખત વધે તો પેટનું, પછી શેઠનું, પછી ઠેઠનું કરવું કેતાં ભગવાન સંભારવા તો આત્મામાં પરમાત્મા દેખાય.

ભગવાન ઓળખાયા ને જોગ મળ્યો એ જ કૃપા. તે પણ પૂર્વના સંસ્કારથી મળ્યો ને મનાય તો મોટી કૃપા જોગ થવો તે થોડી પણ મનાવું કઠણ તે જ કૃપા કારણ કે શ્રી કૃષ્ણએ વેશ્યા, જરાસંઘ, ભરવાડણ ઉપર કૃપા કરી પણ મનાયું નહિ માટે મનાય

તે મોટી કૃપા. આત્મા પરમાત્માની કૃપા તો પાત્ર થાય ત્યારે સુખ રહે. નહી તો પ્રાંતીજના શેઠની પેઠે ફરીયાદી લાવે માટે પાત્ર વિના સારૂં નહિ.

કોઈકે પૂછ્યું જે જ્ઞાનનો બોધ આપો ઉત્તર જે ભણેલો નથી તો કહે અભણ પાસે અનુભવ વિજ્ઞાન હોય માટે વિજ્ઞાનની વાત કરો. પછી મધ્યનું ૨૬ની વાત કરી જે જેવી વૃત્તિ રાખે તેવું કામ થાય તે અમદાવાદનો કોઇ અમલદાર હતો પણ સ્વામિનારાયણનાં શાસ્ત્ર જાણતો જે મહારાજે તો પાડા પાસે વેદ બોલાવ્યો છે તો ઉત્તર જે આ તો થાંભલા પાસે વેદ બોલાવે એવો છે કાંઇ ભગવાન જતા રહ્યા નથી.

રામ હતા તે ક્ષત્રિયના દેહમાં હતા તે ધનુષ્ય ધાર્યુ ને લડાઇ કરી. શ્રીકૃષ્ણ હતા તે ભરવાડના ઘરમાં હતે તે ગાયો ચારી. ને છેવટે રાજા થવા ગયા તે નાસી જવું પડ્યું ને સમુદ્રમાં જઇ રહ્યા. સ્વામિનારાયણ હતા તે બ્રાહ્મણ હતા તેથી ચોરાસીઓ કરી ને ઘર નહી તે આજ આને ત્યાં ને કાલે પેલાંને ત્યાં. રેલ્વે નહિ તે ઘોડું રાખી ફરફર કર્યું. સાધુના દેહમાં હતા ત્યારે વાતો કરી ને દરજીના દેહમાં હતા ત્યારે સીવ સીવ કર્યું. જગતનો જીવ છ કલાક કામ કરે. તો આતો સવારમાં વહેલા જઇ દરરોજ રોકડીના છ આના જુદા લે એવો ચાળો હતો, ને હવે પાટીદારના દેહમાં છે ને સંસારી છે. તે સંસારીની પેઠે જમીન ખોદ ખોદ કરીને હવે ચણવાનું ઉખેડવાનું વિગેરે ચાલે છે પાટીદાર કાં તો પહોળો થાય કેતાં ઘર કે જમીન રાખે. તે આમને કોઇ ઉઘરાવીને ખાનારો નહિ તેથી જમીન રાખી નથી પણ રહેવાના ઘણા છે. તેમના માટે સોઇ, સુવાનું, બેસવાનું, ખાવાનું, પીવાનું, ઓઢવાનું વિગેરે જેમ સવડ વધારે ને સારો કોઇ વાતે દુઃખ પડે નહિ તેમાં દિવસ જાય છે. દરજીને ત્યાં ભરાતું નહોતું તો ઘર કરતા નહિ જમીન રાખતા નહિ પણ ભત્રીજાને બે ફેરા બેતાલીસો બેતાલીસો રૂપીયા ખરચીને પરણાવ્યા ને આમને પરણેલો છે પણ છોકરો નથી તો પણ ફરી લોકો પરણાવવા મથે છે. પણ કહે છે કે ગામમાં રહે ને પરણે. ને સાધુ હતા તે પરણેલી છોડીને આવ્યા, ને તેનો સમાગમ પ્રાગજી દરજી કરવા ગયા તો કહે ઘર બાળીને દર્શન કરવા આવ ત્યારે તારા મનોરથ સિદ્ધ થશે પણ સમજ્યા નહિ. પછી સ્ત્રી ધામમાં ગઇ ત્યારે કહે હવે આવ. ને સ્વામિનારાયણ હતા તે તો કહે ઊંચી ટેકરીએ મુકી ઝરડાં ઝેંટી બાળી મુકીએ ત્યારે બ્રહ્માનંદે કહ્યું કે એવાને હોય જ શીદ ને. ભત્રીજાને વહેંચી આપ્યું પણ પછી

શાક રીંગણનું માગ્યું. ત્યારે વારા કાઢી પાછા કાઢ્યા તે વાત પ્રસિદ્ધ છપાવેલ છે. માટે હે દેવજીભાઇ દરેકના મત અભિપ્રાય તો જુવો સંભારો વાંચો, નહિ તો આ વાત મણીશંકર ગોર મહારાજને પુછો તો કહેશે જે ખરી છે. નહિ તો જે જુઠ્ઠી લાદે તે નોંધી રાખજો તે જ્યારે ભેગા થશે ત્યારે વંચાવીશું. માટે શું લખવું ? દરેક દરેકની રૂચિ જુદી રામ એક સ્ત્રી ધનુષ્ય એક ને બાણ વચન એક હતું ને શ્રીકૃષ્ણને કપટી કહ્યા ને એકને બદલે અનેક કરીને ને નાનો હતો ત્યારથી જ પારકા ઘરમાં પેસીને છોકરાંને ચૂંટી ખણી રડાવીને નાસી આવતો. ને મોટો થયો ત્યારે ગાયો લઇ વનમાં જંગલમાં જમીન ખોદવાનાં કામ કર્યાં. ને મોટી ઉંમરે રાજાઓને વઢી વઢી લોકોની બાયડીઓ ઝડપી પરણ્યા ને એક ભૂમા પુરુષ રાજાને મારીને સોળસો રાણીઓ કરી એ જ પ્રવૃત્તિ કરી ને બ્રાહ્મણમાં સ્વામિનારાયણે દેરાં કર્યાં ને ભટક ભટક કર્યું જેથી જતા આવતા હજારો લાખો જીવને દર્શન થાય. ને વેરભાવે, સ્નેહભાવે, કામભાવે જીવ મને શી રીતે સંભારે એ એક જ કામ રાખ્યું છે. ને જેમ વધારે સંભારે એવો જ ઉપાય કરવો એવો ઠરાવ છે. જેથી સંભાર્યાથી જીવનું સાર્થક થાય. આ લોક અને પરલોકનું તેમાં આલોકનું ઘટે તેમ અને પરલોકમાં પાસે રાખવાનું. જુઓને ! કૉલેજ ટાવર પાસેથી કોઇ વરની વરાંઠી કરતા હશે તે પ્રભુને જમવા તેડવા આવ્યા તે કાછડી પહેર્યા વગર ધોતીયું ઘાઘરાની પેઠે પહેર્યું ને ઉપર પહેર્યો નવો જરીયાનો કોટ ને માથે મેલી જરીયાની ટોપી ને હાથમાં લીધું લોટું પવાલું ને કહે થાળી વાટકી લાવ તે વધે એટલું ઘેર લાવું. વાઘરા ખાઇ જાય તે તે કરતાં હું શા માઠો ? તે લઇ ગયા જમીને તેણે બીજા લાડવા સત્તર ભરી આપ્યા શાક, દાળ, ભાત તે માથે મેલી ગામ વચ્ચે થઇને લાવ્યા તે લોક કહે ભગત ભગવાન પ્રભુ આ શું ? કોઇ કહે આમ લવાય કે ? કોઇ કહે કોઇને જોડે રાખવું હતું ને ? કોઇ કહે ભાઇ પ્રભુને કાંઇ નહીં. કોઇ કહે એ તો એ જ કરે લાખો પૈસા છે ને લાખો પુંજવાવાળા, પગે લાગવાવાળા છે પણ જરાય અભિમાન છે ? એમ જેને જેમ ફાવે તેમ બોલે ને જુવે ને સંભારે એથી જ જીવન રૂડું થાય માટે હે ભાઇ આગળની રીત તો જુવો હાલ પણ લોક કહે છે કે ખોદવું, પુરવું તે કરતાં એક પાકું મકાન કરે તો કેવડું મોટું થાય એમ ઘણા લોક કહે છે. પણ લોક શું સંભારે. ને પાકું કરે તો કહેજે મફતીયા પૈસા તે મોજશોખ મારે છે. એમ અભાવ આવે ને આ તો સંભાર્યા જ કરે. વળી બીજો જમવા બોલાવા આવ્યો ત્યારે કહે જે લાવો થાળી ત્યારે દિવાળીબા કહે પીરસણ આવ્યું છે ને ના જવાય તો કહે સારું મારે જવું છે. તમે ભગવાન થાવ ત્યારે તમે એમ કરજો ને હું તમારો ચેલો થાઇશ તે તમે કહેશો તેમ કરીશ પણ હાલતો તું મારી ચેલી છું માટે મને

જેમ લોક સંભારે તેમ કરવું છે. પછી થાળી લઈ ગયા તે પંદર લાડવા, દાળભાત, શાક વિગેરે ભરી લાવ્યા. માટે હે ભાઇ આવા લોકોને સંભારવા માટે ચરિત્ર કરવાનાં. જુઓને મિયાગામ કેવું કર્યું હતું તે તરત જવા દીધા ને હજુ પણ સંભાર્યા કરે જ છે. ને પેપરે ચઢીને વળી ગામોગામ જાહેર થયું, માટે હે ભાઇઓ એમનું એમ જ હોય.

તે બાઇ મુમુક્ષુ છે કારણ કે રાંડેલી રાંડે જરીયાની પોષાક કરવા હિંમત કરી. મસ્તકથી તે મરણ સુધી તેમાં કોટ થયો બીજું બાકી છે તે વખતો વખત તેડાવશે. જુઓને સ્ત્રી જાતી પણ બુદ્ધિ સારી છે જે બે ભયંકર દુઃખ હતાં તે પ્રભુને શરણે આવવાથી મટ્યાં. તે ગુણ ભૂલ્યાં નથી એક તો ગળામાં કંઠમાળ નીકળેલો તે ના છૂટકે પ્રભુ પાસે આવ્યાં ને બીજી ફેરો બીજું દર્દ હતું તેમાં બેય ફેરા પ્રભુના સામે પગલે શરણું લીધું તે મટ્યું તો ગુણ ગયો નહિ કેતાં કૃતઘ્ની થયાં નહિ. જેમ ઝાઝી ગાયો, ભેંસો, બળદ હોય તેમાં સારું પરખતાં આવડે. તેમ તે બાઈને ગુણ રહ્યો. નહીં તો ગરજ સરીને વૈદ્ય વેરી થાય પણ આ તો જબરો વૈદ્ય તે કૃતઘ્ની થાય તો બીજે ફેરે વ્યાજે સહીત લે. કારણ કે આના હાથમાં કેતાં સ્વતંત્ર અને પેલા જગતના વૈદ્ય તો પરતંત્ર તેથી છટકી જાય આના હાથમાં ક્યાં છટકે ? ''પરાં પળાય પંડના પાપ'' કેતાં શરણે આવે તો દુઃખ છેટે રહે ને શરણું મુકે તો છોડી મૂકે તે સ્વામીની વાતમાં છે જે દુઃખ તો ડોકાં કરી રહ્યું છે જે ક્યારે લાગ આવે ને પાસે જઇએ જેમ ક્યારે ઘરધણી ઉંઘે ને આપણે પેસીએ એમ ચોરના મનમાં થાય તેમ દુઃખ પણ એમ વાટ જુવે. માટે પોષાક નિમિત્તે બીજાને દર્શન થાય છે એ તો ગુણ ગયો નથી તેથી થાય છે. કર્યા ગુણને ભૂલી જાય તેનાથી કાંઇ થાય નહિ.

જુઓને તમારા જીવનો મોક્ષનો સવડ પ્રભુને કરવો પડ્યો, તે ભગતની દીકરી સાથે તમારા દેહનો સંબંધ થયો તે વાડે વેલો ઝટ ઉંચો ચઢે તેમાં લગારે પ્રયાસ પડે નહિ તેમ થયું. નહિ તો જરા વાર લાગે ને તમારો આત્મા પૂર્વનો સંસ્કારી અપાર છે. જેથી માથુ કાપે તેવી ક્રિયા જાણો જુઓ તો પણ તે મુળા ભાજી જેવી થઇ માટે કીર્તનમાં છે જે ''સંસ્કારે સંબંધી સર્વે મળ્યા રે'' કેતાં તમે સંસ્કારી જેની જોડે સંબંધ થયો તે સંસ્કારી તેનાં માબાપ સંસ્કારી. નહિ તો એકમેકને વિરોધ થઇ પડે નહિ તો તમારા સગાંને ના ફાવે આ તો તમામ વાતે સરળ થયું તે નિષ્કુળાનંદ સ્વામીએ

એકવીસ ગ્રંથ કર્યા, તેમાં કીર્તનમાં છે જે "ભાગ્ય જાગ્યાં રે આજ જાણવા કોટિ થયા કલ્યાણ. એક કલ્યાણનું ક્યાં રહ્યું થયા કલ્યાણ કોટ." માટે હે ભાઇ હવે મળ્યા તેને મનથી સંભારવા ને દેહે કરીને પેટને પેટની પછવાડે વળગ્યાં તેનું પોષણ કરવું બીજું તપ, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ તમામ થઇ ગયું તે પણ ભક્તચિંતામણી પ્રકરણ-૬૮માં છે જે મુક્તાનંદ સ્વામી આદિ સાધુ કહે હવે અમારે શું કરવું ? ત્યાગ ભક્તિ વિગેરે વિગેરેમાં તો કહે જે "પ્રભુ કહે તમે સાંભળો ત્રીજી ટુંકેથી છે કહો તે સાધન કરીએ તો કહે થઇ રહ્યું. ગુરૂ કહો સંત કહો કે ભગવાન શ્રી હરી કહો જે કહો તે હું તે મને સંભારો." પછી મુક્તાનંદજીએ પૂછ્યું પ્રભુને પ્રશ્ન, નાથ તમારું ગમતું જે હોય તે કરીએ સાધન "પછી પ્રભુજી બોલ્યા, તમે સાંભળો સૌ હરિજન, જ્યારે પ્રભુને પામીએ ત્યારે સર્વે થયાં સાધન. પછી જે જે કરવું તેહની તે કહુ વાત ગુરુ સંતને ભજવા શ્રીહરિ જે સાક્ષાત" ભજવા કેતાં ભજન. કોઇ કહે જે શાનું તારે ભજન છે ? તારું ચિત્ત ક્યાં હશે ? એટલે કાંઇ રામ રામ રામ. કૃષ્ણ કૃષ્ણ કર્યાથી ભજન થાય નહી પણ તમને જેવું નોકરીનું ચિંતવન થાય છે તેવી રીતે મન રહે. વળી મા હોય તે કાંઇ મારું છોકરું મારું છોકરું કરતી નથી પણ મનનો ભાગ થોડો ઘણો કામકાજમાં, રાંધતા, પાણી ભરતાં, ઉંઘમાં વિગેરેમાં જેવો રહે છે તેમ મન ભગવાનમાં રહે તે ભજ્યા કહેવાય. માટે હે ભાઇ હવે તો ફક્ત જેમ સ્ત્રીને પુરુષમાં મન રહે છે અને પુરુષને સ્ત્રીમાં મન રહે છે તેમ મન ભગવાનમાં રાખવું તે એક જ કામ છે. બાકી તો વર કેતાં તમે પરણ્યા તે તમારી પછવાડે કોળીયાં વાઘરાંને પણ જમાડવા પડ્યાં, તેમ આની પછવાડે દેહ ને દેહની પછવાડે વળગ્યાં. તેને પોષણમાં દેહ જાય ને મન જુદું રહે. બાકી તો વધારે પૈસા હોય તો કાં તો બાયડી પરણે, કાં તો છોકરાં ના થાય તો બીજી લાવે, નહી તો દવા કરાવે, નહી તો મકાન કરાવે, નહી તો જમીન રાખે કાં તો ઘરેણાં કરાવે, કાં તો સીનેમા નાટકમાં વપરાય કાંતો ચોર લઇ જાય વિગેરે વિગેરેમાં જાય જાય ને જાય. ગમે તે રસ્તે જાય. પડ્યું રહી ઢગલો થાય નહી. ને ઢગલો થાય તો ભુત કે સાપ થઇ સાચવવું પડે. ભરૂચમાં નવલખાંની પેઠે. તે વાત તમે જાણતા હશો. મને નટવરલાલે કહ્યું હતું જે સ્ત્રી કે તેની ભોંયાણી જાય તો રૂપીયા લેવા દે. નહી તો ઢગલા ઉપર બેસી રહે. ને જેટલો વરો હોય કેતાં વાપરવાના હોય તેટલા જ લેવા દે. પછી ફુંફાડો મારીને ઉપર બેસી જાય. ને તેમાં વળી સ્ત્રી કે ભોંયાણીને ઓળખે ત્યારે ઢગલા ઉપરથી ઉતરે. એટલું બધું પૈસાનું જતન કરવું પડે. કમાતાં દુઃખ ને કમાયા પછી મર્યા પછી સાચવવાનું દુઃખ. બીજો દેહ ધરીને પણ સાચવવું પડે માટે કશાયમાં સુખ જ નથી ખપ

જેટલામાં સુખ છે.

હરીપરામાં એક ભક્તને ત્યાં ખર્ચ વધી ગયું તે પછી નામું રાખ્યું તો બાર મહીને હિસાબ કરતાં સો રૂપીયાની ચ્હા ને સો રૂપીયાની ખાંડ ગઇ. પછી નામું જોતાં ચ્હા થોડે થોડે બંધ કરી તેમ હિસાબ વિના એમ જ થાય. માટે કહેવાનું શું જે વધારે વાળાને વધારે ડખો ને વપરાશ ખર્ચ પણ વધારે માટે ખપ જેટલામાં જ આનંદ છે.

પાંચસો રૂપીયા મળે તો મોટરો રાખે ને નહી તો ગમ્મત કરવા મશકરા રાખે. માટે નિષ્કુળાનંદે કહ્યું છે કે ।। સુખેથી મળે ખાવાને પીવા ને ઘટે એમ ઓઢવા પેરવા ।।

વળી ગોવિંદભાઇ માસ્તરે લખ્યું છે લીલાબ્ધિ ગ્રંથમાં જે, સુખે ઘટે એવું ખાવા મળે ને ઘરમાં, ગૃહણી હોય તે મળ્યું રાજ્ય. ।। નહી તો લોકોની ડાંગો ખાવી પડે માટે હે ભાઇ ! ઝાઝાવાળાને ઝાઝો ડખો છે. ને થોડાવાળાને થોડી ચિંતા છે. માટે સમજણમાં જ સુખ રહ્યું છે. વધારે વાળાને સમજણ હોય તો કહે ખાધુને પતરાળામાં પડી રહે, તે ગમે તે ખાઇ જાય કે નાંખી દે તેમ સમજણ રાખે ને ઓછાવાળાને જે ઠીક ખપ જેટલું જ છે. એમ સમજણ રાખે તો શાંતિ રહે.

એક ભગતે પત્રમાં લખ્યું જે મુનિ આશ્રમના પ્રાણીઓના જયશ્રી પુરુષોત્તમ, તેમાં પ્રાણીઓ તે ઉતરતો શબ્દ છે. કેતાં જગત, ભગત, જીવજંતુ સર્વને સામાન્ય રીતે કહેવામાં પ્રાણીઓ શબ્દ વપરાય પણ જે જે પ્રગટ ભગવાનને જાણે અજાણે હાથ જોડે કે માથું નમાવે તે ચઢતી દશાના પ્રાણી કહેવાય. તેમાં જાણીને કહેતાં આ સંત સારા છે જે,

આ સંત છે બહુ સારા રે ।।
ખરા કલ્યાણના કરનારા રે ।।
એટલો જ ગુણ જે કોઇ ગ્રહેશે રે ।।
તે તો ભવજળ પાર ઉતરશે રે ।।

કહેતાં ગુણ આવે એટલામાં જ ભવજળ તરવાને લાયક થઇ ગયો. કહેતાં પેલા કરતાં ચઢતી દશાવાળો થયો. હવે જે કોઇ સમાગમ કરવા ઇચ્છે જે આ સંત કે ભગતથી મારું કાંઇ સારૂ થશે એમ ધારીને ભગવાનનો સંગ સંત કે ભગત જાણીને કરે તો તેનાથી ચઢતી દશાવાળો થયો. વળી કોઇ આ ભગવાન અમને દેખાય છે. એમ એકાંતિક ભક્ત જાણીને સમાગમ કરે તો તેથી ચઢતી દશાવાળો થયો. વળી આ ભગવાન જ છે. એમ ધારી સમાગમ કરતો હોય તે તેનાથી ચઢતી દશાવાળો થયો. વળી ભગવાનની સવળી કે અવળી કે સારી કે નઠારી, ગમે તેવી દુનિયામાં થતી

ક્રિયાથી હજાર ગણી સારે ભુડીં ક્રિયા સાંભળે તો પણ સમાગમ કરતો હોય તે તેનાથી ચઢતી દશાવાળો થયો. વળી તેવી ક્રિયા સાંભળેલી તે જોવામાં આવે તો પણ સંશય થાય નહીં તો તેનાથી ચઢતી દશાવાળો થયો. વળી તેવી ક્રિયા જોઇને આનંદ થાય ને સમાગમ કરતો હોય તો તેનાથી ચઢતી દશાવાળો થયો. વળી તે સમાગમ કરી તેવીને તેવી મુર્તિ ધારતો હોય તો તેનાથી ચઢતી દશાવાળો થયો. વળી તેવી ને તેવી મુર્તિમાં વૃત્તિ જેમ જેમ વધારે ધારતો રહે તેમ તેમ તે ચઢતી દશાવાળો થતો ગયો, ને તેવી ને તેવી મુર્તિ જ્યાં જ્યાં વૃત્તિ જાય ત્યાં ત્યાં દેખાય કે જણાય કે ભાસ થાય તે તેનાથી ચડતી દશાવાળો થયો ને તે મુર્તિરૂપ થવાય કહેતાં જેને જે કાંઇ વસ્તુ જોઇતી હોય ને એકદમ તે વસ્તુની જરૂર પડે ને જેમ તે ચીજરૂપ વૃત્તિ થઇ જાય,, તેમ જણાય કહેતાં થાય તો તેનાથી ચઢતી દશાવાળો થયો ને તેવી ને તેવી વૃત્તિ રહેતાં રાખતાં કોઇ દિવસ ધરાઇ જાય નહીં કહેતાં અકળાય નહીં જેમ આપણે આપણા પંચભુતના શરીરમાં રહેતાં અકળાતાં નથી કહેતાં ધરાઇ જતા નથી તેમ છતાં જુદા નીકળવાનું થાય તો સારું લાગતું નથી ને દુઃખ થાય છે. તેવી રીતે મુર્તિરૂપી ખોરાક થયો તો તે અતી ઉત્તમ ચઢતી દશાવાળો થયો માટે મતલબ કે મુનિ આશ્રમના પ્રાણીઓ જગત ભગતના પ્રાણીઓ કરતાં ઘણાં દરજ્જે ઉત્તમ છે. ને જગતનો લેશ નથી કહેતાં જગતરૂપ થતાં નથી કહેતાં મારે છોકરું નથી તો થાય, કે કુંવારો છું તે પરણું કે ભીખારી છું તે પૈસાના ઢગલા થાય, કે છાપરું છે તે હવેલી કરું. એવી મમતા કે ઇચ્છા નથી. ફક્ત ભગવાનના સામી વૃત્તિ કેવી રીતે રહે. તેવું એકતાન છે. કહેતાં જગતનું બંધન નથી. માટે જેને બંધન હોય તો તે બદ્ધ ગણાય. ને જગતના બંધનથી છુટો હોય તે મુક્ત ગણાય. માટે મુનિ આશ્રમના મુક્તો કહેવાય. વળી આગળ પત્ર વાંચતા આવ્યું ''જે પામર સેવક શું લખે ?'' તો જ્યારે કુવા, નદી, તળાવ આરા એવામાં મન જતું હોય કહેતાં લોકોના મેળાવડામાં મન દેહ જાતું હોય તો પામર કહેવાય માટે તેથી મુક્ત થયા. માટે ચઢતા ચઢતા શબ્દ લેવા. હવે પામર સેવક તે બરાબર. પણ કોને ? તો મધ્યનું ૨૫ મું વચનામૃત છેક છેલ્લું વાંચી જોજો કહેતાં હું મુક્ત છું ભગત છું એવું દઢ સાક્ષાત્કાર શબ્દની માનીનતાનો થાય ને પછી પ્રથમના ૫૬ પ્રમાણે આટંટપણું રહે કહેતાં ભગતથી હું મોટો છું એમ જાણી ભગત આગળ અહંકાર આવે કહેતાં અભિમાન આવે કહેતાં માન ચઢે તે મધ્યનું ૨૫ માં છે. જે ગરીબ હોય ને તેને રાજ્ય મળે ભગવાનના સમાગમે કરીને સુકૃતથી કે લોકો પુંજે તો પણ તેના માનથી ગરીબ હરિભગતને ડુંખરાવે ને માન રાખીને અટંટ રહે. એવું જેને માન ચઢી જતું હોય તેને હું પામર છું પામર છું તે સારું છે.

કારણ કે પછી ભગતનો કે ભગવાનનો સંગ કરવાનું મન થાય નહી માટે જેને માન ચઢે તેને પામર છું એમ જોઈએ. પણ જેને વિચાર રહેતો હોય જે હું આ થકી જ થયો તો તેને માન ચઢે નહી માટે સર્વે વાત સમજી રાખવી ને હું પામર છું એમ ગોખવું નહી. આપણે તો અનંતકોટિ બ્રહ્માંડના ધણી તેના દાસ છીએ એમ રાખવું. તે નિષ્કુળાનંદસ્વામીએ લખ્યું છે જે

શીદને રહીએ કંગાલ રે સંતો, શીદને રહીએ કંગાલ ।।
જ્યારે મળ્યો મોટો માલ રે સંતો, શીદને રહીએ કંગાલ ।।
પુરણબ્રહ્મ પુરુષોત્તમ પામી ।। ખામી રહી નહી એક વાલ ।।
અમલ સહીત વાત ઓચરવી ।। માનિ મનમાં નિહાલ રે ।।
સંતો શીદને રહીએ કંગાલ ।। ૧
રાજાની રાણી ભમી ભીખ માગે ।। હાલે કંગાલ હાલ ।।
ઘર લજામણી જાણી રાણી રાજા ।। ખીજી પાડે વાળી ખાલ રે ।।
સંતો શીદને રહીએ કંગાલ ।। ૨
તેમ ભગત ભગવાનના થઇને ।। રહે વિસયમાં બેહાલ ।।
તેવો પામર નર જાણો પુરો ।। હરી ભગતીની ધરી ઢાલ રે
સંતો શીદને રહીએ કંગાલ ।। ૩
તન મન આસ તજી તુચ્છ જાણી ।। કાઢુ સમજીએ સાલ ।।
નિષ્કુળાનંદ એ ભક્ત હરીના બીજા બજારી બકાલ રે ।।
સંતો શીદને રહીએ કંગાલ રે સંતો શીદને રહીએ કંગાલ ।।

આ કાવ્ય નિષ્કુળાનંદના ધીરજ આખ્યાનમાં ૪૧ માં કડવામાં આવે છે. વિષયમાં બે હાલ રહે તે જ પામર કહેતાં જગતના વિષયની વાત છે. ભગતના વિષય પ્રથમ ૩૨ ભગવાનના ચરિત્રરૂપ તેમજ મનની આશા તુચ્છ થઇ છે તો જ ભગવાન તરફ રહેવાયું ને તેથી જ જગત તરફનું સાલ ગયું ને જગત તરફ રહે તે તો બજારમાં વેચાતાં બકાલ જેવો છે. માટે હે ભાઇ ! આપણે તો મધ્યના ૩૧ માં બ્રહ્મનો મનન દ્વારા સંગ કરવાનો માટે બ્રહ્મ છીએ વળી હું આત્મા છું. બ્રહ્મ છું. અક્ષર છું. એવો મનન દ્વારા સંગ કરવાનો. હું પામર છું. પ્રાણી છું એવું મનન કરવાનું નહી. જુઓ સ્વામીની વાતમાં છે જે એક ઢેડના છોકરાને સો વાર આત્મા છું, આત્મા છું એમ ગોખાવડાવ્યુ. પછી કહે તું કોણ છું તો કહે હું ઢેડ. તેમ હું આત્મા, બ્રહ્મ, અક્ષર છું. એમ મનન કર્યું હોય તો તેના ગુણ આવે. માટે હે ભાઇ પૂર્વના સંસ્કારી મુક્ત કહેતાં

પુર્વે કાંઇક અધુરૂ રહી ગયેલ. તે પાછો દેહ ધરીને મુક્તના ટોળામાં ભળ્યા કહેતાં નઠારી ક્રિયા જોઇને સંશય થાય નહી તે જાણવું જે મુક્ત જ છે તે એમ લાગે જે પુર્વે આપણે ઓળખાણ હશે માટે અતડું લાગતું નથી. વળી એમ જણાય જે આપણે જાણે પહેલા ભેગા જ રહેતા હઇશું એમ થાય. જુદું લાગે નહી. મનથી. તો જાણવું જે પુર્વના છે. માટે ઉતરતા શબ્દ કાઢી નાખવાં. બીજુ ભુલચૂકની માફી આપજો એમ લખો છો તો ભુલચુક થતી જ નથી કારણ કે નાનાં હોય ત્યારે માબાપને લે લાવ કહેતા હોય તો કંઇ મા બાપને ખોટું લાગતું નથી. તો પછી દેહના માબાપને ખોટું નથી લાગતું તો આત્માનાં માબાપને શી રીતો લાગતું હશે વારૂ ? જરા તો વિચારો માબાપ કંઇ કહેતાં હોય તો પણ સુધારવા માટે ધમકાવે. એ તો સુધરવા માટે સોટી પણ મારે તે ખરાબ લાગે, પણ સારું થવા માટે જ છે.

વળી એક વખતે વાત કરી જે ભાઇ આપણે તો દિવસ કાઢવાનો છે. હજારો રૂપીયા હશે કે મોટો શાહુકાર હશે કે રાજા હોય પણ કંઇ ને કંઇ કામ કરતો હોય. કોઇ નવરો બેસી રહેતો નથી. કશું નહીં તો તે સોગઠાં બાજીથી દહાડો કાઢે છે. કુતરાં, બિલાડાં પાળીને દહાડો કાઢે. વળી તેને સોના, ચાંદીની સાંકળો બાંધે, વળી દડો રમે. પણ કોઇ કાંઇ બેસી રહેતો નથી તેમ આપણે આમાં દહાડો કાઢવો.

એક હરિભક્તને કહ્યું જે આપણે નોકરી છોડવી નહીં કારણ કે ભજનથી ધરાઇ જવાય. વળી એક ભક્તે ભાવતાં ભોજન ધરાવવા, તે વાત રાયણાં ઉપર કાઢી હતી. જે આટલા પૈસાની બાજરી કેટલી આવત, માટે તમે રાયણાં બધા ખાઇ જાવ. મતલબકે નકામો ખર્ચ કરવો નહીં. એ ઉપર વાત હતી.

વળી એક વખત મહારાજે એક હરિભક્તને કહ્યું જે જે અહીં બધા આવે છે. તે સૌ સૌના કલ્યાણ માટે આવે છે. કોઇ સારુ લગાડી દેવા આવતા નથી, માટે આપણે ઉપરની મહોબત રાખવી નહીં. સારું એનું લગાડી દેવું નહીં. એ લોકો અહીં આવે પૈસા આપે તે એમને અંતરજામી ભગવાન, પહેલેથી બદલો આપતા હશે. ત્યારે જ આવતા હશે ને ? માટે ઉપરની મહોબત રાખવી નહીં. સમૈયાની કંકોત્રીની વાત નીકળી. તે કહે વરસમાં બે ફેરા વણ તેડે આવજો પછી કંકોત્રી લખવી નથી, ડાકોર વડતાલ કોણ લખે છે ?

વળી એક ભગતે કહ્યું કે મરતી વખતે દુઃખ કેમ પડતું હશે ? ત્યારે મહારાજશ્રી કહે કે દુઃખ પડે ત્યારે વાસના આ લોકમાંથી ટળી જાય. એટલા માટે ભક્તોના સારા માટે દુઃખ દે પણ કાંઇ ભગવાન ભગતના દુશ્મન નથી વાસના રહે તો જન્મ લેવો પડે. તે જન્મે એટલે વાસના પુરી થાય. પછી મુક્ત થાય. એમ જન્મતાં, મરતાં, વાસના ઓછી થાય. એક સાધીના ભક્ત હતા. તે સ્ત્રીની વાસના રહી તે સ્ત્રીનું ચિંતવન થયું તે પોતે સ્ત્રીરૂપ બની ગયા. તે બીજા હરિભક્તને ઘેર છોડી થઇ જનમ્યા. તે હવે વિષયનું સુખ ભોગવશે એટલે વાસના મટી જશે. મહાપુરૂષદાસ હતા તે સ્ત્રી મળેલી નહી, તેથી સ્ત્રીના ચિંતવનથી સ્ત્રી થવાનું મન થયું તે જનમ્યા. એમ ધીમે ધીમે વાસના ઓછી થાય. આ લોક જ દુઃખરૂપ છે તે દરેકને દુઃખ પડે જ. પણ દુઃખમાં આનંદ માનવો પહેલાના અવતાર કરતાં, આપણા બાપદાદા કરતાં, આપણા પાડોશી કરતાં, સારૂં છે. એમ માનવું. આપણે ઘણું સુગમ છે માટે આનંદ જ માનવો. આનંદમાં દહાડા પુરા કરવા. આ લોક જ દુઃખરૂપ છે. પણ બીજાનું જોતાં આપણે ઘણું જ સુખ છે એમ માનીને આનંદ કરવો.

એક હરિભક્તનો પત્ર આવ્યો તે મહારાજશ્રીએ પુછ્યું જે શું લખ્યું છે. તો કહે "જે કરવાનું છે તે." તે મહારાજશ્રી બોલ્યા જે નાનું છોકરું હોય ને તેને બસેર ઘી ખવડાવે તો કાંઇ મોટું થાય ? છેરી જાય જન્મતાં જ મુછ આવે ? ના. મોટું થાય ત્યારે આવે. તેમ બધું ધીમે ધીમે થાય, તે સારું થાય એવી વાત કહી.

હવે વાતો થઇ તે લખું છું, ભાદરણમાં જે એકડા ઉપર જેમ મીંડા વધેને એકડાની કિંમત વધે તેમ જેમ ભેગા રહો તેમ તેની કિંમત વધે. કાનપુર મોટરમાં ઘાણ કુબેરભાઇના, મહીસાગરમાં બુડતાં, ઝેરમાં વિગેરેમાં રક્ષા કરી તો હવે કેમ નહી કરે ? મીરોલીની વાતમાં. મહારાજશ્રી કહે ઢીંચણ દુઃખે છે. સ્ટેશન આવ્યા. એટલા માટે ના ચાલે પરગામ જવું પણ વટવાને ભરૂચ. માટે દુઃખ સુખ વેઠી જવું પડશે. ગરીબના ભાડા માટે ।। જીવ દોષવાળા છે. તે પ્રભુની છાયામાં દબાઇ જાય. માટે ગણ્યે પાર આવે નહી ।। રાવ સાહેબે પુછ્યું આવવા જવાનું. ત્યારે કહે છે કે હું મરીશ ત્યારે તમારે જીવીને શું કરવું છે ? ને પૈસા તો ચોર, સરકાર, પાડોશી, ભાઇબંધ વિગેરેમાં વધારાના વપશે ને વપરાશે માટે કેડે આથડ્યામાં લાભ મળતો હોય તો અથડાવું.

જે કોઇને ભાદરણ છાનું હોય તેનું છાનું રાખવું તો જ તેને સુખ થાય. જાણીને ભાદરણ ના આવતા હોય તેમને જણાવવું નહી. અને કોઇ ને હું ભરૂચ આવું ત્યારે જણાવવું નહી. છાનુંમાનું સારું. ખુણે ગોળ ચોરી ખાવો. જગતનાને જણાવવું નહી. બારણાં અટકાવીને ભજન નિરાંતે થશે. છાનામાના રાખશો તો રહેવાશે. પ્રભુ સાથે હેત તો બહુ છે. પણ ભક્તને તો એક ભગવાન ને ભગવાનને તો અનેક. માટે થોડા દિવસ રહી ભાદરણ જઇશું.

એક હરિભક્તના પત્રમાં લખ્યું જે દેવ તો દહેરામાં સારા. ને લોકમાં ઉપાધી થાય. ને તમારા ઘરમાં પધરાવ્યા કરતાં આત્મામાં પધારાવો તે ઘણું સારું છે. મારી મરજી તો એમ છે. પછી તમારી મરજીની વાત છે.

તમે લખો છો ટાઢનો વખત ને ટાઢે પાણીએ ન્હાય ગમે તેટલું તો પણ મનુષ્ય દેહ છે તે દેખાય. જુઓ શ્રીજીમહારાજ વનમાં હતા. તે પાંચ લાંઘાથી ગબડી પડ્યા, ગુણાતીતાનંદ સ્વામી પણ માંદા પડ્યા, શ્રીકૃષ્ણ યુદ્ધમાં લોહીલુહાણ થયા, શ્રીજીને છ ઘાતો થઇ, રામ પણ રાવણના બાણથી પડ્યા, પ્રાગજી મહારાજને ઝેર ચઢ્યું, માટે દેહના ધર્મ દેહ પ્રમાણે હોય જ. એમાં કાંઇ નવાઇ નથી. કોઇ કારણસર તે વખતે તે દુઃખ મટાડે. જુઓ ભાદરવામાં માંદા થયા, પણ ભગતોના સુખ માટે દેહ રાખ્યું એમ એક હરિભક્તે લખ્યું હતું. માટે દેહના ધર્મ તે દેહને જણાય. મહારાજ મુનિ વગેરેની ખુશીનો ઉત્તર જે એક સાજુ તો હજારો સાજા છે. માટે કોઇ ચીંતા કરશો નહી.

''અમારી ઉપર કૃપા રાખજો'' તેનો ઉત્તર જે ધણી રાજી તો સર્વે રાજી છે. તે વનમાં ઉધઇના રાફડા ચઢે છે તો પણ તેને તેજ સાથે પ્રભુના દર્શન થાતાં નથી. ઘણા લોકો પ્રભુ સારૂ જાય છે. તે તમને આંખો મીંચતા, ઉઘાડી આંખે વિગેરે દર્શન દે છે, ને વળી બોલે છે. વળી પાષાણની મુર્તિ પછાડી આવી નિશ્ચય કરાવે છે. ને રૂપીયા વધારે છે. એવી અનેક રીતે ભગવાન પાસે ને પાસે જ રહે છે. પછી બીજી કેવિક કૃપા જોઇએ છે? ''અમારું મન તો ભાદરણ બેઠું છે,'' તેનો ઉત્તર જે મનની વૃત્તિએ સેવાય એ જે મન મુળ જગ્યાએ છે એ જ સર્વેથી તુટીને અચળ જગ્યા પર આવ્યું. તે કરવાનું તે થાય

છે. જે કરવાનું તે તમારે થયું. મન લાવવાનું તે તો તમારે આવે છે. સર્વે જગ્યાથી વાસના તોડીને અચળ જગ્યા પર વાસના જોડવી. તે સારું લોક મથે છે, ને તમારે તો જઈને મુળ સ્થાન ઉપર બેઠું માટે તમારા પુન્યનો પાર નથી.

''સર્વેના સમાચાર માગ્યા'' તો ઉત્તર જે ભેગા રહ્યા તે બોલવું પડે, રીસાવું પડે, વઢવું પડે વિગેરે વૈર ભાવે ભજન, હેત થાય કારણ કે હંમેશ ભેગા. એક ઘરનાં માણસો જેમ લઢે ને વળી ભેગાં ને ભેગાં. તેવી રીતે અમારે પણ પ્રભુ સાથે છે. છેટે ભાવ સારો રહે. મન ઉંચા થાય નહીં. માટે તમારા ભાગ્ય મોટાં છે.

''વેપારને લીધે અવાય નહી'' તે તેનો ઉત્તર જે પેટનું કર્યા પછી મનમાં નિરાંત રહે. માટે પેટનું પહેલું પછી શેઠનું, ને પછી ઠેઠનું. તે તમારે પેટનું ને ઠેઠનું સાથે જ થાય છે. પછી શું જોઈએ છીએ. ને જગતમાં તો એવું છે જે ગાયના શીંગડાં ઉપર સરસવનો દાણો મુકીએ એટલી વાર મન પ્રભુ સાથે જોડાય તો અતી આનંદ પામે. તે તમારે ખાંતા, પીતાં, હરતાં, ફરતાં, શુભ તથા અશુભ ક્રિયામાં વૃત્તિ પ્રભુમાં રહે છે. તો કહો હવે કેવાં ભાગ્ય ? વળી લીલાનું કારણ પ્રભુ તે તમારી હજુર છે. ને જે જેમાંથી મન ઉપાડી જ્યાં બેસાડવાનું તો તમારે ત્યાં જ બેઠું છે. હવે ક્યાંથી ઉપાડવાનું રહ્યું ને બીજી લીલા શું ? માટે પ્રભુ પ્રભુ પ્રભુ જ તેમાં જ સર્વે આવી ગયું.

લાંબુ લખવાનું કહ્યું તે ભગવાનના કાર્ય પણ લાંબા ને ભગવાન ભેગા રહેવાનું પણ લાંબુ. ને ભગવાન ને ભગત ભેગા જન્મી જન્મીને રહેવા આવવા જવાનું પણ લાંબુ. જે હજુ નિરાંત નહી, કહેતાં શ્રીજી કહે છે જે કોઈ પ્રકારનું નીમિત્ત રાખીને પણ ભેગું રહેવું. માટે તે પણ લાંબુ. તમારી સર્વ ક્રિયા ટુંકી કારણ કે સર્વેથી તોડીને એક ત્રિકમમાં જોડવી. એટલે તમારે તોડી તોડીને ટુંકુ કરવાનું. તે લાંબુ ક્યાંથી હોય ?

અમારે ઉપડ્યું નહી તો ઉત્તર જે આપણે તો ઉપડે તો બેસાડવાનું. સર્વે બાબતમાં. ને તે બેસાડવા આખું જગત મંડ્યું છે. માટે જે કરવાનું તે આપણે સહેજે સહેજે થાય છે. એક આશરો રહ્યો તે બધું જ રહ્યું. માટે આશરો સર્વેને છે. આશરો તોડ્યે ક્યાં તુટે એવો છે ? માટે જે કરવાનું છે તે જ થાય છે. જ્ઞાન બાબતમાં તો ભગવાન મુદ્દો છે. તે મળ્યા ઓળખાયા ને તેમાં વૃત્તિ રહે, પછી તેને જ્ઞાનમાં શું બાકી

રહે ? લોયાના ૭ માં જ્ઞાન છે. તે તમારે પ્રત્યક્ષ છે પછી શું અધુરું રહ્યું. માટે જ્ઞાન છે જ. દરેક બાબતમાં અનુભવ થાય ત્યારે એની મેળે જ્ઞાન થાય જ. બીજું જ્ઞાન તો અજ્ઞાનનું છે તે સમજણથી જાય.

પ્રભુની મોટી દુકાન તે તેમાં વૃત્તિ બેઠી. ને તેમાં વૃત્તિ રાખી લખ્યું તેથી પ્રભુને આનંદ થયો. તમને પ્રભુ શાંતિ આપે છે તેમ લખ્યું. તે તમારા જેવી બીજાને નથી. ખાતાં પીતાં સર્વે ક્રિયામાં હજુર પ્રભુ રહે છે. એ જ કરવાનું. શાંતિનો નાથ. એ જ જ્ઞાન, ને એ જ ધ્યાન, ને એ જ વિજ્ઞાન ને સર્વેથી તોડી વૃત્તિ ભગવાનમાં એ જ વૈરાગ્ય અને એ જ ભક્તિ. એ જ. સર્વે શાસ્ત્રનો સાર મુદ્દો જે વૃત્તિ પ્રભુમાં રાખવી.

ગમે તે રીતે પ્રભુમાં જોડે છે. માટે કોઇનો અવગુણ ના લેવો. એવો મુદ્દો છે. આપણે શું? કોઇ ગમે તેમ કરે. આપણે તો ગુણ લેવો ।। કોઇના દોષ ના જુવે કશા ।। એમ કક્કામાં લખ્યું છે.

ઝાઝો સહેવાસ અનાદરો. માટે પ્રભુ કહે તેમ કરવું. પ્રભુ સર્વત્ર વ્યાપક છે. ઝાઝી ખેંચ સારી નહી. માટે આજ્ઞા પાળવી. હરિભક્તોને ખુબ ભેગા રહેવું તે સારું નહી. ભગત થાય પણ દોષ હોય તે સામાસામી થાય, ત્યારે વઢી પડે. દુર્વાસાને અમરીષ રાજાને વઢવાડ થઇ. રાધા કૃષ્ણને થઇ, રાધા એવા મોટાં કહેવાય ને આખી દુનિયા રાધાકૃષ્ણ રાધાકૃષ્ણ કહે છે. એવાંને પણ ગુણ નઠારો આવ્યો. તે કૃષ્ણની જોડે લડાઇ કરી. ઝાઝુ લખે પાર આવે નહી. શ્રીજીમહારાજ હતા તે સારંગપુર જીવાખાચરના દરબારમાં બિરાજમાન હતા એમ વચનામૃતમાં છે તો પણ જીવાખાચર અને સ્વામિનારાયણે દાદાખાચરની તકરારમાં બોલાચાલી થઇ. તો જીવાખાચરે પાંચસો રૂપીયા આપી સ્વામિનારાયણને કડકા કરી, જાજરૂમાં પેસે ત્યારે અંદર નાખી દેવા. તેના બદલામાં કડકા કરનારને પાંચસો રૂપીયા આપ્યા. માટે હે ભાઇ અવગુણ આવે ત્યારે એમ જ થાય. માટે પ્રભુની આજ્ઞા પાળવી. ને ના આજ્ઞા પાળે તો પ્રભુ તો સર્વત્ર વ્યાપક છે. તે અંતર્યામી છે. આગળ શું થવાનું છે, તે પ્રભુ જાણે માટે કોઇ વાતે ઝાઝી ખેંચ સારી નહી. નહી તો પાછળથી પસ્તાવું પડે. માટે આજ્ઞા પાળવી. "ભગવાનની મુર્તિ તે અક્ષરધામનું મધ્ય છે." તે જ્યાં ભગવાનની મનુષ્યરૂપ મુર્તિ

રહી છે. ત્યાં જ ભગવાનના અક્ષરધામનું મધ્ય છે. બીજી શાખ જે ભરતખંડમાં મનુષ્ય અવતાર આવે છે, ત્યારે અનેક જન્મના શુભ સંસ્કાર ભેગા થાય છે, તેને પ્રત્યક્ષ ભગવાનની ઓળખાણ થાય છે. તે શાખ મધ્યના આઠમામાં લખી છે, જે અનેક જન્મના શુભ સંસ્કાર ભેગા થયા, તે પુન્યે,પ્રભુની અનેક પ્રકારની લીલાચરિત્ર જોઇ કોઇ પ્રકારનો અવગુણ આવે નહી, એવી ભક્તિ તે તો મહા દુર્લભ છે. અને એવી ભક્તિ થોડા જન્મને પુન્યે આવતી નથી.

આપણા ઘણા મોટા ભાગ્ય છે. એમ શાસ્ત્રની સાખે માનવું. જે બ્રહ્મા ચૌદ લોકના મોટેરાં પટેલ. તે મથુરામાં પ્રભુ હતા ને ગોકુલમાં ગોપીઓ વાસ્તે રહ્યાને ગોવાળીયા સાથે ગાયો ચારવા ગયા ને ભુખ્યા થયા તે ગામમાંથી ગોવાળીયા માગી લાવી પ્રભુને ગોવાળીયા ભેગા જમતાં હતા. તે જોઇ બ્રહ્માએ વિચાર મનમાં કર્યો જે

॥ અહો ભાગ્યમ્ અહો ભાગ્યમ્ નંદ ગોપ વૃજૌકસામ ॥

॥ યનમીત્ર. પરમાનંદમ પુરણ બ્રહ્મ સનાતનમ્ ॥

એ શ્લોકનો અર્થ જે મોટા ભાગ્ય છે નંદજીના તથા ગોવાળીયાના જે જેના મિત્ર પરમાનંદ છે કહેતાં પુરણ બ્રહ્મ જે સનાતન-અનંત કોટિ બ્રહ્માંડના ધણી પુરુષોત્તમ તે ગોવાળીયાના મિત્ર છે. માટે મોટા ભાગ્ય છે. એમ બ્રહ્મા પોતાના કારકુન કારભારી જોડે બોલ્યા. તે ભાગવત્‌ને વચનામૃતમાં લખ્યું છે. વળી ભગવાનની પ્રસાદી માટે બ્રહ્મા માછલું થયા. તો પ્રભુએ જાણ્યું તે જમીને હાથ જુમનાજીમાં ના ધોયા. પણ લુગડે લુછી નાખ્યા. ને બ્રહ્માને પ્રસાદી મળી નહી. માટે આવી શાસ્ત્રની શાખો જોતાં આપણા મોટા ભાગ્ય છે. જે પ્રભુની પ્રસાદી મળે છે. માટે શાસ્ત્રની શાખ જોતાં જેને પ્રગટ ભગવાનની ભાઇબંધી થઇ તેના પુન્યનો પાર આવે તેમ નથી.

ઓગણીસ દિવસનો સમૈયો બંધ રાખી ચાર દિવસનો કર્યો. કારણ કે શાસ્ત્રમાં લખ્યું જે ॥ બહુ સહેવાસો અનાદરનું કામ છે. ॥ માટે ઓગણીસ દિવસનો સમૈયો બંધ કર્યો છે. કેમ કે ઘર ભેલાડી તીર્થ કરવું નહી. વળી ઝાઝા દિવસ ભેગા રહેવાથી એક માના જણ્યા ભાઇ હોય તે પણ સામ સામી માર મારી આવે છે. ઓહો ! નવાઇ નથી એ તો થાય જ. હવે કોઇ કહે કે સ્ત્રી ધનની તકરાર તો હોય પણ ગૌલોકમાં ક્યાં સ્ત્રી ધન છે ? ને અમરીષ રાજાને ને દુર્વાસાને ક્યાં સ્ત્રી ધન છે ? ને નવયોગેશ્વરને

ક્યાં સ્ત્રી ધનની વાત છે ? એ તો ભેગા રહે ત્યારે ડખો થાય જ. જે સમે જે બને તે ખરું. માટે પુરુષોત્તમે વિચાર કરી ઓગણીસ દિવસનો સમૈયો બંધ કર્યો છે. અને ચાર દિવસનો રાખ્યો છે. અરે ભાઇ જગતમાં તો દીઠા દેવને પહોંચી જાત્રા. એમ માને છે. પણ આપણે તો સંતમંડળની સહેવાસથી સુખ શાંતી વધારે થાય. માટે સમજણમાં સુખેથી ભેગા રહેવાય. પ્રભુ જોડે રહેવામાં તો સુખ જ છે. તે ભાગવતમાં લખ્યું જે ઉદ્ધવજી પ્રભુ સાથે અખંડ રહેતા તે સુખ આવતું પણ ગોપ ગોપી સાથે સંત મંડળનો ભેગો સમુહ મળ્યો ત્યારે વધારે સુખ વધ્યું. એ દાખલો વચનામૃતમાં છે જે ઉદ્ધવજીએ કૃષ્ણને કહ્યું જે હે કૃષ્ણ તમારા સંતને વિષે રહીને તમારા ચરણાર્વિંદને સેવું. એવું મારું મોટું ભાગ્ય થાઓ. એમ ઉદ્ધવજી એ કૃષ્ણ પાસે માગણી કરી. વળી શાસ્ત્રમાં લખ્યું છે જે ।। રાજ મળે સાજ મળે સબહી મળે, પણ સંત સમાગમ દુર્લભ ભઇ ।। વળી લખ્યું જે સ્વામી મળવા સોયલા દુર્લભ મળવા દાસ, જો મળે દાસ તો બેસાડે પ્રભુને પાસ ।। હવે આ તો બ્રહ્માંડના ભગવાનનો મેળાપ કરાવે. પણ પીંડના ભગવાન સાથે પણ સંતના સહેવાસથી મેળાપ થાય. તે વચનામૃતમાં લખ્યું છે જે મોટા મુક્ત સાથે પણ હેત કરવું નહી. માટે સત્વગુણમાં તો જોગી એકલો સારો માટે સત્વગુણમાં લખેલું જે મોટા મુક્ત જોડે હેત કરવું નહી. કેમ કે સત્વગુણમાં શાંતિ વર્તે. તેથી મન આદિક સર્વે વૃત્તિઓ પીંડના ભગવાન સાથે હૃદયમાં ચોંટી રહે. ને મોટા મુક્ત હોય, ને તે વખતે સારી જ્ઞાનની વાત કરે તેથી વૃત્તિ હૈયામાંથી તુટી બારણે આવે ને સુખ શાંતિ ઘટી જાય તે વખતની વાત છે, જે મોટા મુક્ત સાથે હેત કરવું નહી. પણ રજોગુણ તમોગુણમાં તો સંત સમાગમ હોય તો જ ઇન્દ્રિયો અંતઃકરણ વશ રહે. માટે રજોગુણ તમોગુણ હોય તે વખતે સંત સમાગમ જોઇએ. પણ સત્વગુણમાં મુક્ત સાથે હેત રાખવું નહી.

જ્ઞાનની એક વાત છે કે પરોક્ષવાળા જે દેવ મંદિરવાળા તેમને વર્ષમાં કેતાં ત્રણ વર્ષે એક પુરુષોત્તમ માસ ઠરાવેલો. પ્રગટવાળાને નહી. પ્રગટવાળાને ત્રણસોને પાંસઠ દહાડા પુરુષોત્તમ માસ જ છે. માટે સદાય અખંડ પુરુષોત્તમ માસ જ છે. માટે ફાવે ત્યારે ભાદરણ મંદિરમાં આવવું અને ફાવે તેટલું રહેવું.

મહારાજશ્રીને છાનાં તેડવામાં શાંતિ છે. કારણ કે જગત સમજે નહી ને ભેગુ થાય માટે કવરમાં ઉત્તર લખવો ને છાના તેડાવવા. ભગતને જણાવવું. જગત ભેગુ

થાય તો જગ્યા રહે નહી. માટે જગતમાં જણાવવું નહી. વળી જગતને આપણો ગુણ આવે નહી અને અવગુણ લે માટે છાનું રાખવું.

એક હરિભક્તને કહ્યું કે લીલા શું તો જુવાનીમાં રજોગુણ હોય ત્યારે અનેક પ્રકારનું ખાવું, પીવું, હરવું, ફરવું ઇત્યાદિક હોય ને ઘડપણમાં તો ન્હાવું ખાવું ને સુઇ રહેવું એ જ હોય. માટે ઉંમર પ્રમાણે વર્તે. હાલમાં પ્રભુનું દેહ ઘરડું થયું તે કામ કરતાં થાકી જાય. પણ પ્રભુ ઘરડા થતા નથી. સોળ વરસના છે. અનાદિ એવા ને એવા છે, પણ પ્રભુ પોતાની સામર્થી પ્રગટ કરતા નથી. જે દેશમાં, જે નાતમાં, અને જેવા દેહમાં આવે છે તે તે પ્રમાણે જ વર્તે છે. જુઓને હિરણ્યકશ્યપુને મારવા. પ્રહ્લાદે કહ્યું કે આ થાંભલામાં મારા પ્રભુ છે તે થાંભલામાંથી નીકળ્યા. તે મોઢું વાઘનું કેડ બરાબર ને હેઠે ભાગ માણસનો એવી રીતે નીકળ્યા. અને આ લોકની રીત શિવજીએ શુરભેશ્વર મહાદેવનું દેહ ધાર્યું. ને નૃસિંહ ભગવાન એ બન્ને ને આ લોકની રીતે શી રીતે દેહ મૂકવો ? તે બચકા ભરી રાડો પાડી મરી ગયા. એમ પ્રભુ આ લોકમાં રહ્યા તે આ લોકની રીતે જ વર્તે છે. અને જન્મ મરણ પણ આ લોકની રીતે જ રાખે.

પ્રભુ ઓળખાય તે મોટા ભાગ્ય છે જુઓને ! પ્રભુનો સહુનેય ખપ છે. પણ શી રીતે ઓળખાય.

વળી એક ભક્તે લખ્યું જે ભેગા થઇ ભજન કર્યું તો ઉત્તર જે સારું કર્યુ. કેમ જે દુનિયામાં દેહના સગે સગાં ભેગા થઇ વિવાહ બારમા નિમિત્ત આનંદ કરે છે, તો આપણે આત્મા, પરમાત્માના સગાં છીએ. તે ભેગા ભજન નિમિત્તે આનંદ કરવો. આ લોકમાં શું લઇ જવાનું છે? ભેગા થઇને ગમે તે પ્રકારે આનંદ કરી દહાડો કાઢવો. હવે બીજું આ લોકમાં આવ્યાનું ફળ તો મધ્યના ૮ મા વચનામૃતમાં લખ્યું છે જે પ્રગટ ભગવાનની ઓળખાણ થઇ એ જ પરમપદ છે. માટે આ લોકમાં આવ્યાનું કામ થઇ રહ્યું છે. હવે જે બને તેમ આનંદથી દહાડો કાઢી આવરદા પુરો કરવો.

''ઇન્દ્રિયો અંતઃકરણની રક્ષા'' નો ઉત્તર જે પ્રગટ પ્રભુ મળ્યા તેને માથે કાંઇ ઈન્દ્રિયો, અંતઃકરણ, કાળ, કર્મ, માયા, જગત, ભગત કોઇ ધણી નથી ને ધણી થાય તો પ્રભુ ઉપરાણું લે તે જીવને સુખ પડે તે માર્ગે જવા દે. એ જ ઉત્તર છે. માટે બને

તેટલા પ્રભુ સંભારવા. પછી જેમ થાય તેમ ખરું. પ્રભુ મળ્યાનો હરખ રાખી ઇન્દ્રિયો અંતઃકરણ જગત ભગત આદિક કોઇ પજવે તો પણ કોઇ જીવનું ભુંડું કરી શકે એમ નથી. ઇન્દ્રિયો, અંતઃકરણ આદિક તથા કાળ, કર્મ, માયા આદિક કોઇનો ભગવાનના ભક્તને માથે દુઃખ દેવાનો હુકમ નથી. કોઇ પ્રકારે દુઃખ માનવું નહીં કેમકે કાવ્યમાં, શાસ્ત્રમાં લખે છે કે પ્રભુ કહે છે કે ''આઠ પહોર કરું રખવાળું, આજ્ઞા એની પાસે માગું રે''એ આદિક ઘણાં વચન છે. તે લખે પાર આવે નહી. શાસ્ત્રથી સમજી લેવા માટે ''ઇન્દ્રિયો અંતઃકરણથી રક્ષા કરજો'' એમ લખ્યું તે તો અષ્ટ પ્રકારની મર્તિઓના ભક્ત હોય તેની વાત છે. પછી નવમા પ્રકારની સદ્‌ગુરુરૂપ મુર્તિ તેની વાત નથી. એ તો પ્રગટવાળાને તો સર્વે પ્રકારે પ્રભુ રક્ષામાં જ છે. આ કાંઇ મોઢાની વાત નથી. તમામ શાસ્ત્રની વાત છે. ને અનુભવની વાત છે ને હદપાર પ્રભુ રક્ષા કરે છે. તો જગત માને નહી. જેને વિતે તે માને. માટે સર્વે પ્રકારની ચિંતાનો ત્યાગ કરી બને તેટલા પ્રભુ સંભારવા.

મનુષ્ય લોકમાં પ્રભુ આવ્યા તે મનુષ્ય રીતે જ વર્તે. માટે જે કહેવાનું હોય તે કહેવું. કેમકે શાસ્ત્ર સામું જુઓ કૃષ્ણાવતારની વાત. મણી હતો તે એક જણના હાથમાં આવ્યો તે મણી અર્જુનને આપીને, તે માણસ માર્યાની બીકે નાસી ગયો તો પણ શ્રીકૃષ્ણે તેની કેડે દોડી તેને મારી નાખ્યો. ને પોટલું ફંફોળતા મણી જડ્યો નહી. પછી દ્વારકામાં આવી અર્જુનને પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે મને આપીને નાસી ગયો. માર્યાની બીકે માટે આ લોકમાં જાણ છતાં પ્રભુ અજાણની પેઠે વર્તે છે. માટે કહેવું. વળી રામાવતારમાં રામ જાણતા હતા તો પણ ઝાડને પુછતાં જે મારી સ્ત્રી દેખાડ. વળી સ્વામિનારાયણ અવતારમાં સાધુ ને વૈરાગીએ માર્યા તો પણ રીસ ચઢી કરી નહી ને જ્યારે કોઇ બીજા સાધુએ ખબર કરી ત્યારે રીસ ચઢી કે મારા સાધુને કેમ મારે ? એમ માણસની રીતે વર્તે. માટે આ લોકની રીતે લખવું ને કહેવું.

હરિભક્તોએ માહો માંહી વહેવાર કરવો નહી. ને કદી હેતે કરીને કરવો પડે તો જેમ બાયડી. છોકરાં જોડે વહેવાર કરીએ છીએ તેમ વહેવાર કરી આનંદ કરવો. પણ તે વહેવારમાં મારુ તારું કરી તકરાર કરી સામસામી મન જુદા પડે એમ કરવું નહી ને મન જુદાં પડે તો નિર્માની થઇ પગે લાગી ભેગા થઇ જવું. કેમકે જેમ ઝાઝી

બાયડીઓને એક ધણી હોય તે બાયડીઓ સામ સામી મોઢાં ચઢાવે ને આંટી રાખે તેથી ધણીનું મન આનંદમાં રહે નહી. માટે વહેવાર કરવો નહી. ને કરવો પડે તો ગયા ખાતે કરવો. જેથી સામસામું મોઢું ચઢે નહી ને ધણી રાજી રહે.

વળી એક હરિભક્તને લખ્યું જે ભાદરણ આવી સેવા કરવી. કારણ કે સેવાનું ફળ મોટું છે. તે ભગવાન તેનું ફળ આપે. ઘેર અડચણ દુઃખ વેઠીને પણ ભાદરણ રહે તો ભગવાન મદદ કરે. પ્રથમના ૭૦ મા વચનામૃત પ્રમાણે જે સુળીનું દુઃખ આવવાનું હોય ને સત્સંગ કરે તો કાંટાથી મટે. માટે સેવા કર્યાનું ફળ પ્રભુ આપે.

પૂર્વના જેવા સંસ્કાર તે પ્રમાણે થાય તેમાં ભગત અને ભગવાનની ભેગી મહેરબાની પ્રમાણે પૂર્વના ફળે છે. સંકલ્પરૂપી છોકરાંને લઇને, દેહરૂપી સ્ત્રીને લઇને, હાથ, પગ, વિચાર, આંખ્યો, મન, બુદ્ધિ આદિક ભગવાનને ભગતના ગુણ ગાવા લખવામાં જોડવા. અને એમ દિવસ કાઢવો.

વળી એક હરિભક્તને તેના પત્રનો જવાબ લખ્યો જે ગર્વ ઉતારવા રૂપાળી બે જ ગોપીઓ સમાધિમાં દેખાડી. પણ એવી તો ભગવાનને અનંત અપાર છે. તે ભગવાનની પાછળ ફરે છે, પણ ભગવાન સામુ જોતા નથી. ને તેમાંથી કાંઇક કિંચિતશેષ લઇને પોતા પાસે રાખી છે. ને તમારી નજરે જુઓ છો પણ મનાતું નથી. જેવું છે તેવું ને તેવું આપણુ દેખાય તો આપણને આ લોકની રીતે ગર્વ આવે. જુઓને પહેલાનું મારી સાખે અડશો નહી. બગડશે-ચિત્રામણ. છોએલામાં પગ દેશો નહીને તુંબડી લઇને વનમાં જતા રહો એવા શબ્દ આવે. ને સીતા જેવી બોલી મીઠી નથી. એમ શ્રીજી વચનામૃતમાં કહે છે પણ સીતાને ઋષિ સેવવા જવાનું મન થયું. ને દાદા ખાચરના નવાં બૈરાને લાડુબા આદિકે પજવ્યા વેઢમી કરાવતાં. માટે મનુષ્યભાવમાં આમ થાય, અને દિવ્યભાવમાં એક સાધુ મરતી વખતે કે છે કે આ બ્રહ્માંડ મારું રચેલું છે. ને મને ભુલાવીને આણે ગોળા ખવરાવ્યા. એમ જણાયું તો ગર્વ થયો. ત્યારે બીજે સાધુએ કહ્યું કે એવા અનંત ઉપજાવ્યા છે, એવા સાધુ આમાં છે. માટે ચાલ્યા જાઓ. ત્યારે પેલા એક બ્રહ્માંડવાળાને ગર્વ ઉતર્યો. માટે એવું દેખાય તો ગર્વ આવે. માટે જે ઘડીએ જેમ રાખે તેમ રહેવું. તે જ ઉત્તમ સમજણ છે.

પહેલા પેટનું પછી ઠેઠનું કરવું ને પ્રભુ ઉપર હેત મન હોય તો હજાર ગાઉ છેટે હોય તો પાસે જ છે. ને પાસે હોય ને મન બીજે હોય તો હજાર ગાઉ છેટે છે. મન પ્રભુ પાસે છે એમ લખ્યું તો ઉત્તર જે મનનું જ કામ છે દેહની જરૂર નથી. કેમકે મનની વૃત્તિએ પ્રભુ સંભારવા એ મુક્તની રીત છે. છતાં જે સમે જેવો જોગ આવે તેવી શાખ વચનામૃતમાંથી લઇ આનંદ માનવો. દુનિયાની કહેવત પ્રમાણે પેટનું પહેલું કરવું કારણ કે પંચભુતનું દેહ છે. તે આપણું નથી. પાંચ દેવની જે કંપની તેનું અન્નજળ સાટે ભાડે રાખ્યું છે માટે કામ હોય ત્યાં સુધી પોતાને ઘેર રહેવું, પૈસા કમાવા તેમાં પ્રભુ રાજી છે ને જે દિવસથી પ્રભુ મળ્યા કહેતાં દીઠા, તે દિવસથી કલ્યાણ તો થઇ રહ્યું છે. ને ભક્તનું દર્શન કરે તેનું કલ્યાણ થાય તો ભગતના કલ્યાણમાં તો બાકી નથી. આ શાખ વચનામૃતમાં છે. જે સમે જે બને તેમાં આનંદ માનવો.

પ્રભુ કહે છે કે કોઇ પાત્ર નહી મળે તો આ દ્વારે ધોળા વાળના કાળા થશે. ઘડપણ તે જવાની આવશે. દાંત પડી ગયા તે નવા ફુટશે. ડાચાં ચઢેલા તે ગાલ ફુલશે. એમ વાતો થઇ.

“આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે” તે શાખ છે જે કાલ કરતા તે આજ ને આજ કરતા તે અબ. મુળ વિનાનું ઢોકળું તે ઢળી પડે ઢબ. માટે જે સમે જે બને તે ખરું. મનસુબા તો કરવા પણ તેમાં બારી રાખી હોય તો મનને દુઃખ થાય નહી ને દેહને દેહના સગાનું તો પેલા અવતારના સંસ્કાર પ્રમાણે થયે જાય. તે છેલ્લા પ્રકરણના ૧૩ મા વચનામૃતમાં છેક છેલ્લી પાંચ સાત લીટીઓમાં છે જે દેહના પ્રવર્તાવનારા ભગવાન છે. માટે કોઇ વાતનો હરખ શોક કરે પાર આવે તેમ નથી. આનંદથી પ્રભુનું ભજન કરવું.

ભાદરણ આવવા જેવું હોય તો લખજો તેનો ઉત્તર જે વહેવારમાં અડચણ ના હોય તો ભાદરણ આવવું. કારણ કે પ્રભુને ઘડપણ આવ્યું તે માટે ભલા જેની પાસે મરીને જવાનું છે ને રહેવાનું છે તો જીવતાં વર્ષ, બે વર્ષ કે પાંચ વર્ષ જેટલું બને તેટલું પ્રભુ પાસે રહ્યા હોઇએ તો ઠીક. બીજુ ઉપાધિ ના હોય તો પ્રભુ સાથે રહેવું તે સારું છે.

એક હરિભક્ત ઘર છોડીને ભાદરણ રહેવા આવ્યા. તે મહારાજ કહે તેમ

થાય નહી ને મનમાં વિચાર થયો જે આતો ઉભા ને ઉભા રહેવાનું. ઘેર હતું તેનું તે અહીં આવ્યું. ને મારે તો આત્મા પરમાત્માનું સુખ લેવું છે, એમ થયું. વળી મહારાજના દર્શન કરવા તે જાય તો મહારાજ કહે મારી ઉંઘ બગાડી, તેથી મારી વૃત્તિ તુટી ગઇ. એટલે મહારાજના દર્શન પણ બીજા હરિભક્તો કરે તેમ થાય નહી. અને મહારાજ જાગતા હોય ત્યારે જ થાય. આથી મનમાં વિચાર થયો જે આના કરતાં તો ઘેર સારું. બીજા હરિભક્તોની જેમ ચાર પાંચ દહાડા સમૈયામાં આવીશું. તેથી મુનિ મહારાજે કહ્યું કે વગર વાંકે વઢે તો પણ રાજી થવું જે મારા ઉપર ભગવાન વધારે રાજી થશે. એમ માનવું. જુઓને બલીરાજાએ પાતાળમાં ખોસી ઘાલ્યો. વળી સ્વરૂપ સમાવવા કાઢી મુકીએ છીએ. મધ્ય ૧૩ માં વળી સંતના ભીડામાં નભાશે તો નભીશું. વળી મારા કેવાણા છો તે સાવધાન રહેજો. પગ નહી ટકે. એમ શીખામણ દીધી. વળી ભગવાનને તો આજ્ઞા પાળે તે ગમે. વાંકે વગર વાંકે સહન કરે તો ભગવાન રાજી થાય. માટે સમજણ રાખી ભગવાન ભેગા રહે, તેના સ્વભાવ ટળે અને તેનો બેડો પાર થાય. બીજાના વાદ કર્યે પાર આવે નહી. સુખ દુઃખના સંકલ્પ કાઢી કેવળ ભગવાનના દર્શનનો વિચાર દ્રઢ જોઇએ. તો ભગવાન સાથે રહેવાય.

"તમો લખો છો જે ભાદરણ આવવામાં લાભ નથી." તેનો ઉત્તર જે જેને ભુખ છે પ્રભુની ભેગુ રહેવાની ને મોઢું જોવાની તેને તો ભાદરણ આવવામાં ઘણો લાભ છે, કેમ કે ભુખવાળાને લાભ છે. આ તો મન ઉપડે નહી ને સમૈયો જાણી પરાણે દેખાદેખી આવે. ને ભુખ હોય નહી તેને લાભ નથી. માટે જેનું મન પ્રભુ ભણી તણાય છે તેને તો સદાય લાભ જ છે. વળી તમે લખ્યું કે મન ઝાલ્યું રહેતું નથી. તો ભાદરણ આવવાની છુટ છે. તે પ્રભુ ભણી મન તણાય તેનો તો લાભ જ છે. ભુખ ઉપડે તેણે પ્રભુના દર્શન કરવા. હવે આવીને કેટલું રહેવું ? તે રહેવાનો નિયમ નથી કારણ કે રહેનાર ને રાખનારને એક એકને હેત વધે ત્યાં સુધી રહેવું. પણ મન જુદા પડે તો રહેવાય નહી માટે કેટલું રહેવું તેનો નિયમ નથી. કેમકે ભુખ્યો ભાણા ઉપર બેસે તે ભુખ મટતાં સુધી સ્વાદ આવે પણ ભુખ મટ્યા પછી ભાણા ઉપર બેસી રહેવાનું ગમે નહિ, એ તો દૃષ્ટાંત છે. પણ સિદ્ધાંત એ છે જે જેને પ્રભુના દર્શન સ્પર્શની ભુખ છે તો મન જુદુ પડે જે નહિ. તે ભુખ મટતાં સુધી રહેવાની છુટ છે. હવે ભુખ મટી તે કેમ કહેવાય તેનો ઉત્તર જે ભેગું રહેવાથી એક એકને બોલાબોલ થાય એ ભુખ મટી તેનું લક્ષણ છે. માટે જ્યાં સુધી જેને ઘેર રહીએ ને તેના દબાયેલા રહીએ ત્યાં સુધી ભુખ

હોય. ને જયાં દબાયેલા રહેવાય નહી ને સામસામી થઇ જવાય ત્યારે ભુખ મટી કહેવાય. માટે ભાવિકજનને ભાદરણ કેટલું રહેવું તેની મુદત નથી. એક એકને મન મળે ને આનંદ વદે ત્યાં સુધી રહેવું. ને આનંદ વધે નહી એટલે ભુખ મટી. એટલે ઝાઝા માણસોમાં ડખો થાય. એક એકનું મન શાંત રહે ત્યાં સુધી જ ભાદરણ રહેવું નહી તો એક બે રાત રહી પોતાને ઘેર જવું. પણ ભુખવાળાને સદાય રહેવાની છુટ છે. વગર વાંકે વઢે તોય ભુખવાળો સામો થાય નહિ. ને આનંદમાં રહે.

"સંભારીને દહાડા કાઢીએ છીએ" તેનો ઉત્તર જે જીવતાં અને મરીને જે મુક્ત અક્ષરધામમાં છે તે પણ પ્રભુને સંભારીને જ દહાડા કાઢે છે. એમાં કાંઇ નવાઇ નથી. જુઓને ! સ્ત્રીમાં સુખ મુકવાનું છે તે દેવ, દૈત્ય, જ્ઞાની, ધ્યાની સર્વેને સમજાયું જે સુખ મુકવાનું, તેને લેવાનું મનાવી સંસાર સૃષ્ટિ ચલાવી તો જે સુખ મુકવાનું તેમાં લેવાનું મનાવનારામાં કેટલું સુખ હશે ? માટે એ તો અગાધ અને અખંડ સુખ લેવાનું એવો જગતનો ધણી મળે તો મન તણાય જ એમાં કાંઇ નવાઇ નથી.

બઇબાએ કહ્યું કે ભરૂચ જઇ આવી કાગળ લખજો તો લખવાનું જે ભરૂચમાં કીર્તન વાતો નથી કરી. ફક્ત બધા એકી નજરે જોઇ રહ્યા હતા. એ ઉત્તમમાં ઉત્તમ ભક્તિ કરી. મિયાંગામ કીર્તન ગાયાં તો નાસવું પડ્યું કેમકે પોશાક પહેર્યો ને કહ્યું કે પ્રભુપણું દેખાડો. તે પ્રભુ આ લોકની રીતે સામર્થી દેખાડતા નથી. માટે હવે તો ઉત્તમ ભક્તિ કરવામાં જ માલ છે. કેતાં એક મોઢું જ જોયા કરવું એ જ સાર છે. એટલે કીર્તન થયા નથી. મધ્યમ ભક્તિ કરતાં જગત ઉકળે છે. એ તો પ્રભુની પ્રેરણા છે જગતમાં ભગવાન રહીને પ્રેરે છે. માટે હવે પ્રભુને ઉત્તમ ભક્તિ ગમે છે.

એક ભગતે લખ્યું જે જંગલમાં જવું છે તો પ્રભુ રાજી છે, જે અનુભવ તો થાય જે વસ્તીમાં પ્રભુ ભજાય, જંગલમાં તો ખાવા ધાય. માટે આજ્ઞા છે જે ઘરબાર હરાજ કરશો નહી. તાળામાં ખડકાવીને જજો, તે રંગ ઉતરી રહે ત્યારે ઘર ઉઘાડી ઘરમાં પેસી જજો. જંગલમાં દહાડો નહી જાય. એ તો જેને પ્રભુ ના મળ્યા હોય તે ઘરબાર હરાજ કરી જંગલમાં જાય, પણ પ્રગટવાળાને તે ઘરબારમાં રહીને હ્રદયરૂપી વનમાં જવું. કહેતાં આંખો મીંચીને બેસીએ એટલે વન જ સમજવું. છતાં વનમાં જવું હોય તો જજો પ્રભુ રાજી છે. પછી ખબર પડશે જે વનમાં દુઃખ છે ને હ્રદયરૂપી જંગલમાં સુખ છે.

પ્રભુને જુના ભક્તો ઉપર પ્રેમ છે. એ તો જેમ જુના છોકરાં કેતાં પોતાનો છોકરો હૈયામાંથી વિસરે નહી. કેમકે પોતાને છોકરો હતો તો છોકરાને છોકરાં થયા પણ કાંઇક વસ્તુ આપે તો છોકરાંના છોકરાને અપાય. પણ પોતાના છોકરાને અપાય નહી. માટે તમારા કાગળનો ઉત્તર જે પ્રભુને નવા ભક્તો ઉપર હેત વધ્યું નથી. પણ છોકરાના છોકરાં ઉપર હેત દેખાડે ત્યારે તેનો દહાડો જાય ને પોતાના છોકરા તો રીઢા થયા, કહેતાં પાકા થયા. સ્નેહી થયા. તે ડગે નહી માટે કાંઇ નવા હરિજન ઉપર હેત વધ્યું નથી. જુના હરિભક્તને ધક્કો લાગે નહી ને નવા હોય તે મનુષ્ય ચરિત્ર જોઇને પાછા પડે માટે જુનાને લીધે નવા હરિભક્ત ટકે છે. માટે જુના હરિભક્ત ઉપર હેત ઓછું થયું નથી. ને નવા ઉપર કાગળ પત્ર દ્વારે હેત મન દેખાડી પ્રભુની સ્મૃતિ કરાવવી ને જુનાને તો સ્મૃતિ રહેલી જ છે. તેવી રીતે પ્રભુ પણ આ લોકની રીતે નવા ઉપર હેત દેખાડે છે. પ્રભુમાં વળગે એટલે તો એની મેળે હેત વધે જ માટે પહેલાં પ્રભુ હેત દેખાડે છે. બાકી તો પ્રભુમાં જેને હેત તેમાં પ્રભુને પણ હેત હોય જ.

પ્રભુની આજ્ઞા પાળવી. કહે તેમ કરવું. અને પહેલાં તત્કાળ હા પાડવી પછી જેને શંકા થાય તેને સારંગપુરના બીજા વચનામૃત પ્રમાણે શંકા નિવારણ માટે જે પુછવું હોય તે પુછીને પોતાના મનનું સમાધાન કરવું એ જ આજ્ઞા સર્વે હરીજનને છે.

મનુષ્ય લીલા રે કરતા મંગલકારી ।।
સાંભળ સૈયર રે લીલા નટનાગરની ।।
યોગ સાંખ્ય વેદાંતનો રે રહસ્ય કહે કરી ખાંત્ય ।।

વળી કહે પ્રભુનું મોઢું મફત જોવું નહી. જગતમાં દેવ મંદિર કે તીર્થમાં પ્રભુનું મોઢું જોવા જાય છે તે પોતાના પાપ નિવારણ અર્થે ને પોતાના મનની શાંતિને અર્થે ને પોતાના કલ્યાણને અર્થે ઇત્યાદિક પોતાના ગમે તે સ્વાર્થ સારું દેવ મંદિર જાય છે. તે ડાકોર, વડતાલ, ગઢડું વિગેરે ગમે તે તીર્થમાં જાય છે. તે પ્રભુનું મોઢું જોવા ગાડી ભાડું થાય, ખાધા ખર્ચ થાય, વળી જતા આવતાંની અથડામણ ને દેવ મંદિરમાં ઓછામાં ઓછો સવા રૂપીયો તો મુકે જ. ત્યારે પોતાનું મન શાંત થાય. હવે વહેવારની રીત જે જગતમાં ખત રજીસ્ટર કરવા કે માંદાને માટે દાક્તર પોતાના ઘેર તેડે છે, તાર કે કારકુન રજીસ્ટર ખત કરવા તેડે ત્યારે તેને માંદાના કેતાં રોગીના સગાવહાલા ઓછામાં ઓછો રૂપીયો, બે રૂપીયા આપે છે. તે સમજુ સારુ કાયદો નથી પણ જે

મુરખને માટે કાયદો છે. માટે જગતની વહેવારની રીતે તેમ જ શાસ્ત્રની રીતે સમજીને પ્રભુના માર્ગમાં પણ ચાલવું વિવેકી થવું. ઓછામાં ઓછું તો આપવું જ. પણ વધારે આપવું હોય તો પોતપોતાની ખુશીની વાત છે.

"સાંભળ સૈંયર રે લીલા નટનાગરની" કહેતાં સૌ સાંભળો જે હે ભાઇ ! એક સમે પુરુષોત્તમ મહુવા ગયા ને ગુરૂ સામું જોઇ રહ્યા. તે પુરુષોત્તમને તો બ્રહ્મરૂપ થઇને કેતાં અક્ષરરૂપ થઇને પુરુષોત્તમને પામવું એવો ઠરાવ. વચનામૃત આદીક શાસ્ત્રનો સાર જાણીને ઇચ્છા હતી. કેમકે દેહરૂપમાં તો સ્ત્રી દેખાય, તો સુખ થાય. ને જીવરૂપમાં પણ સ્ત્રી દેખાય તો સુખ થાય. ને આત્મારૂપમાં તો પરમાત્મા દેખાય તો સુખ થાય ને ઇશ્વરરૂપ થાય તેને પરમેશ્વર દેખાય તો સુખ થાય ને અક્ષરરૂપ થાય તેમાં પુરુષોત્તમ દેખાય તો સુખ થાય. ઉપર પ્રમાણે દેખાય તો પ્રભુતા આવે તે ખમાય ને જીવ જેવા થઇને જીવ ભેગુ રહેવાય. જીવનાથી ભુંડા સ્વભાવ જીવને દેખાડીને જીવનું રૂડુ થવા માટે પ્રભુતા દાબી રાખે તે પામર કહેવાય માટે એવો વિચાર પરસોત્તમ ભગતનો જોઇ પ્રાગજી ગુરૂ બોલ્યા કે હે ભાઇ ! પસલા સાંભળ એક વાત કહું. એમ કહી ગુરૂ બોલ્યા જે એક ઉંટ હતુ તે માર્ગમાં જતું હતું તે શીયાળે દીઠું. રાતે બોલતું બોલતું જતું હતું તેનો હોઠ લબડતો હતો. તે શિયાળના મનમાં થયું જે હમણાં ઉંટનો હોઠ પડશે તે જાણે તે હોઠ પડે ને ખાઇ જાઉં એમ જોડે ને જોડે નાઠું. તે ઉંટ કેડે દોડી દોડીને થાકી ગયું. તેમ હે પસલા ! અક્ષરરૂપ થઇને પુરુષોત્તમને પામવા ઇચ્છું છું તે થાકી જઇશ. એવો બોલ ગુરૂનો સાંભળીને પસલાને તો મુર્છા આવી તે કેવી મુર્છા આવી તે ભક્તચિંતામણીનું ૩૭મું પ્રકરણમાં અઢારમી ટુંકમાં આત્માનંદસ્વામીએ રામાનંદસ્વામી પ્રત્યે કહ્યું જે પ્રભુ તો નિરાકાર છે તે સાંભળીને રામાનંદસ્વામીને મુર્છા આવી તે બે ઘડી પછી શ્વાસ આવ્યો રામાનંદસ્વામીને, તેવી રીતે પસલાને મુર્છા આવી તે એક ખુણે જઇને પસલો તો દેહનું ભાન નહી ને પડ્યો. તે પછી ગુરૂ પ્રાગજી તો તે ખુણે આવ્યા ને પસલાની મુર્છા સ્થિતિ જોઇને પસલા પાસે બેસીને પસલાનું માથુ ખોળામાં લઇને ગુરૂ પ્રાગજી બેઠા. તે છ કલાકે પસલાને મુર્છા ઉતરી, ત્યાં સુધી ગુરૂ પ્રાગજી પસલાનું માથું ખોળામાં લઇને બેસી રહ્યા. પછી છ કલાકે મુર્છા ઉતરી ત્યાર પછી ગુરુ ચેલા બન્ને મંદિરમાં ગયા. કહેવાનું શું જે રામાનંદ સ્વામીને તો ઘડી મુર્છા આવી હતી તે બે ઘડી રહીને ઉતરી ગઇ પણ પસલાને તો છ કલાકે મુર્છા ઉતરી એવી લીલા. રાત્રે બાર વાગે ભક્તચિંતામણી વાંચતા પુરુષોત્તમ ભગતને પ્રભુ મેળવવા

દુઃખ પડ્યું હતું તે સાંભળી આવ્યું તે કાગળમાં લખાવ્યું છે. તે પ્રભુ ભક્તોને વાત સંભળાવી રાજી થયાં.

લીલામાં તો હાલ સાત માળ કરેલા તે છ માળ તોડી નાખી એક માળ રાખ્યો છે. ને જેમ રાજા રૈયત ઉપર કામ હુકમ ચલાવી રાજ ચલાવે છે તેમ પ્રભુ મજુર ઉપર હુકમ કરી કામ ચલાવે છે. આ લોકમાં પ્રભુ મનુષ્ય જેવા થયા તે મનુષ્યની પેઠે વહેવાર કરે છે. કેતાં બ્રહ્માને શક્તિ આપી છે તે દરરોજ સવારમાં ઉઠી એક સંકલ્પ કરે છે તે દસ લોક થાય છે તો પ્રભુને પાંચસો માળ કરવા હોય તો એક સંકલ્પે થાય. એમાં કાંઇ નવાઇ નથી પણ આ લોકમાં મનુષ્યની રીતે વર્તે છે. તે ઓગણપચાસની સાલથી આજદિન સુધી ચણવું ને તોડવું એમ દરરોજ એકતાલીસ વર્ષથી ચાલે છે. પ્રભુ ગઢડામાં ભૈયાના દેહમાં હતા. તે ઘર ગામ નહી તેથી ગામોગામ રાત દહાડો ફરીફરીને જન્મારો કાઢ્યો. ને તે પ્રભુ સાધુમાં ગુણાતીતાનંદ સ્વામીમાં આવ્યા. ત્યારે કથા કીર્તન કરીને દહાડો કાઢ્યો. ને તે પ્રભુ દરજીમાં આવ્યા ત્યારે લુગડાં સીવીને દહાડો કાઢ્યો. મરતાં સુધી ને તે પ્રભુ ભાદરણમાં પાટીદારના દેહમાં આવ્યા ત્યારે ખોદપુર કરી દહાડો કાઢે છે. વળી આપણા દેહમાં ચરમીયા, પરૂ થાય ખાઇને દહાડો કાઢે છે તેમ આ બ્રહ્માંડ છે તે ઇશ્વરના દેહનું છે. તે ઇશ્વરના દેહમાં પરૂ પાચ જીવવું ખાઇને પ્રભુ દહાડો કાઢે છે. અરે ! હે ભાઇ ! જે પ્રભુને સંભારતાં ભજનને સુખે સુખ જીવને આવે છે તેથી તેને આ લોક વિષ્ટા જેવાને ઝેર જેવો થાય છે તો પ્રભુને શી રીતે આ લોકમાં રહેવું ? ને ખાવું ઇત્યાદિક સર્વે ક્રિયા જીવના કલ્યાણને અર્થે હોઇ અનેક પ્રકારનું દુઃખ મનુષ્યને સહેવાસ થાય તેને અર્થે મનુષ્યની રીતે ને જગતમાં ભગતમાં જેમ રાત દહાડો મથે છે તેમ અનેક પ્રકારની ક્રિયા કરી પ્રભુ ઘડી જંપતા નથી. માટે ભગવાનની સર્વ ક્રિયા ભગતના સુખને અર્થે છે.

એક વખત મહારાજ મોતીકાકાને કહે મોતીકાકા પેલું વચનામૃત કયું છે ? પાંચ પાંચ ખાસડા મારે પણ સંતનો સમાગમ છોડે નહી. છે ને ? તો કહે હા. આવું સમજે તો તકરાર શેની થાય ? મોતીકાકા કહે એટલો મહીમા ઓછો. તો મહારાજ કહે જે મહીમા તો છે. નહી તો ભાડાં ભરીને શું કરવા આવે ? પણ વિચાર નથી જો વિચાર હોય જે આપણે મોટા થયા ને કોનાથી ? માટે હવે આ સમૈયે એવાં એવાં

વચનામૃત કાઢવાં છે. જેથી બધાને સમભાવ આવી ગયો છે. તે ખોટ નીકળે એમ વાતો કરી.

સમૈયામાં લોક વ્યવહાર લાવવા માટે સ્વરાજવાળા લોકો તજવીજ કરશે. પણ હે ભાઇ એ તો સર્વે કર્યુ ભગવાનનું થાય છે. ભગવાનની મરજી વિના સુકુ પાન પણ હાલવા સમર્થ નથી. કેમ કે ભગવાનની ઇચ્છા શકિત, ક્રિયા શક્તિ તે ભળ્યા વિના તેવું થાય નહિ. કેમકે ભગતો ભેગા થઇને ભગવાનને વળગે ને પાડી નાખે તે ભગવાને લોકોમાં પ્રેરીને પોશાકનું તથા શરીરનું રક્ષણ કરવા પ્રેર્યું છે. માટે ભગવાનની મરજી સિવાય કાંઇ થાતું નથી. કારણકે સર્વ જીવ પ્રાણી માત્રનામાં અંતર્યામીરૂપે રહ્યા છે. તે પ્રેરે માટે કોઇનો વાંક નથી. જેમ કોઇ કોઇ માસ્તરનો છોકરો હોય તેને બીજા માસ્તરને ત્યાં મુકે ને તે ભણાવે તો ભણે તેમ લોકો રૂપી બીજો માસ્તર જયારે મંડળીવાળાને ભણાવશે ત્યારે ભણશે એવું થયું. તે હવે લોકો બંદોબસ્ત કરશે ત્યારે બીજા ફેલ ઓછાં થઇ જ્ઞાનને માર્ગે ચાલશે ને પછી વિજ્ઞાનને રસ્તે પડશે. જેમ પહેલાં રાત્રે ઉઠીને જ્ઞાન ધ્યાન ચાલતું હતું તેવી રીત આગળ જતાં ચાલવાની. આ તો અત્યારે તો ઉઠ્યા કે ન્હાનું કામ પછી ન્હાવાનું ને પછી ખાવાનું ને પછી સવારે ઉઠીને પાછું એનું એ. હવે કીર્તન ઓછા કરીશું એટલે ગામનાં લોકો ઓછા આવશે. અને જ્ઞાનને ધ્યાનનું રાખીશું જેથી પ્રભુના માર્ગમાં આગળ વધાય.

કોઇ હરીભગત ઉપર વાત લખી જે વધારે ભજન કરવામાં છકી જવાય. માટે પચે એટલું કરવું. જેમ વધારે ઘી ખાઇએ તો છેતરામણ થાય તેમ તે ઉપર દૃષ્ટાંત છોટાલાલ શેઠનું છે. માટે થોડે થોડે ભજન થાય તે સારું થાય.

વળી તમે લખ્યું જે સુખમાં ભુલી જવાય તેનો ઉત્તર જે બહુ સાંભરે તો દેહના કાર્ય પણ ભુલી જવાય માટે ઝાઝા ભજનમાં દેહ ભુલી જવાય. વળી રાવસાહેબે લખ્યું જે ચિંતા રહે છે જે દેહ તો પડવાનું થયું. ને ભજન કરવા જેવા સ્વતંત્ર થયા નહી. ત્યારે મહારાજ કહે ફરી નવે દેહે ક્યાં ખોટ છે ? ત્યારે રાવસાહેબ કહે નાનપણે અણ સમજણમાં જાય. મોટપણું ભણવામાં જાય ત્યારે વળી ચાલીસ પચ્ચાસ વર્ષે ભગવાન ભજવાનું સાંભરે ને જોગ આવો સારો હોય કે ના હોય. તે ઉપર વાત કરી જે જેમ જાત્રાએ જવું હોય તેમાં સીધું, સામાન, લાકડા વગેરે સંભાળવું પડે તેમ બધું કરવા જઇએ પણ જો બે રૂપીયા નાખી લીધા હોય તો તેમાંથી આવે તેમ બધુ કરવા જઇએ પણ પ્રભુ-ભગવાન સંભારવાનું રાખ્યું હોય તો તમામ તેની અંદર આવે માટે સર્વે

વાસના છોડી એક ભગવાન સંભારવાના ને એક ભગવાન રાખે તો તમામ એની અંદર આવે. માટે એક ભગવાન સંભારવા બીજી વાસના છોડીને એમ જ્ઞાન કર્યું.

"ભુલચુક માફ કરજો" તેનો ઉત્તર જે ભગવાન ભુલાય તે ભુલ ને સંભારવા ચૂકી જવાય તે ચૂક. નકામા ગપ્પા કરતાં હથોડીના ટચકે ટચકે પ્રભુનું નામ લેવાય. એ જ ભજન. કારણ કે પેટ ને પેટની પછવાડે રહ્યા તેનું પોષણ કરતાં ભજન થાય ને આખો દિવસ એવું સ્મરણ થયું તેના અભ્યાસથી રાત્રે સુઇ જઇએ તો પણ વગર કર્યું ધ્યાન થાય. તેથી આખો દિવસ આનંદમાં જાય. બીજું આખો દિવસ લપઝુડ કરવી તેમાં કાંઇ ફાયદો થાય નહી. તેથી બહુ રજોગુણ હોય તો કીર્તન શીખવાં, પણ નકામાં કાથા કબલામાં વખત ખોવો તે સારું નહી.

પોપટલાલે લખ્યું જે છેટું પડ્યું તે એ તો જે ઘડીએ જે થાય તે ખરું એમ રાખવું. અમદાવાદ રહે તો ભાદરણ આવવાનું મન થાય. માટે છેટું હોય તો અહીંની તાણ રહે અને તેમાં ફાયદો. અરે ! પેલું જોખરું નથી ઘરમાં ઘાલ્યું, તે અહીં જ છો. કહેતાં તાણ વૃત્તિને લઇને મન અહીં જ રહે છે. ને વળી તમને આજ્ઞા કરેલી જે જાવ બહારથી કમાઇ લાવો, અહીં કામ નથી. તો આજ્ઞાએ કરીને છેટે જાય પણ તે પાસે જ છે, એમ શ્રીજીએ કહ્યું છે. ને આપણા અનુભવમાં પણ છે. માટે જે ઘડીએ જે થાય તે સારું જ છે. કારણ કે એકનું જ પેટ ભરવાનું છે. માટે સર્વ સારું જ છે.

વળી એક વખત વાત થઇ જે કોઇ દુશ્મન નથી કારણકે છાપામાં છપાવ્યું જે ભાદરણવાળા પુરુષોત્તમ ભગવાન આમ નાચે છે ને રાસ લે છે એવી અનેક ક્રિયા છપાવી તે સારું થયું કેમ કે ભગવાનના ચરિત્ર પુરાણી પાસે શ્રાવણ માસમાં ગવરાવવાનો નિયમ રાખે છે ને તેને પગાર આપે છે. તે સાંભળનાર ભક્તિ માની કલ્યાણ થયું માને છે. તો આખી દુનિયામાં ભાદરણવાળા પુરુષોત્તમ ભગવાન લોકો વાંચે, સંભારે તે ભક્તિ કરે છે. માટે મોટું ભાગવત્ વંચાવવા માંડ્યું કોઇ વેરભાવે, કોઇ સ્નેહભાવે, કોઇ પુત્રભાવે, કોઇ બાપ ભાવે, કોઇ મા ભાવે, કોઇ સખા ભાવે. જેને જેવો ભાવ તે પ્રમાણે વાંચે કેતાં ભજે. કંસ, શિશુપાલ, પુતના એ વેરભાવે ભજ્યા. તો પણ કહ્યું કે માતા જશોદા જેવું કલ્યાણ કર્યું. તો એમાં કોઇ મુમુક્ષુ હશે તે વાંચીને

તણાઇ આવશે. વળી બીજું મારું કામ તે છપાવનાર કરે છે. કારણ કે હું જે કામ માટે કેતાં મને કોઇ જાણે તો તેને ફળ થાય તે મારા વતીનું કામ કરે છે. કેતાં દરેકને મારા જન્મ કર્મ વંચાય છે, તે ફરીને નથી પામતો. મુને જ પામે છે. તેમ ગમે તે ભાવે જન્મ કર્મ વાંચે છે પણ સ્મૃતિ તો મારી જ રહે છે, માટે જે થાય છે તે સારું જ થાય છે.

ભક્તનો પત્ર પહોંચ્યો. જગતના ગપ્પા મારો તેથી ભગતના મારવાં સારાં. પણ જગતનાં મારો ને ભગતના ના મારો તો વાંધો આવે, કારણ કે ભગત તરફ લક્ષ રહે તો જગતની બાબતમાં વખત મળે નહી. ને ભગતમાં વખત કાઢતાં જગતમાં વખત જાય. તે ખોટું કારણ કે ભગતમાં ઢીલ થાય. એટલે વખત શી બાબતમાં કાઢવો. તેથી જગતમાં જતો રહે. પ્રથમના ૨૬માં છે. જે જગત સંબંધી વિષયનો ત્યાગ કરી ભગતમાં જોડાવું. ને ભગતમાંથી તોડી ભગવાનમાં જોડાવું એ ઉત્તમ છે. તેને જ માથે છેલ્લાનું ૧૮ પહેલું મુક્તમાં હેત કરવું. ને પછી ભગવાનમાં કરવું. એવી જ રીતે પંચાળાના ત્રીજામાં જગતમાંથી ભગતમાં ને ભગતમાંથી ભગવાનમાં એવી જ રીતે પ્રથમના ૩૨ માં જગત હરાયા ઢોરની માફક છો ? કે ધણીયાતા ઢોરની પેઠે ખીલે રહો છો ? માટે ઉપલી બાબત વિચારવી. પ્રથમ ૩૮ નામું માંડવું. અમદાવાદનું -૩ જીવ પ્રાણીમાત્ર પંચવિષયના ચિંતવન વિના રહી શકતો નથી. માટે એ સર્વે ઉતરતા ચઢતી વાત છે તેને માટે પ્રથમ ૩૮ માં જે ઝાઝું ન સમજતો હોય તેને માટે પહેલું લખ્યું જે શો વાંક તે નહી આવો. તો તે સઘળી પ્રભુની મરજી સમજી આનંદમાં રહેવું. શાસ્ત્ર પાળ્યું નહી માટે એ તો એમ જ હોય. ભક્તચિંતામણીમાં છે "એવો નર નજરે ના આવે, જેના મનને માન ના ભાવે." માટે માન મોટો શત્રુ છે. માન સારુ કેટલું કેટલું કરે છે. તે ભક્તચિંતામણીમાં માન સારું રાજા કંસ, હિરણ્યકશ્યપુ વગેરે દુઃખ દીધા. માન સારું ઇન્દ્રે યજ્ઞમાંથી ભાગ કાઢી નાખ્યો. તેમાં કેટલું થયું. માન સારું જુઓ શિવજીનો ભાગ કાઢી નાખ્યો ને પાર્વતીને યજ્ઞમાં ના જવા દીધા માટે માન એવું જ છે. તેમાં વળી પ્રભુની મરજી સમજવી. કેતાં સર્વે ઋષિ ભેગા બેસી નારાયણની વાતુ સાંભળતા હતા ત્યારે બદ્રીકાશ્રમમાં દુર્વાસા આવ્યા તે માન ના મળ્યું તેથી ઋષિને ને ભગવાનને શાપ દીધો જે ભુમિ ઉપર જાવ ને ત્યાં દુઃખ પામો ત્યારે સર્વે શોકાતુર થયાં. ત્યારે નારાયણ કહે જે એ તો મારી મરજી જ એવી હતી કારણ કે ધર્મ ભક્તિએ આવી સઘળી વાતો કરી ત્યારે જવા વિચાર થયો માટે તે બહાને આપણે પૃથ્વી ઉપર જઇને સર્વે રસ્તા સારા કરીએ એમ નારાયણે કહ્યું ત્યારે સર્વે ઋષિને શાંતિ થઇ માટે કેવાનું શું ? જે માનમાં તો

એવું જ હોય. માટે સો વાતની એક જ વાત જે આગળ મોટું દુઃખ આવવાનું હશે તે આટલેથી જ નિકાલ થયો. જુઓને ગામડી એક મિનીટનું છેટું પડ્યું નહી તો આજ તો બારમું ગયે બેયેક વર્ષ વીતી ગયા હોત માટે જેમ થાય છે તેમ સારું જ થાય છે. મોટું દુઃખ આવવાનું હશે તે આટલે જ સર્યું; એમ માનીને આનંદમાં રહેવું તો જ શાંતિ રહે.

કહેવત છે કે થોડાસા મીઠા માટે જે થતું હશે તે સારું જ થતું હશે. હરિ કેદી દાસના દુશ્મન હોતા નથી. માટે જેમ થાતું હશે તેમ સારું જ થશે. વધારે તાણ રહેશે તો વૃત્તિ વધારે રહેશે ક્યાં ખોટ છે ? કાંઇક ફાયદો થશે માટે આપણે તો જેમ થાય તેમ લાભ જ છે. માટે આનંદથી ભજન કરવું.

વળી વાત નીકળી જે સોમાભાઇ કહે છે કે ભગતો વાસના ક્યાં મુકે છે ? તેનો ઉત્તર કર્યો જે વાસના છે જ નહી. જુઓ ખાવા, પીવા, રહેવા, પૈસા, સ્ત્રી, ભગવાન વિગેરે કોઇ ન્યુનતા નથી પણ ભર જુવાનીમાં જંગલમાં નાસવાનું મન કર્યું. વાસના હોય તો અહીં ના રહે ! પણ જ્યારે વાસના પેઠી ત્યારે ઘેર આવ્યા મુનિ માટે વાસના હોય તો જ આ લોકમાં રહેવાય. નહી તો દેહ રહે જ નહી.

વળી એમ વાત થઇ મોતીકાકા જોડે જે ઇચ્છા, વાસના ના રાખવી. ને ભગવાન ભજવા. ''પેટ ઘડ્યું તે પોષણ કરશે'' માટે ઇચ્છા રાખ્યા વગર ભજન કરો. નહી તો ભજનરૂપી કમાણી ઇચ્છામાં વેચાઇ જશે ને કલ્યાણનો માર્ગ પડ્યો રહેશે. આ લોકમાં અચ્છેર અન્નનું કામ છે. સ્વામીની વાતમાં છે, જે જગત ઉંટના બેસણા જેવું છે તે પાછળ ધક્કો લાગે ને આગળ ધક્કો લાગે. જ્યારે ઉંટ ચાલે ત્યારે માટે ભગવાનનું ભજન કરી લેવું. અમે ને તમે તે સર્વે મિલ્કત મુકીને મરી જઇશું. સાથે આવવાની નથી. માટે ઇચ્છાઓનો ત્યાગ કરી આનંદથી પ્રભુ ભજી લેવા.

એક હરિભક્તને મહારાજે કહ્યું કે થોડાં પૈસા મળે ને ખાવાપીવાનું મળે તો નજીકમાં રહેવાનું સારું કારણ કે પ્રભુની નજીક તે આઠ આના, દસ આનામાં પ્રભુનું મોઢું જોવાય. પણ વધારે પૈસા આપતા હોય ને પુના જેવા શહેરમાં જવાનું હોય તે ખરાબ. માટે મુદ્દો છે જે ખાતાં પીતાં પાંચ રૂપીયા કોઇ આપે તે ઉત્તમ છે. પણ આગવી દુકાન કરે તો ઘડીમાં સુખ ને ઘડીમાં દુઃખ થાય કેમ જે તેમાં તો કોઇ ઘાલી જાય વળી ખોટ આવે તો ચિંતા થાય ને મન તેમાં જ રહે તેથી ભગવાન ભુલી જવાય. માટે પાસે રહીને કોઇને ત્યાં નોકરી કરવી તે સારી છે.

એક વખત મહારાજશ્રીએ કહ્યું કે જગતમાં બહુ જાણ કર્યે ફાયદો જ નહી કારણકે જગતને આપણી વાત રૂચે નહી. વળી અજ્ઞાની રહ્યા એટલે શાસ્ત્ર સમજે નહી. માટે આપણે શાંતિથી મુર્તિ સંભારવી. જુઓને જગતે તો રામને ગાંડીઆ કરી કાઢ્યા જે સીતા ખોવાઇ ત્યારે રડતા હતા એટલે. વળી કૃષ્ણને છેનાળવા કરી રાજાને રૈયતે સમુદ્રના બેટમાં કાઢી મુક્યા. ત્યાં ટેકરે સમુદ્રનું ખારૂં પાણીથી લાકડાં વગર કાચા માછલા ચાવી જીવતે પુરું કર્યું. એમ પ્રગટથી જગત તથા રાજા ઉકળે છે. હવે સ્વામિનારાયણવાળામાં રેલગાડી નહી તેથી અજાણ્યા દેશમાં મોચી ઠરાવી ગામોગામ માર માર્યો. ને કોઇ જગ્યાએ પાંચ દહાડા રહેવા દીધા નહી. મોટા ચમત્કાર સ્વામિનારાયણે દેખાડ્યા. ત્યારે મુક્તાનંદસ્વામી આદિક ભગત તથા જગતે જાદુગરા ઠરાવી કોઇ જગ્યાએ સ્વામિનારાયણને રહેવા દીધા નહી. એમ જગતે પ્રગટને શાંતિથી રહેવા દીધા નથી. ને પોતાનું ઐશ્વર્ય વાપરી જગતને દબાવ્યું નથી. એમ અનાદિની રીત છે. માટે આપણે પણ નિર્માની થઇ જગતની જેમ વર્તવું ને ઉત્તમ ભક્તિ તે મોંઢા સામું જોઇ રહેવું તે. તેમાં કોઇની ડખલ નહીં માટે હવે પાંચમાં પ્રકારમાં પ્રભુના મોંઢા સામું જોઇ રહેવું એ જ ભક્તિ છે.

પહેલાં ચાર પ્રકારના નિશ્ચયમાં પ્રભુ પીજ ગામમાં ફાવે તેમ મહાલ્યા. પણ જગત કાંઇ કરી શક્યું નહી. તે પ્રભુને ગમતું તે પ્રભુની છાયા તળે કોઇ કાંઇ બોલી શક્યું નહી.

પણ હવે પાંચમો પ્રકાર બેઠો તે પ્રભુની મરજી નથી. તેથી પ્રભુ સામી વૃત્તિ રાખવી તેથી જ સુખ થાય. કારણ કે હાલ પ્રભુની ઇચ્છા એવી જ છે. એટલે બીજામાં પ્રેરીને પણ પ્રભુ એવું જ વર્તાવશે.

"મુનિ મહારાજને કોઇ દિવસ અમદાવાદ મોકલવા નહી એમ લખ્યું તે તો પ્રભુને ફેરા ખાવા પડે નહી તેથી લખ્યું મુનિ મહારાજ તે પ્રભુના પગ છે. જે હરિભક્તો માટે દોડાદોડ કરે તેથી તેમને પ્રભુ બહાર કેવી રીતે મોકલે? વળી પ્રભુ મુનિ મહારાજને ભાદરણ રાખે તેવો વિચાર કરે છે. પણ ઝીણાભાઇને ઘેર જે મંડળી ભરાય છે તેના પ્રેમથી પ્રભુનો વિચાર તુટી જાય છે. ક્યાં રહે ? પ્રેમને નેમ રહે નહી. માટે પ્રભુ પ્રેમની દોરીએ બંધાયેલા છે. એટલે અમદાવાદ પ્રભુને બદલે મુનિ મહારાજને પંદર દિવસ પ્રભુ મોકલશે. માટે આનંદમાં રહેજો."

ઝીણાભાઈના પત્રનો ઉત્તર જે મુનિના અમદાવાદ આવ્યાથી પ્રભુને તેડવાનું મન વટવે વારે વારે હતું તે મટી ગયું તે બહુ સારું થયું. કેમકે અમલદાર આવે ઉપાધી થાય ને કારકુન આવે ઉપાધી થાય નહી. ને અમલદારનું કામ કરે એ તો દૃષ્ટાંત. સિદ્ધાંત એ છે જે પ્રભુને વટવે ચાર કલાક તેડ્યા કરતાં મુનિને દસ પંદર દિવસ રાખ્યા. તેથી પ્રભુનું કામ મુનિએ કર્યું. કેતાં મુનિ દ્વારે પ્રભુએ સુખ શાંતિ આપી ને ઉપાધી થઈ નહી. માટે હાલ પ્રભુએ કોઈ ગામ જવાનો વિચાર માંડી વાળ્યો છે.

છોટાલાલના કાગળનો ઉત્તર જે બધા ભાવિક જન અમદાવાદ મુનિ મહારાજ પાસે આવે જાય છે તે બહુ સારું છે. કેમકે પ્રભુ વટવે આવ્યા કરતાં મુનિ મહારાજે સૌને જ્ઞાન આપી સુખીયા રાખ્યા એટલે પ્રભુનું કામ જે શાંતિ પમાડવી તે મુનિ મહારાજ દ્વારે પ્રભુએ સુખ આપ્યું. એટલે ઉપાધી વગરની શાંતિ મળી તે બસ છે.

વળી દેવજીભાઈએ લખ્યું જે પ્રગટ ભગવાન હોય ત્યાં અક્ષરરૂપ કોઈ હોય માટે હાલ કોઈ અક્ષરરૂપ છે તે લખજો તેનો ઉત્તર જે "જન્મેલા ભગવાન હોય ત્યાં અક્ષર હોય. હાલ તો પુરુષોત્તમ ભગત રૂપ પ્રગટેલા પ્રભુ તે જ અક્ષર છે."

આ રીતે શ્રી પુરુષોત્તમ મહારાજના સ્વમુખની વાતો તથા પત્રો દ્વારા કહેલું જ્ઞાન સંક્ષિપ્તમાં આપવામાં આવેલ છે. પત્રો વગેરે જેમ મળી આવ્યું તે આપવામાં આવેલ છે તેમાં સમયનો અનુક્રમ જળવાઈ રહ્યો નથી.

છેવટે મહારાજશ્રીએ આ માયિક દેહનો ત્યાગ કરવાની તૈયારીઓ શરૂ કરી. જીવન જરૂરિયાતની વસ્તુઓ તથા લોખંડ વગેરે ખુબ જ પ્રમાણમાં ખરીદ્યું. તે તો ભવિષ્યનું ભાખી શકતા હતા. તેમણે ખરીદેલ લોખંડ, વાસણ વગેરેના ભાવ થોડા સમય બાદ અનહદ વધી ગયા. સંવત ૧૯૯૬ના કારતક માસમાં ધીરે ધીરે દેહને ઢીલું કરી નાંખવા માંડ્યું ને વૈશાખ માસમાં કેવળ ખીચડી જ ખવડાવી. ચ્હા પણ પીવાની બંધ કરી. પછી છેવટે શ્રાવણ ભાદરવામાં સો ખાટલા, ૨૪૦ પાટલા, ૧૦૦ ખુરશીઓ, ૫૦ ઘોડીયા, ૩૪૦ આડણીઓ, ૭૦૦ વેલણ, જર્મનની ૩૦૦ થાળીઓ, ૩૦૦ લોટા તથા તપેલાં, પીપો, તવાઈઓ, ચૂલા વગેરે વગેરે ખૂબ ચીજો લાવવા માંડી. તે જોઈને લોકો કહે છોકરાં શું ખાશે તો કહે જમીન વેચીને ખાશે. એમ કરી અનેક જાતની વસ્તુઓ લાવવા માંડ્યા. વળી મજુરને ખુબ લાડ લડાવવામાં દુધ,

પુરી, લાડુ વિગેરે આપે, લુગડાં આપે. રસોડામાં મજુરને બેસાડે. પછી દિવાળીબા કહે અમને જગ્યા બતાવો. અમે ત્રણ દિવસથી ભુખ્યાં છીએ. પછી કહે હવે આઠ દિવસ ખમો હું આવતા રવિવારે અહીં નહી આવું. અરે કોઇ નહી આવે. અહીં કોઇ નહી આવે પછી એમ કહી તમામ સરસામાન વાસણ કુસણ, ખીલા ખુંટા, પોશાક વિગેરે લઇને મોટા ડેલામાં સભામંડપમાં ઢગલો કર્યો. તે નટવરલાલ હતા. તે પહેલાં મહારાજની આપેલી સવાશેર જણસો માગી તેથી ઢીલ થઇ તે કોઢી ઉગામી ને કમુના ભણતરમાં અમદાવાદ ગઇ. એમ કહીને પાંત્રીસ તોલા જણસો આપી. તે કોઢીએ કાપીને કડકા કરી વેચી દીધી તેમ પોતાની જણસો પણ વેચી દીધી. ચાંદીની થાળી, લોટા, પ્યાલા, છડી, ચમર વિગેરે વેચી દીધુને હરિભક્તોની કસણી લેવા માંડી. જે મારો ભગત શિક્ષાપત્રી પ્રમાણે દસમો ભાગ આપે જયાંથી ભગત થયો ત્યાંથી. તો જ અહીં આવે એમ હરિભક્તોને હેત તોડાવવા મહારાજશ્રીએ નવી લીલા શરૂ કરી. એમ કરતાં શનિવારે સાંજે મજુરોને રસોડુ ચણાવતાં તે બંધ કરાવ્યું ને કહે કાલે કોઇ આવે નહી. મને ભગવાન માનતો હોય તો કાલે વાસણ ઉટકવા કોઇ આવે નહી. એમ મહારાજશ્રીએ તે દિવસથી મજુરોને ઉંચી પદવી આપી. જે હાલ પણ જગતમાં જળવાઇ રહી છે. પછી બીજે દિવસે કોઇ ના આવ્યું. પછી મુનિ મહારાજને અમદાવાદ મોકલેલા તેમને કહેલું કે તા. ૧૫મી એ આવજો. ને સોળમી ના થાય. તેથી પંદરમીએ મોઢું બતાવ્યું ને મહારાજશ્રી બેઠા થઇ સામું જોઇ મુનિ મહારાજને ઈશારત કરી કે જઉં છું પછી સૂઇ ગયા. તે વખતથી જ પોતાનો પ્રાણ ખેંચી લીધો. એ રીતે વિક્રમ સંવત ૧૯૯૬ના ભાદ્રપદના શુકલપક્ષે ચૌદસને રવિવારે તા. ૧૫-૯-૧૯૪૦ના સંધ્યા સમયે છ કલાકે અક્ષરાતિત શ્રી પુરુષોત્તમ મહારાજે પોતાના ભક્તોને જ્ઞાનમાં અપૂર્વ વૃદ્ધિ કરી બ્રહ્માએ સર્જેલ દેહનો ક્ષય કરી કોટિ કોટિ સૂર્યના તેજથી પર એવા અક્ષરધામમાં અક્ષરવાસી થવા માટે વિદાય લીધી.

આ પહેલાં ભાદરણના સાકરદાસ કુઇ ઉપર રહે છે, તે વાઘજીભાઇ, ધનજીભાઇ હાજર હતા, જે મુનિ સોળમી ના થાય. જયાં હોય ત્યાંથી આવજો. તેથી વાઘજીભાઇએ જાણ્યું જે મહારાજ પંદરમીએ દેહ મુકશે. તેમની વહુએ પ્રભુનું શરીર જોવા માંડયું ત્યારે પ્રભુ કહે હજુ તો પંદરમીએ જઇશ. તે પ્રમાણે થયું. તેથી પોતાનો છોકરો માંદો થયો તે મહારાજશ્રીની પુંજાની જગ્યા ઉપરથી ધુળ શરીરે ચોપડી તે મટી ગયું.

પછી રાત્રે સૌ હરિભક્તો મોટર સ્પેશીયલ કરીને આવ્યા ને સવારમાં હાર ફુલ વાજાં ઢોલ વિગેર ગાતું ગાતું જયાં પોતે ત્રણ વર્ષ તપ કરેલું, શરૂઆતમાં, છાના રહ્યા તે ખેતર નામે સુથારીયું, ત્યાં પૈસા દાણા, લાડુ વિગેરે આપતાં આપતાં અગ્નિ સંસ્કાર કરવા ગયા. તેમાં શરીરના અગ્નિની ઝોળો જુદી જાતની દેખાય. ને લાકડાંની ઝોળો જુદી જાતની દેખાય. પછી સૌ હરિભક્ત વેરાઇ ગયા ને તમામ જગ્યાએ ખબર આપી.

તેમાં દેહ મુક્યો તે જ ઘડીએ ગઢડામાં દીવા વિજળીના તેમજ આરતીના દીવા એકદમ પ્રભુ કળાથી ઓલાઇ ગયા. તે વીસ મિનીટ અંધારું રહ્યું હતુ તે ગઢડેથી કોઇ અમદાવાદ આવેલો ભક્ત કહેતો હતો જે ગયે રવિવારે ગઢડામાં આમ થયું. પછી જે જગ્યાએ અગ્નિ સંસ્કાર કરેલા ત્યાં આરતી, ધુન, ઘંટ, ગરબા, કીર્તન, ભજન દરરોજ સંભળાય. તે જોઇ સીમના લોકો ખબર લાવતા. વળી નાની ખડકીના દેવીદાસના ઘરમાં કાભઇએ તે જગાએ જોયું તો એક મોટો તેજનો સમુહ હતો. વળી નાનાં છોકરાં ગોવાળીઆને તો પોશાક પહેરી સેઢા ઉપર કીર્તન ગાતા જુવે તે જોઇ છોકરાંઓ કહે અમને બીવડાવશો નહી. પછી કહે આવો અહીં તો હજુ કેટલા દીવા ઘંટ થશે.

વળી એક વખત રખાના ભાઇ શીવાભાઇને તાપતાં પોશાક પહેરીને ફરતા જોયા ને જોડે તાપવા બેઠા પછી અદ્રશ્ય થયા, ત્યારે ભાન આવ્યું તે પહેલાં વાત કરી જે મહારાજ ધીમા ધીમા કેમ આવો છો ? તો પ્રભુ કહે તું જાગે છે કે ઉંઘે છે ? તે જોવા આવું છું પછી મનમાં થયું જે આ તો એ જ સાચવે છે.

આ રીતે પુરુષોત્તમ મહારાજે સ્વામિનારાયણ ભગવાનથી વહેતી જ્ઞાનરૂપી દીપકની પરંપરા સતત ચાલુ રાખી અને પોતાની પાછળ મુનિ મહારાજ રૂપે જ્ઞાન ધારા પ્રગટાવી.

**સંપૂર્ણ.**

## : વિશેષ નોંધ :

## : વિશેષ નોંધ :



શ્રી દિવાળીબા, શ્રી કમુબેન, શ્રી પુરુષોત્તમ ભગવાન, શ્રી નારાયણ મુનિ ભગવાન, શ્રી સીતાબેન, શ્રી ગોવિંદભાઈ માસ્તર



શ્રી પુરુષોત્તમ ભગવાન, શ્રી નારાયણ મુનિ ભગવાન